# ધર્મપરિક્ષાનો ગ્રંથ

ભાષાન્તર — પ્રસિદ્ધ — કર્તા.

ચમનલાલ સાંકળચંદ મારફતીયા

॥ શ્રી ॥

# ધર્મ પરિક્ષાનો રાસ
## અર્થ સહિત.

શ્રી નેમવિજય મહારાજ વિરચિત

રાસનો યથામતિ અર્થ

મુની મહારાજ શ્રીશ્રીશ્રી ૧૦૮

શ્રી મોહનલાલજીના

અનુગ્રહથી તૈયાર કરી

પ્રસિદ્ધ કર્ત્તા

ચમનલાલ સાંકળચંદ મારફતીયા

આવૃત્તિ પહેલી.

મુંબઇ.

"રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસ"માં

સાંકળચંદ મહાસુખરામે છાપ્યો.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭.

મૂલ્ય રૂ. ૩-૦-૦

પુસ્તકો મળવાનું ઠેકાણું-મુંબઇ ભીંડીબજારને નાકે

શ્રી શાંતીનાથજી મહારાજના દેરાસરની જોડમાં

રાજ્યભક્ત છાપાખાનું.

આ પુસ્તકનો સર્વ હક પ્રસિદ્ધ કર્ત્તાએ સને ૧૮૬૭ ના
૨૫ મા આકટ મુજબ રજીસ્ટર કરાવી પોતાને
સ્વાધીન રાખ્યો છે.

मुनिराज महाराज श्रीमोहनलालजी.



મુનિરાજ મહારાજ શ્રી મોહનલાલજી.

જન્મ,

સંવત્ ૧૮૮૭ વૈશાખ વદિ ૬.



શેઠ ઝવેરભાઈ હરજીવનદાસ.

# અર્પણ પત્રિકા.

સદા માનવંત,

શેઠ ઝવેરભાઈ હરજીવનદાસ.

આપને "જૈન રામાયણ"નું પુસ્તક નિવેદન કર્યા પછી આપની સાથે મારે
વધારે પરિચય પડતાં મને વિશેષ સિદ્ધ થયું કે, જૈન બંધુઓની
ધાર્મિક અને સાંસારિક ઉચ્ચ સ્થિતિ જોવાને આપ અતિ ઉત્કંઠિત્
છો; જૈન મુનિઓના ગ્રંથોના ઉદ્ધાર કરનારા અને યુવાન ગ્રંથ-
કારોના ગુણની ગણના કરી યોગ્ય આશ્રય આપવાને આપ
અહર્નિસ અગ્રેસર છો. ધર્મ અને નાત જાતના તફાવત
વગર દીન દુઃખી પર દયાદૃષ્ટી દાખવી તેઓનું દારિદ્ર
દૂર કરવા આપની ઔદાર્યતા આડો આંક છે;
તેમજ જૈન ધર્મની ઉન્નત્તિ કરવાને સદા સર્વદા
આપ તત્પર દીસો છો; ઇત્યાદિ ઇત્યાદિ
આપના કીર્ત્તિકોટ પર આકર્ષાઈ આ
"ધર્મ પરિક્ષાના અર્થ સહિત
રાસ"ની સાથે પણ પ્રીતિપૂર્વક
આપનું મુબારક નામ
જોડી રાખીને
મગરૂર
થાઉં
છું.

પ્રસિદ્ધ કર્ત્તા.

# પ્રસ્તાવના.

અનંતી ઉત્સર્પિણિ અને અવસર્પિણિ કાળમાં સિદ્ધિપદ પામેલા અગણિત સર્વજ્ઞ તથા વર્તમાન સમયમાં મહાવિદેહ ક્ષેત્રને વિષે વિચરતા અરિહંતાદિ સર્વ સર્વજ્ઞ, તથા અનાગત કાળે શીવ વધુ વરનાર સર્વજ્ઞ અને ભારતી દેવીને ત્રિકરણ શુદ્ધિથી નમસ્કાર કરી વાચક વર્ગને સવિનય વિજ્ઞપ્તિ કરવાની કે, આ અસાર સંસાર રૂપી સમુદ્રમાંથી તરી તીર પામવાને ધર્મ રૂપી નૌકા સમાન બીજું કોઈપણ સાધન છે જ નહીં. આમ કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી. પરંતુ ચોરાસી લક્ષ જીવયોનીમાં પરિભ્રમણ કરતાં જ્યારે મનુષ્ય દેહ મળે ત્યારેજ તે મેળવવાની શક્તિ આવે છે, પણ મોહવશે માયાજાળમાં લપટાઇ રહેલો પ્રાણી તે સમય કાંતો માયાના મદમાં, કાંતો ઇંદ્રિયોના વિચિત્ર વિષયાશક્તપણામાં, કાંતો મન માનતા મોજ-શોખમાં, કાંતો લોભ-લાલચ અને એવા એવા અનેક તરેહના તરંગમાં તણાતો મહા મહેનતે મેળવેલી મનુષ્ય દેહ રૂપી કમાણી પાણીના પરપોટાની પેઠે એળે ગુમાવી આખરે હાથ ઘસતો પાછો ચોરાસીના ફેરામાં ફરવાને ફસાઇ ચાલ્યો જાય છે. તથાપિ તેમ થાય નહીં અને મોક્ષ મળે તેટલા માટે ધર્મના ફરમાન મુજબ ચાલી-વર્ત્તી કાયાનું (જીવનું) કલ્યાણ કરવું એ મનુષ્યમાત્રને શ્રેયસ્કર છે. તે ખરૂં. પરં ધર્મને નામે આ જગતમાં અનેક પંથો પ્રવર્તમાન થયેલા હોવાથી શુદ્ધ તત્વાનુદર્શી સાચા ધર્મની સ્હાય વિના ધારેલી ધારણા પાર નહીં પડતાં ઉલટું અટવાઇ મરવું પડે છે, અને દૃષ્ટીરાગને લીધે ખરી ખોજના કર્યા વિના હીરો હાથ લાગવો મહા દુર્લભ છે. માટે સર્વ મુમુક્ષુઓ અને વિવક્ષુઓને મારી ઘણી નમ્રતા પૂર્વક અર્જ એ છે જે દહીંનું દોહન કરી છાસ કાઢી નાંખી જેમ માખણનું ગ્રહણ કરો છો તે પ્રકારે કહેવાતા-મનાતા ધર્મની અંદર દર્શાવેલી હકીકતો ન્યાય, નિતિ ઇત્યાદિથી ભરપૂર છે કે કેમ? તે તપાસી સર્વજ્ઞ ભાષીત્ શુદ્ધ તત્વાનુદર્શી સાચો ધર્મ સદ્દહશો તોજ આ ભવાટવી ઓલંગવાને સમર્થ થશો. નહીંતો પાણીનો પોરો પાણીમાંજ સમાયાની માફક અંત્યાવસ્થા આવતાં અટવાઇ મરવું પડશે. આટલી સ્હેજ પ્રસ્તાવના પુરી કરતાં આ "ધર્મ પરિક્ષાના રાસ" માં સમાવેલી હકીકત પર આવતાં વાચક વર્ગને નિવેદન કરવાનું કે;

બારમા તીર્થનાથ શ્રી વાસુપુજ્ય સ્વામીની કેવળાવસ્થાવસરે તેમને મનોવેગ નામના સુશ્રાવક વિદ્યાધર રાજાએ પોતાના પવનવેગ નામના મિથ્યાત્વી મિત્રને જૈન ધર્મમાં દૃઢ કરવાને અર્થે પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં પરમાત્માએ જણાવ્યા મુજબ મનોવેગે પાટલીપુર નગરના ધુન મિથ્યાત્વી બ્રાહ્મણોને તેમની સ્થાપેલી વાદશાળામાંજ ઘણી વેળા

અન્યવેષે અનેક અપૂર્વ તાર્કિક દ્રષ્ટાંતો દેઇ તેઓને તેમનાજ પુરાણાદિક ગ્રંથોને આધારે બ્રહ્મા, વિષ્ણુ, સિવ, ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, યમ, વરૂણ, કુબેર, બૃહસ્પતિ, ગણેશ, ગ્રહાદિક દેવ તેમજ રામ, રાવણ વીગેરે વીગેરે મહાત્માઓનાં તેમાં વર્ણવેલાં કૃત્યાદિકની સાથે સરખામણીથી તે કબુલ કરાવી એવા આચરણ વાળાને પારગામી, નિર્યામક, સાર્થવાહાદિક ભવાટવીથી પાર પાડી મુક્તિ આપનારની પદવીએ માનનારા બીચારા ધર્મને નામે અંધારૂ ઉચેલી ચિંતામણી રત્ન તુલ્ય મળેલો મનુષ્યાદેહ હારી જાય છે. એમ સાબીત કરી આપી સંસારને વિષે સારભૂત દાન, સીયલ, તપ અને ભાવના એવા ચાર પ્રકારે કરી યુક્ત દયામય એકજ સર્વજ્ઞ ભાષીત જૈન ધર્મ જ છે એમ પવનવેગ સહિત બ્રાહ્મણાદિકને સાચાં સિધ્ધાંતાનુસારે સમજાવી તેમને વ્રતધારી શ્રાવક કર્યા વિશેની સર્વ બીનાનું બયાન અનેક કથાઓ સહિત આપવામાં આવેલું છે.

આ ગ્રંથમાં આવેલી પુરાણાદિક મધ્યેની વર્ણવેલી વાતો સંબંધી કોઈપણ ધર્મના, પંથના અને મતાવલંબી મનુષ્ય માત્રને માઠુ મનવવાનો મારા મનમાં મુદ્દલે મનસુબો અને હેતુ છેજ નહીં. ફકત પૂર્વ પંડિતે નેમવિજયજીએ દોહન કરી જગતના જીવોના ઉપકારાર્થે કરેલી રાસ રૂપી રચના સર્વ સદ્‌ગૃહસ્થો સારી રીતે સમજી શકે તેટલા માટે યથાશક્ત તેના અર્થ લખી આ ગ્રંથ મેં પ્રગટ કર્યો છે. તેમાં અલ્પ જ્ઞાનથી, અથવા મતિ વિભ્રમથી કદાપી ઉત્સૂત્ર કે શુદ્ધ માર્ગની વિરૂદ્ધ લખાયું હોય તો હું મિથ્યા મેં દુષ્કૃત (મિચ્છામિ દુક્કંડ) કરૂં છું અને સજ્જનોની ક્ષમા યાચી વિનંતી કરૂં છું કે, તેઓ હંસની માફક સારનું ગ્રહણ કરી મારાથી થએલા દોષ મનેજ દર્શાવશો તો હું અતિ આભારી થઇ દ્વિતિયાવૃતિમાં તે સુધારી લેઇશ.

ચમનલાલ સાંકળચંદ મારફતીયા.

# વિષયાનુક્રમણિકા.


વિષય — પૃષ્ટ.

ખંડ ૧ લો—મનોવેગ તથા પવનવેગની ઉત્પત્તિ તથા તેમનું મળવું, બ્રાહ્મણોની વાદશાળામા જવું, સોળ મુઠીઆનરની કથા, ભુતમતિ બ્રાહ્મણની કથા, પુરાણાદિક પ્રમાણે વિષ્ણુ વાદાંતર પાંડવોની કથા, ભસ્માંગદ રૂષીની કથા, બલી રાજાની કથા, નામા સુચીકારની કથા, ગણેશની કથા, સંક્ષેપે જૈનાગમાનુસાર કૃષ્ણની કથા—બ્રહ્મરાય, બલી અને નમુંચી આદિ પ્રધાનો તથા પદ્મરથ રાજા, વામન વિપ્ર અને વિષ્ણુ કુમારાદિકની કથા (વિષ્ણુવિવાદ, બ્રહ્મવાદ, ગણેશોત્પત્તિ, નીચ કર્માંચરણ વિગેરે) ૧—૬૪

ખંડ ૨ જો—મીનડા (મંજાર) ની કથા, કદાગ્રહી રાજકુમારની કથા, અતિમોહીની કથા, વેદ પુરાણાદિકાનુસાર—મંડપકોસીકની પુત્રી છાયાની કથા, ઇશ્વર (શંકર) ની કથા, વાસુદેવની કથા, શ્રીમતી શેઠાણીની કથા, બ્રહ્મા તથા તીલોતમા તથા રીંછડી તથા સારદા કુમરીની કથા, સુરજ અને કુંતિની કથા, ચંદ્ર અને ગુરૂ પત્નિની કથા, ઈંદ્રિ અને અહિલાની કથા, બૃહસ્પતિની કથા, જમ (ધર્મરાજ) તથા વિશ્વાનર (અગ્નિદેવ) ની કથા, અઠયાસી સહસ્ત્ર રૂષીની ઉત્પત્તિ, લિંગાયતની કથા, જૈન શાસ્ત્રાનુસાર શંકર અને બ્રહ્માની ઉત્પત્તિ વીગેરે (હરીહર, બ્રહ્માર્ક, ચંદ્ર, યમ, સુરેંદ્ર, સુરગુરૂ દેવાદિ દુષણ વીગેરે ... ... ... ... ... ૬૪-૧૪૮

ખંડ ૩ જો—સત્ય કહેતાં માર ખાધા ઉપર જિનપાળ અને જિનદત્તની કથા, તથા હરીભટ પુરોહિતની કથા, કમંડળમાં પેસવા વીગેરે સંબંધી મનોવેગની તાર્કિક કથા, તે ઉપર વેદ સ્મૃતિ પુરાણાધારે પાંડવોએ રાજસુય જાગની, તથા અગસ્ત ઋષીની, તથા બ્રહ્મા વિષ્ણુની સૃષ્ટી સંહારણ સંબંધે તુળસી ડાળના માહાત્મ્યની, વિષ્ણુના ઉદરમાં બ્રહ્મા બહુ કાળ રહેવા સંબંધી તથા નાભી કમળે નિકળતાં અંડ અટકી રહેવા સંબધી તથા વડવૃક્ષના પાંદડા ઉપર વિષ્ણુ પોઢયા સંબંધીની કથા, પોતાના બધન નહીં છોડી શકયા સંબંધી રામ લક્ષ્મણની કથા, જૈન શાસ્ત્રાનુસાર ત્રણ લોક ચૌદરાજ અનાદીની ટુંક હકીકત, મિથ્યા મતાનુસાર સૃષ્ટીની ઉત્પત્તિ વિગેરેની કથા. (મિથ્યાત્વદેવ, શાસ્ત્ર, પુરાણ, ગુરૂનાં દુષણ વીગેરે) ૧૪૮-૧૭૬

ખંડ ૪ થો—શુક્રરાજ (એક આંખે કાણો), બે પગ ભગાવનાર મુરખ, મૌનપણે રહેનાર મહામુરખ તથા ગલાસ્ફોટક એવા ચાર મુર્ખોની ચાર કથાઓ, પુરૂષનો હાથ અડકયાથી ગર્ભ રહેવા વિષે તથા ગર્ભમાં રહ્યા થકાં સાંભળવા વિષે, બાર વર્ષ સુધી ગર્ભમાં રહેવા વિષે, જન્મતાં વેતજ બાળકે વેષ ધારણ કરવા વિષે, સંબંધી તાર્કિક મનોવેગની વિશ્વભુતિ અને તેની કન્યાની કહેલી કથા, વેદ પુરાણાદિકાનુસારે કહેલી બે સ્ત્રીઓના સંજોગથી ભાગીરથી નામના પુત્રની ઉત્પત્તિની કથા, ગંધારીએ ફણુસ આલિંગનથી ફણુસ જણ્યા પછી તેમાંથી સો સુત નીકળ્યાની કથા, શ્રી કૃષ્ણની બેન સુભદ્રાના ગર્ભે સાંભળ્યા સંબંધી કથા, મય નામા તાપસના વિર્યને સંયોગે દેડકીએ ગર્ભ ધારણ કરી મંદોદરી નામે કન્યાને જન્મ આપ્યાની તથા કન્યાએ પોતાના પિતાની વિર્યે ખરડાયેલી કોપીન પહેર્યાંથી ગર્ભ ધારણ કર્યા પછી બાર વર્ષે રાવણ સાથે પરણ્યા પછી સાત હજાર વર્ષે ઈંદ્રિજીત નામે કુમાર જન્મ્યાની

કથા, પારાસર ઋષી તથા મચ્છગંધા અને તેના સંયોગે વેદ વ્યાસની ઉત્પત્તિ થયા પછી તે તરત તાપસ થયા વિગેરે વિષેની કથા; કુંતીએ કાને કુમર જણ્યાની કથા, ઉદાઇન તાપસ તથા ચંદ્રમતિની કથા, જૈન શાસ્ત્રાનુસાર પાંડવ કરણ અને કૌરવની કથા, મંદોદરીની કથા, વ્યાસની મહાભારત વિષેની કથા. (મિથ્યાત પુરાણ દુષણ, મિથ્યામત ધ્વંસ વીગેરે) ... ... ... ... ... ... ... ... ... ૧૭૭–૨૧૨

ખંડ ૫ મો—વિધનસંતોષીની કથા, મનોવેગે તાર્કિક બુધ ગુરૂ અને તેમના પોતે એ શિષ્યો સંબંધી કહેલી કથા, મીથ્યાતીઓના વાલ્મીકી રામાયણમાં વર્ણવેલી રામ રાવણાદિકની સક્ષેપ કથા તથા જૈન શાસ્ત્રાનુસાર તેઓની સર્વ સાચી કથા (મિથ્યાતખંડન, રાવણોત્પત્તિ, સીતાહરણ, રામચંદ્ર મિલણ વીગેરે ... ... ... ... ... ... ... ... ... ૨૧૩–૨૪૯

ખંડ ૬ ઠો—મનોવેગે તાર્કિક ભરૂઆડના પુત્ર હોઇ કાપેલા મસ્તકે કોઠ ખાધાં તથા ધડ માથુ ચોંટયા વિગેરેની કહેલી કથા, તે ઉપર વાલ્મીકી રામાયણાદિકના આધારે રાવણે ઈશ્વરની મસ્તક પુજા કરી ચૌદ ચોકડીનું રાજ્ય મેળવ્યા વિષેની કથા, તાપસે શ્રામીને મહાદેવનું તથા તેમણે તેઓના લીંગ પાડ્યાની કથા, દધીમુખ (ફક્ત મસ્તક જન્મ્યાની) નું માથું બીજા ધડ સાથે ચોટયાની કથા, અંગદના થયેલા બે ભાગ જોડાયાની કથા, દશરથની બે સ્ત્રીઓએ અડધાં અડધાં જણેલાં અંગ જોડાઇ જરાસંધ થયાની કથા, વિશ્વાનરના મુખમાં આપેલા ઈશ્વરના વિર્યથી કાર્તિકાએ ધારણ કરેલા ગર્ભના છ કટકાથી થએલી કાર્તિકેય (ષટ્મુખ) ની કથા, પાર્વતીના મેલથી થએલી ગણપતીની ઉત્પત્તિની કથા, જૈન શાસ્ત્રાનુસાર સંક્ષિપ્ત રામ રાવણની તથા જરાસંધ અને નારાયણની તથા ગણેશની તથા કાર્તિકેયની કથા, શ્રાવક ધર્મ કથા વીગેરે ૨૫૦–૨૮૧

ખંડ ૭ મો—સંપ્રતિ રાજા તથા બ્રાહ્મણાદિક સમીપ આર્ય સુહસ્તિ સુરીએ સમકીત વિષે કહેલી શ્રેણીક રાજાના અને તેમના વડા પુત્ર પ્રધાન અભય કુમારના સમયમાં થએલા અર્હદાસ શેઠની તથા તે સંબંધમાં આવેલી સુજોધન રાજાની તથા તેના કોટવાલ જમડંડે–હંસની, કુંભારની, સુધરમા રાજાની, હરણની, વસ્તપાલ રાજા તથા તેના પ્રધાનની, સુભદ્ર રાજાની, દેવદત્ત કાપડીની કથાઓ, લોહખુરા ચોરની કથા, જૈન ધર્મ ફળ વિષે અર્હદાસ શેઠની પહેલી સ્ત્રી જયશ્રીએ કહેલી રીષભસેન તથા તેની સ્ત્રી જયસેનાની કથા. ... ... ... ... ... ... ૨૮૨–૩૧૬

ખંડ ૮ મો—જૈન ધર્મ પ્રામ્યા વિષે અર્હદાસ શેઠની બીજી સ્ત્રી ચંદનશ્રીએ કહેલી સોમદત્ત બ્રાહ્મણ તથા તેની સ્ત્રી સોમીલા અને તેની કન્યા સોમાની કથા, ત્રીજી સ્ત્રી મિત્રશ્રીએ કહેલી ધનંજય રાજાના સોમસરમા પ્રધાનની કથા, ચોથી સ્ત્રી નાગશ્રીએ કહેલીએ જીતારી રાજા તથા કનકચિત્રા રાણીની કુખે જન્મેલી સુમિત્રા તથા ભવદત્તની કથા, પાંચમી સ્ત્રી પદમલતાએ કહેલી પદ્મશ્રી તથા બુધસિંધની કથા, છઠી સ્ત્રી કનકમાલાએ કહેલી સાગર તથા તેની બેન જિનદત્તાની કથા, સાતમી સ્ત્રી વિદ્યુલતાએ કહેલી સુદંડ રાજા તથા સુરદેવ અને સમુદ્રદત્તની કથા, કુંદલતા સહિત આઠે સ્ત્રીઓ સાથે અર્હદાસ શેઠે સંયમ લેઇ શિવપુર સિધાવ્યા સંબંધી વૃત્તાંત વીગેરે. ... ... ... ... ... ... ... ... ... ૩૧૭–૩૫૨

ખંડ ૯ મો—કુદેવ, કુગુરૂ, તથા કુધર્મ પ્રવર્જન, સુદેવ, સુગુરૂ તથા સુધર્મ અંગીકાર કરણ, બ્રાહ્મણાદિનું પ્રતિબોધ પામવું વીગેરે ... ... ૩૫૩–૩૬૧

श्री जिनायनमः

श्री पंच परमेष्टिभ्योनमः

# अथ श्री धर्म परीक्षानो रास.

## अर्थ सहित लखीए छीए.

### दुहा.

પ્રથમ જિનેશ્વર પય નમું, વૃષભનું લંછન જાસ; મરૂદેવી નંદન ઋષભ, નાભીરાય કુલ તાસ ॥ ૧ ॥ અઢાર વર્ષ આરા-તણા, સાગર કોડા કોડ; ગયો ધર્મ વાળ્યો જિણે, તેહ નમું કર જોડ ॥ ૨ ॥ આદિ ચારિત્ર આદરી, દીધો દ્વિધા ધર્મ; મન વચ કાયા વશ કરી, છેદી આઠે કર્મ ॥ ૩ ॥

અર્થ—વૃષભના લંછન વાળા, તથા મરૂદેવી માતાના અને નાભિરાજાના પુત્ર શ્રી પ્રથમ તિર્થંકર ઋષભદેવ પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ॥ ૧ ॥ ગયા ઉત્સર્પિણિ કાળના ત્રીજા આરાના છેડા સુધી ગત ચોવીસીના ચરમ તીર્થંકરનું શાસન પ્રવર્તમાન હતું, ત્યાર પછી ધર્મ લોપાઇ ગયો હતો, તે આ અવસર્પિણી કાળના ત્રીજા આરાને છેડે અઢાર કોડા કોડી સાગરોપમ વર્ષે થયેલા પ્રભુએ યુગલીક ધર્મ નિવારી, ગયેલો ધર્મ પાછો વાળ્યો; એવા શ્રી ઋષભદેવ ભગવાનને હું બે હાથ જોડીને નમસ્કાર કરૂં છું. ॥ ૨ ॥ ૩ ॥

શીવપુરના વાસી થયા, અજરામર સુખ ઠામ; ચોવીસે તીર્થંકરા, તેહને કરૂં પ્રણામ ॥ ૪ ॥ સમરૂં શ્રુતદેવી સદા, આપે વચન વિલાસ; તુષ્ટમાન થાજો તમે, સફળ ફળે મુજ આશ ॥ ૫ ॥ ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ તુઠે ગમ હોય; ગુરૂ કહીયે માતા પિતા, ગુરૂથી અધિક ન કોય ॥ ૬ ॥

જેઓ અજરામર સુખ લઇને, મોક્ષમાં સધાવ્યા છે, એવા ચોવીસે તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું. ॥૪॥ શુદ્ધ વાણીના વિલાસને દેવાવાળી શ્રી શ્રુતદેવતાનું સ્મરણ કરૂં છું, માટે હે શ્રુતદેવતા! તમો મારા પર તુષ્ટમાન થઇને મારી આશા સફળ કરજો. ॥૫॥ ગુરૂ, દીપક તથા દેવતા સમાન છે, વળી ગુરૂ તુષ્ટમાન થયાથી સઘળું જ્ઞાન થાય છે, તેમ ગુરૂ માતા તથા પિતા સમાન છે, તેનાથી કોઇપણ અધિક જાણવો નહીં ॥૬॥

ભવિયણ ભાવે સાંભળો, ધરમાધરમ વિચાર; દ્વેષ બુદ્ધિ દૂરે કરી, પરિક્ષા કરજો સાર ॥ ૭ ॥ ઉત્પત્તિ તેહની ઓચરૂં,

ધર્મ પરિક્ષા રાસ; વાતો વિવિધ પ્રકારની, આણી હરખ
ઉલ્લાસ ॥ ૮ ॥ સાંભળતાં સુખ ઉપજે, મત નાવે મનમાંય;
સૌ જાણે સાચો ધરમ, ભાંખ્યો તિમજ કહાય ॥ ૯ ॥

હે ભવ્ય લોકો, તમો ભાવ લાવીને આ ગ્રંથમાં રહેલા ધર્મ તથા અધર્મના વિચારો સાંભળજો, અને દ્વેષ બુદ્ધિનો ત્યાગ કરીને સત્ય ધર્મની પરીક્ષા કરજો. ॥ ૭ ॥ સઘળા ધર્મોની ઉત્પત્તિ દેખાડનારો, તથા વિવિધ પ્રકારની વાતોએ કરી યુક્ત, એવો આ ધર્મ પરીક્ષાનો રાસ મનમાં હરખ તથા ઉત્સાહ લાવીને તમારી સન્મુખ કહું છું. ॥ ૮ ॥ આ રાસ સાંભળવાથી ચિત્તને આનંદ આવવાની સાથે મનમાં કોઈ પણ જાતનો સંકલ્પ વિકલ્પ રહેતો નથી, અને સઘળા માણસોને એમજ લાગશે કે, ખરેખરો ધર્મ આ રાસમાં પ્રકાશ્યો છે. ॥ ૯ ॥

## ઢાળ ૧ લી. દેશી ચોપાઈની.

જંબુદ્વીપ જોયણ એક લાખ, જંબૂ વૃક્ષની નામે સાખ;
અસંખ્યાતા સાયર દ્વીપ કહ્યા, કેવલી ભાંખ્યા તે મેં લહ્યા ॥ ૧ ॥
જંબૂદ્વીપ મધ્ય મેરૂ જોય, સુદર્શન નામે તે હોય;
બીજા પર્વત કહ્યા અનેક, મેરૂ લાખ જોયણનો એક ॥ ૨ ॥
તેથી દક્ષીણ દિશ ભણી કહ્યું, ભરત ક્ષેત્ર તે શાસ્ત્રે લહ્યું;
પાંચસેં છવીસ ને છ કળા, બત્રીસ સહસ દેશ નિરમળા ॥ ૩ ॥

કેવલી માહારાજે અસંખ્યાતા સમુદ્ર તથા દ્વીપોનું વર્ણન કરેલું છે, તેમાં જંબૂ વૃક્ષના નામથી એક લાખ જોજનના વિસ્તારનો જંબૂ નામે દ્વીપ છે. ॥ ૧ ॥ જંબૂ દ્વીપના મધ્ય ભાગમાં સુદર્શન નામે મેરૂ પર્વત છે, બીજા પણ ઘણા પર્વતો છે, પણ તેમાં મેરૂ પર્વત એક લાખ જોજનનો છે. ॥ ૨ ॥ તે મેરૂ પર્વતની દક્ષિણ દિશાએ ભરત નામે ક્ષેત્ર છે, તે પાંચસે છવીસ જોજન અને છ કળાના વિસ્તારનું છે, તેમાં બત્રીસ હજાર દેશો છે. ॥ ૩ ॥

સાઢા પચવીસ આરજ દેશ, બીજા અનારજ કહીએ લેશ;
આરજ ધરમ મરમનો જાણ, મ્લેચ્છ વર્ણનો અનારજ ઠાણ ॥ ૪ ॥
પચાસ જોયણનો પરમાણ, રૂપામય વૈતાઢ્ય વખાણ;
એહવો પર્વત શાસ્વતો માન, સ્વેત વર્ણ ઝલહલતે વાન ॥ ૫ ॥

તેમાં સાડાપચીસ દેશ આર્યોના છે, બાકી બધા અનાર્ય દેશો છે, ઉત્તમ તે આર્ય ધર્મ, મ્લેચ્છ લોકોનો અનાર્ય ધર્મ જાણવો. ॥ ૪ ॥ તેમાં પચાસ જોજનનાં વિસ્તારનો, રૂપામય, શાસ્વતો, તથા ઝળકતા સફેદ રંગનો વૈતાઢ્ય નામે પર્વત છે. ॥ ૫ ॥

પચવીસ જોયણ ભૂમિમાંહિ, ઉંચો પચિસ જોયણ ઉછાંહિં;
દશ જોયણ ડુંગરથી જોય, દક્ષિણ દિશ ભણી તે હોય ॥ ૬ ॥
કહ્યા નગર મોટાં પંચાસ, નગર પુંઠ કોડ ગામ નિવાસ;
મુખ્ય પંચાસ નગરમાં જેહ, વૈજયંત પુર કહીએ તેહ ॥ ૭ ॥

બાર જોયણનો લાંબો અછે, નવ જોયણનો પોહોળો પછે;
ગઢ મઢ મંદિર પોળ પ્રકાર, સોહે ઓળા ઓળ આગાર ॥ ૮ ॥
તે પર્વત પચીસ જોજન પૃથ્વીમાં તથા પચીસ જોજન બહાર ઉંચો છે, તે વૈતાઢ્ય પર્વતની ઉપર દક્ષીણ દિશા તરફ દશ જોજન ઉપર ક્રોડ ક્રોડ ગામ જેના (તાબામાં) પછવાડી છે, એવા પચાસ નગરમાંનું વૈજયંત પુર નામે એક મોટું નગર છે. ॥૬॥૭॥ તે નગર બાર જોજન લાંબું, તથા નવ જોજન પોહોળું છે, તે નગરમાં કીલ્લા, મઢીઓ, મંદિરો, પોળો તથા ઘરો સઘળાં એક સરખાં હારબંધ જોડાજોડ છે. ॥૮॥
વાવ્ય કુવા સરોવર જિહાં, જિનનાં શિવનાં મંદિર તિહાં;
ધર્મ તણી પોસાળો ઘણી, એવી નગરી વિદ્યાધર તણી ॥ ૯ ॥
વસે વિપ્ર વિદ્યાના ધણી, વનીતા રૂપે રળીઆમણી;
વણિક કરે મોટા વ્યાપાર, વસ્તુના નાના અંબાર ॥ ૧૦ ॥
બાવન વીર તણાં ત્યાં સ્થાન, વિત્તધારિનાં મુખ પર વાન;
નવ નારૂ નવ કારૂ લોક, વસ્ત્ર પડયાં પચરંગી થોક ॥ ૧૧ ॥
તે વિદ્યાધરના નગરમાં વાવ્ય, કુવા, સરોવરો, જૈનનાં તથા શિવનાં દેહેરાં તથા ધર્મશાળાઓ ઘણી છે. ॥ ૯ ॥ તે નગરમાં ઘણાક વિદ્વાન બ્રાહ્મણો, તથા તેમાં અત્યંત રૂપવાળી સ્ત્રીઓ વસે છે, તેમ ત્યાં વાણીઆ લોકો જુદી જુદી વસ્તુઓના મોટા વ્યાપાર કરે છે. ॥૧૦॥ વળી તે નગરમાં બાવન વીરોનાં સ્થાનક છે, તેમાં પૈસાદાર લોકો પણ ઘણા તેજસ્વી છે, વળી નવ નારૂ અને નવ કારૂ એમ અઢારે વર્ણનાં લોકો ત્યાં રહે છે, અને પંચરંગી વસ્ત્રોનાં તો ત્યાં ઢગલે ઢગલા છે. ॥ ૧૧ ॥
વિદ્યા શક્તિએ ચાલે આકાસ, વિમાન રચના જાણે આવાસ;
તીર્થ યાત્રા કરતાં દીન જાય, પુણ્યે પ્રાણી નિગમે આય ॥ ૧૨ ॥
તિણ નગરી જીતારિ ભૂપ, અદભૂત ઇંદ્ર સરિખું રૂપ;
ન્યાય મારગમાં ચાલે રાય, રામચંદ્ર ઓપમ કહેવાય ॥ ૧૩ ॥
રાય તણી રાણીનું નામ, પવનવેગાથી વાધે કામ;
દંપતિ બેહુને વાધ્યો નેહ, હરખ થાયે જિમ આવે મેહ ॥ ૧૪ ॥
ત્યાંના લોકો વિદ્યા બળે કરી આકાશમાં ચાલે છે, તથા તેમનાં ઘરો તો જાણે દેવતાઓના વૈમાન સરખાં છે, ત્યાંના લોકો તીર્થ યાત્રા આદિકમાંજ પોતાના દિવસો ગાળે છે, અને એવી રીતે પુન્યનાં કાર્યોથીજ પોતાનું આયુષ્ય સંપૂર્ણ કરે છે. ॥૧૨॥ તે નગરમાં જીતારી નામે રાજા ઇંદ્ર સરખા રૂપવાળો છે, તથા તે રામચંદ્રની માફક ન્યાયથી રાજ પાળે છે. ॥ ૧૩ ॥ કામને વધારવાવાળી (ઘણી રૂપાળી) તે રાજાની પવનવેગા નામે રાણી છે. તે બન્ને સ્ત્રી ભરથારને ઘણો સ્નેહ હતો, અને તે સ્નેહ વડે કરીને મેઘ આવવાથી જેમ હરખ થાય છે, તેવોજ હરખ તેઓ બન્નેને થતો હતો. ॥ ૧૪ ॥
રૂપે અદભૂત દીસે નાર, ઈંદ્રાણી જાણે અવતાર;
બેને ધર્મ તણો છે રાગ, કેવળી ભાંખ્યો પાળે માગ ॥ ૧૫ ॥

એમ ભોગવતાં સુખ અથાગ, આવી ઉપન્યો કર્મને ભાગ;
રાણી કુંખે થયા નવ માસ, પ્રસવ્યો પુત્ર સફળ થઇ આશ ॥ ૧૬ ॥
તે સ્ત્રી, રૂપે કરીને ઇંદ્રાણી સરખી હતી, તે બન્ને સ્ત્રી ભરથાર શ્રી વીતરાગ પ્રભુએ કહેલા ધર્મને સારી રીતે પાળતા હતા. ॥૧૫॥ એવી રીતે અથાગ સુખ ભોગવતાં થકાં, રાણીને ગર્ભ રહ્યાથી, નવ માસે પુત્રનો જન્મ થવાથી તેમની આશા સફળ થઈ. ॥૧૬॥

ઓચ્છવ મહોચ્છવ કીધા ઘણા, સાજન આવ્યા પોતા તણા,
જમાડ્યા ભોજન પકવાન, તે સાખે થાપ્યું અભિધાન ॥ ૧૭ ॥
મનોવેગ નામે કુમાર, દેખી રંજે સહુ નરનાર;
ભણી ગણીને પ્રૌઢો થયો, માત પિતા મન આનંદ ભયો ॥ ૧૮ ॥
તે પુત્રનો જન્મ થવાથી ઘણાંક ઓચ્છવ મોચ્છવ કરાવ્યા, તથા સગાં વહાલાંઓને પકવાન આદિકનાં ભોજન કરાવીને, તેઓની સમક્ષ તેનું "મનોવેગ" નામ પાડ્યું, વળી તેને જોવાથી સઘળાં સ્ત્રી પુરૂષો મનમાં ઘણો આનંદ માનતાં; પછી અનુક્રમે તે કુમાર ભણી ગણીને હુશીયાર થવાથી માતા પિતાના મનમાં ઘણોજ આનંદ થયો. ૧૭,૧૮

સીખી વિદ્યા નવનવી રીત, મીઠું બોલે વાધે પ્રીત;
વન ઉપવનનાં ખેલે ખ્યાલ, જીવ ભાષાનાં જોવે ફાલ ॥ ૧૯ ॥
જડી મૂળીનાં જાણે ભેદ, મંત્ર જંત્રથી પૂરે ઉમેદ;
ઢાલ નેમ વિજયે એ કહી, પ્રથમ ખંડની પેહેલી સહી ॥ ૨૦ ॥
વળી તે કુમાર જુદી જુદી ઘણી વિદ્યાઓ શીખ્યો, તેમ તેનાં મધુર મધુર વચનથી લોકો તેનાપર ઘણું હેત લાવતા, વળી તે વન, બાગ, બગીચા આદિકમાં ફરી સઘળા જીવોની ભાષાનો ખ્યાલ કરવા લાગ્યો, તેમજ જડી, બુટી, ઔષધી, મંત્ર, જંત્ર વિગેરેનો પણ તે જાણકાર થયો. એવી રીતે નેમવિજય મહારાજે પેહેલા ખંડની પેહેલી ઢાળ સંપૂર્ણ કહી ॥ ૧૯ ॥ ૨૦ ॥

## दुहा.

જો વૈતાઢ્ય ગિરિ થકી, ઉત્તર શ્રેણિ કહાય; દશ જોજન દૂરે કહ્યાં, સાઠ નગર સમુદાય ॥ ૧ ॥ એક એક નગર પ્રતે કહ્યાં, કોડ કોડ છે ગામ; માનવ લોક વસે તીહાં, વિદ્યાધરનાં ઠામ ॥ ૨ ॥ સાઠ નગરમાં શોભતું, નયર વિજયપુર નામ; લંક સમોવડ જાણીએ, અલખત છે અભિરામ ॥ ૩ ॥
હવે તે વૈતાઢ્ય પર્વતની ઉત્તર દિશાએ દશ જોજન દૂર સાઠ નગરોનો સમુદાય છે. ॥ ૧ ॥ તે એકેક નગરના તાબામાં (આસપાસ) કોડ કોડ ગામ છે, અને ત્યાં વિદ્યાધર નામે માણસો વસે છે. ॥ ૨ ॥ તે સાઠે નગરોમાં, લંકા સરખી રિદ્ધિવાળું વિજયપુર નામે મનોહર નગર છે. ॥ ૩ ॥

પ્રભાસ નામે ભૂપતિ, પાળે રાજ અખંડ; માન્ય કરે મિથ્યા-
તને, પાપી માંહે પ્રચંડ ॥ ૪ ॥ વિપુલા રાણી તેહની, સુખ

ભોગવતાં સાર; પુત્ર થયો એક એહવો, પવનવેગ કુ-
માર ॥ ૫ ॥ જોવન પામ્યો અનુક્રમે, મિથ્યામતની બુદ્ધિ;
માને નહીં જિન ધર્મને, એહવી જેની સુદ્ધિ ॥ ૬ ॥

તે નગરમાં, મિથ્યાત્વી (અન્યદર્શની) મહા પાપી પ્રભાસ નામે રાજા રાજ્ય કરે છે. ॥ ૪ ॥ તેને વિપુલા નામે રાણી છે, તેની સાથે સુખ ભોગ ભોગવતાં પવનવેગ નામે પુત્ર તેઓને થયો. ॥ ૫ ॥ તે કુંવર અનુક્રમે યુવાવસ્થાને પામ્યો ત્યારે તે પણ જૈન મતનો અનાદર કરીને મિથ્યાત્વ ધર્મ પાળવા લાગ્યો. ॥ ૬ ॥

વિદ્યાતણી શકતે કરી, ઉડી જાય આકાશ; ફિરતો હરતો
આવીયો, મનોવેગની પાસ ॥ ૭ ॥ બે જણ બેઠા એકઠા,
બહુ બંધાણો નેહ; નિત્ય આવે એકેકને, ફરી ફરીને
ગેહ ॥ ૮ ॥ વાતો વિવિધ પ્રકારની, કરતા માંહો માંહ;
ધર્મ વખાણે આપણો, અન્યો અન્ય ઉચ્છાંહ ॥ ૯ ॥

તે કુમાર પોતાની વિદ્યાના બળે કરી આકાશમાં ઉડતો ઉડતો જતાં આવતાં એક વખત જ્યાં મનોવેગ છે, ત્યાં (વૈજયંતપુરમાં) આવ્યો. ॥ ૭ ॥ ત્યાં બન્ને જણ સાથે બેઠા, અને તેઓ વચ્ચે ઘણીજ મિત્રાઇ બંધાણી, અને ત્યારથી તેઓ ફરી ફરીને એક બીજાને ઘેર આવીને બેસવા લાગ્યા. ॥ ૮ ॥ અને હમેશાં જુદી જુદી વાતો કરતા કરતા, એક બીજા પોત પોતાના ધર્મના વખાણ કરે. ॥ ૯ ॥

## ઢાળ બીજી.

રે જીવડા દીધાનાં ફળ જોય—એ દેશી.

મનોવેગ કહે સાંભળોજી, જૈન ધરમ જગ સાર;
કેવળી ભાષિત નિરમળોજી, ઉતારે ભવ પાર રે ભાઈ;
ધરમ સમો નહીં કોય ॥ એ આંકણી ॥ ૧ ॥
દાન શીઅલ તપ ભાવનાજી, ધર્મના ચાર પ્રકાર;
જીવ દયા જતને કરીજી, જે પાળે નરનારરે ॥ ભા૦ ધ૦ ॥ ૨ ॥

હવે એક દિવસ મનોવેગ પવનવેગને કહે છે કે, હે ભાઇ, આ જગતમાં જૈન ધર્મ સમાન કોઇ ધર્મ નથી, કારણ કે તે નિર્મળ ધર્મ કેવળી મહારાજે, અર્થાત કેવળ જ્ઞાનીએ કહેલો છે, અને તેજ ધર્મ આ સંસાર સમુદ્રથી પાર ઉતારનારો છે. ॥૧॥ તે ધર્મના દાન, શીઅલ, તપ, તથા ભાવના, એ ચાર ભેદો છે, વળી જીવદયા, તો તે ધર્મનાં લોકો ઘણીજ પાળે છે. ॥ ૨ ॥

સુક્ષમ બાદર જાણીએજી, ત્રસ થાવર દોય જીવ;
સન્નીઓ અસન્નીઓજી, સમુચ્છિમ ગર્ભજ હીયરે ॥ ભા૦ ધ૦ ॥૩॥
અનેક ભેદ છે ધર્મનાજી, કહેતાં નાવે પાર;
તવ પવનવેગ બોલીયોજી, હું નવી જાણું લગારરે ॥ ભા૦ ધ૦ ॥૪॥

ત્યાંથી બે જણ આવીઆજી, પુષ્ફદંત ગુરૂ પાસ;
અધ્યારૂ છે આદિનોજી, છાત્ર ભણાવે તાસરે ॥ ભા૦ ધ૦ ॥ ૫ ॥

જીવનાં, સુક્ષ્મ (નાના આંખે ન દેખાય તેવા) બાદર, (મોટા) ત્રસ (હાલી ચાલી શકે તેવા) થાવર (સ્થીર રહેવાવાળા) સન્ની પંચેંદ્રી, અસન્ની પંચેદ્રી, સમુર્ચ્છિમ, તથા ગર્ભજ આદિક અનેક ભેદો છે, કે જેનો કહેતાં પાર પણ આવે નહીં, આ સઘળી વાતો સાંભળીને પવનવેગ કહેવા લાગ્યો કે, હે ભાઇ! આ બાબત હું કંઇ પણ જાણુતો નથી. ॥ ૩ ॥ ૪ ॥ પછી ત્યાંથી તે બન્ને જણ પુષ્ફદંત નામના ગુરૂની પાસે આવ્યા, કે જે કેટલાક નિશાળીઆઓને મૂળથી કેળવણી આપતા હતા ॥ ૫ ॥

ભણવા બેઠા બે જણાજી, જ્યોતિષ વૈદક સાર;
મંત્ર જંત્ર જડી મૂળીજી, વેદ શાસ્ત્ર અપારરે ॥ ભા૦ ધ૦ ॥ ૬ ॥
ભણી ગણી પોઢા થયાજી, પામ્યા પરમ આણંદ;
મનોવેગ શ્રાવક ભલોજી, પવનવેગ મિથ્યા કંદરે ॥ ભા૦ ધ૦ ॥ ૭ ॥
વિમાને બેશી દોય ચાલીઆજી, રામત ક્રીડારે કાજ;
કુલ પર્વત વાવ્યો નદીજી, સરદ્રહ ગિરિ સીરતાજરે ॥ ભા૦ ધ૦ ॥૮॥

તે ગુરૂ પાસે તે બન્નેજણ, જ્યોતિષ, વૈદક, મંત્ર, જંત્ર, જડી, બુટ્ટી, વેદશાસ્ત્ર વિગેરે શીખ્યા. ॥ ૬ ॥ ત્યાં તેઓ ભણી ગણીને હુશીઆર થયા, તેથી મનમાં તેઓ ઘણો આનંદ માનવા લાગ્યા; તેમાં મનોવેગ પરમ શ્રાવક (જૈન ધર્મી) થયો અને પવનવેગ મીથ્યાત્વી રહ્યો. ॥ ૭ ॥ ત્યાંથી તેઓ વૈમાનમાં બેસી, મોટા મોટા પર્વતો, વાવો, નદી, તળાવ, દ્રહ, તથા પર્વતોનાં શિખરો આદિકમાં રમવાને (ક્રિડા કરવાને) ચાલ્યા.૮

ગીતનૃત્ય ગાતા ફરેજી, સ્નાન ભોજન તંબોળ;
હાસ્ય વિનોદ કૌતક કરેજી, એક એકનો રાખે તોલરે ॥ ભા૦ ધ૦ ૯
એક દિન મનોવેગ બોલીઓજી, સાંભળ ભાઇ તું વાત;
આપણ કીજે પારખુંજી, ધર્મ પાપની તાંતરે ॥ ભા૦ ધ૦ ॥ ૧૦ ॥
સારભૂત સંસારમાંજી, જૈન ધરમનોરે જોગ;
જો તમે તે પાળો સહીજી, પામસો બોહોળો ભોગરે ॥ ભા૦ ધ૦ ૧૧

ત્યાં તેઓ માર્ગમાં એક બીજાની મર્યાદા રાખીને, ગાયન, નાચ, સ્નાન, ભોજન, તાંબુલ, હાસ્ય, વિનોદ આદિક કૌતુકો કરવા લાગ્યા. ॥ ૯ ॥ એમ કરતાં કરતાં એક દિવસ મનોવેગ કહેવા લાગ્યો કે, હે ભાઇ! આપણે પુણ્ય પાપનું કંઇક પણ પારખું કરીએ તો ઠીક. ॥ ૧૦ ॥ વળી આ સંસારમાં સારભૂત એવા જૈન ધર્મને જો તમે અંગીકાર કરશો, તો તમોને ઘણાં પ્રકારનાં ભોગ વિલાસ આદિ સુખો મળશે. ॥ ૧૧ ॥

પવનવેગ એમ સાંભળીજી, બોલ્યો નહીં મુખ વાણુ;
જાણે મનમાં પ્રીતડીજી, તુટે બોલ્યે તાણરે ॥ ભા૦ ॥ ધ૦ ॥ ૧૨ ॥
મનોવેગ મન ચિંતવેજી, બુદ્ધિ કરૂં કોઇ હેવ;
મિથ્યા ધંધે એ પડયોજી, નવી માને જીન દેવરે ॥ ભા૦ ધ૦ ॥ ૧૩॥

વિમાને બેસી એકલોજી, આકાશ મારગ જાય;
અઢીદ્વીપમાંહી ફિરેજી, જાત્રા કરે જીન રાયરે ॥ ભા૦ ધ૦ ॥ ૧૪ ॥

મનોવેગની ઉપલી વાતો સાંભળીને, પવનવેગે વિચાર્યું કે, આનો જવાબ દીધાથી બન્નેની મિત્રાઇમાં ખલલ પડશે; એવું વિચારી તે મૌન રહ્યો. ॥ ૧૨ ॥ ત્યારે મનોવેગ મનમાં વિચારવા લાગ્યો કે, હવે કંઇક બુદ્ધિ વાપરીને એને જૈન ધર્મી કરવો, કારણ કે જ્યાં સુધી એ મિથ્યાત્વમાં ડુબેલો છે, ત્યાં સુધી તે જૈન ધર્મ અંગીકાર કરશે નહીં ॥ ૧૩ ॥ પછી ત્યાંથી મનોવેગ વૈમાનમાં બેશી, આકાશ માર્ગે અઢીદ્વીપમાં રહેલા જૈન તિર્થોની યાત્રા કરવા લાગ્યો ॥ ૧૪ ॥

અનુક્રમે ફરતો આવીઓજી, માલવ દેશ મોઝાર;
ઉજેણીને પરિસરેજી, વિમાન થંભ્યું તેણી વારરે ॥ ભા૦ ધ૦ ॥૧૫॥
વાસુપૂજ્ય મુનિ કેવલીજી, દીઠા ત્રિભુવન સ્વામ;
હેઠો આવ્યો ઉતરીજી, વાંધા મુનિને તામરે ॥ ભા૦ ॥ ધ૦ ॥ ૧૬ ॥
ધર્મકથા મુનિવર કહીજી, સાંભળી હરખ્યો રાય;
શ્રાવક વ્રત સુધાં લહીજી, વળી વળી પ્રણમે પાયરે ॥ ભા૦ ધ૦॥૧૭॥

એવી રીતે અનુક્રમે ફરતો ફરતો તે માલવા દેશની રાજધાની ઉજ્જેણી નગરી સમીપે આવ્યો, ત્યાં તેણે પોતાનું વિમાન ઉભું રાખ્યું ॥ ૧૫ ॥ ત્યાં ત્રણ ભુવનના સ્વામી, કેવળી મહારાજ શ્રી વાસુપૂજ્ય સ્વામીને જોવાથી પોતે વિમાનથી નીચે ઉતરીને, મુનિને વાંધા ॥ ૧૬ ॥ ત્યાં કેવળી મહારાજની ધર્મ દેશના સાંભળીને (મનોવેગે) રાજાએ હરખ પામીને, તથા કેવળી મહારાજને નમસ્કાર કરીને શ્રાવકનાં બાર વ્રત અંગિકાર કર્યાં. ॥૧૭॥

કર જોડી કરે વિનતીજી, સ્વામિન તું અવધાર;
પવનવેગ મુજ મિત્રછેજી, તેહનો કહો વિચારરે ॥ ભા૦ ધ૦ ॥ ૧૮ ॥
ભવ્ય જીવ છે તેહનોજી, કીંવા અભવ્ય નર એહ;
કદાગ્રહી માને નહીંજી, જીનવર વચનજ તેહરે ॥ ભા૦ ધ૦ ॥ ૧૯ ॥
મુનિવર કહે તુમે સાંભળોજી, મનોવેગ રાય સુજાણ;
નેમવિજય ઢાળ બીજીએજી, પ્રથમ ખંડની પરમાણરે ॥ ભા૦ધ૦ ૨૦

પછી કેવળી મહારાજ સન્મુખ હાથ જોડી તે વિનંતી કરવા લાગ્યો કે, હે સ્વામી, મારા મિત્ર પવનવેગનો હેવાલ-સંબંધ મને કહી સંભળાવો ॥ ૧૮ ॥ તે મારો મિત્ર એટલો બધો કદાગ્રહી છે કે, જીનેશ્વર પ્રભુનાં વચનનેજ માનતો નથી; માટે તે ભવ્ય છે અગર અભવ્ય છે? તે કહો? ॥ ૧૯ ॥ એવી રીતે તેનાં વચનો સાંભળીને કેવળી મહારાજ કહેવા લાગ્યા કે, હે મનોવેગ રાજા, તમારા મિત્રનો વૃતાંત કહું છું તે સાંભળો! એવી રીતે શ્રી નેમવિજયજીએ પેહેલા ખંડની બીજી ઢાળ કહી. ૨૦

## દુહા.

પવનવેગ તુજ મિત્ર જે; ઉત્તમ જીવ છે તેહ; ભવ્ય જીવ કરી
જાણજો, એમાં નહીં સંદેહ ॥ ૧ ॥ તે માટે તમને કહું,

એનો એક ઉપાય; પાડલીપુર દક્ષિણ દિશે, તુમે જાજો તિણે ઠાય ॥ ૨ ॥ બીહું બંધવ મળી એકઠા, અપુરવ કરીને વેશ; વાદી લોક વસે તીહાં, દુરધર દક્ષિણ દેશ ॥ ૩ ॥

હે મનોવેગ તારો એ પવનવેગ મિત્ર ઘણોજ ઉત્તમ જીવ છે, અને તારે એને ભવ્ય જીવ કરીનેજ જાણવો, એમાં તારે જરા પણ સંદેહ રાખવો નહીં ॥ ૧ ॥ માટે હવે તેને સુધારવાને હું તમને એક ઉપાય બતાવું છું. તે એ કે, અહીંથી દક્ષિણ દિશામાં પાડલીપુર નામના નગરમાં તમે જજો ॥ ૨ ॥ તમે બન્ને મિત્રો એકઠા થઇને અપુરવ વેશ ધારણ કરી દક્ષિણ દેશમાં જ્યાં વાદી (વિવાદ કરનારા) લોકો વસે છે ત્યાં જજો. ॥ ૩ ॥

બ્રાહ્મણ નાતી મલી તીહાં, જાગ જગ્નનો ઠામ; આડંબર આધકે કરી, કરે હોમનાં કામ ॥ ૪ ॥ હોમે હિંસા છે ઘણી, છકાય વિરાધન થાય, પંચેંદ્રિ જીવ મોટકા, હોમે અગ્નિમાંય ॥ ૫ ॥ ત્યાં તુમે વાદ કરો જઈ, વિપ્રના ઉતારો નાદ; લાભ થશે તુમને ઘણો, જબ સાંભળશે સાદ ॥ ૬ ॥

ત્યાં બ્રાહ્મણોની નાત મળીને ઘણા આડંબરથી જગન-હોમ કરે છે ॥ ૪ ॥ હવન કરવાથી પૃથ્વી, પાણી, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એ છકાય જીવની હિંસા થાય છે, છતાં તે બ્રાહ્મણો ત્યાં મોટા પંચેંદ્રિ જીવોને અગ્નિમાં હોમે છે ॥ ૫ ॥ તમે ત્યાં જઈ બ્રાહ્મણો સાથે વાદ કરી તેનો અહંકાર ઉતારો, અને વળી તમારો સાદ સાંભળવાથી તમોને તેની તરફથી ઘણો લાભ થશે ॥ ૬ ॥

ગુપ્ત રાખજો જિન ધરમ, ભાંખજો મરમ પુરાણ; અગમ થઈ આધા જઇ, કેજો કથા કુપુરાણ ॥ ૭ ॥ પવનવેગ તુમ મિત્રનો, જાશે મન સંદેહ; જૈન ધરમ આદર કરી, પાળશે તવ સહી તેહ ॥ ૮ ॥ વાણી મુનિની સાંભળી, હરખ્યો હયડાં માંય; પ્રણમીને ચાલ્યો તુરત, બેશી વિમાન ઉછાંય ॥ ૯ ॥

ત્યાં જઇ જૈન ધર્મને ગુપ્ત રાખી, પુરાણનાં અર્થ (ભેદ) કહેજો, અને પુરાણના ખોટારાની વાતો દૂર જઇને ગુપ્ત પણે કહેજો ॥૭॥ એવી રીતે કર્યાથી તમારા મિત્ર પવનવેગની શંકા દૂર થશે, અને ઘણા આદર માનથી તે જૈન ધર્મને અંગીકાર કરશે ॥૮॥ એવી રીતની મુનિની વાણી સાંભળીને મનોવેગના હૃદયમાં ઘણોજ આનંદ થયો, અને ત્યાં મુનિને નમસ્કાર કરીને ઘણા હરખથી તે વૈમાનમાં બેસી ચાલ્યો ॥ ૯ ॥

મન ચિંતા કરતો ઘણી, બંધવ મળશે કયાંહિં; જોવાને ફિરતો ફિરે, દેશ વિદેશજ ત્યાંહિં ॥ ૧૦ ॥ એમ કરતાં આવી મળ્યો, પૂછી કુશળની વાત; મોહે વિંધ્યા બે જણા, થયા હરખ સુખ સાત ॥ ૧૧ ॥

ત્યાંથી નિકળી તે મનમાં વિચારવા લાગ્યો કે, મારો મિત્ર હવે મને ક્યાં મળશે, એવું વિચારી તે દેશો દેશ ફરવા લાગ્યો ॥ ૧૦ ॥ એમ ફરતાં ફરતાં તે પોતાના મિત્રને મળ્યો, તથા કુશલ સમાચાર પૂછયા, અને મોહે કરી તેઓ બન્ને જણ ઘણા હરખવંત થયા ॥ ૧૧ ॥

## ઢાલ ૩ જી.

ફતમલ પાણીડા ગઇતી તલાવ, લશ્કર આયો હાડા રાયરો. એ દેશી.

**વીરા મારા પવનવેગ કહે વાત, આજ મુને હરખ વધામણા;**
**વીરા મારા જોયા મેં ઠામોઠામ, સાજન પૂછયા મેં તુમ તણા ॥ ૧ ॥**
**વી. મારા આવી મળ્યા મુને આજ, એતા દિવસ તુમે ક્યાં હતા;**
**વી. કહો ધુરથી તે વાત, કીહાં જઇ આવ્યા થયા છતા. વી. ॥ ૨ ॥**
**વી. મનોવેગ કહે તવ એમ, દેશ વિદેશે હું ભમ્યો;**
**વી. કૌતિક દીઠાં અનેક, અઢી દ્વીપમાંહે હું રમ્યો ॥ વી૦ ॥ ૩ ॥**

હવે મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, કે ભાઇ! તને શોધવા વાસ્તે હું ઘણું રખડ્યો, અને ઘણાં સગાં વહાલાંને પુછયું; પણ આજે તું મળ્યાથી મને ઘણો હર્ષ થાય છે ॥ ૧ ॥ હે ભાઇ તમે મને આજે મળ્યા માટે આટલા દિવસો સુધી તમે ક્યાં ગયા હતા? તે વાત પેહેલેથી માંડીને કહો ॥ ૨ ॥ એવી રીતે પવનવેગે પુછવાથી મનોવેગ કહેવા લાગ્યો કે, હે ભાઇ! હું જંબુ, ધાતકી, પુષ્કરાર્ધ, એ અઢીદ્વિપમાં દેશ દેશં પ્રતે ભમ્યો, અને ઘણુંક કૌતુકો જોયાં ॥ ૩ ॥

**વી. કાશ્મીર અને ગુજરાત, ગૌડ ચૌડ સોહામણાં;**
**વી. ભોટ આભીર સોભીર, કુંકણ કલિંગ કનોજ તણાં. વી૦ ॥ ૪ ॥**
**વી. મલબાર સોરઠ હાલાર, હીરંભજ મુલતાન જાણીએ;**
**વી. અંગ વંગ કુલ્યંગ તિલ્યંગ, મરૂધર દેશ વખાણીએ. વી૦ ॥૫॥**
**વી. વાગડ લાટ કર્ણાટ, કાનડ મેવાડ માળવો;**
**વી. વૈરાટ વચ્છ કચ્છ નામ, કજળ નેપાળ જાળવો ॥ વી૦ ॥ ૬ ॥**
**વી. કણવીર કાનન દેશ, કાબીલ બીલ્યંગ મેવાતમાં;**
**વી. ગંધાર વૈદર્ભનો ઠામ, બબર કામરૂ જાતિમાં ॥ વી૦ ॥ ૭ ॥**

હું, કાશ્મીર, ગુજરાત, ગૌડ, ચૌડ, ભોટ, આભીર, સોભીર, કોંકણ, કલિંગ, કનોજ, મલબાર, સોરઠ, હાલાર, હીરંભજ, મુલતાન, અંગ, વંગ, કુલ્યંગ, તૈલંગ, મારવાડ, વાગડ, લાટ, કર્ણાટક, કાનડા, મેવાડ, માળવા, વૈરાટ, કચ્છ, વચ્છ, કજ્જલ, નેપાળ, જાળવ, કણવીર, કાનન, કાબુલ, બીલ્યંગ, મેવાત, ગાંધાર, વૈદર્ભ, બબર, અને કામરૂ વિગેરે અનેક દેશોમાં ભમ્યો ॥ ૪ ॥ ૫ ॥ ૬ ॥ ૭ ॥

**વી. જોતાં જોતાં જગમાંહે, ફરતો દક્ષિણ દિશ આવીઓ;**
**વી. પાડલીપુર નગરમાંહે, દીઠે હરખ બહુ વ્યાપીઓ ॥ વી૦ ॥ ૮ ॥**

વી. બાર જોયણને વિસ્તાર, નયર પાડલીપુર જાણીએ;
વી. ચાર પોળ તુંગ પ્રાકાર, ગઢ મઢ કોરણી વખાણીએ ॥ વી૦ ॥૯॥
વી. ચોરાસી ચોવટાં બજાર, હાટની શ્રેણી સોહામણી;
વી. સાત ભૂમી મોહોલ આવાસ, ગોખ ઝરૂખે ચિતરામણી ॥વી૦૧૦

એવી રીતે ફરતાં ફરતાં હું દક્ષિણ દિશામાં પાટલીપુર નામના નગરમાં આવ્યો, અને ત્યાં મને ઘણો હરખ થયો ॥ ૮ ॥ તે પાટલીપુર નગર બાર જોજનનાં વિસ્તારનું છે, તથા તેના રસ્તા, પોળ, ઉંચો ગઢ, કીલ્લા વિગેરેની કોરણી (કોતર કામ) ઘણું વખાણવા લાયક છે ॥ ૯ ॥ તેમાં ચોરાસી ચોવટા છે, તથા દુકાનો બધી શ્રેણીબંધ છે, તેમ સઘળા મકાનો પણ સાત સાત માળનાં છે, અને તેના ગોખ ઝરૂખા વિગેરેમાં સુંદર ચિત્રો કહાડેલાં છે ॥ ૧૦ ॥

વી. માણિક મોતી વ્યાપાર, રતન પ્રવાલાની નહીં મણા;
વી. હીરા ઝવેર સુવર્ણ, વણિજ ચલાવે વણિક ઘણા ॥ વી૦ ॥ ૧૧ ॥
વી. બ્રાહ્મણ વરણ વિશેષ, વિદ્યા ભણાવે વિદ્યારથી;
વી. વેદીયા વેદ વિચાર, સાંભળે બેઠા સ્વારથી ॥ વી૦ ॥ ૧૨ ॥
વી. યજ્ઞ કરી માંડયા યાગ, મધ મદિરા દૂધ દહીં ઘણાં;
વી. જ્વલિત ખારેક ખાંડ, સરસવ ધૃત ટોપરાં તણાં ॥ વી૦ ॥ ૧૩ ॥

ત્યાં વણિક લોકો હીરા, મોતી, રત્ન, પ્રવાળા, સોનું તથા માણેક વિગેરે ઘણી વસ્તુઓનો મોટો બેપાર ચલાવે છે ॥ ૧૧ ॥ ત્યાં બ્રાહ્મણોની વસ્તી ઘણી છે અને તેઓ વિદ્યાર્થીઓને વેદ ભણાવે છે, અને કેટલાક સ્વાર્થી વેદીઆઓ, બેઠા બેઠા તે વેદો સાંભળે છે ॥ ૧૨ ॥ ત્યાં લોકો મધ, મદિરા, દુધ, દહી, જવ, તલ, ખારક, ખાંડ, સરસવ, ઘી, ટોપરાં વિગેરેનો યજ્ઞ કરે છે ॥ ૧૩ ॥

વી. જોગી તાપસ સંન્યાસ, તેહના મઠ રળિયામણાં;
વી. દેવલ દીસે અનેક, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર તણાં ॥ વી૦ ॥ ૧૪ ॥
વી. હનુમંત ગૌરી ગણપતિ, યક્ષ શેષનાગ ને નાગણી;
વી. ભવાની ખેતરપાળ, ચંડી ચામુંડી નરસિંહ ધણી ॥ વી૦ ॥૧૫॥

ત્યાં જોગી, તાપસ, સન્યાસી વિગેરેના ઘણા મઠો છે, વળી બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, હનુમાન, પાર્વતી, ગણેશ, યક્ષ, શેષનાગ, નાગણી, ભવાની, ક્ષેત્રપાળ, ચંડી, ચામુંડી, તથા નરસિંહ વિગેરેના રળિયામણાં દેવલો છે ॥ ૧૪ ॥ ૧૫ ॥

વી. ઠામ ઠામ દેવલ પોશાળ, ગીત નૃત્ય વાજિંત્ર ઘણાં;
વી. વાદી વિવિધ પ્રકાર, વેદ નિર્ઘોષ બોલે જણાં ॥ વી૦ ॥ ૧૬ ॥
વી. ભક્તિ કરે ભોળા લોક, ઘરઘર પુરાણની વારતા;
વી. જંગમ સાક્ષજ સૈવ, ભાટ ભોજક દિલ ઠારતા ॥ વી૦ ॥ ૧૭ ॥
વી. નગર વિલોકતાં વાર, લાગી કતુહલ જોવતાં;
વી. બોલ્યો પવનવેગ મન, કેમ ચાલ્યું મને મેલતાં ॥ વી૦ ॥ ૧૮ ॥

વળી ત્યાં ઠેકાણે ઠેકાણે દેવળ તથા ધર્મશાળાએ। છે અને ગીત, નાટક, વાજિંત્ર તથા વેદાંતિ બ્રાહ્મણો વિગેરે વેદનાં મોટેથી પોકાર કરે છે ॥ ૧૬ ॥ ત્યાંના ભોળા લોકો ઘરે ઘરે પુરાણુની વાતો, તથા પુરાણુના દેવોની ઘણી ભક્તિ કરે છે, અને ભાટ તથા ભોજક આદિકને જંગમ તિર્થરૂપ માનીને તેને બહુ ખુશી કરે છે ॥ ૧૭ ॥ એવી રીતે નગરનાં કૌતુકો જોવામાં આટલો વખત લાગ્યો, ત્યારે પવનવેગ કહેવા લાગ્યો કે, મને છોડીને જોતાં તને આનંદ કેમ થયો ॥ ૧૮ ॥

વી. મિત્રના લક્ષણુ એહ, સુખ દુઃખ ભેળાં તે ભોગવે;
વી. પ્રીત બંધાણી હોય જેહ, રૂડે પ્રકારે ભોગવે ॥ વી૦ ॥ ૧૯ ॥
વી. મિત્રાઇ સાચી તેહ, તેહીને સાથે સંચરે;
વી. નેમવિજય કહે એમ, ઢાલ ત્રીજી દિલ એમ ઠરે ॥ વી૦ ॥ ૨૦ ॥

મિત્રનાં લક્ષણુ તો એવાં હોય કે, સાથે રહીને સુખ દુખ ભોગવે તથા જે પ્રીત બંધાણી હોય, તેને સારી રીતે ભોગવે (નીભાવે) ॥૧૯॥ મિત્રાઈ તો તેનું નામ કહેવાય કે, જે સાથે રાખીને દેશોદેશ ફરે, એવી રીતે શ્રી નેમવિજયજી મહારાજે ત્રીજી ઢાળ કહી.૨૦

## દુહા.

પયને પાણીની પરે, પ્રીત રીત કહી એમ; સ્વારથ કીધો તુમ તણો, કૂડો દીસે પ્રેમ ॥ ૧ ॥ દુષ્ટ હૃદયના છો ઘણી, બોલો મીઠા બોલ; નિશ્ચે નિરવાહો નહીં, કોડીનો તુમ તોલ ॥ ૨ ॥ વિશ્વાસ ઘાતી હોય જે, કૃતઘ્ન કહીએ તેહ; ગુણુ અવગુણુ જાણે નહીં, દુરજનના ગુણુ એહ ॥ ૩ ॥

પ્રીત તો "દૂધ અને પાણીની" પેઠે રાખવી જોઇએ, અને તમે તો સ્વારથી છો, માટે તમારો સ્નેહ જુઠો દેખાય છે ॥ ૧ ॥ તમારૂં હૃદય દુષ્ટ છે, માત્ર મોઢેથીજ મીઠી મીઠી વાતો કરો છો, અને કોઇપણુ રીતે તે નિભાવો તેવા નિશ્ચયે કરી તમે છોજ નહીં, માટે તમે માત્ર એક કોડીની કીંમતના છો ॥ ૨ ॥ દુર્જન માણુસ હમેશાં વિશ્વાસ ઘાતી, કરેલા ઉપકારનો નાશ કરનાર, તથા ગુણુ અવગુણુને નહીં જાણુનારો હોય છે ॥ ૩ ॥

ભાઇ તુમે ખોટા સહી, (મુજ) મુકી જોયા દેશ; પાડલીપુર જોવા તણી, મુજને હોંસ વિશેષ ॥ ૪ ॥ દેખાડો નહીં જો તુમે, રૂસણા કરશું અમ; અમે જાસું ઘર આપણે, મુખ નવી જેસું તમ ॥ ૫ ॥ મનોવેગ બોલ્યો તીહાં, મિત્રજી મ કરો રોષ; જાસું આપણુ બે જણાં, જો છે તુમને શોષ ॥ ૬ ॥

માટે ભાઇ તમે તો મારા જુઠા મિત્ર છો, કારણુ કે તમોએ મને છોડીને દેશાવરો જોયા; મને તો પાટલીપુર નગર જોવાની ઘણીજ હોંસ હતી ॥ ૪ ॥ જો તમે મને તે દેખાડશો નહીં તો, અમે તમારી સાથે રીસ કરશું, અને હું તો મારે ઘેર જઇશ, અને આજથી તમારૂં મુખ પણુ જોઇશ નહીં ॥ ૫ ॥ મિત્રનાં આવાં વચનો

સાંભળીને મનોવેગ કહેવા લાગ્યો કે, હે મિત્ર તમે ક્રોધ કરો નહીં, જો તમોને તે જોવાની હોંસ છે, તો આપણે બન્ને જણ ત્યાં જઈશું ॥ ૬ ॥

પાડલીપુર તુમ દાખવું, હઈડે રાખો હામ; કશી ન કરશો
શોચના, કરશું સહી એ કામ ॥ ૭॥ પવનવેગ તે સાંભળી,
થયો મન્ન રળિયાત; બે જણ બેશી એકઠા, કરવા માંડી
વાત ॥ ૮ ॥ નિજઘર જઈ પરવારીને, ચાલો જઈએ તાંહિં;
શોભે છે શણગારથી, અદભુત તરૂ ઉપછાંહિં ॥ ૯ ॥

અને તમોને પાટલીપુર નગર દેખાડશું, મનમાં હિંમત રાખીને જરા પણ શોચના કરો નહીં; આપણે ખરેખર તે કામ પાર પાડીશું ॥ ૭ ॥ તે સાંભળીને પવનવેગ મનમાં ઘણો આનંદ પામ્યો, તથા તેઓ બન્ને જણ સાથે બેશી વાતો કરવા લાગ્યા ॥ ૮ ॥ હવે આપણે ઘેર જઇ, સઘળું કામ કાજ સમેટીને ત્યાં જઇએ; તે નગરની આસપાસ ઘણા સુંદર વૃક્ષો શોભી રહ્યાં છે ॥ ૯ ॥

પરઠણ કરીને ઉઠીઆ, આવવા નિજ આવાસ;
મનોવેગ લટપટ કરી, મિત્ર તેડીઓ તાસ ॥ ૧૦ ॥

એવી રીતે ઠરાવ કર્યા બાદ તેઓ પોતપોતાને સ્થાનકે આવવા માટે ઉઠ્યા, ત્યારે મનોવેગે લટપટ કરીને મિત્રને પોતાની સાથે લીધો ॥ ૧૦ ॥

## ઢાલ ચોથી.

તે તરિયારે ભાઈ તે તરિયા. એ દેશી.

ઉષ્ણ પાણિએ સ્નાન કરાવી, દેવપૂજા કીધી રંગેરે;
ચુઆ ચંદનનીં અર્ચા કીધી, અનોપમ વસ્ત્ર પહેર્યાં અંગેરે;
પ્રીતીની રીત જુઓ તુમે ભાઈ ॥ ૧ ॥ એ આંકણી ॥
ભોજન કરવા બે જણ બેઠા, ભેલા સાજન માંહેરે;
પીરસવા માંડી સુખડી સારી, અનોપમ અધિક ઉછાંહેરે ॥ પ્રી૦ ૨

ઘેર આવીને તેને ઉના પાણીએ સ્નાન કરાવ્યું, પછી દેવ પૂજા કરી, ચૂઆ ચંદન આદિકનું શરીર ઉપર લેપન કરી, ઉમદા વસ્ત્રોપેહેર્યાં. હે ભાઈઓ તમે પ્રીતિની રીત તો જુઓ ॥ ૧ ॥ પછી તે બન્ને મિત્રો સગાં વહાલાં સાથે જમવા બેઠા, અને ઉત્તમ પ્રકારની મિઠાઈ વિગેરે આનંદથી પીરસાઈ ॥ ૨ ॥

ઘેવર મોતીચૂર ને લાડુ, ખાજાં ખુરમાં ને પૂરીરે;
સાટાં ફીણી હેસમી મરકી, જલેબી મેસુબ ચૂરીરે ॥ પ્રી૦ ॥ ૩ ॥
સેવ સુંહાલી લાપસી તાજી, ખીર ખાંડ આંબાં કેળાંરે;
અખોડ દ્રાખ ને ખજુર ખારેક, સુગંધી શાકો ભેળાંરે ॥ પ્રી૦ ॥ ૪ ॥
કુરદાલી દધિ દૂધ ઉપર, ઘૃત જાની પરનાલરે;
સાલેવાં પાપડ તળીછે વડીઓ, જમી ઉઠ્યા તતકાળરે ॥ પ્રી૦ ॥ ૫ ॥

પાન સોપારી લવીંગ એલચી, મુખ તંબોલ દીધાં વારૂરે;
કપુર વાસ્યાં નીર મંગાવી, શૌચ થયા ચાલવા સારૂરે ॥ પ્રી૦ ॥ ૬ ॥

ઘેવર, મોતીઆ, ખાજાં, ખુરમો, પૂરી, સાટાં, સૂત્રફેણી, હેસમી, મરકી, જલેબી, મેસુબ, કચોરી, સેવ, સુંહાલી, લાપસી, ખીર, ખાંડ આંબાં, કેળાં, અખોડ, દ્રાખ, ખજુર, ખારેક, સુગંધિ શાક, ભાત, દાલ, દહી, દૂધ, ઘીની વાઢીઓથી રેડાતું ઘી, સાલેવડા, પાપડ, તળેલી વડી વિગેરે જમીને તેઓ ઉઠ્યા. બાદ, પાન, સોપારી, લવીંગ, એલચી તથા તંબોલ ચાવ્યાં, અને પછી પ્રયાણ વાસ્તે કપુરથી સુગંધિ કરેલાં પાણી પીને પવિત્ર થયા ॥ ૩ ॥ ૪ ॥ ૫ ॥ ૬ ॥

ચંદન કપુર કેશર ઘોલી, અંગ વિલેપન કીધરે;
કુસુમમાલા પેહેરી કોટે, મુહુરત વેલા લીધરે ॥ પ્રી૦ ॥ ૭ ॥
સાજ લેઇને સામગ્રી કીધી, વિમાનમાં બેસી તામરે;
આવ્યા તતક્ષણ પાડલી પરિસર, દીઠા મનોહર ઠામરે ॥ પ્રી૦ ॥૮॥

પછી ચંદન, કપુર, કેશર, વિગેરે ઘોળીને અંગે વિલેપન કર્યું, તથા કંઠમાં ફુલોની માળા પેહેરીને મૂહુરત જોવા ઉભા ॥ ૭ ॥ પછી સઘળો સામાન લઇ વિમાનમાં બેઠા અને અનુક્રમે પાટલીપુર નગરમાં આવ્યા, ત્યાં મનોહર સ્થાનકો તેઓએ જોયાં. ૮

ઉતરી હેઠા વિમાન માંહેથી, પેહેર્યાં વસ્ત્ર તે સારરે;
માથે મુકુટ કાને કુંડલ, કોટે મોતીનો હારરે ॥ પ્રી૦ ॥ ૯ ॥
બાંહે બાજુબંધ બેરખા બાંધ્યા, મુદ્રિકા કટી કંદોરારે;
પાયે મોજડી શોળ સણુગારે, વશીકરણ પાસે મોહોરારે ॥ પ્રી૦ ૧૦

પછી તેમણે વિમાનમાંથી ઉતરીને, ઉત્તમ પ્રકારના વસ્ત્રો પેહેર્યાં, તથા માથે મુકુટ, કાનમાં કુંડલ, કંઠમાં મોતીનો હાર, હાથે બેરખા, આંગલીએ વીંટી, કેડે કંદોરો, તથા પગમાં સુંદર મોજડીઓ પેહેરી. એવી રીતે શોલ શણુગાર કરીને, પાસે વશીકરણના યંત્રો (મોહોરા) પણ રાખ્યા ॥ ૯ ॥ ૧૦ ॥

એકને મસ્તક ખડનો ભારો, બીજાને મસ્તક કાઠીરે;
હાથ કોહાડો દાતરડાં લેઇ, બીજા હાથમાં લાઠીરે ॥ પ્રી૦ ॥ ૧૧ ॥
રૂપ કબાડીનો કરી આવ્યા, નગર પ્રવેશ તે કીધોરે;
રૂપ જોઇને અચંભો પામ્યા, લોકને આશિષ દીધોરે ॥ પ્રી૦ ॥ ૧૨ ॥
ભેરી વજાડી મોટે સાદે, ઘંટા નાદ સુણાયોરે;
પૂરવ દિશે વાદીની શાલા, જોવા અનેક લોક આયોરે ॥ પ્રી૦ ॥ ૧૩॥

પછી એક જણે માથા ઉપર ખડનો (ઘાસનો) ભારો લીધો, અને બીજાએ લાકડાનો ભારો લીધો, તથા એક હાથમાં કુહાડો અને દાતરડું લીધું, અને બીજા હાથમાં લાકડી પકડી લીધી ॥ ૧૧ ॥ એવી રીતે તેઓ કબાડીનો વેશ કરીને નગરમાં આવી લોકોને આશિષ દેવા લાગ્યા, તે જોઇ લોકો આશ્ચર્ય પામ્યા ॥ ૧૨ ॥ ત્યાં તેઓએ ભુંગળ, તથા ઘંટ વગાડવાથી, પૂર્વ દિશામાં રહેલી વાદીઓની શાળામાંથી અનેક લોકો જોવાને આવ્યા. ૧૩

સિંહાસન બેઠા બે ભાઈ, અચરિજ સહુને આવેરે;
ગુણ ગિરૂઆ બેહુ પુરૂષ અનોપમ, કિહાંથી આવ્યા કીહાં જાવેરે. પ્રી.૧૪
સારા નગરમાં શબ્દ સુણાયો, ભેર ઘંટાનો નાદરે;
દ્વિજ સઘળા સાંભળીને આવ્યા, કરવા વિદ્યાનો વાદરે ॥ પ્રી૦ ॥૧૫॥
વાદી કહે અમે વાદ કરીશું, જ્ઞાની કહે એસું વેદરે;
એહને પૂછશું જો તુમે જાણો, તો કહો માંહેલો ભેદરે ॥ પ્રી૦ ॥૧૬॥

ત્યાં તેઓને સિંહાસનપર બેઠેલા જોઇને, લોકોનાં મનમાં આશ્ચર્ય થયું કે, આવા અનોપમ બન્ને પુરૂષો કયાંથી આવ્યા હશે? અને કયાં જવાના હશે? ॥ ૧૪ ॥ એવી રીતે આખા નગરમાં ભેરી તથા ઘંટાના શબ્દ સંભળાવાથી સઘળા બ્રાહ્મણો વિદ્યાનો વાદ કરવાને આવ્યા ॥ ૧૫ ॥ વાદી લોકો કહેવા લાગ્યા કે, અમે તેની સાથે વાદ કરશું. તથા વેદાંતિકો કહેવા લાગ્યા કે, અમે તેમને કહીશું કે, જો તમે વેદના ઉંડા અર્થો જાણતા હો તો અમને કહો? ॥ ૧૬ ॥

જોતિષી જંપે જોષ અમારો, જોઇ કાઢો કોઈ દોષરે;
સવાલાખ જ્યોતિષનું માન છે, કેતોક કેશો જોષરે ॥ પ્રી૦ ॥ ૧૭ ॥
ભટ્ટ કહે અમે ભારત માંહેલો, ગહન અરથ પૂછી લેશુંરે;
કવિ બોલે અમે છંદની જાતિ, પૂછીને દેશોટો દેશુંરે ॥ પ્રી૦ ॥ ૧૮ ॥
વ્યાસ વદે અમે પૂરાણ વાલો, જાણું કેમ હવે જાશેરે;
કામી કહે અમે કામને જાણું, અમ આગળ પ્રગટ થાશેરે. ॥ પ્રી૦ ૧૯

જોષી લોકો કહેવા લાગ્યા કે, અમારા જોતિષમાં કંઇ દોષ હોય તો દેખાડે, વળી અમારૂં જોતિષ સવાલાખ શ્લોકનું છે, તેમાંથી તે કેટલુંક કહેશે? ॥ ૧૭ ॥ ભટ્ટ લોકો કહેવા લાગ્યા કે, અમે મહાભારતમાંથી અઘરા અર્થો પૂછશું, અને કવિ લોકો કહેવા લાગ્યા કે, અમે તો એમને છંદોનું લક્ષણ પૂછીનેજ દેશવટો દેઇશું ॥ ૧૮ ॥ વ્યાસ કહેવા લાગ્યા કે, અમે તો પુરાણની બધી વાતો જાણીએ છીએ, તો હવે અમારા આગળ તેઓ જીતીને કેમ જાશે? તથા કામશાસ્ત્રના જાણનારાઓ કહેવા લાગ્યા કે, અમારા આગળ તો તે હારીજ જાશે ॥ ૧૯ ॥

વૈદ કહે અમે નાડિની વિધિમાં, ભાંગશું એહનાં હોડરે;
વ્યાકરણી કહે વાદ તે અમસું, કેમ કરશે પડશે ખોડરે ॥ પ્રી૦ ॥૨૦॥
પાઠક પંડયા બોલ્યા તતખિણ, ઢીક પાટુનાં પ્રહારરે;
હુંહુંકાર કરંતા આવ્યા, અનુક્રમે સહુ તેણી વારરે ॥ પ્રી૦ ॥ ૨૧ ॥
ક્રોધ માન માયા લોભ ભરીયા, રાગ દ્વેષનાં ગેહરે;
પહેલા ખંડની ઢાળ ચોથીમાં, નેમવિજય કહે એહરે ॥ પ્રી૦ ॥ ૨૨ ॥

વૈદો કહેવા લાગ્યા કે, અમે એને નાડી પરિક્ષામાં હરાવશું, અને વૈયાકરણીઓ તો કહેવા લાગ્યા કે, અમારી સાથે વાદ કરતાં તો તેની ઘણીજ ભુલો નિકળશે ॥૨૦॥ એ વખતે સઘળા પાઠક પંડ્યાઓ બોલવા લાગ્યા કે અમે ધકા અને પાટુઓના

પ્રહાર કરશું, એમ હુંકારા કરતા ત્યાં આવી પહોંચ્યા ॥ ૨૧ ॥ એવી રીતે ક્રોધ, માન, માયા, લોભ તથા રાગ અને દ્વેષથી ભરેલા તેઓ સઘળા ત્યાં આવ્યા. એવી રીતે શ્રી નેમવિજય મહારાજે પહેલા ખંડની ચોથી ઢાળ કહી ॥ ૨૨ ॥

## દુહા.

તખત ઉપર બેઠા ચઢી, દીઠો સહુ પરિવાર; આલોચે મનમાં તિહાં, એ કુણ કહિએ કુમાર ॥ ૧ ॥ આભૂષણ અધિકે કરી, પહેર્યા શોળ સણગાર; ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર એ, અથવા દેવ કુમાર ॥ ૨ ॥ અન્યો અન્ય સાંસે પડ્યા, ભક્તિ કરે બહુ ભેવ; જગન્ય જગનાં હોમથી, આવ્યા સહી એ દેવ ॥ ૩ ॥

તે સઘળા લોકો આ બન્ને મિત્રોને સિંહાસનપર બેઠેલા જોઈને મનમાં વિચારવા લાગ્યા કે આ રાજકુમારો કોણ હશે? ॥૧॥ વળી આ બન્ને જણા આભુષણો વિગેરેથી સોળ શ્રણગાર કરીને બેઠા છે, માટે આ તે ઇંદ્ર, ચંદ્ર, નાગકુમાર, અથવા કોઇ દેવકુમાર છે! ॥ ૨ ॥ વળી એક બીજા તેની બહુ ભક્તિ કરવા લાગ્યા, અને સંદેહ કરવા લાગ્યા કે, ખરેખર, આપણા યજ્ઞ વિગેરેથી આ દેવતાઓ આવ્યાછે. ૩

પુણ્ય આપણાં પાધરાં, આવ્યા છે પરમેશ; તુષ્ટમાન થાશે સહી, ધર્યા અનોપમ વેશ ॥ ૪ ॥ કોઇ કહે એ છે સહી, નારાયણનું રૂપ; આપણ સહુને તારશે, પડયા છીએ ભવકૂપ ॥ ૫ ॥ કોઇ કહે માહાદેવજી, આવ્યા આપણી સેવ; હરહર મુખ જંપે સહુ, સહુથી અધિકો દેવ ॥ ૬ ॥

વળી વિચારવા લાગ્યા કે, ખરેખર, આપણાં પુણ્યો પાધરાં જાણવાં કારણ કે, અનોપમ વેશ લઇને ઇશ્વર પોતે સાક્ષાત આવેલા છે, અને તે ખરેખર આપણાં ઉપર તુષ્ટમાન થશે ॥ ૪ ॥ વળી કોઇ કહેવા લાગ્યા કે, ખરેખર એ નારાયણનુંજ રૂપ છે, અને આપણે સઘળા જે આ ભવરૂપી કુવામાં બુડ્યા છીએ, તેને તારશે ॥ ૫ ॥ વળી કોઇ એમ કહેવા લાગ્યા કે, આપણી સેવાથી આ માહાદેવ પોતેજ આવ્યા છે, અને આ ઉત્તમ દેવ છે, એમ કહી, હરહર મહાદેવના પોકાર કરવા લાગ્યા. ૬

કોઈ કહે બ્રહ્માજી તણો, અનુપમ રૂપ આકાર; બ્રહ્મલોકથી આવીયા, તારે સહુ નરનાર ॥ ૭ ॥ કોઈ કહે એ ઇંદ્ર છે, કો કહે સૂરજ ચંદ્ર; કો વાસી પાતાલનો, શેષનાગ નાગેંદ્ર ॥ ૮ ॥ દ્વિજ પડીયા સાંસે સહુ, પ્રણમે વારોવાર; ભાવ ભગતિ કરતાં ઘણી, કલનાં ન પડી લગાર ॥ ૯ ॥

વળી કોઈ કહેવા લાગ્યા કે, એતો બ્રહ્માનોજ આકાર છે, અને તે સહુ નરનારીને તારવાને બ્રહ્મલોકથી આવેલા છે ॥ ૭ ॥ વળી કોઇ તો કહે કે, એ ઇંદ્ર છે, સૂર્ય છે, અથવા તો પાતાલના રહેવાશી નાગેંદ્ર દેવતા છે ॥ ૮ ॥ એવી રીતે દરેક

બ્રાહ્મણો ઘણાં સંશયમાં પડી તેઓને વારંવાર નમસ્કાર કરવા લાગ્યા, અને એવી રીતે ભગતિ કરતાં પણ તેઓને તેની સમજ પડી નહીં ॥ ૯ ॥

વિપ્ર એક બોલ્યો તિહાં, સઘળા દીસો મૂઢ; પ્રણુતિ કરો છો તમે ઘણી, ગુણ નવી જાણો ગૂઢ ॥ ૧૦ ॥ વિષ્ણુ રૂપ જગ એ નહીં, શંખ ચક્ર નવી પાસ; ઈશ્વરનું રૂપ કેમ કહો, ત્રિશુલ ત્રિલોચન તાસ ॥ ૧૧ ॥ ચાર વેદ બ્રહ્મા મુખે, અજ્ઞાની તુમે લોક; સુભ શણગારો દેખીયા, કાષ્ટ ઉપાડે થોક ॥ ૧૨ ॥

વળી એટલામાં એક બ્રાહ્મણ બોલી ઉઠયો કે, તમે સઘળા મૂઢ છો, કંઇ પણ ગુણ જાણ્યા વિના ખાલી તેઓને નમસ્કાર કરો છો ॥ ૧૦ ॥ એ વિષ્ણુનું રૂપજ ન હોય, કારણ કે એમની પાસે શંખ કે ચક્ર કશુંએ નથી. તેમ વળી મહાદેવ પણ કયાંથી હોય, કારણ કે મહાદેવને તો ત્રિશુલ તેમ ત્રણ આંખો હોય ॥ ૧૧ ॥ વળી આ બ્રહ્મા પણ હોય નહીં, કારણ કે બ્રહ્માને તો ચાર વેદો મોઢે હોય છે, વળી તેમને આભુષણ યુક્ત જોઇ તમોએ શંકા કરી માટે તમે સઘળા અજ્ઞાની છો, એ તો લાકડાંનો ભારો ઉપાડવા વાળા છે ॥ ૧૨ ॥

## ઢાલ પાંચમી.

આ ચિત્રસાલી આ સુખ સજ્યારે, જો મન માને તો કરો લજ્જારે. એ દેશી.

અકલ સરૂપી દીસે છે એહરે, કરીને વિચાર પૂછશું તેહરે;
સાચ જૂઠનું પારખું કીજેરે, નહીંતર એઓને દેશોટો દીજેરે ॥ ૧ ॥
બ્રાહ્મણ સઘળા બોલ્યા વાણીરે, કવણ નગરીથી આવ્યા જાણીરે;
કવણ જાતિનાં છો તુમે ભાઇરે, કિણ કારણ આવ્યા રૂપ બનાઈરે ॥૨॥
કવણ ધરમ કરો છો સારરે, કવણ શાસ્ત્ર ભણ્યા ગુણ ધારરે;
વાદ કરો અમસું નિરધારરે, તો અમ ઉપજે હરખ અપારરે ॥ ૩ ॥

આ કોઇ અકલ સ્વરૂપી છે, માટે એમને પૂછીને પરીક્ષા કરશું, અને જો અજ્ઞાની જણાશે તો તેઓને દેશવટ્ટો આપીશું ॥ ૧ ॥ પછી સઘળા બ્રાહ્મણો તેઓને પુછવા લાગ્યા કે, હે ભાઇઓ! તમો કયા નગરથી, અને શા વાસ્તે અહીં આવ્યા છો, તથા તમારી જાતિ શું છે? ॥ ૨ ॥ તમારો ધર્મ કયો છે, તમે કયું શાસ્ત્ર ભણ્યા છો, અને જો તમે અમારાથી વાદ કરશો, તો અમને અત્યંત આનંદ થશે. ૩

મનોવેગ કહે સાંભળો વિપ્રરે, અમે છીએ કબાડી ક્ષીપ્રરે;
વાદ કહો કેમ કીજે તુમસુંરે, તમે સહુ આવ્યા મળીને અમસુંરે ॥૪॥
ન્યાય પુરાણની નવી જાણું વાતોરે, ધરમાધરમની ન બુઝું તાંતોરે;
રાનમાંહે રોઝડા જેમ જીવરે, તે સરિખા અમે છું સદૈવરે ॥ ૫ ॥
દ્વિજવર તવ કોપાનલ થાએરે, જો નવી જાણો તુમે બેહુ કાંએરે;
તો ઘંટાનો કેમ કીધો નાદરે, ભેરી વજાડી પાડયો તુમે સાદરે ॥ ૬ ॥

ત્યારે મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો અમે તો નીચ કબાડી છીએ; તમે સઘળો મળીને આવ્યા છો, તો અમે તે તમારી સાથે વાદ કેમ કરી શકીએ ॥ ૪ ॥ ન્યાય પુરાણની, તેમ ધર્મ અધર્મની વાતો કંઇ અમો જાણતા નથી, માત્ર વનના રોઝની માફક અજ્ઞાન થઇ અમે ફરીએ છીએ ॥ ૫ ॥ એવાં તેઓનાં વચન સાંભળી બ્રાહ્મણો ક્રોધાતુર થઇ કહેવા લાગ્યા કે, જ્યારે તમે કશું જાણતા નથી; ત્યારે ભેરી તથા ઘંટ વગાડી તમોએ અમને શા માટે બોલાવ્યા ॥ ૬ ॥

ગર્વ ઘણો આણી મનમાંહીરે, ઉંચા ચઢી બેઠા છો ઉચ્છાંહીરે;
અતિ ઘણો કીધો તુમે અન્યાયરે, નરમ થઈ બોલો હવે ન્યાયરે ॥ ૭ ॥
મનોવેગ કહે અમે એમરે, નાદ કીયો તે કૌતુક જેમરે;
તે માટે તમે સહુ મલી આવ્યારે, તુમને અમે બે દિલમાં નાવ્યારે. ૮
જો ન ગમે સિંહાસનપર બેઠારે, તો અમે ઉતરી બેસું હેઠારે;
રીસ ન કરો અમને તુમે દેવરે, જ્યાંથી આવ્યા જાશું તતખેવરે ॥ ૯ ॥

તમે મનમાં ઘણો અહંકાર લાવીને જે ઉંચે ચડી બેઠા છો, તે તમોએ બહુ અન્યાય કર્યો છે, માટે હવે નરમ થઇને ન્યાયની વાતો બોલો ॥ ૭ ॥ ત્યારે મનોવેગ કહેવા લાગ્યો કે, અમે તો એક રમુજની ખાતર નાદ કર્યો છે, અને તે સાંભળી તમો બધા અહીં આવ્યા, અને અમારા પર ગુસ્સો કરવા લાગ્યા ॥ ૮ ॥ જો તમોને પાલવતું ન હોય, તો અમે સિંહાસનપરથી ઉતરી નીચે બેસશું; અને જ્યાંથી આવ્યા છીએ, ત્યાં પાછા જઇશું. તેમાં તમે ગુસ્સો શા માટે કરો છો? ॥ ૯ ॥

રાજી થઇને વિપ્ર કહે ભાઈરે, રૂપ દેખીને કહીયે ચિત્ત લાઈરે;
વસ્ત્ર આભૂષણે દીસો તાજારે, મીઠા બોલા મોટી માજારે ॥ ૧૦ ॥
નીચ કામ કાં કરો કુમારરે, ખડ ઇંધણનાં આણો ભારરે;
સાચ કહો જૂઠું મત બોલરે, જેહવા રૂપે છો તેહવો તોલરે ॥ ૧૧ ॥
નાતિ જાતિનો કુલ મત લોપોરે, સાચું કહેતાં રખે તુમે કોપોરે;
મનોવેગ કહે તુમે છો મોટારે, ન્યાય પુરાણમાં અમે છું ખોટારે. ૧૨

ત્યારે બ્રાહ્મણો જરા શાંત થઇ કહેવા લાગ્યા કે, તમોને આ વસ્ત્ર આભુષણોથી શણગારેલા તથા સ્વરૂપવંત જોઇને પુછીએ છીએ. તમે તો મીઠા બોલા અને શાંત દેખાઓ છો ॥ ૧૦ ॥ વળી હે કુમારો તમે આ કાષ્ટ તથા ખડ ઉપાડવાનું નીચ કામ શા માટે કરો છો? માટે તમે જુઠું નહીં બોલતાં સાથે સાચું કહી દો? કારણ કે, જેવા તમે રૂપવંત છો, તેવાજ ઉત્તમ દેખાઓ છો ॥ ૧૧ ॥ અમે તમોને સાચું કહીએ છીએ, માટે એમાં તમારે ગુસ્સો કરવો નહીં; વળી તમારી નાત જાત પણ ગુપ્ત રાખો નહીં. ત્યારે મનોવેગ કહેવા લાગ્યો કે, તમો તો મોટા છો, અમોને તો ન્યાય પુરાણનું અલ્પ જ્ઞાન છે ॥ ૧૨ ॥

નીચ તણાં આદર્યાં અમે કામરે, કેમ પુરાય વિવાદે હામરે;
બહુ બલવંતા સંગાતે વાદરે, કીજે તો વધે વિખવાદરે ॥ ૧૩ ॥

અમે એકાકી પરદેશી લોકરે, જે બોલું તે સર્વે થાએ ફોકરે;
સગાં સાજન નહીં ઇહિાં કોયરે, તો અમારો સાખી કોણ હોયરે. ૧૪
બ્રાહ્મણ સહુ બોલ્યા તેણિ વારરે, તુમે બેહુ ભાઈ દેવ કુમારરે;
સાચી વાત કહેજો નિરધારરે, કયાં પુરાણ સાચાં સિરદારરે ॥ ૧૫ ॥

અમે તો આ નીચ કામ કરનાર છીએ, માટે વાદ કરવામાં અમારી તો હિંમતજ કેમ ચાલે? વળી બળવાન સાથે વિવાદ કરવાથી વિખવાદ પણ વધી પડે ॥ ૧૩ ॥ વળી અમે અહીં એકાકી અને પરદેશી, તેથી જે કંઇ બોલીએ, તે સઘળું વ્યર્થ જાય, વળી અહીંઆં અમારાં કોઇ સગાં વહાલાં પણ નહીં, માટે અમારી સાખ પણ કોણ પુરે? ॥ ૧૪ ॥ ત્યારે સઘળા બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તમે તો બન્ને કોઇ દેવકુમાર લાગો છો, માટે સાચી વાત કરજો કે, કયાં પુરાણો સર્વથી ઉત્તમ છે? ૧૫

ન્યાય નિતિ સાચી કહો વાલરે, અસત્ય ભાંખ્યાથી હોશે ઘાતરે;
મનોવેગ કહે સાંભળો વાચરે, ઘાત હોએ બોલતાં સાચરે ॥ ૧૬ ॥
સોળ મૂઠીઓ નર કહ્યો એકરે, સાચ બોલ્યાથી પામ્યો ઠેકરે;
ગરદન ઉપર સોળ મુઠ ખાધીરે, તે નર નીત રહ્યો તીહાં બાંધીરે. ૧૭
દ્વિજ સઘલા તવ કહે કર જોડરે, અમને સાંભળવાનો છે કોડરે;
સોળ મૂઠીયા નર તણી વાતોરે, સાચ બોલ્યાથી કેમ પામ્યો ઘાતોરે.૧૮

માટે ન્યાય અને નિતિની વાત કરજો, જો અસત્ય બોલશો તો તમારૂં મૃત્યુ થશે. એવું સાંભળી મનોવેગ કહેવા લાગ્યો કે, ભાઇઓ! સાચું બોલવાથીજ મૃત્યું થાય છે. ॥ ૧૬ ॥ એક સોળ મૂઠીઓ નામે માણસ હતો, તેને સાચું બોલવાથી ગરદન ઉપર સોળ મૂઠીનો માર પડ્યો, તેમજ તેને બંધિખાને રહેવું પડયું ॥ ૧૭ ॥ એવું સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તે સોળ મૂઠીઆ માણસે સાચું બોલવાથી કેમ માર ખાધો તે અમોને સાંભળવાની ઘણી ઇચ્છા છે માટે સંભળાવો ॥ ૧૮ ॥

મનોવેગ બોલ્યો ગુણવંતરે, મલબાર દેશ દેશોમાં સંતરે;
મંગલપુર નામે છે ગામરે, વૃક્ષ વાડીએ કરી અભિરામરે ॥ ૧૯ ॥
અગર તગર ઉંચા છે તાલરે, શ્રીફલ ફોફલ ફણસ તમાલરે;
મરી લવીંગ સહકારનાં ઠામરે, ધનવંત લોક વસે તેણે ગામરે ॥૨૦॥
ભમર નામે કુણબી છે એકરે, રૂપણી નામે નાર સુવિવેકરે;
પેહેલા ખંડનો પાંચમી ઢાલરે, નેમવિજય કહે થઇ ઉજમાલરે ॥૨૧॥

ત્યારે મનોવેગ કહેવા લાગ્યો કે, હે ગુણવંતો, એક મલબાર નામે ઉત્તમ દેશ છે, ત્યાં વૃક્ષ અને વાડીઓએ કરી શોભાયમાન મંગલપુર નામે નગર છે ॥ ૧૯ ॥ ત્યાં અગર, તગર, તાલ, શ્રીફૂલ, ફણસ સોપારી, તમાલ, મરી, લવીંગ તથા આંબાનાં વૃક્ષો ઠેકાણે ઠેકાણે છે, તથા ત્યાંનાં લોકો પણ ઘણા ધનવંત છે ॥ ૨૦ ॥ ત્યાં ભમર નામે એક કણબી રહે છે, તેને રૂપણી નામે સ્ત્રી છે, એવી રીતે પેહેલા ખંડની પાંચમી ઢાળ શ્રી નેમવિજય મહારાજે આનંદ સહિત કહી ॥ ૨૧ ॥

## દુહા.

મધુકર નામે પુત્ર છે, ક્રોધી મૂરખ રિસાલ; નિજ ઘરનું ધન ખોઇને, વિણસ્યો ખેતિ માલ ॥ ૧ ॥ એક દીન બાપે પુત્રને, મોટી કીધી રીસ; કોપ ચઢાવી ચાલીયો, ગયો ગામ દશ વીશ ॥ ૨ ॥ આહીર દેશમાં આવીયો, પિંપલ નામે ગામ; ધાન ખેત્રનાં આણીને, (ખલાં) કીધાં ઠામોઠામ ॥૩॥

તેને મધુકર નામનો પુત્ર છે, પણ, તે ક્રોધી, મુરખ, અને રિસાલ છે, તેણે પોતાનું સઘળું ધન પણ ગુમાવીને ખેતિ આદિકના માલનો પણ નાશ કર્યો ॥ ૧ ॥ એક દીવસે તેના બાપે તેના ઉપર ઘણી રીસ કરીને તેને ઠપકો આપ્યો, તેથી તે ત્યાંથી ગુસ્સે થઇને ગામો ગામ રખડતો ચાલવા લાગ્યો ॥ ૨ ॥ એવી રીતે ચાલતાં ચાલતાં આહીર નામના દેશમાં પિંગલ નામે ગામમાં આવી પહોંચ્યો. તે ગામમાં લોકોએ ખેતરોમાંથી જુદાં જુદાં પ્રકારનાં ધાન્યો લાવીને ખલાં કીધેલાં હતાં ॥૩॥

મધુકર કહે લોકો ભણી, (આ) ધાન તણાં અંબાર; ઘઉં ચણા ચોળા ઘણા, મગ મઠનો નહીં પાર ॥ ૪ ॥ દેશ તુમારામાં સહી, નિપન્યાં એહવાં ધાન; દેશ અમારે એહવાં, નિપજે ફોફલ પાન ॥ ૫ ॥ મરી લવીંગ ને એલચી, શ્રીફલ કેળાં દ્રાખ; અનેક વસ્તુ ઉપજે, આંબા કેરી શાખ ॥ ૬ ॥

ત્યાં જઈ મધુકર લોકોને કહેવા લાગ્યો કે, હે લોકો તમારા દેશમાં જેમ ઘઉ, ચણા, ચોળા, મગ તથા મઠ વિગેરે ધાન્યો પાકે છે, તેમ અમારા દેશમાં સોપારી, પાન, મરી, લવીંગ, એલચી, શ્રીફલ, કેળાં, દ્રાખ, આંબા વિગેરે અનેક ચીજો જથાબંધ પાકે છે. ॥ ૪ ॥ ૫ ॥ ૬ ॥

વાત મધુકરની સુણી, અચરિજ પામ્યા લોક; એક કહે નવી માનીએ, જે બોલે તે ફોક ॥૭॥ પટેલ તલાટી એમ કહે, એહને કીજે કેમ, ઠાકોર તેડી પૂછીએ, કરશું કહેશે જેમ ॥ ૮ ॥

એવી રીતની મધુકરની વાત સાંભળીને લોકો આશ્ચર્ય પામીને કહેવા લાગ્યા કે, અમે તારી વાત બીલકુલ માનીએ નહીં, તું તો જે બોલે છે તે જુઠું છે ॥ ૭ ॥ ત્યાર પછી પટેલ તલાટી વિગેરે વિચારવા લાગ્યા કે, આ જુઠા બોલા માણસને સજા કરવા વાસ્તે ઠાકોરની સલાહ લઇ તે કહે તેમ સજા કરવી ॥ ૮ ॥

કોપ કરી ઠાકોર કહે, ખોડે ઘાલો એહ; છેદો નાક પટેલ કે', તલાટી બોલે તેહ ॥ ૯ ॥ હાથ પાય છેદો પરા, જૂઠા બોલો લોક; તેહ રાખવો નવિ ઘટે, કલંક મૂકે ફોક ॥ ૧૦ ॥

પછી ઠાકોરે (ગામના રાજાએ) ક્રોધ કરીને હુકમ ફરમાવ્યો કે, એને હેડમાં ઘાલો; વળી પટેલ કહે કે, તેનું નાક કાપો, અને તલાટી કહે કે એના હાથ પગ કાપી નાખો, એ માણસ જુઠા બોલો છે, એને રાખવો યોગ્ય નથી; એવી રીતે લોકો તેનાપર જુઠું કલંક દેવા લાગ્યા ॥ ૯ ॥ ૧૦ ॥

## ઢાળ છઠી.

રામ સીતાને ધીજ કરાવે રે, ગણુસે હાથ આઇ ખણાવે રે.—એ દેશી.

દેવો શેઠ બોલ્યા દયાવંતરે, સ્વામી એહ દીસે છે સંતરે;
ચીભડાં ચોરને બૂસટ દીજેરે, એવડો એ કામ કેમ કીજેરે ॥ ૧ ॥
આઠ ઢીંક ગરદન માંહીરે, દીજે વાત કહી સત તાંહીરે;
રાજા આદિ વાત સહુ માનીરે, દીધી આઠ ઢીંક તેહને છાનીરે ॥ ૨ ॥

ત્યાર પછી, દયાવંત એવા દેવો શેઠ બોલ્યા કે, હે સ્વામિ એતો કોઇ ભોળો માણુસ દેખાય છે, ચીભડાના ચોરને તો કંઇ હલકી સજા કરવી જોઇએ, એમ એના ઉપર વધારે ગુસ્સે થવું જોઇએ નહીં ॥ ૧ ॥ એને ગરદન ઉપર આઠ મુક્કીઓ મારવી. એવી રીતનું દેવા શેઠનું વચન રાજાએ માન્ય કરીને તેને ગુપ્ત રીતે આઠ મુક્કીઓ મરાવી ॥ ૨ ॥

મધુકર ચિંતવે મનમાંહીરે, સાચ બોલ્યે ખાધો માર આંહીરે;
જીવતો નિજ પૂર જો જાઉંરે, તો એહવો માર નવી ખાઉંરે ॥ ૩ ॥
એમ ચિંતવી ચાલ્યો તેણી વારરે, વેગે આયો દેશ મલબારરે;
લવીંગ એલચી મરી દેખીરે, લોકો પ્રતે કહે તવ ચેખીરે ॥ ૪ ॥

એવી રીતે સજા થયા પછી મધુકર મનમાં વિચારવા લાગ્યો કે, આવી રીતે સાચું બોલ્યાથી તો ઉલટો માર જડ્યો; માટે હવે જો મારે નગરે જીવતો જાઉં, તો આવો માર કોઇ દિવસ ખાઉં નહીં ॥ ૩ ॥ એમ વિચારિને તુરત તે પોતાના મલબાર દેશમાં આવ્યો, ત્યાં વળી તે ભોળો માણુસ લવીંગ, એલચી, મરી વિગેરે જોઇને લોકોને કહેવા લાગ્યો કે, ॥ ૪ ॥

સાંભળો તુમે મલબારી લોકરે, વયણ માહરૂં મત જાણો ફોકરે;
એક આહીર દેશ છે એહવોરે, મેં જઇ જોયો તે કહેવોરે ॥ ૫ ॥
ઘઉં સાલી ચણાની રાશરે, મગ મઠ ચોળા જવ તે ખાસરે;
એલચી ને લવીંગ સોપારીરે, શું કરીએ જુઓ ચિત્ત ધારીરે ॥ ૬ ॥

હે મલબારી લોકો, હું તમને એક સાચી વાત કહું છું, તે તમે જુઠી ધારશો નહીં. મેં અત્રેથી આહીર દેશમાં જઇ, ત્યાં ઘઉં, ચોખા, ચણા, મગ, મઠ, જવ વિગેરેના ઢગલા જોયા છે. તે તો બહુ ઉપયોગી છે, આપણા દેશમાં જે એલચી, લવીંગ, સોપારી વિગેરે થાય છે, તે તે શું કામનાં છે? ॥ ૫ ॥ ૬ ॥

મલબારી લોકો સુણી કોપ્યારે, મધુકરનાં વયણ તે લોપ્યાંરે;
પૂરવ રીતિ તેણે કીધીરે, આઠ મૂઠીની માર તે દીધીરે ॥ ૭ ॥
ખોટા બોલો નર છે એહરે, અલ્પો અન્ય કહે સહુ તેહરે;
લોક આગે કહી સત્ય વાતરે, સોળ મૂઠીની ખાધી ઘાતરે ॥ ૮ ॥
મલબારી લોકે તેણે ઠામરે, સોલ મૂઠીઓ ધરાવ્યું નામરે;
મનોવેગ કહે વિપ્ર આગેરે, સાચ બોલ્યે વયર તે જાગેરે ॥ ૯ ॥

તે સાંભળી મલબારી લોકોએ ગુસ્સે થઇને તેની વાત માની નહીં, અને આગળની માફક અહીંઆં પણ તેને આઠ મૂઠીઓનો માર મળ્યો ॥ ૭ ॥ વળી લોકો પણ માંહોમાંહે વાતો કરવા લાગ્યા કે, આ માણસ ખોટા બોલો છે, એવી રીતે લોકો આગળ સાચી વાત કહેવાથી બે વાર મળી તેને સોળ મૂઠીઓનો માર મળ્યો ॥૮॥ અને તે કારણથી મલબારી લોકોએ તેનું સોળ મૂઠીઓ નામ ઠરાવ્યું. માટે મનોવેગ કહેવા લાગ્યો કે, હે વિપ્રો, એવી રીતે સાચું બોલ્યાથી વયર બંધાય છે ॥ ૯ ॥

**નિજ નિજ દેશ તણી જે વાચરે, અવર દેશ ન માને સાચરે;**
**આપણા મત આગળ જે વાતરે, ન ગમે કોઇક થાય ઉત્પાતરે. ૧૦**
**તેમ તુમ આગે કહીએ વાતરે, તે ઉથાપો સાચી હોય ખ્યાતરે;**
**એમ કરતાં ઉપજે વિરોધરે, અતિ વાધે મનમાંહી ક્રોધરે ॥ ૧૧ ॥**
**વિપ્ર બોલ્યા સાંભળી વાણીરે, ઉપજે નહીં દુખની ખાણીરે;**
**એવો અજ્ઞાની નથી આંહિ કોઈરે, કહેસે વાત તુમારી જોઈરે ॥ ૧૨ ॥**

પોત પોતાના દેશની જે વાણી છે, તે બીજા દેશના લોકો માનતા નથી, વળી આપણી મતિમાં જે વાત આવે છે, તેથી ઉલટી વાત ગમતી નથી અને ઉત્પાત થાય છે ॥૧૦॥ તેવી રીતે તમારી આગળ સાચી વાત કરવાથી તમો તે માનો નહીં, અને તેથી વિરોધ ઉપજીને મનમાં ઘણો ક્રોધ ઉત્પન્ન થાય ॥ ૧૧ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તમારી વાતથી અમને દુઃખ ઉપજસે નહીં, વળી આંહિં કોઇ એવે. અજ્ઞાની–મુરખ નથી કે તમારી વાતની તુલ્યના કરયા વિના કાંઇપણ કહે ॥૧૨॥

**મનોવેગ કહે તુમે વાદીરે, વાદ કરવાને ઉન્માદીરે;**
**શંકા અમ મનમાંહે એહવીરે, માનો નહીં સહી તેહવીરે ॥ ૧૩ ॥**
**વિપ્ર સાંભળીને તવ જંપેરે, સાચ કહ્યાથી કુણ કંપેરે;**
**સાચ તણો જે કહ્યો સૂઢરે, અમમાં નહીં કોઈ મૂઢરે ॥ ૧૪ ॥**
**મનોવેગ અછો તુમે જાણરે, વાત કહો સાચી પરમાણરે;**
**કહેજો કોઇ વાત વિચારીરે, કોઈ ન કરે મારી તારીરે ॥ ૧૫ ॥**

ત્યારે મનોવેગે કહ્યું કે, તમે સઘળા વાદી છો, અને વાદ કરવાને ઉદ્ધતાઈથી તત્પર થયા છો, અને અમારા મનની શંકા તમે માનો નહીં તેવી છે ॥ ૧૩ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, સાચું કહેવાથી કોને દુઃખ થશે? તમે સાચી વાત કહેશો તો બધા સમજી શકશે; અમારામાં કંઈ કોઇ મુઢ નથી ॥ ૧૪ ॥ હે મનોવેગ તમે જાણકાર છો, માટે સાચી વાત કરજો; જે કોઇ માણસ વિચારીને બોલે તો તેમાં કોઇ મારી તારી કરતું નથી ॥ ૧૫ ॥

**મનોવેગ કહે સહુ સાથરે, તુમે સાંભળો વિદ્યાના આથરે;**
**મૂઢ ઉપર કથા કહું જેહરે, જૂઠ બોલ્યા ઉપર તેહરે ॥ ૧૬ ॥**
**કહેશું કથા લે તો રૂડીરે, મત જાણો તુમે કોઈ કુડીરે;**
**કંઠાપુર ચોહવું એક છાજેરે, નગર અવરમાંહી વિરાજેરે ॥ ૧૭ ॥**

પ્રજાપાલ નામે તિહાં રાજારે, તેહની છે મોટી માજારે;
બ્રાહ્મણ વરણના વાસરે, વેદ ભણાવે અતિ ખાસરે ॥ ૧૮ ॥

પછી મનોવેગ સઘળા લોકોને કહેવા લાગ્યા કે, હે વિદ્યાના ભંડારો તમે સાંભળો; હું તમોને મૂઢ ઉપર તથા જુઠું બોલવા ઉપર એક કથા કહું છું ॥ ૧૬ ॥ તે કથા હું તમોને ખરેખરી કહું છું, તે તમારે જરા પણ જુઠી જાણવી નહીં; કંઠાપુર કરીને એક સઘળા નગરોમાં શિરોમણી સમાન નગર છે ॥ ૧૭ ॥ ત્યાં પ્રજાપાળ નામે અખંડિત આજ્ઞાવાળો રાજા રાજ કરે છે, ત્યાં કેટલાક ઉત્તમ વર્ણના બ્રાહ્મણો વસે છે, તે લોકોને સારી રીતે વેદ ભણાવે છે ॥ ૧૮ ॥

ભૂતમતિ નામે છે એકરે, વિદ્યાવંત વિનય વિવેકરે;
વરસ પંચાસ થયાં વારૂરે, નિરધનમાં સિરદારૂરે ॥ ૧૯ ॥
સમસ્ત મળીને પરણાવ્યોરે, જગનદત્તા નારીને લાવ્યોરે;
પેહેલા ખંડની ઢાલ તે છઠ્ઠીરે; નેમવિજયે ભાંખી તે મીઠીરે ॥ ૨૦ ॥

તે બ્રાહ્મણોમાં ભુતમતિ નામે એક વિદ્વાન, વિનયી તથા વિવેકી બ્રાહ્મણ છે, તેની ઉમર પચાસ વર્ષની છે, પણ તે મહા દરિદ્રી (ધન વિનાનો) છે ॥ ૧૯ ॥ તથાપી સઘળા લોકોએ એકઠા થઇ તેને જગનદત્તા નામે સ્ત્રી સાથે પરણાવ્યો; એવી રીતે નેમવિજયજીએ પેહેલા ખંડની ઉત્તમ એવી છઠ્ઠી ઢાળ કહી ॥ ૨૦ ॥

## દુહા.

ઘર આપ્યું સઘળે મળી, મંડાવી નિશાળ; બ્રાહ્મણ પુત્ર ભણે ઘણા, જમણ દીયે કુરદાળ ॥ ૧ ॥ ભૂતમતિ બ્રાહ્મણ ભલો, જગન જાગ કરે હોમ; નગરલોક માને ઘણું, રાખે મનમાં જોમ ॥ ૨ ॥ જગનદત્તા નારી ભણી, ક્રીડા ઉપર ભાવ; ગરઢો મોહ્યો છે ઘણો, ખેલે અવસર દાવ ॥ ૩ ॥

વળી સઘળાઓએ એકઠા થઇ તેને રહેવાને ઘર આપ્યું, તથા એક નિશાળ પણ મંડાવી આપી. ત્યાં કેટલાક બ્રાહ્મણોના છોકરાઓ ભણવા લાગ્યા; તેઓ તેને દાળ ભાત જમાડતા હતા ॥ ૧ ॥ તે ઉત્તમ ભુતમતિ બ્રાહ્મણ ઘણા જગનજાગ કરતો, અને તેથી નગરના લોકો તેને ઘણું માન આપતા, અને તે પણ મનમાં ઘણું જોર રાખતો હતો ॥ ૨ ॥ તે ઘરડો ભુતમતિ મોહને લીધે પોતાની જગનદત્તા નારી સાથે વખતો વખત કામ વિલાસ સુખ ભોગવવા લાગ્યો ॥ ૩ ॥

રાત દિવસ સુખ ભોગવે, વિદ્યાનો અભ્યાસ; દેશી પરદેશી ઘણા, માને વેદજ વ્યાસ ॥ ૪ ॥ આવ્યો એક વિદ્યારથી, દેવદત્ત છે નામ; ભૂતમતિને વાંદીને, બેઠો જઈ એક ઠામ ॥ ૫ ॥ ભૂતમતિએ પૂછીયું, તુમ આવ્યા કુણ કાજ; રૂપ સોભાગે આગલા, કહો અમને મહારાજ ॥ ૬ ॥

તે રાત દિવસ વિદ્યાનો અભ્યાસ કરી સુખ વિલાસ ભોગવતો હતો, વળી તેને કેટલાક દેશી, પરદેશી, વૈદ, વ્યાસ વિગેરે ઘણું માન આપતા હતા ॥ ૪ ॥ એટલામાં એક દેવદત્ત નામે વિદ્યાર્થી ત્યાં આવી ચડ્યો, અને ભુતમતિને નમસ્કાર કરી એક જગોએ બેઠો ॥ ૫ ॥ ત્યારે ભુતમતિએ તેને પૂછયું કે, તમો અહીં શા માટે પધાર્યા છો? તમો મહા સ્વરૂપવાન તથા સૌભાગ્યવંતા લાગો છો, માટે હે મહારાજ! આપની સઘળી બીના અમોને કહો? ॥ ૬ ॥

**દેવદત્ત તવ વિનવે, બે કર જોડી તામ; અમ આવ્યા ભણુવા ભણી, તુમ પાસે સુણુ સ્વામ ॥૭॥ ભૂતમતિયે રાખીયો, માંડ્યો શાસ્ત્ર અભ્યાસ; વેદ ભણાવે નિરમલા, રાત દિવસ તે પાસ ॥ ૮ ॥ જગનદત્તા નારી થકી, કરતાં બ્હોલી હાસ; જોડ મલી બિહુ સારખી, હસતાં હાસ્ય વિલાસ ॥ ૯ ॥ ઇમિ અનુદિન તે બેહુને, બાઝયો બોહોલો નેહ; કાંતિ કલા વાધિ ઘણી, રૂપ અનોપમ દેહ ॥ ૧૦ ॥**

પછી દેવદત્ત તેને બે હાથ જોડી કહેવા લાગ્યો કે, હે સ્વામિ! હું તમારી પાસે ભણુવા વાસ્તે આવ્યો છું ॥ ૭ ॥ તે સાંભળી ભુતમતિએ તેને પોતાની પાસે રાખ્યો, અને વેદ વિગેરેને નિર્મળ શાસ્ત્રનો તે રાત દહાડો અભ્યાસ કરવા લાગ્યો ॥ ૮ ॥ ત્યાર પછી તે દેવદત્તને જગનદત્તા સ્ત્રી સાથે હાંસી મશ્કરી કરવાની ઘણી ટેવ પડી; એમ હાંસી કરતાં કરતાં બન્નેની સરખા સરખી જોડી મળી ગઇ ॥ ૯ ॥ એવી રીતે બન્નેને દિવસે દિવસે ઘણો સ્નેહ બંધાણો, તથા બન્નેના શરીરની કાંતિ, રૂપ આદિક વધવા લાગ્યું ॥ ૧૦ ॥

## ઢાલ સાતમી.

સીતા તે રૂપે રૂડી, જાણે આંબા ડાળે સૂડી હો સીતા અતિ સોહે. એ દેશી.

**એક દિન આવ્યા જણ ચાર, મથુરાં નગરીથી તેણિ વારહો; ભાવે ભવિ સુણો; ભૂતમતી તેડવા સારૂ, વિનતિ કરે આવી તે વારૂહો. ભા.૧**
**પધારો અમારે દેશ, સેવા ચાકરી કરશું વિશેષ હો. ભા૦**
**અશ્વ અજા મેધ થાશે, મોટો જગન જાગ કહેવાશે. ભા૦ ॥ ૨ ॥**

હવે એમ કરતાં એક દહાડો, ચાર માણુસો મથુરા નગરથી ભુતમતિને તેડવા વાસ્તે આવ્યા, અને કહેવા લાગ્યા કે, અમારા નગરમાં, અશ્વમેધ (જે જગનમાં જીવતો ઘોડો હોમે છે તે) તથા અજામેધ (જે જગનમાં જીવતો બકરો હોમે છે તે) કરવાનો છે માટે તમે ત્યાં પધારો, અમે તમારી બરદાસ ચાકરી સારી રીતે કરીશું ॥ ૧ ॥ ૨ ॥

**તુમ વિના તે કોણ જાણે, તેણે કારણ મેલ્યા ટાણે હો. ભા૦**
**તીહાં આવ્યા લોક અનેક, કોણ જાણે જગન વિવેક હો. ભા૦ ॥૩॥**
**ભૂતમતિએ હા વાળી, સાચ વેણુની દીધી તાલી હો. ભા૦**
**નારીને તેડી એકાંતે, શીખામણ દે ભલી ભાતે હો. ભા૦ ॥૪॥**

ઘરમાંહી પોઢજો રાતે, લાંછન લાગે કોઈ વાતે હો. ભા૦
તે તુમે મત કરો કામ, ફરશો હરશો માં કોઈ ઠામ હો. ભા૦ ॥ ૫ ॥

તમારા વિના તે યજ્ઞ વિધિ કોણ જાણે? માટે અમે તમને બરોબર વખતસર તેડવા આવ્યા છીએ. વળી ત્યાં ઘણા લોકો આવ્યા છે, પણ ત્યાં યજ્ઞ આદિકની વિધિ કોઇ જાણતું નથી ॥ ૩ ॥ શ્રુતમતિએ તે વાત કબુલ કરીને ત્યાં આવવાનું વચન આપ્યું; પછી તે પોતાની સ્ત્રીને એકાંતે તેડી જઇને શીખામણ દેવા લાગ્યો કે, ॥૪॥ તમે રાત્રે ઘરની અંદર સૂઈ રહેજો, અને ઠેકાણે ઠેકાણે ફરશો નહીં, તથા લાંછન લાગે એવું કંઈ પણ કામ કરશો નહીં ॥ ૫ ॥

જોવનમાં જોખમ લાગે, મોહ વાધે મદન બહુ જાગે હો. ભા૦
અતિ ઘણું શું કહું તમને, માસ ચાર થાશે તિહાં અમને હો. ભા૦ ૬
દેવદત્તને બોલાવ્યો, ઘર એ તુમને ભળાવ્યો હો; ભા૦
શિખામણ કહું છું સારી, એકલી ઘરમાં છે નારી હો. ભા૦ ॥ ૭ ॥
ભણજો ગણજોને રહેજો, મરજાદે કરીને વહેજો હો. ભા૦
રાતે ઓટલે આવી સૂજો, તેડશો માં કોઈ ન દૂજો હો. ભા૦ ॥ ૮ ॥

યુવાવસ્થામાં માણસોને હમેશા મોહનો વધારો થઇ કામની અવસ્થા જાગે છે, માટે તે ઘણું જોખમનું કામ છે, હવે તમોને વધારે શું કહું? વળી ત્યાં મને ચાર મહીના ખોટી થવું પડશે ॥ ૬ ॥ વળી દેવદત્તને બોલાવી શિખામણ દીધી કે, જો આ ઘર તને સોંપું છું, અને ઘરમાં સ્ત્રી એકલી છે ॥ ૭ ॥માટે અહીં, તમે ભણજો, ગણજો, અને મરજાદાથી રહેજો, વળી રાત્રે ઓટલા ઉપર સૂઇ રહેજો, પણ સાથે કોઇને અહીં તેડી લાવશો નહીં ॥ ૮ ॥

એમ કહીને ચાલ્યો સાથ, એક એકના ગ્રહીને હાથ હો. ભા૦
મથુરા નગરીમાં પહોતા, ત્યાં સહુ સાથ વાટ જોતા હો. ભા૦ ॥ ૯ ॥
માન દઇ બેસાડ્યા ઠામ, સહુ લાગ્યા આપણે કામ હો. ભા૦
ઘરે જગનદત્તા નારી, નવ જોવન બાલ કુમારી હો. ભા૦ ॥ ૧૦ ॥
દેવદત્ત વિધારથી તેહ, માંડ્યો ઘણો તેહથી સનેહ હો. ભા૦
બોલે જગનદત્તા નારી, મુજશું રાખો એકતારી હો. ભા૦ ॥ ૧૧ ॥

એવી રીતે સ્ત્રી તથા વિદ્યારથીને શિખામણ દઇને તેડવા આવેલા માણસોની સાથે શ્રુતમતિ મથુરા નગરીમાં ગયો, કે જ્યાં સઘળા લોકો તેની વાટ જોતા હતા ॥ ૯ ॥ ત્યાં તેમને માન દઇને યોગ્ય સ્થાનકે બેસાડ્યા, પછી સઘળા લોકો પોતપોતાને કામે લાગ્યા. હવે અહીં ઘેર આગળ જગનદત્તા સ્ત્રી બાલકુંવારી છોકરી જેવી યુવાવસ્થાને પામેલી છે ॥ ૧૦ ॥ તેણીએ દેવદત્ત વિદ્યારથીની સાથે ઘણો સ્નેહ ચાલુ કર્યો, અને તેને કહેવા લાગી કે, હવે તમે મારી સાથે એક મનથી રહેવું ॥ ૧૧ ॥

ગરઢો ગયો છે ગામ, આપણ બેહુનું થયું છે કામ હો. ભા૦
અરથી નારીને જાણી, દેવદત્ત બોલે હવે વાણી હો. ભા૦ ॥ ૧૨ ॥

ગોરાણી નામ કહાવે, તેણે મનમાં શંકા આવે હો. ભા૦
શું કરીએ કર્મની વાતો, કેમ મેલીએ વયણ તુમ [illegible]ો હો. ભા૦॥૧૩॥
હરિ હર બ્રહ્માદિક દેવ, કામે પીડાણા તતખેવ હો. ભા૦
આપણ છીએ માનવી દેહ, ત્રિકરણ કેમ રાખે તેહ હો. ભા૦ ॥૧૪॥

કેમ કે તે ઘરડો (ભુતમતિ) ગામ ગયો છે, માટે હવે આપણ બન્નેને સારો લાગ છે, એવી રીતે તે સ્ત્રીને ગરજાઉ જાણીને દેવદત્ત કહેવા લાગ્યો કે, ॥ ૧૨ ॥ તમે મારા ગુરૂની સ્ત્રી છો, એટલી મનમાં શંકા આવે છે, પણ કર્મની વાતો કેટલીક હું કહું? વળી તમારૂં વચન પણ મારાથી કેમ લોપાય? ॥ ૧૩ ॥ વળી હરિ, મહાદેવ, બ્રહ્મા આદિક દેવો પણ કામે કરી પીડાણા છે, તો આપણે મનુષ્ય જાતિ તો ત્રિવિધે (મન, વચન, અને કાયાએ) કરીને કામને કેમ જીતિ શકીએ? ॥ ૧૪ ॥

તુમ વયણ કેમ લોપાએ, બ્રહ્મ હત્યા મુજને થાએ હો. ભા૦
વેધક વયણે એમ મલીયા, એક એકનાં હૃદયથી ભલીયા હો. ભા.૧૫
ગોરાણી દેવદત્ત છાત્ર, ક્રીડા કરવા લાગ્યા સુખ પાત્ર હો. ભા૦
બેહુનો સરખો મળ્યો જોગ, રાતિ દિવસ માણે ભોગ હો. ભા૦ ૧૬
એમ કરતાં ચારે માસે, ગયા બેહુ જણ બેસી વિમાસે. હો. ભા૦
આવશે તુમ જવ પ્યારો, તવ મુજને મેલશો ન્યારો હો. ભા૦ ॥ ૧૭ ॥

વળી તમારૂં વચન પણ મારાથી કેમ લોપાય? કારણ કે તેથી તો મને બ્રહ્મ હત્યા લાગે. એવી રીતે વેધક (ભેદનારાં) વચનોથી, એક બીજાનાં હૃદય મળી ગયાં ॥૧૫॥ પછી ગોરાણી અને વિદ્યારથી સુખેથી કામ ક્રીડા કરવા લાગ્યા, વળી બન્નેનો સરખો જોગ મળવાથી સુખ વિલાસ સારી રીતે ભોગવવા લાગ્યા ॥ ૧૬ ॥ એવી રીતે સુખ ભોગવતાં ચાર મહીના થવા આવ્યા, ત્યારે બન્ને વિચારમાં પડ્યા; અને દેવદત્ત કહેવા લાગ્યો કે હવે તમારો સ્વામિ આવશે એટલે મને તો તમે કહાડી મુકશો ॥ ૧૭ ॥

એકાંતે બેહુ જણ બેસી, વાત કરતાં નારી બ્હેસી હો. ભા૦
તુમે દિલગીર મત થાઓ, મેલું નહીં જીવ જો જાઓ હો. ભા૦ ॥૧૮॥
પ્રપંચ કરૂં એક એહવો, આપણ ભેલાં રહું તેહવો હો. ભા૦
તો મુજને સાચી જાણો, તુમે દુખ હઈએ મત આણો હો. ભા૦ ॥૧૯॥
જગનદત્તા તવ ચાલી, મધ્ય રાત્રિ ઝાલી કરવાલી હો. ભા૦
પેહેલા ખંડની સાતમી ઢાલ, નેમવિજય કહે તતકાલ હો. ભા૦ ૨૦

એવી રીતે એકાંતે બેશી વાત કરતાં તે સ્ત્રી કહેવા લાગી કે, તમારે જરા પણ દિલગિર થવું નહીં, મારો જીવ જાય ત્યાં સુધિ હું તમોને છોડનાર નથી ॥ ૧૮ ॥ હવે હું એક એવો પ્રપંચ કરૂં કે, જેથી આપણ બન્ને હમેશાં સાથેજ રહી શકીએ. અને એવું કરૂં તોજ હું સાચી છું એમ જાણજો. અને તમે મનમાં જરાપણ દુઃખ લાવશો નહીં. ॥૧૯॥ એમ કહી જગનદત્તા સ્ત્રી હાથમાં તરવાર લઈને ત્યાંથી મધ્ય રાતે એકદમ ચાલી. એવી રીતે પેહેલા ખંડની સાતમી ઢાલ નેમવિજયજીએ કહી ॥ ૨૦ ॥

## દુહા.

મસાણમાં ગઈ એકલી, આણ્યાં મડાં બે રંગ; એક મુકયું નિજ ઢોલીએ, અવર ઓટલા ચંગ ॥૧॥ ધન સઘળો કાઢી લીયો, ઘરે લગાવી આગ; મધ્ય રાત્રિ દો નિકળ્યાં, ચાલ્યાં ઉત્તર ભાગ ॥૨॥ મંદિર લાગ્યું અતિ ઘણું, મલીયા લોક અપાર; કરતા હાહાકાર ત્યાં, સર્વે બળ્યું તેણિ વાર ॥ ૩ ॥

તેણે મસાણમાં એકલી જઇને માણુસનાં બે મડાં (મડદાં) લાવીને, એક પોતાના ઢોલીયા ઉપર તથા બીજું ઘરના ઓટલા ઉપર મુકયું ॥ ૧ ॥ પછી ઘરમાંથી બધું ધન કાઢી લઇ, ઘરને આગ લગાડી, બન્ને જણ ત્યાંથી નિકળી ઉત્તર દિશામાં ચાલ્યાં ॥ ૨ ॥ થોડી વારમાં તો તે આગ વધી ગઇ, અને સેંકડો લોકો ત્યાં આવીને હાહાકાર કરવા લાગ્યા; પણ એટલામાં તો સઘળું બળી ગયું. ॥ ૩ ॥

જલ છાંટીને ઓલવ્યું, બલ્યાં દીઠાં બેહુ ભિન્ન; શોક કરે બ્રાહ્મણ ઘણાં, થયા ખેદથી ખિન્ન ॥ ૪ ॥ રામ રામ સહુ ઉચરે, સતિ શિરોમણિ તેહ; મીઠાં બોલી ગોરડી, એહવી નહીં ગુણગેહ ॥ ૫ ॥ વિષ્ણુ વિષ્ણુ એક કહે, મોટો હુઓ અખત્ર; ગુરૂ ભક્તિ વિઘારથી, ભસ્મ થયો દ્વિજ પુત્ર ॥ ૬ ॥ શોક કરે જન ત્યાં ઘણા, કીધાં સ્નાન અપાર; બ્રાહ્મણ સહુ વિચારતા, નફર મેલીએ સાર ॥ ૭ ॥

પછી તે ઉપર પાણી છાંટીને આગ ઓલવી નાખી, અને તપાસ કરતાં બન્ને જણને જુદા સ્થળે બળેલા જોઇને, બ્રાહ્મણો ખેદ સહિત શોકાતુર થયા ॥૪॥ સઘળા લોકો મોહેડેથી રામ! રામ! બોલીને કહેવા લાગ્યા કે, અરે બીચારી મહાસતી, તથા મધુર બોલી ગોરાણી કેવી ભલી હતી? એના જેવી બીજી કોઇ ગુણવાન સ્ત્રી મળશે નહીં. ૫ વળી કોઇ હરિ! હરિ! વીગેરે શબ્દો બોલી કહેવા લાગ્યા કે, અરે બિચારો વિઘારથી, ગુરૂ ભક્તિમાંજ લીન થઇને બળી ભસ્મ થયો ॥ ૬ ॥ પછી ત્યાં સઘળાઓએ અત્યંત શોક સહીત સ્નાન કીધાં, અને વિચારવા લાગ્યા કે, હવે ભુતમતિને ખબર દેવા વાસ્તે કોઈ ખેપીઓ મોકલીએ ॥ ૭ ॥

લેખ લખીને બ્રાહ્મણે; નફર મુકયો નિરધાર; ભૂતમતિ આવો જલદ, ઢીલ મ કરો લગાર ॥ ૮ ॥ બળી ગયું ઘર તમ તણું, વિઘારથી વનિતાય; અગનીમાં બળીયાં બેહુ, થયું અઘટતું આંય ॥૯॥ ઉભા નવ રહેશો તિહાં, પાણી પીવા કાજ; દહન થયું ઘર તુમ તણું, ઘણું શું લખીએ રાજ ॥ ૧૦ ॥

એમ વિચારીને ભુતમતિને બ્રાહ્મણોએ કાગળ લખ્યો કે, હે ભાઈ તમારૂં ઘર, વિઘારથી તથા તમારી સ્ત્રી સઘળાં અગ્નિમાં બળી ગયાં છે, જે ઘણુંજ માઠું કામ થયું છે, માટે તમે ત્યાં પાણી પીવાને પણ ઉભા નહીં રહેતાં તુરત આવજો, જરા પણ વખત

લગાડશો નહીં; વળી તમોને વધારે શું લખીએ? તમારૂં આખું ઘર બળી ભસ્મ થઇ ગયું છે. તે માટે આ કાગળ લખીને ખેપીયા સાથે તમોને મોકલ્યો છે ॥૮॥૯॥૧૦॥

## ઢાલ આઠમી.

ઢાલો છે સુખ મારૂરે, એહની આંખડીએ ઝળકયો હારૂરે, મારા મનું રે સવાઇરે ઢાલા—એ દેશી.

મથુરાં પહોતો ક્ષિપ્ર, જિહાં ભૂતમતિ છે વિપ્રરે; મારા પરમ સનેહી સુ-
ણજો. એ ટેક. કરી પ્રણામ પત્ર દીધો, ભૂતમતિએ હાથે લીધોરે. મા૦ ૧
શોક આણ્યો મનમાંહીં, દુઃખ દોહગ ઉપન્યો ત્યાંહિંરે. મા૦
આવ્યો કંઠપુર સિધ્ર, ઘર પરજલ્યો દીઠો વિપ્રરે. મા૦ ॥ ૨ ॥
મૂરછા આવી તતકાળ, તીહાં મળીયા બાલ ગોપાલરે; મા૦
કીધો સચેત તેણી વાર, માંડયો કરવા પોકારરે. મા૦ ॥ ૩ ॥

હવે તે ખેપીયો તીહાંથી નિકળી તુરત મથુરાં નગરી કે, જ્યાં ભુતમતિ હતો ત્યાં ગયો, અને પ્રણામ કરીને તેને કાગળ આપ્યો, તે ભુતમતિએ હાથમાં લઇ વાંચવા માંડ્યો ॥ ૧ ॥ તે વાંચી મનમાં દિલગીર થઇ, તથા દુઃખ સહન કરતો કરતો, તુરત કંઠપુર નગરમાં આવ્યો, અને ત્યાં જઈ જુએ છે તો આખું ઘર બળેલું જોયું. ૨ તેથી ત્યાં તેને મુરછા આવી, અને તે જોઇ ઘણાં લોકોએ એકઠા થઇ તેને સચેતન કર્યાથી તે પોક મૂકી રડવા લાગ્યો ॥ ૩ ॥

હૈયું દલે માથું કૂટે, હાહા દૈવ શું ચુંટેરે; મા૦
એહવી નહીં મળે નારી, ઘરનું સુખ ગયો હું હારીરે. મા૦ ॥ ૪ ॥
મસ્તક મૂછના કેશ, લોચ કરે છોડી વેશરે; મા૦
આંસુની ધાર વિછુટી, પડી ધાડ જાણે લીધો લુંટીરે. મા૦ ॥ ૫ ॥
જગનદત્તા સુણ નારી, મુજ મૂકી ગઇ નિરધારીરે; મા૦
તું પ્રાણપ્રિયા ગુણ ભારી, મુજ દર્શન દે એક વારીરે. મા૦ ॥ ૬ ॥

તે છાતી પીટી, માથુ કુટીને કહેવા લાગ્યો કે, હે દૈવ આ તેં શું કર્યું? મને આવી સ્ત્રી મળશેજ નહીં, હું મારૂં ઘરનું સુખ ખોઇ બેઠો ॥૪॥ વળી માથાના, તથા મૂછના વાળો તોડીને, તથા લુગડાં કહાડીને રડવા લાગ્યો, અને જેમ કોઇ માણસ ઉપર ધાડ પડવાથી લુટાઇને રડવા લાગે તેમ તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી ॥ ૫ ॥ અને બોલવા લાગ્યો કે, હે જગનદત્તા સ્ત્રી તું સાંભળ? તું મને મુકીને કયાં ગઇ? તું પ્રાણથી પણ પ્યારી છે, વળી તારામાં ગુણો પણ ઘણા હતા, મને તું એકવાર દર્શન આપ! ॥ ૬ ॥

તુજ ચંદ્રવદન હરીલંક, કનક કલશ કુચ શંકરે; મા૦
તુજ વિણ દિસું હું રંક, મુજ મેલી ગઇ વિણ વંકરે. મા૦ ॥ ૭ ॥
અગનિ દેવ તેં શું કીધું, મુજ રામા પ્રાણ હરી લીધુંરે; મા૦
અરે પાપી તું દૈવ બ્રહ્મ, હત્યા કીધી તેં સૈવરે. મા૦ ॥ ૮ ॥

મુજ હરિહર બ્રહ્મા રૂઠયા, સઘલા પડયા તે જુઠારે; મા૦
કરતા ગોત્રજની સેવ, તે નાઠા ગુરૂકુલ દેવરે. મા૦ ॥ ૯ ॥

વળી તારૂં મોહોડું ચંદ્ર સરખું હતું, તેમ કેડ સિંહની કેડ સરખી હતી, વળી તારા બે સ્તન તો સોનાના કળશ સરખા હતા. તારા વિના હું રાંક જેવો લાગું છું, મને વિના વાંકે તું મેલીને કેમ ચાલી ગઈ? ॥ ૭ ॥ હે અગ્નિ દેવતા આ તેં શું કીધું? મારી સ્ત્રીનું તેં મૃત્યુ નિપજાવ્યું. અરે પાપી કર્મ, તેં બ્રહ્મહત્યા કરી છે ॥ ૮ ॥ મારા ઉપર હરિ, મહાદેવ, બ્રહ્મા વિગેરે કોપાયમાન થયા છે, વળી તેઓ પણ સઘળા જુઠા પડયા છે, વળી જે ગોત્રજની હું સેવા કરતો તે પણ હાલ તો નાશી ગઇ છે ॥ ૯ ॥

વિધારથી તું પવિત્ર, પરદુઃખ ભંજનનો મિત્રરે; મા૦
હાહા દ્વિજવર પુત્ર, કિમ રહેશે તુજ ઘર સુત્રરે. મા૦ ॥ ૧૦ ॥
બ્રહ્મચારી તું ધીર, પરસ્ત્રીનો સહોદર વીરરે; ॥ મા
તું સુતો ઓટલા તીર, તુજ લાહે બળ્યું શરીરરે. મા૦ ॥ ૧૧ ॥
મરજો એ બ્રાહ્મણ પાપી, મુજ તેડી ગયા મીસાપીરે; મા૦
યજ્ઞ કારણ સહુ વ્યાપી, મુજ ઘરઘરણી ભસ્માપીરે. મા૦ ॥ ૧૨ ॥

વળી હે વિધારથી તું પવિત્ર તથા પર દુઃખ ભંજન છો, હે બ્રહ્મ પુત્ર તારૂં ઘર સુતારૂ કેમ ચાલશે? ॥ ૧૦ ॥ વળી તું બ્રહ્મચારી, ધૈર્ય વાળો, તેમ પર સ્ત્રીને ભાઇ સમાન હતો; અરેરે! તું ઓટલાપર સૂતો હતો ત્યાંજ તારૂં શરીર બળી ગયું ॥ ૧૧ ॥ વળી તે પાપી બ્રાહ્મણો કે, જેઓ યજ્ઞ કરવાનો મીશ કરીને મને તેડી ગયા અને જેથી મારી સ્ત્રી બળી ગઇ, તે બ્રાહ્મણો પણ મૃત્યુ પામજો ॥૧૨॥

તિણે અવસર બ્રાહ્મણ એક, આવી કહે વાતો વિવેકરે, મા૦
નારી કારણ તુમે એમ, દુઃખ ભોગવો છો ખોટું જેમરે. મા૦ ॥૧૩॥
પ્રાયે નારી કહી છે ખોટી, કુડ કપટની મતિ છે છોટીરે;
હૈયાની વાત નવિ ખોલે, સભાવે જૂઠું બોલેરે. મા૦ ॥ ૧૪ ॥
બાર દ્વાર અસુચિનાં ઠામ, લોભી નિરદયની હામરે; મા૦
શોક કરો કિણ કામ, લોકમાંહીં જાસે તુમ મામરે. મા૦ ॥ ૧૫ ॥

તેજ વખતે એક બ્રાહ્મણ આવી તેને કહેવા લાગ્યો કે, તમે સ્ત્રીને માટે આવું ખોટું દુઃખ શા માટે ભોગવો છો? ॥ ૧૩ ॥ ઘણું કરીને સ્ત્રી ખોટી, કુડી, તથા કપટ બુદ્ધિ વાળી હોય છે, તેનો સ્વભાવ જુઠું બોલવાનો છે, અને તેના હૃદયની વાત કોઇપણ જાણી શકે નહીં ॥ ૧૪ ॥ તેના બારે દ્વાર અસૂચિથી ભરેલાં (અ-પવિત્ર) હોય છે, વળી તે લોભી તથા નિર્દય હોય છે, માટે શા માટે તમો શોક કરો છો? અને એમ શોક કરવાથી તમારી આબરૂ જશે ॥ ૧૫ ॥

તુમે પંડિત મોટા જાની, ભણ્યા ગણ્યા છો ગુણ જ્ઞાનીરે; મા૦
ધરી વૈરાગ મનમાંહીં, રામ નામ લીજે ઉછાંહીંરે. મા૦ ॥ ૧૬ ॥

ભૂતમતિ સાંભળી કોપ્યો, બ્રાહ્મણનો વચણુ તે લોપ્યોરે; મા૦
તું શું જાણે અજાણ, મુજ આગે વાત પરમાણુરે. મા૦ ॥ ૧૭ ॥
હરિહર બ્રહ્માદિક જેહ, નારીને વશ પડ્યા તેહરે; મા૦
અમ સરિખા પાઠક પંડ્યા, શાસ્ત્ર વિદ્યાની વાતે મંડ્યારે. મા૦॥૧૮॥

વળી તમે મોટા પંડિત, જાણકાર, ભણેલા, ગણેલા, તથા ગુણી અને જ્ઞાની છો. માટે હવે મનમાં વૈરાગ્ય લાવી રામ નામની માલા જપો ॥ ૧૬ ॥ તે સાંભળી ભૂતમતિ ક્રોધાયમાન થઇ, બ્રાહ્મણનું વચન લોપીને તેને કહેવા લાગ્યો કે, તેમાં તું અજ્ઞાની શું જાણે ? મારી આગળ તે વાતનાં ઘણાં પ્રમાણ છે ॥ ૧૭ ॥ વળી વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા આદિક પણ સ્ત્રીને વશ પડેલા છે, વળી અમારા જેવા પાઠક, પંડ્યા વિગેરે તો શાસ્ત્ર વિદ્યા વિગેરેમાં તલ્લીન થએલા છે ॥ ૧૮ ॥

મતિ તું અમને આપે, એહવી બુદ્ધિ અમારી ઉથાપેરે; મા૦
મહા રાંડનાં જા તું ઇહાંથી, મતિ દેવા આવ્યો છે ક્યાંથીરે. મા૦ ૧૯
તે બ્રાહ્મણ ગયો એમ વારી, ભુતમતિએ બુદ્ધિ વિચારીરે; મા૦
પેહેલે ખંડે કહી ઢાલ આઠ, નેમવિજય કહે જુઓ ઠાઠરે. મા૦ ॥૨૦॥

એવા જે અમે, તેને તું મતિ આપનાર તે કોણ? અને અમારી બુદ્ધિની તું અવગણના શા માટે કરે છે? રાંડના તું અમને બુદ્ધિ દેવા તે ક્યાંથી આવ્યો છે? ચાલ્યો જા અહીંથી ॥ ૧૯ ॥ એવી રીતે કહેવાથી તે બ્રાહ્મણ ત્યાંથી ચાલતો થયો, અને ભુતમતિ વિચારવા લાગ્યો. એવી રીતે નેમવિજયજી મહારાજે પેહેલા ખંડમાં આઠમી ઢાલ કહી ॥ ૨૦ ॥

## दुहा.

બેહુ તુંબ હાથે ગ્રહી, અસ્થિ ઘાલ્યા માંહીં; સ્ત્રી વિદ્યારથી બે તણાં, લઇ ચાલ્યો ઉછાંહી ॥ ૧ ॥ ગંગાજી જાત્રા ભણી, મારગ જાતાં ગામ; આવ્યો એમાં એ ગયો, મળ્યો વિદ્યારથી તામ ॥ ૨ ॥ ભુતમતિ ભણી ઓળખ્યો, આવી લાગ્યો પાય; વિદ્યારથી હું તુમ તણો, તુમ પંડિત મહારાજ.૩

હવે તે ભુતમિત બ્રાહ્મણ, બે તુંબડા લઇ, તેમાં સ્ત્રી તથા વિદ્યારથીનાં (ઘરમાંથી નિકળેલાં બે મડદાંનાં) હાડકાં નાખીને ત્યાંથી ચાલતો થયો ॥ ૧ ॥ અને ગંગાજીની જાત્રા કરવા ચાલ્યો, ત્યાં મારગમાં એક ગામમાં દાખલ થતાં તેને તેજ વિદ્યારથી (દેવદત્ત) મળ્યો ॥ ૨ ॥ તે વિદ્યારથીએ ભુતમતિને ઓળખવાથી તેને નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે, હે પંડિત મહારાજ હું તમારો વિદ્યાર્થી છું. ૩

અપરાધિ હું તાહરો, ગુનોહ કરજો માફ; પગે લાગવા આવીઓ, મારા છો માબાપ ॥ ૪ ॥ પાપી મેં તુમ નારીનું, હરણ કરીયું આંહીં; આવીને ઇહાં રહ્યો, દેજો મુજને બાંહિં

॥ ૫ ॥ ભુતમતિ સુણીને કહે, દીસે દાસી પુત્ર; કુણ તું
ક્યાંથી આવીઓ, ધૂરત દીસે કુત્ર ॥ ૬ ॥

હું તમારો અપરાધિ છું, મારો ગુન્હો માફ કરજો, તમોને મારા માબાપ જાણી હું પગે લાગવા આવ્યો છું ॥ ૪ ॥ મેં પાપીએ તમારી સ્ત્રીનું હરણ કર્યું છે, અને અહીં આવી રહ્યો છું, માટે હુવે મને સહાય કરજો ॥ ૫ ॥ તે સાંભળી ભુતમતિ કહેવા લાગ્યો કે, તું તો કોઇ દાસી પુત્ર (નીચ) દેખાય છે, તું કયાંથી આવ્યો છે? કોઇ ધુતારા જેવો લાગે છે ॥ ૬ ॥

બોલે ખોટું તું સહી, બ્રહ્મચારી અમ નાર; દેવદત્ત વિધારથી,
એહનો નહીં આચાર ॥ ૭ ॥ અસ્થિ છે એ બેહુનાં, કાવડ
માંહીં જેહ; ગંગાજી માંહે જઈ, તરતાં મેલીસ તેહ ॥ ૮ ॥

તું તો ખરેખર જુઠું બોલે છે, અમારી સ્ત્રી તો બ્રહ્મચારી હતી, અને જે દેવદત્ત વિદ્યાર્થી હતો, તે તો કોઇ કાળે પણ આવું કામ કરે નહીં ॥ ૭ ॥ વળી આ કાવડમાં તેઓ બન્નેનાં હાડકાં છે, તેને હું ગંગાજીમાં જઇને તરતાં મેલીશ ॥૮॥

તેડી આણ્યો ઘર ભણી, દેવદત્ત કુમાર; જ્ઞાની બેઠો ચિંતવે,
એ કોણ દીસે નાર ॥૯॥ જગનદત્તા મન ચિંતવે, જાની આ-
વ્યો પાસ; પગે લાગીને વિનવે, અપરાધ ખમજો સ્વામ. ૧૦

પછી તે દેવદત્ત તેને પોતાના ઘર આગળ તેડી લાવ્યો, ત્યારે તે બ્રાહ્મણ ત્યાં બેઠેલી સ્ત્રીને જોઈ વિચારમાં પડયો કે આ સ્ત્રી કોણ હશે! ॥ ૯ ॥ વળી જગનદત્તા પણ મનમાં વિચારવા લાગી કે, મારો સ્વામી આવી પહોંચ્યો છે, એમ જાણી પગે લાગી કહેવા લાગી કે, હે સ્વામિ મારો અપરાધ ક્ષમા કરજો ॥ ૧૦ ॥

## ઢાલ નવમી.

કપુર હોવે અતિ ઉજલો રે. એ દેશી.

કામની કહે સ્વામી સુણોરે, સંભાળો પૂરવ પ્રીત;
વડપણે પરણ્યા મુજનેરે, રાખો તેહીજ રીતરે,
સાજન સાંભળજો સહુ કોય. એ આંકણી. ॥ ૧ ॥
કોપે જાની કહે તીહાંરે, તું કેહેની કહે રાંડ;
આ ગામ તણું લોક એહવારે, કોક બોલે માંડ માંડરે. સા૦ ॥ ૨ ॥
મુજ રામા સતી નિરમલીરે, અગનિમાં પરજલી તેહ;
વિધારથી મુજ નારીનાંરે, અસ્થિ લઈ જાઉં એહરે. સા૦ ॥ ૩ ॥

તે જગનદત્તા સ્ત્રી પોતાના સ્વામિને કહેવા લાગી કે, હે સ્વામી તમે મને ઘડપણમાં પરણ્યા હતા, અને જેવો પ્રેમ મારા ઉપર રાખતા હતા તેવોજ પ્રેમ પાછા તમે મારાપર રાખો—કવિ કહે છે કે હે સજ્જનો તમે બધા આ બાત ધ્યાન પૂર્વક સાંભળજો ॥ ૧ ॥ તે સાંભળી બ્રાહ્મણ કોપ લાવી કહેવા લાગ્યો કે, રાંડ! તું કોની સ્ત્રી છે? મને તો આ ગામનાં લોકોજ બધા એવા લાગે છે, કારણ કે જુઠું બોલવું,

તે પણ તેઓ કેટલી મેહેનતે બોલી શકે છે. (અર્થાત સબળા ગલેપડું છે.) ॥ ૨ ॥ મારી સતી અને પવિત્ર સ્ત્રી તો અગ્નિમાં બળી ગઈ છે, અને આ તેણીનાં અને વિચારથીનાં હાડકાં હું લઇ જાઉં છું ॥ ૩ ॥

મનોવેગે કથા કહીરે, સાંભળો વિપ્ર વિચાર;
અજ્ઞાની તેણે બાપડેરે, વચન ન માન્યું સારરે. સા૦ ॥ ૪ ॥
ભુતમતિએ જેમ કહ્યોરે, તેમ તુમે કરશો આજ;
સત્ય વચન મુજ બોલતાંરે, નવી માનો ગુણ ભાજરે. સા૦ ॥ ૫ ॥
કથા સુણી દ્વીજવર કહેરે, સાંભળો તુમે કુમાર;
એવો નહીં અમમાં કોઇરે, સ્ત્રી મોહી મૂઢ ગમારરે. સા૦ ॥ ૬ ॥

એવી રીતે મનોવેગે વારતા કહીને બ્રાહ્મણોને કહ્યું કે, હે બ્રાહ્મણો, તે બિચારા અજ્ઞાની બ્રાહ્મણે સાચું વચન પણ માન્યું નહીં ॥ ૪ ॥ વળી જેમ ભુતમતિએ કર્યું, તેમ તમે પણ આજે કરશો અને મારૂં ગુણકારી સત્યવચન તમે નહીં માનો ॥ ૫ ॥ એવાં તેનાં વચનો સાંભળીને બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે કુમાર! અમારામાંથી સ્ત્રીમાં લુબ્ધ તથા ગમાર કોઈપણ નથી ॥ ૬ ॥

સત્ય વચન તુમ ભાષતાંરે, દ્વિજવર નહીં આણે ખેદ;
જેવું હોય તેહવું કહોરે, અમે કરી માનશું વેદરે. સા૦ ॥ ૭ ॥
તુમને દેખી અમ તણેરે, કૌતિક ઉપજે આજ;
રાજકુમાર સોભાગણોરે, કેમ કીજે નીચ કાજરે. સા૦ ॥ ૮ ॥
રૂપ સોભાગે રૂયડારે, હીન કરમ વળી કાંય;
બીહુ વાનાં ઘટતાં નથીરે, સ્વરૂપ કહો વળી તાયરે. સા૦ ॥ ૯ ॥

તમે જો સત્ય વચન કહેશો, તો તેથી કોઈ પણ બ્રાહ્મણ મનમાં ખેદ લાવશે નહીં, માટે જેવું હોય તેવું કહેશો તો, અમે તેને વેદ પ્રમાણે માની લઇશું ॥ ૭ ॥ વળી તમોને જોવાથી અમને આજે આશ્ચર્ય થાય છે. વળી તમે શોભાયમાન રાજકુમાર છો, તો તમે હલકી વાતજ કેમ કરશો? ॥ ૮ ॥ વળી તમે રૂપાળા, સૌભાગી, તથા ઉત્તમ છો, અને આવું (ઘાસ વાઢવાનું તથા લાકડાં કાપવાનું) નીચ કામ કેમ કરો છો? એ બન્ને કામો પરસ્પર સંભવતાં નથી, માટે તેનો ખુલાસો તમે કરો. ૯

મનોવેગ તવ બોલીઓરે, સાંભળો ભટ્ટ વિચાર;
એકમનાં મન આણજોરે, ઉત્તર દેજો સારરે. સા૦ ॥ ૧૦ ॥
રાજ કુમર અમે રૂઅડારે, નિચ કરૂં વળી કામ;
તે બેહુ વાનાં ઘટતાં કહુરે, બ્રાહ્મણ સુણજો તામરે. સા૦ ॥ ૧૧ ॥
પૂર્વાપર વિચારજોરે, કરજો વચન વિચાર;
વિષ્ણુ વાદ કહું રૂઅડોરે, સંક્ષેપે છે તે સારરે. સા૦ ॥ ૧૨ ॥

ત્યારે મનોવેગ કહેવા લાગ્યા કે, હે ભટ્ટ તમે સાંભળજો, અને એક મનથી ચિત્ત દેઇને તેનો બરોબર ઉત્તર દેજો ॥ ૧૦ ॥ અમે બન્ને રાજકુમાર છીએ, અને

વળી નીચ કાર્યો પણ કરીએ છીએ, તે બન્ને ઘટતાં કાર્યોની વાત હું તમોને કહું છું, તે તમે સાંભળજો ॥ ૧૧ ॥ અને આગળ પાછળ વિચાર કરજો; હવે હું તમને ટુંકામાં વિષ્ણુ વાદ કહું છું ॥ ૧૨ ॥

જમુના નદી રળીઆમણીરે, તેહ તણે ઉપકંઠ;
ગોકુલ વન વિસ્તાર છેરે, તીહાં વસે શ્રીકંઠરે. સા૦ ॥ ૧૩ ॥
નારાયણ દેવ તુમ તણોરે, ચૌદ ભુવન વિખ્યાત;
ચૌદ ભુવન મુખમાં વસેરે, શત્રુ તણો કરે ઘાતરે. સા૦ ॥ ૧૪ ॥
પુરૂષોત્તમ પવિત્ર ભલોરે, ચૌદ ભુવનનો રાજ;
લોક સહુને ઓધરેરે, વાંદે તેહ તણા પાયરે. સા૦ ॥ ૧૫ ॥

મનોહર જમના નદીના કાંઠા ઉપર વિસ્તાર વાળું ગોકુળ નામે વન છે, ત્યાં શ્રીકંઠ (વિષ્ણુ) વસે છે ॥ ૧૩ ॥ તે તમારો નારાયણ દેવ, કે જે ચૌદ ભુવનોમાં પ્રખ્યાત, વળી તેના મુખમાં પણ ચૌદ ભુવનો રહેલાં છે, અને તે તમામ શત્રુઓનો નાશ કરે છે ॥ ૧૪ ॥ તે પુરૂષોત્તમ પવિત્ર, ભલો અને ચૌદ ભુવનનો રાજા છે, તે સઘળા માણસોને તારે છે, અને તેને સઘળા નમસ્કાર કરે છે ॥ ૧૫ ॥

શંખ ચક્ર ગદા ધરેરે, સારંગ ધનુષ વળી સાર;
મસ્તક મુગટ સોહામણોરે, કંઠે એકાવલ હારરે. સા૦ ॥ ૧૬ ॥
કાને કુંડલ ઝલકતારે, બહેરખા બાંહિં અપાર;
શોળ આભુષણ શોભતારે, ગુણ નવિ લાભે પારરે. સા૦ ॥ ૧૭ ॥
દામોદર એહવો કહ્યોરે, અથવા સાચું કે જૂઠ;
વિપ્ર વિચારી બોલજોરે, ઉચરીએ નહીં કુઠરે. સા૦ ॥ ૧૮ ॥

તે શંખ, ચક્ર, ગદા, અને સારંગ ધનુષ્ય ધારણ કરે છે, વળી માથે ઉત્તમ મુગટ પેહેરે છે, તેમ કંઠમાં એક વલયની માળા પેહેરે છે ॥ ૧૫ ॥ કાનમાં કુંડલ ઝળકે છે, તેમ હાથે બેરખા પણ શોભે છે, એવી રીતે શોળે શણગારોથી શોભે છે, તેમ તેના ગુણ પણ અપાર છે ॥ ૧૭ ॥ એવી રીતે વિષ્નુ કહેલા છે, તે વાત સાચી કે જુઠી છે? તે સાંભળી બ્રાહ્મણ કહેવા લાગ્યા કે, તે વાત જરાપણ ખોટી નથી. ૧૮

પુરાણ પ્રસિદ્ધ એ જાણીએરે, મહીતલ મોટા દેવ;
તુમ વચન માન્યા ખરાંરે, અમે કરીએ એની સેવરે. સા૦ ॥ ૧૯ ॥
બ્રાહ્મણ તવ સહુ હરખીયારે, કર જોડી કહે સાર;
સાચાં વયણાં તુમે કહોરે, ખોટાં નહીં લગારરે. સા૦ ॥ ૨૦ ॥
એ વાત સાચી અમે લહુંરે, તુમે કહી તતકાલ;
પેહેલે ખંડે મુનિ ભલીરે, નેમવિજય ઉજમાલરે. સા૦ ॥ ૨૧ ॥

તે પુરાણોમાં પ્રસિદ્ધ અને આખી પૃથ્વીમાં મોટો દેવ છે, માટે તમારાં વચન ખરેખરાં છે, અમે એની સેવા કરીએ છીએ ॥ ૧૯ ॥ વળી તે સાંભળી સઘળા બ્રાહ્મણો ખુશ થઇ હાથ જોડી કહેવા લાગ્યા કે, તમારાં વચનો સઘળાં સાચાં છે,

એમાં જરા પણ ભુલ નથી ॥ ૨૦ ॥ એવી રીતે તમોએ જે વાત કહી તે અમો સાચીજ માનીએ છીએ. એવી રીતે પેહેલા ખંડમાં નેમવિજયજી મહારાજે આનંદ સહિત નવમી ઢાળ કહી ॥ ૨૧ ॥

## દુહા.

મનોવેગ તવ બોલીઓ, સુણો દ્વિજવર વાણ; નંદ ગોપ ગોવાલીયો, નીચ કુલે તે જાણ ॥ ૧ ॥ ગાય ભેંસ તેહને ઘણી, છાલાંનો નહીં પાર; તે સહુ ચારે કાનુડો, વારૂ વન મોઝાર ॥ ૨ ॥ કાનો કર કાઠી ધરી, ગલે ગુંજાનો હાર; મસ્તકે ફુલ કેશુ તણાં, ખાંધે કામલ સાર ॥ ૩ ॥

પછી મનોવેગ કહેવા લાગ્યો કે હે બ્રાહ્મણો તમે સાંભળજો, તમારો એ વિષ્ણુ ગોવાળીઆના નીચ કુળમાં આવેલો છે ॥ ૧ ॥ વળી તે કાનુડો (વિષ્ણુ) ગાયો, ભેંસો, વાછરડાં વિગેરે પાર વિનાનાં જાનવરોને વનમાં લઇ જઈ ચરાવતો હતો. ૨ વળી એ કાન હાથમાં લાકડી લઇ, ગળામાં ચણોઠીઓના હાર પેહેરી તથા માથામાં કેશુડાનાં ફુલો નાખીને ખભે ધાબળી રાખી ફરતો હતો ॥ ૩ ॥

વંસી વાયે મુખ રૂડો, મહુયર કરે સુનાદ; નારાયણ ગોવાલીયો, ગાઈ કરે વળી સાદ ॥ ૪ ॥ ગોકુલ ગૌલણી શું રમે, ગાઢે તેહજ ઢોર; રૂડો ત્રિભુવન નાથ તે, નીચ કરમ કરે ઘોર ॥ ૫ ॥ રાજ કુંવર રૂડા અમે, નીચ કરમ કરૂં જેમ; વિશ્વનાથ વળી વીઠલો, નીચ કરમ કીયાં તેમ ॥ ૬ ॥

વળી તે નારાયણ (વિષ્ણુ) ગોવાળીઆનો વેશ લઇ, મોઢેથી વાંસળી વગાડીને મોર સરખો અવાજ કહાડતો ॥૪॥ વળી ગોકુળની ગોવાલણો સાથે ક્રીડા કરતો, તેમજ ઢોરોને હાંકતો, એવો તમારો ત્રિભુવનનાથ જે વિષ્ણુ, તે એવા નીચ કામ કરતો. ૫. હવે જેમ તે વિઠ્ઠલે (વિષ્ણુએ) જગતના નાથ થઇને આવાં નીચ કાર્યો કર્યાં, તેમ અમો પણ રાજકુંવર થઇને આવાં નીચ કાર્યો કરીએ છીએ ॥ ૬ ॥

સામાન્ય કરમ જે આચરે, તે કેમ કહીએ દેવ; ખોટું કે સાચું કહો, વિપ્ર વિચારો હેવ ॥ ૭ ॥ તવ તે બ્રાહ્મણ બોલીયા, સત્ય વચન જે હોય; ઉત્તર દીધો જાય નહીં, વેદ પુરાણે સોય ॥૮॥ અમે તે (કહો) કિમ લોપીએ, તુમને કરૂં પ્રણામ; ઘટતાં વચન વળી કહ્યાં, ગુણહ તણાં તુમ ઠામ ॥૯॥

માટે હે બ્રાહ્મણો, જે સામાન્ય (સાધારણ હલકા) કામો કરે તેને દેવ કેવી રીતે માનવો, માટે તમે વિચારીને ખોટું કે સાચું જે તમોને ભાસે તે કહો ॥ ૭ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, જે વેદ, પુરાણ આદિકમાં કહ્યાં છે, એવાં તમારાં સત્ય વચનોનો અમારાથી ઉત્તર કેમ દઈ શકાય ? ॥ ૮ ॥ હવે તે વેદ

પુરાણની વાતો અમે કેમ લોપી શકીએ? વળી તમે પણ સઘળાં યોગ્ય વચનો કહ્યાં છે, માટે તમારા ગુણોનો તો કંઇ પાર નથી, અને તેથી તમોને અમો નમસ્કાર કરીએ છીએ. ॥ ૯ ॥

## ઢાલ દશમી.

કાબિલરો પાણી લાગણો, કાબિલ મત ચાલો. એ દેશી.

મનોવેગ બોલે ઇસ્યું, પુરાણની કહું વાતો;
હસ્તીનાગપુર જાણીએ, પાંડવ પાંચ વિખ્યાતો ॥ ૧ ॥
ભીમ યુધિષ્ટર અર્જુન, સહદેવ નકુલ કુમાર;
પાંચ ભાઈ સુભટ ભલા, રાજ પાલે ગુણ ધાર ॥ ૨ ॥
દુર્યોધન રાજ કરે તિહાં, કૌરવ સત ભાઈ સાથ;
રાજ્ય દ્વેશ આણે ઘણા, પાડવ શું લીએ બાથ ॥ ૩ ॥

પછી મનોવેગ કહેવા લાગ્યો કે, તમોને હજુ હું પુરાણની વાતો કહું છું, તે સાંભળો; હસ્તીનાગપુર નામનું એક શહેર છે, ત્યાં પ્રખ્યાત એવા પાંચ પાંડવો રહેતા હતા. ૧ ભીમ, યુધિષ્ટિર, અર્જુન, સહદેવ તથા નકુલ એ પાંચે ભાઇઓ મોટા લડવૈયા હતા, તથા સુખેથી રાજ પાળતા હતા ॥ ૨ ॥ વળી ત્યાં પોતાના સો ભાઇઓની સાથે દુર્યોધન કૌરવ રાજ કરતા હતા, તેઓ પાંડવો સાથે ઘણો રાજ્યદ્વેષ લાવીને તેઓની સાથે લડવા લાગ્યા ॥ ૩ ॥

એક વાર કુડ કપટે કરી, જુવટે હાર્યા દેશ;
દેશોટો બાર વરસ તણો, ચાલ્યા ધરી દ્વિજ વેષ ॥ ૪ ॥
વૈરાટ દેશમાં જઈ રહ્યા, વૈરાટ તણી કરે સેવ;
ગોકુલ વાળ્યો કૌરવે, સંગ્રામ કીધો તિણે ખેવ ॥ ૫ ॥
પાંડવ દ્વારિકાપુરી ગયા, નારાયણ ભેટ્યા તેહ;
કૃષ્ણે કાજ વિમાસીઉં, માન દઇ રાખ્યા ગેહ ॥ ૬ ॥

હવે એક વખત દુર્યોધન સાથે જુગાર રમતાં કુડ કપટથી પાંડવો રાજ્ય હારી ગયા, અને ત્યાંથી બાર વરષ સુધી બ્રાહ્મણનો વેષ લઇ દેશવટો ભોગવવા ચાલ્યા ॥૪॥ ત્યાંથી નિકળી વૈરાટ દેશમાં જઇ, વૈરાટ રાજાની ચાકરી કરવા લાગ્યા; ત્યાં કૌરવોએ આવી ગોકુળ (ગાયોનું ટોળું) વાળવાથી પાંડવોઓએ તેમની સાથે લડાઈ કરી ॥ ૫ ॥ ત્યાંથી પાંડવો દ્વારિકા નગરીમાં જઇ શ્રી કૃષ્ણને મળ્યા, અને શ્રી કૃષ્ણે પણ તેમનું કામ વિચારીને, તેઓને આદરમાનથી પોતાને ઘેર રાખ્યા ॥ ૬ ॥

સ્નેહ ધરી પરણાવીયા, સુભદ્રા અર્જુન તામ;
સુખ ભોગવે પાંડવ તિહાં, સેવ કરે કૃષ્ણ રામ ॥ ૭ ॥
અરજુને તવ વિનવીયા, દામોદર તે રાય;
કાજ કરો તુમ અમ તણાં, દૂતપણું ધરી કાય ॥ ૮ ॥

હસ્તીનાગપુર જાયવું, ભાંજવો કૌરવ ધીશ;
નગર પાંચ આપું તુમને, આણુંદ ધરી નામો શીશ ॥ ૯ ॥

ત્યાં સ્નેહ લાવીને કૃષ્ણે અર્જુનને સુભદ્રા નામે પોતાની બેન પરણાવી, અને ત્યાં પાંડવો સુખ ભોગવે છે, અને શ્રી કૃષ્ણ તથા બલભદ્ર તેઓની સેવા કરે છે ॥૭॥ પછી અરજુને શ્રી કૃષ્ણને વિનતિ કરી કે, તમે અમારૂં દૂત પણું (કાસદ પણું) ધારણ કરીને અમારૂં એક કામ કરી આપો ॥ ૮ ॥ અહીંથી તમારે હસ્તિનાગપુરમાં જઇ, કૌરવને રાજ છોડી પાંચ ગામ આપીએ તે લેઈ અમારી આણ માનવાનું કહો. ૯

સેવા વંરતી થઈ રહો, જાઈ કહો તુમ દેવ;
કર જોડી કહે ત્રીકમો, કામ કરશું અમે હેવ ॥ ૧૦ ॥
દૂતપણું લઈ ચાલીયા, હસ્તીનાગપુર પોત્યા કાન;
દાસી પુત્ર વિદુર ઘરે, કૃષ્ણ ગયા દીધાં માન ॥ ૧૧ ॥
આદર તેણે દીધા ઘણા, શાકને ભોજન દીધ;
અવસર જોઈ ભેટણું, દુર્યોધન રાજાનું કીધ ॥ ૧૨ ॥

માટે હે દેવ તમે ત્યાં જઇ એટલી અમારી સેવા બજાવી લાવો. તે સાંભળી ત્રીકમજી (વિષ્ણુ] કહેવા લાગ્યા કે, તે તમારૂં કામ હું તુંરત કરી આવીશ ॥ ૧૦ ॥ પછી ત્યાંથી શ્રી કૃષ્ણ દૂતપણું સ્વીકારી હસ્તિનાપુર ગયા, અને ત્યાં દાસિપુત્ર વિદુરજીને ઘેર ઉતર્યા, ત્યાં તેઓને ઘણું માન મળ્યું ॥ ૧૧ ॥ વિદુરજીએ તેઓને આદર-માન સહિત ભોજન કરાવ્યું, અને અવસર જોઇને દુર્યોધનનો મેળાપ કરાવી આપ્યો. ૧૨

કૌરવે માન દીધાં ઘણાં, પૂછયું કેમ આવ્યા કાન;
નારાયણ તવ બોલીયા, સુણો વયણ અમારાં તાન ॥ ૧૩ ॥
દૂત થઈ અમે આવીયા, કરજો પાંડવશું પ્રીત;
નગર પાંચ લેઓ તુમે, સેવા કરજો એ રીત ॥ ૧૪ ॥
બોલ અમારો માનજો, સબલા પુરૂષના પાય;
સત્ય વચન કહું છું અમે, નહીં તો મરાસો રાય ॥ ૧૫ ॥

ત્યાં કૌરવોએ તેમને ઘણું માન આપી પૂછયું કે, હે કાન! તમે અહીં શા માટે આવ્યા છો? તે સાંભળી શ્રી કૃષ્ણ કહેવા લાગ્યા કે, હે કૌરવો; તમો સાંભળો! ૧૩ હું અહીં પાંડવોનો દૂત થઇને આવ્યો છું, માટે તમે પાંડવોથી પ્રિતિ કરીને રહો, અને પાંચ નગર તમે રાખો, અને એની સેવા કરજો ॥ ૧૪ ॥ મારૂં કહેવું માનીને તમે એ બળવાન પુરૂષના ચરણનું સેવન કરો, હું તમોને ખરૂં કહું છું, જો નહીં માનો તો પછી મરવું પડશે. ॥ ૧૫ ॥

દુર્યોધન તવ બોલીયા, કેહું પાંડવનાં ઠામ;
વિષ્ણુ એવું મત કહો, નીચ કરમનાં કામ ॥ ૧૬ ॥
નાઠા પાંચે પાંડવ તિહાં, પેઠા તુમારે ગેહ;
કાજ કરો તેહનાં ઘણાં, દૂત થઇ આવ્યા જેહ ॥ ૧૭ ॥

બીજું અઘટતું તમે કર્યું, નીચ ઘરે ભોજન કીધ;
દાસી પુત્ર વિદુર ઘરે, ભુંડાપણું તે લીધ ॥ ૧૮ ॥

એવું સાંભળી દુર્યોધન કહેવા લાગ્યો કે, હું તો પાંડવોના રહેવાનાં સ્થાનકોનો પણ નાશ કરૂં એવો છું, માટે હે વિષ્ણુ! એવા નીચ કામોની તમો વાત પણ નહીં કરતા ॥ ૧૬ ॥ અહીંથી તે પાંચે પાંડવો નાશીને તમારે ઘેર છુપાણા, તેના તમે દૂત થઇને કામ કરવા આવ્યા લાગો છો ॥ ૧૭ ॥ વળી તમે દાસીપુત્ર વિદૂરજીને નીચ ઘરે ભોજન કરી અઘટતું કરીને તમે ભુંડા પણું લીધું છે ॥૧૮॥

પાંડવ દૂત થઈ આવીયા, ઠાકોર ફીટી થયા દાસ;
કઠિણ બોલ તુમે કહ્યા, ફેડું તુમ તણા વાસ ॥ ૧૯ ॥
પાંડવને કહેજો તુમે જઇ, કરજો સંગ્રામની ત્યારી;
ઢાલ દશમી પેહેલા ખંડની, નેમવિજયે કહી સારી ॥ ૨૦ ॥

વળી તમે ઠાકોર (રાજા) મટીને પાંડવોનાં કાસદ થઈ તેના દાસ થયા, વળી તમોએ અમોને પણ હલકાં વચનો કહ્યાં છે, માટે તમારા સંસ્થાનકોનો અમો નાશ કરશું ॥ ૧૯ ॥ માટે હવે અત્રેથી જઈ પાંડવોને કહેજો કે, તેઓ રણસંગ્રામ કરવાને તૈયાર થાય, એવી રીતે નેમવિજયજી મહારાજે પેહેલા ખંડની દશમી ઢાલ કહી. ૨૦

## દુહા.

સાંભળી નારાયણ વયણ, આવ્યા નિજ આવાસ; પાંડવ તેડી એમ કહે, હવે જુધ કરશું તાસ ॥૧॥ કટક કરી ચાલ્યા તિહાં, કૌરવ ઉપર તેહ; અર્જુન કહે કેશવ સુણો, રથ ખેડો તુમે એહ ॥૨॥ સારથી થાજો અમ તણા, અમે થાશું ઝુઝાર; કૌરવ તણાં કટક ભણી, માથે પડશે માર ॥ ૩ ॥

એવી રીતે કૌરવોનાં વચનો સાંભળીને નારાયણ પોતાને સ્થાનકે (દ્વારિકામાં) આવી પાંડવોને બોલાવી કહેવા લાગ્યા કે, હવે આપણે તેઓની સાથે લડાઇ કરશું ॥૧॥ પછી ત્યાંથી લશ્કર એકઠું કરી તેઓ કૌરવ ઉપર સ્વારી કરવાને ચાલ્યા, ત્યારે અર્જુને શ્રી કૃષ્ણને કહ્યું કે આ રથ તમે ખેડો? ॥ ૨ ॥ તમે અમારા સારથી થાઓ, અને અમે લડવૈયા થઇશું; જેથી કૌરવના લશ્કરના માથાપર માર પડશે. ૩

ગોવિંદે ત્યાં હા ભણી, રથ ચડી બેઠા ત્યાંહિં; રાસ પરોણો કર ગ્રહી, હવે રથ ખેડે આંહિ ॥ ૪ ॥ કૌરવ સેનાં ઉપરે, માર પડી તેણી વાર; પાંચ પાંડવ જય પામીયા, જગમાં જસ વિસ્તાર ॥ ૫ ॥ જીતી નિજ ઘર આવીયા, પહોતા નિજ નિજ ઠામ; કથા પુરાણે તે કહી, મનોવેગ કહે તમામ ॥૬॥

તે સાંભળી શ્રી કૃષ્ણે હા પાડી, અને રથ ઉપર બેસીને, હાથમાં રાસ તથા પરોણો લઇને રથ હાંકવા લાગ્યા ॥ ૪ ॥ પછી આખરે કૌરવોની સેના હારી, અને પાંચે પાંડવો જીતીને જગતમાં ઘણીજ કીર્તિ પામ્યા ॥ ૫ ॥ એવી રીતે જીત કરીને

સઘળાઓ પોતપોતાને સ્થાનકે ગયા, એવી રીતે પુરાણની વાતો મનોવેગે ત્યાં કહી સંભળાવી ॥ ૬ ॥

બ્રાહ્મણ સહુકો સાંભળો, પાંડવ દૂત મોરાર; ગાડીત કરમ કર્યો સહી, નીચ કરમ આચાર ॥ ૭ ॥ નારાયણ રૂખમણી બંને, જોતરી રથ દુરવાસાય; ચાબક ચોડે તેહને, કીધાં કાંણાં તાય ॥ ૮ ॥ વિશ્વલોક વિઠુલ તણાં, સુરરૂષિ પૂજે પાય; રથ ખેડે તે કેમ ભણી, વિપ્ર વિચારો કાંય ॥ ૯ ॥

પછી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, એવી રીતે શ્રીકૃષ્ણે પાંડવોનું કાસદપણું કરી, ગાડી હાંકવાનું નીચ કામ આચર્યું ॥ ૭ ॥ વળી દુર્વાસા રૂષિએ શ્રી કૃષ્ણ અને રૂખમણીને રથમાં જોડીને વાંસામાં ચાબખાઓ મારીને, તેઓની પીઠ પણ કાંણી કરી નાખી હતી ॥ ૮ ॥ એવા શ્રી કૃષ્ણ કે જેને, દેવો તથા રૂષિઓ પણ નમસ્કાર કરે છે, તે વિષ્ણુ રથ શા માટે ખેડે? તેનો તમે જરા વિચારતો કરો? ૯

## ઢાળ અગીઆરમી.

ઈડર આંબા આંબલીરે ઇડર દાડિમ દ્રાખ, એ દેશી.

વિપ્ર વિચારો તુમે ભલારે, વિષ્ણુ વિગોળ્યો અપાર;
વેદ પુરાણે જે કહ્યુંરે, સત્ય વચન કહું સાર.
સજન જન મનસું કરોરે વિચાર. એ આંકણી. ॥ ૧ ॥
ભશ્માંગદ રૂષિ તપ કરેરે, ઈશ્વરનું ધરે ધ્યાન;
પંચાગ્ની સાધી ખરીરે, બાર વરસ ગયા માન. સ૦ ॥ ૨ ॥
વૃષભ ચડચા ઈશ ઉમીયાંરે, મારગ દીઠો તામ;
ગૌરી પૂછે ઈશ્વર ભણીરે; એ ધ્યાયે કેહનું નામ. સ૦ ॥ ૩ ॥

હે ઉત્તમ બ્રાહ્મણો તમે વિચારો કે, એવી રીતે વિષ્ણુને વેદ પુરાણોમાં વગોવ્યા છે, તે હું તમોને સત્ય કહું છું; તમે તે મનમાં વિચારો? વળી હે સજ્જન શ્રોતાજનો તમે પણ મનમાં વિચાર કરજો ॥ ૧ ॥ વળી ભશ્માંગદ નામે રૂષિએ પંચાગ્નિ તાપીને બાર વરષો સુધી મહાદેવનું ધ્યાન ધરી તપ કર્યો ॥ ૨ ॥ પછી એક દહાડો મહાદેવ, અને પાર્વતી બળદ પર બેસીને તે માર્ગે થઇ જતા હતા, તે વખતે પાર્વતીએ પૂછયું કે, આ રૂષિ કોનું ધ્યાન ધરે છે? ॥ ૩ ॥

મહાદેવ કહે સુણ નારી તુંરે, મુજને ધ્યાયે સહુ લોક;
ગૌરી ભણે તો શું એહનેરે, કેમ હોયે દર્શન ફોક. સ૦ ॥ ૪ ॥
તવ તુઠયા હર તપસીનેરે, માગો આપું વરદાન;
તપસી ચિંતે એ પાર્વતીરે, ત્રીભુવન માંહે નિધાન. સ૦ ॥ ૫ ॥

ત્યારે મહાદેવ કહેવા લાગ્યા કે, હે સ્ત્રી! સઘળા લોકો મારૂં ધ્યાન ધરે છે, ત્યારે પાર્વતીએ કહ્યું કે, જો એમ છે તો આ રૂષિનું દર્શન ફોગટ કેમ જાય? (અર્થાત એને કંઇક પણ વરદાન આપવું જોઇએ) ॥ ૪ ॥ ત્યારે મહાદેવે ખુશીથી તે તાપસને કહ્યું કે,

તું કંઈક પણ વરદાન માગ? ત્યારે તાપસ મનમાં વિચારવા લાગ્યો કે, આ પાર્વતી ત્રણ ભુવનોમાં ઉત્તમ સ્ત્રી છે ॥ ૫ ॥

શંકર મારી હું ભોગવુંરે, ભસ્માંગદ ભણે સાર;
જો તુઠયા આપો અમેરે, વંછિત ફલ દાતાર. સ૦ ॥ ૬ ॥
જેને માથે મુકું હાથડેરે, ભસ્મ થાસે બલી તેહ;
મહાદેવે દીધો વર ભલોરે, દાનવ પુંઠે થયો જેહ. સ૦ ॥ ૭ ॥

માટે શંકરને (મહાદેવને) મારીને આ પાર્વતી સાથે ભોગ વિલાસ ભોગવું, એમ વિચારી ભસ્માંગદ ઋષિએ મહાદેવને કહ્યું કે, વાંછિત અર્થના દેનારા, જો તમે મારા ઉપર તુષ્ટમાન થયા હો તો, મને એવો વરદાન આપો કે, જેના ઉપર હું હાથ મુકું તે બળી જાય. પછી મહાદેવે વરદાન આપવાથી તે મહાદેવની પછવાડે પડ્યો. ।૬।૭।

ઈશ્વર નાઠા જાય સહીરે, તાપસે તવ કીધી કેડ;
ઈશ્વર ચિંતવે મનમાંહિરે, હાથશું ઘાલી મેં હેડ. સ૦ ॥ ૮ ॥
નાશીને કીહાં જાયવુંરે, પાપી લાગ્યો મુજ પુંઠ;
હું અજ્ઞાની ઘેલો થયોરે, નારી બોલે એને તુઠ. સ૦ ॥ ૯ ॥
સઘળા દેવ તુમે સાંભળોરે, હું દુઃખ પામું છું આજ;
દાનવને મારો તુમેરે, નવિ આપું વરરાજ. સ૦ ॥ ૧૦ ॥

પછી ત્યાંથી મહાદેવ દોડ્યા જાય છે, ત્યારે તાપસ તેની પાછળ પડ્યો. તે જોઈ મહાદેવ મનમાં ચિંતવવા લાગ્યા કે, આ તો મેં મારે હાથેજ મારા પગમાં હેડ ઘાલી ॥ ૮ ॥ હવે મારે ભાગીને જાવું તે કયાં? આ પાપી તો મારી પાછળ પડ્યો. હું કેવો મૂરખ બન્યો કે, સ્ત્રીને વચને આ પાપી ઋષિને મેં વરદાન આપ્યું ॥ ૯ ॥ પછી ત્યાં સઘળા દેવોને મહાદેવ કહેવા લાગ્યા કે, હે દેવો! આજે હું બહુ દુઃખ પામું છું, માટે એમાંથી મને ઉગારો? અને આજથી માંડીને કોઈ પણ દાનવને વરદાન આપીશ નહીં માટે તમે તેને મારો. ॥ ૧૦ ॥

બ્રહ્મા વિષ્ણુ પધારજોરે, એ પાપીનો કરો નાશ;
એક મૂરતિ ત્રિહુંની આપણીરે, વેગેં ધાઓ સહુ પાસ. સ૦ ॥ ૧૧ ॥
કેસવ જ્ઞાન વિચારિનેરે, ઈશ્વરની જાણી વાત;
પાર્વતી રૂપ કરી તદારે, દૈત્યનો કરવા ઘાત. સ૦ ॥ ૧૨ ॥
વેગે આવી દેવી ઉભીયાંરે, લીધું કંકણ તિણુ એવ;
હર ગૌરી દોય ઓલવ્યાંરે, ઘાલ્યું કંકણ કર દેવ. સ૦ ॥ ૧૩ ॥

હે બ્રહ્મા, હે વિષ્ણુ તમે બન્ને અત્રે આવીને આ પાપીનો નાશ કરો, કારણ કે, આપણ ત્રણેની એકજ મૂર્તિ (શરીર) છે, માટે તમે ઉતાવળા અત્રે આવો ॥ ૧૧ ॥ ત્યારે વિષ્ણુએ જ્ઞાનથી મહાદેવની વાત જાણીને, તે દૈત્યનો નાશ કરવા વાસ્તે પાર્વતીનું રૂપ અંગીકાર કર્યું ॥ ૧૨ ॥ એવી રીતે વિષ્ણુ પાર્વતીનું રૂપ લઈ આવી ઉભા, અને સત્ય મહાદેવ અને સત્ય પાર્વતીનો લોપ કરીને, તેના હાથમાં કંકણ પેહેરાવ્યું. ૧૩

રૂપ થયું પાર્વતી તણુરે, ઉમીયાં બોલી તેણી વાર;
કુણ રૂપ કુણ તમેં અછોરે, તાપસિને કહે તેણી વાર. સ૦ ॥ ૧૪ ॥
સાંભળો ગૌરી તુમે કહુંરે, ભસ્માસુર મારૂં નામ;
બાર વરસ તપ આચર્યાંરે, શંકર તુઠયા તામ. સ૦ ॥ ૧૫ ॥
તેહ પ્રસાદે હર મારસુરે, ભોગવસું તુમ દેહ;
હસી કરી ગૌરી ભણેરે, સાંભળો સ્વામી કહું તેહ. સ૦ ॥ ૧૬ ॥

એવી રીતે પાર્વતીનું રૂપ થયું, અને તે તાપસને કહેવા લાગી કે, તમે કોણ છો? ॥ ૧૪ ॥ ત્યારે તે તાપસ કહેવા લાગ્યો કે, મારૂં નામ ભસ્માસુર છે. મેં બાર વર્ષો સુધી તપ કર્યો, ત્યારે મહાદેવ મારા ઉપર તુષ્ટમાન થયા છે ॥૧૫॥ માટે તે મહાદેવનીજ મેહેરબાનીથી મહાદેવને મારશું, અને તમારી સાથે ભોગ વિલાસ ભોગવશું; તે સાંભળીને પાર્વતી હસીને બોલ્યાં કે, હે સ્વામિનાથ હું કહું તે તમે સાંભળો! ॥ ૧૬ ॥

ઇશ્વર મુજને નવી ગમેરે, બાંડે વૃષભ ચડી જાય;
ભસ્મ લગાવે દેહનેરે, ભાંગ ધંતુરો ઘણો ખાય. સ૦ ॥ ૧૭ ॥
સર્પતણા હાર કોટમાંરે, કિન્નરી વાયે નિજ હાથ;
કાખ ઝોળી ભીક્ષા ભમેરે, મૂઢ થઈ ઘાલે બાથ. સ૦ ॥ ૧૮ ॥
ઘર અને હાટ એને નહીંરે, મસાણ ગુફા નિજ વાસ;
નાગો બીહામણો દિસતોરે, ગંધાયે એહનો સાસ. સ૦ ॥ ૧૯ ॥

મને મહાદેવ બીલકુલ ગમતા નથી; કારણ કે તે બાંડા બળદ ઉપર બેસે છે, શરીર ઉપર રાખ લગાવે છે, અને વળી ભાંગ, ધતુરો આદિક કેફી વસ્તુઓ ખાય છે. ૧૭ વળી ગળામાં સર્પોનો હાર પેહેરે છે, વળી હાથમાં સારંગી લઇ વગાડે છે, વળી કાખમાં ઝોળી લઇ ભીખ માગે છે, મૂઢની માફક જ્યાં ત્યાં હાથ ઘાલતા ફરે છે. ૧૮ વળી એને કંઇ ઘરબાર કે હાટ (દુકાન) છે નહીં, હમેશાં મસાણમાં ગુફામાં જઇ રહે છે, વળી તે નગ્ન રહે છે, અને તેથી બીહામણો લાગે છે, વળી તેનો શ્વાસો-શ્વાસ પણ દુર્ગંધ મારે છે ॥ ૧૯ ॥

દીઠા આંખે નવી ગમેરે, ઇશ્વરનો સંજોગ;
આ મનમાં માહરે હતોરે, રૂષિ શું માનસું ભોગ. સ૦ ॥ ૨૦ ॥
એ ધૂરત નાસી ગયોરે, આપણને હુઓ રંગ;
ઇંદ્ર તણાં સુખ માણશુંરે, વંછિત ફળે વળી ચંગ. સ૦ ॥ ૨૧ ॥
મનમાંહે આણંદ ધરીરે, જો કરો નાટિક સ્વામિ;
તો મુજને સંતોષ હોયેરે, ભોગવીએં ભોગ કામિ. સ૦ ॥ ૨૨ ॥

માટે એવી રીતના મહાદેવનો સંયોગ મને આંખે દીઠો પણ ગમતો નથી, અને મારા મનમાં એમજ હતું કે, તેને છોડી દેવો, માટે આજે તમો મળ્યાથી તમારી સાથે હવેથી ભોગવિલાસ ભોગવશું ॥ ૨૦ ॥ એ ધુતારો અહીંથી નાશી ગયો,

તેથી આપણને અત્યંત મજા પડી. માટે હવે ઇંદ્ર સરખાં સુખ માનીને ઇછિત કામો કરશું ॥ ૨૧ ॥ હવે હે સ્વામિનાથ તમે મનમાં આનંદ લાવીને જો મારી પાસે નાટક (નાચ) કરો, તો મને ઘણોજ સંતોષ થશે, અને પછી આપણે મન ગમતાં સુખ ભોગવીશું ॥ ૨૨ ॥

તાપસી વચન અંગીકરીરે, ઇશ્વર વેષ ધરી તેહ;
ઉમીયાં આગળ નૃત્ય કરેરે, તાન માન ગુણ ગેહ. સ૦ ॥ ૨૩ ॥
જિમ જિમ ઉમીયાં શીખવેરે, તેમ નાચે રૂષિ સાર;
મસ્તક હાથ મુકાવીયોરે, તાપસ બળી થયો છાર. સ૦ ॥ ૨૪ ॥
તેણે અવસર તિહાં આવીયોરે, ભૂપ વિરોચન નામ;
ગૌરી રૂપ દેખી કરીરે, હરખ પામ્યો નૃપ તામ. સ૦ ॥ ૨૫ ॥

તાપસીએ તેનું વચન માનીને, મોહાદેવનું રૂપ ધારણ કરીને, પાર્વતી આગળ ગાન અને તાન સહીત નાચવા માંડયું ॥ ૨૩ ॥ એવી રીતે પાર્વતીના શીખવ્યા મુજબ રૂષિ નાચવા લાગ્યો, અને તેમ કરતાં મસ્તક ઉપર હાથ મુકાવવાથી તાપસ બળીને ભસ્મ થયો ॥ ૨૪ ॥ એટલામાં ત્યાં વિરોચન નામે રાજા આવી પહોંચ્યો, અને તે પાર્વતીનું રૂપ જોઇ તેણીના ઉપર મોહ પામ્યો ॥ ૨૫ ॥

તેડી નિજ ઘર લેઇ ગયોરે, રાત દિવસ માણે ભોગ;
નારાયણસું નેહ ધરીરે, સંસારનાં સુખ સંજોગ. સ૦ ॥ ૨૬ ॥
મનોવેગ બોલે તિહાંરે, જો જો ઇશ્વરનાં કામ;
પેહેલે ખંડે ઇગ્યારમીરે, નેમવિજય કહે તામ. સ૦ ॥ ૨૭ ॥

ત્યાંથી તે પાર્વતીને (વિષ્ણુએ રૂપ ધારણ કરેલી) પોતાને ઘેર લઇ જઇ રાત દહાડો તેની સાથે સુખ ભોગવવા લાગ્યો ॥ ૨૬ ॥ એવી રીતે મનોવેગ બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો તમે આ મહાદેવના કામો તો જુઓ? એવી રીતે નેમવિજયજીએ પેહેલા ખંડમાં અગ્યારમી ઢાળ કહી ॥ ૨૭ ॥

## દુહા.

બ્રાહ્મણ સાંભળજો તુમે, હરી રમે સ્ત્રીરૂપ; નાના ભૂષણ વસ્ત્ર
રસ, ચૂઆ ચંદનનો ચૂષ ॥ ૧ ॥ ફુલ તંબોલ સુગંધ બહુ,
વંછિત વિરોચન રાય; હાસ્ય વિલાસ રંગ રોલમેં, ઘણો કાળ
એમ જાય ॥૨॥ રહ્યો ગર્ભ કરમે કરી, પંચ માસે અઘરણી
કીધ; નાતિ જાતિ સંતોષિને, ગર્ભ મહોત્સવ સિધ ॥ ૩ ॥

હે બ્રાહ્મણો તમે સાંભળો કે, એવી રીતે વિષ્ણુએ સ્ત્રીનું રૂપ લઇને, વિરોચન રાજા સાથે, નાના પ્રકારના આભુષણો સહિત, વસ્ત્ર, ચુઆ, ચંદન, ફૂલ, તંબોળ તથા સુગંધિ પદાર્થો સહિત હાસ્ય વિલાસ આદિકમાં પોતાનો કેટલોક કાળ ગુમાવ્યો. ॥૧॥૨॥ ત્યાં સ્ત્રી રૂપ વિષ્ણુને ગર્ભ રહ્યો, તથા પાંચ મહીને અઘરણી કરીને નાત જાત આદિકને ભોજન આદિકથી સંતોષી ગર્ભ મહોચ્છવ સિધ કીધો ॥ ૩ ॥

એક દિન નારદ આવીયા, દીઠી નારી સ્વરૂપ; જ્ઞાન બલે વિચારીયું, દામોદર એહ રૂપ ॥૪॥ આણંદ થયો રૂષિને ઘણો, કૈતુક જોસું એહ; બ્રહ્મા શંકર સોધે સહુ, જાઈ કહેશું તેહ ॥ ૫ ॥ સહસ્ત્ર અઠયાસી રૂષિસ્વરે, શોધ્યા વિષ્ણુ સોય; સકલ દેવ જોયા સહુ, (પણ) કેશવ ગોત ન કોય ॥ ૬ ॥

ત્યાર પછી એક દિવસ નારદ રૂષિ ત્યાં આવ્યા, અને જ્ઞાન બળથી વિચારી જોયું તો, શ્રી વિષ્ણુજીને સ્ત્રી રૂપે અહીં જોયા ॥ ૪ ॥ તે જોઈ નારદ રૂષિને આનંદ થયો, અને વિચારવા લાગ્યા કે, બ્રહ્મા તથા શંકર જે વિષ્ણુને શોધે છે, તેને જઇને કહીશું, અને પછી શું બને છે, તે કૈતુક જોઈશું ॥ ૫ ॥ હવે અહીં, અઠ્યાસી હજાર રૂષિઓએ, તથા દેવતાઓએ શોધ કર્યા છતાં પણ વિષ્ણુનો ક્યાંએ પણ પતો મળ્યો નહીં ॥ ૬ ॥

નારદ તિહાંથી ચાલીયા, (રૂષિ) દેવને કીધ પ્રણામ; દામોદરે દેખાડીએ, જેમ સરે તુમારૂં કામ ॥૭॥ બ્રહ્માદિકને તેડીયા, વિરોચન પટસાલ; રૂષિ દેવ ભેળા મળ્યા, જોવા કાજ તતકાલ ॥૮॥ ઘરમાંથી રાય નિકળી, બ્રહ્માદિકને પાય; કહો સ્વામિ કેમ આવીયા, સફલ જમારો થાય ॥ ૯ ॥ નારદ બોલ્યા તતખિણે, વિરોચન સુખની ખાણ; તુમ ઘરણીને જોઈને, અમને સફલ વિહાણ ॥ ૧૦ ॥

પછી ત્યાંથી નારદે જઇ રૂષિ તથા દેવોને પ્રણામ કરીને કહ્યું કે, હું તમોને વિષ્ણુ દેખાડી આપું, કે જેથી તમારૂં કામ સિદ્ધ થાય. ॥ ૭ ॥ પછી ત્યાં બ્રહ્મા આદિકને તેડીને સઘળા રૂષિઓ અને દેવતાઓ વિરોચન રાજાને ઘેર, તે કામ જોવા વાસ્તે એકઠા થયા ॥ ૮ ॥ તે સઘળાઓને આવેલા જોઇ, વિરોચન રાજાએ ઘરમાંથી નિકળી બ્રહ્મા વિગેરેને પગે લાગી કહ્યું કે, હે સ્વામિ! તમો અહીં કેમ આવ્યા! આજ તો અમારો જન્મ સફળ થયો ॥ ૯ ॥ તે સાંભળી નારદ એકદમ બોલી ઉઠયા કે, હે વિરોચન તું તો મહા સુખીઓ છે, તમારી સ્ત્રીને જોવાથી અમારો આજનો દહાડો અમે સફળ માનીએ છીએ ॥ ૧૦ ॥

## ઢાલ બારમી.

પુલડી તે કાજલ સારે, એતો ભમર નજારાં મારે રાજ; એતો પુલડીનો રૂપ રંગ જોજો. એ દેશી.

રાજાએ તવ આણી નાર રાજ, કર કાંકણ છોડયું તેણી વાર રાજ;
તુમે સાંભળજો સહુ કોઇ. એ આંકણી.
નારાયણ હુવા તવ ત્યાર, રા. વિસ્મય પામ્યા લોક અપાર. રા. તું. ૧
એક કહે કારણ કેસ્યું, રા. નાંહી જેવડું પેટજ એસ્યું; રા૦ તું૦
એક કહે નારાયણ નોહે, રા. વિપરીત રૂપ સહિ સોહે. રા૦ તું૦ ॥૨॥

એક કહે ગોવિંદની લીલ, રા. દેવ ચરિત્ર જાણે નવિ સીલ; રા૦ તું૦
એક કહે કેમ વાધ્યું પેટ, રા. જઈ પૂછીએ રાજાને ઠેઠ. રા૦ તું૦ ॥૩॥

પછી રાજાએ ત્યાં સ્ત્રીને બોલાવી, અને તેના હાથેથી કંકણ છોડવાથી તેજ વખતે તે વિષ્ણુ રૂપે પ્રગટ થયા, અને તે જોઇ સઘળા લોકો આશ્ચર્ય પામ્યા ॥ ૧ ॥ તે જોઇ કોઇ એમ કહેવા લાગ્યું કે, આ તે શું? આનું પેટ ઘડા જેવું કેમ છે? વળી કોઇ તો કહે કે, એ વિષ્ણુનું રૂપજ નહીં, કારણ કે આવું ઉલટું રૂપ તેનું હોયજ નહીં ॥ ૨ ॥ વળી કોઇ કહે કે, એ તો વિષ્ણુની લીલા છે, કારણ કે દેવનું ચરિત્ર આપણે જાણીજ ન શકીએ, વળી કોઈ કહે કે, ચાલોને ઠેઠ રાજાનેજ જઇને પૂછીએ કે, આનું પેટ તે વધ્યું કેમ? ॥ ૩ ॥

તવ પૂછ્યા વિરોચન રાજ, રા. તુમે શું કીધું એહ અકાજ; રા૦ તું૦
વિષ્ણુ તણું વધાર્યું પેટ, રા. પાપે કરી બસો તુમે હેઠ. રા૦ તું૦ ॥૪॥
રાજા તવ ઝાંખો થયો ત્યાંહિં, રા. કાળું મુખ લેઇ ગયો ઘરમાંહીં; રા.
દુઃખ સોગ કરે અપાર, રા. હું કેમ છુટીશ એહ સંસાર. રા૦ તું૦॥૫॥
હર બ્રહ્માએ તેડ્યા તામ, રા. વિષ્ણુ દેવ પધારો આમ; રા૦ તું૦
કહો કારણ હુવું છે કેહવું, રા. વિપરીત રૂપ દીસે એહવું. રા૦ તું૦ ૬

પછી વિરોચન રાજાને તેઓ કહેવા લાગ્યા કે, આ તમે નીચ કામ શું કર્યું? આ વિષ્ણુનું પેટ કેમ વધાર્યું? આ પાપોથી તમારે નરકમાં જવું પડશે ॥ ૪ ॥ તે સાંભળી રાજા ઝખવાણો પડી જઇ, મોઢું નીચું કરી ઘરમાં પેસી ગયો, અને અત્યંત દુઃખી થઇ ખેદ કરવા લાગ્યો કે, આ સંસારમાંથી હવે છુટીશ કેમ? ॥૫॥ પછી મહાદેવ તથા બ્રહ્માએ વિષ્ણુને બોલાવી કહ્યું કે, આ બાજુપર આવીને કહો કે, આ શું કારણ બન્યું છે? અને આમ તમારૂં વિપરીત રૂપ કેમ થયું છે ॥૬॥

નારાયણે કહ્યું તવ માંડી, રા. શરીર વિતક જેવું લહ્યું છાંડી; રા૦ તું૦
ખડખડ તે સહુ હસીયા, રા. સાંભળી વાત અચંબે વસીયા. રા. તું. ૭
મહાદેવે હાકોટ્યા અતિ ઘણા, રા. કાળા મુખ હુઆ તેહ તણા; રા.
દેવ દામોદર ત્રિભુવન રાય, રા. સહુકો લાગે એહને પાય. રા૦ તું૦ ૮
પ્રીછ્યા વચન મહેસર મળી, રા. પૂજ્યા પાય નારાયણનાં વળી; રા૦
ક્ષમા કરજો સ્વામી હે દેવ, રા. અમે અપરાધી હુવા તતખેવ. રા. તું ૯

એવી રીતે તેઓએ પુછવાથી નારાયણે (શ્રી વિષ્ણુએ) પોતે જ્યારથી શરીર છોડ્યું (પાર્વતીનું રૂપ લીધું) ત્યાર પછીની સઘળી હકીકત્ત કહી બતાવી, તે સાંભળી સઘળા આશ્ચર્ય સહિત ખડખડ હસવા લાગ્યા ॥ ૭ ॥ તેઓને મહાદેવે ધમકાવ્યાથી ઝાંખા પડી ગયા, અને સર્વેએ ત્રિભુવનપતિ વિષ્ણુને પગે પડી નમસ્કાર કર્યા ॥ ૮ ॥ વળી મહાદેવે પણ વિષ્ણુની વચનથી સ્તુતિ કરીને, તથા તેને નમસ્કાર કરીને કહ્યું કે, હે સ્વામિ, અમે તમારા અપરાધી છીએ, માટે હવે ક્ષમા કરજો ॥ ૯ ॥

સઘળા મળી વિમાસણ કરે, રા. ગર્ભ કાઢસું હવે કેણી પરે; રા૦ તું૦
બ્રહ્મા શંકર બોલ્યા ભેદ, રા. જાંગ વાઢી કરી કાઢો છેદ. રા૦ તું૦૧૦
તેહ વચન મનમાં ધરી, રા. દેવ સઘળે હાસ્યજ કરી; રા૦ તું૦
જોર કરી કાઢયું છોકરૂં, રા. તે કારણ બળી નામજ ધર્યું. રા.તું. ૧૧
વિષ્ણુ સદન વૈકુંઠજ થયા, રા. દેવ સહુ નિજ ઠામજ ગયા; રા૦ તું૦
મનોવેગ કહે કહ્યો સંખેવ, રા. અવર પુરાણ સાંભળજો હેવ. રા.તું.૧૨

પછી સઘળાઓ બેશી વિચાર કરવા લાગ્યા કે, હવે આ ગર્ભને કેવી રીતે બાહાર કહાડશું? તે સાંભળી બ્રહ્મા અને શંકર બોલી ઉઠ્યા કે, તેની સાથળ ચીરીને તેમાંથી કહાડો. ૧૦ તે વચન સાંભળી સઘળા દેવતાઓ હસવા લાગ્યા, પછી જોર કરીને વિષ્ણુનાં શરીરમાંથી છોકરૂં કહાડયું, તેથી તેનું નામ "બલિ" પાડયું ॥ ૧૧ ॥ પછી વિષ્ણુ વૈકુંઠમાં ગયા, તેમ સઘળા દેવો પણ પોતપોતાને સ્થાનકે ગયા; એવી રીતે મનોવેગ બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો એ ટુંકામાં વાત કહી, વળી બીજી પણ પુરાણની વાતો સાંભળજો. ॥ ૧૨ ॥

બલિરાજા બલવંતો જામ, રા. રાજ રિદ્ધિ પામ્યો તેણે ઠામ; રા૦ તું૦
અપૂરવ ઇંદ્ર થવા તણી, રા. ઇચ્છા ઉપની મનમાં ઘણી. રા૦ તું૦૧૩
જગન માંડયો હવે તેણે ક્ષિપ્ર, રા. અનેક તેડાવ્યાં ત્યાં વીપ્ર; રા૦તું૦
હોમ હુતાશન પરજલે, રા. પુણ્યદાન દે જે નર મલે. રા૦ તું૦ ॥૧૪॥
જાગ નવાણું થયા જવ પૂરા, રા. કંપ્યું ઇંદ્રાસન થઇ સનુરા; રા૦તું૦
જ્ઞાને કરી વિચાર્યું જેહ, રા. મુજ પદવી લેસે સહી તેહ. રા. તું. ૧૫

હવે તે બલીરાજા જ્યારે રાજરિદ્ધિ પામીને બળવાન થયો ત્યારે તેને, મનમાં મોટો ઇંદ્રિ થવાની ઇચ્છા થઇ ॥ ૧૩ ॥ તેણે તુરત મોટો યજ્ઞ માંડયો, અને અનેક બ્રાહ્મણોને ત્યાં તેડાવ્યા તથા હોમ હવન કરવા લાગ્યો, અને જે માણસ મળે તેને પુણ્યદાન આપવા લાગ્યો ॥ ૧૪ ॥ એવી રીતે જ્યારે નવાણું યજ્ઞો પૂરા થયા, ત્યારે ઇંદ્રનું આસન કંપાયમાન થયું, અને તેથી ઇંદ્રિ વિચાર્યું કે, આ તો મારી પદવી લેઈ લેશે! ॥ ૧૫ ॥

વિષ્ણુ મંદિર મથવા ગયો, રા. સાંભળ ગોવિંદ વાત ઉભયો. રા૦ તું૦
બલિરાજા જગન બહુ કરે, રા. મુજ પદવી તણો ઘાતજ હરે. રા.તું.૧૬
કૂડ રચો જગનાથ દેવ, રા. નાશ કરો દૈત્ય તણો તતખેવ; રા૦ તું૦
બલિને છલો કરીને ઉપાય, રા. આશ પુરો મનોરથ થાય. રા.તું. ૧૭
કૃપા કરી બોલ્યા તવ હરી, રા. જાઓ તુમે આપણે ઠામ ફરી. રા.તું.
નીજ પદવી ભોગવો જાઇ, રા. અમે કરશું કામ તુમ સાઇ. રા.તું. ૧૮

એવું વિચારી ઇંદ્ર વિષ્ણુને ઘેર ગયા, અને તેને કહેવા લાગ્યા કે, બલિરાજા હમણાં ઘણાં યજ્ઞો કરે છે, અને મારી પદવી લેવાની ઇચ્છા કરે છે ॥ ૧૬ ॥ માટે હે જગનાથ તમે કાંઇક કપટ ક્રીયા કરીને તે બલિ દૈત્યનો નાશ કરો? અને મારા

મનોરથ પૂરે ॥ ૧૭ ॥ એવાં ઈંદ્રનાં વચન સાંભળીને વિષ્ણુ બોલ્યા કે, તમે તમારે સ્થાનકે સુખેથી જાઓ, અને તમારી પદવી સુખે ભોગવો; હું તમારૂં કામ તુરત કરી આપીશ ॥ ૧૮ ॥

રચ્યો દામોદરે વિચાર, શા. કાશ્યપ રૂષિ તસ નાર. શા૦ તું૦
આદિતિ નામે કહી નાર, શા. તેહની કુખે લિયો અવતાર. શા. તું. ૧૯
જાણીયે ત્રેતાયુગ માંહીં, શા. વામન રૂપ ધરી ઉચ્છાંહીં; શા૦ તું૦
પેહેલે ખંડે બારમી ઢાલ, શા. નેમવિજય કહે તેણુ તાલ. શા૦ તું૦ ૨૦

એમ વિચાર કરીને વિષ્ણુએ કાશ્યપ રૂષિની સ્ત્રી આદિતિની કુખે જઈ અવતાર લીધો ॥ ૧૯ ॥ એવી રીતે ત્રેતાયુગમાં આનંદથી વિષ્ણુએ વામન રૂપનો અવતાર લીધો, એવી રીતે નેમવિજયજી મહારાજે પેહેલા ખંડમાં બારમી ઢાલ કહી ॥૨૦॥

## દુહા.

લિયો અવતાર એ પાંચમો, વસિષ્ટ ગુરૂ છે તાસ; નિત્ય નમે તે ગુરૂ ભણી, રાખીને વિશ્વાસ ॥૧॥ ભૃગુ ક્ષેત્ર ભણી ચાલીયો, બાંધવા બલિને ઉપાય; જાગ મંડપમાં આવીયો, સો સજ્જન પુંઠે થાય ॥૨॥ હાથ પાય ટુંકા અછે, ધોતકષાંબર અંગ; ચુયાંચલી ભાલી કાછડી, મસ્તક ફાલીઉં ચંગ ॥૩॥

એવી રીતે વિષ્ણુએ કાશ્યપ રૂષિને ઘેર પાંચમો અવતાર લીધો, અને ગુરૂપણે વસિષ્ટ રૂષિ ઉપર વિશ્વાસ રાખી તેને હમેશા નમસ્કાર કરવા લાગ્યા ॥ ૧ ॥ પછી ત્યાંથી બલિ રાજાને બાંધવા વાસ્તે તે વામન રૂપ ધારી વિષ્ણુ ભૃગુ ક્ષેત્ર તરફ ચાલ્યા, અને ત્યાં યજ્ઞ મંડપમાં ગયા; વળી તે વખતે ઘણા લોકો તેની પછવાડે ચાલતા આવ્યા ॥ ૨ ॥ તે વામનના હાથ તથા પગો ટુંકા છે, વળી ભગવા ધોએલા વસ્રો તેણે પેહેર્યાં છે, તથા ધોતીઆની કાછડી વાળીને માથે ફાળીઉં વિટેલું છે ॥૩॥

છાગ લીયો કર એકવડો, દર્ભ દુર્વા વલી લીધ; કંઠ જનોઈ નિરમલી, કસવટે ટીપણું કીધ ॥ ૪ ॥ દ્વાદશ તિલક કર્યાં ભલાં, ચાર ભણે મુખ વેદ; અચંભ્યા દ્વિજ દેખીને, અપર વચન હુવા છેદ ॥૫॥ કાઠીયરે પૂછચો વામણા, કહોજી સ્વરૂપ તુમ દેવ; દ્વિજ બોલ્યો ભાઇ આવીયો, જાચવાને બલિ હેવ. ૬ હું ભીખારી બ્રાહ્મણો, અમને મેલવો ભૂપ; રખવાલે જઈ વિનવ્યું, વામન કહ્યું સ્વરૂપ ॥ ૭ ॥

વળી હાથમાં એક મોટો બકરો લીધો, તથા સાથે દર્ભ (એક જાતનું ઘાંસ) અને દુર્વા વિગેરે લીધા, તેમ ગળામાં પવિત્ર જનોઇ પેહેરીને કસે ટીપણું લટકાવ્યું ॥ ૪ ॥ વળી અંગ ઉપર બાર તિલક કર્યાં, મોઢેથી ચાર વેદ ભણવા લાગ્યા, તેથી બીજાના વચનોને વ્યાઘાત થવાથી બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા ॥ ૫ ॥ મંડપમાં જાતાં છડીદારે તેને રોકીને પુછયું કે ભાઇ, તમારે શું કામ છે? ત્યારે તે વામન બ્રાહ્મણે કહ્યું

કે, હું બલિરાજા પાસે દાન લેવા આવ્યો છું ॥ ૬ ॥ હું એક ભીખારી બ્રાહ્મણ છું, મને રાજાનો મેલાપ કરાવી આપો? એવા તેના વચનો સાંભળીને છડીદારે રાજા પાસે તે વામનની હકીકત જાહેર કરી ॥ ૭ ॥

બલિ આવ્યા વામન કને, વેદ સુણી હરખ્યો ચિત્ત; કર જો-
ડીને બલી ભણે, માંગો વંછિત વિત્ત ॥૮॥ દેશ ગામ માગો
ઘણાં, માગો મંદિર કલત્ર; ગાય ભેંસ માગો દૂઝતી, ગજ
રથ ઘોડા છત્ર ॥૯॥ મણિ માણિક મોતી ઘણાં, ભૂ કનક રૂપુ
ફાર; શુક્ર ભણે સાંભળ બલિ, વિપ્ર નહીં એ સાર ॥૧૦॥

પછી બલિરાજા વામન પાસે આવીને, તેના મુખથી ચાર વેદો સાંભળીને આનંદથી હાથ જોડીને તેને કહેવા લાગ્યો કે, તમારે દેશ, ગામ, મંદિર, સ્ત્રી, દુઝતી ગાય, ભેંસ, હાથી રથ, ઘોડા, છત્ર, મણિ, માણેક, મોતી, જમીન, સોનું, રૂપુ વિગેરે જે કંઇ માગવું હોય તે માગો, એવી રીતે બલિને બોલતો સાંભળી શુક્રાચાર્ય કહેવા લાગ્યા કે, હે રાજા, એ બ્રાહ્મણ નથી ॥ ૮ ॥ ૯ ॥ ૧૦ ॥

## ઢાલ તેરમી.

વીર વખાણી રાણી ચેલણાજી. એ દેશી.

વામન રૂપ ધરી કેશવેજી, કપટ કરી માગે દાન;
છેતરસે તુને છલ કરીજી, જજમાન ગઇ તુજ સાન;
સુરીજન સાંભળજો કથાજી. એ આંકણી. ॥ ૧ ॥
દાન મ દેજો એહનેજી, માનો અમારો તમે બોલ;
બલિ બોલ્યા મમ બોલનોજી, શુક્ર તમે નવી જાણો તોલ. સુ૦ ॥ ૨ ॥
વાસુદેવ જાચક થઇ આવીયાજી, ધન ધન મુજ અવતાર;
જે જોઇએ તે માગો વાંમણાજી, રાજ રિદ્ધિ આપું અપાર. સુ૦ ॥૩॥

શુક્રાચાર્ય બલિરાજાને કહેવા લાગ્યો કે, હે જજમાન આ વિષ્ણુ પોતે વામનનું રૂપ ધારણ કરીને, કપટથી તારી પાસે દાન માગવા આવ્યા છે, તે તુને કપટ ક્રિયાથી છેતરશે, માટે તારૂં ભાન ઠેકાણે કેમ નથી? ॥ ૧ ॥ માટે હે બલિરાજા, જો તમો મારૂં વચન માનો તો એને દાન આપશો નહીં. ત્યારે બલિરાજા કહેવા લાગ્યો કે, હે શુક્રાચાર્ય તમે હજુ મારા વચનનો તોલ જાણતા નથી. (અર્થાત મારૂં વચન કોઈપણ રીતે ફરે નહીં.) ॥ ૨ ॥ વળી આજે મારે ઘરે વિષ્ણુ પોતે ઉઠીને દાન લેવા આવ્યા છે, માટે મારો અવતાર ધન્ય છે; વળી હે વામનજી તમારે જે જોઇએ તે સુખેથી માગો, હું તમને રાજ્ય તથા અપાર ધન દોલત વિગેરે આપું ॥ ૩ ॥

વામન વાડવ બોલીયોજી, મારે નહીં બહુ કાજ;
મઢલી કરવાને કારણેજી, ત્રિણ ક્રમ દ્યો માહારાજ. સુ૦ ॥ ૪ ॥
આણી ઉદક કોરે કરવડેજી, દાન દીએ બલિ સાર;
જાચક મોટા શ્રીકંઠનેજી, હસ્તમાંહીં ધરે જલ ધાર. સુ૦ ॥ ૫ ॥

નાલુઓ મુકે રૂંધીયોજી, ડાભ ઘાલી ફોડયું નેત્ર;
દાનવ ગુરૂ કાણો હુઓજી, સ્વસ્તિ કહો દ્વિજ મિત્ર. સુ૦ ॥ ૬ ॥

તે સાંભળી વામન (વિષ્ણુ) બોલ્યા કે, મારે કંઈ વધારે જરૂર નથી, માત્ર મઢી કરવા વાસ્તે મને ત્રણ પગલાં જગ્યા આપો ॥ ૪ ॥ પછી કોરા કરવાળામાં (નાળવા વાળું વાસણ) પાણી લઈ બલિ રાજાએ તેના હાથમાં પાણીની ધાર કરી ॥૫॥ પણ એટલામાં શુક્રાચાર્યે નાળચું રૂંધી પાણી પડતું અટકાવ્યું, તે જોઈ બલિરાજાએ તેની આંખમાં ડાભ (ખડનો અણીઆળો ભાગ) ભોકવાથી તે કાંણો થયો, અને તે વામનજીએ પાણી લઇ સ્વસ્તિ કહ્યું ॥ ૬ ॥

નારાયણ અંગ વધારીયોજી, બ્રહ્મલોકે લાગ્યો શરીર;
ભૂમી સઘળી ભરી બેહુ ક્રમેંજી, એક ક્રમ માગે તે ધીર. સુ૦ ॥ ૭ ॥
બલી રાજાએ પુંઠ ધરસજી, વચન રાખવાને કાજ;
વૈકુંઠે પગ મૂકયો ત્રીજેજી, ચાંપવા લાગ્યો બલિરાય. સુ૦ ॥ ૮ ॥
તુષ્ટમાન હુવા જગ ધણીજી, સેવકને સુખ થાય;
વામન રૂપ કરી આવીયાજી, જય જય હુવા જગમાંય. સુ૦ ॥ ૯ ॥

પછી વિષ્ણુએ પોતાનું શરીર છેક બ્રહ્મલોક સુધી વધાર્યું, તથા આખી પૃથ્વી બે પગેથી ભરીને બલીરાજા પાસે એક પગલું જગા માગી ॥ ૭ ॥ ત્યારે બલિરાજાએ પણ પોતાનું વચન પાળવા વાસ્તે પોતાની પીઠ ધરી, ત્યારે વિષ્ણુએ તેનાપર પગ મુકવાથી તે દબાવા લાગ્યો ॥ ૮ ॥ પણ તેટલામાં વિષ્ણુ તેના પર તુષ્ટમાન થયા, તથા જગતમાં તેનો જેજેકાર થયો અને તે કહેવા લાગ્યો હું વિષ્ણુ પોતે વામન રૂપ કરીને આવ્યો છું, માટે હવે તારે જે જોઇએ તે માગ ॥ ૯ ॥

તુઠયા તો આપો દામોદરાજી, સેવા વરતી થાઓ સાર;
મુજ કિંકરપણું તમે કરોજી, કાઠી ધરી રહો બાર. સુ૦ ॥ ૧૦ ॥
મહા વિષ્ણુ સેવક થયાજી, કાઠી ધરી રહ્યા હાથ;
વચન બાંધ્યા દુખીયા થયાજી, કષ્ટ પામ્યા જગનાથ. સુ૦ ॥ ૧૧ ॥
દીવાળીયે છાણ તણોજી, બલિ રાણો કરે લોક;
ગોબર ઘરઘર થાપીએજી, કૃષ્ણ તણાં કરી ફોક. સુ૦ ॥ ૧૨ ॥

ત્યારે બલિરાજાએ કહ્યું કે, જો તમે તુષ્ટમાન થયા હો તો, હવે તમે મારા દાસ થઈ હાથમાં લાકડી રાખી મારા ઘરના બારણામાં રહી (દ્વારપાળ થઇ) મારી ચાકરી કરો ॥ ૧૦ ॥ એવી રીતે વિષ્ણુ વચનમાં બંધાણા થકા હાથમાં લાકડી રાખી દાસ થયા, એટલે જગતના નાથ તે પણ કષ્ટ પામ્યા ॥ ૧૧ ॥ તે દિવસથી લોકો દિવાળીને દીવસે છાણનો બલિરાજા બનાવીને તથા ઘરે ઘરે વિષ્ણુના ફોકટ રૂપ કરે છે ॥૧૨॥

વેદ પુરાણે કથા કહીજી, વિપ્ર જાણો તુમે ભેદ;
ખોટું કે સાચું હોયેજી, કહો વિચારી વેદ. સુ૦ ॥ ૧૩ ॥

વિપ્ર વચન વલતું કહેજી, ખોટું નહીંય લગાર;
વેદ પુરાણે ભાંખીયોજી, સત્ય વચન તુમ સાર. સુ૦ ॥ ૧૪ ॥
મનોવેગ વળી બોલીયોજી, સાંભળો વિપ્ર સુજાણ;
લોક કથા કહું એક ભલીજી, મધુરી સુલલિત વાણ. સુ૦ ॥ ૧૫ ॥

માટે હે વિપ્રો એવી રીતે વેદ પુરાણોમાં કથા કહી છે, માટે હવે તે વેદ પુરાણ વિગેરે વિચારીને કહો કે, તે વાત સાચી કે જુઠી છે? ॥ ૧૩ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, એ વાત જરા પણ ખોટી નથી, તમે જે કાંઇ કહ્યું તે સઘળું વેદ પુરાણમાં છે, તમારાં વચન સઘળાં સાચાં છે ॥ ૧૪ ॥ વળી મનોવેગ કહેવા લાગ્યો કે, હે સુજાણ બ્રાહ્મણો, વળી પણ હું તમોને એક ઉમદી લોક વાર્તા કહું છું તે સાંભળો ॥ ૧૫ ॥

દક્ષિણ દેશમાંહે ભલોજી, ગામ તે વસે કચ્છ નામ;
શ્રીપુરજી સુચિકાર છે તિહાંજી, નામો સુત સઇ કામ. સુ૦ ॥ ૧૬ ॥
શીપુરજી હરીભકત હવેજી, વિષ્ણુ દેહેરે નિત્ય જાય;
પંચામૃત થાલી કરીજી, તેહવિણ અન્ન ન ખાય. સુ૦ ॥ ૧૭ ॥
સીપુરજી પરગામ ચાલતાંજી, નામા સુતને દેઇ શીખ;
દામોદર દેરે જાજે સહીજી, જેમ તુજ ટલે ભવભીખ. સુ૦ ॥ ૧૮ ॥

દક્ષિણ દેશમાં કચ્છગામ નામે એક ગામ છે, ત્યાં શ્રીપુરજી નામે એક સુચિકાર (દરજી) રહેતો હતો, તેને નામો નામનો એક પુત્ર હતો, તે સઇનું કામ કરતો. ॥ ૧૬ ॥ તે શ્રીપુરજી વિષ્ણુનો ભક્ત હોવાથી, હમેશાં વિષ્ણુને મંદિર જઇને પંચામૃત (દૂધ, દહી, ઘી, મધ, સાકર) ભેગા કરી હમેશાં તેની થાલ પૂરે, અને તેમ કર્યા વિના અન્ન ખાય નહીં ॥ ૧૭ ॥ પછી એક દહાડે તે સીપુરજી પરગામ ગયા, અને પોતાના પૂત્ર નામાને કહી ગયા કે, હમેશાં વિષ્ણુને દેહેરે જઇ તેની પુજા કરજે કે જેથી તારી ભવની બીક નાશ પામશે ॥ ૧૮ ॥

પંચામૃત ભોજન દેજોજી, એમ કહી ચાલ્યો ગામ,
દૂધ લઇને નામો ગયોજી, હરીનું ઉચરે નામ. સુ૦ ॥ ૧૯ ॥
દૂધ લેઇને મુખ આગલેજી, કહે પીયો નારાયણ દેવ;
પાષાણ બિંબ બોલે નહીંજી, બાલક રડે પડે ખેવ. સુ૦ ॥ ૨૦ ॥
તવ હરીને દયા ઉપનીજી, દૂધ પીધું તતકાળ;
પેહેલે ખંડે ઢાલ તેરમીજી, નેમવિજય સુવિસાલ. સુ૦ ॥ ૨૧ ॥

વળી પંચામૃત ભોજન વિષ્ણુને આપજે, એમ કહીને સીપુરજી તો પરગામ ગયો; પાછળથી નામો દૂધ વિગેરે લઇ વિષ્ણુને મંદિર જઇ તેનું નામ બોલવા લાગ્યો. ૧૯ ત્યાં જઇ વિષ્ણુના મોં પાસે દૂધ ધરી કહેવા લાગ્યો કે, આ દુધ પીયો, પણ તે પથ્થરની (બિંબ) મૂર્તિ તો કંઇ બોલી નહીં, તેથી તે બાળક એકદમ રડવા લાગ્યો ॥ ૨૦ ॥ તે જોઇ વિષ્ણુને દયા આવવાથી તે વખતે તેણે દૂધ પીધું; એવી પેહેલા ખંડની તેરમી ઢાળ શ્રી નેમ વિજયજીએ કહી ॥ ૨૧ ॥

## દુહા.

સુચીકાર સીપુરજી, તેહનો સુત તતકાલ; તુઠયાં નારાયણ નામાને, ભગતિ ભલો એ બાલ ॥ ૧ ॥ એક વાર નામો જમે, જમતાં ચિંતે તામ; આવે નારાયણ ઈણ સમે, ભાખરી આપું રામ ॥૨॥ જ્ઞાન દૃષ્ટે કરી જોઈયું, (નામો) જોયે માહરી વાટ; શ્વાન રૂપ ધરી આવીયા, દીઠો ભાખર થાટ. ૩

એવી રીતે સીપુરજી સુચીકારના પુત્ર નામા ઉપર વિષ્ણુ એકદમ તુષ્ટમાન થયા થકા વિચારવા લાગ્યા કે, આ બાળક બહુ ભક્તિ વાળો છે ॥૧॥ પછી એક વખતે નામો જમતાં જમતાં વિચારવા લાગ્યો કે, આ વખતે જો વિષ્ણુ મારી પાસે આવે, તો હું તેમને ભાખરી (રોટલી) આપું ॥ ૨ ॥ તે વિષ્ણુએ જ્ઞાન દૃષ્ટિથી જાણ્યું અને નામાને પોતાની રાહ જોતો દીઠો, તેથી વિષ્ણુએ પોતાનું કુતરાનું રૂપ કરી, ત્યાં આવ્યા તો થાળીમાં રોટલા જોયા ॥ ૩ ॥

દોય ચાર મુખમાં ગ્રહી, નાઠા શ્વાન તિણે રૂપ; નામો પુંઠે ધાઇઓ, ગ્રહી લેઉં હરિ ભૂપ ॥૪॥ આઘા જઈ રૂપ ફેરવ્યું, નામો ગયો નિજ ગેહ; નામો ઘર છાંયે એકલો, વિષ્ણુ આવ્યા સ્વયં દેહ ॥૫॥ ગોવિંદે ઘર છાંઈઓ, (ઘર) છેંડી નામે કીધ; પોલી લઈ હરિ હરખીયા, પોહોતા વૈકુંઠ સિદ્ધ ॥ ૬ ॥

પછી મોઢામાં બેચાર રોટલા લઇ કુતરા રૂપે (વિષ્ણુ) નાસવા લાગ્યા, તે જોઈ નામો તેની પછવાડે ગયો, અને વિચાર્યું કે, આમાંથી વિષ્ણુજીને હું લઈ લઉં ॥ ૪ ॥ આગળ જાતા વિષ્ણુએ પોતાનું રૂપ ફેરવી નાખ્યું; તે જોઇ નામો પોતાને ઘેર પાછો ગયો; વળી એક દીવસે નામો એકલો પોતાના ઘરનું છાપરૂં બનાવતો હતો, તે જોઇ વિષ્ણુ પોતે તેની મદદે આવ્યા ॥ ૫ ॥ એવી રીતે આવીને વિષ્ણુએ ઘર ઉપર છાપરૂં કરી આપ્યું, અને ઘરમાં આવવા જવાનો છીંડીનો મારગ કર્યો તે વખતે પણ વિષ્ણુ રોટલી લઈ રાજી થઇ વૈકુંઠમાં ગયા ॥ ૬ ॥

વિપ્ર સુણો તમે બુદ્ધિબળા, નીચ કરમ કીયા દેવ; પુરાણ વચન લોક વાતથી, સત્ય કે જૂઠું હેવ ॥૭॥ વિષ્ણુ ઉદર માંહી ભલા, ચૌદ ભુવન રહે થેટ; બલિ રાજાયે કિંકરી. મોટો હુવો કેમ પેટ ॥ ૮ ॥ ડાહ્યા થઈ વિચારજો, ગર્ધવ અશ્વ ન હોય; પુરૂષ નારી કેમ સંભવે, વિપ્ર વિચારી જોય ॥ ૯ ॥ ચૌદ ભુવનપતિ જે કહ્યો, તે કેમ વામન વાસ; દીન ભીખારી બાંભણો, બલિ જાચ્યો થઈ દાસ ॥ ૧૦ ॥

માટે એવી રીતે હે બ્રાહ્મણો તમે બુદ્ધિવંત છો, માટે વિચારો કે, વિષ્ણુજીએ એવા નીચ કાર્યો કર્યાં, એવા પુરાણના વચન તથા લોકવાર્તા તમો સાચી કે જુઠી માનશો? ॥ ૭ ॥ વળી જ્યારે વિષ્ણુજીનાજ પેટમાં ચૌદ ભુવનો રહે છે, ત્યારે

તેને બલિને ઘેર દાસ કેમ થવું પડયું? તથા તેનું પેટ કેમ મોટું થયું? (ગર્ભ રહ્યો) ॥ ૮ ॥ માટે હે બ્રાહ્મણો તમો ડાહ્યા થઇને વિચારજો કે, કોઇ દહાડો ગધેડો તે ઘોડો બને? અથવા પુરૂષ હોય તે સ્ત્રી બને? ॥ ૯ ॥ વળી જે ચૌદ ભુવનનો રાજા હોય, તે વામનનું રૂપજ શા માટે લે? તથા ગરીબ ભીખારી બ્રાહ્મણનું રૂપ લઇ બલિ રાજા પાસે શા માટે યાચના કરે? તથા તેનો દાસ થઇ શા માટે રહે? ॥ ૧૦ ॥

## ઢાલ ચૌદમી.

હમિરીયા તાહરા તે સારા ટોડીયા, ચરતા એકણ નાલ. એ દેશી.

લોક પ્રસિદ્ધ વળી સાંભળો, દામોદર થયા શ્વાન; સનેહી,
નામા સુઇની ભાખરી, લેઇ નાઠા ભગવાન; સનેહી.
સુરિજન સાંભળજો કથા. એ આંકણી. ॥ ૧ ॥
ઘર છાયો નામા તણો, પોલી આપી કાન; સ૦
નીચ કરમ નહીં એ થકી, વિચાર કરો સાવધાન. સ૦ સુ૦ ॥ ૨ ॥
દોય વાનાં નવિ સંભવે, મુજ માતા વંધ્ય; સ૦
નારી બેટા ઘર ઘણા, બ્રહ્મચારી કાછ બંધ. સ૦ સુ૦ ॥ ૩ ॥

વળી હે સૂરિ લોકો તમે સાંભળજો, કે લોક વાર્તામાં પ્રસિદ્ધ છે કે, વિષ્ણુ કુતરાનું રૂપ લઇ નામા દરજીની રોટલી લઇ નાશી ગયા હતા ॥ ૧ ॥ વળી તમે સાવધાન થઇ વિચાર કરો કે, વિષ્ણુએ નામાનું ઘર છાઇ આપ્યું, અને તેની પાસેથી રોટલી લીધી, એ શું નીચ કામ નથી? ॥ ૨ ॥ માટે એવી રીતે જેમ કોઇ કહે કે, મારી માતા તો વાંઝણી છે, વળી કોઈ માણસને સ્ત્રી, પૂત્ર, ઘણા હોય છતાં કહેશે કે હું તો કાંછડીબંધ બ્રહ્મચારી છું, તે વાત કેમ સંભવે? ॥ ૩ ॥

પરનારી ચંદ્રાઉલી, રાધા ગોવાલણી જેહ. સ૦
ભોગવી સ્ત્રી ગોવાલણી, ન્યાયવંત કિમ તેહ. સ૦ સુ૦ ॥ ૪ ॥
સિદ્ધ સ્વરૂપી જે હુવા, તે કિમ ધરે અવતાર; સ૦
પેહેલો અવતાર મચ્છ તણો, સંખાશૂર સંહાર. સ૦ સુ૦ ॥ ૫ ॥
બીજો અવતાર કચ્છનો, કૈટભ માર્યો તામ; સ૦
ભવ ત્રીજે વારાહનો, દાણવ માર્યો ઠામ. સ૦ સુ૦ ॥ ૬ ॥

વળી તેણે પર સ્ત્રી રાધા ગોવાલણીને ભોગવી, તે માણસને પણું આપણે ન્યાયી કેમ કહી શકીએ? ॥ ૪ ॥ વળી જે સિદ્ધરૂપ થએલા છે, તે આ દુનીઆમાં જુદા જુદા અવતાર ધરીને શા માટે આવે? જુઓ, તેણે (વિષ્ણુએ) પેહેલો શંખાસૂરને મારવા વાસ્તે મચ્છનો અવતાર લીધો ॥ ૫ ॥ બીજો કાચબાનો અવતાર લઇ કૈટભને માર્યો, તથા ત્રીજે વરાહનો (ડુક્કરનો) અવતાર લઇ દાનવને માર્યો ॥ ૬ ॥

ચોથે નરસિંહ અવતર્યો, હિરણકશ્યપનો નાશ; સ૦
પાંચમે વામન રૂપ લીયો, બલિ યાંચ્યો ભૂમિ પાસ. સ૦ સુ૦ ॥ ૭ ॥

ફરસરામ છઠ્ઠે સુણો, સહસાર્જુન ફેડયો ઠામ; સ૦
સાતમે રામ હુવો ભલો, રાવણ ટાળ્યું નામ. સ૦ સુ૦ ॥ ૮ ॥
કેશવ આઠમે અવતર્યો, જરાસિંધ હણ્યો કંસ; સ૦
અઢાર ક્ષોણી દલ રણ હણ્યો, ક્ષય કર્યો જાદવ વંશ. સ૦ સુ૦ ॥ ૮ ॥

વળી ચોથો નરસિંહનો (અરધું મનુષ્યનું અને અરધું સિંહનું રૂપ) અવતાર લઇ હિરણ્યકશિપુનો નાશ કર્યો, તથા પાંચમો વામનનો અવતાર લઇ બલિરાજાને પૃથ્વીમાં ચાંપી નાખ્યો ॥ ૭ ॥ છઠો પરશુરામનો અવતાર લઇ સહસાર્જુનને માર્યો, તથા સાતમો રામનો અવતાર લઇ રાવણને માર્યો ॥ ૮ ॥ આઠમે કેશવનો અવતાર લઇ જરાસિંધનો તથા કંશનો નાશ કર્યો, વળી અઢાર ક્ષોણી લશ્કર રણમાં માર્યું તથા જાદવ વંશનો નાશ કર્યો ॥ ૯ ॥

નવમો બોધ ભવાંતરે, મ્લેચ્છ માંહી કીધો વ્યાપ; સ૦
દશમે કલંકી રાજીયો, જનની ચંડાલણી દ્વિજ બાપ. સ૦ સુ૦ ॥૧૦॥
એકાકાર કરી ઘણું, અચરાવે અનાચાર; સ૦
દેવ નિરંજન જે હવા, તે કેમ લીયે અવતાર. સ૦ સુ૦ ॥ ૧૧ ॥
ધૃત જેમ દૂધ તે નવિ થાયે, સિદ્ધ સંસારી ન હોય; સ૦
પાકો ધાન મહી નવિ ઉગે, સિધ્યો જીવ તેમ જોય. સ૦ સુ૦ ॥ ૧૨ ॥

નવમો બૌદ્ધનો અવતાર લઇ મ્લેચ્છ લોકોમાં ધર્મ ફેલાવ્યો, દશમો અવતાર કલંકીનો થશે, જેની મા ચાંડાલણી તથા બાપ બ્રાહ્મણ થશે ॥ ૧૦ ॥ જે નિરંજન દેવ છે, તે સઘળું એકાકાર કરી, અનાચાર દાખલ કરી શા માટે જુદા જુદા અવતારો ધારણ કરે ? ॥ ૧૧ ॥ જેમ ઘીમાંથી દુધ થાય નહીં, તેમ સિદ્ધનાં જીવ સંસારી થાય નહીં; વળી જેમ અગ્નિમાં પકાવેલું ધાન્ય પૃથ્વીમાં વાવ્યાથી ઉગતું નથી; તેમ સિદ્ધના જીવો સંસારમાં પાછા આવતા નથી ॥ ૧૨ ॥

પાષાણ મથી સોનું કાઢિયું, તે કેમ પત્થર થાય; સ૦
કર્મ હણી જે સિદ્ધ હુવા, તે કેમ પુદ્ગલ પાય. સ૦ સુ૦ ॥ ૧૩ ॥
દેવ દયાલ નર જે કહ્યા, કેમ કરે જીવ સંહાર; સ૦
રાગ દ્વેષ મદ મચ્છર નહીં, દૈત્યને કિમ તે માર. સ૦ સુ૦ ॥ ૧૪ ॥

પથ્થરને શોધીને જે સોનું કહાડયું છે, તેજ સોનું પાછું પત્થર કેમ થાય ? તેવીજ રીતે જે માણસો કર્મ ખપાવી મોક્ષે ગએલા છે તે પાછા આ સંસારમાં આવી શરીરવાળા કેમ થાય ? ॥ ૧૩ ॥ જે ઉત્તમ દયાવંત માણસ છે, તે જીવ હિંસા કેમ કરે ? વળી જે રાગ, દ્વેષ, મદ મત્સર વિગેરેથી રહિત છે, તે રાક્ષસોને કેમ મારે ? ૧૪

નારી વિજોગ પડયો રામને, સીતા સીતા પોકાર; સ૦
નર તરૂ પશુને પૂછે ઘણું, દરશન હોસે મુજ નાર. સ૦ સુ૦ ॥ ૧૫ ॥
સર્વજ્ઞ તે જાણે સહુ, પૂછે બીજાને કેમ; સ૦
ચૌદ ભૂવન મુખમાંહિ છે, ચઢે કેમ લંકા જેમ. સ૦ સુ૦ ॥ ૧૬ ॥

વળી રામ જ્યારે સીતાથી જુદા પડ્યા, ત્યારે તે, ઓ સીતા! ઓ સીતા! એમ પોકાર કરતા? તથા માણુસ, વૃક્ષ, પશુ વિગેરેને પૂછતા? કે મારી સ્ત્રી મને ક્યારે મળશે? જે સર્વજ્ઞ હોય તે સઘળું જાણે છતાં બીજાને શા માટે પૂછે? વળી જેનાં મુખમાં ચૌદ ભુવન રહેલાં છે, તે લંકા જીતવાને શા માટે જાય? ॥૧૫॥૧૬॥

વિપ્ર વિચારો દેવનાં, લક્ષણ કહીએ સંખેવ; સ૦
સિદ્ધ સ્વરૂપી જે હોયે, તેહને એ નહીં ટેવ. સ૦ સુ૦ ॥ ૧૭ ॥
દૂધ માંહિં ઘૃત રસ રહે, વિશ્વાનલ કાષ્ટમાંહિં; સ૦
તિલમાંહે તેલ જિમ રહે, જીવ કલેવર આંહીં. સ૦ સુ૦ ॥ ૧૮ ॥

માટે હે બ્રાહ્મણે તમે વિચારો કે, જે આ ટુંકામાં લક્ષણો કહ્યાં, તે લક્ષણો સિદ્ધ રૂપી જીવોને હોયજ નહીં ॥ ૧૭ ॥ જેમ દૂધમાં ઘી રહે છે, તથા કાષ્ટમાં અગ્ની રહે છે, તથા તલમાં જેમ તેલ રહે છે, તેમ આ કલેવરમાં (શરીરમાં) જીવ રહે છે. ૧૮

જ્ઞાન દર્શન ચારિત્ર તણાં, જે કહ્યા પાલણહાર; સ૦
લખ ચોરાસી ફેડીને, નાવે નર અવતાર. સ૦ સુ૦ ॥ ૧૯ ॥
ધ્યાન સુકલ મન ધ્યાવતાં, મુગતી રમણી હોયે હાથ; સ૦
પેહેલે ખંડે ઢાલ ચૌદમી, નેમ કહે સાંભળો સાથ. સ૦ સુ૦ ॥ ૨૦ ॥

જેઓ ચોરાસી લાખ જીવા-જોનિમાંથી તરીને જ્ઞાન, દર્શન તથા ચારિત્રના પાળવા વાળા થએલા છે, તે કોઇપણ વખતે પાછો ફરીને મનુષ્ય અવતાર લેતા નથી. ૧૯ વળી શુકલ ધ્યાન (ઉત્તમ ધ્યાન) ધરવાથી મુકિત રૂપી સ્ત્રી વશ થાય છે, એવી રીતે પેહેલા ખંડમાં ચૌદમી ઢાળ નેમવિજયે કહી, તે તમે હે શ્રોતાજનો સાંભળો. ॥ ૨૦ ॥

## દુહા.

રૂપ રસ ગંધ વરણ નહીં, ઉદાદિકાદિ નાંહિં; જેહ નિરંજન નિત્ય છે, જ્ઞાનમય થાયે ત્યાંહિં ॥૧॥ તે વિષ્ણુ સદાશિવ ભણી, તે કિમ કહીએ દેવ; અવર અજ્ઞાની જે નરા, તેહની કરે છે સેવ ॥ ૨ ॥ નામ માત્ર જે ઉપન્યા, ગુણ અવગુણ જે હોય; બુદ્ધિ વિના કેમ ઉપજે, સુણો વાત સૌ કોય ॥ ૩ ॥

વળી જેને રૂપ, રસ, ગંધ, રંગ વિગેરે નથી, વળી જેને ઉદાત આદિક શબ્દોનો પણ ઉચ્ચાર નથી, જે હમેશા નિરંજન છે, તથા જે જ્ઞાનમય છે, તેજ ઇશ્વર જાણવા ॥ ૧ ॥ તેજ વિષ્ણુ હમેશાં મોક્ષના દેવા વાળા છે, પણ બીજા જે અજ્ઞાની છે, કે જેની મુગ્ધ લોકો સેવા કરે છે, તેને દેવ કરીને કેમ માનીએ? ॥ ૨ ॥ જે નામ માત્રથી ઉત્પન્ન થએલા છે, અને તેમાં જે ગુણ અવગુણ વિગેરે હોય છે, તે બુદ્ધિવિના શી રીતે નિપજે? તે વાત તમો સઘળા વિચારજો ॥ ૩ ॥

વલતો ઉત્તર કેમ હોયે, વિપ્ર તણાં મન ભંગ; હાથ જોડી પ્રણિપતિ કરી, કહે સહુ અનુષંગ ॥૪॥ વાદ કરંતા હારીયા, જીત્યા તમે બેહુ ભાય; કથા કહો કોઇક નવી; સાંભળવા હોંસ

થાય ॥ ૫ ॥ મનોવેગ બોલ્યો તિહાં, સંખેપે કહું એક;
ગણેશ વિચાર વિવરી કરી, બ્રાહ્મણ સુણો વિવેક ॥ ૬ ॥

એવી રીતે મનોવેગના વચનોથી બ્રાહ્મણોના મન ભંગ થયા, તે વળતો પ્રતિઉત્તર શી રીતે આપી શકે? તેથી તેઓ હાથ જોડી પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે ભાઇઓ, અમો સઘળા તમારા મતને મળતા છીએ ॥ ૪ ॥ અમે આજે તમારી સાથે વાદ કરવામાં હારી ગયા છીએ, તમો બન્ને ભાઇઓ જીત્યા છો; વળી પણ અમોને કોઇક નવીન વાર્તા કહો, કારણ કે અમોને તે સાંભળવાની ઘણીજ હોંસ છે. ॥ ૫ ॥ તે સાંભળી મનોવેગ કહેવા લાગ્યો કે, હવે હું તમોને ગણપતિનો હેવાલ ટુંકમાં કહું છું, તે તમો વિવેકથી સાંભળજો ॥ ૬ ॥

નીચ ઉંચ કર્મો કર્યાં, બ્રાહ્મણ સુણજો મર્મ; ધૂરથી માંડીને કહું, એ દેવમાં શ્યો ધર્મ ॥૭॥ ગૌરી નંદન ગણપતિ, સકલ દેવમાં સાર; પ્રથમ વિનાયક સહુ જપે, વિઘન હરે નર નાર ॥ ૮ ॥ ગજવદન ગિરૂઓ આછે, દુંદાલો દીદાર; મૂષક વાહન શુભગતિ, પાય ઘુઘરી ઘમકાર ॥ ૯ ॥

વળી હે બ્રાહ્મણો, તે દેવે જે નીચ ઉંચ કામો કરેલા છે, તે હું તમોને પેહેલેથી માંડીને કહું છું, તે સાંભળીને વિચારજો કે, તે દેવમાં તે શાનો ધર્મ માનવો? ॥૭॥ તે ગણપતિ દેવ પાર્વતીના પુત્ર હતા, તથા સઘળા દેવોમાં ઉત્તમ હતા, વળી માણસો દરેક કાર્યમાં પ્રારંભમાં તેનેજ જપે છે, કારણ કે તે સઘળા નરનારીના વિઘનો નાશ કરે છે ॥ ૮ ॥ તેનું મોહોડું હાથીના જેવું છે, પેટ મોટું ગાગર જેવડું છે, તથા ઉંદરપર બેશે છે, તથા પગે ઘુઘરીનો ઘમકાર વાગે છે ॥ ૯ ॥

સિદ્ધિ નામે નારી છે, લક્ષ લાભ વળી દેય; મોટા મોદક આપે સહી, કુટુંબ માગે સહુ તેય ॥૧૦॥ મહીમાં મોટો દેવતા, સુરનર સારે સેવ; પ્રાણીનાં વિઘન હરે, કામ કરે તતખેવ ॥ ૧૧ ॥ વિવાહ કામે પૂજીએ, (ઘર) હાટ વખારે તેહ; ગણપતિને સંભારિએ, અવસર આવે એહ ॥ ૧૨ ॥

જેને સિદ્ધિ અને બુદ્ધિ નામે બે સ્રીયો છે, તે લાખો ગમે લાભ દેવા વાળીઓ છે, મોટા મોટા લાડુઓ આપે છે અને સહુ કુટુંબ જે માગે તે આપે છે ॥૧૦॥ વળી તે પૃથ્વીમાં મોટો દેવ છે, અને દેવતાઓ તથા મનુષ્યો તેની સેવા કરે છે, વળી પ્રાણીઓનાં વિઘન હરી, તેનું કાર્ય તુરત પાર પહોંચાડે છે ॥ ૧૧ ॥ વળી વિવાહ વખતે, ઘેર, દુકાને, વખારે વિગેરે જગોએ તેની પૂજા કરે છે, તથા કંઇ પણ સારા અવસરે લોકો ગણપતિને સંભારે છે ॥ ૧૨ ॥

## ઢાલ પંદરમી.

મોહેરીયા મન લાગ્યો. એ દેશી.

રાવણ વિમાસે મન ઘણું, આરાધન કરૂં દેવરે; સાજન સાંભળો.
વિનાયક આવે જો ઇહાં, વિઘન ભાંજે સહુ હેવરે. સા० ॥ ૧ ॥

પ્રપંચ રચી સાધું એહને, પછી સુરનર સાધું જેહરે; સા૦
કિંબહુના ગણેશ સાધીયો, બંધિખાને ઘાલ્યો તેહરે. સા૦ ॥ ૨ ॥
વિઘનરાજે હાથ જોડીયા, વિનવીયો રાવણ રાયરે; સા૦
કાજ તમારાં સ્વામિ હું કરૂં, અહનીશ સેવું પાયરે. સા૦ ॥ ૩ ॥

હવે રાવણ મનમાં વિચારવા લાગ્યો કે, જો હું ગણપતિનું આરાધન કરૂં તો તે અહીંઆં આવી મારાં સઘળાં વિઘ્નોમો નાશ કરે ॥ ૧ ॥ વળી રાવણે વિચાર્યું કે, તે ગણપતિને હું કંઇ પણ પ્રપંચ રચીને સાધું અને પછી દેવતા, મનુષ્ય આદિકને વશ કરૂં. કવિ કહે છે કે, વધારે શું લખું! તેણે ગણપતિને સાધીને કેદખાનામાં નાખ્યો ॥ ૨ ॥ પછી ગણપતિએ હાથ જોડીને રાવણને વિનતિ કરી કે, હે સ્વામિ હું તમારૂં સઘળું કામ કરીશ, તથા તમારા ચરણ રાત દહાડો સેવન કરીશ ॥૩॥

રાવણે મૂકયો વિનાયક ભણી, રાસભ ચરાવો દેવરે; સા૦
કાઠી ભારો લેતા આવજો, દાતરડું કોહાડો દેવરે. સા૦ ॥ ૪ ॥
રાસભ ચારે રાવણ તણાં, નીચ કરમ કરે નિત્યરે; સા૦
ભારો લેઈ મસ્તક પ્રતે, રાસભ હાંકે એણી રીતરે. સા૦ ॥ ૫ ॥
ખડ કાપી ભારો કરે, અણ ઉપડતો લીએ શીશરે; સા૦
આણી ચારે રાસભ ભણી, કરમ ભોગવે નિસ દિસરે. સા૦ ॥ ૬ ॥

તે સાંભળી રાવણે ગણપતિને કામ સોંપ્યું કે જાઓ તમો વનમાં જઇ આ ગધેડાંઓને ચરાવજો, અને વળી આ દાતરડું તથા કુહાડો લેતા જાઓ, અને પાછા વળો ત્યારે લાકડાનો ભારો વાઢીને લેતા આવજો ॥ ૪ ॥ એવી રીતે ગણપતિ હમેશાં રાવણનાં ગધેડાં ચરાવવાનું નીચ કામ કરે, તથા માથે લાકડાનો ભારો લઈ હમેશાં ગધેડાંઓને વનમાંથી હાંકી લાવે ॥ ૫ ॥ વળી વનમાં પણ પોતાથી ન ઉપડે એવો ભારી ખડનો ભારો માથે ઉપાડી, ગધેડાં પાસે તે ઘાસ નાખી તેને ખવરાવે, એવી રીતે હમેશા કર્મો ભોગવે છે ॥ ૬ ॥

રાસભ રાખ્યાં નવી રહે, વાડિ ઝાંખરની કરે તામરે; સા૦
વિઘનરાજ કરણી કરે, પાપતણું ફલ આમરે. સા૦ ॥ ૭ ॥
કરમ કરે દેવ એહવા, તો અમને શ્યો દોષરે; સા૦
વિચાર સંખેપે કરી કહ્યો, બ્રાહ્મણ રાખજો સંતોષરે. સા૦ ॥ ૮ ॥
મનોવેગ તવ બોલીયો, સાંભળો વાડવ વાતરે; સા૦
ખોટું કે મેં સાચું કહ્યું, ઉત્તર દેજો ભ્રાતરે. સા૦ ॥ ૯ ॥

વળી તે ગધેડાં ત્યાંથી છૂટે નાશી જવા લાગ્યા, તેથી તેની આડી કાંટાની વાડ કરે છે, એવી રીતે ગણપતિ પોતાનું હમેશા કામ બજાવે છે, કવિ કહે છે કે, આવી રીતે પાપના ફળો ભોગવવા પડે છે ॥ ૭ ॥ દેવ એવું કામ કરે છે તો અમારા ઉપર દોષ શાનો છે? હે બ્રાહ્મણો તમોને તે સંક્ષેપથી વિચાર કહ્યો, એટલામાંજ સંતોષ રાખજો ॥ ૮ ॥ વળી મનોવેગ બોલ્યો કે, હે બ્રાહ્મણો હું તમોને કહું તે

સાંભળો; ઉપરની જે વાતો મેં તમોને કહી તે સાચી કે ખોટી છે? તેનો હે ભાઇઓ તમે મને ઉત્તર આપજો. ॥ ૯ ॥

વિપ્ર વચન વલતાં ભણ્યાં, સત્ય વચન તુમે ભાયરે; સા૦
વેદ પુરાણે એમ કહ્યું, તે અમ કેમ લોપાયરે. સા૦ ॥ ૧૦ ॥
મિત્ર વદન અવલોકીયું, સામું જોયું તામરે; સા૦
સમસ્યા કરીને આવીયા, પૂરવલે વન ઠામરે. સા૦ ॥ ૧૧ ॥
પવનવેગ પ્રતિબોધવા, મનોવેગ કહે સારરે; સા૦
પૂર્વાપર વિરોધ નહીં, જૈન સુત્રે સુવિચારરે. સા૦ ॥ ૧૨ ॥

તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે ભાઇ, તમોએ જે વાત કહી તે ખરેખરી છે, તેવીજ રીતે વેદ પુરાણ વિગેરેમાં કહ્યું છે, તે અમારાથી શી રીતે લોપાય? ૧૦ પછી મનોવેગે પોતાના મિત્રના મુંખ તરફ દૃષ્ટિ કરી સામુ જોયું, તથા સંકેત કરીને ત્યાંથી નિકળી પેહેલાનાં (જે વનમાંથી આવ્યા હતા) વનમાંજ પાછા આવ્યા ॥ ૧૧ ॥ પછી પવનવેગને પ્રતિબોધવા વાસ્તે મનોવેગ કહેવા લાગ્યો કે, જૈન શાસ્ત્રોમાં, વેદ પુરાણની માફક આગળ પાછળ કંઈ પણ વિરોધ આવતો નથી ॥ ૧૨ ॥

મનોવેગ કહે સાંભળો, પવનવેગ તુમે સારરે; સા૦
નારાયણ ઉત્પત્તિ કહું, જૈન શાસનનો વિચારરે. સા૦ ॥ ૧૩ ॥
સુખમ સુખમ પેહેલા ભણ્યો, બીજો સુખમજ કાલરે; સા૦
સુખમ દુખમ ત્રીજો સુણ્યો, દુખમ સુખમ સુવિશાલરે. સા૦ ॥ ૧૪ ॥
પાંચમો દુખમ દોહીલો, દુખમ દુખમ વિકરાલરે; સા૦
નામ તેહવા પરિણામ છે, ચડતો પડતો છે કાલરે. સા૦ ॥ ૧૫ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, જૈન શાસ્ત્ર પ્રમાણે વિષ્ણુની ઉત્પત્તિ હવે તમોને કહું છું, તે તમે સાંભળો ॥ ૧૩ ॥ પેહેલો સુખમ સુખમ નામે આરો છે, બીજો સુખમ નામનો છે, ત્રીજો સુખમ દુખમ નામનો છે, તથા ચોથો દુખમ સુખમ નામનો આરો છે ॥ ૧૪ ॥ પાંચમો દુખમ નામે ખરાબ આરો છે, તથા છઠો દુખમ દુખમ નામે ભયંકર આરો છે, વળી તેના નામ પ્રમાણે ગુણ છે, તથા તે કાળ (ઉત્સર્પિણી તથા અવસર્પિણી) નામે ચડતો પડતો જાણવો ॥ ૧૫ ॥

સુખમ દુખમ અંતે અવતર્યો, આદિનાથ ભવતારરે; સા૦
તેહનો પુત્ર ભરતેસરો, પ્રથમ જિન ચક્રી તે સારરે. ॥ ૧૬ ॥
ચોથે કાલે ત્રેવિસ હુવા, તીર્થંકર ગુણધારરે; સા૦
અજિતાદિ એ જાણજો, માહાવીર અંતિમ સારરે. સા૦ ॥ ૧૭ ॥
ભરતાદિક બ્રહ્મદત્ત લગે, ચક્રી દ્વાદશ જાણરે; સા૦
નવ નારાયણ નિરમલા, ત્રિપિષ્ટ આદિ સુખ ખાણરે. સા૦ ॥ ૧૮ ॥

તેમાં ત્રીજા સુખમ દુખમ કાળમાં આદિનાથ નામે પ્રથમ તીર્થંકરનો અવતાર થયો, તેનો પુત્ર ભરત નામે પેહેલો ચક્રવર્તિ રાજા થયો ॥ ૧૬ ॥ પછી ચોથા દુખમ સુખમ

આરામાં અજિતનાથ વીગેરે ત્રેવીસ તીર્થંકરો થયા, તેમાં છેલ્લા મહાવીર સ્વામી નામે તીર્થંકર થયા ॥ ૧૭ ॥ વળી ભરતથી માંડી બ્રહ્મદત્ત સુધી બાર ચક્રવર્તિ થયા છે, તથા ત્રિપિષ્ટ આદિક સુખીયા નવ વાસુદેવો થયા છે ॥ ૧૮ ॥

હયગ્રીવ આદે જરાસંધયે, પર્યંત નવ એ હોયરે; સા૦
પ્રતિનારાયણ ચક્રધરા, અઢાર અધોગતિ જોયરે. સા૦ ॥ ૧૯ ॥
વિજય હલધર ધૂરે કહ્યો, અંતે મહાપદ્મ નામરે; સા૦
નવ બલભદ્ર બલવંત ભલા, ઉર્ધ્વગામી અભિરામરે. સા૦ ॥ ૨૦ ॥
ત્રિષષ્ટિ પુરૂષ એ રૂયડા, ભવ્ય જીવ ભવતારરે; સા૦
પન્નરમી ઢાળ પેહેલા ખંડની, નેમવિજય નિરધારરે. સા૦ ॥ ૨૧ ॥

વળી હયગ્રીવથી માંડીને જરાસંધ સુધી નવ પ્રતિવાસુદેવો થયા છે, તેઓ ચક્રને ધારણ કરનારા તથા નરકમાં જાવા વાળા હતા ॥ ૧૯ ॥ વળી વિજયથી માંડીને મહાપદ્મ સુધી નવ બલભદ્રો થયા છે, તેઓ બધા ઉંચી ગતિમાં જવાવાળા હતા ॥ ૨૦ ॥ એવી રીતે ત્રેસઠ પુરૂષો ઉત્તમ અને ભવી અને ભાવથી તરનારા છે, એવી રીતે પેહેલા ખંડની પંદરમી ઢાલ શ્રી નેમવિજયજી મહારાજે કહી ॥ ૨૧ ॥

## દુહા.

કહ્યા મહાપૂરાણમાં, સુણજો ત્યાં વિસ્તાર; વિચાર કહું હવે વર્ણવી, નિશ્ચય કરી નિરધાર ॥ ૧ ॥ નુમાની વળી સ્થિતિ કહું, નિરંજન કહે મૂઢ લોક; પૂર્વ ભવે બહુપરે ભમ્યો, નિર્નામિક હુઓ સોક ॥૨॥ દુઃખે દીક્ષા આચરી, રાજ રિદ્ધ દેખી તામ; નિદાન બાંધ્યો નિરનામિકે, સ્વર્ગે લહ્યો સુખઠામ. ૩

એવી રીતે મહાપુરાણમાં વાતો કહી છે, તેનો વિસ્તાર સારી રીતે સાંભળજો, માટે હવે નિશ્ચયથી વિચારીને તેનું વર્ણન કરૂં છું ॥ ૧ ॥ વળી હું નવમાની વાત કહું છું, મૂઢ લોકો તેને નિરંજન કહે છે, વળી તે નિર્નામિક (નિયાણું બાંધનાર) થઇને પૂર્વ ભવમાં ઘણું ભમ્યો હતો ॥ ૨ ॥ વળી એણે સંસારનું દુઃખ દેખીને દીક્ષા લીધી, પણ તે દીક્ષામાંજ કેટલીક રાજ રિદ્ધિ જોઇને, નિયાણું બાંધવાથી સ્વર્ગે ગયો ॥ ૩ ॥

તિહાં થકી ચવી કરી, વસુદેવ દેવકી ચંગ; કુખે આવી અવતર્યો, કૃષ્ણ હુઓ ઉત્તંગ ॥ ૪ ॥ ત્રણ ખંડ સાધ્યા ભલા, સેવે સુરનર રાય; ન્યાયવંત દામોદરો, પરનારી સહુ માય. ॥ ૫ ॥ લાખ બેતાલીસ રથ ભલા, તેટલા ગજવર સાર; નવ કોડ ઘોડા હણુહણે, ભોગવે ત્રિખંડ મોરાર ॥ ૬ ॥

તીહાંથી ચવીને તે વસુદેવ અને દેવકીની કુખે આવીને અવતર્યા અને ત્યાં શ્રીકૃષ્ણ નામે પ્રસિદ્ધ થયા ॥ ૪ ॥ તેણે ત્રણ ખંડ જીત્યા, તથા તેમને દેવતાઓ અને રાજા વિગેરે સેવતા હતા, વળી તે ન્યાયી તથા પરસ્ત્રીને માતા સમાન લેખતા ॥૫॥ તેમને

બેતાલીસ લાખ રથો, વળી તેટલાજ હાથી હતા, તથા નવ કરોડ ઘોડા તો તેના દરબારમાં ખોંખારતા હતા, એવી રીતે તે મોરારી ત્રણ ખંડનું રાજ ભોગવતા હતા. ૬

સોલ સહસ્ર રાણી ભલી, તેહસું સુખ વિલાસ; લોક લંપટ
લંપટ લવે, પરનારીસું નિવાસ ॥૭॥ તેટલા ભૂપ સેવા કરે,
સુર કિંકર છે સાર; રાજ રિદ્ધ કેશવ તણી, કહેતાં ન લહું
પાર ॥ ૮ ॥ આવતી ચોવીસીએ ભલો, અરિહંત હોસે દેવ;
પંચ કલ્યાણકનો ધણી, સુરનર કરસે સેવ ॥ ૯ ॥ પવનવેગ
તુમે સાંભળો, બલિ બંધન વિચાર; જિન વાણી છે રૂઅડી,
સંખેપે કહું સાર ॥ ૧૦ ॥

તેમને સોલ હજાર રાણીઓ હતી, તેની સાથે તે અત્યંત સુખ ભોગવતા, તથાપિ લોકો તેમને લંપટ એવું જુઠું નામ કહી પરસ્ત્રી ભોગી કહે છે ॥૭॥ વળી તેટલાજ (સોળ હજાર) રાજાઓ તથા દેવતાઓ વિગેરે તેમની સેવા કરતા હતા; એવી રીતે તેમની રાજ રિદ્ધિ હતી, જે કહેતા પાર પણ આવે નહીં ॥ ૮ ॥ વળી તે વિષ્ણુ આવતી ચોવીસીમાં "તીર્થંકર" થશે, અને પંચકલ્યાણકના ભોકતા થશે, તથા દેવતા અને માણસો વિગેરે તેમની સેવા કરશે ॥ ૯ ॥ વળી હે પવનવેગ, તમોને બલિ બંધનનું પણ વૃતાંત કહું છું તે તમે સાંભળો ? વળી જિનવાણી ઘણીજ ઉત્તમ છે, તે હું તમોને ટુંકામાં કહું છું. ॥ ૧૦ ॥

## ઢાલ સોળમી.

રંગ મોહેલમાં રાધિકા, મુખ કમલ નિહાલે, દરપણ લેઇ મુખ દેખતી, સીણગાર સંભાળે. એ દેશી.

માલવ દેશમાંહિં ભલી, નયરી ઉજેણી તેહ;
શ્રી બ્રહ્મા રાજ કરે તિહાં, શ્રીમતી રાણી જેહ ॥ ૧ ॥
ચાર મંત્રી ચતુર ભલા, બલિ બૃહસ્પતિ પ્રલ્હાદ;
નમુચિ મિથ્યાતે આગળો, જૈનસું કરે બહુ વાદ ॥ ૨ ॥
ગોખ ઉપર બેઠા થકાં, જાતા દીઠા લોક;
નરપતિ મંત્રિને કહે, કીહાં જાય છે એ થોક ॥ ૩ ॥

માળવા દેશમાં ઉજ્જયની નામે નગરી છે, ત્યાં બ્રહ્મા નામે રાજા રાજ કરતો હતો, તેને શ્રીમતી નામે રાણી હતી ॥ ૧ ॥ તેને, બલિ, બૃહસ્પતિ, પ્રલ્હાદ તથા નમુચી નામે ચાર મંત્રિઓ હતા, તેમાંથી નમુચી ધુન મીથ્યાત્વી હોવાથી જૈન ધર્મનો બહુ વાદ કરતો હતો ॥ ૨ ॥ એક દહાડો રાજા ગોખ ઉપર બેઠો બેઠો ઘણાં લોકોને માર્ગમાં જાતાં જોઇ મંત્રિઓને પુછવા લાગ્યો કે, આ સઘળાં લોકો કયાં જાય છે? ૩

બલિ પ્રધાન તવ બોલીઓ, સાંભળ સ્વામી રાય;
શ્રાવક લોક અતિ ઘણાં, સાધુ વંદણ જાય ॥ ૪ ॥

શ્રી બ્રહ્મા નૃપ હરખીયો, જતિવર વાંદણ જાય;
ચાર મંત્રી સાથે લીયા, પરિવાર પાર ન પાય ॥ ૫ ॥
પ્રથમ કથા તુમે સાંભળો, ઉજેણી વન માંહે;
અકંપનાચાર્ય આવીયા, સાતસેં મુનિ છે સહાયે ॥ ૬ ॥

તે સાંભળી બલિ પ્રધાન રાજાને કહેવા લાગ્યો કે, હે સ્વામિ ઘણાં શ્રાવક લોકો સાધુને વાંદવા વાસ્તે જાય છે ॥૪॥ તે સાંભળી શ્રીબ્રહ્મા રાજાએ ખુશી થઈ, ચાર મંત્રિઓને સાથે લઈ પરિવાર સહિત યતિને વાંદવા જવાને તૈયારી કરી ॥ ૫ ॥ હવે પેહેલી વાત તમે સાંભળો કે, ઉજ્જેણી નગરીના વનમાં સાતસેં મુનિઓને સાથે લઈ અકંપનાચાર્ય ત્યાં પધાર્યા છે ॥ ૬ ॥

જ્ઞાની ગુરૂ તે અતિ ભલા, શિખ દીયે મુનિરાય;
જો રાજ પુરૂષસું બોલસો, તો વિઘન હોસે એણ ઠાય ॥ ૭ ॥
ગુરૂ વચન મનમાં ધર્યાં, ધરી ધ્યાન તેણે ઠામ;
રાજા તવ તિહાં આવીયો, મુનિ વાંધા નૃપે તામ ॥ ૮ ॥
તે સાધુને બોલાવીયા, ઉત્તર વલતો ન દીધ;
ઢોર અજ્ઞાની બાપડા, મંત્રિયે નિંદા કીધ ॥ ૯ ॥

તે જ્ઞાની ગુરૂએ મુનિઓને શિખામણ દીધી કે, જો તમે રાજાના માણસો સાથે કંઇપણ બોલશો, તો વિઘ્ન થશે ॥ ૭ ॥ શિષ્યો ગુરૂનું વચન અંગીકાર કરી ધ્યાન ધરી બેઠા, એટલામાં રાજા ત્યાં આવ્યો, અને મુનિને વાંદી સ્થાનકે બેઠો. ॥૮॥ વળી સાધુઓને બોલાવવાથી તેઓએ ઉત્તર ન આપ્યો, તેથી મંત્રિયો તેઓની નિંદા કરવા લાગ્યા કે, બીચારા અજ્ઞાની ઢોરો જેવા છે ॥ ૯ ॥

રાજા તવ પાછો વળ્યો, આવ્યો નગર મોઝાર;
શ્રુતસાગર મુનિ ભેટીયા, વિદ્યા તણોરે ભંડાર ॥ ૧૦ ॥
દુષ્ટ વાક્ય મંત્રિ બોલીયા, વાદ કીધો તિહાં સાર;
વિપ્ર ચાર હરાવીયા, માન ખંડયું તેણી વાર ॥ ૧૧ ॥
નરપતિએ નિભ્રંછીયા, એકે હરાવ્યા આજ;
મુરખા ગરવ ન આણીએ, કરો ન એવાં કાજ ॥ ૧૨ ॥

પછી રાજા વિદ્યાના ભંડાર શ્રુતસાગર મુનિને નમસ્કાર કરીને પાછો વળી નગરમાં આવ્યો ॥ ૧૦ ॥ મંત્રિઓ ખરાબ વચનો બોલવા લાગ્યાથી ત્યાં વાદ કરીને ચાર બ્રાહ્મણોને હરાવી તેઓનો ગર્વ ઉતાર્યો ॥ ૧૧ ॥ તે સાંભળી રાજાએ મંત્રીઓને ઠપકો આપ્યો કે, હે મૂરખો એવી રીતે અહંકાર કરીએ નહીં, ને એવા કામ કરવાં નહીં ॥૧૨॥

ઝખવાણા પડી ગયા, નીચે જુવે નીજ પાય;
કૃષ્ણ વદન તેહના હુઆ, મારવા કીધો ઉપાય ॥ ૧૩ ॥
બ્રાહ્મણ વાદે હરાવીયા, ગુરૂ આગે કહે વાત;
આચાર્ય ત્યાં તવ બોલીયા, મુનિવરનો હોશે ઘાત ॥ ૧૪ ॥

શ્રુત સાગરે ગુરૂ પૂછીયા, વિઘન કિમ દૂરે જાય;
ગુરૂજીએ તવ ભાંખીયું, વાદ સ્થાનકે તુમે જાય ॥ ૧૫ ॥

રાજાએ એવું કહેવાથી તેઓ લજ્જાયમાન થયા થકા નીચે પગ સામું જોવા લાગ્યા, અને તેમનાં મોં કાળાં પડી જવાથી મુનીને મારવાનો ઉપાય કર્યો. બ્રાહ્મણોને વાદમાં હરાવ્યાની વાત ગુરૂની પાસે કરી તેથી આચાર્ય બોલ્યા કે મુનીનો ઘાત થશે. ૧૩,૧૪ પછી શ્રુત સાગરે ગુરૂને પૂછયું કે, તે વિઘ્નનો નાશ કેવી રીતે થાય? ત્યારે ગુરૂએ કહ્યું કે, તમે વાદ કરવાની જગો ઉપર જાઓ ॥ ૧૫ ॥

ધ્યાન ધરજો રૂયડો, ઉપસર્ગ જાસે તેમ;
સાંભળીને મુનિ તિહાં ગયો, કાયોત્સર્ગ રહ્યો જેમ ॥ ૧૬ ॥
ચાર મંત્રિ તિહાં આવીયા, ખડગ કાઢી તે વાર;
ચારે જણ એક ઘા કરે, ખીલ્યા જક્ષે તે સાર ॥ ૧૭ ॥
સુર્યોદયે તિહાં આવીયા, લોક તણાં વલી વૃંદ;
ફટ ફટ ભુંડા સહુ ભણે, પાપ તણાં એહ કંદ ॥ ૧૮ ॥

ત્યાં જઇ ધ્યાન ધરવાથી ઉપસર્ગનો નાશ થશે, તે સાંભળી મુનિ ત્યાં જઉને કાઉસગ ધ્યાને રહ્યો ॥ ૧૬ ॥ તે વખતે ચાર મંત્રિઓએ ત્યાં આવી, હાથમાં તરવાર લઇ મુનિને મારવા તૈયાર કરી, એટલામાં જક્ષે તેઓના હાથ અટકાવી રાખ્યા ॥ ૧૭ ॥ સવાર પડતાં ટોળાબંધ લોકો ત્યાં આવ્યા, અને મંત્રિઓને ફીટકાર દઈ, કહેવા લાગ્યા કે, આ તો પાપનાં મૂળ છે ॥ ૧૮ ॥

રાજા તવ તિહાં આવીયો, ગાલ દીએ અઘોર;
ધ્યાન પારી મુનિ બોલીયો, ઉખેલો એહ ભોર ॥ ૧૯ ॥
રાજાયે દંડી કરી, ખર રોહણ વળી કીધ;
વિગોઇને કાઢીયા, દેસોટો તિહાં દીધ ॥ ૨૦ ॥
પેહેલા ખંડનો સોલમી, ઢાલ કહી સુવિસાલ;
નેમવિજય કહે સાંભળો, આગળ વાત રસાલ ॥ ૨૧ ॥

તે વખતે રાજા ત્યાં આવી પહોંચ્યો, અને અત્યંત ગાળો દેવા લાગ્યો, એટલામાં મુનિએ કાઉસગ પાળી બોલ્યાથી તેઓના હાથ છુટા થયા ॥ ૧૯ ॥ પછી રાજાએ દંડ કરી તેઓને ગધેડે બેસાડી, ફજેત કરી દેશવટો આપ્યો ॥ ૨૦ ॥ એવી રીતે પેહેલા ખંડની સોળમી ઢાળ કેહી. નેમવિજયજી કહે છે કે હે શ્રોતાજનો, તમે ધ્યાન દઇ સાંભળજો, કારણ કે આગળ બહુ રસ વાળી વાતો આવશે ॥ ૨૧ ॥

## દુહા.

અપર કથા તુમે સાંભળો, સંખેપે કહું સાર; હસ્તીનાગપુર રૂયડો, ઉત્તર દેશ મોઝાર ॥૧॥ મેઘરથ ભૂપતિ ભલો, પદમાવતી ભરતાર; પદમ લઘુ વિષ્ણુ વડો, પુત્ર બેહુ છે ઉદાર.

॥ ૨ ॥ મેઘરથ વિષ્ણુ મુનિ હુવા, પદમરથ આપી રાજ;
ચારિત્ર પાળે રૂઅડો, બેહુ કરે આતમ કાજ ॥ ૩ ॥

વળી બીજી વાત ટુંકામાં કહું છું તે સાંભળો ? ઉત્તર દેશમાં હસ્તીનાગપુર નામનું એક શેહેર છે ॥ ૨૨ ॥ ત્યાં મેઘરથ નામે રાજા છે, તથા પદ્માવતી નામે રાણી છે, તેને પદમ નામે નાનો અને વિષ્ણુ નામે મોટો એવા બે પુત્રો છે ॥ ૨ ॥ હવે મેઘરથ તથા વિષ્ણુ કુમારે, પદમરથને રાજ આપી, દીક્ષા લઇ પોતાનું આત્મ કાર્ય સાધવા માંડયું ॥ ૩ ॥

ગજપુરમાં તવ આવીયા, દ્વિજ મંત્રિ તે ચાર; રાજાને જઇ
ભેટીયા, દાન માન દીધાં સાર ॥૪॥ મંત્રિ પદ આપ્યાં ભલાં,
સુખ પામ્યા તે ચાર, સિંહવલી શત્રુ તેહ તણો, દેશ ઉજાડી
અપાર ॥ ૫ ॥ રાજાને ચિંતા ઘણી, દિન દિન અંગે ખીણ;
મંત્રિએ તવ પૂછીઉં, શરીર દિસે કાં હીણ ॥ ૬ ॥

હવે તે ચારે બ્રાહ્મણ મંત્રિઓ ત્યાંથી નીકળી ગજપુર નામના નગરમાં આવ્યા, ત્યાં રાજાને ભેટ્યા, તથા રાજાએ પણ તેઓને ઘણું દાન અને માન આપ્યું ॥૪॥ પછી રાજાએ તેઓને મંત્રિ પદ આપ્યાં, તથા ત્યાં તેઓ અત્યંત સુખ પામ્યા, હવે તે રાજાનો શત્રુ સિંહવલી તેનો દેશ ઉજ્જડ કરતો હતો ॥ ૫ ॥ તેથી પદમરથ રાજાને ઘણી ચિંતા થઇ, અને દિવસ દિવસ પ્રતે અંગ ક્ષીણ થવા લાગ્યું, તે જોઈ મંત્રિયે પૂછયું કે, તમારૂં શરીર આમ ક્ષીણ કેમ દેખાય છે ? ॥ ૬ ॥

પદમરથ રાજા કહે, સુણો તમે બલિ પ્રધાન; સિંહવલિ વયરી
અમ અછે, તેણે કરી નહીં સુખ માન ॥ ૭ ॥ આદેશ લઇ
નૃપતિ તણો, પ્રધાને કર્યો પ્રયાણ; સૈન્ય સુભટ નિજ સજ કરી,
બલિ મંત્રિ બુદ્ધિ ભાણ॥૮॥ સબલ સંગ્રામ તિહાં જઇ કીયો,
શત્રુ કટક હુવો ભંગ; સિંહવલિને બાંધ્યો તદા, પામ્યા જયજય રંગ. ૯

પદમરથ રાજા તે સાંભળી કહેવા લાગ્યો કે, હે બલિ પ્રધાન તમે સાંભળો, એ સિંહવલી અમારો વેરી છે, તેથી અમને જરા પણ સુખ થતું નથી ॥ ૭ ॥ પછી બલિ મંત્રિ રાજાનો હુકમ લઇ, સૈન્ય એકઠું કરી લડાઇ કરવા ચાલ્યો ॥ ૮ ॥ ત્યાં ઘણા જોરથી લડાઇ ચાલી, અને શત્રુના લસ્કરમાં ભંગાણ પડયું, અને બલિ પ્રધાને સિંહવલીને પકડી બાંધ્યો, અને જય જયકારના શબ્દો ત્યાં થયા ॥ ૯ ॥

વયરી બાંધી આણીને, ભેટ રાયને કીધ; પદમરથ આણંદ
હુઓ, બલિને વરદાન દીધ ॥ ૧૦ ॥ વલતો મંત્રિ બોલીયો,
સાંભળો શ્રી માહારાજ; માગું ત્યારે આપજો, વર આવે મુજ
કાજ ॥ ૧૧ ॥ નરપતિએ તવ હા ભણી, બલિ હુવો હરખ
અપાર; સુખભર રાજ્ય કરે સદા, અવર કથા કહું સાર. ૧૨

એવી રીતે બલિ પ્રધાને શત્રુને બાંધી લાવી પદમરથ રાજાને ભેટ કર્યો, ત્યારે રાજાએ આનંદીત થઇ બલિ પ્રધાનને વરદાન આપ્યું ॥ ૧૦ ॥ ત્યારે મંત્રિએ

રાજાને કહ્યું કે, હે સ્વામી, તે વરદાન જ્યારે હું માગું ત્યારે આપજો ॥ ૧૧ ॥ પછી રાજાએ હા પાડવાથી બલિ મનમાં ઘણો આનંદ પામ્યો; અને રાજા ત્ય સુખેથી રાજ કરવા લાગ્યો. વળી બીજી વાત પણ કહું છું ॥ ૧૨ ॥

## ઢાલ સત્તરમી.

યતનીની દેશી.

હસ્તીનાગપુર વનમાંહે, અકંપનાચાર્ય આવ્યા ત્યાંહે;
સાતસેં મુનિવર છે સાથે, વિદ્યાતણી બહુ આથે ॥ ૧ ॥
બલી મંત્રિ તેઓને દેખી, વયર ભાવે પૂરવ લેખી;
પદમરથ રાય પાસે આવી, વિનતિ કરે તિહાં સમજાવી ॥ ૨ ॥
વર આપો અમને આજ, દિવસ સાતનું આપો રાજ;
કાજ સારો અમારૂં પ્રભુજી, તુમ વિનાં કોણ બીજો વિભુજી ॥ ૩ ॥

હવે તે અકંપનાચાર્ય વિદ્યાવંત એવા સાતસેં મુનિના પરિવાર સહિત હસ્તીનાગપુર નગરમાં વનમાં એક સમે પધાર્યા ॥ ૧ ॥ ત્યારે બલિ મંત્રિએ તેઓને જોયાથી આગલું વેર સંભારીને પદમરથ રાજા પાસે આવી વિનંતી કરી કે, ॥ ૨ ॥ હે મહારાજ તે વરદાન આપો, મને સાત સાત દિવસનું રાજ આપી મારૂં કામ સિદ્ધ કરવા દ્યો, કારણ કે તમારા વિના મારૂં કામ કરી આપવાને બીજો કોણ સમર્થ છે ॥ ૩ ॥

રાજાએ તવ વર આપ્યો, રાજભાર તેહનો થાપ્યો;
પાપી કુડ કપટ મનમાંહીં, ધરી સહીયે ક્રોધાતુર તાંહીં ॥ ૪ ॥
વાડ કરી મુનિને વીંટયા, સાધુને ઘણુંએ આપેટયા;
નરમેધ જગન જાગ માંડયો, જતિ કારણ બીજો કામ છાંડયો ॥ ૫ ॥

પછી રાજાએ વરદાન દેવાથી તે રાજા થયો, તે પાપીએ મનમાં કપટ લાવી, તથા ક્રોધ કરીને, મુનિની આસપાસ વાડ કરીને વીંટી લીધા; અને સાધુઓને બહુ સંતાપ્યા, અને નરમેધ (જે યજ્ઞમાં માણસનો હોમ કરે છે તે) નો પ્રારંભ કર્યો. તથા મુનિને દુઃખ દેવા વાસ્તે તેણે બીજાં સઘળાં કાર્યો છોડી તેના પર કશું ધ્યાન આપ્યું નહીં ॥૪॥૫॥

જલચરને થલચર જીવ, નભચર તે પાડંતાં રિવ;
વેદ પાઠક બ્રાહ્મણ આવ્યા, ઘણું ઉજમાલ થઇ મન ભાવ્યા ॥ ૬ ॥
જીવ હણવા વાડવ મલીયા, હવન કરવા હરખમાં ભલીયા;
ચરમ અસ્થિ લેઇ શીર નાંખે, મુનિ ઉપર સહુ મલી ધાંખે ॥ ૭ ॥
એહું નાખે અતિ ઘણું વિપ્ર, રેવણી કરે ધુમ્ર ગોટે ક્ષિપ્ર;
એહવા ઉપસર્ગ કરી સંતાપે, તોહી મુનિ ચુકે નહીં જાપે ॥ ૮ ॥

ત્યાં કેટલાક વેદ ભણવા વાળા બ્રાહ્મણો આનંદ સહિત આવ્યા. અને જલચર (પાણીમાં રહેનારાં) થલચર (જમીન પર ચાલનારાં) તથા નભચર (આકાશમાં ઉડનારા) પ્રાણીઓ ત્યાં આગળ રાડ (પોકાર) પાડવા લાગ્યા ॥ ૬ ॥ સઘળા બ્રાહ્મણો

જીવ હિંસા કરી હરખથી યજ્ઞ કરવા લાગ્યાં, તથા તે પ્રાણીઓના ચામડાં હાડકાં વિગેરે લઇ દ્વેષ બુદ્ધિથી મુનિઓના મસ્તકપર ફેંકવા લાગ્યા ॥ ૭ ॥ વળી બ્રાહ્મણો મુનિઓ ઉપર એઠ નાખે, તથા ધુંવાડાના ગોટાગોટ કરી મુનિને બહુ સંતાપવા તથા ઉપસર્ગ કરવા લાગ્યા, તો પણ મુનિ પોતાના ધ્યાનથી ચલાયમાન થયા નહીં ॥ ૮ ॥

**અવર વાત કહું એક એહવી, પવનવેગ સુણો તુમે જેહવી;**
**મેઘરથ વિષ્ણુ કુમાર, ગિરિ ઉપર તપ કરે અપાર ॥ ૯ ॥**
**શ્રવણ નક્ષત્ર આકાશે કંપે, વિષ્ણુ મુનિ ગુરૂ પ્રતે જંપે;**
**કહો સ્વામિ નક્ષત્ર કંપે, કુણ કારણ એહ અજંપે ॥ ૧૦ ॥**
**અવધી જ્ઞાની મુનિ એમ બોલે, ગજપુરને નહીં કોઈ તોલે;**
**તિહાં મુનિ બેઠા ધ્યાન થાપી; ઉપસર્ગ કરે વિપ્ર પાપી ॥ ૧૧ ॥**

વળી હે પવનવેગ તમોને તે સંબંધમાં બીજી એક વાત કહું છું તે સાંભળો. મેઘરથ તથા વિષ્ણુ કુમાર પર્વતના મસ્તક પર જઇ તપસ્યા કરતા હતા ॥ ૯ ॥ તેટલામાં આકાશમાં શ્રવણ નક્ષત્ર કંપવા લાગ્યું, તે જોઇ વિષ્ણુકુમાર ગુરૂને પુછવા લાગ્યા કે, હે સ્વામિ, આ નક્ષત્ર શા માટે કંપે છે? સ્થીર કેમ નથી રહેતું? ॥ ૧૦ ॥ તે સાંભળી અવધિજ્ઞાની મુનિ બોલ્યા કે, ગજપુર નામે અનોપમ નગરમાં મુનિઓ ધ્યાન ધરી બેઠા છે, તેઓને બ્રાહ્મણ ઘણો ઉપસર્ગ કરે છે ॥ ૧૧ ॥

**તિણ કારણ કંપે શ્રવણ, વિષ્ણુ કહે ઉપાય કવણ;**
**મેઘરથ મુનિ ભણે શિષ્ય, વચ્છ બ્રાહ્મણને દેશું ભીખ ॥ ૧૨ ॥**
**વૈક્રિય લબધિ કરો સાર, વામન રૂપ ધારો નિરધાર;**
**મુનિવરનાં જતન કરો જાઈ, વેગે કરો એહની સજાઈ ॥ ૧૩ ॥**
**ફેરવી તતક્ષણ લબધિ, ઉતપતિ જાએ કેઈ ઉદધિ;**
**ગજપુર નગરમાં આવ્યો, પદમરથ રાયને નમાવ્યો ॥ ૧૪ ॥**

તેથી કરીને શ્રવણ નક્ષત્ર કંપ્યા કરે છે; તે સાંભળી વિષ્ણુકુમાર ગુરૂને પુછવા લાગ્યા કે, હે સ્વામિ તેનો હવે શું ઉપાય કરવો? ત્યારે ગુરૂ બોલ્યા કે, હે વત્સ ધીરજ રાખ? સઘળા બ્રાહ્મણોને કહાડી મૂકી ભીખ મગાવશું ॥ ૧૨ ॥ હવે તમે વૈક્રિય લબ્ધિનાં પ્રભાવથી વામન રૂપ કરી ત્યાં જાઓ અને તાકીદે મુનિઓનું રક્ષણ કરો ॥ ૧૩ ॥ તેજ વખતે વિષ્ણુકુમારે લબ્ધિને યોગે આકાશ માર્ગે ઉડીને કેટલાક સમુદ્રો ઓળંગી, ગજપુરમાં આવી પદમરથ રાજાને નમાવ્યો ॥ ૧૪ ॥

**વર આપ્યો હતો તમે તેહને, ઘણું શું કહું ભાઈ તુમને;**
**મુનિવરનો માંડ્યો ઘાત, થાશે તેહથી ઘણો ઉતપાત ॥ ૧૫ ॥**
**પદમરથ કહે સુણો ભાઈ, વચન પાછું અમે નવી થાઈ;**
**કોઇ કરો તમે ઉપાય, તેથી વિઘન સવે વલી જાય ॥ ૧૬ ॥**

વિષ્ણુ ચાલ્યો મંડપ દેશ, વામન વિપ્રનો ધર્યો વેશ;
દર્ભ દુર્વા જનોઇ કંઠ, પેહેરી ધોતી ને હાથમેં લંઠ ॥ ૧૭ ॥

વળી રાજાને કહ્યું કે, તમોએ તેને (બલિ પ્રધાનને) જે વરદાન આપ્યું છે, તે વિશે હું તમોને શી વાત કહું ? તેણે મુનિઓને મારવાનો ઉપાય કર્યો છે, અને તેમાંથી ઘણો ઉત્પાત થવાની વકી છે. ॥ ૧૫ ॥ તે સાંભળી પદમરથ રાજાએ કહ્યું કે, મારૂં આપેલું વચન તો પાછું લેવાય નહીં, તોપણ તમો કંઈ એવો ઉપાય શોધી કહાડો કે, જેથી કરીને સઘળાં વિઘ્નો વળી જાય અર્થાત દૂર થાય ॥ ૧૬ ॥ પછી વિષ્ણુ કુમાર ત્યાંથી યજ્ઞ મંડપમાં આવ્યો, અને વામનનું રૂપ લઇ બ્રાહ્મણ થઇ, દર્ભ, દુર્વા (એક જાતનું ઘાંસ) લેઇ તથા કંઠે જનોઇ ધારણ કરી ધોતીઉં પહેરી હાથમાં લાકડી લીધી ॥ ૧૭ ॥

વેદની ધ્વનિ ઉચરે મુખ, વિપ્ર સાંભળી પામે સુખ;
બલિ રાજા હયડે હરખી, વામન રૂપ નજરે પરખી ॥ ૧૮ ॥
વામન વાંદ્યા પડીને પાયે, વિનતી કરે કર જોડી તાંયે;
જે જોઇએ તે માગો સ્વામિ, મુજ પાસે અંતરજામી ॥ ૧૯ ॥
વામન વિપ્ર બોલ્યા તામ, મુજ નહીં નૃપ લોભે કામ;
ત્રણ ક્રમની ભૂમિ ભરી આપો, મઠ બાંધવા સારૂ થાપો ॥ ૨૦ ॥

વળી મોહડેથી વેદના શબ્દો બોલતો હોવાથી તેને જોઇ બ્રાહ્મણો સઘળા ખુશી થયા; વળી બલિ રાજા પણ વામન રૂપ જોઇ મનમાં આનંદ પામ્યો ॥ ૧૮ ॥ બલિ રાજાએ વામનને નમસ્કાર કરીને હાથ જોડી વિનતિ કરી કે, હે સ્વામિ તમારે જે જોઇએ તે માગો ! ॥ ૧૯ ॥ તે સાંભળી વામન બ્રાહ્મણે (વિષ્ણુ કુમારે) કહ્યું કે, હે રાજા મારે વધારે લોભ નથી, માત્ર મઠ બાંધવા વાસ્તે ત્રણ ડગલાં પૃથ્વી જોઇએ છીએ તે આપો ॥ ૨૦ ॥

વલતું બલિ બોલે એહવું, વિપ્ર કહો માગ્યું કેહવું;
માગોને કોઇ રાજ ભંડાર, ઘોડા હાથી વૃષભ અપાર ॥ ૨૧ ॥
વિપ્ર કહે સુણો મહારાજ, અવર મારે છે નહીં કાજ;
ક્રમ ત્રણ મઠ કરવાને, મહિમાંહીં ભૂમિ ભરવાને ॥ ૨૨ ॥
પાત્ર લેઇ કર દીએ ધાર, સ્વસ્તિ દાન દીધું તેણી વાર;
મુનિવરે વધાર્યો અંગ, અતિ ઘણો દેખી થયા ભંગ ॥ ૨૩ ॥

તે સાંભળી બલિએ કહ્યું કે હે વિપ્ર આતે તમોએ શું માગ્યું ? કોઈ રાજ, ભંડાર, ઘોડા, હાથી, બલદ વિગેરે માગો ॥ ૨૧ ॥ ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, હે મહારાજ મારે બીજું કંઇ કામ નથી, માત્ર મઠ (ઝુંપડી) કરવા વાસ્તે ત્રણ ડગલાં પૃથ્વી જોઇએ છીએ, તે મને ભરી લેવા આપો ॥ ૨૨ ॥ પછી બલિરાજાએ પાણીનું વાસણ લઇ તેના હાથમાં ધાર કરવાથી તે સ્વસ્તિ બોલ્યો, ત્યાર પછી મુનિએ પોતાનું અંગ વિસ્તાર્યું, તે જોઇ બલિનું મન ઉદાસ થયું ॥ ૨૩ ॥

પ્રથમ પાય ઠવ્યો જ્યાં મેર, માનુષોત્તર બીજો ઠેર;
પાય ત્રિજાનો નહીં ઠામ, વિષ્ણુ કોપ્યો બોલે તામ ॥ ૨૪ ॥
બલિ બાંધી પૂઠે પાય દીધો, સુરનર મલી જયજય કીધો;
હાથ જોડીને મુનિવરને, કહે ક્ષમા કરો સ્વામિ અમને ॥ ૨૫ ॥
એહ બંધન છોડો સ્વામિ, ક્રોધ ન કીજે ગુણગ્રામી;
ઉપશમમેં થયા સાધુ, બલિબંધન છોડચો નિરાબાધુ ॥ ૨૬ ॥

પછી વામને પેહેલો પગ મેરૂ પર્વત ઉપર મુકયો, અને બીજો પગ માનુષોત્તર પર્વતમાં મુકયો, અને ત્રીજો પગ મુકવાને સ્થાનક નહીં મળવાથી વિષ્ણુકુમાર અત્યંત કોપાયમાન થઇ બોલ્યા ॥ ૨૪ ॥ અને બલિને બાંધિ તેની પીઠપર તેણે પગ મુકયો, તે જોઇ દેવતાઓએ તથા માણસોએ જય જયકાર શબ્દો કર્યા, અને હાથ જોડીને મુનિને વિનંતી કરી કે હે સ્વામિ તમે અમારા પર ક્ષમા કરો ? ॥ ૨૫ ॥ અને હે સ્વામિ તેનાં બંધન છોડો, ઘણો ક્રોધ કરો નહીં; તે સાંભળી સાધુએ શાંત થઇ બલિરાજાના બંધન છોડાવ્યા ॥ ૨૬ ॥

વિષ્ણુને સહુ લાગ્યા પાયે, મંત્રિયે ધર્મ આચર્યો ધ્યાયે;
સમકીત લીધું સહુ લોકે, જિન ધર્મ પાલે જન થોકે ॥ ૨૭ ॥
શ્રાવક વ્રત બલિએ લીધાં, મુનિવર વાંદે સુખ સીધાં;
પદ્મરથ રાજાએ આણ્યો ભાવ, મુનિ વાંદિને સેજે જાય ॥ ૨૮ ॥
વિષ્ણુકુમાર વાછલ્ય કીધો, સાતસેં મુનિ રક્ષણ લીધો;
રાખડી બાંધે લોક તેથી, બલેવનો દિન કહ્યો એથી ॥ ૨૯ ॥
વિષ્ણુકુમાર ગુરૂ કને જાઇ, લીધો પ્રાયશ્ચિત વ્રત ધાઇ;
નિરમલ ભાવ ધરીને સાધે, કીયા તપ જપ જ્ઞાન તે લાધે ॥ ૩૦ ॥

ત્યારે સઘળા લોકો વિષ્ણુને પગે લાગ્યા, વળી મંત્રિએ (બલિએ) પણ જૈન ધર્મ અંગીકાર કર્યો, અને બીજા પણ ઘણાં માણસોએ સમકીત પામી જૈન ધર્મ અંગીકાર કર્યો ॥ ૨૭ ॥ વળી બલિ પ્રધાને શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા, અને મુનિને વાંદ્યાથી તેને ઘણું સુખ થયું, વળી પદમરથ રાજા પણ ભાવ લાવી મુનિને વાંદી પોતાને સ્થાનકે ગયો ॥ ૨૮ ॥ એવી રીતે વિષ્ણુકુમારે સાતસેં મુનિઓનું વાત્સલ્ય સહિત રક્ષણ કર્યું, તે દિવસથી લોકો બળેવનું પર્વ માની તે દહાડે રાખડી બાંધે છે ॥૨૯॥ પછી વિષ્ણુકુમાર ગુરૂ પાસે જઇને પ્રાયશ્ચિત લઇ, નિર્મળ ભાવથી તપ જપ આદિક ક્રીયા કરી જ્ઞાન મેળવવા લાગ્યા ॥ ૩૦ ॥

## દુહા.

મનોવેગ કહે સાંભળો, પવનવેગ વિવેક; જિન શાસન મહીમાં ખરો, કે મિથ્યા ધર્મ છેક ॥ ૧ ॥ પવનવેગ બોલ્યો તુરત, નિશ્ચય કરી સુખ ઠામ; સત્ય વચન તુમે જે કહ્યાં, રહી તુમા-

રી મામ ॥ ૨ ॥ શ્રી હીરવિજય સૂરિ તણા, શુભ વિજય કવિ શિષ; ભાવ વિજય ભાવે કરી, નમું તેહને નિશ દિશ ॥ ૩ ॥

મનોવેગે પવનવેગને કહ્યું કે, હે ભાઇ, હવે જૈન ધર્મ જગતમાં સાચો છે કે અન્ય મિથ્યા ધર્મો સાચા છે? ॥૧॥ તે સાંભળી પવનવેગ નિશ્ચયથી વિચાર કરીને બોલ્યા કે, તમોએ જે વાત કહી તે ખરેખરી છે, અને તેથી તમારી શોભા પણ વધી છે. ॥૨॥ શ્રી હીરવીજયજી આચાર્યના શિષ્ય શુભવિજય નામે મહાકવી થયા છે, તેના ભાવ વિજય નામે શિષ્ય હતા, તેઓને હું હમેશા નમસ્કાર કરૂં છું ॥ ૩ ॥

સિદ્ધિવિજય શિષ્ય તેહના, રૂપવિજય કવિરાય; કૃષ્ણવિજય કર જોડીને, રંગવિજય રંગ લાય ॥ ૪ ॥ પેહેલો ખંડ પુરો થયો, સતરે ઢાલે કરી સત્ય; નેમવિજય કહે નેહથી, શ્રોતા સુણો એક ચિત્ત ॥ ૫ ॥

તેના શિષ્ય સિદ્ધિવિજય હતા, તેના શિષ્ય રૂપવિજય કવિરાજ હતા, તેના શિષ્ય કૃષ્ણવિજય તથા તેના શિષ્ય રંગવિજય નામે હતા, તેઓને કરજોડી નમસ્કાર કરૂં છું ॥ ૪ ॥ એવી રીતે પેહેલો ખંડ સતર ઢાળોએથી સંપુર્ણ થયો, નેમવિજયજી મહારાજ સ્નેહ સહિત કહે છે કે, હે શ્રોતાજનો તમે એક ચિત્તથી સાંભળજો ॥૫॥

ઇતિ શ્રી વિષ્ણુવાદ, બ્રહ્મવિવાદ, ગણેસોત્પત્તિ નીચ કરમાચરણે, પ્રથમોલ્લાસ પ્રથમ ખંડ સંપૂર્ણમ.

---

## खंड २ जो.

### दुहा.

મનોવેગ કહે સાંભળો, પવનવેગ તુમ ભાય; વિપ્ર પુરાણની વારતા, પૂર્વાપર ચિત્ત લાય ॥૧॥ વિરોધ ઘણાં હું દાખવું, અઘટતાં અસત્ય તેહ; સાંભળતાં થાશો ખુશી, એમાં નહીં સંદેહ ॥ ૨ ॥ પવનવેગ કહે તુમે, જોઇ શાસ્ત્ર વિચાર; શિઘ્ર ભાઈ મુજ દાખવો, વિનોદ તણો ભંડાર ॥ ૩ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે ભાઇ, બ્રાહ્મણોના પુરાણોની વાર્તા હું તમને કહું છું તે આગળ પાછળ વિચાર કરીને સાંભળજો ॥ ૧ ॥ તે પુરાણોમાં અઘટતા અને અસત્ય કેટલાક વિરોધો હું તમને દેખાડું છું, તે સાંભળી તમો ઘણા ખુશી થશો, એમાં કંઇ સંશય નથી ॥ ૨ ॥ તે સાંભળી પવનવેગ કહેવા લાગ્યો કે, હે ભાઈ, આનંદના ભંડાર રૂપ તે પુરાણોની વાર્તા, શાસ્ત્રોમાં જોઇ મને તુરત સંભળાવો ॥ ૩ ॥

## ઢાલ પેહેલી.

લાખ ચોરાસી રથ ભલાએ, તેહના વૃષભ ધોરી સુકુમાલ. એ દેશી.

વિદ્યા પ્રભાવે બેહુ જણેએ, ભીલ તણું રૂપ કીધ; સાજન સહુ સાં-
ભળોએ, કૃષ્ણ વરણ બીહામણાએ, ધનુષ બાણ કર લીધ. સા૦ ॥૧॥
મસ્તક કેશ છે બાબરાએ, ચોપડા નાક વળી મુંછ; સા૦
રાતાં નેત્ર ગુંજા સમાએ, દાંત લાંબા હોઠ ભૂંછ. સા૦ ॥ ૨ ॥
કઠિણ હૈયાં કરકસ દેહીએ, પુષ્પ વેલા શિર ભાર; સા૦
મયૂર પિંછ ઘરેણાં ધર્યાંએ, લોહ કંકણ ગુંજા હાર. સા૦ ॥ ૩ ॥

હે માણસો તમે સાંભળજો; ત્યાર પછી તે બન્ને જણાએ વિદ્યા બળે ભીલનું રૂપ કરી હાથમાં ધનુષ્ય બાણ લીધાં તથા તેઓ રંગે કાળા હોવાથી બીહામણાં દેખાવા લાગ્યા. ૧ માથામાં કાબર ચિતરા વાળ, નાક ચપટાં, મૂછો વળેલી, તથા આંખ લાલ ચણોઠી જેવી, તથા દાંતો લાંબા બેડોળ અને હોઠ સુપડા જેવા હતા ॥ ૨ ॥ વળી જેનું શરીર ખડબચડું, તથા છાતી કઠણ છે, માથે પુલ તથા વેલાઓ વિંટાળ્યા છે, વળી મોર પીછનાં ઘરેણાં પેહેરી લોઢાનાં કંકણ તથા ચણોઠીનો હાર ગળામાં પેહેર્યા છે. ૩

વિદ્યાબલ મંજાર કર્યોએ, ઘટમાંહીં લેઇ ધર્યો તેહ; સા૦
કાને બુચો કાલો ઘણોએ, લેઇ ચાલ્યા નર બેય. સા૦ ॥ ૪ ॥
બ્રહ્મસાલા ઉત્તર દિસેએ, ભીલ આવ્યા દોય તામ; સા૦
ઘંટા નાદ ભેરી તાડીનેએ, બેઠા સિંહાસન ઠામ. સા૦ ॥ ૫ ॥
નાદ સુણી વિપ્ર આવીયાએ, વાદ કરીસું અપાર; સા૦
વચન ખંડશું તેહ તણાંએ, જીતિને કુટસું તે વાર. સા૦ ॥ ૬ ॥

વળી તેમણે વિદ્યાના બળથી એક બીલાડો બનાવી ઘડામાં ઘાલ્યો, જે બિલાડો અત્યંત કાળો, તથા કાને બુચો છે, તેને લઈ બન્ને જણ ત્યાંથી ચાલતા થયા ॥ ૪ ॥ પછી તે બન્ને ભીલો પાટલીપુર નગરમાં ઉત્તર દિશામાં રેહેલી બ્રહ્મશાળામાં આવ્યા, તથા ત્યાં ઘંટ તથા ભેરી (એક જાતનું વાજિંત્ર) વગાડીને બન્ને જણ સિંહાસન ઉપર બેઠા ॥ ૫ ॥ તે ઘંટાનો તથા ભેરીનો સાદ સાંભળી બ્રાહ્મણો ત્યાં આગળ આવી પહોંચ્યા અને વિચારવા લાગ્યા કે, એમની સાથે વાદ કરીને, તેમના વચનોનું ખંડન કરી તેમને જીતીને પછી ખૂબ મારશું ॥ ૬ ॥

દેખીને વાડવ કોપીયાએ, રેરે અધમ નર તિમ; સા૦
સિંહાસન ચોટયા તુમેએ, ભેર વજાડી કિમ. સા૦ ॥ ૭ ॥
અઘટ કામ કર્યું ઘણુંએ, આવ્યા કહો કોણ કાજ; સા૦
મનોવેગ તવ બોલીયોએ, સાંભળો તમે દ્વિજ રાજ. સા૦ ॥ ૮ ॥
મીનડો વેચવા આવીયાએ, પુલિંદ અમારી જાત; સા૦
વિપ્ર વચન હસતો ભણેએ, જુઓ જુઓ મૂર્ખની વાત. સા૦ ॥ ૯ ॥

તે બ્રાહ્મણો તેઓને જોઇને ક્રોધ કરી બોલવા લાગ્યા કે, અરે નીચ લોકો તમે સિંહાસન પર બેસી શા માટે ભેરી વગાડી? ॥ ૭ ॥ તમે બહુ અઘટતું કામ કર્યું છે, વળી તમે અહીં શા માટે આવ્યા છો? તે સાંભળી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો હું કહું તે તમો સાંભળો ॥ ૮ ॥ અમે જાતે ભીલ છીએ તથા આ બીલાડો વેચવા આવ્યા છીએ, તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, આ મૂરખોની વાત તો સાંભળો? ॥ ૯ ॥

લંઠ મોટા મહા રંડનાએ, ઘંટા નાદ કિયો જેણ; સા૦
વિપ્ર શું વાદ કર્યા વિનાએ, બેઠા સિંહાસન તેણ. સા૦ ॥ ૧૦ ॥
મનોવેગ ભણે સાંભળોએ, વિપ્ર મ ધરશો રોષ; સા૦
ભેર ઘંટારવ અમે કર્યોએ, વિનોદ કારણ નહીં દોષ. સા૦ ॥ ૧૧ ॥
જો તુમને બેઠા નવી ગમેએ, તો ઉતરી બેસું હેઠ; સા૦
ક્ષમા કરો દ્વિજ તુમે ભલાએ, હર્ષ ધરી ચિત્ત ઠેઠ. સા૦ ॥ ૧૨ ॥

લુચ્ચાઓ, રંડનાઓ, તમોએ શા માટે ઘંટા નાદ કર્યો, વળી બ્રાહ્મણો સાથે વાદ કર્યા વિના તમે સિંહાસન પર શા માટે ચડીને બેઠા છો? ॥ ૧૦ ॥ તે સાંભળી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો તમે ક્રોધ કરો નહીં, અમે તો જરા રમુજની ખાતર ભેરી વગાડી હતી, તેમાં અમારો દોષ જરા પણ નથી ॥ ૧૧ ॥ અમો સિંહાસન પર બેઠા છીએ, તે વાત તમોને જો પસંદ ન હોય, તો અમો નીચે બેસીએ; વળી તમે ભલા માણસો છો માટે મનમાં મેહેર લાવી અમારા પર ક્ષમા કરો ॥ ૧૨ ॥

વિપ્ર ભણે સુણુ ભીલડાએ, મિંજારનાં ગુણુ કેત; સા૦
મનોવેગ કહે સાંભળોએ, મુજ મિંજાર ગુણ એત. સા૦ ॥ ૧૩ ॥
એહ શરીર ગંધ વિસ્તરેએ, બાર જોયણ પરિમાણ. સા૦
મુષક નાવે ત્યાં લગેએ, એ અપુરવ ગુણ જાણ. સા૦ ॥ ૧૪ ॥
સાંભળીને વિપ્ર હરખીયાએ, માંહો માંહે બોલે તામ; સા૦
લીજીએ મીનડો રૂયડોએ, તો સરે સહુનાં કામ. સા૦ ॥ ૧૫ ॥

તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે ભીલો, તમારા બિલાડામાં કેટલા ગુણો છે? ત્યારે મનોવેગે કહ્યું કે, મારા બિલાડાના ગુણ સાંભળો ॥ ૧૩ ॥ તેના શરીરની ગંધનો બાર જોજન સુધી વિસ્તાર થાય છે, અને ત્યાં સુધીમાં કોઇ પણ ઉંદર આવી શકતો નથી, એ તેનામાં મોટો ગુણ છે ॥ ૧૪ ॥ તે સાંભળી બ્રાહ્મણો ખુશી થયા અને એક બીજા પરસ્પર વાતો કરવા લાગ્યા કે, જો આ બીલાડો આપણે લેઇએ તો આપણું કામ થાય. ॥ ૧૫ ॥

આપણે ગામ ઉંદર ઘણાંએ, હાણુ કરે કણુસૂલ; સા૦
વેચાતો લીજે મીનડોએ, ભીલ કહો તુમે મૂલ. સા૦ ॥ ૧૬ ॥

એહ મીનો અમે લેયસુંએ, સત્ય વચન ભાંખો સાર; સા૦
મનોવેગ કહે સાંભળોએ, એહનો મૂલ સાઠ દીનાર. સા૦ ॥ ૧૭ ॥
વિપ્ર સહુએ વિચારિયુંએ, મૂલ થોડો મિંજાર; સા૦
એટલો જાન એક દિવસે હેતયેએ, મૂષક કરે ઘરબાર. સા૦ ॥ ૧૮ ॥

વળી વિચાર્યું કે આપણા ગામમાં ઉંદરો ઘણાં છે, તથા ખેતરમાં પાકને બહુ નુકશાન કરે છે, માટે આ બીલાડો વેચાતો લેઈએ તો ઠીક એમ ધારી ભીલને પૂછયું કે, તેની કીંમત છે? તે અમોને કહો ॥ ૧૬ ॥ અમારે તે બીલાડો લેવો છે, માટે એની ખરેખરી કીંમત અમને કહો? તે સાંભળી મનોવેગે કહ્યું કે, તેનું મૂલ (કીંમત) સાઠ સોના મોહોરો છે ॥ ૧૭ ॥ તે સાંભળી સઘળા બ્રાહ્મણોએ વિચાર્યું કે, આ બીલાડાનું તો બહુજ થોડું મૂલ છે, અને તેટલું નુકશાન તો ઘરોમાં ઉંદરો માત્ર એકજ દિવસમાં કરે છે ॥ ૧૮ ॥ .

એક કહે મુજ ધોતીયાંએ, એક કહે નારી ઘાટ; સા૦
ચીર સાડી ફાડી ઉંદરેએ, એક કહે ખણ્યું હાટ. સા૦ ॥ ૧૯ ॥
એક કહે કરડયાં કાપડાંએ, એક કહે ખાધાં ધાન; સા૦
એક કહે પગ હાય તણાંએ, અંગુલીયે વહી વાન. સા૦ ॥ ૨૦ ॥
એમ કહી મલીયા સહુએ, એકેક લીધો દામ; સા૦
સાઠ સોનૈયા જોડીયાએ, આવ્યા શાલાએ તામ. સા૦ ॥ ૨૧ ॥

વળી એક કહેવા લાગ્યો કે, મારા તો ધોતીયાં ઉંદરો ફરડી ગયા, વળી કોઇ કહે કે, મારી સ્ત્રીના, ઘાટ (એક જાતનું રેશમી વસ્ત્ર) ચીર, સાડી વીગેરે ઉંદરોએ ફાડી નાંખ્યાં, અને એક તો કહે કે મારૂં હાટ ઉંદરોએ ખોદી નાંખ્યું ॥ ૧૯ ॥ વળી કોઇ કહે કે, મારાં કપડાં ઉંદરો ખાઇ ગયા, અને કોઇ તો કહે કે મારૂં અનાજ ખાઇ ગયા, વળી કોઇ કહે કે મારા પગની આંગળીઓ ઉંદરો કરડી ગયા ॥ ૨૦ ॥ એમ કહેતા કહેતા સઘળાઓએ મળી એકેક દ્રામ (આગળના વખતનો શિક્કો) ભેગો કર્યો, અને સાઠ સોના મોહોરો એકઠી થઇ ત્યારે શાળામાં આવ્યા. ૨૧

વાડવ કહે ભીલડા સુણોએ, દ્રવ્ય લેઈ આપો મીન; સા૦
મનોવેગ કહે પરીક્ષા કરીએ, લેઓ પછે કહેશો હીન. સા૦ ॥ ૨૨ ॥
એક કહે સાચું સહીએ, ઘટ માંહોથી કાઢયો તેહ; સા૦
દ્વિજ સહુએ મીનો નીરખીયોએ, ભુચો રૂધિર ભર્યો દેહ. સા૦ ॥૨૩॥

પછી બ્રાહ્મણો ભીલોને કહેવા લાગ્યા કે, આ કિંમતના પૈસા લઇ તે બીલાડો અમોને આપો, તે સાંભળી મનોવેગે કહ્યું કે, પ્રથમથી તેની પરીક્ષા કરીને લ્યો, કારણ કે વળી પછી કહેશો કે, લે લો સારો નથી! ॥ ૨૨ ॥ ત્યારે એક બ્રાહ્મણે કહ્યું કે, હા, તે પણ બરોબર છે; એમ કહી તે બીલાડાને ઘડામાંથી બહાર કહાડ્યો તો તેને કાને ભુચો તથા શરીરે લોહીથી ખરડાએલો જોયો ॥ ૨૩ ॥

વિપ્ર ભણે સુણુ ભીલડાએ, મીનડો બુચોસે કાન; સા૦
રૂધિરાલો દિસે વલીએ, કહો કારણ ગુણવાન. સા૦ ॥ ૨૪ ॥
પેહેલી ઢાલ બીજા ખંડનીએ, રંગવિજય કવિરાય; સા૦
તસ શિષ્ય નેમવિજય કહેએ, વાત સુણો ચિત્ત લાય. સા૦ ॥ ૨૫ ॥

તે જોઈ બ્રાહ્મણોએ ભીલોને પૂછ્યું કે, આ બીલાડો કાને બુચો તથા લોહીથી ખરડાએલો કેમ છે? તેનું કારણ તમે કહો? ॥ ૨૪ ॥ એવી રીતે બીજા ખંડની પેહેલી ઢાલ રંગવિજય કવિના શિષ્ય નેમવિજયે કહી, તે હે શ્રોતાજનો ચિત્ત દઈને સાંભળજો ॥ ૨૫ ॥

## દુહા.

મનોવેગ કહે સાંભળો, વનવાસી અમે ભીલ; અપુરવ દીઠો
મીનડો, લીધો જાણી ગુણ ડીલ ॥૧॥ પાલી પોષી મોટો ક-
ર્યો, દ્રવ્ય જોઈએ છે આજ; ઘટમાં ઘાલી મીનડો, આવ્યા વે-
ચવા કાજ ॥૨॥ ભૂમી ઘણી ચાલી કરી, આવ્યા વાડવ
ગામ; દિવસ ગયો રજની થઈ, વિશ્રામ રહ્યા એક ઠામ ॥૩॥

તે સાંભળી મનોવેગે કહ્યું કે, ભાઈ અમો તો વનમાં રહેવા વાળા ભીલો છીએ, અને એને ઉમદા તથા ગુણી બીલાડો જાણીને અમોએ લીધો છે ॥ ૧ ॥ વળી તે બિલાડાને પાળી પોષીને મોટો કર્યો છે, પણ કોઈ કામ માટે અમારે પૈસાનો ખપ હોવાથી તેને ઘડામાં નાખી આજ વેચવા સારૂ અહીં આવ્યા છીએ ॥ ૨ ॥ વનમાંથી નીકળી કેટલીક જમીન ઓળંગીને હે વાડવો ( બ્રાહ્મણો ) અમો એક ગામમાં આવ્યા, ત્યાં દિવસ આથમીને રાત પડેલી હોવાથી તે ગામમાં ઉતારો શોધી ત્યાં રહ્યા ॥ ૩ ॥

થાકો ભૂખ્યો મીનડો, ઘટ થકી કાઢચો દીન; એક ઠામે પડી
રહ્યો, નિદ્રા આવી એદ ખીન. ॥૪॥ અમે સુતા નિદ્રા વસે,
નિકળી ઉંદર શ્રેણ; સુતો દીઠો મીનડો, મુષક મળી કરે કેણ
॥ ૫ ॥ સબલ શત્રુ છે આપણો, દુખીયો કીજે એહ;
મોટો ઉંદર આવીયો, ( મીનો ) સુતો દીઠો તેહ ॥ ૬ ॥

વળી તે બીલાડો થાકથી તથા ભુખથી નાતવાન થએલો હોવાથી અમે તેને ઘડામાંથી બહાર કહાડયો કે તુરત તે એક જગોએ ઉંઘી ગયો ॥ ૪ ॥ અમે પણ નિદ્રાવશ થયા, એટલામાં જથાબંધ ઉંદરોએ નીકળી, તે બીલાડાને સૂતેલો જોઈ, ગડબડ કરી મુકી ॥ ૫ ॥ અને વિચાર્યું કે, આ આપણો મોટો શત્રુ છે, માટે એને આપણે આજે સંતાપીએ; એટલામાં મોટો ઉંદર આવી પહોંચ્યો, અને તેણે બીલાડાને સૂતેલો જોયો ॥ ૬ ॥

કાન દોય તેણે કરડીયા, બુચો થયો તિણી વાર; સાંભળી
બ્રાહ્મણ કોપીયા, ખોટા ભીલ ગમાર ॥૭॥ બાર જોજન ગંધે

કરી, ઉંદર નાસે દૂર; તેના કાન કેમ કરડીયા, નિદ્રા તણે ભરપૂર ॥૮॥ એહવી અચેતન જેહને, દુર્ગંધ દીસે ક્રૂર; તેહને કહો કિમ લીજીએ, આભડીયે કેમ ભૂર ॥ ૯ ॥

પછી તે ઉંદરે તેના બન્ને કાનો કરડ્યા, તેથી તે કાને બુચો થયો. તે સાંભળી બ્રાહ્મણો ક્રોધાતુર થઇ કહેવા લાગ્યા કે, આ ભીલ તો લબાડી અને જુઠા બોલા છે ॥ ૭ ॥ જેના ગંધથી ઉંદરો બાર જોજન દૂર ભાગે, તેના કાન નિદ્રામાં ઉંદરો કેમ કરડી શકે? ॥ ૮ ॥ વળી આવો સુન્યકાર ચેતના રહિત જેવો તથા દુર્ગંધ જેનામાં છે, એવા ક્રુર પ્રાણીને આપણે શું કરીએ? અને એને સ્પર્શ કરીને આપણે શા માટે અભડાઇએ? ॥ ૯ ॥

મનોવેગ તવ બોલીયો, સાંભળો વિપ્ર સુજાણ; એક દોષ મંજારનો, અવર ગુણની ખાણ ॥૧૦॥ વિપ્ર વદે એ કેમ ઘટે, આછણ વિણસે દૂધ; સ્નેહ તૂટે લોભ સ્વલ્પથી, વિચારિ જુઓ નિજ બુદ્ધ ॥૧૧ સુગંધી વસ્તુમાં એક કલી, લસણ કરે દુરગંધ; ગુણ ઘણા શું કીજીએ, એક દોષ ટલે બંધ ॥ ૧૨ ॥

તે સાંભળી મનોવેગે કહ્યું કે, હે સુજાણ બ્રાહ્મણો, માત્ર તે એકજ દોષ તેનામાં છે, બાકી સઘળા ગુણોનો ભંડાર છે ॥ ૧૦ ॥ તે સાંભળી બ્રાહ્મણોએ કહ્યું કે, તમે બુદ્ધિથી વિચારી જુઓ કે, એ વાત કેમ સંભવે? કારણ કે જરા પણ છાશનું આછણ પડ્યાથી દૂધ બગડી જાય છે, તથા જરા લોભ કરવાથી પણ સ્નેહ તુટી જાય છે ॥ ૧૧ ॥ વળી ઘણી સુગંધિ વાળી વસ્તુમાં પણ લસણની માત્ર કળી પડવાથી તે સઘળી વસ્તુઓને દુર્ગંધ વાળી કરે છે માટે ઘણા ગુણને શું કરીએ? એક અવગુણે કરી સઘળાનો નાશ થાય છે ॥ ૧૨ ॥

મનોવેગ કહે દ્વિજ સુણો, જો કીજે વાદની વાત; મિંજાર દોષ હું પરહરૂં, તો દ્વિજ કરે મુજ ઘાત ॥૧૩॥ સત્ય વચન મુજ ભાષતાં, લોક ન માને આજ; કદાગ્રહી રાજ કુમર પરે, કેમ કીજે દ્વિજરાજ ॥ ૧૪ ॥

તે સાંભળી મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો જો હું વાદની વાત કરૂં તો હમણાં તે બિલાડાનાં દોષનો નાશ કરૂં, પણ તેથી તમે સઘળા અમારીજ ઘાત કરશો તેનું કેમ? ૧૩ વળી હઠીલા રાજકુમારની માફક, સત્ય વચન જો હું કહું તો લોકો આજ માને નહીં, માટે હે બ્રાહ્મણો, હવે કેવી રીતે કરવું ॥ ૧૪ ॥

## ઢાલ બીજી.

તુમે પિતાંબર પેહેરી આવ્યાજી, મુખને મરકલડે. એ દેશી.

સકલ વાડવ બોલ્યા વાણીજી, ભાઈ તુમે સાંભળો;
પુલીંદ તમે ગુણ ખાણીજી. ॥ ભા૦ ॥ ૧ ॥

કદાગ્રહી પુરૂષ તે કેહેવોજી, ભા. તેહનો ગુણ હતો જેહવોજી; ભા૦
વાત સુણાવો તે અમનેજી, ભા. શાબાશી દીજે તમનેજી. ભા૦ ॥૨॥
વચન સુણી મનોવેગજી, ભા. કહે તુમે રાખજો નેગજી; ભા૦
કથા સુણી રખે કોપોજી, ભા. વચન માહરો રખે લોપોજી. ભા૦ ॥૩॥

તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, હે ભાઇઓ તમે બહુ ગુણી છો, તમે નિશ્ચળ થઇ એક મનથી અમને વાત સંભળાવો ॥ ૧ ॥ તે કદાગ્રહી પુરૂષ કેવો હતો, તથા તેનામાં શું ગુણ હતા, તે વાત તમો અમને સંભળાવો, કે જેથી અમે તમોને ઘણી શાબાશી આપીશું ॥ ૨ ॥ તે સાંભળી મનોવેગે કહ્યું કે, ભાઇ તમો અમારા સાથે પ્રીતી રાખજો, આ વાત સાંભળી ક્રોધાયમાન થઈ રખેને અમારૂં વચન તોડી નાખશો નહીં ॥ ૩ ॥

બગલાણ દેશ મોઝારજી, ભા. નંદરબાર નગર ઉદારજી; ભા૦
નરપતિ નામે છે રાજાજી, ભા. રૂપિણ રાણીના ગુણ તાજાજી. ભા૦ ૪
પુત્ર હુઓ જનમ અંધજી, ભા૦ સહુ કહે કુમાર અંધજી; ભા૦
ભાટ ભીખારીને તેહજી, ભા. શૃંગાર દાન દીએ એહજી. ભા૦ ॥ ૫ ॥
નિત નવા દીએ આભરણજી, ભા. મંત્રિ વિનવે જઇ રાય ચરણજી;ભા.
કુમાર કરે ધન હાણજી, ભા. ભંડારીને કહે તિણ ઠાણજી. ભા૦ ॥ ૬ ॥

બગલાણ નામના દેશમાં નંદરબાર નામે એક નગર છે, ત્યાં નરપતિ નામે રાજા હતો, તથા તેને ગુણવાન રૂપિણી નામે રાણી હતી ॥ ૪ ॥ તેને જનમથી આંધળો એક પુત્ર થયો, લોકો પણ તેને અંધ કુંવર કહી બોલવા લાગ્યા, તે ઘણો ઉદાર હોવાથી ભાટ ભિખારી વિગેરેને ઘરેણા આદિકનું ઘણું દાન દેતો હતો ॥ ૫ ॥ તેમજ તે હમેશાં નવાં નવાં ઘરેણાઓનું પણ દાન દેતો હતો, તેથી મંત્રિએ રાજાને તે વાત જાહેર કરી કહ્યું કે, કુંવર સઘળું ધન ઉડાવી નાખે છે, તે સાંભળી રાજાએ આપવાની ભંડારી પ્રત્યે મનાઇ કરી. ॥ ૬ ॥

કુમારે માગ્યા અલંકારજી, ભા. ભંડારી કહે તિણિ વારજી; ભા૦
આભૂષણ ખુટયાં ભંડારજી, ભા. શું આપું તુમને કુમારજી. ભા૦॥૭॥
અંધ કુમરે તજ્યાં અન્નપાનજી, ભા. દુમનો થઈ સુતો એક થાનજી;
નરપતિએ સાંભળી વાતજી, ભા. પ્રધાન તેડીને એકાંતજી. ભા૦ ॥૮॥
અમ ઘર એકજ પુત્રજી, ભા. તેહ રૂઠ્યો ભાંખે ઉચ્છત્રજી; ભા૦
બુદ્ધિસાગર મંત્રિ કહે તામજી, ભા. કુમર મનાવું હું આમજી. ભા૦ ૯

પછી કુંવરે ભંડારી પાસે જઇ ઘરેણાંની માગણી કરવાથી ભંડારીએ કહ્યું કે, ભંડારમાંથી ઘરેણાં સઘળાં ખુટી ગયાં છે, માટે હવે તમોને હું શું આપું ? ॥૭॥ આમ થવાથી તે અંધ કુંવર આહાર પાણીનો ત્યાગ કરી, રિસાઇને એક સ્થાનકમાં જઇ સૂતો, તે વાત રાજાને કાને પડવાથી તેણે પ્રધાનને એકાંતે તેડાવ્યો ॥ ૮ ॥

અને કહ્યું કે, અમારે તે એકનો એકજ પુત્ર છે, તે રીસાઇને જેમ તેમ બોલે છે; તે સાંભળી બુદ્ધિસાગર મંત્રિએ કહ્યું કે, હું હમણાં કુંવરને મનાવી આપું છું. ૯

મંત્રિએ તેડયા સોનારજી, ભા. લોહનાં ઘડી આપો શ્રૃંગારજી; ભા૦
સોનીયે ઘડીને આપ્યાજી, ભા. કુમરને હાથે જઇ થાપ્યાજી. ભા૦ ૧૦
ભોજન કરાવ્યું કુમારજી, ભા. મંત્રિ બોલે તિણિ વારજી; ભા૦
કુમર સુણો તુમે વાતજી, ભા. ભંડારમાંથી કાઢયાં તુમ તાતજી. ભા.૧૧
એહ શ્રૃંગાર છે એહવાજી, ભા૦ વિઘન નિવારે તેહવાજી; ભા૦
આપશો માં તુમે કોઇનેજી, ભા. અમે અપા યું તુમ જોઇનેજી. ભા૦૧૨

પ્રધાને તુરત કેટલાક સોનીને બોલાવી કહ્યું કે, તમો લોખંડનાં ઘરેણાં બનાવી આપો. તે સાંભળી સોનીઓએ લોખંડનાં ઘરેણાં બનાવી આપ્યાં; મંત્રિયે તે ઘરેણાં કુંવરને આપ્યાં ॥ ૧૦ ॥ પછી કુંવરને ભોજન કરાવી મંત્રિએ કહ્યું કે, આ ઘરેણાં તમારા પિતાજીએ તમારે વાસ્તે પોતાના ખાનગી ભંડારમાંથી કહાડ્યા છે ॥ ૧૧ ॥ વળી આ ઘરેણાં સઘળા વિઘનોનો નાશ કરનારાં છે, તે તમારે કોઇને આપવાં નહીં, માત્ર આ તમારે વાસ્તેજ તમારા પિતા પાસેથી કહડાવી આપ્યા છે ॥૧૨॥

જે કોઇ કહે લોહાભરણજી, ભા. તેહને માર હેજે આવે મરણજી. ભા૦
કુમરે માન્યો તેહનો બોલજી, ભા. રાખ્યો મંત્રિનો તવ તોલજી.ભા.૧૩
લોક ભણે એ અલંકારજી, ભા. લોઢાનાં આપે નિરધારજી; ભા૦
તામ કુમર કરે તવ રીસજી, ભા. લકુટી મારે તસ સીસજી. ભા ૧૪
દુખીયા થયા સહુ લોકજી, ભા. કદાગ્રહી નામ દીયો થોકજી; ભા૦
જેહવો હુઓ તેહવો બોલજી, ભા. કદાગ્રહીની પરે શો તોલજી. ૧૫

વળી આ ઘરેણાંને જે કોઇ લોખંડનાં કહે, તેને એવો તો મારજો કે, મૃત્યુજ પામે; તે સાંભળી કુંવરે મંત્રિનું માન રાખી તેનું વચન અંગીકાર કર્યું ॥ ૧૩ ॥ પછી લોકો જ્યારે તે ઘરેણાંને લોખંડનાં કહેતા, ત્યારે કુંવર તેઓના પર ક્રોધ કરી તેમનાં મસ્તકમાં લાકડીઓનો માર મારતો ॥ ૧૪ ॥ પછી સઘળા લોકો દુઃખી થવાથી, તેઓએ તેને કદાગ્રહી નામ આપ્યું, માટે જેવું હોય તેવું બોલવાથી તે કદાગ્રહીની માફક થતાં કાંઇ પણ વજન રહે નહીં ॥ ૧૫ ॥

મનોવેગ કહે સારજી, ભા૦ સત્ય વચન નિરધારજી; ભા૦
વિપ્ર ન માનો તુમે બોલજી, ભા. કેમ રહે અમારો તોલજી. ભા૦ ૧૬
તુમ તણાં વેદ પુરાણજી, ભા. અરથ કરતાં કરો જો હેરાણજી; ભા૦
તે માટે કેમ કહેવાયજી, ભા. અમ તણી લાજ લોપાયજી. ભા૦॥૧૭॥

માટે મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો, હું તમોને જે સત્ય વચન કહું, તે જો તમે માનો નહીં, તો પછી અમારૂં માન રહેજ કેમ? ॥ ૧૬ ॥ તમારાજ વેદ પુરાણના અર્થ કરતાં, તમો અમને જો હેરાન કરો તો તે અમારાથી કેમ કહેવાય? અને તેથી અમારી આબરૂ પણ નાશ પામે ॥ ૧૭ ॥

જેણે આદર્યું કામ વળી જેહજી, ભા. તે જાણે ખરૂં સહી તેહજી; ભા૦
અતિમોહી નર એક મૂઢજી, ભા. તેહની કથા ચિત્ત ધરો ગૂઢજી. ભા. ૧૮
બીજા ખંડની ઢાલ કહી બીજીજી, ભા. શ્રોતા સહુ કહેજો જીજીજી; ભા.
રંગવિજય કવિનો શિષ્યજી, ભા. નેમવિજય પ્રણમે નિશ દિશજી. ૧૯

વળી જેણે જે કામ અંગીકાર કર્યું છે, તે તેજ કામને ખરૂં માને છે. વળી એક અતિમોહી નામે મૂઢ માણસ હતો, તેની વાત કહું છું તે ચિત્ત દઇને સાંભળજો. ૧૮ એવી રીતે બીજા ખંડની બીજી ઢાલ રંગવિજય કવિના શિષ્ય નેમવિજયે નમસ્કાર કરી કહી, તે હે શ્રોતાજનો તમે સઘળા સાંભળજો. ॥ ૧૯ ॥

## दुहा.

વિપ્ર વચન તવ બોલિયા, સુણરે ભીલ સુજાણ; કથા કહો
અતિમોહી તણી, સાંભળવા સાવધાન ॥૧॥ મનોવેગ તવ
બોલીયો, બ્રાહ્મણ સુણજો સાર; કથા કહું હું રૂયડી, વિનોદ તણો
ભંડાર ॥૨॥ નમીયાડ દેશમાં નિરમલી, નર્મદા નદી વહે
સાર; દક્ષિણ તટ તિહાં ગામડો, શામંત નામ અપાર ॥ ૩ ॥

તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, હે ભીલ, તે અતિમોહીની કથા અમોને કહી સંભળાવો, અમો સાંભળવાને તૈયાર છીએ ॥ ૧ ॥ તે સાંભળી મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો, તમોને હું આનંદ દાયક મનોહર વારતા કહું છું, તે સાંભળજો ॥૨॥ નમીયાડ નામના દેશમાં નિર્મળ નર્મદા નામે નદી વહે છે, તેના દક્ષિણ કાંઠા ઉપર શામંત નામે એક ગામ છે ॥ ૩ ॥

લોક વસે તિહાં રૂયડા, ધર્મ કરે અભિરામ; માધવ મેહેતો
અતિ ભલો, અધિકારી તિણ ગામ ॥ ૪॥ સુંદરી નારી તેહ
તણી, સીયલવંત ગુણવંત; તે બેહુ જણથી પુત્ર હુવો, સોનપાલ
નામ મહંત ॥ ૫ ॥ પુત્ર પ્રસુત હુવા પછી, માધવ ન ગમે
તેહ; સુંદરી રૂપ શું કીજીએ, જોવન નાઠું દેહ ॥ ૬ ॥

તે ગામમાં સારી રીતે ધર્મ પાળવા વાળા ઉત્તમ લોકો વસે છે, તેમાં માધવ મેહેતા નામે એક ગુણી અધિકારી હતો ॥ ૪ ॥ તેને ગુણવાળી તથા શીયલવંતી સુંદરી નામે એક સ્ત્રી હતી, તેઓને એક સોનપાલ નામે ઉત્તમ પુત્ર થયો ॥ ૫ ॥ તે પુત્રની ઉત્પત્તિ થવા પછી, માધવનો તે સ્ત્રી ઉપરથી પ્યાર ઓછો થયો, કારણ કે સુંદરીના શરીર ઉપરથી જુવાની ચાલી ગઈ હતી; તેથી તેણે વિચાર્યું કે હવે આ સ્ત્રીનું રૂપ શા કામનું છે? ॥

શામંત ગામ વસુદત્ત વસે, સુરંગી નાર સુચંગ; કુરંગી પુત્રી
તે તણી, રૂપ કલા સુરંગ ॥૭॥ માધવે ધન આપી ઘણું,
પરણી કુરંગી નાર; જોવન ભાર રળિઆમણી, તેહસું નેહ

અપાર ॥ ૮ ॥ કામ કુતુહલ કરે ઘણું, ઇંદ્રી લંપટ તેહ;
કુરંગીએ અતિ મોહીયો, ભોગવે ભોગ તસ દેહ ॥ ૯ ॥
સેજે કુરંગી કુલક્ષણી, અપર શું વાંછે ભોગ; કામે પીડી
કામિની, ન મળે તેને જોગ ॥ ૧૦ ॥

હવે સામંત નામે ગામમાં વસુદત્ત નામે એક માણસ હતો તેને સુરંગી નામે મનોહર સ્ત્રી હતી, તથા તેઓને કુરંગી નામે રૂપાળી, અને કળાવાન પુત્રી હતી. ૭ માધવે ઘણું ધન આપીને તે કુરંગી સાથે વિવાહ કર્યો, તથા તે સ્ત્રી ભર યુવાન અને મનોહર હતી, તેથી માધવ તેનાપર બહુ પ્યાર રાખતો હતો ॥ ૮ ॥ હવે તે વિષયી માધવ, કુરંગી ઉપર ઘણો મોહિત થયો થકો તેની સાથે ઘણાં કુતુહલથી કામ ક્રીડા ભોગવવા લાગ્યો ॥ ૯ ॥ તે કુરંગી ખરાબ લક્ષણ વાળી હોવાથી બીજા સાથે ભોગ ભોગવવાની ઇચ્છા કરતી હતી; પણ તે કામાંધ સ્ત્રીને કોઈ એવો જોગ મળતો નહોતો ॥ ૧૦ ॥

## ઢાલ ત્રીજી.

કંત તમાકુ પરિહરો. એ દેશી.

સુંદરીનાં લક્ષણ ભલાં, શીલવંતી શુભ નાર; મોરા લાલ,
પર નર દીઠા નવિ ગમે, પાલે શુદ્ધ આચાર. મો૦ ॥ ૧ ॥
સુરીજન સાંભળજો કથા. એ આંકણી.
સુંદરીનો સીલ નવી ગમે, કુરંગી કરેરે કુરંગ; મો૦
કોપે ચડી નિત્ય કલકલે, આપ વખાણે અંગ. મો૦ સુ૦ ॥ ૨ ॥
ભરથારનો વલી બલ ઘણો, દીયે અઘટતા આળ; મો૦
સાપણ સરીખી ફુંફું એ, મુખ મોડી બોલે ગાળ. મો૦ સુ૦ ॥ ૩ ॥

હવે પહેલી (જુની) સુંદરી નામે સ્ત્રી સુલક્ષણી અને શીયલવંતી હતી, તેને પર પુરૂષ નજરે જોયો પણ ગમતો નહીં હતો, અને ઉત્તમ આચાર પાળતી હતી. કવી કહે છે હે દેવ પુરૂષો તમો આ વાત સાંભળજો ॥ ૧ ॥ તે સુંદરીનું શીયળ જોઇ કુરંગીને અદેખાઈ આવવાથી હમેશાં તેના ઉપર ગુસ્સે થઈ ઘરમાં કજીયા કરે, તથા પોતાનાં રૂપનાં વખાણ કરે ॥ ૨ ॥ વળી તે ભરતારની માનીતી હોવાથી સુંદરી ઉપર કેટલાંક ન છાજતાં કલંકો ચડાવે, તથા સાપણની માફક ફુંફાડા મારી મોઢું મરડીને ગાળો ભાંડે ॥ ૩ ॥

સુંદરી મનમાં ખીમા ધરી, ઉપસમે આણી અંગ; મો૦
અશુભ કર્મ કીધાં મેં ઘણાં, ધર્મ તણો કીયો ભંગ. મો૦ સુ૦ ॥ ૪ ॥
કુરંગી કંથ આગળ કહે, સાંભળો સ્વામિ એકંત; મો૦
વડી નારી તુમ ન રૂયડી, અવગુણનો નહીં અંત. મો૦ સુ૦ ॥ ૫ ॥
શોકની વાત કશી કહું, કહેતાં આવે મુજ લાજ; મો૦
દ્વેષ માટે તુમે જાણશો, નહીં કહીએ તે આજ. મો૦ સુ૦ ॥ ૬ ॥

પણ સુંદરી તો મનમાં ક્ષમા લાવી, શાંત રહી થકી વિચારે કે, મેં પૂર્વ ભવમાં ઘણાં પાપનાં કામો કરી ધર્મનો ભંગ કરેલો હશે ॥ ૪ ॥ એક દહાડો કુરંગીએ પોતાના સ્વામિને એકાંતમાં કહ્યું કે, તમારી મોટી સ્ત્રી બહુ ખરાબ માણસ છે, તેના દુર્ગુણોનો તો પારજ નથી ॥ ૫ ॥ તે શોકની શું વાત કરૂં? વાત કરતાં મને તો શરમ આવે છે, વળી તમે જાણશો કે તે તો અદેખાઇથી કહે છે, માટે તે વાત તમોને આજે તો હું કહીશ નહીં ॥ ૬ ॥

માધવ કોપ્યો ધડહડયો, તેહના સાંભળી બોલ; મો૦
વનિતાનો વિશ્વાસ કરે, તે જાણીએ નિટોલ. મો૦ સુ૦ ॥ ૭ ॥
માધવે સુંદરી પરહરી, અલગું આપ્યું ગેહ; મો૦
પુત્ર સરસી જુઇ કરી, વેહેંચી આપ્યું તેહ. મો૦ સુ૦ ॥ ૮ ॥
આઠ બલદ આપ્યા ભલા, દશ આપી વલી ગાય; મો૦
ભાગ કરી સહુ વેંચીયો, લોકે કીધો ન્યાય. મો૦ સુ૦ ॥ ૯ ॥

માધવ કુરંગીના બોલો સાંભળી ક્રોધથી કહેવા લાગ્યો કે, જે માણસ સ્ત્રીનો વિશ્વાસ કરે, તેને મૂરખ જાણવો ॥ ૭ ॥ પછી માધવે સુંદરીને એક બીજું ઘર આપી તેના પુત્રની સાથે જુદી રાખી અને ધન માલ વેંહેંચી આપીને તેનો ત્યાગ કર્યો ॥ ૮ ॥ વળી આઠ બળદ, તથા દશ ગાય આપી, લોકના ન્યાય પ્રમાણે સઘળો ભાગ વેંહેંચી આપ્યો ॥ ૯ ॥

અપર મંદિર સુંદરી રહે, નંદન સરસી તેહ; મો૦
સદગુરૂ તે પ્રતિબોધીયા, જૈન ધરમમાં બેહ. મો૦ સુ૦ ॥ ૧૦ ॥
માધવ કુરંગીસું મોહીયો, બોલે જીજી ભાષ; મો૦
અબલાની આણા ધરે, તેહ તણો હુઓ દાસ. મો૦ સુ૦ ॥ ૧૧ ॥
કટકાઇએ ચાલીયો, દેશ તણો મહીપાલ; મો૦
માધવ ભણી દૂત મોકલ્યો, તેડી લાવો તતકાળ. મો૦ સુ૦ ॥ ૧૨ ॥

પછી તે સુંદરી પોતાના પુત્રને સાથે લેઇ બીજા ઘરમાં રહેવા લાગી, પછી જૈન ગુરૂના ઉપદેશથી તે બંને મા દીકરો જૈન ધર્મ પાળવા લાગ્યા ॥ ૧૦ ॥ હવે માધવ કુરંગીમાં અત્યંત પ્રેમ વાળો હોવાથી, તેણીનાં સઘળાં વચનો કબુલ રાખી, એક દાસની માફક તેની આજ્ઞા ઉઠાવવા લાગ્યો ॥ ૧૧ ॥ એક વખત રાજાએ લશ્કર લેઈ લડાઇ ઉપર જતી વખત દૂતને બોલાવી કહ્યું કે, માધવને તુરત તેડી લાવો ॥૧૨॥

દૂતે તવ આવી કહ્યું, માધવ મ લાઓ વાર; મો૦
રાજા કટકે ચાલીયો, બોલાવ્યા ઝુઝાર. મો૦ સુ૦ ॥ ૧૩ ॥
માધવને તવ ઉપન્યો, કુરંગી ઉપર મોહ; મો૦
નારીને તેડી વીનવે, આપણ હોસે વિછોહ. મો૦ સુ૦ ॥ ૧૪ ॥
કુરંગી કહે સ્વામિ સુણો, તુમ વિણ ઘડીય ન જાય; મો૦
અન્નપાન તે નવિ રૂચે, દીવસ વરસાં સો થાય. મો૦ સુ૦ ॥ ૧૫ ॥

ત્યારે દૂતે માધવને ઘેર આવી કહ્યું કે, તમો વખત લગાડો નહીં રાજા લડાઇમાં જાય છે, ત્યાં શુરાને બોલાવ્યા છે ॥ ૧૩ ॥ તે સાંભળી માધવને કુરંગી ઉપર પ્યાર ઉત્પન્ન થયો, તેથી તેણીને બોલાવી નમ્ર વચને કહ્યું કે, આપણો હમણાં થોડો વખત વિજોગ થશે ॥ ૧૪ ॥ તે સાંભળી કુરંગીએ કહ્યું કે, હે સ્વામિ તમારા વિના મને ઘડી પણ ચાલશે નહીં, અન્ન પાણી ભાવશે નહીં, અને વધારે શું કહું? એક દિવસ સો વરસ સરખો થશે ॥ ૧૫ ॥

**અમે તુમ સાથે આવશું, નહીંતો કરશું આપઘાત; મો૦**
**મુજ ઉપર કિરપા કરી, માનો અમ તણી વાત. મો૦ સુ૦ ॥ ૧૬ ॥**
**તવ માધવ ઈમ બોલીયો, સાંભળ સીલવંતી નાર; મો૦**
**થોડે દિવસે અમે આવશું, રૂડી પરે રહેજો ઘરબાર. મો૦ સુ૦ ॥ ૧૭ ॥**
**તુજ સતીમાં ગુણ છે ઘણા, લંપટ લોક ઈહ ગામ; મો૦**
**ભગની સુત મહાબુદ્ધિને, શીષ દઈ કરજો ઘર કામ. મો૦ સુ૦ ॥૧૮॥**

માટે હું તો તમારી સાથે આવીશ, અને નહીં તેડી જાઓ તો આપઘાત કરીશ, માટે મારા ઉપર મેહેરબાની કરી, મારી વાત અંગીકાર કરો ॥ ૧૬ ॥ તે સાંભળી માધવે કહ્યું કે, હે શીયલવંતી સ્ત્રી, હું થોડાજ દિવસમાં પાછો આવીશ, અને તેટલા સુધી તમે ઘરબાર સાંચવીને સારી રીતે રહેજો ॥ ૧૭ ॥ હે સતી, તારામાં ઘણાં ગુણો છે, પણ આ ગામના લોકો લંપટ (પર સ્ત્રી ગામી) છે, માટે આ મારા મહાબુદ્ધિ ભાણેજને ઘરનું કામકાજ સોંપીને જાઉં છું ॥ ૧૮ ॥

**એમ કહીએ તે ચાલીયો, પહોતો કટક મોઝાર; મો૦**
**માધવ મનમાં ચિંતવે, સદાએ કુરંગી નાર. મો૦ સુ૦ ॥ ૧૯ ॥**
**ઢાળ ત્રીજી બીજા ખંડની, રંગવિજય કવિરાય; મો૦**
**તસ શિષ્ય નેમવિજય કહે, આગે કહું વાત બનાય. મો૦ સુ૦ ॥૨૦॥**

એમ કહીને માધવ તો રાજા સાથે લશ્કરમાં ગયો, પણ તેનું ચિત્ત તો હમેશાં કુરંગીમાંજ રહેતું હતું ॥ ૧૯ ॥ એવી રીતે રંગવિજયજી કવિના શિષ્ય નેમવિજયજીએ બીજા ખંડની ત્રીજી ઢાલ કહી, અને આગળ વાતનો બનાવ કહેવા જણાવ્યું. ૨૦

## દુહા.

**કટકે જવ કંત ચાલીયો, તવ હુવો હર્ષ અપાર; કુરંગીને કામ વ્યાપીયો, માંડયો કુવ્યાપાર ॥ ૧ ॥ યોવન ભર રૂપે ભલો, સોનાર ચંગો નામ; પ્રપંચ કરી ઘર તેડીયો, એકાંત બોલી તામ ॥ ૨ ॥ સાંભળો સ્વામિ રૂયડા, રૂપ તણા ભંડાર; જોવનવંતાં બેહુ જણાં, લાહો લીજે સંસાર ॥ ૩ ॥**

હવે જ્યારથી માધવ લડાઈમાં ગયો, ત્યારથી કુરંગીના મનમાં ઘણોજ આનંદ થયો, અને કામ વ્યાપવાથી ખોટો ધંધો (જાર પણું) શરૂ કર્યો ॥ ૧ ॥ તે ગામમાં એક જુવાન તથા રૂપાળો ચંગો નામે સોની હતો, તેને કંઇક પ્રપંચ કરીને પોતાને

ઘેર બોલાવી, એકાંત તેડી કુરંગી તેને કહેવા લાગી કે, ॥ ૨ ॥ હે સ્વામિ તમે ઉત્તમ તથા રૂપનાં તો ભંડાર સમાન છો, વળી આપણે બન્ને જુવાન છીએ, માટે આ સંસારનો આપણે લાવો લઇએ ॥ ૩ ॥

બુદ્ધિ માધવ એમ ધણી, ઇંડ કાટલું તેહ; સફલ જનમ થાય આપણો, તુમ મલે સુખ થાય દેહ ॥૪॥ ધૂરત ચંગો બોલીયો, સાંભળ ભોલી નાર; સાત વ્યસન સેવું સદા, એ મુજ ગમે વિચાર ॥૫॥ તુમ વચન મુજ લોપતાં, બ્રહ્મ હત્યાદિક હોય, વેદ પુરાણે આદર્યું, ચતુર નર લોપે કોય ॥ ૬ ॥

જે મારો ધણી માધવ છે, તે તો અટોલ કાટલા જેવો (મુરખ) છે. માટે તમે જો મને ચાહો તો મારા શરીરને વિષે સુખ થાય. તેમજ આપણો જન્મ પણ સફળ થાય ॥ ૪ ॥ તે સાંભળી તે ઠગારો ચંગો સોની બોલ્યો કે, હે ભોળી સ્ત્રી, હું જે કહું તે તું સાંભળ. હું હમેશાં, સાતે વ્યસનો (જુગાર ૧ મદ્યપાન ૨ માંસ ૩ ચોરી ૪ પરદારા સેવન ૫ વેશ્યા ૬ શિકાર કરવો ૭ ) સેવું છું; અને તમોએ જે વાત કહી તે મને બહુજ ગમે છે ॥ ૫ ॥ વળી તમારૂં વચન લોપવાથી (ન માનવાથી) મને બ્રહ્મ હત્યા લાગે; વળી જે વાત વેદ પુરાણ આદિકમાં પણ કહેલી છે, તે વાત કયો ચતુર માણસ અંગીકાર કરે નહીં ॥ ૬ ॥

એમ કહી બિહુ જણ મળ્યા, ભોગવે ભોગ વિલાસ; રાત દિવસ વ્યભિચારિઆ, ધન વિલસે કરે હાંસ ॥ ૭ ॥ વર્ષ એક એણી પરે ગયો, પાપ કરતાં તેહ; માધવનો આગજ હુવો, દીન ચઉ આવે ગેહ ॥ ૮ ॥ જારે આવતો જાણીને, વાહી કુરંગી નાર; ધુરત ધન લેઇ ગયો, ઠાલી કીધ અપાર ॥ ૯ ॥ કટકી કરીને આવીયો, માધવ મોહ ધરંત; આગળથી નર મોકલ્યો, કુરંગી આવ્યો કંત ॥ ૧૦ ॥

એમ કહીને તેઓ બંન્ને મળી રાત દિવસ કામ વિલાસ ભોગવવા લાગ્યા, તથા એક બિજાની હાંસીમાં કાળ નિરગમન કરતાં થકાં ધન દોલત ઉડાવવા લાગ્યાં. ॥૭॥ એવી રીતે પાપ કામ કરતાં તેઓને એક વર્ષ થયું; એટલામાં માધવનો ચાર દિવસમાં ઘેર આવવાનો સંદેશો આવ્યો ॥ ૮ ॥ તે ઠગારા ચંગા સોનીએ, માધવને આવતો જાણી, કુરંગી સ્ત્રીને ચડાવી, સઘળું ધન લઇને તેણિને નિર્ધન કરી મુકી ॥ ૯ ॥ હવે માધવે મોહને લીધે લડાઇમાંથી આવી, આગળથી કુરંગીની પાસે માણસ મોકલી કહેવરાવ્યું કે, હું (માધવ) આવું છું ॥ ૧૦ ॥

## ઢાલ ચોથી.

રાણકપુર રલીયામણોરે લાલ. એ દેશી.

ભોજન ભલાં વેગે કરોરે લાલ, ભુખ્યા છે ભરતાર; સનેહીરે,
તેણે વચને ઝાંખી થઇરે લાલ, ચિંતા ઉપની અપાર; સનેહીરે,
સુરીજન સાંભળજો કથારે લાલ. એ આંકણી ॥ ૧ ॥

સુંદરીને મંદિર ગઈરે લાલ, બેઠી કરીને પ્રણામ; સ૦
વડી બેહેન સુણો વિનતિરે લાલ, ઘરે આવ્યા આપણા સ્વામ. સ૦ ૨
તું બાઈ વડી ભામનીરે લાલ, હું નાની છું તેહ; સ૦
ભોજન કરાવો ભરતારનેરે લાલ, રાખો વડપણ દેહ. સ૦ સુ૦ ॥ ૩ ॥

તે માણસે આવી તે કુરંગીને કહ્યું કે, તમારો સ્વામિ આવ્યો છે, અને તે ભુખ્યો છે, માટે તુરત રસોઈ બનાવો, તે સાંભળી કુરંગીના મનમાં અત્યંત ચિંતા ઉપજી. ૧ હવે તે કુરંગી ત્યાંથી સુંદરીને (પોતાની શોકને) ઘેરે જઇ, તેને પ્રણામ કરી બેઠી, અને કહેવા લાગી કે, હે મોટી બેહેન આપણો સ્વામિ આજે લડાઇમાંથી ઘેર આવ્યા છે ॥ ૨ ॥ વળી હે બાઇ તમે મોટાં છો, અને હું તો નાની છું, માટે આજે મોટપણ રાખીને આપણા સ્વામિને ભોજન કરાવો ॥ ૩ ॥

તવ સુંદરી બોલી ઈસુંરે લાલ, મુજસું પ્રીત નહીં કંત; સ૦
ભોજન નહીં કરે મુજ ઘરેરે લાલ, કુરંગી સુણ સંત. સ૦ સુ૦ ॥ ૪ ॥
જમાડું તુજ ઘર કંતનેરે લાલ, ઈમ કહી ગઈ નીજ ગેહ; સ૦
સરલ સ્વભાવ સુંદરી તણોરે લાલ, રસવતી નીપાઈ તેહ. સ૦ સુ૦ ૫
માધવ આવ્યો કુરંગી ઘરેરે લાલ, મોહ ધરી બેઠો બાર; સ૦
મધુર સ્વરે સાદજ કરેરે લાલ, ઉત્તર દીયો કુરંગી નાર. સ૦ સુ૦ ॥૬॥

તે સાંભળી સુંદરી કહેવા લાગી કે, હે કુરંગીબાઇ, સ્વામિની મારા ઉપર પ્રીતી નથી, તેથી તે મારે ઘરે ભોજન કરશે નહીં ॥ ૪ ॥ તે સાંભળી કુરંગી કહેવા લાગી કે, હું આજ સ્વામિને સમજાવીને તમારેજ ઘેરે જમાડીશ; (એમાં તમારે જરા પણ ચિંતા રાખવી નહીં) એમ કહી તે (કુરંગી) પોતાને ઘેર ગઇ; પછી સરલ સ્વભાવી બીચારી ભોળી સુંદરીએ રસોઇ તૈયાર કરી ॥ ૫ ॥ પછી માધવ કુરંગીને ઘેર આવી, પ્રેમ ભાવથી બારણા આગળ બેશીને મીઠાં વચનોથી કુરંગીને બોલાવવા લાગ્યો, પણ તેણીએ કશો ઉત્તર આપ્યો નહીં ॥ ૬ ॥

ઘણે દીવસે અમે આવીયારે લાલ, (હવે) સર્યાં બેહુનાં કાજ; સ૦
મનોહર તું મુજ કામનીરે લાલ, બાહિર આવો તજી લાજ. સ૦ સુ૦૭
શબ્દ સુણી લોક બહુ મળ્યારે લાલ, (તેણે) કહ્યું કાં પોકારો નાર; સ૦
સબલ લંપટ છપી રહીરે લાલ, ખાલી કીધી કોઠે જાર. સ૦ સુ૦ ॥ ૮ ॥
માધવ કહે જૂઠ કાં લવોરે લાલ, સીલવંતી મુજ એહ; સ૦
મોહ ધરી ઘરમાં ગયોરે લાલ, પાય પડી મનાવે તેહ. સ૦ સુ૦ ॥ ૯॥

હે મનોહર સ્ત્રી, ઘણે દિવસે હું બહાર દેશાવરથી આવ્યો છું, અને આજે આપણાં બન્નેનાં કાર્યો સિદ્ધ થયાં છે, માટે તું લાજ છોડી બહાર આવ! ॥ ૭ ॥ માધવના તે શબ્દો સાંભળી ત્યાં કેટલાક લોકો એકઠા થયા, અને કહેવા લાગ્યા કે, તમો શા માટે સ્ત્રીને પોકાર પાડો છો? એ રાંડ તો લંપટ છે, તેથી છુપાઇ રહી છે, એણીએ કોઠીએથી સઘળી જાર ખાલી કરી છે. (અર્થાત સઘળું વ્રત ઉઠાવી નાખ્યું છે.) ૮

તે સાંભળી માધવ, લોકોને કહેવા લાગ્યો કે, તમો સઘળા જુઠું શા માટે બોલો છો? એ મારી સ્ત્રી તો શીયલવંતી છે; એમ કહી તે મનમાં મોહ લાવી ઘરમાં જઇ, તેણીને પગે પડી મનાવા લાગ્યો ॥ ૯ ॥

હું ભૂખ્યો ભોજન દીયોરે લાલ, લાજ ન કીજે ભરતાર; સ૦
કોપ ધરી કુરંગી ભણેરે લાલ, તું મોટો ઉતાર. સ૦ સુ૦ ॥ ૧૦ ॥
સુંદરીસું મોહ તુજ તણોરે લાલ, ભોજન રંધાવ્યું તેં ત્યાંહિં; સ૦
ઉઠ જા ઘરમાં તેહ તણેરે લાલ, પાખંડ કરી આવ્યો આંહીં. સ૦સુ૦૧૧
સોનપાલ નંદન બોલીયોરે લાલ, બાપનાં પ્રણમી પાય; સ૦
મંદિર પધારો પિતા આપણેરે લાલ, રસોઈ નિપાઇ મુજ માય. સ૦૧૨

અને કહ્યું કે, હું ભુખ્યો છું માટે ભોજન આપો; પોતાના સ્વામિથી લજ્જા શા માટે કરો છો? તે સાંભળી કુરંગી ક્રોધાયમાન થઇ બોલવા લાગી કે, તું તો મોટો દેશનો ઉતાર છે ॥ ૧૦ ॥ તને તો સુંદરી ઉપર પ્યાર છે, કારણ કે તેં ત્યાં ભોજન કરાવ્યું છે; અને અહીં ઢોંગ કરીને આવ્યો છે; માટે જા ઉઠ! અહીંથી, અને તેણીને ઘરે જા ॥ ૧૧ ॥ એટલામાં તેનો પુત્ર સોનપાલ આવી પિતાને પગે લાગી કહેવા લાગ્યો કે, હે પિતાજી આપણે ઘેર ચાલો, મારી માતાએ સઘળી રસોઈ તૈયાર કરી છે ॥ ૧૨ ॥

વચણ સાંભળી તવ પુત્રનાંરે લાલ, ભય પામ્યો માધવ તામ; સ૦
બોલ બોલે કુરંગી આકરારે લાલ, મુખ નિહાલે નારી તણું આમ.સ૦૧૩
કોહાડ ડસી દાંત એમ કહેરે લાલ, ઇહાં થકી જા જા ધૂતાર; સ૦
ઠેક કરવાને આવ્યો ઇહાંરે લાલ, જણનારને જા ઘરબાર. સ૦ સુ૦ ૧૪
કોપ નારીનો જાણી આવીયોરે લાલ, સુંદરી ઘરે તતકાલ; સ૦
માન દીધું ઘણું અવતાંરે લાલ, સુંદરી મનમાં ઉજમાલ. સ૦ સુ૦ ૧૫

એવી રીતનાં પુત્રનાં વચનો સાંભળી માધવ ઘણો ભય પામ્યો, તે વખત કુરંગી પણ ખૂબ કઠોર શબ્દો બોલવા લાગી, પણ માધવ તો તેણીનાજ મુખ ઉપર પોતાની નજર રાખી બેઠો ॥ ૧૩ ॥ વળી તે કુરંગી ભમર ચઢાવીને દાંત પીસતી કહેવા લાગી કે, ધુતારા તું અહીંથી દૂર જા? અહીં શું મશ્કરી કરવા આવ્યો છું? જા તારી જણનારીને (ક્રોધાયાન થતી સ્ત્રીને બદલે માતા કહે છે) ઘેર જા!! ॥૧૪॥ એવી રીતે કુરંગીને ક્રોધાતુર જોઇ માધવ તુરત સુંદરીને ઘેર આવ્યો, અને સુંદરીએ પણ આનંદથી તેને આવતાવેંત ઘણું આદરમાન આપ્યું ॥ ૧૫ ॥

લેખે અવતાર આજ આવીયોરે લાલ, સ્નાન કરાવે સુંદરી નાર; સ૦
થાલ માંડયો જમવા ભણીરે લાલ, પાસે કચોલાંની હાર. સ૦ સુ૦ ૧૬
પકવાન પીરસ્યાં પ્રેમે કરીરે લાલ, સાલ દાલ ધૃત પુર; સ૦
માધવ મહેતો મન ચિંતવેરે લાલ, કુરંગી રૂઠી દુઃખ ભુર. સ૦ સુ૦ ૧૭

મધુરી વાણુ સુંદરી કહેરે લાલ, ભોજન નવી કરો કેમ; સ૦
તવ માધવ એમ ઓચરેરે લાલ, નવિ ભાવે અન્ન મુજ જેમ. સ૦ સુ૦ ૧૮

વળી સુંદરી મનમાં વિચારવા લાગી કે, આજે મારો અવતાર સફળ થયો; એમ વિચારી સ્વામિને નવરાવી, જમવા બેસાડ્યા, અને એક થાળ માંડી પાસે વાઢકાઓની હાર ગોઠવી ॥ ૧૬ ॥ વળી જાત જાતનાં પકવાન, ભાત, દાળ વિગેરે પુષ્કળ ઘી સાથે સુંદરીએ પ્રેમ લાવી પીરસ્યાં; પણ માધવના મનમાં એજ વાત હતી કે, કુરંગી આજે મારા ઉપર બહુ ક્રોધાયમાન થઇ છે ॥ ૧૭ ॥ પછી માધવને ન જમતો જોઇને, સુંદરીએ નમ્ર વચને પૂછ્યું કે, હે સ્વામિ તમે શા માટે જમતા નથી, તે સાંભળી માધવ કહેવા લાગ્યો કે આજે મને અન્ન ભાવતું નથી ॥ ૧૮ ॥

લધુ ભામની શાક આણે ઇહાંરે લાલ, તો અમૃત લાગે અન્ન; સ૦
તવ સુંદરી લેવા ગઇરે લાલ, હાથ કચોલો લેઇ મન. સ૦ સુ૦ ॥ ૧૯ ॥
ઢાલ ચોથી બીજા ખંડનીરે લાલ, રંગવિજય કવિ શિષ્ય; સ૦
નેમવિજય કહે નિત પ્રતેરે લાલ, પ્રણુતે કરૂં નિસદિસ. સ૦ સુ૦ ૨૦

આ વખતે જો કુરંગીના હાથનું શાક હોય, તો આ અનાજ અમૃત સરખું લાગે, તે સાંભળી ભોળી બિચારી સુંદરી હાથમાં વાડકો લઇ કુરંગીને ઘેર શાક લેવા ગઇ. ॥ ૧૯ ॥ એવી રીતે બીજા ખંડની ચોથી ઢાલ રંગવિજય કવિના શિષ્ય નેમવિજયજીએ કહી ॥ ૨૦ ॥

## દુહા.

કુરંગી બેન તમે સાંભળો, ન કરે ભોજન ભરથાર; મુજને મોકલી લેવા ભણી, શાક ઉપર બહુ પ્યાર ॥ ૧ ॥ કુરંગી જાણ્યું કંત મોહીયો, પરીક્ષા કરૂં હવે એહ; વૃદ્ધ બલદનો છાણ દેખીને, ચણા દાલ ખાધી જેહ ॥ ૨ ॥ છાણ કચોલું ભરી કરી, આપ્યો સુંદરી હાથ; માધવ ભણી જઇ આપીયો, ઉષ્ણ શાક છે નાથ ॥ ૩ ॥

હવે સુંદરી કુરંગીને ઘેર જઇ કહેવા લાગી કે, હે બહેન આપણા ભરથાર ભોજન કરતા નથી, કારણ કે એમને તમે કરેલાં શાક ઉપર બહુ પ્યાર છે, માટે મને લેવા મોકલી છે ॥ ૧ ॥ કુરંગીએ વિચાર્યું કે તે મારાપર મોહિત થયો છે, માટે અત્યારે તેની પરીક્ષા કરૂં; એમ વિચારી, એક ઘરડો બળદ, કે જેણે ચણાની દાળ ખાધી હતી, તેનું છાણ જોયું. (બળદ ઘરડો હોવાથી દાળ નહીં પચવાને લીધે છાણ વાટે આખી નીકળી હતી ॥ ૨ ॥ તે છાણનું કચોળું (વાડકો) ભરીને કુરંગીએ સુંદરીના હાથમાં આપ્યો, અને સુંદરીએ તે લઇ જઇ માધવને આપી કહ્યું કે, કુરંગીએ આ શાક ઉનું ઉનું મોકલ્યું છે ॥ ૩ ॥

કુરંગીયે શાક મોકલ્યું, દેખી રીઝયો નાથ; જમતાં વખાણે ઘણું, રૂડા એહના હાથ ॥ ૪ ॥ જમી ઉઠ્યા માધવ તિહાં, તેડયો

નીજ ભાણેજ; એકાંત જઈ પૂછે સહી, કેમ ઉતાર્યો કુરંગી હેજ ॥ ૫ ॥ મહાબુદ્ધિ તવ બોલીયો, સુણ મામા એક વાત; સીલ લોપ્યું તુમ કામની, ખાધું ધન જાર સંઘાત ॥ ૬ ॥

કુરંગીએ મોકલેલું શાક જોઇ માધવ મનમાં આનંદ માની તે શાક (છાણ) ખાવા લાગ્યો, અને ખાતાં ખાતાં વખાણ કરવા લાગ્યો કે, અહો! કુરંગીના હાથજ કેવા ઉત્તમ છે? (અર્થાત તે રસોઈમાં ઘણી ચતુર છે) ॥ ૪ ॥ પછી જમીને ઉઠ્યા બાદ માધવે ભાણેજને એકાંતે તેડાવી પૂછયું કે, કુરંગી આમ રીસાઇ કેમ બેઠી છે? ॥૫॥ તે સાંભળી મહાબુદ્ધિ ભાણેજ કહેવા લાગ્યો કે, હે મામા, હું વાત કહું તે સાંભળો; તમારી સ્રીયે શીયલ લોપીને પોતાના યાર સાથ રહી સઘળું ધન ઉડાવી નાખ્યું છે. ૬

માધવ બોલ્યો સાંભળી, સાંભલ તું લઘુનાર; સંપદા સઘલી કિહાં અછે, તુમે વાવરી કુણ ઠાર ॥ ૭ ॥ કુરંગી બોલી તતક્ષીણ, ભાણેજનો એ ભેદ; સાંભલજો ધુરથી સહુ, વાત કહું ધ્રુવ વેદ ॥ ૮ ॥ મુજસું હાસ્ય કરે બહુ, એક દિન વળગ્યો તેણ; હૃદય વલુર્યું મુજતણું, અધિક કહું શું એણ ॥ ૯ ॥

તે સાંભળી કુરંગીને ઘેર જઇ તેને કહેવા લાગ્યો કે, આપણું સઘળું ધન કયાં ગયું? તમોએ તે કયાં વાવર્યું? ॥ ૭ ॥ તે સાંભળી કુરંગી એકદમ બોલી ઉઠી કે, એ સઘળું ભાણેજનું કામ છે, તે સઘળી વાત હું તમોને પેહેલેથી માંડીને કહું છું; તે સઘળી તમારે વેદ સમાન સાચી માનવી ॥ ૮ ॥ આ તમારો ભાણેજ તમો ગયા બાદ મારી સાથે બહુ હાંસી મશ્કરી કરવા લાગ્યો, અને એક દિવસ તો મને બાઝી મારી છાતી વલુરી નાખી; હવે આથી વધારે તે તમોને શું કહું? ॥ ૯ ॥

પુન્ય તણા પરભાવથી, સીલ રાખ્યું મેં નેઠ; કષ્ટ દીધું મુજને ઘણું, ઘણી માઠી મુજ વેઠ ॥ ૧૦ ॥ ધન ખાધું એણે બહુ, તસ્કરી કરતો નિત્ય, જઇ પરને દેતો સદા, વાવર્યું એમ ઘર વિત્ત ॥ ૧૧ ॥ સુણી માધવ કોપે ચડયો, તેડાવી તતકાળ; ભાણેજ ભણી ઢીક પાટુએ, માર દીધો તેણે તાલ ॥ ૧૨ ॥

માત્ર કેવળ પુન્યના પ્રભાવથીજ મેં મારૂં શિયલ સ્થીર રાખ્યું છે, એણે તો મને ઘણું કષ્ટ દઈ બહુજ સંતાપી છે ॥ ૧૦ ॥ વળી તેણે આપણું ઘણું દ્રવ્ય ખાધું છે, તેમ હમેશાં આપણા ઘરમાંથી ચોરી કરી આપી આવતો, એવી રીતે તેણે ઘરનું ધન વાવરી નાંખ્યું ॥ ૧૧ ॥ તે સાંભળી માધવે ક્રોધાયમાન થઇ ભાણેજને એકદમ તેડાવી ધકા પાટુથી ખુબ માર માર્યો ॥ ૧૨ ॥

ઘરથી કાઢી મેલીયો, લોક કરે અપવાદ; વાંક નહીં ભાણેજનો, વિણ વાંકે કીધો વાદ ॥ ૧૩ ॥ લોકે મળી વિચારીને, માધવનો દીધો નામ; અતિમોહી નર એહવો, સહુ કહે ઠામો ઠામ ॥ ૧૪ ॥

વળી તેને ઘરમાંથી કાઢી મેલ્યો, તે જોઈ લોકો માધવના અવર્ણવાદ બોલવા લાગ્યા કે, આ કામમાં ભાણેજનો કશો વાંક નથી, કેવળ તેને વગર વાંકે શિક્ષા થઇ છે. ૧૩ પછી લોકોએ એકઠા થઇ વિચાર કરીને માધવનું અતિમોહી એવું નામ આપ્યું; અને ત્યારથી સઘળા લોકો ઠેકાણે ઠેકાણે તેને તેજ નામથી ઓળખવા લાગ્યા ॥૧૪॥

## ઢાલ પાંચમી.

જંબુદ્વિપના ભરતમાં, એલાવરધનપુર સારોરે. એ દેશી.

મનોવેગ કહે સાંભળો, વિપ્ર વિચારો જેમરે;
અતિમોહી નરની પરે, તુમે કરશો વળી તેમરે,
સુરીજન સાંભળજો કથા. એ આંકણી ॥ ૧ ॥
જે જેણે વસ્તુ મોહીયા, તે જાણે એહ સારરે;
શુભ અશુભ જાણે નહીં, ભુલા ભમે ગમારરે. સુ૦ ॥ ૨ ॥
વેદ પુરાણ જે તુમ તણા, તેણે મોહ્યા અપારરે;
વચન તેહ તણાં આદરી, અઘટતું કરે સંસારરે. સુ૦ ॥ ૩ ॥

માટે હે બ્રાહ્મણો તમે પણ કદાચ તે અતિમોહી નરની માફક કરશો, માટે વિચારી જુઓ; કવિ કહે છે, હે સજ્જનો તમે વાત સાંભળો ॥ ૧ ॥ જે માણસને જે વસ્તુ ગમે છે, તે માણસ તેજ વસ્તુને ઉત્તમ કહે છે, વળી તે મુરખ લોકો સારૂં નરસું વિચાર્યા વિના કેવળ ફોકટ ભમ્યા કરે છે ॥ ૨ ॥ વળી તમારા જે વેદ પુરાણો છે, તેમાં તમે પારવિનાનો મોહ પામેલા છો અને તેના વચન અંગીકાર કરી, આ સંસારમાં ન કરવાનાં કાર્યો તમો કરો છો ॥ ૩ ॥

યથાર્થ વચન મુજ ભાખતાં, જો હોય શિક્ષા પાતરે;
ભાણેજ મહાબુદ્ધિની પરે, (કેમ ન) હોયે અમ તણો ઘાતરે. સુ૦॥૪॥
ભક્ષ અભક્ષ અંતર કહ્યો, પેય અપેય વિચારરે;
અનાચાર આચાર નહીં, તે નરે મૂઢ ગમારરે. સુ૦ ॥ ૫ ॥
બ્રાહ્મણ વચણ તવ બોલીયા, સાંભળો ભાઇ ભીલોરે;
અમમાંહીં મૂઢ કો નહીં, અતિમોહી કુશીલોરે. સુ૦ ॥ ૬ ॥

માટે સાચે સારૂં કહેતાં તે મહાબુદ્ધિ ભાણેજને જેમ માર મળ્યો, તેમ અમારા પણ કેમ હાલ ન થાય? ॥ ૪ ॥ જે માણસ ખાવા લાયક, અને ન ખાવા લાયક, પીવા લાયક અને ન પીવા લાયક વસ્તુ, તથા સારો આચાર અને ખોટા આચારનું પારખું નથી કરી જાણતો, તે માણસને ગમાર (મુર્ખ) જાણવો ॥ ૫ ॥ તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, હે ભાઇ ભીલો, અમારામાં એવો કોઇ મુર્ખ, કે (અતિમોહી) બહુ મોહ વાળો, કે લંપટ નથી ॥ ૬ ॥

વાડવ કહે ભાઇ સાંભળો, મંજારમાં એક દોષરે;
કેમ પરહરસો અમને કહો, કોઇ ન કરે તુમ રોષરે. સુ૦ ॥ ૭ ॥

મનોવેગ કહે સાંભળો, વિપ્ર સહુકો સુજાણરે;
વેદ પુરાણમાં જે કહ્યું, તેહવી બોલું અમે વાણરે. સુ૦ ॥ ૮ ॥
નર્મદા નીર વહે નિરમલું, તે કંઠે વન સોહે સારરે;
તાપસી પલ્લી તિહાં અછે, તાપસ તપસી અપારરે. સુ૦ ॥ ૯ ॥

માટે તમારા બીલાડામાં જે દોષ છે, તે દોષનો તમે નાશ શી રીતે કરશો? તે અમને કહેશો તો અમારામાંથી કોઇ પણ તમારા ઉપર ગુસ્સે થશે નહીં ॥ ૭ ॥ તે સાંભળી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો તમે સઘળા જાણકાર છો, માટે સાંભળો, જે કાંઇ વેદ પુરાણોમાં કહ્યું છે, તેજ હું તમારી પાસે કહું છું ॥ ૮ ॥ નર્મદા નામે એક નિર્મળ જળથી ભરપૂર નદી વહે છે, તેના કાંઠા ઉપરના વનમાં તપ તપતા કેટલાક તપસીઓની એક ટોળી રહે છે ॥ ૯ ॥

મંડપકોશીક તપ કરે, અહોરાત્રિ જપે હરી રામરે;
તાપસ સર્વ બહુ તપ તપે, સ્નાન મજ્જન રેવા ઠામરે. સુ૦ ॥ ૧૦ ॥
પંચાગ્નિ ધુમ્રપાનસું, કંદ મૂળ ભક્ષણ તેહરે;
મોટી જટા મસ્તક ધરે, પાંચ ઇંદ્રિ દમે દેહરે. સુ૦ ॥ ૧૧ ॥
સોમદત્ત જજમાન ભલો, તપસીયાંને દીયે દાનરે;
એકદા તાપસી નોતર્યા, તેડ્યા સહુ દેઈ માનરે. સુ૦ ॥ ૧૨ ॥

તે નર્મદા નદીમાં સ્નાન કરી કેટલાક તાપસો ઘણો તપ તપે છે, તેમાં એક મંડપ કોશિક નામે તાપસ હમેશાં રાત દિવસ હરિ અને રામનું સ્મરણ કરે છે ॥ ૧૦ ॥ તે ત્યાં પંચાગ્નિ (ચાર બાજુ તથા વચમાં ધુણી સળગાવી મધ્યે બેશી ધુમ્રપાન કરે છે) તપે છે અને કંદ મુળનું ભક્ષણ કરે છે, તથા માથામાં મોટી જટા વધારી પાંચે ઇંદ્રિયોનું દમન કરે છે ॥ ૧૧ ॥ ત્યાં સોમદત્ત નામે એક જજમાન (ભક્ત) હતો તે હમેશાં તપસીઓને દાન આપતો; એક દિવસે તેણે સઘળા તપસીઓને આદરમાન પૂર્વક જમવાને નોતર્યા ॥ ૧૨ ॥

વિવિધ પ્રકારે ભોજન કર્યાં, બેસણાં માંડ્યાં હારબંધરે;
થાલ કચોલાં માંડ્યાં ઘણાં, શાક પકવાન સુગંધરે. સુ૦ ॥ ૧૩ ॥
મંડપકોશીક દેખીને, બીજે તાપસે નિંદા કીધરે;
થાલ મૂકીને ચાલ્યા સહુ, કોપે દંતાધર લીધરે. સુ૦ ॥ ૧૪ ॥
ધાઈ જજમાને પૂછીઆ, જમવા બેઠા ઉઠ્યા કેમરે;
શું અપરાધ અમારડો, કાજ વિણાસ્યો મુજ તેમરે. સુ૦ ॥ ૧૫ ॥

જુદા જુદા પ્રકારની રસોઇ બનાવી, શ્રેણિબંધ બાજોઠો નાખી, થાળ વાટકા માંડી, તેમાં ભાત ભાતનાં સુગંધી પકવાન અને શાક વિગેરે પીરસ્યાં ॥ ૧૩ ॥ ત્યાં પંક્તિમાં મંડપકોશિક તાપસને જમવા બેઠેલો જોઇને, એક તાપસે તેની કેટલીક નિંદા કરી, અને તેથી સઘળા તાપસો ક્રોધાયમાન થઇ દાંત પીસીને પીરસેલી થાળીઓ છોડીને ઉઠી ગયા ॥ ૧૪ ॥ તે જોઇ જજમાને ઉતાવળા આવી તાપસોને

પુછયું કે, તમો સઘળા જમતા જમતા શા માટે ઉઠ્યા? અમારો શું ગુન્હો છે? તેમ આપ સઘળા મારૂં કામ શા માટે બગાડો છો ॥ ૧૫ ॥

વૃદ્ધ તાપસ તિહાં બોલીયા, સાંભળો સોમદત્ત દેવરે;
મંડપકોશીક તમે નોતર્યો, પંક્તિમાં બેસાડ્યો ખેવરે. સુ० ॥ ૧૬ ॥
મંડપકોશીકે પૂછીઉં, મેં શું કીધો અપરાધરે;
દોષ કાઢ્યો તાપસે અમ તણો, ફોગટ વિગોયો કાંઈ સાધરે. સુ० ૧૭
ઘરઢા તાપસ તવ બોલીયા, સાંભળ મૂઢ ગમારરે;
નારી વિના તું વાંઝીયો, બ્રહ્મ હત્યા પગ પગ સારરે. સુ० ॥ ૧૮ ॥

ત્યારે ઘરડા તાપસ બોલ્યો કે, હે ભાઇ સોમદત્ત હું કહું તે તમે સાંભળો? તમે આ મંડપકોશિકને નોતરીને સહુની સાથે પંગતમાં જમવા બેસાડ્યો છે; તેટલા માટે અમો ઉઠ્યા છીએ ॥ ૧૬ ॥ તે સાંભળી મંડપકોશીક તાપસ બોલી ઊઠ્યો કે, ભોઇઓ, આ તાપસે જે મારો દોષ કહાડી, મારી આબરૂને કલંક લગાડ્યું; તે મારો શું અપરાધ છે? તે અપરાધનું કંઇ સાધન છે? ॥ ૧૭ ॥ તે સાંભળી ઘરડા તાપસ બોલ્યા કે, હે મુરખ સાંભળ; તું વાંઝીયો છે એટલા માટે તને પગલે પગલે બ્રહ્મ હત્યા લાગે છે ॥ ૧૮ ॥

પુત્ર વિના સદગતિ નહીં, સ્વર્ગ મુક્તિ નવી હોયરે;
પુત્ર તણું મુખ જોઇને, તાપસ દીક્ષા ધરે સોયરે. સુ० ॥ ૧૯ ॥
મોટો અપરાધ તુમે કર્યો, થાલ વિચે ચોટચો તેહરે;
પાપી નર જાણી ઉઠીયા, મૂકી ભાણું ભર્યાં ગેહરે. સુ० ॥ ૨૦ ॥
મંડપકૌશીક એમ ભણે, સાંભળો તાપસ રાજરે;
બુઢો દેખી મુજ કોણ દીયે, વિપ્ર કન્યા સારે કાજરે. સુ० ॥ ૨૧ ॥

પુત્ર વિના ઉત્તમ ગતિ મળતી નથી, વળી પુત્ર વિના સ્વર્ગ તથા મોક્ષ પણ મળતાં નથી; માણુસો હમેશાં પુત્રનું મુખ જોવા પછીજ તાપસી દીક્ષા ગ્રહણ કરે છે ॥૧૯॥ પણ તેમ નહીં હોવાથી તમે મોટો અપરાધ કર્યો છે, અને તે અપરાધ આ થાળીઓમાં ચોટી ગયો છે, માટે એવા તમોને પાપી માણસ જાણી અમે સઘળા આ ભરેલાં ભાણાં મુકીને ઘેર જઈશું ॥ ૨૦ ॥ તે સાંભળી મંડપકોશિક કહેવા લાગ્યો કે, હે તાપસો તમે વિચારો કે, હવે મને બુઢો જોઇને, કોણ બ્રાહ્મણ કન્યા દઇ મારૂં કામ સાધી આપે? ॥ ૨૧ ॥

તાપસ બોલ્યા સુણો તાપસ, પુરાણ સ્મૃતિ બોલ્યું એમરે;
પાંચ આપદ જે સ્ત્રીને હોયે, પરણો તે માંહેની તેમરે. સુ० ॥ ૨૨ ॥
નાશી ગયો નર જેહનો, મરણ પામ્યો વળી જેહરે;
તાપસ થયો નારી તજી, નપુંસક હુવો પછે તેહરે. સુ० ॥ ૨૩ ॥
ઘરડો હુઓ કંત જે તણો, નારીને આપદા પંચરે;
એહ માંહી જેહવી મલે, એક પરણો કરી સંચરે. સુ० ॥ ૨૪ ॥

તે સાંભળી તાપસો તેને કહેવા લાગ્યા કે, પુરાણ તથા સ્મૃતિમાં કહ્યું છે કે, જે સ્ત્રીને પાંચ પ્રકારની આપદા હોય, તેવી સ્ત્રીમાંથી તમે કોઇને પસંદ કરી પરણો. ॥ ૨૨ ॥ જેનો ભરથાર નાશી ગયો હોય, મરણ પામ્યો હોય, સ્ત્રીને છોડી તાપસ થયો હોય, તથા જેનો પતિ નપુંસક હોય ॥ ૨૩ ॥ તથા જેનો ભરતાર બહુજ ઘરડો થયો હોય, એવી રીતે પાંચ પ્રકારની સ્ત્રીને પીડા હોય છે, માટે એવીમાંથી કોઈ શોધીને પરણો ॥ ૨૪ ॥

नष्टेमृतेप्रव्रजेच, क्लिबेचपतितेपतौ;

पंचस्वापत्सुनारीणां, पतिरन्योविधीयते ॥ २५ ॥

જો ભરથાર મરણ પામ્યો હોય, ભાગી (નાશી) ગયો હોય, દીક્ષા લઈ ગયો હોય, નપુસક હોય, તથા વટલી ગયો હોય, એ પાંચ આપદાઓમાં સ્ત્રી બીજો પતિ કરી શકે છે. ૨૫

બીજા ખંડ તણી કહી, ઢાળ પાંચમી વારૂરે;

રંગવિજય કવિરાયનો, નેમ કહે શ્રોતા સારૂરે. સુ૦ ॥ ૨૬ ॥

એવી રીતે બીજા ખંડની પાંચમી ઢાલ રંગવિજય કવિના શિષ્ય નેમવિજયે કહી. ૨૬

दुहा.

અપત્ય સહિત જે કામિની, પુરૂષ ચાલ્યો પરદેશ; આઠ વરૂષ વાટ જોઈને, અન્ય નર સાથ પ્રવેશ ॥ ૧ ॥ સંતાન રહિત જે બ્રાહ્મણી, કંત ગયો વ્યાપાર; ચાર વરષ લગે વાટ જોઈ, પછે અવર ભરથાર ॥ ૨ ॥

જે સ્ત્રીને છોકરૂં થયું હોય, અને તેનો ભરતાર જો પરદેશ ગયો હોય તો આઠ વર્ષ સુધી તેની વાટ (રાહ) જોઈને પછી તે સ્ત્રી બીજો ભરતાર કરી શકે ॥ ૧ ॥ કંઇ પણ છોકરા વિનાની બ્રાહ્મણની સ્ત્રીનો ભરતાર દેશાંતર ગયો હોય, તો તે ચાર વર્ષ સુધી તેની વાટ જોઇ બીજો સ્વામિ કરી શકે ॥ ૨ ॥

स्मृति वाक्यम्

अष्टौवर्षाणिपश्येत, ब्राह्मणी पतितेपतौ;

अप्रसूताचचत्वारि, परतोन्यःसमाचरेत्.

બ્રાહ્મણની છોકરા વાળી સ્ત્રી આઠ વર્ષ સુધી, તથા છોકરા વિનાની સ્ત્રી ચાર વર્ષ સુધી દેશાંતર ગએલા ભરતારની વાટ જુવે ॥ ૨ ॥

વચન સુણી તાપસ તણાં, મંડપ હરખ્યો તામ; રાંડી બ્રાહ્મણી પરણીઓ, પંડાણી તેહનું નામ ॥ ૩ ॥

એવી રીતના તાપસનાં વચનો સાંભળીને મંડપકોશીક ઘણો ખુસી થયો, અને પંડાણી નામની એક વિધવા બ્રાહ્મણીને પરણ્યો ॥ ૩ ॥

ભોગ ભોગવતાં બેહુ થકી, પુત્રી હુઈ ગુણ માલ; સ્વર્ગે રંભા જાણે અવતરી, છાયા નામ રસાલ ॥૪॥ આઠ વરષની જવ

થઈ, (કહે) મંડપકૌશિક સાર; સાંભળ ભામતી તુજ કહું, તીરથ જાત્રા કીજે અપાર ॥૫॥ છાયા (પુત્રી) મુકીશું કિહાં, ઠામ કહો મુજ ખાસ; તાપસી કહે સ્વામિ શુણો, મેલો થાપણ શંકર પાસ ॥ ૬ ॥

એવી રીતે તે બન્ને સ્ત્રી ભરતારને ભોગ ભોગવતાં થકાં એક પુત્રી થઇ, તે એવી તો રૂપાળી હતી કે, જાણે સ્વર્ગની રંભા હોય નહીં! તેનું છાયા એવું રસીલું નામ પાડયું ॥ ૪ ॥ જ્યારે તે છોકરી આઠ વર્ષની થઇ, તે વખતે મંડપકૌશિક પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, હવે આપણે તીર્થ યાત્રા કરવા જઇએ તો ઠીક ॥ ૫ ॥ પણ આપણી પુત્રીને કયાં રાખશું? તે સાંભળી પત્ની કહેવા લાગી કે, એને શંકરની પાસે થાપણ તરીકે મુકો ॥ ૬ ॥

મંડપ કૌશિક એમ ભણે, સાંભળ ભોળી નાર; હર લંપટ ચંચળ સદા, નવિ છોડે કન્યા સાર ॥૭॥ કામતી કહે બોલો કશું, મહાદેવ ત્રિભુવન ધીશ; લોક સહુ પૂજે તેહને, વ્યભિચારી નોહે ઈશ ॥૮॥ તાપસ કહે શુણ કામની ઈશ્વર ચરિત્ર કહું જેહ; મહીમંડલ મોટો ભલો, કૈલાસ પર્વત તેહ ॥ ૯ ॥

તે સાંભળી મંડપકૌશિક કહેવા લાગ્યો કે, હે ભોળી સ્ત્રી તું સાંભળ! તે શંકર તો પર સ્ત્રી ગામી-લંપટ છે, તે આપણી આ ઉત્તમ કન્યાને છોડેજ કેમ? ॥ ૭ ॥ ત્યારે સ્ત્રી બોલી કે, એ તમો બોલો છો શું? મહાદેવ તો ત્રણ જગના નાથ છે, વળી સઘળા લોકો તેને હમેશાં પૂજે છે, એવા જે શંકર તે વ્યભિચારી હોયજ નહીં ॥ ૮ ॥ તે સાંભળી તાપસ કહેવા લાગ્યો કે, સાંભળ! હું તને તે શંકરનું ચરિત્ર કહી સંભળાવું છું. આ પૃથ્વીમાં કૈલાસ નામે એક મોટો પર્વત છે ॥ ૯ ॥

ગૌરી શંકર સુખ ભોગવે, કરે તપ જપ ધરી ધ્યાન; ત્રિકાલ સંધ્યા કારણે, ગંગાયે ગયા ભગવાન ॥ ૧૦ ॥ સ્નાન કરી દેવ પૂજીયા, સંધ્યા વંદન કર્યું સાર; તિણે અવસર કાંઠે દેખીઉં, ગંગા નારી રૂપ ફાર ॥ ૧૧ ॥ ગંગા દેખી વિહ્વલ થયો, કામ બાણ પીડયો ઈશ; ધ્યાન મૂકી મન ચિંતવે, ઉર્વશી રંભા શુરીશ ॥ ૧૨ ॥ એહ કન્યા મુજને વરે, સફલ દેહ પણ થાય; રૂપ રસ્યું કુંવર તણું, લઘુ વય કોમળ કાય.૧૩

ત્યાં મહાદેવ તથા પાર્વતી, તપ, જપ અને ધ્યાન કરતાં સુખ ભોગવે છે, એક દિવસ ત્રિકાળ સંધ્યા વાસ્તે શંકર ગંગા નદી ઉપર ગયા ॥ ૧૦ ॥ સ્નાન કરી, દેવની પૂજા કીધી, તથા સંધ્યા વંદન પણ કર્યું, એટલામાં ત્યાં કાંઠા ઉપર ગંગા સ્ત્રીનું અદભુત રૂપ તેણે દીઠું ॥ ૧૧ ॥ તે ગંગાને જોઇને મહાદેવ કામાગ્નિથી પીડાયો થકો, વિહ્વલ થઇને પોતાનું ધ્યાન છોડી વિચારવા લાગ્યો કે, આ તે કોઇ ઇંદ્રની ઉર્વશી, કે રંભા નામે અપ્સરા છે? ॥ ૧૨ ॥ આ કન્યા જો મારી સાથે

પાણિગ્રહણ કરે, તો મારો દેહ સફળ થયો, એમ હું માનું; એમ વિચારી પોતાનું જુવાન કુંવરનું કોમળ રૂપ બનાવ્યું ॥ ૧૩ ॥

## ઢાલ છઠ્ઠી.

એણે પુર કંબલ કોઇ ન લેશિ, ફેર પાછા ચાલ્યા પરદેશી. એ દેશી.

ફેરવી રૂપ હુવો જગ ત્રાત, ગંગા સરસી માંડી વાત;
સાંભળ કુમરી મનોહર નાર, મુજ વાણી તું હૃદય વિચાર ॥ ૧ ॥
એકલા વનમાં કારણ કશું, મારૂં મન તુજ ઉપર વસ્યું;
ત્રિભુવન માંહિં તું રૂડી નાર, જોવન સફલ કરો સંસાર ॥ ૨ ॥
કુમરી કહે મુજ ગંગા નામ, પરણી નથી કંથ અભિરામ;
કેમ કરીએ મોટા વ્યભિચાર, એ નોહે ઉત્તમ આચાર ॥ ૩ ॥

એવી રીતે શંકરે પોતાનું રૂપ ફેરવીને ગંગા સાથે વાત કરવા માંડી અને કહેવા લાગ્યો કે, હે કુમરી તું સાંભળ! તું અત્યંત મનોહર છે, માટે મારૂં વચન તું મનમાં વિચારી જો ॥ ૧ ॥ આ નિર્જન અઘોર વનમાં તમારે શા માટે રહેવું જોઇએ છીએ? મારૂં ચિત્ત તમારા ઉપર લાગેલું છે, તું આ ત્રણે લોકમાં અતિ મનોહર સ્ત્રી છે, માટે આ જુવાન વયમાં સુખ વિલાસ ભોગવી આ સંસારને સફળ કર! ॥ ૨ ॥ તે સાંભળી તે કુંવરી (ગંગા) કહેવા લાગી કે, હું હજુ કોઈ ઉત્તમ ભરતારને પરણી નથી, અને હું વ્યભિચાર કેમ કરૂં! એ ઉત્તમ આચાર (રીત ભાત) કહેવાય નહીં ॥ ૩ ॥

શંકર કહે સાંભળ કુમારી, હું કુંવારો છું નિરધારી;
સરિખો જોગ મળ્યો છે ઘણો, કરીએ કારણ વિવાહ તણો ॥ ૪ ॥
ગંગા વચન ગમ્યું તે સાર, સંક્ષેપે કીધો આચાર;
કામ ક્રીડા કીધી બેહુ ઘણી, સુખ પામ્યો તવ ઇશ્વર ધણી ॥ ૫ ॥
કૈલાસ ચડવા ચાલ્યો જામ, કામનીએ કંથ પૂછ્યું તામ;
પરણીને ક્યાં જશો નાથ, અમે આવીશું તમારે સાથ ॥ ૬ ॥

તે સાંભળી મહાદેવે કહ્યું કે, હે કુંવરી હું પણ હજુ કુંવારો છું, અને આજે આપણ બન્નેનો સરખો જોગ મળ્યો છે, માટે આજે આપણે પરસ્પર વિવાહ કરીએ ॥ ૪ ॥ તે વચન ગંગાને પણ પસંદ પડવાથી, ટુંકામાં વિવાહ વિધિ (ગાંધર્વ લગ્ન) કરીને બન્ને જણાએ ત્યાં ભોગ વિલાસ ભોગવ્યો. અને તેથી મહાદેવ મનમાં અત્યંત આનંદ પામ્યા ॥ ૫ ॥ પછી જ્યારે મહાદેવ કૈલાસ પર જવા લાગ્યા ત્યારે ગંગાજીએ કહ્યું કે, હે સ્વામી હવે મને પરણીને તમે ક્યાં જશો? હું તો તમારી સાથે આવીશ ॥ ૬ ॥

શંકર કહે સાંભળ તું સુંદરી, મુજ મંદિર છે ગિરિ ઉપરી;
તિહાં રહી નિરમલ ધ્યાન ધરૂં, નારી સંગતિ તવ પરિહરૂં ॥ ૭ ॥

ત્રણ કાળ આવું તુમ ભણી, કામ ક્રીડા કરશું બેહુ ધણી;
તમે રહેજો તમારે ઠામ, શીઘ્ર આવીશું અમે કરી કામ ॥ ૮ ॥
એમ કહી તે ચાલ્યો જામ, પુઠે લાગી ગંગા તામ;
કૈલાસ ઉપર ચડીઆં બેય, પારવતીએ દીઠાં તેય ॥ ૯ ॥

ત્યારે મહાદેવે કહ્યું કે, હે સુંદરી મારૂં સ્થાનક પર્વત ઉપર છે, અને ત્યાં રહી પવિત્ર ધ્યાન હું ધારણ કરૂં છું, તથા તે વખતે સ્ત્રીના સંગનો ત્યાગ કરૂં છું. ૭ હું આંહીં દિવસમાં ત્રણ વખત આવી તમારી સાથે કામ વિલાસ કરીશ, તમે અહીં તમારે ઠેકાણે રહેજો, હું મારૂં કામ કરી તુરત આવીશ ॥ ૮ ॥ એમ કહીને જ્યારે તે ચાલવા લાગ્યો, ત્યારે ગંગા પણ તેની પાછળ ચાલવા લાગી, જ્યારે બન્ને પર્વત પર ચડ્યાં ત્યારે પાર્વતીએ તેઓને જોયાં ॥ ૯ ॥

ગૌરી કહે સાંભળ સુંદરી, કોણ નારી તું કેને વરી;
ગંગા કહે સાંભળરે સંત, અમે જાન્હવી એ મુજ કંથ ॥ ૧૦ ॥
પારવતી કહે તુમે અંભ, કેમ ભોગવશો મુજ વાલંભ;
ગંગા કહે પુછો વૃતાંત, મુજ રતિ ક્રીડા કહેશે કંથ ॥ ૧૧ ॥
ઉમીયાં કહે સાંભળો ભરથાર, કુણ કામની એ કેહેની નાર;
શંકર પભણે સુણ સુંદરી, ક્રીડા કરતાં મેં ગંગા વરી ॥ ૨૨ ॥

ગંગાને જોઇ પાર્વતી તેને પુછવા લાગી કે, હે સુંદરિ તારૂં નામ શું, અને તું કોને પરણી છે? તે સાંભળી ગંગાએ જવાબ આપ્યો કે, હે ઉત્તમ સ્ત્રી હું જાન્હવી (જન્હુ રાજાની પુત્રી ગંગા) છું, અને આ મહાદેવ મારા ભરતાર છે ॥ ૧૦ ॥ તે સાંભળી પાર્વતીએ કહ્યું કે, એતો મારો ભરતાર છે, તેને તમો શી રીતે ભોગવી શકશો? તે સાંભળી ગંગાએ કહ્યું કે, સઘળી વાત અમારો ભરતાર તમોને કહેશે ॥ ૧૨ ॥ પછી પાર્વતી શિવને પુછવા લાગી કે, હે સ્વામિ, આ સ્ત્રી કોણ છે? તથા કોની સ્ત્રી છે? તે સાંભળી મહાદેવે ઉત્તર આપ્યો કે, હે સુંદરી રમતાં રમતાં મેં આ ગંગા સાથે પાણિગ્રહણ કર્યું છે ॥ ૧૨ ॥

ગૌરી કહે સુણ નિર્લજ્જ નિઠોર, લંપટ ધુતારો તું છે ભોર;
અસંતોષી કામી તું સહી, હું નારીએ તૃપ્તિ તુજ નહીં ॥ ૧૩ ॥
ગંગા સરીખો કરશો નેહ, તો હું મારી મૂકીશ દેહ;
સાંભળી શંકર બોલ્યા તામ, રૂપવતી તું છે અભિરામ ॥ ૧૪ ॥
તુજ ઉપર મુજ પ્રેમ અપાર, ગંગા તણો કરશું પરિહાર;
સંતોષી પારવતી સાર, મૂકવા ચાલ્યો ગંગા નાર ॥ ૧૫ ॥

તે સાંભળી પાર્વતીએ કહ્યું કે, તું તો લાજ વિનાનો અવ્યવસ્થિત ચિત્ત વાળો, કામી, ઠગારો, તથા અસંતોષી છો, કારણ કે હું એક તારી સ્ત્રી છતાં હજુ પણ તને સંતોષ નથી ॥ ૧૩ ॥ માટે તમે જો ગંગાની સાથે પ્રીતી કરશો, તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ. તે સાંભળી મહાદેવે કહ્યું કે હે સ્ત્રી તું તો બહુજ

રૂપાળી તથા મનોહર છે ॥ ૧૪ ॥ તારી ઉપર મને ઘણી પ્રીતી છે, અને આજથી હું ગંગાઓ ત્યાગ કરીશ. એવી રીતે પાર્વતીને સમજાવી તે ગંગાને મુકવા ચાલ્યો ૧૫

જાન્હવી તીરે લાવ્યો જામ, કામ કુતુહલ કીધો તામ;
ગંગા રાખી જટા મોઝાર, નારી બેશું કરે વ્યાપાર ॥ ૧૬ ॥
મંડપકૌશિક કહે વૃત્તાંત, શંકર ન હોયે એહજ સંત;
સૂરનર ખેચર જાણે સહુ, મહાદેવ વ્યભિચારી બહુ ॥ ૧૭ ॥
થાપણ ઠવીએ ઈશ્વર પાસ, તો સહી પામે પુત્રિ વિણાસ;
દૂધ ભલાવીએ જો મંજાર, તો શંકર શું કરે વ્યાપાર ॥ ૧૮ ॥

એવી રીતે ચાલતાં ચાલતાં જ્યારે તે નદીને કાંઠે આવ્યો, ત્યારે તે ગંગાની સાથે તેણે કામ વિલાસ ભોગવ્યો. પછી ગંગાને પોતાની જટામાં રાખી, અને ત્યારથી તે બન્ને સ્ત્રીઓ સાથે વિલાસ કરવા લાગ્યો ॥ ૧૫ ॥ એવી રીતે મંડપ-કૌશિકે વર્ણન કરી પોતાની સ્ત્રીને કહ્યું કે, એ મહાદેવ સારા માણસ નથી, અને વળી સઘળા દેવ તથા મનુષ્યો પણ જાણે છે કે, મહાદેવ ઘણા વ્યભિચારી (કામી) છે માટે એવા મહાદેવ પાસે આપણી પુત્રીને રાખવાથી કામમાં બગાડો (તેનો વિનાસ) થાય. બીલાડાને દુધ સાચવવા આપવાની બરાબરજ મહાદેવને આપણી પુત્રી સોંપવાનું કામ છે ॥ ૧૮ ॥

તાપસ નારી બોલી તામ, ઈશ્વર મોટો એહનો ઠામ;
છાયાને મૂકીશું તિહાં, વિચાર કરીને બીજો જિહાં ॥ ૧૯ ॥
કામની કહે સાંભળો તુમે કંત, છાયા ઠવીએ પાસે અનંત;
વાસુદેવ ભૂવન ત્રય રાય, સુર નર જેના સેવ પાય ॥ ૨૦ ॥
તાપસ કહે સાંભળરે નાર, એ મોટો ગોવાલણીનો જાર;
કેમ ઠવીએ એ પાસે બાલ, સહુ જાણે એ પરસ્ત્રી કાળ ॥ ૨૧ ॥

તે સાંભળી તાપસણીએ કહ્યું કે, આપણે વિચાર કરીને એ મહાદેવ કરતાં પણ કોઇ બીજા મોટા (સારા) માણસ પાસે આપણી આ છાયા પુત્રીને મુકશું. ॥૧૯॥ ત્યાર પછી તે સ્ત્રી પોતાના ધણીને કહેવા લાગી કે, આપણે છાયા પુત્રીને વાસુદેવ (વિષ્ણુ-શ્રીકૃષ્ણ) પાસે મુકીએ, કારણ કે તે ત્રણ ભુવનનો રાજા છે, તથા દેવ, મનુષ્યો વિગેરે તેની સેવા કરે છે ॥ ૨૦ ॥ તે સાંભળી તાપસે કહ્યું કે, હે સ્ત્રી એ વિષ્ણુ-તો ગોવાળણીઓ સાથે જાર કર્મ કરે છે, અને તે પરસ્ત્રી ગામી છે, એ વાત સઘળા લોકો જાણે છે, માટે એવું જાણતાં છતાં આપણી બાળકીને તેના પાસે શા માટે રાખીએ? ॥ ૨૧ ॥

તાપસીએ વિનવીયા કંત, સ્વામિ કથા કહો તે સંત;
મંડપકૌશિક બોલ્યો તામ, સાંભળજો નારી અભિરામ. ॥ ૨૨ ॥
ઢાલ છઠ્ઠી બીજા ખંડની સારી, નેમવિજય કહે નિરધારી;
શ્રોતા સાંભળજો સહુ કોય, વાત કહું જે આગળ હોય ॥ ૨૩ ॥

તે સાંભળી તાપસણીએ પોતાના ભરતારને વિનંતિ કરી કે, હે સ્વામિ તે વિષ્ણુની વાત મને કહી સંભળાવો? ત્યારે મંડપ્રકોશિકે કહ્યું કે, હે મનોહરે આ તે કથા હું તને કહું છું, તે સાંભળ ॥ ૨૨ ॥ એવી રીતે બીજા ખંડની છઠ્ઠી ઢાલ સંપૂર્ણ થઇ, નેમવિજયજી મહારાજ કહે છે કે, હે શ્રોતાજનો (સાંભળનારા માણસો) હવે આગળ જે વાત હું કહું છું તે તમો સાંભળજો ॥ ૨૩ ॥

## દુહા.

દ્વારામતી નગરી અછે, દામોદર ત્યાં રાય; નારી સોલ સહસ્ર-
નો, અધિપતિ તે કહેવાય ॥૧॥ એક દીન દિઠી ગોવાલણી,
રાધા જેનું નામ; મહી મટુકી મસ્તક ધરી, વેચણ આવી
તામ ॥ ૨ ॥ દહીં દૂધ ભાજન ભરી, આવી કેશવ પાસ;
અચરિજ પામ્યા રૂપથી, તે વિતક સુણ તાસ ॥ ૩ ॥

દ્વારામતી (દ્વારિકાંપૂરી) નામે એક શેહેર છે, ત્યાં દામોદર નામે રાજા (વિષ્ણુ) રાજ કરતો હતો, તે સોળ હજાર સ્ત્રીઓનો ભરતાર કહેવાતો હતો ॥ ૧ ॥ એક દિવસ રાધા નામની ગોવાલણી, માથે દહીંનો ઘડો લઈ વેચવા જતી હતી, તેને તે રાજાએ (વિષ્ણુએ) દીઠી. ॥ ૨ ॥ જ્યારે તે દહીં દૂધના ઘડા ભરીને વિષ્ણુની પાસે આવી; ત્યારે તે તેણિના રૂપથી આશ્ચર્ય પામ્યા અને તે પછી શું થયું? તે તને હું કહું છું; તે સાંભળ ॥ ૩ ॥

કામે પીડાણો ઘણો, વિરહાનલ સંતાપ; અવર નારી તે નવિ
ગમે, નેહ લાગી તે આપ ॥૪॥ સોલ સહસ્ર ગોપી તણો,
ત્યાં ઉતાર્યો મોહ; રાધા ઉપર અતિ ઘણો, પામ્યો ત્યાં વ્યા-
મોહ ॥ ૫ ॥ સુણ રાધા ગોવાલણી, તુજસું રંગ અપાર;
અવર નાર મુજ નવિ ગમે, તુજ સમ કો નહીં સંસાર ॥૬॥

તેણિને જોઇ વિષ્ણુ કામથી પીડાઇને તેના વિરહથી બહુજ બળવા લાગ્યા, અને તે રાધામાંજ તેનું મન લાગવાથી બીજી સ્ત્રીઓ ઉપર તેનો અભાવ થયો ॥ ૪ ॥ એવી રીતે ત્યાં તેણે સોળ હજાર સ્ત્રીઓ ઉપરથી પોતાની પ્રિતિ ઉતારીને, કેવળ રાધા ઉપરજ પ્રીતિ ધારણ કરી ॥ ૫ ॥ પછી તે વિષ્ણુ રાધાને કહેવા લાગ્યા કે; હે રાધા ગોવાલણી; તારા ઉપર મને ઘણી પ્રીતી લાગેલી છે, તારા જેવી સ્ત્રી આ સંસારમાં કોઇ નથી, અને તેથી બીજી કોઇપણ સ્ત્રી મને ગમતી નથી ॥ ૬ ॥

દાણ આપ મટુકી તણું, સાંભળ મારી ધાણી પ્રેમ ધરેહ;
અમશું તમે, મ કરો એવી તાણ ॥ ૭ ॥ તવ બોલી રાધા
તિહાં, સાંભળ રાજારામ; પુરૂષોત્તમ એ વાતમાં, કિમ સીઝે
તુમ કામ સટા નારાયણ પુરંદર કહે; અયુક્ત બોલો આજ;
મોટા પણ ખોટા હિયે, રાખો તુમારી લાજ ॥ ૯ ॥ નીચ

જાતિ આહીરની, ભોલા અમે ભરવાડ; તેહને એવું કેમ
ઘટે, પેખી કિમ પડો ખાડ ॥ ૧૦ ॥

તું આ દહીંના ઘડાનું દાણ (જકાત) મને આપ. અને તને એક બીજી વાત હું કહું છું તે સાંભળ! તારે આજથી મારી સાથે પ્રીતિ કરવી, અને એ વાતમાં બિલકુલ આનાકાની કરવી નહીં ॥ ૭ ॥ તે સાંભળીને રાધા કહેવા લાગી કે, હે શ્રી કૃષ્ણજી આવી રીતે તમારૂં કામ એકદમ તે કેમ પાર પડી શકશે? ॥ ૮ ॥ વળી તમોને દેવ તથા મનુષ્યો ઇશ્વર તરીકે પૂજે છે, અને આજે તમે આવી અજુગતી વાત કેમ બોલો છો! તમો ખરેખર મોટા છતાં હૈયાના મેલા (ખોટા કામ કરનાર) છો. માટે આજે તમારી આબરૂ જાળવવા સારાં વચનો બોલો ॥ ૯ ॥ અમે નીચ ભરવાડની ભોળી જાત છીએ, તેની સાથે તમારે પ્રીત બાંધવી તે કેવળ અયોગ્ય છે, માટે જાણી જોઇ તમો શા માટે ખાડમાં પડો છો? ॥ ૧૦ ॥

## ઢાલ સાતમી.

કર જોડી કામની જંપે, કહેતાં થરહર કાયા કંપે. એ દેશી.

સાંભળો ધર્મ શાસ્ત્ર વિચાર, એ નહીં ઉત્તમ આચાર;
પરનારી લંપટ નર જેહ, મરીને દુરગતિ જાયે તેહ.
હો લાલ, સુણજો સાજન સહુકો. એ આંકણી ॥ ૧ ॥
રાત દિવસ જે બાંધે પાપ, નગરમાંહીં લહે તે સંતાપ;
સદા જવ હોયે અશુભ ધ્યાન, તેહને કો નવિ દીયે માન. હોલા. સુ. ૨
કર્મ જોગે જો રાજા જાણે, છેદન ભેદન બહુ કરે કામે;
દંડે મુંડે લોકને બાંધે, કરાવે ગર્દભ રોહણ ખાંધે. હોલા૦ સુ૦ ॥ ૩ ॥

વળી ધર્મ શાસ્ત્રોમાં પણ જે વિચાર કહ્યો છે તે સાંભળો. પર સ્ત્રી ભોગવવી એ સારા માણસનો આચાર નથી, અને તે માણસો મરીને નરકમાં જાય છે, હે સજ્જન લોકો તમે સઘળા તે વૃતાંત સાંભળજો ॥૧॥ જે માણસ રાત દહાડો પાપનાંજ કામો કરે છે, તે માણસને નગરના લોકો નિંદે છે, વળી જે હમેશાં નઠારા વિચારો કરે છે, તે માણસને કોઇ આદરમાન પણ આપતું નથી ॥ ૨ ॥ વળી કદાચ દૈવયોગે તે માણસની રાજાને ખબર થાય તો તેને તે છેદન ભેદનાદિ શિક્ષા કરે, વળી દંડ કરી, માથું મુંડાવી, તથા બાંધીને ગધેડે બેસાડે ॥ ૩ ॥

લિંગ નાશિકા હોયે છેદ, સજ્જન સહુકો પામે ખેદ;
કાલાં મુખ હોવે બાંધવ તણાં, લજ્જા પામે કુલવંત ઘણાં. હોલા૦ ૪
ફિટ ફિટ કરે સહુ કોય, મિત્ર વર્ગ સહુ દુખીયો હોય;
દાન, પૂજા જશ લોપાય, કૃષ્ણ વદન લોકમાં થાય. હાલા૦ સુ૦ ॥ ૫ ॥
તે ઉપર કથા સુણો એક, જેથી આવે તુમને વિવેક;
કોઇ ગામ વસે એક શેઠ, રાજ કાજની કરે છે વેઠ. હોલા૦ સુ૦ ॥૬॥

વળી તેનું લિંગ (પુરૂષ ચિન્હ) તથા નાક કપાવે, અને તેથી સઘળા સારા માણસો તો દુઃખ પામે, વળી તેથી સગાં સંબંધીઓને પણ નીચું જોવાનું થાય, અને તે

જોઇ કુલીન માણસોને પણ શરમ થાય ॥ ૪ ॥ વળી સઘળા માણસો તેને ધિક્કારે, મિત્રો સઘળા દુઃખ પામે, વળી તેના દાન, પૂજા, તથા કીર્તિનો પણ નાશ પામે, અને તેથી તેનું મોહોડું પણ કાળું થાય (અર્થાત નીચુ જોવું પડે) ॥ ૫ ॥ વળી તે ઉપર હું તમોને એક વાત કહું તે તમો સાંભળો, કે જેથી તમોને પણ જરા વિવેક આવશે. કોઇ એક ગામમાં એક શેઠ રહેતો હતો, અને તે રાજાનું દરેક કામ કરતો હતો ॥ ૬ ॥

**તેહને શ્રીમતી નામે નારી, રૂપે રંભા સુર અવતારી;**
**શેઠને પ્રોહીત શું મિત્રાઈ, નિત આવે જાવે ઘર ધાઈ. હોલા૦ સુ૦ ૭**
**એક દીન તે શેઠ વિચારી, પરદેશ ચાલ્યા પરવારી;**
**પ્રોહીતને ભલાવી ગેહ, તસ નારીશું માંડયો નેહ. હોલા૦ સુ૦ ॥૮॥**

તેને શ્રીમતી નામે દેવલોકની રંભા સમાન રૂપવાળી સ્ત્રી હતી, તે શેઠને એક પ્રોહીત (ગોર) સાથે મિત્રાઇ હતી અને તેથી તે પ્રોહીત હમેશાં શેઠને ઘેરે આવતો જતો. ૭ એક દિવસે શેઠ પોતાનાં કામકાજથી પરવારીને પ્રોહીતને ઘર સોંપીને, દેશાંતર ગયા; અને પાછળથી પ્રોહીતે શેઠાણી સાથે પ્રિતિ કરવાનો ઠરાવ કર્યો ॥૮॥

**સીલવંત નારી કહે તામ, કેમ કહો છો મુજને આમ;**
**તવ બોલ્યા પ્રોહીત તેહ, જો કરશો મુજસું નેહ. હોલા૦ સુ૦ ॥ ૯ ॥**
**તો સુખ થાશે તુમને, રાજી કરશો જો અમને;**
**જે કહેશો તે વિધિ કરશું, તુમ વયણ અમે દિલ ધરશું. હોલા૦સુ૦૧૦**

પણ તે સ્ત્રી શીયલવંત હોવાથી, પ્રોહીતને કહેવા લાગી કે, હે ભાઇ, તમે આ શું બોલો છો? તે સાંભળી પ્રોહીતે કહ્યું કે જો તમે મારી સાથે પ્રીતી કરશો, તો તમોને ઘણું સુખ મળશે. વળી જો તમે અમને ખુશી કરશો, તો જેમ તમે કહેશો તેમ અમે તમારાં સઘળાં વચનો અંગીકાર કરશું ॥ ૯ ॥ ૧૦ ॥

**તવ ચિંતવે નારી એમ, શીલ રહેશે માહરૂં કેમ;**
**એવી બુદ્ધિ કોઇક ઉપાઉં, પ્રોહીતની લાજ લોપાવું. હોલા૦ સુ૦ ૧૧**
**એમ ચિંતવી બુદ્ધિ ઉપાઇ, પ્રોહીતને કહે સમજાઇ;**
**પોહોર રાત્રિ જાયે તેણી વાર, આવજો થાઈ હુંશીયાર. હોલા૦ સુ૦ ૧૨**
**પ્રોહીત થયો તવ રાજી, ગયો નિજ ઘર મનમાં ગાજી;**
**કોટવાલ પાસે ગઈ નારી, તમે છો નગર તણાં અધિકારી. હોલા૦ ૧૩**

તે સાંભળી સ્ત્રીયે વિચાર કર્યો કે, હવે મારૂં શિયલ રાખવા વાસ્તે કંઇક બુદ્ધિ શોધી કહાડી, આ પ્રોહિતની આબરૂનો નાશ કરવું ॥ ૧૧ ॥ એમ વિચારી બુદ્ધિ વડે કરીને પ્રોહીતને સમજાવ્યું કે, આજે જ્યારે પહોર કાલ જશે ત્યારે, તમે સાવચેત થઇને મારે ઘેરે આવજો ॥ ૧૨ ॥ તે સાંભળી પ્રોહીત મનમાં રાજી થઇ, હરખ ભર્યો પોતાને ઘેર ગયો, અને તે સ્ત્રી તે નગરના કોટવાલ પાસે જઇ કહેવા લાગી કે, તમે આ શેહેરના ઉપરી છો ॥ ૧૩ ॥

પ્રોહીત વાંછે મુજસુ પ્રીત, તેની કહેવા આવી છું રીત;
સાંભળી કોટવાલ તવ બોલે, નહીં નારી અવર તુમ તોલે. હોલા૦ ૧૪
અમસું જો રાખશો રાગ, તો પ્રોહીતનો શો લાગ;
એમ સાંભળી નારી કહે વાત, બીજે પોહોરે આવજો રાત. હોલા. ૧૫
તિહાંથી ગઇ સચીવની પાસે, વાત ધુરથી કહી ઉલ્લાસે;
તુમે નગર તણા અધિકારી, કોટવાલને રાખો વારી. હોલા૦ સુ૦ ૧૬

પ્રોહીત મારી સાથે કામ વિલાસ ભોગવવાની ઇચ્છા કરે છે, માટે તેની ફરિયાદ હું તમારી પાસે કરવા આવી છું; તે સાંભળી કોટવાળે કહ્યું કે, તમારા સરખી મનોહર સ્ત્રી મેં આજ સુધી કોઇ જોઇ નથી ॥ ૧૪ ॥ માટે જો તમે મારી સાથે પ્રીતિ રાખશો, તો પ્રોહીતનો તે શું ભાર છે? અર્થાત તેને હું શિક્ષા કરીશ. તે સાંભળીને સ્ત્રીએ કહ્યું કે, વારૂ! તમો ત્યારે આજ રાતે બીજે પહોરે આવજો ॥૧૫॥ ત્યાંથી નિકળીને તે સ્ત્રી રાજાના પ્રધાન પાસે ગઈ, અને તેને પેહેલેથી સર્વ વાત કહી સંભળાવીને કહ્યું કે, તમે આ શેહેરના અધિકારી છો, માટે તમારે કોટવાલને આવા કામોથી અટકાવવો જોઇએ ॥ ૧૬ ॥

કામાંધ થયો નારી દેખી, કોટવાલને નાખું ઉવેખી;
મુજ આગે બલ શ્યો એહનો, વયણ માનશો માં કાંઇ કહેનો. હો. ૧૭
સચીવ કહે મુજ સાથે, મેલો મેલવ્યો છે જગનાથે;
સુંદરી કહે ત્રીજે પહોરે, આવજો થઇ આપણે તોરે. હોલા૦ સુ૦ ૧૮
રાજા ભણી ચાલી આવી, વાત ધુરથી કહી સંભલાવી;
રાજા પણ રીઝયો જોઇને, બીસો માં વયણ કહે કોઇને. હોલા૦સુ૦ ૧૯

તે સ્ત્રીને જોઈ પ્રધાન પણ વિષયમાં આંધળો બની કહેવા લાગ્યો કે, અરે! તે કોટવાલ તે મારી આગળ શું હીસાબમાં છે? તમારે કોઇનું પણ વચન માનવું નહીં. હું હમણાં કોટવાલને જડ મુળથી ઉખેડી નાખીશ ॥ ૧૭ ॥ વળી પ્રધાન કહેવા લાગ્યો કે, આજે તો પરમેશ્વરે પોતેજ આપણનો સંયોગ મેળવી આપ્યો છે. તે સાંભળી તે સ્ત્રીએ જવાબ આપ્યો કે, ત્યારે તમો આજે રાત્રિએ ત્રિજે પહોરે ખુશીથી મારે ઘેર પધારજો ॥ ૧૮ ॥ પછી ત્યાંથી નીકળી તે રાજા પાસે આવી, અને સઘળી વાત તેને પેહેલેથી કહી સંભળાવી. રાજા પણ તેણીનું મનોહર રૂપ જોઇ કામાંધ થઇ કહેવા લાગ્યો કે, તમારે કોઇનાં વચનોથી બીવું નહીં ॥૧૯॥

હું ગામ તણો છું રાજા, કોણ લોપે માહરી માજા;
પ્રોહીત પ્રધાન કોટવાલ, તેહને કાઢી મુકું તતકાલ. હોલા૦ સુ૦ ૨૦
હું થાપુ કરી પટરાણી, બીજી તુમ આણે પાણી;
તવ સુંદરી કહે તુમે રાય, ચોથે પોહોરે મુજ ઘરમાંય. હોલા૦ સુ૦ ૨૧

હું આ આખા ગામનો રાજા છું, માટે મારા હુકમનો કોણ અનાદર કરનાર છે, પ્રોહીત, કોટવાલ, પ્રધાન વિગેરેને હું એકદમ કહાડી મેલી શકું એવો છું ॥૨૦॥

હું તમોને મારી પટરાણી કરી મોહોલમાં બેસાડું, અને બીજી રાણીઓ તો, તમારી દાસી થઇ, તમોને પાણી ભરી આપશે. તે સાંભળી તે સ્ત્રીએ કહ્યું કે, તમે મારે ઘેર આજ રાત્રિએ ચોથે પોહોરે આવજો ॥ ૨૧ ॥

ત્યાંથી આવી નીજ ઘર માંહે, પાડોસણ ડોસી છે ત્યાંહે;
તેહને તેડી સમજાવે એમ, કાગળ લખી આપું જેમ. હોલા૦ સુ૦ ૨૨
બીજા ખંડની સાતમી ઢાલ, નેમવિજય કહે ઉજમાલ;
તુમે સુણજો બાલ ગોપાલ; આગલ કહું વાત રસાલ. હોલા૦ સુ૦ ૨૩

પછી ત્યાંથી (રાજા પાસેથી) નીકળીને તે પોતાને ઘેર આવી, અને એક ઘરડી પાડોસણ સ્ત્રીને બોલાવી કહ્યું કે, આ એક કાગળ હું તને લખી આપું છું ॥ ૨૨ ॥ એવી રીતે બીજા ખંડની આ સાતમી ઢાલ સંપૂર્ણ થઇ, નેમવિજયજી મહારાજ કહે છે કે, હે સઘળા નાના મોટા માણસો, આગળ કેટલીક ઘણીજ રસવાળી વાતો હું તમોને કહી સંભળાવીશ ॥ ૨૩ ॥

## દુહા.

કાગળ લઇ ઉતાવળી, રાત રહે ઘડી ચાર; રોતી રડતી આવજે, કરતી અતિ પોકાર ॥૧॥ સમજાવી પાડોસણી, ઘરમાં એક મજૂસ; તેહમાં ખાનાં ચાર છે, ચોખી કરી લેઇ લૂસ ॥ ૨ ॥ એમ કરતાં સંધ્યા થઈ, આવ્યો પ્રોહિત જામ; આદરમાન દીધો ઘણો, લટપટ કરતી તામ ॥ ૩ ॥

તે સ્ત્રીએ ડોસીને સમજાવ્યું કે, આજે જ્યારે પાછલી ચાર ઘડી રાત બાકી રહે ત્યારે, તારે ખુબ પોકાર કરી રડતાં રડતાં મારે ઘેર આવવું ॥ ૧ ॥ એવી રીતે પાડોસણને સમજાવીને વિદાય કર્યા બાદ ઘરમાં એક ચાર ખાનાં વાળી મોટી પેટી હતી, તેને ખાલી કરી રાખી ॥ ૨ ॥ એમ કરતાં કરતાં રાત પડી ત્યારે પેલો પ્રોહીત આવ્યો, તેને ઘણું આદરમાન દઇ લટપટ કરી વાતો કરવા બેસાડ્યો ॥૩॥

ભોજન ભાજન કરે ઘણાં, સજી શોળ સણગાર; હાવ ભાવ દેખાડતી, પોહોર રાત લગી ઘાર ॥૪॥ કોટવાલ રહી બારણે, કહે કમાડ ઉઘાડ; માંહી થકી બોલી તિહાં, હું જોતીતી વાટ ॥ ૫ ॥ તવ પ્રોહીત મારી ભણી, કહે હવે કોણ હવાલ; જો જાણે મુજને સહી, સાલે ઠામ તતકાલ ॥ ૬ ॥

પછી કેટલીક જાતનાં ભોજનોથી ભરેલાં વાસણો તેના મુખ આગળ મુકી તેને જમાડી, પોતે શોળ શણગાર પેહેરીને કેટલીક હાવભાવ દેખાડવા લાગી; એમ કરતાં કરતાં એક પોહોર રાત ચાલી ગઇ ॥ ૪ ॥ એટલામાં કોટવાલ બારણા આગળ આવી કહેવા લાગ્યો કે, કમાડ ઉઘાડો, તે સાંભળી સ્ત્રીએ કહ્યું કે, હું તો તમારી વાટ જોતી અહીં ક્યારની બેઠી છું ॥ ૫ ॥ તે સાંભળી પ્રોહીત તે સ્ત્રીને કહેવા

લાગ્યો કે, હવે શું કરવું ? જો આ કોટવાલ મારી વાત જાણશે તો, મારૂં ઠેકાણું પણ તે ટાળી નાખે એમ છે ॥ ૬ ॥

મંજૂસ એક છે માહરી, તુમ પેસો તે માંહિં; ગમ ન પડે કોઇને
કશી, મૌન કરી રહો ત્યાંહિં ॥ ૭ ॥ પ્રોહિતને માંહિં ઘા-
લીયો, યંત્ર જડીને દ્વાર; તલાર ઘરમાં તેડીયો, બોલાવે તેણી
વાર ॥ ૮ ॥ ખાતાં પીતાં ખાંતસું, હોય પોહોર ગઇ રાત;
ત્રીજા પોહોરે આવીયો, સચિવ થઇ રલિયાત ॥ ૯ ॥

ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે, અહીં એક મારી પેટી છે, તેમાં તમે પેસો, અને કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના બેસી રહો એટલે કોઇને કાંઇ ખબર પડશે નહીં ॥ ૭ ॥ એવી રીતે પ્રોહીતને પેટીમાં નાખી, કુલ દઇ, કોટવાલને ઘરમાં બોલાવી, તેની સાથે વાત ચિતમાં પડી ॥ ૮ ॥ પછી પણ એવી રીતે ખાવા પીવામાં જયારે બે પોહોર રાત વીતી ગઇ, ત્યારે પ્રધાન મનમાં ખુશી થતો ત્યાં આવી પોહોંચ્યો. ॥૯॥

બીન્યો કોટવાલ એમ કહે, મુજ સાંતો કોઇ ઠામ; મુજને દેખે
જો ઇહાં, ન રહે માહરી મામ ॥૧૦॥ બીજે ખાને ઘાલીયો,
સચીવને લીધો માંય; ગીત ગાન કરતી થકી, સચીવ તણા
ગુણ ગાય ॥૧૧॥ ચોથો પોહોર જવ આવીયો, રાજા બોલ્યો
વાણ; કમાડ ઉઘાડો ઉતાવળાં, દેખે કોઈ અજાણ ॥ ૧૨ ॥

તે જોઇ કોટવાલ બીહીને કહેવા લાગ્યો કે, હવે મને અત્યારે કોઇ જગોએ સંતાડી રાખો, કારણ કે જો પ્રધાન મને અહીંયાં અત્યારે દેખે, તો મારી આબરૂ રહે એમ નથી ॥ ૧૦ ॥ પછી તે કોટવાળને તેજ પેટીના બીજા ખાનામાં પુરીને સચીવ (પ્રધાન)ને પોતાના ઘરમાં દાખલ કરી, તેની સાથે ગાન તાન કરતી તેના ગુણો ગાવા લાગી ॥ ૧૧ ॥ એટલામાં ચોથો પોહોર થયો, ત્યારે રાજા બારણાં આગળ આવી કહેવા લાગ્યો કે, તમે તુરત કમાડ ઉઘાડો, કારણ કે અજાણતાં કોઇ માણુસ અત્રે આવી ચડી મને દેખી જશે ॥ ૧૨ ॥

સચીવે સાદજ સાંભળ્યો, થરથર ધ્રુજે કાય; નારી ભણી
બોલે તિહાં, મુજ સાંતો કોઇ ઠાય ॥૧૩॥ ત્રીજે ખાને ઘાલી-
યો, રાજા લીધો માંહિં; નયણ બાણ લગાડતી, રિઝવે રાજા
તાંહિં ॥૧૪॥ ચાર ઘડી રાત પાછલી, આવી પાડોસણ
નાર; કાગલ હાથમાં લેઇ કરી, નિપટ કરતી પોકાર ॥ ૧૫ ॥

રાજાનો સાદ સાંભળી પ્રધાન થરથર કંપવા લાગ્યો, અને તે સ્ત્રીને કહેવા લાગ્યો કે, મને અત્યારે કોઈ જગોએ તમે સંતાડો ॥ ૧૩ ॥ પછી તે મંત્રિને ત્રીજા ખાનામાં પૂરીને, રાજાને ઘરમાં લઇ, કટાક્ષ બાણ મારી રાજાને આનંદ પમાડવા લાગી ॥ ૧૪ ॥ પછી એમ કરતાં જ્યારે ચાર ઘડી પાછલી રાત રહી, ત્યારે પેલી પાડોસણ ડોશી, હાથમાં કાગળ લઇ, મોહેડેથી પોકાર કરતી રડતી રડતી આવી. ૧૫

## ઢાલ આઠમી.

કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો રે.—એ, દેશી.

ઉઠ ઉઠ રે રાંડ તું સૂઇ રહીરે, મૂઓ તુજ ભરથાર;
કાગલ આ-યોરે આજ પરદ્વીપનોરે, સાંભળ મૂર્ખ નિરધાર.
સાંભળજો શ્રોતારે, કથા અચરિજ તણી રે. એ આંકણી ॥ ૧ ॥
સાંભલી નારી રૂદન કરે અતિ ઘણું રે, કુટે હૃદયને શીષ;
સગાં સાજન સહુ આવી મળ્યાં રે, દ્વાર ઉભાં પાડે ચીસ. સાં૦ ॥૨॥
માંહે બેઠો રાજા મન ચિંતવેરે, હુવો રંગમાં ભંગ;
મુજને સાંતો કાઇ એકાંતમાં રે, આવી લાગ્યો ઢંગ. સાં૦ ॥ ૩ ॥

તે પાડોસણ આવીને કહેવા લાગી કે, હે રાંડ મુરખ, ઉઠ, ઉઠ! સૂતી છે શું? આ દેશાવરથી કાગળ આવ્યો છે, તે તો તું સાંભળ? તેમાં લખ્યું છે કે, તારો ધણી મરણ પામ્યો છે. કવી કહે છે કે, હે સાંભળનારા માણસો તમે આ આશ્ચર્યની વાત તો સાંભળો! ॥ ૧ ॥ તે સાંભળી તે સ્ત્રી બહુજ રડવા લાગી, તથા પોતાની છાતી, અને માથું કુટવા લાગી, તે સાંભળી કેટલાંક સગાં વહાલાં ત્યાં એકઠાં થયાં, તથા બારણાં આગળ ઉભાં રહી બુમો પાડવાં લાગ્યાં ॥ ૨ ॥ આ જોઇ રાજા ઘરમાં બેઠો બેઠો વિચારવા લાગ્યો કે, આ તો રંગમાં ભંગ પડ્યો, અને સ્ત્રીને કહેવા લાગ્યો કે, અત્યારે વખત અડાકડીનો છે, માટે મને કોઇ ઠેકાણે એકાંતમાં સંતાડે તો ઠીક થાય ॥ ૩ ॥

નારી કહે તુમે મોટા રાજવી રે, કિહાં સાતું નથી ઠામ;
કહો તો મંજુસ એક મોટો અછેરે, મૌન કરી રહો ધામ. સા૦ ॥ ૪ ॥
કહે રાજા તુમે સિઘ્ર થઇ હવેરે. મ કરો ઢીલ લગાર;
ચોથે ખાને રાજાને ઘાલીયોરે, પ્રપંચ કરી તેણી વાર. સાં૦ ॥ ૫ ॥
નર નારી આવ્યાં ઘરમાં વહીરે, આરોમ કારીમ કીધ;
એમ કરતાં પરભાત થયો હવેરે, વાત થઇ પરસીધ. સાં૦ ॥ ૬ ॥

તે સાંભળી સ્ત્રી કહેવા લાગી કે, તમે તો મોટા રાજા છો, તમોને હું ક્યાં સંતાડું? જો તમારી ઇચ્છા હોય તો, આ એક પેટી છે, તેમાં કંઈ પણ બોલ્યા વિના સંતાઇ રહો ॥ ૪ ॥ ત્યારે રાજાએ કહ્યું કે, હવે તમે જરા પણ વખત નહીં લગાડતાં ઉતાવળથી મને સંતાડો, એવી રીતે તે સ્ત્રીએ કળા કેળવી રાજાને ચોથા ખાનામાં પૂર્યો ॥ ૫ ॥ પછી સઘળાં સ્ત્રી પુરૂષોએ ઘરમાં આવી સઘળી મરણ ક્રીયાઓ કરી, અને એમ કરતાં કરતાં સવાર થઇ, એટલે તે વાત લોકોમાં પણ ફેલાઇ. ૬

વાત સુણી દરબારમાં રાણીએરે, ખબર કરો જઇ રાય;
ચાકર દોડ્યા ભૂપને શોધવારે, દીઠા નહીં કોઇ રાય. સાં૦ ॥ ૭ ॥
સચીવને શોધ્યા સારા શેહેરમાંરે, દીસે નહીં કોટવાલ;
પ્રોહીતને જોયા વળી ચિહું દીશેરે, ફરી આવ્યા તતકાલ. સાં૦ ॥ ૮ ॥

તે વાત દરબારમાં રાણીઓએ સાંભળવાથી ચાકરોને હુકમ કર્યો કે; આ ખબર રાજાને તમે તુરત પહોંચાડો, તેથી સઘળાં ચાકરો રાજાને શોધવા લાગ્યાં; પણ ત્યાં કોઇએ રાજાને જોયો નહીં ॥ ૭ ॥ વળી આખા શેહેરમાં પ્રધાન તથા કોટવાલની, અને પ્રોહીતની પણ ચારે દિશાએ સઘળી જગોએ ફરીને શોધ કરી પણ તેઓનો પતો લાગ્યો નહીં ॥ ૮ ॥

રાણી કહે એ શેઠ હતો વાંઝીયોરે, એહનો માલ હોયે જેહ;
રાણી જાણે ગુપત રાજા વચ્ચેરે, મંગાવી લેઉં તેહ. સાં૦ ॥ ૯ ॥
સેવક દોડાવ્યા રાણીએ તતખિણેરે, એહના ઘરમાં વસ્તુ સાર;
લાવો જઇને કોઈ જાણે નહીંરે, ઢીલ મ કરજો લગાર. સાં૦ ॥ ૧૦ ॥
ચાકર ચાલ્યા સહુ થઇ એક મનારે, પહોત્યા શેઠને ગેહ;
નારીએ દીધો આદરભાવ આવતાંરે, બોલ્યા અનુક્રમે તેહ. સાં૦ ૧૧
સાર વસ્તુ જે તુજ ઘરમાં હોયે રે, તે આપો અમને આજ;
તવ બોલી તે નારી સાંભલી રે, સાચા કહું તુમે રાજ. સાં૦ ॥ ૧૨ ॥

પછી રાણીએ વિચાર્યું કે, તે શેઠ, પુત્ર વિનાનો (વાંઝીયો) હતો, માટે હવે રાજાને ખબર મ પડે એવી રીતે તેનો સઘળો માલ હુંજ મંગાવી લઉં. ॥ ૯ ॥ એમ વિચારિ રાણીએ ચાકરોને એકદમ હુકમ કર્યો કે, એ શેઠના ઘરમાં જે જે સારી સારી વસ્તુઓ હોય તે કોઈ જાણે નહીં એવી રીતે લેઈ આવો. એમાં જરા પણ વખત લગાડશો નહીં ॥ ૧૦ ॥ પછી સઘળા ચાકરો એકઠા થઈ શેઠને ઘેર ગયા, ત્યાં સ્ત્રીએ તેઓને ઘણુંજ આદરમાન દીધું, પછી તેઓ એક પછી એક બોલવા લાગ્યા ॥ ૧૧ ॥ તમારા ઘરમાં જે કંઈ ઉત્તમ વસ્તુ હોય તે અમોને આપો; તે સાંભળી તે સ્ત્રીએ કહ્યું કે, હે ભાઇઓ હું તમોને સાચે સાચી વાત કહુ છું. ॥૧૨॥

મંજુસ મોટી ઘરમાં અછે રે, માલ માંહીં છે સાર;
વૃષભ જોડી લેઈ જાઓ તુમે રે, મેલ્યો છે મુજ ભરથાર. સાં૦ ॥ ૧૩ ॥
સાંભલી દોડ્યા અનુચર ઉતાવલા રે, વૃષભ આણ્યા તતકાલ;
જોડી વૃષભ લણાવી લેઇ ગયા રે, રાણી થઈ ઉજમાલ. સાં૦ ॥ ૧૪ ॥
તાલાં ઉઘાડી માંહેથી કાઢીયો રે, પ્રોહીતને તેણી વાર;
રાણી કહે તુમે પેઠા કેમ ઇહાં રે, અદભુત વાત અપાર. સાં૦ ॥ ૧૫ ॥

મારા ઘરમાં મોટી પેટી છે, તેમાં મારા સ્વામિએ સઘળો ઉત્તમ માલ ભરેલો છે, માટે તે તમો બળદ જોડીને લઈ જાઓ ? ॥ ૧૩ ॥ તે સાંભળી ચાકરો એકદમ બળદ લાવી, તે પેટી લણાવી રાણીની પાસે લઇ ગયા, તે જોઇ રાણી ઘણો હરખ પામી. ૧૪ વળી તેજ વખતે રાણીએ તાળું ઉઘાડીને પ્રોહીતને પેટીની બહાર કહાડ્યો, તેને જોઈ રાણીએ પુછ્યું કે, તમે આ પેટીમાં શી રીતે આવ્યા? આ વાત બહુજ આશ્ચર્યકારક જાણે છે. ॥ ૧૫ ॥

તવ પ્રોહીત કહે બીજું બારણું રે, ઉઘાડી દેખો દેવ;
તતક્ષણ ઉઘાડ્યો જાવ સહુ મલી રે, દીઠો કોટવાલ તતખેવ. સાં૦ ૧૬

અચરીજ દેખી રાણી એમ કહેરે, ચોકી કરવા કાજ;
તસ્કર પકડવા પેઠા તુમેરે, ભલી રાખી તુમે લાજ. સાં૦ ॥ ૧૭ ॥
મુખ ઢાંકીને કોટવાલ એમ કહેરે, ઉઘાડો ત્રીજું બાર;
તેહવે રાણીએ કપાટ ઉઘાડીઉંરે, સચીવ દીઠો તેણી વાર. સાં૦॥૧૮॥

ત્યારે પ્રોહીતે કહ્યું કે, બીજું બારણું તો ઉઘાડો? તે સાંભળી રાણીએ તુરત બીજું બારણું ઉઘાડયું તો, તેમાં કોટવાલને જોયો ॥ ૧૬ ॥ તેને જોઇ રાણીએ મર્મ વચન કહ્યું કે, તમો તો ગામની ચોકી કરવા અને ચોરને પકડવા પેટીમાં પેઠા હશો! તમે આબરૂ તો સારી વધારી! ॥ ૧૭ ॥ પછી કોટવાલે પોતાનું મોહોડું સંતાડીને કહ્યું કે, તમે ત્રીજું બારણું ઉઘાડો, ત્યારે રાણીએ ત્રીજું બારણું ઉઘાડ્યાથી પ્રધાનને તેમાં બેઠેલો જોયો ॥ ૧૮ ॥

રાણી કહે તુમે દફતર માંડવારે, જઈ પેઠા એકાંત;
સચીવ કહે તુમે મુજને શું કહોરે, કેમ થઇ રહ્યા નિચિંત. સાં૦॥૧૯॥
રાજાજી સાથે સહુ મલી અમે ગયારે, ચોથો ઉઘાડો ઠામ;
તતક્ષણ રાણીએ દ્વાર ઉઘાડીયુંરે, નીચું ઘાલ્યું તામ. સાં૦ ॥ ૨૦ ॥

ત્યારે રાણીએ કહ્યું કે, તમે અહીં એકાંતમાં રાજકાજનું નામું માંડવા તો ઠીક બેઠા છો! ત્યારે પ્રધાને કહ્યું કે, એમાં મને તમે શું કહો છો? અને એટલીજ વાતથી નચિંત કેમ બેઠા છો? ॥ ૧૯ ॥ અમે સઘળા રાજાને સાથે લઇને ગયા હતા, માટે જો તમારે ખાતરી કરવી હોય તો, આ ચોથું બારણું પણ ઉઘાડો; પછી જયારે રાણીએ ચોથું બારણું ઉઘાડયું, ત્યારે તેમાં રાજાને બેઠેલો જોઈ તેણીએ નીચું જોયું. (પોતાનું મોહોડું ઢાંકયું) ॥ ૨૦ ॥

ચાદર ઓઢી મુખને સાંતીયુંરે, ફિટ ફિટ કરે સહુ લોક;
ઉઠી ત્યાંથી ગયા નિજ નિજ ઘરેરે, ચિંતવે મનશું ફોક. સાં૦॥૨૧॥
બીજા ખંડની ઢાલ એ આઠમીરે, નેમવિજય કહે સાર;
શ્રોતા સાંભળજો સહુ એક મનારે, જે વાત હોયે નિરધાર. સાં૦ ॥૨૨॥

તેણે એક પછેડીથી પોતાનું મોહોડું ઢાંકી લીધું, આ સઘળો બનાવ જોઇ લોકો તેઓને ધિક્કાર દેવા લાગ્યા; પછી તેઓ ચારે જણ પોત પોતાને ઘેર જઇ પસ્તાવા લાગ્યા ॥ ૨૧ ॥ એવી રીતે બીજા ખંડની ઢાલ આઠમી સંપૂર્ણ થઇ, નેમવિજયજી મહારાજ કહે છે કે, હે શ્રોતાજનો જેવી વાત હોય તેવી તમો એક ચિત્તથી સાંભળજો ॥ ૨૨ ॥

## દુહા.

ચારે મલી મન ચુંપસું, આણી બુદ્ધિ વિવેક; સાસરવાસો કરીયે સહી, તો ઊતરે આપણી ટેક ॥૧॥ તે નારી તેડાવીને, કીધી ભગની તેહ; સાસરવાસો કરી ભલો, વોલાવી ફરી

ગેહ ॥ ૨ ॥ એમ રાધા કેશવ ભણી, સમજાવે કહી વાત;
પરનારીના સંગથી ઉપજાવે ઉતપાત ॥ ૩ ॥

પછી તે ચારે જણ એકઠા મળી વિચારવા લાગ્યા કે, હવે આપણે વિવેક લાવી એ બાઈને બેહેનની માફક લેખી કંઇક ધન માલ આપીએ તો આપણી ગએલી આબરૂ પાછી મળે ॥ ૧ ॥ પછી તે સ્ત્રીને બોલાવી, તેઓએ પોતાની બેહેન તુલ્ય લેખી, કેટલોક ધન માલ આપી, તેણીને તેને ઘેર મોકલાવી ॥ ૨ ॥ એવી રીતે રાધાએ વાત કહી વિષ્ણુને સમજાવ્યું કે પર સ્રીના સંગથી માણસો દુઃખ પામે છે ॥ ૩ ॥

નારાયણ મોટા દેવતા, લાગી ભુંડી ટેવ; દામોદર બોલ્યા
તુરત, સાંભળો રાધા હેવ ॥ ૪ ॥ ધર્મ શાસ્ત્ર જાણું અમે,
વચન મ લોપો આજ; પર ઉપગારી પરગજુ, મોટી તુમારી
લાજ ॥ ૫ ॥ અમે ભામની બહુ ઉધરી, કુબજા સરખા
કેય; પુરાણ પ્રસિદ્ધ જાણે સહુ, નાકારો મત દેય ॥ ૬ ॥

પણ તે મોટા દેવ નારાયણને પરસ્ત્રી લંપટ પણાની જે બુરી ટેવ પડી હતી, તેણે કરી તે બોલી ઉઠ્યા કે, હે રાધા, હું કહું તે તું સાંભળ. ॥ ૪ ॥ હું સઘળા ધર્મ શાસ્ત્રો જાણું છું. માટે તમે મારાં વચનોનો આજે અનાદર કરો નહીં; તમે મોટા પરોપકારી તથા પરગજુ છો, તમારી આબરૂ આ દુનીઆમાં ઘણીજ મોટી છે ॥ ૫ ॥ અમોએ કુબજા જેવી હલકી સ્ત્રીઓનો પણ ઉધાર કરેલો છે. અને તે સઘળી વાતો પુરાણમાં પ્રસિદ્ધ છે, માટે તું ના પાડ નહીં ॥ ૬ ॥

રાધા તવ રાજી થઈ, ઠાલો ઘર કોઈ જોય; તેમાં ગઈ ઉતા-
વલી, બેહુ જણ મલીયાં સોય ॥ ૭ ॥ વૈકુંઠે સંતોષી ઘણું,
રાધા જોડી હાથ; કહે સ્વામી મુજ જાણ ઘો, રીસ કરશે મુજ
નાથ ॥ ૮ ॥ કામ કાજ ઘરમાં ઘણાં, લુચ્ચો મુજ ભરથાર;
ક્રોધી ગાલ આપે ઘણી, જો જાણે વ્યભિચાર ॥ ૯ ॥ રાતે
મુજ ઘર આવજો, ગુપ્ત કરી તુમ દેહ; ઘર નિસાની સૌ
કહી, પોહોતી નિજ ઘર તેહ ॥ ૧૦ ॥

તે સાંભળી રાધા ખુશી થઈને, ત્યાં આગળ કોઇ ખાલી ઘર શોધી કહાડી, તેમાં એકદમ ચાલી ગઇ. અને ત્યાં તે બન્ને જણ એકઠાં થયાં ॥ ૭ ॥ પછી વિષ્ણુએ તેણીને સંતોષવાથી તે રાજી થઈ તેને હાથ જોડી કહેવા લાગી કે, હે સ્વામિ હવે મને જવાની આજ્ઞા આપો, જો મારો ભરતાર જાણશે તો તે બહુજ ગુસ્સે થશે ॥ ૮ ॥ વળી ઘરમાં કામકાજ પણ બહુ છે; અને કદાચ આ વ્યભિચારની વાત તેને કાને પડે તો તે બહુ ક્રોધી હોવાથી મને ઘણીજ ગાળો ભાંડે ॥ ૯ ॥ માટે રાત્રિએ ગુપ્ત વેશ કરીને, મેં તમોને ઘર નિશાની વીગેરે આપેલી છે, ત્યાં તમે મારે ઘેર આવજો; એમ કહી તે પોતાને ઘેર ગઇ ॥ ૧૦ ॥

## ઢાલ નવમી.

કીસકે ચેલે કીશકે પૂત, આતમ એકીલા હે અવધૂત-એ દેશી-(રાગ બંગાલી.)

વિરહાનલ વાધ્યો ગોવિંદ, સઘલે દેખે રાધા વ્રંદ; મન માન લે
તાલાવેલિ ટલવલે તન, કોડ સૂરજ બલે આકાશે મન. મ૦ ॥ ૧ ॥
સીત લાગે છે અગની સમાન, એમ કરતાં આથમીયો ભાણુ; મ૦
રાત પડી હુવો અંધકાર, ગોવિંદ પહોતો ગોવાલણી બાર. મ૦ ॥૨॥
તસ્કરની પરે આવ્યા દેવ, દ્વાર દીધાં દીઠાં તતખેવ; મ૦
વૈકુંઠનાથ વિમાસે તામ, લોક સુતા છે એણે ઠામ. મ૦ ॥ ૩ ॥

પછી તે વિષ્ણુને કામાગ્નિ જાગવાથી, તે સઘળી જગોએ રાધાનેજ દેખવા લાગ્યો, તથા તેને તાલાવેલિ (એકજ ધ્યાન) લાગી રહેવાથી તેનું શરીર ટળવળવા (કંપવા) લાગ્યું, અને મન તો આકાશમાં રહેલા જાણે ક્રોડો ગમે સૂર્યની માફક બળવા લાગ્યું ॥ ૧ ॥ વળી તેથી સઘળી ઠંડી વસ્તુઓ તેને અગ્નિ સમાન લાગવા લાગી. એમ કરતાં કરતાં જ્યારે સૂર્ય આથમીને રાત્રિનો અંધકાર ફેલાણો ત્યારે તે રાધાને ઘેર ગયો ॥ ૨ ॥ હવે ત્યાં વિષ્ણુ દેવ ચોરની માફક છુપાતા છુપાતા આવી પહોંચ્યા, અને જોયું તો રાધાના ઘરનાં બારણાં બંધ દીઠાં, તેથી તે વિચારવા લાગ્યા કે, આ જગોએ તો સઘળા લોકો સૂતા છે ॥ ૩ ॥

બોલાવીસ તો જાગસે લોક, ચામ ચોરી પડસે મુજ ફોક; મ૦
મૌન ધરૂં તો કામ ન હોય, બોલું તો જાણે સહુ કોય. મ૦ ॥ ૪ ॥
અંગુલીનો સંચલ કીધ, ટપોરે કપાટે દીધ; મ૦
રાધા બોલી જોતી વાટ, અંગુલીયે કોણ હણે કપાટ. મ૦ ॥ ૫ ॥
અમે માધવ છું તે મહંત, રાધા કહે તુમે છો વસંત; મ૦
નહીંરે કામની હું ચકીસ, રાધા કહે કુંભારનો ઈશ. મ૦ ॥ ૬ ॥

આ વખતે બુમો પાડી જો હું રાધાને બોલાવીશ તો, મારા ઉપર ખોટી ચામ ચોરીનો આરોપ આવશે, અને મૌન ધરી બેસું તો મારૂં કામ સિદ્ધ થાય નહીં; અને બોલું તો સઘળા લોકો જાણે ॥ ૪ ॥ પછી તેણે આંગળીથી કમાડ ઉપર ટકોરો કર્યો, તે સાંભળી વાટ (રાહ) જોઇ રહેલી રાધા બોલી કે, આ આંગળીથી બારણું કોણ ઠોકે છે ॥ ૫ ॥ પછી વિષ્ણુએ કહ્યું કે, હું "માધવ" છું, તે સાંભળી રાધાએ મશ્કરીમાં કહ્યું કે, શું તમે "વસંત" છો? ત્યારે વિષ્ણુએ કહ્યું કે, નહીં નહીં, હું તો "ચકીશ" છું; ત્યારે રાધાએ કહ્યું કે, શું તમે કુંભારના ઉપરી (ઇશ)છો. ૬

ધરણીધર હું મોટો દેવ, શેષનાગ તું આવ્યો હેવ; મ૦
નારે અહીમર્દન અભિરામ, રાધા કહે ગરૂડ તુજ નામ. મ૦ ॥ ૭ ॥
નહીંરે હું હરિ જગદીશ, રાધા કહે તું વાનર ઈશ; મ૦
વિષ્ણુ કહે રાધા મ કરો હઠ, ઉત્તર દેવાને અમેં છું ઠઠ. મ૦ ॥ ૮ ॥

રાધા રંગે હાસ્યું એમ કરી, બાર ઉઘાડી લીધા માંહે હરિ; મ૦
કામ કુતુહલ માંડયો તામ, ભાનૂદય પામ્યો વલી જામ. મ૦ ॥ ૯ ॥

વિષ્ણુએ કહ્યું ત્યારે હું તો મોટો "ધરણીધર" દેવ છું, તે સાંભળી રાધાએ કહ્યું કે, શું તમે "શેષનાગ" છો ? ત્યારે વિષ્ણુએ કહ્યું કે, હું તો "અહિમર્દન" છું. ત્યારે રાધાએ કહ્યું કે, શું તમારૂં નામ "ગરૂડ" છે? ॥૭॥ વિષ્ણુ બોલ્યા અરે હું તો જગતનો ઉપરી "હરિ" છું, ત્યારે રાધાએ કહ્યું કે, શું તમે વાંદરાઓનાં ઉપરી છો ? તે સાંભળી વિષ્ણુએ કંટાળીને કહ્યું કે, હે રાધા તમે હઠ શા માટે કરો છો ? હું તમોને ઉત્તર દેવાને સમર્થ નથી ॥ ૮ ॥ એવી રીતે રાધાએ વિષ્ણુની મશ્કરી કર્યાં બાદ તેને બારણું ઉઘાડી અંદર લઇ, તેની સાથે કામ વિલાસ ભોગવતાં ભોગવતાં આખી રાત નીકળી ગઇ, અને સૂર્યોદય થયો ॥ ૯ ॥

રાત્રિયે જઇ અન્યાયજ કરે, દિવસે આવી રાજ્ય ઉધરે; મ૦
નારાયણ લક્ષણ છે એહ, બાલ ગોપાલ જાણે છે તેહ. મ૦ ॥ ૧૦ ॥
તાપસ કહે સાંભળ તાપસી, વાત વિચારી જુઓને અસિ; મ૦
સોળ સહસ્ર સ્ત્રી નહીં સંતોષ, હરિને મોટો પરનારી દોષ. મ૦ ૧૧
થાપણ ઠવીએ હરિની પાસ, તો પુત્રિનો હોયે નાસ; મ૦
અવર વિચાર કરીશું જેમ, છાયા બાલા મૂકીયે તેમ. મ૦ ॥ ૧૨ ॥

એવી રીતે રાત્રે રાધાને ઘેર જઇ હમેશાં એવો અન્યાય કરે, અને દિવસે રાજ્ય ચલાવે. એવું વિષ્ણુનું લક્ષણ બાળકથી માંડી ઘરડા સુધી સઘળા લોકો જાણે છે. ૧૦ માટે તાપસે તાપસીને કહ્યું કે, તમો જરા વિચાર તો કરી જુઓ કે, વિષ્ણુને સોળ હજાર સ્ત્રીઓ હતી, તોપણ સંતોષ ન પામીને, પરસ્ત્રી લંપટ બન્યા ॥૧૧॥ માટે એવા વિષ્ણુની પાસે પુત્રીને થાપણ તરીકે રાખવાથી તેણિનો નાશ થાય, માટે વળી વિચાર કરીને તેણીને કોઇ બીજાને સોંપશું ॥ ૧૨ ॥

તામ તાપસી વદે વર વાણ, સાંભળો સ્વામિ તુમે છો જાણ; મ૦
વાત કહું એમ વિચારો એક, સૃષ્ટિ નિપાઇ બ્રહ્માએ વિવેક. મ૦ ॥૧૩॥
તપ જપ સંજમ કરતા એહ, રૂષિ સઘલામાં મૂલગો તેહ; મ૦
સુરનર માંહીં કહીયે સાર, છાયા પુત્રી ભલાવો કુંવાર. મ૦ ॥ ૧૪ ॥
આપણ જઇએ જાત્રાને કાજ, તો આપણી રહે જગમાં લાજ; મ૦
ખંડ બીજાની નવમી ઢાલ, નેમવિજય કહે થઈ ઉજમાલ. મ૦ ॥૧૫॥

ત્યારે તાપસીએ કહ્યું કે, હે સ્વામિ તમે જાણકાર છો. માટે હું એક વાત તમોને કહું છું, તે સાંભળો. આ દુનિયા બ્રહ્માએ ચતુરાઇથી નીપજાવી છે ॥ ૧૩ ॥ તે હમેશાં, તપ, જપ, તથા સંયમ પાળે છે અને તેના જેવો બીજો કોઇ પણ રૂષિ આ દુનિયામાં નથી, વળી એના જેવો કોઇ દેવલોક કે મનુષ્યમાં પણ નથી. માટે આપણી આ કુંવારી પુત્રીને તેને સોંપીએ ॥ ૧૪ ॥ અને આપણે જાત્રાએ જઇએ તો આપણી આ જગતમાં આબરૂ રહેશે. એવી રીતે બીજા ખંડની નવમી ઢાલ નેમવિજયજીએ રાજી થઇ કહી સંભળાવી ॥ ૧૫ ॥

## દુહા.

નારી વચન સુણી ફરી, તાપસ કહે ગુણધાર; બ્રહ્મા લંપટ નહીં ભલો, નવી છોડે પરનાર ॥૧॥ પુરાણ માંહે કહ્યું ઇસ્યું, તે સહુ જાણે લોક; કાંતા કપટી એ કહ્યો, મુજ વાણી નહીં ફોક ॥ ૨ ॥ બ્રહ્મા તપ જપ કરે ઘણો, ગંગા કાંઠે નિવાસ; કંઠે જનોઈ કરવડો, જપ માલા જપે જાસ ॥ ૩ ॥

સ્ત્રીનાં એવાં વચનો સાંભળી મંડપકૌશિક કહેવા લાગ્યો કે, એ બ્રહ્મા તો મોટો વિષયાંધ છે, તે પરસ્ત્રીનો કેવી રીતે ત્યાગ કરે? ॥ ૧ ॥ વળી પુરાણોમાં પણ બ્રહ્માને લંપટ કહ્યો છે, અને તે વાત સઘળા લોકો જાણે છે, હે સ્ત્રી, એને કપટી કહેલો છે. મારૂં કહેવું બીલકુલ ખોટું નથી ॥ ૨ ॥ બ્રહ્મા ગંગાના કિનારા પર રહીને હમેશાં, ઘણો તપ જપ કરે છે, વળી ગળામાં જનોઈ ઘાલી, તથા હાથમાં કરવાણું (નાળવા વાળું વાસણ) રાખી હમેશાં જપ માળા ફેરવે છે ॥ ૩ ॥

મૃગ ચર્મ ઓઢે પાથરે, ઇંદ્રિ દમે અપાર; ક્રોધ લોભ માયા તજી, બ્રહ્મ ધ્યાન ધ્યાયે સાર ॥૪॥ સહસ્ર અઠયાસી રૂષિને, બેઠો નવી જોયે નેત્ર; ઇંદ્રાસનને કારણે, કષ્ટ કરે પુણ્ય ક્ષેત્ર ॥ ૫ ॥ ચોકડી ઊંઠ કાલ ગયો જવ, તપ કરતાં બ્રહ્મ રાજ; તવ ઇંદ્રાસન ડોલીયું, સુરપતિ કહે કુણ કાજ ॥ ૬ ॥

તે મુએલા ઢોરનું ચામડું ઓઢે છે, તથા પાથરે છે, વળી ઈંદ્રિઓનું દમન કરે છે, તથા ક્રોધ, લોભ, કપટ, વિગેરેનો ત્યાગ કરી હમેશાં ધ્યાન ધરી બેસે છે ॥ ૪ ॥ વળી તે પવિત્ર સ્થાનમાં, ઈંદ્રની પદવી મેળવવા વાસ્તે, અઠ્યાસી હજાર રૂષિઓને પણ આંખે કરી જોતો નથી ॥ ૫ ॥ એવી રીતે તપ કરતાં જ્યારે સાડી ત્રણ ચોકડી વખત નીકળી ગયો, ત્યારે ઈંદ્રનું આસન ચલાયમાન થવાથી, તે (દેવનો રાજા) વિચારવા લાગ્યો કે, આનું કારણ શું હશે? ॥ ૬ ॥

બ્રહસ્પતિને ઇંદ્રે પૂછીયું, કહો ગુરૂ કારણ એહ; મુજ આસન કંપ્યું ભલું, શું હોશે કહો તેહ ॥ ૭ ॥ ગુરૂ કહે ઇંદ્ર સાંભળો, બ્રહ્મા તપ કરે અઘોર; અરધી ચોકડી હુવા પછી, તુમ પદ લેશે જોર ॥૮॥ સાંભળી ઇંદ્ર ઉપાય રચે, અપછરા તેડી તિણ કાજ; બ્રહ્મા તપથી ચાલવો, જિમ રહે આપણો રાજ. ૯ નૃત્યકી કહે દેવેંદ્ર સુણો, એ નવિ હોય અમશું કામ; ગરઢો કપટી કોપશે, શ્રાપ દેઇ ફેડે ઠામ ॥ ૧૦ ॥

પોતાનું આસન ચલ્યાથી ઈંદ્રે બ્રહસ્પતિને પૂછ્યું કે, હે ગુરૂજી આનું કારણ શું? આ મારૂં આસન કંપવાથી શું ફેરફાર થવાનો છે? તે કહો? ॥ ૭ ॥ ત્યારે બ્રહસ્પતિએ કહ્યું કે, બ્રહ્મા ઘણો આકરો તપ કરે છે, અને આજથી અરધી ચોકડી વીત્યા બાદ તે તમારી પદવી લેશે ॥ ૮ ॥ તે સાંભળી ઈંદ્રે તેનો ઉપાય શોધી

કહાડી અપ્સરાઓને બોલાવી કહ્યું કે, આ બ્રહ્માને તમો તપથી ચલાયમાન કરો, કે જેથી આપણું રાજ નિશ્ચલ રહે ॥ ૯ ॥ તે સાંભળી અપ્સરાઓ કહેવા લાગી કે, હે સ્વામિ એ કામ અમારાથી બને એવું નથી, કારણ કે એ કપટી તથા ઘરડો અમારા પર ગુસ્સે થઇ અમોને શ્રાપ દઇ અમારા સ્થાનકોનો નાશ કરે ॥ ૧૦ ॥

## ઢાલ દશમી.

નણદલની દેશી.

પ્રીતમહે પ્રીતમ ઇંદ્ર, કહે સઘલી મલી, તિલ તિલ દીઓ મુજ રૂપ. પ્રી.
તિલોત્તમા નિપજાવીસું, સર્વ કલાનો કૂપ. પ્રી૦
સુણજો સાજન વાતલડી. એ આંકણી ॥ ૧ ॥
તિલ તિલ રૂપ નૃત્યકી દીયો, તિલોત્તમા ઘડી સુરરાજ; પ્રી૦
કર જોડી ઉભી રહી, આદેશ ઘો કોણ છે કાજ. પ્રી૦ સુ૦ ॥ ૨ ॥
અમરપતિ કહે રંભા સુણો, બ્રહ્મા તપ કરો નાશ; પ્રી૦
એહ ચિંતા સહુને ઘણી, પૂરો અમારી આસ. પ્રી૦ સુ૦ ॥ ૩ ॥

તે સાંભળી ઇંદ્ર કહેવા લાગ્યો કે, તમો સઘળી મળી તમારામાંથી તલ તલ જેટલું રૂપ આપો કે જેથી તિલોત્તમા નામે એક સર્વ કળામાં પ્રવિણ અપ્સરા ઉત્પન્ન કરશું ॥ ૧ ॥ પછી સઘળી અપ્સરાઓએ પોતાનું તલ તલ જેટલું રૂપ આપવાથી ઇંદ્રે તિલોત્તમા નામે અપ્સરા ઘડી કહાડી, ત્યારે તે અપ્સરા હાથ જોડી ઇંદ્ર પાસે કહેવા લાગી કે, હે સ્વામિ મને શું હુકમ ફરમાવો છો? ॥ ૨ ॥ ત્યારે ઇંદ્રે કહ્યું કે, તમે બ્રહ્મા પાસે જઇ તેના તપનો નાશ કરો, કારણ કે એની અમોને ઘણી બીક છે, માટે એટલી અમારી આશા ફલીભુત કરો ॥ ૩ ॥

તિલોત્તમા બીડું ધરી, નારદ તુંમર દેવ; પ્રી૦
તપ કરતો બ્રહ્મા જીહાં, તિહાં આવી તતખેવ. પ્રી૦ સુ૦ ॥ ૪ ॥
સનમુખ નાટક માંડીયું, ધપ મપ થૈં થૈં કાર; પ્રી૦
માદલ વાજે મધુર સ્વરે, ભં ભં ભેરી વિસ્તાર. પ્રી૦ સુ૦ ॥ ૫ ॥
ઘમ ઘમ ઘુઘરી ઘમકતી, કડ કડ મોડી કાય; પ્રી૦
હાવ ભાવ દેખાડતી, નવરસ નાટિક થાય. પ્રી૦ સુ૦ ॥ ૬ ॥

પછી તિલોત્તમાએ તે વાત અંગીકાર કરીને, નારદ તથા તુમરૂ દેવતાને સાથે લઇ, જ્યાં બ્રહ્મા તપ કરતા હતા, ત્યાં એકદમ આવી પહોંચી ॥ ૪ ॥ અને તેની આગળ નાટક કરવા માંડયું, તેમાં ધોકળનાં (નરઘાંનાં) માદલ નામે વાજીંત્રના, તથા ભેરીનાં અવાજ સંભળાવા લાગ્યા ॥ ૫ ॥ એવી રીતે તે પગની ઘુઘરીઓનો ઘમકાર કરીને, અંગને ખુબ વાળીને હાવ ભાવ દેખાડતી થકી નવે રસથી ભરપુર નાટક કરવા લાગી ॥ ૬ ॥

જેમ જેમ નીરખે નારીને, તેમ તેમ ધ્યાન ગયો દૂર; પ્રી૦
તિલોત્તમા રૂપ દેખી કરી, હરખ ઉપન્યો ભરપૂર. પ્રી૦ સુ૦ ॥ ૭ ॥

સારીગમ પધની ગાયતાં, ચલિયું રૂષિનું ચિત્ત; પ્રી०
વિકલ રૂપ બ્રહ્મા હુવો, શ્રવણે સુણી તે ગીત. પ્રી० સુ० ॥ ૮ ॥
બ્રહ્મા ચલ ચિત્ત જાણીને, વામાંગે માંડયો નાટ; પ્રી०
છ રાગ છત્રીસે આલવી, તાલ મેલે નહીં ઘાટ. પ્રી० સુ० ॥ ૯ ॥

એવી રીતે બ્રહ્મા જેમ જેમ તે અપ્સરાનું રૂપ જોતો ગયો તેમ તેમ તેનું ધ્યાન પણ દૂર જતું ગયું, અને તિલોત્તમાનું એવું રૂપ દેખીને તેને અત્યંત આનંદ ઉત્પન્ન થયો ॥ ૭ ॥ વળી સા-રી-ગ-મ-પ-ધ-ની નો સ્વર આલાપથી બ્રહ્માનું મન ચલાયમાન થયું, અને તે રાગ સાંભળવાથી બ્રહ્માનું સ્વરૂપ બદલાઇ ગયું, અર્થાત તેનું મન તે અપ્સરામાં ચોટી ગયું ॥ ૮ ॥ એવી રીતે બ્રહ્માનું મન ચલાયમાન જોઇને અપ્સરાએ ડાબે અંગે નાટક કરવા માંડયું, તેમાં છ રાગ છત્રીસ રાગણીઓનો એવો તો તાલ મેળવ્યો, કે તેમાં જરા પણ ભંગાણ (તુટ) પડે નહીં ॥૯॥

મોહ પામ્યો બ્રહ્મા ઘણું, ચિંતવે મનમાંહે એમ; પ્રી०
રૂષિ સઘલામાં હું વડો, મુખ ફેરવી જોઉં કેમ. પ્રી० સુ० ॥ ૧૦ ॥
જો નવી નિરખું નૃત્યકી, તો મુજ દુઃખ હોયે દેહ; પ્રી०
નયણે નિહાલું તિલોત્તમા, સફલ જનમ મુજ તેહ. પ્રી० સુ० ॥ ૧૧ ॥
એક ચોકડી તપને ફળે, મુખ હોજો ડાબે પાસ; પ્રી०
વદન બીજું બ્રહ્માનું હુવો, દેખી રૂપ વિલાસ. પ્રી० સુ० ॥ ૧૨ ॥

તે જોઇ બ્રહ્મા ઘણો મોહ પામ્યો છતાં વિચારવા લાગ્યો કે, હું સઘળા રૂષિઓમાં મોટો છું, તો મારૂં મુખ ફેરવીને આ અપ્સરા સામું કેમ જોઉં ॥ ૧૦ ॥ વળી જો આ નાટકણીને હું જોઉં નહીં, તો મને ઘણુંજ દુઃખ ઉત્પન્ન થાય, અને જો આ તિલોત્તમાને આજે મારી આંખેથી જોઉં, તોજ મારો જનમારો સફળ થયો. ૧૧ માટે મારી એક ચોકડી તપના ફળ રૂપે મારૂં એક બીજું મહોડું ડાબે પડખે થાય તો ઠીક, એમ વિચારવાથી તેનું બીજું મુખ થયું, જેથી તે તિલોત્તમાનું રૂપ જોઈ ખુશી થયો. ૧૨

પીન પયોધર પેખતાં, રંજ્યો ધાતા જામ; પ્રી०
નાટક રચિયું પાછલે, આનંદ નૃત્ય તિહાં તામ. પ્રી० સુ० ॥ ૧૩ ॥
સારી ગમ પધની ગાયતાં, બ્રહ્મા વિમાસે તેહ; પ્રી०
પાછું ફરી અવલોકતાં, લાજ આવે મુજ દેહ. પ્રી० સુ० ॥ ૧૪ ॥
બીજી ચોકડી તપે કરી, નીકલજો મુખ પુઠે; પ્રી०
વદન હુવો બ્રહ્મા તણો, રૂપ જોઇ હૃદયે તુઠ. પ્રી० સુ० ॥ ૧૫ ॥

વળી કઠણ સ્તન વાળી તે અપ્સરાને જોઇ બ્રહ્મા અત્યંત આનંદ પામ્યો ત્યારે તે અપ્સરાએ પછવાડે નાટક કરવા માડયું ॥ ૧૩ ॥ ત્યાં પણ સા-રી-ગ-મ-પ-ધ-નીનું ગાયન ગાવાથી, બ્રહ્મા વિચારવા લાગ્યો કે, જો હું કદાચ પાછું ફરીને જોઉં, ત્યારે તો મને શરમ લાગે ॥૧૪॥ માટે મારી બીજી ચોકડીના તપથી એક ત્રીજું મુખ મારી પીઠની બાજુએ નીકળે તો ઠીક, એમ વિચારવાથી તેને ત્રીજું મુખ ઉત્પન્ન થયું, તે વખતે તિલોત્તમાનું રૂપ જોઇને બ્રહ્મા આનંદ પામ્યો ॥ ૧૫ ॥

ચિત્ત ચલ્યું જાણી કરી, નાટક માંડયું જમણે અંગ; પ્રી૦
ભાવ ભેદ દેખાડે ઘણા, બ્રહ્મા નવિ જોયે રંગ. પ્રી૦ સુ૦ ॥ ૧૬ ॥
કામબાણે વીંધ્યો તદા, મનમાંહીં ચિંતે તામ; પ્રી૦
લાજ લાગે મુખ ફેરતાં, વિણ જોએ વિણસે કામ. પ્રી૦ સુ૦ ॥ ૧૭ ॥
ચોકડી ત્રીજી તપે કરી, મુખ નીકલજો સાર; પ્રી૦
ચોથું વદન હુવું ભલું, દીસે દક્ષિણ નાર. પ્રી૦ સુ૦ ॥ ૧૮ ॥

એવી રીતે તેનું ચિત્ત ચલાયમાન થયેલું જોઇને તેણીએ જમણી બાજુ પર નાટક કરવા માંડયું; અને ઘણા પ્રકારના હાવ ભાવ દેખાડવા લાગી; પણ બ્રહ્મા તે રંગ જોઈ શકયો નહીં ॥ ૧૬ ॥ ત્યારે કામાગ્નિથી બળતો થકો, તે મનમાં વિચારવા લાગ્યો કે, જો હું મારૂં મુખ ફેરવું, તો આબરૂ જાય, અને તેને જોઉં નહીં, તો અમારૂં કામ વીણસી (બગડી) જાય ॥ ૧૭ ॥ પછી વિચાર્યું કે, મારી ત્રીજી ચોકડીના બળથી એક મોહોડું વધારે નીકળજો, એમ ચિંતવવાથી ચોથું મુખ નિકળ્યું, જે વડે કરી જમણી બાજુએ તિલોત્તમાને બ્રહ્મા જોવા લાગ્યો ॥ ૧૮ ॥

તવ નાટિક ગગને કર્યું, નવ રસ બ્રહ્મ વિલાસ; પ્રી૦
સૃષ્ટિ કરતા મન ચિંતવે, કેમ કરી દેખું આકાશ. પ્રી૦ સુ૦ ॥ ૧૯ ॥
ઉંચું જોતાં હાસ્યું હસે, જોયા વિણ ન રહાય; પ્રી૦
અરધ ચોકડી તપ તણે ફલે, મુજ મુખ ગગને થાય. પ્રી૦ સુ૦ ॥૨૦॥

પછી તેણીએ આકાશમાં અધર રહી નવ રસથી ભરપૂર નાટક કરવા માંડયું, ત્યારે બ્રહ્માએ વિચાર્યું કે; હવે આકાશમાં હું શી રીતે જોઇ શકું ? ॥ ૧૯ ॥ ઉંચું જોવાથી મારી હાંસી થાય, અને જોયા વિના રહેવાય તેમ નથી. માટે મારી અરધ ચોકડી તપનાં બળથી મારૂં આકાશમાં મોહોડું થજો ॥ ૨૦ ॥

ગર્દભ વદન નિકળ્યું તદા, ભૂંકારવ કરે વિકરાળ; પ્રી૦
તવ નાઠી તિલોત્તમા, સ્વર્ગ ગઈ ઇંદ્રને કહે હેવાલ. પ્રી૦ સુ૦ ॥ ૨૧ ॥
દશમી ઢાલ બીજા ખંડની, રંગવિજય કવિરાય; પ્રી૦
તસ શિષ્ય નેમવિજય કહે, સાંભળજો ચિત્ત લાય. પ્રી૦ સુ૦ ॥ ૨૨ ॥

ત્યારે બ્રહ્માને ગધેડાનું મોહોડું થયું, અને તે મોહોડેથી તેણે ભુંકવા માંડયું, તે જોઇ તિલોત્તમા આ હકીકત ઇંદ્રને કહેવા સ્વર્ગમાં ગઈ ॥ ૨૧ ॥ એવી રીતે બીજા ખંડની દશમી ઢાલ રંગવિજયજી કવિરાજના શિષ્ય નેમવિજયજીએ કહી, તે હે શ્રોતાજનો તમે ચિત્ત દઇને સાંભળજો ॥ ૨૨ ॥

## દુહા.

સાંભલજો સ્વામિ તુમે, બ્રહ્માનો તપ જેહ; ઉંઠ ચોકડીનો
કષ્ટ કર્યો, વિફલ થયો સહુ તેહ ॥૧॥ મુખ ચારે મુજ દેખીને,
પાંચમું રાસભનું હોય; વિકલ થયો નૃત્ય જોવતાં, ભૂં ભૂં કરે

મુખ તોય ॥ ૨ ॥ આશ્ચંભ્યા સુર સામટા, આવ્યા જોવા કાજ; વિપરીત રૂપને દેખીને, ખડ ખડ હસત સમાજ ॥૩॥

તિલોત્તમા ઇંદ્રને કહેવા લાગી કે, હે સ્વામિ તમે સાંભળજો, બ્રહ્માએ સાડીત્રણુ ચોકડી સુધી જે તપ અત્યંત કષ્ટો સહન કરી કર્યો હતો, તે સઘળો ફોગટ ગયો ॥ ૧ ॥ મને જોઇ તેણે ચાર મુખો કર્યાં, અને પાંચમું ગધેડાનું મુખ થવાથી નાટક જોતાં જોતાં કંટાળીને, તેણે ભુંકવા માંડયું ॥ ૨ ॥ તે સાંભળી સઘળા દેવતાઓ, આશ્ચર્ય પામી ત્યાં જોવા આવ્યા, અને બ્રહ્માનું આવું કદરૂપું રૂપ જોઇને, સઘળા ખડખડ હસવા લાગ્યા ॥ ૩ ॥

તવ બ્રહ્મા કોપે ચઢયો, સુર ઉપર કીધી કેડ; નાઠા જાએ ઘર ભણી, તોહિ નાઠયો નીવેડ ॥ ૪ ॥ ભૂંભૂંકાર કરતો થકો, ધાયો કેડે જાય; કોલાહલ સ્વર્ગમેં થયો, અચરીજ સહુને થાય ॥ ૫ ॥ કે ખાશે કે મારશે, ત્રિભુવનમાં પડયો ત્રાસ; ભય પામ્યા તાપસ સહુ, તપ જપ મૂકી તાસ ॥ ૬ ॥

તે જોઇ બ્રહ્માને ક્રોધ ચડવાથી તે દેવતાઓને મારવા તેમની પછવાડે દોડ્યો, તે છેક તેમના ઘરો સુધી ગયો તો પણ તેમને પહોંચી શકયો નહીં ॥ ૪ ॥ તે બ્રહ્મા એવી રીતે ભુંકતો ભુંકતો, તેઓની પાછળ દોડતો હતો, તે જોઇ દેવલોકમાં કોળાહળ મચી રહ્યો, તથા સર્વ કોઇને આશ્ચર્ય થવા લાગ્યું ॥ ૫ ॥ ત્રણે જગતમાં ભય પેસી ગયો કે, આ તે ખાઇ જશે? કે મારી નાખશે? તેમજ સઘળા તાપસો પણ તેના ભયથી તપ જપ ભુલ્યા ॥ ૬ ॥

નાઠા લોક બહુ ધ્રુજતા, કેઈ પાડે પોકાર; સુરનર કીંનર આગલે, આવે કરતાં માર માર ॥ ૭ ॥ ઈશ્વર શરણે આવીયા, કહે મુજ રાખો દેવ; બ્રહ્મા સંતાપે છે ઘણું, દુઃખ ભાંજો અમ દેવ ॥૮॥ રૂદ્ર ભાવ રૂદ્રે કર્યો, ખુંધું મસ્તક ખર નખ; પીડા ઉપની બ્રહ્મા ઘણી, બોલે મુખથી અશભ ॥ ૯ ॥ હત હત્યારા પાપીયા, તુજને ભુંડી ટેવ; મસ્તક માહરૂં તોડીયું, હત્યા ચડ તુજ હેવ ॥ ૧૦ ॥

કેટલાક લોકો પોકાર કરતા કરતા, તથા ધ્રુજતા ધ્રુજતા નાશવા લાગ્યા, તથા દેવતા, માણુસો, ગાંધર્વો વિગેરે મારશ્યા મારચા કરતા નાશવા લાગ્યા ॥૭॥ પછી સઘળા મહાદેવને શરણે આવી કહેવા લાગ્યા કે, હે દેવ, અમોને બ્રહ્મા બહુ દુઃખ આપે છે, માટે તે અમારૂં દુઃખ દૂર કરી અમોને બચાવો ॥ ૮ ॥ તે જોઇ મહાદેવે પોતાનું ભયાનક રૂપ કર્યું, અને તેનું ગધેડાનું માથું નખ વડે છુંદી (તોડી) નાખ્યું, તેથી બ્રહ્માને ઘણું દુઃખ થવાથી તેને ગાળો ભાંડવા લાગ્યો ॥ ૯ ॥ લુચ્ચા, પાપી, તને ઘણીજ ખરાબ આદત છે, તેં મારૂં મસ્તક તોડયું, તે હત્યાનું પાપ તમને લાગજો! ૧૦

## ઢાલ અગીયારમી.

સાહેબા મોતી ઘો હમારો, મોહના મોતી ઘો.—એ દેશી.

મુજ કપાલ ચડો તુજ હાથ, જેમ ન કરે એહવો કિહાં સાથ;
માનો તુમે વયણ હમારો, સહી કરી મનમાંહી ધારો. એ આંકણી.
શ્રાપે ઇશ્વર થયો તવ કાલો, મહાદેવ કહે મતવાલો. મા૦ ॥ ૧ ॥
શંકર લાગે બ્રહ્મા પાય, કર જોડી કહ્યો જગ રાય; મા૦
મેં પાપીયે કીધો બાધ, ખીમા કરી ખમજો અપરાધ. મા૦ ॥ ૨ ॥
મુજ પાપીની હત્યા જાય, સ્વામિ તે કહેજો ઉપાય; મા૦
ખર કપાલ પડે વળી જેમ, વચન ભાંખજો બ્રહ્મા તેમ. મા૦ ॥ ૩ ॥

મારૂં જે ગધેડાનું માથું છે, તે તારા હાથમાં ચોંટજો, કે જેથી કરી ફરીને તું આવું કામ કોઇ દહાડો કરે નહીં. તમે અમારૂં વચન માનીને સ્વીકારજો. તે શ્રાપથી ઇશ્વરનું સ્વરૂપ કાળું થયું, તે જોઈ મતવાલા (બુદ્ધિનિધાન) મહાદેવ બોલ્યા ॥ ૧ ॥ શંકર હાથ જોડી બ્રહ્માને પગે લાગી કહેવા લાગ્યા કે, હે જગતના નાથ, મેં પાપીએ તમોને જે દુઃખ દીધું છે તે મારો અપરાધ તમે માફ કરજો ॥ ૨ ॥ હું પાપીની આ હત્યાનો નાશ થાય, તેવો કોઇ ઉપાય હે સ્વામિ તમે મને બતાવજો, વળી આ મારૂં ગધેડાનું મસ્તક નાશ પામે એવો કોઇ ઉપાય તમો મને દેખાડજો. ॥ ૩ ॥

કોમલ વચને કૃપા તવ કીધ, કોપ તજી શીખામણ દીધ; મા૦
બ્રહ્મા કહે સાંભળરે ઈશ, પાપી મોટો તું જગદીશ. મા૦ ॥ ૪ ॥
હત્યા માહરી આ ઉતરે એમ, વચન કહું તે કરે તું તેમ; મા૦
જટા જૂટ માથે હર રાખો, મસાણ રાખ વિલેપન રાખો. મા૦ ॥ ૫ ॥
નર કપાલ તણો રચો હાર, અસ્થિ રોમ માંહીં ગુંથો ફાર; મા૦
કોટે ઘાલો તે વલી માલ, દેખીતી મોટી વિકરાલ. મા૦ ॥ ૬ ॥

એવી રીતનાં સભ્યતા ભરેલાં વચનોથી, બ્રહ્માએ રાજી થઇ મહાદેવને શીખામણ દીધી કે, હે જગતના ઇશ્વર તું મોટો પાપી માણસ છે ॥ ૪ ॥ હવે હું તમોને જેમ કહું તે રીતે જો તમે વર્તો, તો આ મારી હત્યા ઉતરે; તમારે હમેશાં માથામાં જટા વધારવી, તથા મસાણની રાખનું અંગે લેપન કરવું (ચોળવી) ॥ ૫ ॥ વળી માણુસની તુંબડીઓ ઘણાં હાડકાં અને રૂંવાડામાં ગુંથીને તેનો હાર કરી ડોકમાં પેહેરો, કે જે જોવાથી ઘણી વિક્રાળ લાગે ॥ ૬ ॥

ડાકને કિન્નરી વાઓ અપાર, ભાંગ ધંતુરો ખાઓ ફાર; મા૦
નગન થઈ હીંડો ગામો ગામ, ભીક્ષા માગો ઠામો ઠામ. મા૦ ॥ ૭ ॥
વરણા વરણ મ કરશો ભેદ, સઘલે લેજો ભીક્ષા છેદ; મા૦
મુજ કપાલમાંહીં ઘાલો જેહ, રાત દિવસ તમે જમજો તેહ. મા૦ ॥૮॥

એણી પરે હત્યા જાસે તારી, એ સીખામણ સાચી મારી; મા૦
રૂધિર લેઈ કો પુરસે કપાલ, ખર મસ્તક પડસે તતકાલ. મા૦ ॥ ૯ ॥

હાથમાં ડાકલું તથા સારંગી લઇ વગાડો, તેમ ભાંગ અને ધંતુરો ઘણો અડાવો (ખાઓ), વળી નગ્ન થઈને ગામોગામ રખડી જગો જગોએ ભીક્ષા માગો ॥ ૭ ॥ વળી નાત જાતનો બીલકુલ તફાવત નહીં ગણતાં સઘળી જગોએથી ભીક્ષા લઇ, આ મારી તુંબડીમાં નાખીને, તમે તે રાત દહાડો ખાજો ॥ ૮ ॥ અને એમ કરવાથી તારી હત્યાનું પાપ દૂર થશે, આ મારી સઘળી શીખામણ તારે સાચે સાચીજ માનવી. વળી જ્યારે આ તુંબડીમાં કોઇ લોહી નાખશે, ત્યારે તારૂં ગધેડાનું માથું એકદમ તુટી પડશે ॥ ૯ ॥

બ્રહ્મા વચન સુણી તવ ઈસ, જોગી રૂપ ધર્યું જગદીશ; મા૦
કપાલીક ધરીયો તેહ નામ, રાત દિવસ હીંડે ગામો ગામ. મા૦ ૧૦
એમ કરતાં ગયો ઘણો કાળ, મસાણ ભૂમિ સેવી ઉજમાલ; મા૦
પાપીને ઘરે ગયો તતકાલ, રૂધિર પૂર્યું બ્રહ્મા કપાલ. મા૦ ॥ ૧૧ ॥
ઇશ્વરની જડી લીધી હત્યા, હાથ થકી તુંબડી પડી ધરત્યા; મા૦
કપાલીક શંકરનો નામ, લોક કહે જપો શિવ ઠામ. મા૦ ॥ ૧૨ ॥

એવી રીતે બ્રહ્માનું વચન સાંભળીને મહાદેવે જોગીનું રૂપ ધારણ કર્યું, અને ગામો ગામ રાત દહાડો ફરવા લાગ્યા; અને ત્યારથી તેનું "કપાલીક" એવું નામ પડયું. ૧૦ એમ કરતાં આનંદથી મસાણમાં રહેતાં થકાં, કેટલોક વખત જવા પછી, તે એકદમ એક ચાંડાલને ઘેર આવ્યા, અને ત્યાં તે બ્રહ્માની તુંબડી લોહીથી ભરાણી ॥ ૧૧ ॥ ત્યારે તે તુંબડી હાથમાંથી જમીનપર પડી ગઇ, અને મહાદેવની હત્યાના પાપનો નાશ થયો, અને ત્યારથી લોકોએ શિવને ઠેકાણે કપાલીકના નામથી તેને જપવાનો ઠરાવ કર્યો ॥ ૧૨ ॥

વેદ પુરાણ કથા છે એહ, બાલ ગોપાલ જાણે છે તેહ; મા૦
બ્રહ્માની સાંભળજો વાત, તપ જપ સંજમ કીધો છે ઘાત. મા૦ ॥૧૩॥
અંબર ગઈ તિલોત્તમા જામ, કામે પીડયો બ્રહ્મા તામ; મા૦
વિકલ રૂપ હુવો છે અપાર, ભુવન ભર્યું દેખે તે નાર. મા૦ ॥ ૧૪ ॥
વિવલ થયો મલવાને ધાય, નર નારી સહુ નાઠાં જાય; મા૦
ઝાડ બીડને સાંઇ દેય, દેવી જાણે તિલોત્તમા એય. મા૦ ॥ ૧૫ ॥

વળી આ સઘળી બીના વેદ પુરાણ વિગેરેમાં પ્રસિદ્ધ છે, અને સઘળા બાળ ગોપાળ પણ જાણે છે; હવે બ્રહ્માની વાત વળી ચિત્ત દઇ સાંભળજો; તેણે પોતાના તપ, જપ તથા વૈરાગ્ય વિગેરેનો નાશ કર્યો, તે બાબત આપણે આગળ વાંચી ગયા છીએ ॥ ૧૩ ॥ હવે જ્યારે તિલોત્તમા અપ્સરા ત્યાંથી (બ્રહ્મા પાસેથી) આકાશમાં અંતર્ધ્યાન થઈ, ત્યારથી બ્રહ્મા કામાતુર થયો થકો, ગાંડાની માફક ભમવા લાગ્યો, તથા આખું જગત તે સ્ત્રીથીજ ભરેલું દેખવા લાગ્યો ॥ ૧૪ ॥ વળી વિહ્વલ

થઇને જે સ્ત્રી પુરૂષને દેખે તેને ભેટવાને (અલિંગન કરવાને) દોડે, અને તેથી સઘળા સ્ત્રી પુરૂષો ત્યાંથી નાસવા માંડે, વળી રસ્તામાં જે ઝાડ બીડ કંઇ જુવે, તેને પણ તિલોત્તમા અપ્સરા જાણીને તે આલિંગન દેવા લાગ્યો ॥ ૧૫ ॥

મૃગ પશુ તણે ધામે જામ, લંપટ દેખી નાશે તામ; મા૦
રીંછડી એક મળી વનમાંય; લથબથ કરીને તેહને સાય. મા૦ ॥૧૬॥
રૂપ જાણ્યું રંભાનું એહ, વૃદ્ધ બ્રહ્માએ ભોગવી તેહ; મા૦
રૂતુવંતિ તે હતી તામ, જંબુવંત ઉપન્યો અભિરામ. મા૦ ॥ ૧૭ ॥
બલવંત બુદ્ધિ તણો નિધાન, પ્રસિદ્ધ જાણે સહુ વેદ પુરાણ; મા૦
રામચંદ્ર તણો હુવો તે દૂત. જગ વિખ્યાત બ્રહ્માનો સૂત. મા૦ ॥૧૮॥

વળી હરણ વિગેરે પશુઓના સ્થાનકમાં જ્યારે તે જાય, ત્યારે તેઓ પણ તે લંપટને જોઇને નાશવા લાગે, એટલામાં વનને વિષે એક રીંછડી તેના સપાટામાં આવવાથી, તે તેણીને ખુબ જોરથી આલિંગન દેવા લાગ્યો ॥ ૧૬ ॥ તે ઘરડા બ્રહ્માએ તેણીને રંભા જેવી રૂપાળી જાણીને, તેની સાથે ભોગ વિલાસ ભોગવ્યો, તે વખતે તે રીંછડી રૂતુ વાળી હોવાથી તેને ગર્ભ રહ્યાથી, તેણીએ જંબુવંત નામે મનોહર પુત્રને જન્મ આપ્યો ॥ ૧૭ ॥ તે મહા બલવાન તથા બુદ્ધિવાન થયેલો છે, અને તે વાત સઘળા વેદ પુરાણોમાં પણ પ્રસિદ્ધ છે, વળી તે બ્રહ્માના પુત્રે રામના દૂત પણે આખા જગતમાં પ્રખ્યાતી મેળવી છે ॥ ૧૮ ॥

ગરઢાની કરણી છે એહ, કિમ ઠવીએ પુત્રિ પાસે તેહ; મા૦
સૃષ્ટિ કરતા બ્રહ્મા કહો સાર, નીપાઇ નહીં એકે નાર. મા૦ ॥ ૧૯ ॥
રીંછડી શું કીધો વ્યભિચાર, ભુંડપણું એહને અપાર; મા૦
તાપસ અમે સહુકો જાણું, બ્રહ્મા લક્ષણ કેતા વખાણું. મા૦ ॥ ૨૦ ॥
બીજા ખંડની ઇગ્યારમી ઢાળ, સુણજો સહુકો બાલ ગોપાલ; મા૦
રંગવિજયનો કહે એમ શિષ્ય, નેમવિજયની પહોતી જગીશ; મા૦૨૧

માટે એ ગરડાનાં (બ્રહ્માનાં) તો એવાં કામો છે, અને તેટલા માટે તેની પાસે આપણી પુત્રીને આપણે કેમ રાખી શકીયે? વળી બ્રહ્માએ જ્યારે આ સૃષ્ટિને બનાવી છે, ત્યારે તેણે એક સ્ત્રીને શા માટે બનાવી નહીં? ॥ ૧૯ ॥ વળી રીંછડી સાથે ભોગ વિલાસ ભોગવીને અત્યંત ભુંડ પણું તેણે મેળવ્યું છે, અને બીજા પણ બ્રહ્માનાં ઘણાં અપલક્ષણો અમે તાપસો જાણીએ છીએ. તેમાંનાં તે કેટલાં હું તારી પાસે કહું ॥ ૨૦ ॥ એવી રીતે બીજા ખંડની અગ્યારમી ઢાલ સંપૂર્ણ થઇ, તે હે બાળગોપાળ તમે સાંભળજો તેથી રંગવિજયજી મહારાજના શિષ્ય નેમવિજયની આશા સફળ થશે ॥ ૨૧ ॥

## દુહા.

આપ કહું વાત એહની, સાંભળ છાયા માત; વેદ પુરાણમાં
એહવી, સાચી કહું એક વાત ॥ ૧ ॥ સાવિત્રી નાર બ્રહ્મા

તણી, બેટી જગ ગુણ ધાર; સારદા કુમરી રંભા જીસી, દેખી ચલીયો તેણી વાર ॥૨॥ કામે પીડચો પુઠે થયો, ભારતી નાઠી જાય; વનમાં નાશી તે ગઇ, પુત્રી પુઠે થાય ॥ ૩ ॥

હે છાયાની માતા, વળી પણ હું પોતે તે બ્રહ્માની વેદ પુરાણમાં કહેલી એક સાચી વાત તને કહી સંભળાવું છું, તે સાંભળ ॥ ૧ ॥ તે બ્રહ્માને સાવિત્રી નામે સ્ત્રી હતી, અને તેનાથી એક રંભા સમાન રૂપાળી અને ગુણવાન સારદા નામે પુત્રી થઇ, તેણીને જોઇને બ્રહ્માનું મન કામાંધ થયું ॥ ૨ ॥ એવી રીતે કામાતુર થયો થકો બ્રહ્મા તેણીની પાછળ પડ્યો, તેથી તે સારદા નાસતી નાસતી વનમાં ગઇ; ત્યાં પણ તે પોતાની પુત્રીની પાછળ પડ્યો ॥ ૩ ॥

બ્રહ્મા છેતરવા સહી, મૃગલી રૂપ ધર્યું સાર; તવ બ્રહ્મા કુરંગનો, રૂપ ધરી વ્યભિચાર ॥ ૪ ॥ પુત્રીને વિલસી કરી, એહવો જેનો કામ; તો પુત્રી છાયા આપણી, કેમ ભલાવીયે તામ ॥ ૫ ॥ તાપસ કહે નારી ભણી, પુત્રી ન છોડે એહ; હરિહર બ્રહ્મા સારિખા, પર નારી ન મૂકે તેહ ॥ ૬ ॥

તે વખતે સારદાએ બ્રહ્માને છેતરવા વાસ્તે એક મૃગલીનું રૂપ કર્યું, તે જોઇ બ્રહ્માએ હરણનું રૂપ કરીને તેણીની સાથે વ્યભિચાર કર્યો ॥ ૪ ॥ એવી રીતે જેણે પોતાનીજ પુત્રી સાથે વ્યભિચાર કર્યો, એવો જે કામાતુર માણસ છે, તેને આપણી આ છાયા પુત્રી શી રીતે સોંપી શકીયે? ॥ ૫ ॥ વળી તાપસે પોતાની સ્ત્રીને કહ્યું કે, હરિ, મહાદેવ, તથા બ્રહ્મા એ સઘળા, પરસ્ત્રી લંપટ છે, માટે તેઓને સોંપવાથી તેઓ આપણી પુત્રીને તે કેમ છોડે? ॥ ૬ ॥

કર જોડી તાપસી ભણે, સાંભળ સ્વામિ કંત; સૂરજ પાસે સોંપીયે, છાયા બાલા સંત ॥૭॥ તાપસ કહે સુણુ તાપસા, દિનકર છે છીનાળ; કુંતી કન્યા જેણે ભોગવી, કિમ છોડે તે બાળ ॥ ૮ ॥

ત્યાર પછી તાપસણીએ હાથ જોડી કહ્યું કે, હે સ્વામિ, ત્યારે આપણે તેણીને સૂરજને સોંપીએ તો કેમ? ॥ ૭ ॥ ત્યારે તાપસે કહ્યું કે, હે તાપસી સૂર્ય તો મહા છીનાલવો છે, કારણ કે, તેણે કુંતી કન્યાને ભોગવી છે, તે આપણી આ બાળકીને કેમ છોડે? ॥ ૮ ॥

## ઢાલ બારમી.

દીલ લગારે વાદલ વરણી. એ દેશી.

સાંભળ તાપસી જાદવ રાજા, સમુદ્ર વિજય સુખકારી, તુમે સુણજોરે આગે હોઇ જે વાત, મુકી પર તણી તાત. તુ૦ એ આંકણી.
તેહની ભગની કુંતિ કન્યા, રૂપે રંભા અવતારી. તુ૦ ॥ ૧ ॥

ચતુર્થ સ્નાન કરવાને બાલા, જમુના નદી ગઇ તેહ; તુ૦
વસ્ત્ર વિવર્જિત સ્નાન કરંતી, સુર્ય દેવે દીઠી તેહ. તુ૦ ॥ ૨ ॥
રૂપ દેખી તવ મદને પીડયો, વિપ્ર વેશ વેગે લીધો; તુ૦
કષાંબર પેહેર્યાં જનોઇ આરોપી, સર્વાંગ તિલકજ કીધો. તુ૦ ॥ ૩ ॥

હે તાપસી તું સાંભળ, એક સમુદ્રવિજય કરીને જાદવ વંશનો ઉત્તમ રાજા હતો, તેની બેન રૂપથી રંભા સમાન કુંતી નામે હતી; હવે હે શ્રોતાજનો તમે બીજી સઘળી વાતો મુકીને આ વાત, જે આગળ બનેલી છે, તે તમે સાંભળજો ॥ ૧ ॥ હવે એક દહાડો તે બાલિકા રૂતુવંતી હોવાથી, ચોથે દિવસે જમનાં નદીએ નાવા વાસ્તે ગઇ, ત્યાં નગ્ન થઇ નાતી થકી, તેણીને સૂર્ય દેવતાએ દીઠી ॥ ૨ ॥ તેણીનું રૂપ જોઈને સૂર્ય દેવે કામાંધ થયા થકાં, બ્રાહ્મણનો વેશ લેઇ ભગવાં વસ્ત્ર તથા જનોઇ પેહેરીને, આખા શરીર પર તિલક કર્યાં ॥ ૩ ॥

રામ રામ મુખ બોલતો નિરમલ, આવ્યો કુંતીની પાસે; તુ૦
આશિર્વાદ દેઇ કરી જંપે, સાંભળો કુમરી ઉલ્લાસે. તુ૦ ॥ ૪ ॥
કામ ક્રીડા અમસું તમે ખેલો, જોવનનો લાહો લીજે; તુ૦
કુંતી કહે કુમારીકા અમે છું, અઘટ કામ કિમ કીજે. તુ૦ ॥ ૫ ॥
દ્વીજ રૂપી સુરજ વદે વાણી, સાંભળો કુમરી અજાણ; તુ૦
ઉત્તમ વર્ણ બ્રાહ્મણ વેદ જાણ, તુજ વિનાં નવિ ધરૂં પ્રાણ. તુ૦ ॥ ૬ ॥

અને મોહોડેથી રામ રામ બોલતો બોલતો પવિત્ર થઇને, તે કુંતીની પાસે આવ્યો. અને કુમરીને આશિર્વાદ દઇને, પ્રફુલીત વદને કહેવા લાગ્યો કે, ॥૪॥ તમે અમારી સાથે ભોગ વિલાસ ભોગવી આ જુવાવસ્થાનો લાવો લો! તે સાંભળી કુંતીએ કહ્યું કે, હું હજી કુમારિકા છું, માટે એવું નિર્લજ્જ કામ કેમ થાય? ॥ ૫ ॥ ત્યારે તે બ્રાહ્મણનું રૂપ ધારી સૂર્યે કહ્યું કે, હે ભોળી કુમારિકા, હું વેદનો જાણનાર ઉત્તમ જાતિનો બ્રાહ્મણ છું, અને તારા વિના હું મારા પ્રાણ પણ ધારી શકીશ નહીં. ૬

પવિત્ર પાત્ર અમે જગત્ર પ્રસિદ્ધા, અમને આપે જે દાન; તુ૦
પાપ જાય સુખ સંપત્તી પામે, સ્વર્ગ લોકે લહે માન. તુ૦ ॥ ૭ ॥
વિપ્ર વચન કુમરી મન માન્યું, સ્વસ્તિ ભણાવી કાય; તુ૦
ભોગ વિલાસ હુવો રંગ રોલ, હર્ષ પ્રીત બેઉ થાય. તુ૦ ॥ ૮ ॥
ગર્ભ ધર્યો કુંતીએ તેણે અવસર, ભોગ કરી વલીયો ભાણ; તુ૦
કુમરી કહે કિહાં જાઓ છો સ્વામી, વૃતાંત કહો છાંડી કાણ. તુ૦ ॥૯॥

વળી અમે આ જગતમાં પવિત્ર અને ઉત્તમ પાત્ર કહેવાઇએ છીએ, માટે અમને જે કોઇ દાન આપે, તેનાં સઘળાં પાપોનો નાશ થાય છે, તથા સુખ અને સંપદા પામીને, ઘણાં માન પૂર્વક સ્વર્ગમાં જાય છે ॥૭॥ તે સાંભળી કુમારિકાએ બ્રાહ્મણનું વચન અંગીકાર કર્યું, તથા સ્વસ્તિ કહીને પોતાનું શરીર અર્પણ કર્યું, ત્યાં બન્ને જણે ઘણાં આનંદ પૂર્વક ભોગ વિલાસ ભોગવ્યો ॥ ૮ ॥ તેજ વખતે કુંતીને ગર્ભ

રહ્યો, અને ભોગ વિલાસ કરીને જ્યારે સૂર્ય જવા લાગ્યો, ત્યારે કુમારિકાએ પૂછ્યું કે, હે સ્વામિ, હવે તમે કયાં જાઓ છો? મને તમારો વૃતાંત કંઈ પણ વાત છુપાવ્યા વિના કહી સંભળાવો ॥ ૯ ॥

દ્વિજવર કહે સુણો સુંદરી કન્યા, સુર્યદેવ અમ નામ; તુ૦
રૂપ દેખી ચિત્ત અમ તણું ચલીયું, વિપ્ર હોઇ કીધો કામ. તુ૦ ॥૧૦॥
ભુવન પ્રકાસ કરૂં દીન ગગને, જાવા દ્યો મુજ આજ; તુ૦
કુંતી કહે હું છું બાલ કુમારી, ઓધાન રહ્યો દિનરાજ. તુ ॥ ૧૧ ॥
ભાસુર ભણે ભામની તુમ કુખે, પુત્ર હોસે દાતાર; તુ૦
રૂપ કલા બલ બુદ્ધિ વિચક્ષણ, ત્રીજા દિવસ મોઝાર. તુ૦ ॥ ૧૨ ॥

તે સાંભળી બ્રાહ્મણે કહ્યું કે, હે સુંદરી મારૂં નામ સૂર્ય દેવ છે, તારૂં રૂપ જોવાથી કામાંધ થઇ, બ્રાહ્મણને વેશે મેં તારી સાથે ભોગ વિલાસ ભોગવ્યો છે ॥ ૧૦ ॥ હવે હું આકાશમાં જઇ દિવસનો પ્રકાશ કરૂં, માટે આજે મને જાવા દ્યો; ત્યારે કુંતીએ કહ્યું કે, હું હજુ બાલકુમારી છું, અને હે સૂર્ય દેવતા, મને આજે ઓધાન રહ્યું છે (ગર્ભ રહ્યો છે.) ॥ ૧૧ ॥ ત્યારે સૂર્યે કહ્યું કે, હે સ્ત્રી, આજથી ત્રીજે દિવસે, તારી કુખે એક દાતાર, રૂપવાન, કળાવાન, બળવાન તથા બુદ્ધિ વાળો અને ડાહ્યો પુત્ર ઉત્પન્ન થશે ॥ ૧૨ ॥

મંત્ર અપૂર્વ વલી આપું તુમને, નર આકર્ષણ હોય; તુ૦
સમરતાં આવે સહુ પાસે; કાજ કરસું આપણ દોય. તુ૦ ॥ ૧૩ ॥
મંત્ર આપી કરી કુંતી સંતોષી, ભાનુ ગયો નિજ ઠામ; તુ૦
કન્યાએ કાને જણ્યો સુત સુંદર, કરણ હુવો તેહ નામ. તુ૦ ॥ ૧૪ ॥

વળી હું તમોને એક અમુલ્ય મંત્ર આપું છું, કે જેના પ્રભાવથી સઘળા પુરૂષો સ્મરણ કરતાંજ તમારી પાસે ખેંચાઇને આવશે, અને આપણે બન્ને આપણું કામ પાર પાડશું ॥ ૧૩ ॥ એવી રીતે કુંતીને મંત્ર આપી સંતોષીને, સૂર્ય પોતાને સ્થાનકે ગયો, હવે કુંતીએ કાનને માર્ગે, એક મનોહર પુત્રને જન્મ આપ્યો, જેનું નામ કર્ણ થયું ॥ ૧૪ ॥

મંડપકૈશિક કહે સુણ તાપસી, કુંતીને ભોગવે જેહ; તુ૦
સુરજ દેવતા મોટો લંપટ, છાયાને કેમ છોડે તેહ. તુ૦ ॥ ૧૫ ॥
ઢાલ બારમી ખંડ બીજાની, કહી શ્રોતા જન સાર; તુ૦
રંગવિજયનો શિષ્ય એમ પભણે, નેમવિજય કહે વારૂ. તુ૦ ॥ ૧૬ ॥

એમ કહીને મંડપકૌશિક તાપસ તાપસીને કહેવા લાગ્યો કે, એવી રીતે સૂર્ય દેવતાએ લંપટ થઇને, જ્યારે કુંતીને ભોગવી, તે આપણી આ છાયા પુત્રીને કેમ છોડે? ॥ ૧૫ ॥ એવી રીતે બીજા ખંડની બારમી ઢાલ, રંગવિજયના શિષ્ય શ્રી નેમવિજયે સાંભળનારાઓને માટે કહી ॥ ૧૬ ॥

## દુહા.

તાપસી કહે સ્વામિ સુણો, ચંદ્ર અછે મહા સંત; પુત્રી તે
પાસે ઠવી, જાત્રા જઇએ કંત ॥ ૧ ॥ મંડપકૌશક તવ કહે,
સુણ છાયાની માત; ચંદ્ર ચપલ લંપટ ઘણો, ઘટતી ન હોય
વાત ॥ ૨ ॥ તેહ કથા વળી સાંભળો, સોમે કીધ અનાચાર;
ગુરૂપત્નિ તેણે ભોગવી, કહેશું તેહ વિચાર ॥ ૩ ॥

વળી તાપસી કહેવા લાગી કે, હે સ્વામિ, ચંદ્ર બહુ ઉત્તમ છે, માટે તેને આપણી પુત્રી સોંપીને આપણે જાત્રાએ જઇએ ॥ ૧ ॥ ત્યારે મંડપકોશિકે કહ્યું કે, હે છાયાની માતા, એ ચંદ્ર પણ મહા લંપટ છે, માટે તેમ કરવાથી પણ અજુગતું થાય ॥ ૨ ॥ વળી તે ચંદ્રની પણ અનાચારની વાત તને કહું તે સાંભળ, તેણે તો પોતાના ગુરૂની સ્ત્રી ભોગવી છે ॥ ૩ ॥

બૃહસ્પતિ વસુધામાં વડો, સુર સઘલાનો ગોર; તસ નારી
દીઠી રૂયડી, ચંદ્રે લીધી ચોર ॥ ૪ ॥ વ્યભિચાર તેહસું આ-
ચર્યો, રાત દિવસ તે ચંદ્ર; સુર ગુરૂએ જાણી કરી, રાવ કરી
તવ ઇંદ્ર ॥૫॥ જજમાન તુમે સાંભળો, ચંદ્રે હરી મુજ નાર;
અન્યાય કીધો એણે ઘણો, વેગે કરો અમ સાર ॥ ૬ ॥

આ દુનીયામાં બ્રહસ્પતિ એક મોટો ગ્રહ છે, અને વળી તે સઘળા દેવતાઓનો ગુરૂ કહેવાય છે; એક વખતે ચંદ્રે તેની સ્ત્રીને રૂપવાન જોવાથી ચોરી લીધી ॥ ૪ ॥ વળી ચંદ્રે તેણીની સાથે રાત દહાડો વ્યભિચાર સેવવા માંડ્યો, તે વાતની ગુરૂને ખબર પડવાથી, તેણે ઇંદ્ર પાસે જઇ ફરીયાદ કરી કે, ॥ ૫ ॥ હે જજમાન, મારી સ્ત્રીને ચંદ્ર હરી ગયો, અને તેણીની સાથે વ્યભિચાર કરીને તેણે મોટો અપરાધ કર્યો છે, માટે તમે હવે ઉતાવળથી અમોને મદદ કરો ? ॥ ૬ ॥

સુરપતિ સૈન્ય લેઇ સંચર્યો, જૂધ કરવાને જામ; સોમે શિવ
સંખ્યા કરી, આવ્યો ઇશ્વરને ધામ ॥ ૭ ॥ કર જોડી શશી-
કર ભણે; સુણો શંકર મહારાજ; એક કલા દેઉ લાંચની,
અમ તણો કરો કાજ ॥ ૮ ॥ શંકર તવ સેના લઈ, ત્રિશુલ
ધરી નીજ હાથ; ઇંદ્ર સામો વેગે જઇ, યુદ્ધ કરે તે સાથ ॥૯॥
ઉભય દલ ઝૂઝે ઘણાં, સુરપતિ શંકર બેહ; સંગ્રામ કરતાં
દીન ઘણા, કેહેતાં નાવે છેહ ॥ ૧૦ ॥

તે સાંભળી ઇંદ્ર જ્યારે લશ્કર લઇ લડવા ચાલ્યો, ત્યારે ચંદ્ર મહાદેવની મદદ લેવા વાસ્તે તેને ઘેર ગયો ॥ ૭ ॥ ત્યાં ચંદ્ર હાથ જોડીને કહેવા લાગ્યો કે, હે શંકર માહારાજ, જો તમે આજે મારૂં એક કામ કરો, તો તમોને લાંચ તરીકે મારી એક કળા આપું ॥ ૮ ॥ તે સાંભળી મહાદેવ હાથમાં ત્રિશુળ લઇને, એકદમ ઇંદ્ર

સામે જઇ. તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા ॥ ૯ ॥ ત્યાં, ઇંદ્ર અને શંકર બન્નેના લશ્કરો માંહોમાંહે લડવા લાગ્યાં, અને એવી રીતે લડાઇ કરતાં ઘણા દિવસો ગયા, પણ તેનું કંઇ પરિણામ આવ્યું નહીં ॥ ૧૦ ॥

## ઢાલ તેરમી.

કંકણ મોલ લીયો. એ દેશી.

સંધી તવ દેવે કરીરે સાજન, સંગ્રામ નિવાર્યો તામ; સુગુણા સાંભળો,
ગુરૂ પત્ની આપો વલીરે, સા. જાઓ તુમે આપણે ઠામ. સુ૦ ॥ ૧ ॥
સોમ કહે સુર સાંભળોરે, સા. છોરૂ છે અમ તણું જેહ; સુ૦
ઉદરમાંહીં અબલા તણેરે, સા. અપાવો અમને તેહ. સુ૦ ॥ ૨ ॥
સુગ્ગુરૂ તવ તિહાં બોલીયોરે, સા. સાંભળો તુમે સહુ દેવ; સુ૦
ઉદરે અપત્ય છે માહરૂંરે, સા. કિમ અપાવો તતખેવ. સુ૦ ॥ ૩ ॥

હે ગુણવંતા શ્રોતાજનો તમે સાંભળજો! પછી દેવતાઓએ સલાહ કરીને લડાઈ બંધ કરાવીને કહ્યું કે, અમારા ગુરૂની સ્ત્રી તમો અપાવો, અને પછી તમે પોત પોતાને સ્થાનકે જાઓ. ૧ ત્યારે ચંદ્રે કહ્યું કે, હે દેવો, તે સ્ત્રીના પેટમાં છોકરૂં છે, તે મારૂં છે, માટે તે અમોને અપાવો ॥ ૨ ॥ તે સાંભળી ગુરૂ બોલ્યો કે, હે દેવો, તેણીના પેટમાં તો મારૂં છોકરૂં છે, તે તમો એને શા માટે અપાવો છો? ॥૩॥

સોમ કહે છોરૂ માહરોરે, સા. બૃહસ્પતિ કહે એ મુજ; સુ૦
ગુરૂ જજમાન ઝગડો કરેરે, સા. નવિ પામે કોઇ સુજ. સુ૦ ॥ ૪ ॥
ઘઢતાં થકાં બેહુ વારીયારે, સા. ન્યાય કીધો તિણે એહ; સુ૦
ગર્ભવતી સ્ત્રીને પૂછીયેરે, સા. સાચું કહેશે તેહ. સુ૦ ॥ ૫ ॥
સુર સઘલે મલી પૂછીયુંરે, સા. ગુરૂ કામનીને તામ; સુ૦
સૂધું બોલો માવડીરે, સા. કેહનો અપત્ય અભિરામ. સુ૦ ॥ ૬ ॥

ચંદ્ર કહે કે, તે છોકરૂં મારૂં છે, અને બ્રહસ્પતિ કહે કે તે મારૂં છે, એવી રીતે ગોર જજમાનને ટંટો થવાથી કોઇને કંઈ સમજણ પડી નહીં ॥ ૪ ॥ પછી સઘળાઓએ તેઓ બન્નેને ઢઢતાં રોકીને, એવો ન્યાય કર્યો કે, તે ગર્ભવંતી સ્ત્રીને પૂછવાથી તે સાચે સાચું કહેશે ॥ ૫ ॥ પછી સઘળા દેવોએ મળીને બ્રહસ્પતીની સ્ત્રીને પૂછયું, હે માતા, તમો જેવું હોય તેવું કહેજો? આ તમારા ગર્ભમાં રહેલો પુત્ર કોનો છે ॥ ૬ ॥

ગુરૂપત્નિ કહે સાંભળોરે, સા. ઉદરમાંહે છે જેહ; સુ૦
તેહને તમે પૂછજોરે, સા. સાચું કહેશે વલી તેહ. સુ૦ ॥ ૭ ॥
તવ તેણીએ તે જનમીયોરે, સા. પુત્ર હુવો અભિરામ; સુ૦
બાપ તણાં લક્ષણ ઘણાંરે, સા. દેવે મળી પૂછયો તામ. સુ૦ ॥ ૮ ॥
સુત સાચું તવ ઓચરેરે, સા. સોમ તણો હું પુત્ર; સુ૦
સૂર સઘલા જાણે સહીરે, સા. ઇણી જનનીએ પ્રસૂત. સુ૦ ॥ ૯ ॥

ત્યારે તે સ્ત્રી કહેવા લાગી કે, આ મારા પેટમાં જે ગર્ભ છે તેને તમે પુછજો, તે તમોને જે હશે તે સાચું કહેશે ॥ ૭ ॥ તેજ વખતે તેણીએ એક મનોહર પુત્રને જન્મ આપ્યો, તેમાં તેના પિતાના ઘણાં લક્ષણો હતાં, અને તે જોઇ સઘળા દેવોએ તેને પુછયું ॥ ૮ ॥ ત્યારે તે પુત્રે સાચે સાચું કહ્યું કે, હું તો ચંદ્રનો પુત્ર છું, અને સઘળા દેવો પણ જાણતા હતા કે, આ જ સ્ત્રીએ તેને જન્મ આપ્યો છે ॥૯॥

સોમ સૂત સહુએ કહેરે, સા. જરાજાત વલી નામ; સુ૦
બુધવાર બુદ્ધિ આગલોરે, સા. પુરાણ પ્રસિદ્ધો તામ. સુ૦ ॥ ૧૦ ॥
ચંદ્ર તણાં લક્ષણ એહવાંરે, સા. જાણે બાલ ગોપાલ; સુ૦
એહ પાસે કેમ મૂકીએરે, સા. પુત્રી છાયા બાલ. સુ૦ ॥ ૧૧ ॥
તાપસી કહે તાપસ સુણોરે, સા. ઇંદ્ર અપૂરવ આજ; સુ૦
તેહ પાસે પુત્રી મેલીનેરે, સા. પછી કીજે નીજ કાજ. સુ૦ ॥ ૧૨ ॥

સઘળા એને "સોમસૂત" કહેવા લાગ્યા, વળી કેટલાકો તેને "જરાજાત" નામથી ઓળખવા લાગ્યા, વળી પુરાણમાં બુદ્ધિવાન "બુધવાર" નામથી તે પ્રસિદ્ધ છે. ૧૦ માટે ચંદ્રનાં એવાં અપલક્ષણો સઘળાં માણસો જાણે છે, માટે એવા લંપટની પાસે આપણી છાયા પુત્રીને કેમ મૂકાય? ॥ ૧૧ ॥ વળી તાપસી કહેવા લાગી કે, હે સ્વામિ, આજ કાલ ઇંદ્ર બહુ ઉત્તમ કહેવાય છે, માટે તેની પાસે પુત્રીને મુકીને પછી આપણું કામ કરવા આપણે જઇએ ॥ ૧૨ ॥

તાપસ કહે સુણ કામનીરે, સા. ઇંદ્ર તણો વ્યભિચાર; સુ૦
પુરાણ પ્રસિદ્ધ જાણે સહુરે, સા. કહેશું તેહ વિચાર. સુ૦ ॥ ૧૩ ॥
ગંગાનદી છે નિર્મલીરે, સા. તાપસ વસે તિહાં સાર; સુ૦
ગૌતમ રૂષિ સહુમાં વડોરે, સા. અહિલ્યા તણો ભરતાર. સુ૦ ॥ ૧૪ ॥
એક વાર સ્વર્ગહ થકીરે, સા. ઇંદ્ર સુરાસુર રાય; સુ૦
વિમાન બેશીને આવીયોરે, સા. વાંદવા રૂષિવર પાય. સુ૦ ॥ ૧૫ ॥

તે સાંભળી તાપસ કહેવા લાગ્યો કે, હે સ્ત્રી, ઇંદ્રને પણ પુરાણોમાં મહા વ્યભિચારી કહ્યો છે, તે વાત પણ તને હું કહું છું, તે સાંભળ! ॥ ૧૩ ॥ ગંગા નામે એક નિર્મળ નદી છે, ત્યાં ઘણા તાપસો રહે છે, જેમાં ગૌતમ નામે એક મોટા રૂષિ વસે છે, તેને અહિલ્યા નામે સ્ત્રી છે ॥ ૧૪ ॥ એક વખતે સઘળા દેવ તથા દાનવોનો રાજા ઇંદ્ર વિમાનમાં બેસીને તે રૂષિને વાંદવા વાસ્તે સ્વર્ગમાંથી આવ્યો. ૧૫

અહિલ્યા દીઠી તિહાં રૂયડીરે, સા. રૂપે કરી રંભા સમાન; સુ૦
દેખી ઇંદ્ર વિહવલ હવોરે, સા. લાગ્યાં અંગ કામનાં બાણ. સુ૦ ૧૬
રૂપ રચી તેણે રૂયડોરે, સા. અહિલ્યા નિજ વશ કીધ; સુ૦
મઢીમાંહે પેસી કરીરે, સા. ઇંદ્રે આલિંગન દીધ. સુ૦ ॥ ૧૭ ॥
સ્નાન કરી તવ આવીયોરે, સા. ગૌતમ તાપસ જામ; સુ૦
દ્વાર દીધાં દેખી કરીરે, સા. આચંભ્યો તેહ તામ. સુ૦ ॥ ૧૮ ॥

ત્યાં રૂષિની રંભા સમાન રૂપાળી સ્ત્રી અહિલ્યાને જોવાથી, કામાંધ થયા થકાં ઈંદ્રને શરીરમાં કામદેવનાં બાણો વાગવા લાગ્યાં. (મદનાતુર થયો) ॥ ૧૬ ॥ ત્યારે ઈંદ્રે પોતાનું મનોહર રૂપ કરીને, અહિલ્યાને લલચાવી વશ કરી પોતે તેની મઢીમાં જઇને, તેણીને આલિંગન કર્યું ॥ ૧૭ ॥ એટલામાં ગૌતમ રૂષિ સ્નાન કરીને આવ્યો, તે વખતે તેણે મઢીનાં બારણાં બંધ જોયાં, તેથી તે વિચારમાં (આશ્ચર્યમાં) પડ્યો. ૧૮

**પર પુરૂષ દેખી કરીરે, સા. ઉપન્યો કોપ અપાર; સુ૦**
**રંડે મુંડે તાપસીરે, સા. ઉઘાડ વેગે કરી બાર. સુ૦ ॥ ૧૯ ॥**
**ભય પામ્યા તવ બેહુ જણાંરે, સા. ઈંદ્ર હુવો મિંજાર; સુ૦**
**ઘરમાંહીં નાશી ગયોરે, સા. પેઠો ચૂલા મોઝાર. સુ૦ ॥ ૨૦ ॥**
**ખંડ બીજાની ઢાલ તેરમીરે, સા. આગે જે હોયે વાત. સુ૦**
**રંગવિજય કવિરાયનોરે, સા. નેમને હર્ષ સુખસાત. સુ૦ ॥ ૨૧ ॥**

ત્યાં જ્ઞાન બળે રૂષિએ મઢીની અંદર પુરૂષને જોવાથી, એકદમ ક્રોધાતુર થઇને કહેવા લાગ્યો કે, હે રાંડ, મુંડી તાપસી! એકદમ બારણું ઉઘાડ? ॥ ૧૯ ॥ તે સાંભળી બન્ને જણાં ઘણાં ભયભીત થયાં, પછી ઇંદ્ર બીલાડાનું રૂપ કરી ઘરના ચુલામાં ભરાઇ રહ્યો ॥ ૨૦ ॥ એવી રીતે બીજા ખંડની તેરમી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજય કવિરાજના શિષ્ય નેમવિજય કહે છે કે, આગળ જે વાત આવશે, તે સાંભળવાથી ઘણો હર્ષ થશે ॥ ૨૧ ॥

## दुहा.

**તવ ધ્રૂજંતી તાપસી, બાર ઉઘાડયો જામ; મહારંડ રાંડની શું કર્યું, ગૌતમ પૂછે તામ ॥ ૧ ॥ કોણ પુરૂષ તેં ઘાલીયો, લંપટ લુચ્ચો જાર; સાચું કહેરે પાપણી, શ્રાપે કરૂં તુજ છાર ॥ ૨ ॥ કામની કહે કંથ સાંભળો, ઘરમાં છે મિંઝાર; ભ્રાંત પડી છે તુમ ધણી, નહીં કીધો વ્યભિચાર ॥ ૩ ॥**

પછી જ્યારે તાપસીએ ધુજતાં ધુજતાં બારણું ઉઘાડયું, ત્યારે ગૌતમે પૂછયું કે, રાંડ, આ તે તેં શું કામ કર્યું? ॥ ૧ ॥ હે પાપણી, તેં લંપટ, લુચ્ચો એવો કયો જાર પુરૂષ ઘરમાં ઘાલ્યો છે, તે સાચે સાચું કહી દે, નહીં તો શ્રાપ દેઇ તને બાળી ભસ્મ કરીશ ॥ ૨ ॥ ત્યારે તાપસી કહેવા લાગી કે, હે સ્વામિ, ઘરમાં તો ફક્ત બિલાડો છે, તમોને ખાલી વેહેમ પડેલો છે, મેં બીલકુલ વ્યભિચાર સેવ્યો નથી. ૩

**ગૌતમે જ્ઞાન વિચારીયું, જાણ્યું બેહુનું પાપ; શીલા કીધ પાષાણની, અહિલ્યાને દીધ શ્રાપ ॥૪॥ બીલાડો થઈ નાશતો, ઇંદ્ર ધસ્યો તેણી વાર; ફિટ પાપી મહા રંડના, તાપસી કીધ વ્યભિચાર ॥૫॥ પર નારી તેં ભોગવી, તે ઉપર તુજ રંગ; સહસ્ર શરીરે નીકળો, ભગાકાર ઉત્તંગ ॥ ૬ ॥**

પછી ગૌતમે જ્ઞાન બળે બન્નેનું પાપ જાણીને, અહિલ્યાને શ્રાપ દઇ પથ્થરની શીલા બનાવી મૂકી ॥ ૪ ॥ તે જોઇ ઇંદ્ર બિલાડાને રૂપે ત્યાંથી નાસવા લાગ્યો, ત્યારે રૂષિએ કહ્યું કે, હે રાંડના પાપી, ધિક્કાર છે તને! કે આ તાપસી સાથે તેં વ્યભિચાર કર્યો ॥ ૫ ॥ તેં પરસ્ત્રીને ભોગવી, અને તે કામવિલાસમાં તને ઘણો રંગ લાગ્યો છે, માટે આજથી તારા શરીરમાં એક હજાર યોનિ નિકળજો! (એવો રૂષિએ શ્રાપ આપ્યો) ॥ ૬ ॥

તાપસને શ્રાપે કરી, જેની હુઇ તતકાળ; મઘવા શરીર ભર્યું ખરૂં, અશુભ દીસે વિકરાળ ॥ ૭ ॥ પાય લાગી ઇંદ્ર વિનવે, સાંભળ તું રૂષિરાજ; લોક હાંસું હોશે ઘણું, લાગશે બોહોલી લાજ ॥ ૮ ॥ ક્ષમા કરો સ્વામિ તુમે, ભગ ટાલો મુજ અંગ; હું અપરાધી પાપીયો, મુજ ઉપર કરો રંગ ॥ ૯ ॥

તેજ વખતે તાપસના શ્રાપથી તેના (ઇંદ્રના) શરીરમાં એક હજાર યોનિ થઇ; અને તે યોનિયોથી ભરેલું તેનું (ઇંદ્રનું) શરીર ભયાનક અને ખરાબ દેખાવા લાગ્યું. ૭ પછી ઇંદ્ર પગે લાગી રૂષિને વિનંતિ કરવા લાગ્યો કે, હે મહારાજ, આથી લોકો મારી બહુ હાંસી કરશે, અને મને ઘણી શરમ લાગશે ॥ ૮ ॥ માટે હે સ્વામિ, મારા પર ક્ષમા કરીને, મારા આ શરીરમાંથી યોનિઓનો નાશ કરો, હું મોટો અપરાધી અને પાપી છું, મારા ઉપર તમે આજે કૃપા કરો? ॥ ૯ ॥

ઇંદ્ર વચને ઉપસમ કરી, ગૌતમ બોલ્યા તામ; હોજો માહારી કૃપા થકી, સહસ્ર લોચન અભિરામ ॥ ૧૦ ॥ સહસાક્ષ નામ તેહનો હુવો, વેદ પુરાણે તેહ; લંપટ પાસે કેમ મેલીયે, છાયા પુત્રી એહ ॥ ૧૧ ॥ તાપસી કહે તાપસ સુણો, બૃહસ્પતિ વિદ્યાનો વાસ; સુર સઘલાનો ગુરૂ ભલો, પુત્રી ઠવો તેહ પાસ ॥ ૧૨ ॥ તાપસ કહે સુણ કામની, તું મોટી છે અજાણ; ભાઈની ભામિની ભોગવી, કેમ ઠવીયે હોય હાણ ॥ ૧૩ ॥

એવાં ઇંદ્રના મીઠાં વચનોથી રૂષિએ શાંત થઇ કહ્યું કે, જા, મારી કૃપાથી તે હજાર યોનિને બદલે તને હજાર આંખો થશે ॥ ૧૦ ॥ પછી તેનું વેદ અને પુરાણોમાં સહસ્રાક્ષ નામ પ્રસિદ્ધ થયું; માટે એવા લંપટ પાસે આપણી પુત્રી કેમ મેલીયે? ૧૧ ત્યારે તાપસીએ કહ્યું કે, હે સ્વામિ, બ્રહસ્પતિ મહાવિદ્વાન છે, વળી તે સઘળા દેવતાઓનો ઉત્તમ ગુરૂ છે, માટે તેની પાસે આપણી પુત્રી મુકો ॥ ૧૨ ॥ ત્યારે તાપસે કહ્યું કે, હે સ્ત્રી, તું તો ઘણી ભોળી છે, તે બ્રહસ્પતિએ તો પોતાના ભાઇની સ્ત્રીને ભોગવી છે, માટે તેને તે શી રીતે સોંપાય? તેને સોંપવાથી નુકશાનજ થાય. ૧૩

## ઢાલ ચૌદમી.

બાવા કિસનપુરી, તુમ વિનાં મઢીયાં ઉજડ પડી—એ દેશી.

તામ તાપસ કહે સુણ નાર, સુર સઘલા લંપટ નિરધાર;
સાજન વાત સુણો, સાંભળી સહુકો મત અવગુણો ॥ એ આંકણી ॥

તે પાસે કેમ ઠવીયે બાલ, ભામની સુણુ તું થઈ ઉજમાલ. સા. સાં. ૧
એક વાત મેં હૃદય વિચાર, જમ જગમાંહીં રૂડો તે સાર; સા૦
જોઈ ધર્મ વિચારે તેહ, છાયા પુત્રી પાસે મૂકીયે એહ. સા૦ સાં૦ ।૨।।
મંડપકૌશિક તાપસ તામ, છાયા લાવ્યો જમને ગામ; સા૦
કર જોડી કહે સુણ મહારાય, ધર્માધર્મ જાણો તુમે ન્યાય. સા૦સ૦ ૩

હે સજ્જન પુરૂષો તમે સાંભળજો, તે સાંભળી કોઇની નિંદા કરશો નહીં. પછી તાપસ પોતાની સ્રીને કહેવા લાગ્યો કે, સઘળા દેવો વ્યભિચારી છે, માટે હે સ્રા, તું કહે કે, તેઓની પાસે આપણી પુત્રીને કેમ મુકીએ ? ।।૧।। માટે હવે મેં એક વિચાર કર્યો છે, કે આ જગતમાં "જમદેવ" ઉત્તમ છે, કારણ કે તે ધર્મ અધર્મને વિચારનારો છે, માટે તેની પાસે આપણી છાયા પુત્રીને મુકી જઇએ ।। ૨ ।। એમ વિચારિ તે મંડપકોશિક તાપસ પોતાની છાયા પુત્રીને જમની પાસે લાવી, હાથ જોડી કહેવા લાગ્યો કે, હે મહારાજ, તમે ન્યાયી અને ધર્મ અધર્મને જાણનારા છો. ૩

સીલવંત સ્વામિ ગુણવંત, મહીયલ મોટો તું મહાંત; સા૦
નિકલંક તું સુણીયે મહારાજ, વિનતિ માહરી સાંભળો આજ. સાં૦ ૪
તીર્થ જાત્રાએ અમે જાઉં દેવ, છાયા થાપિણ રાખો હેવ; સા૦
તુમ પ્રાસાદે કરૂં અમે જાત્ર, પવિત્ર હોસે અમારાં ગાત્ર. સા૦ સાં૦ ૫
જમ કહે સુણ તાપસ રાજ, એ અમને નહીં લાગે લાજ; સા૦
છોડી જાઓ તુમે છાયા એહ, અભ્યાગત આવી લેજો તેહ. સા૦ સાં૦૬

તું આ જગતમાં, શીયલવંત, ગુણવાન, મોટો કલંક રહિત સંભળાય છે, માટે આજે મારી એક વિનંતી અંગીકાર કરો ।।૪।। અમારે તીર્થ યાત્રા કરવા જવું છે. માટે આ છાયા પુત્રીને ત્યાં સુધી તમો સાંચવજો; અમે તમારી મેહેરબાનીથી જાત્રા કરી, અમારાં અંગને પવિત્ર કરશું ।। ૫ ।। ત્યારે જમે કહ્યું કે, હે તાપસ રાજ, એમાં અમોને કંઈ હરકત નથી, ખુશીથી તમારી પુત્રીને રાખી જાઓ, અને આવીને જેવી છે તેવીજ સંભાળી લેજો ।। ૬ ।।

તાપસ તત્ર રલિયાત થયો, જમ પાસે મૂકીને ગયો; સા૦
અડસઠ તીરથ કરે ફરી, જામ, કૃતાંત વાત સાંભલજો તામ. સા૦ સાં૦૭
છાયા રૂપ દેખી અભિરામ, જમ સર્વાંગે વ્યાપ્યો કામ; સા૦
મનમાં ચિંતવે ભોગવું એહ, સફલ જનમ કરૂં મુજ દેહ. સા૦ સાં૦ ૮
ભોલવી ઘરમાંહે તેડી બાલ, પાપ કરમ માંડ્યો વિકરાલ; સા૦
અઘટ કામ કન્યાસું કીધ, ધર્મરાજ મહીયલ પરસીધ. સા૦ સાં૦ ૯

તે સાંભળી તાપસ ખુશી થયો, અને છાયાને જમને સોંપી, તે અડસઠ તીર્થોમાં જાત્રા કરવા ગયો; હવે અહીં જમનું શું થયું ! તે હે શ્રોતાજનો તમે સાંભળજો. ૭ છાયાનું મનોહર રૂપ જોઇ, જમને કામાગ્નિ જ્વલિત થયો, અને મનમાં ચિંતવવા લાગ્યો કે, આને ભોગવી મારો જન્મ હું સફળ કરૂં ।। ૮ ।। પછી તે જમ, કે

જે આ દુનીયામાં "ધર્મરાજા" ને નામે પ્રસિદ્ધ છે, તેણે પણ તે બીચારી બાલિકાને ભોળવીને. ઘરમાં તેડી જઈ, તેની સાથે નિર્લજ્જ, અને ભયંકર રીતે, કામ વિલાસ ભોગવ્યો ॥ ૯ ॥

છાયા સરસું સુખ ભોગવે, રાત દિવસ તે જનમ અનુભવે; સા૦
સુર સઘલે તવ જાણી નાર, એહવી નહીં ત્રિભુવન મોઝાર. સા૦સાં૦૧૦
હરવા હેરે પડીયા દેવ, જમ મંદિરની માંડી સેવ; સા૦
રાત દિવસ તે ટાંપે ઘણું, ધ્યાન લાગ્યું છે છાયા તણું. સા૦ સાં૦ ૧૧
જમે જાણ્યો તેહનો સંચ, સુર સઘલા મુજ કરશે વંચ; સા૦
ઉપાડીને ગલી તતકાલ, ઉદર માંહીં ઉતારી બાલ. સા૦ સાં૦ ॥ ૧૨ ॥

પછી તે જમરાજા રાત દહાડો, છાયા સાથે ભોગ વિલાસમાં પોતાની જીંદગી ગુજારવા લાગ્યો; એટલામાં સઘળાં દેવોને ખબર પડી કે, છાયા જેવી સ્વરૂપવાન સ્ત્રી ત્રણે ભુવનમાં નથી ॥૧૦॥ પછી તે છાયાને હરવા (હરણ કરવા) વાસ્તે સઘળા દેવો પાછળ પડ્યા, અને જમને ઘેર આવી જમની સેવા કરવા લાગ્યા, અને રાત દિવસ છાયા ઉપર ધ્યાન રાખી લઇ જવાને ટાંપી રહ્યા ॥ ૧૧ ॥ પછી જમે તેઓનો પ્રપંચ જાણીને, વિચાર્યું કે, રખેને આ સઘળા દેવો મને ઠગી જાય, એમ વિચારી, તે બાલિકાને ઉપાડી ગળીને પોતાના પેટમાં ઉતારી દીધી ॥ ૧૨ ॥

દેવ દેખે નહીં છાયા તેહ, માથું ખંજોલી ગયા નિજ ગેહ; સા૦
ધર્મરાજ વિમાસણ કરે, સુર રખે મુજ નારી હરે. સા૦ સાં૦ ॥ ૧૩ ॥
એકલો નિજ મંદિરમાં જઈ, સઘલે નિરખે ઉભો થઈ; સા૦
જોતાં સ્થાન નવિ દેખે કોય, ઉબકીને જમ કાઢે સોય. સા૦ સાં૦ ૧૪
પાપ કરમ તેહસું સંચરે, કામ કુતુહલ એણી પરે કરે; સા૦
કામ પડચે કાઢે તતકાળ, ભોગ કરીને ગલે તે બાલ. સા૦ સાં૦ ૧૫

પછી તે દેવો છાયાને નહીં જોવાથી માથું ખંજોળી (થાકીને) પોત પોતાને સ્થાનકે ગયા, અને જમ વિચારવા લાગ્યો કે, રખે તે દેવો આ મારી સ્ત્રીને હરી જાય. ૧૩ પછી પોતે એકલો ઘરમાં જઇ, ઉભો રહી ચારે બાજુ જોઇને, જ્યારે ત્યાં કોઇને જુવે નહીં, ત્યારે ઉલટી કરીને છાયાને બહાર કહાડે ॥ ૧૪ ॥ પછી તેની સાથે ભોગ વિલાસ રૂપ પાપ કર્મ કરે. એવી રીતે ખપ પડે ત્યારે બહાર કહાડી ભોગવીને પાછી તેને ગળી જાય ॥ ૧૫ ॥

ઇણી પરે કાલ બહુ તસ જાય, જમ કરણી કેહને ઠાવી ન થાય; સા૦
પવનદેવ પૃથ્વી માંહે ભમે, જલમાં થલમાં આકાશ તે રમે. સા૦ ૧૬
અદૃશ્ય રૂપે સઘલે સંચરે, હેલાએ તે કારજ કરે; સા૦
તેણે દીઠી છાયા જામ, અગ્નિ મિત્રને ઘર આવ્યો તામ. સા૦ સાં૦ ૧૭
વિશ્વાનલ તું સાંભલ આજ, જનમ સફલ કરે મહારાજ; સા૦
રૂપવંત છાયાનો સંજોગ, તેહસું જમ કરે નિત ભોગ. સા૦ સાં૦ ૧૮

એવી રીતે કેટલોક કાળ ગયો, પણ તે જમની યુક્તિની કોઇને ખબર સરખી પડી નહીં; હવે પવન દેવ આખી પૃથ્વીમાં, જલમાં, સ્થલમાં, તેમ આકાશમાં ભમ્યા કરે છે ॥ ૧૬ ॥ વળી તે સઘળી જગોએ અદ્રશ્ય થઇને ફરે છે; અને મોજ મજાથી પોતાનું કામ કરે છે, તેણે એક દિવસ છાયાને જોવાથી, તે પોતાના મિત્ર અગ્નિને ઘેરે ગયો ॥ ૧૭ ॥ અને કહેવા લાગ્યો કે, હે (વિશ્વાનલ) અગ્નિ દેવ તું સાંભળ, અને તારો જન્મ સફળ કર! જમ રાજા હમેશાં રૂપવંત છાયાની સાથે કામ વિલાસ ભોગવે છે. ૧૮

ઉદરમાંહી રાખે તે બાલ, કાજ પડયે કાઢે તતકાળ; સાં૦
વિશ્વાનલ કહે સાંભળ ભાય, ત્રિભુવન માંહે તું મોટો વાય.સા.સાં.૧૯
ખંડ બીજાની ચૌદમી ઢાળ, નેમવિજય કહે ઉજમાલ; સાં૦
આગળ સાંભળજો સહુ કોય, વાયુ કુમાર કરે તે હોય. સા૦ સાં૦ ૨૦

વળી તે હમેશાં તે બાલિકાને પોતાના પેટમાં રાખે છે, વળી કામ પડે તુરત તેને બહાર કહાડે છે; તે સાંભળી વિશ્વાનલ (અગ્નિ) કહેવા લાગ્યો કે, હે ભાઈ તું આ જગતમાં મોટો છે ॥ ૧૯ ॥ એવી રીતે બીજા ખંડની ચૌદમી ઢાલ સંપૂર્ણ થઇ, નેમવિજય કહે છે કે, આગળ જે વાયુ કુમાર કરે છે, તે તમે સાંભળજો ॥ ૨૦ ॥

## દુહા.

જોગ મલે તેહનું કરો, જીવ જાતો મુજ રાખ; સાંભળજો વાયુ કહે, વચન અમારાં ભાખ ॥ ૧ ॥ જમ જૂઠો કામી ઘણો, ઘડી એક ન મેલે બાલ; કેમ મેલાપ તેહનું હોયે, ઉદરમાં રાખે તતકાલ ॥૨॥ આજ એક વાત વિચારી મેં, પુણ્યે સરસે કાજ; ગંગા સ્નાન કરવા ભણી, જમ રાજા કરી સાજ ॥૩॥

અગ્નિએ પવનને કહ્યું કે, કોઈ પણ રીતે તેનો જોગ મેળવીને મારા જીવનું રક્ષણ કર;ત્યારે પવને કહ્યું કે, હું કહું તે સાંભળ ॥૧॥ તે લુચ્ચો જમરાજ બહુજ કામી છે, તે, તે બાલિકાને ઘડી વાર પણ સુની મુકતો નથી, તે પોતાના પેટમાં તેને રાખે છે, માટે તેનો મેલાપ તે શી રીતે થાય? ॥ ૨ ॥ તેને માટે મેં આજે એક વાત વિચારી છે, આપણું કામ પુણ્યોથી થશે; જમ રાજા હમેશાં સામગ્રી સહીત ગંગાને કાંઠે સ્નાન કરવા જાય છે ॥ ૩ ॥

પોહોર એક જાય ધ્યાનમાં, છાયા મેલી એક ઠામ; સંધ્યા જાપ કરે તિહાં, આપણે હોસે કામ ॥૪॥ એક પોહોર અવકાશમાં, જમ નાવે છાયા પાસ; તેણ સમે તિહાં જાઇને, છાયા હરીયે તાસ ॥ ૫ ॥

ત્યાં છાયાને એક ઠેકાણે મુકી, તે એક પોહોર સુધી ધ્યાન ધરે છે; અને સંધ્યા જાપ પણ કરે છે, માટે તે વખતે આપણું કામ થશે. ॥૪॥ તે વખતે એક પોહોર સુધી જમ છાયા પાસે આવતો નથી; માટે તે વખતે ત્યાં જઇને, છાયાનું હરણ કરીએ. ૫

## ઢાલ પંદરમી.

આવુ આવુરારે ચેળી—એ દેશી.

વિશ્વાનલ આનંદ્યો તામ, સાંભલ પવન અમારો કામરે; સુણજો તમે
ભાઇ, જો એક પોહોર મલશે સંજોગ, તો નવિ પડશે કાંઇ વિજોગરે.૧
બિરૂલ બોલીને ચાલ્યો જામ, અગનિ ગયો ગંગા તટ તામરે; સુ૦
સ્નાન કરવા આવ્યો જમ જાંહીં, વિશ્વાનલ ખોસીયો ત્યાંહીંરે. સુ૦૨
જમ આવ્યો જમનાં તટ જામ, સઘલે દેખી નિરંજન ઠામરે; સુ૦
વમન કરી તવ કાઢી નાર, છાયા સાંતી કોતર મોઝારરે. સુ૦ ॥ ૩ ॥

તે સાંભળી અગ્નિદેવ આનંદ પામી કહેવા લાગ્યો કે, એ કામ તો મારૂં છે; વળી હે ભાઇ તમે સાંભળજો. જો એવી રીતે એક પોહોરનો અવકાશ મળશે, તો તેમાં કાંઇ વિઘ્ન પડશે નહીં ॥ ૧ ॥ પછી પવનદેવ અગ્નિનાં વખાણ કરીને ગયો, ત્યાર પછી અગ્નિદેવ ગગાને કાંઠે આવ્યો, અને જ્યારે જમ સ્નાન કરવા આવ્યો, ત્યારે તે (અગ્નિદેવ) ત્યાં સંતાઇ રહ્યો ॥ ૨ ॥ જમ રાજાએ જમના નદીને કીનારે આવી બધે જોયું અને ત્યાં કોઇપણ માણસને નહીં દીઠો ત્યારે છાયાને ઉલટી કરી પેટ માંથી કહાડીને પાસેના એક કોતરમાં સંતાડી ॥ ૩ ॥

જમ જલ પેસી કરે સનાન, સંધ્યા તરપણ માંડયો ધ્યાનરે; સુ૦
અગનિ અપૂરવ રૂપજ લીધ, આભૂષણ સઘલાં અંગે કીધરે. સુ૦॥૪॥
છાયા પાસે આવ્યો તામ, હાસ્ય વચન બોલ્યો અભિરામરે; સુ૦
સાચું સાંભલ સુંદરી આજ, અમે સાર્યું તમારૂં કાજરે. સુ૦ ॥ ૫ ॥
ત્રિભુવન માંહીં મોટો હું દેવ, સુર નર કિંનર કરે મુજ સેવરે; સુ૦
તેત્રિસ કોડ તણો હું મુખ, હું દેઉં સઘલાને સુખરે. સુ૦ ॥ ૬ ॥

પછી જમે પાણીમાં જઈ સ્નાન કર્યું, તથા સંધ્યા, તરપણ અને ધ્યાન ધરવા માંડયું, એટલે અગ્નિ દેવતાએ અપૂરવ રૂપ ધારણ કરી સઘળા અંગોપર ઉત્તમ વસ્ત્ર અલંકાર પેહેર્યાં ॥ ૪ ॥ પછી તે અગ્નિદેવ છાયા પાસે આવીને હસીને તેણીને કહેવા લાગ્યો કે, હે સુંદરી, હું તને જે વાત કહું છું, તે તું સાચે સાચી જાણજે; અમે આજે તારૂં કામ સાધી આપ્યું છે ॥ ૫ ॥ હું, આ ત્રણે ભુવનોમાં મોટો દેવ છું, તથા દેવ, મનુષ્ય, અને કિન્નર વિગેરે મારી સેવા કરે છે, વળી તેત્રીસ કોડ દેવતાઓનો હું મુખ્ય છું, અને સઘળા પ્રાણીઓને હું સુખ આપું છું ॥ ૬ ॥

હોમ હુતાસન જે કરે મુજ, મારો નામ રાખે તે ગુજરે; સુ૦
મુજને જે વલી દીયે દાન, તેહને વાધે સુખ સંતાનરે. સુ૦ ॥ ૭ ॥
આપણ બેહુ છું રૂપ નિધાન, ભાવે દીજીએ ભોગનું દાનરે; સુ૦
છાયાને તવ ઉપનો રંગ, સ્વાહા કરીને આપ્યું અંગરે. સુ૦ ॥ ૮ ॥
કામ ક્રીડા કીધી તતકાળ, જમ આવતો દીઠો વિકરાલરે; સુ૦
છાયા કહે તું સાંભલ કંત, કૃતાંત કરસે તુમારો અંતરે. સુ૦ ॥ ૯ ॥

વળી સઘળા લોકો મારૂં નામ ગુપ્ત રાખીને, હોમ હવન વિગેરે ક્રીયાઓ પણ મને કરે છે, વળી જે માણસ મને દાન આપે, તેને સુખ તથા પુત્ર પરિવાર પણ વધે ॥ ૭ ॥ વળી આપણે બન્ને રૂપનાં ભંડાર છીએ, માટે ભોગવિલાસનું દાન તમે ભાવથી મને આપો ; તે સાંભળી છાયાને પણ રંગ લાગવાથી પોતાનું શરીર અગ્નિદેવને સોંપી દીધું ॥ ૮ ॥ તેજ વખતે તેઓ બન્નેએ ભોગવિલાસ ભોગવ્યો, એટલામાં ભયંકર જમને આવતો જોઇ, છાયા અગ્નિદેવને કહેવા લાગી કે, હે સ્વામિ, આ જમ રાજા તમોને મારી નાખશે ॥ ૯ ॥

જીવતા જાઓ તુમે હવે આજ, નહીંતો બેહુને લાગશે લાજરે; સુ૦
કાન નાક છેદે તવ માહારો, મારી કરશે કોથલો તાહરોરે. સુ૦॥૧૦॥
કસી સંખ્યા ન કરો એ વાત, નહીંતો આપણો હોસે ધાતરે; સુ૦
આગે જીવ વધી યમરાય, તે ઉપરે કીધો અન્યાયરે. સુ૦ ॥ ૧૧ ॥
વિશ્વાનલ કહે સાંભલ નાર, હું પગ પાંગલો છું અપારરે; સુ૦
ચરણ હોય તો દોડું આજ, યમ આગલથી કરૂં હું કાજરે. સુ૦॥૧૨॥

માટે આજે તો હવે તમે ચાલ્યા જાઓ, નહીંતો આપણ બન્નેને લાંછન લાગશે, વળી તે જમ મારા કાન અને નાક કાપશે, અને તને તો જીવથી મારી નાખશે. ૧૦ માટે આ વાતમાં તમે જરા વિચાર કરો નહીં, નહીંતર આપણ બન્નેનો નાશ થશે, વળી તે જમરાજા જીવોને મારનાર છે, અને તેની સાથે વળી તેં અન્યાય કર્યો છે ॥૧૧॥ તે સાંભળી અગ્નિ કહેવા લાગ્યો કે, હું તો પગે લંગડો છું, મને કદાચ પગ હોત તો, આજે દોડીને પણ હું આ જમ આગળથી મારૂં કામ કહાડી જાત. ૧૨

યમ ભય પામી છાયા બાલ, અગનિ દેવ ગલ્યો તતકાલરે; સુ૦
ધર્મરાજ આવ્યો તેણી વાર, ઉપાડી ગલી છાયા નારરે. સુ૦ ॥ ૧૩ ॥
ઘર આવીને ઉબકે જેહ, ભોગ કરીને વલી ગલે તેહરે; સુ૦
સ્નાન કરવા જમ ગંગા જાય, પોહોર એક તપ જપને થાયરે. સુ૦૧૪
છાયા તવ ઉબકે છે આગ, પોહોર એક આવે તસુ ભાગરે; સુ૦
યમ દેખીને ગલે આગ છાયા, નારીને લાગી એમ માયારે. સુ૦ ૧૫

તે સાંભળી છાયાને યમનો ભય લાગવાથી, તેણીએ અગ્નિને ગળ્યો, અને તેજ વખતે યમ રાજા આવીને છાયાને ઉપાડીને ગળી ગયો ॥ ૧૩ ॥ વળી ઘેર આવી ઉલટી કરીને તેને બહાર કહાડી, તેની સાથે યમરાજ હમેશાં ભોગ ભોગવે, અને જ્યારે નદીમાં સ્નાન કરવા જાય, ત્યાં તેને જપ વિગેરેમાં એક પહોર નીકળી જાય. ૧૪ તે વખતે છાયા અગ્નિને બહાર કહાડી, એક પહોર સુધી તેની સાથે હમેશાં ભોગ વિલાસ કરે, અને યમને દેખતાંજ અગ્નિને છાયા ગળી જાય, એવી રીતે તે છાયા સ્ત્રી કપટ ક્રીયા કરવા લાગી ॥ ૧૫ ॥

એણી પરે કામિની ભોગવે બેહ, અપર વાત સાંભળજો તેહરે; સુ૦
દિવસ માસ બહુ જાયે એહ, અગનિ નાઠો જગમાંહી તેહ રે. સુ૦ ૧૬

લોક તણાં તવ રાંધણાં રહીયાં, ઘર હાટે અંધારા વહીયાં રે; સુ૦
કાચો કોરો ખાએ લોક, પેટ પીડે કરી પાડે પોક રે. સુ૦ ॥ ૧૭ ॥
સોનાર લોહાર પોકજ પાડે, અગનિ વિના કેમ ઘાટ ઘાડે રે; સુ૦
કેમ કરે જગન જાની જાગ, નહીં જાપ વિના કોઇ લાગ રે. સુ૦ ૧૮

એવી રીતે તે સ્ત્રી એ જણને ભોગવવા લાગી, હવે જગતમાં જે વાત બની તે સાંભળો; અગ્નિને જગતમાંથી નાશી ગયાંને ઘણાં દિવસો અને મહિનાઓ નિકળી ગયા ॥ ૧૬ ॥ તેથી સઘળા લોકોની રસોઇ બંધ થઇ, વળી ઘેર આગળ તથા દુકાને પણ અંધારૂં થવા લાગ્યું;.તેમ કાચું કોરૂં ખાવાથી લોકોના પેટમાં દુખવાથી લોકો પોકે પોકે રોવા લાગ્યા ॥ ૧૭ ॥ વળી સોની, લુહાર વિગેરે કારિગરો પણ અગ્નિ વિના કંઇ પણ ઘાટ નહીં ઘડાવાથી, પોકાર પાડવા લાગ્યા, વળી તે વિના બ્રાહ્મણો હવન હોમ પણ શાથી કરે? તેમ કંઇ તપ જપ થાય નહીં ॥ ૧૮ ॥

જાપ વિના દેવ થયા છે ઘેલા, ઇંદ્ર આગે પોકારે ગયા વેહેલા રે; સુ૦
સુરપતિ ચિંતા ઉપની જામ, પવનદેવ પૂછયો તેણે તામ રે. સુ૦ ૧૯
વાયુ વદે સાંભલ મેઘ વાન, અગનિ જોયો મેં સઘલે ઠામ રે; સુ૦
એક જાયગા છે તેહ તણી વારૂ, જોઇને કહેશું છીહુંતિ વારૂરે. સુ૦ ૨૦
ઢાલ પંદરમી ખંડ બીજાની, આગે કહેશું વાત ત્રીજાની રે; સુ૦
રંગવિજયનો શિષ્ય એમ બોલે, નેમવિજય નવિ વાત ખોલેરે. સુ૦ ૨૧

વળી જગન જાપ વિના સઘળા દેવો પણ ગાંડા થઇ ગયા; અને ઇંદ્ર પાસે જઇ બુમો પાડવા લાગ્યા; તેથી ઇંદ્રને ચિંતા થવાથી પવનદેવને બોલાવી પૂછ્યું ॥૧૯॥ ત્યારે પવન ઇંદ્રને કહેવા લાગ્યો કે, મેં સઘળી જગોએ અગ્નિની તપાસ કરી છે, તથાપી તેની એક જગો છે ત્યાં તપાસ કરી તેનો પત્તો મેળવી તમોને કહીશ. ૨૦ એવી રીતે બીજા ખંડની પંદરમી ઢાલ સંપૂર્ણ થઇ, વળી આગળ પણ વાત કહીશું, રંગવિજયજીના શિષ્ય એમ કહે છે કે, તે વાત હજુ પવનદેવ ખુલ્લે ખુલ્લી કહેતો નથી ॥ ૨૧ ॥

## દુહા.

પવને તવ સહુ નોતર્યો, સુર નર કિન્નર દેવ; જમને માંડચાં બેસણાં, ત્રણ જણાંનાં હેવ ॥ ૧ ॥ જમ મનમાંહે ચમકીયો, વાયુ કવણ એ કામ; એકેકો આસન સહુ ભણી, અમને કેમ ત્રણ ઠામ ॥ ૨ ॥ વાયુ કહે સાચું કહું, ઉદરમાંહીં તુમ તેહ; સહુનાં સંદેહ ભાંજશે, પ્રત્યક્ષ થાશે જેહ ॥ ૩ ॥

પછી પવને સઘળા દેવતા, મનુષ્ય, કિન્નર વીગેરેને નોતરૂં આપ્યું, અને સઘળા આવીને બેઠા, તે વખતે યમને વાસ્તે ત્રણ આસનો માંડ્યાં ॥ ૧ ॥ તે જોઈ જમ રાજા મનમાં આશ્ચર્ય પામી, પવનને કહેવા લાગ્યો કે, સઘળાને તમોએ એક એક આસન આપ્યું, અને અમને ત્રણ આસનો કેમ આપ્યાં? ॥ ૨ ॥ ત્યારે પવને

કહ્યું કે, હું સાચું કહું છું, તમારા પેટમાં જે કંઇ છે, તે પ્રત્યક્ષ નિકળવાથી સહુના સંદેહ નાશ પામશે ॥ ૩ ॥

**જમને કાઢી ઉબકી, છાયાને તતકાળ; પવન કહે ભાભી સુણો, મિત્ર અમારો આલ ॥ ૪ ॥ છાયાએ વમી કરી, વિશ્વદેવ કહાડયો તામ; જમ જુઠો કોપ્યો ઘણું, અગ્નિનો ટાલું ઠામ ॥ ૫ ॥ વિશ્વાનલ નાઠો તદા, કૃતાંત પુંઠે ધાય; પગ પાંગલો અગનિદેવ તે, પડતો નાઠો જાય ॥ ૬ ॥ તડોવડ નાઠા બેહુ જણાં, વ્યભિચારિ મારૂં આજ; પેઠો જઈ પાષાણુમાં, વિશ્વાનલ તિણુ તાજ ॥ ૭ ॥**

પછી જમને ઉલટી કરાવીને છાયાને બહાર કહાડી, અને તેણીને પવને કહ્યું કે, હે ભાભી તમે અમારો ભાઇ આપો ॥ ૪ ॥ પછી છાયાએ ઉલટી કરીને અગ્નિને બહાર કહાડયો, તે જોઇ લુચ્ચો જમરાજા ક્રોધાયમાન થઇ કહેવા લાગ્યો કે, હું અગ્નિનો નાશ કરૂં ॥ ૫ ॥ ત્યારે અગ્નિદેવ ત્યાંથી નાસવા લાગ્યો, અને યમરાજા તેની પછવાડે પડયો, હવે અગ્નિદેવ લંગડો હોવાથી પડતો પડતો ઠેબાં ખાતો નાસવા લાગ્યો ॥ ૬ ॥ એવી રીતે તેઓ બન્ને ત્યાંથી નાસતાં નાસતાં એક બીજાની નજદીક આવવાથી યમ કહેવા લાગ્યો કે, અરે દુષ્ટ! વ્યભિચારી, હમણાં તારો નાશ કરૂં છું, તે સાંભળી અગ્નિદેવ તુરત પત્થરમાં પેસી ગયો ॥ ૭ ॥

## ઢાલ સોળમી.

સુણુ બેની પીયુડો પરદેશી.—એ દેશી.

**અગનિ અલોપ ન દીસે જામ, જમ પાછો આવ્યો ઠામ રે;**
**ઘરે લેઈ ગયો છાયાને સાર, ભોગવે કૃતાંત અપાર રે;**
**સાંભલજો સાજન જે કહું વાત. એ આંકણી ॥ ૧ ॥**
**મનોવેગ કહે સાંભલો સાચ, વાડવ બોલ્યું જે વાચ રે;**
**વેદ પુરાણે છે એ વાત, સાચું જુઠું કહો ભ્રાત રે. સા૦ ॥ ૨ ॥**
**દ્વિજવર બોલ્યા સાંભલ વાચ, વચન તુમારો સાચ રે;**
**શાસ્ત્ર અમારે બોલ્યું એમ, અમે લોપ્યું જાયે કેમ રે. સા૦ ॥ ૩ ॥**

હે સજ્જન લોકો, તમોને જે વાત કહું છું તે સાંભળો! હવે યમરાજાએ જ્યારે અગ્નિને જોયો નહીં, ત્યારે તે પાછો આવ્યો, અને છાયાને પોતાને ઘેર લઇ જઇને તેની સાથે અત્યંત ભોગ ભોગવવા લાગ્યો ॥ ૧ ॥ પછી મનોવેગ બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, આ જે વાતો મેં કહી, તે સઘળી વેદ પુરાણોમાં છે કે નહીં, તે તમે સાચું કહેજો ॥ ૨ ॥ ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે, તમે જે વાત કહી તે સઘળી સાચી છે, અમારા શાસ્ત્રોમાં એમજ કહ્યું છે, તે અમારાથી શી રીતે ના પડાય? ૩

**મનોવેગ બોલ્યો વળી તામ, સાંભળો બ્રાહ્મણ ગુણધામરે;**
**જમદેવ જાણે સહુએ જગમાં, અતીત અનાગત વર્તમાનમાંરે. સા૦ ૪**

વિશ્વાનલ તસ પેટ મોઝાર, પોહોર એક ભોગવે નારરે;
જ્ઞાને કરી જાણ્યો નહીં તેહ, જમે ઢુકડો આપણો દેહરે. સા० ॥ ૫ ॥
તો કેમ જાણે ત્રિભુવન વાત, દોષ મોટો એક ધાતરે;
જમ સઘલો જાણે સંસાર, અગનિ ન જાણ્યો ઉદર મોઝારરે. સા०॥૬॥

વળી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, જમરાજા આ જગતમાં ભુત, ભવિષ્ય તથા વર્તમાન કાળની સઘળી વાતો જાણે છે ॥ ૪ ॥ અગ્નિ દેવ તે જમરાજાના પેટમાં રહીને તેની સ્રીને એક પોહોર સુધી ભોગવતો હતો, તથાપી તે વાત જમ રાજાએ પોતાના દેહમાં નજદીકથી પણ જાણી નહીં ॥ ૫ ॥ તે જમરાજા ત્રણે જગતની વાત તે શી રીતે જાણી શકે? તે એનામાં મોટો દોષ છે. વળી જ્યારે જમ સઘળી સંસારની ત્રિકાળિક વાતો જાણે છે, ત્યારે તેણે પોતાના પેટમાં રહેલા અગ્નિને કેમ ન જાણ્યો? ॥ ૬ ॥

તેમ મુજ મીનાં ગંધી જાય, બાર જોજન ઉંદર ન થાય રે;
જેમ દ્વિજ સહુએ જમને માન્યો, તેમ મિંજાર ગુણનો વાનોરે. સા० ૭
વળી સાંભળો બ્રાહ્મણ તમે વાત, એક દોષે ગુણ નોહે ધાતરે;
ઉમીયાં ઈશ્વરને અધાંગ, જટા માંહીં રાખે ગંગરે. સા० ॥ ૮ ॥
પારવતી ગંગાસું નેહ, તારક કેમ કહીયે તેહરે;
નારાયણ લંપટ અપાર, ગોવાલણીશું કીધો વ્યભિચારરે. સા० ॥૯॥

તેવીજ રીતે મારા બીલાડાની ગંધથી, બાર જોજન સુધી ઉંદર આવે નહીં, વળી જેમ તમો સઘળા બ્રાહ્મણો જમને માનો છો, તેવીજ રીતે અમો આ બિલાડાને માનીએ છીએ ॥ ૭ ॥ વળી હે બ્રાહ્મણો, તમે સાંભળો, એક દોષ હોવાથી સઘળા ગુણોનો નાશ થાય નહીં; જુઓ કે, મહાદેવ પોતાના અરધા અંગમાં પાર્વતીને અને જટામાં ગંગાને રાખે છે ॥ ૮ ॥ એવી રીતે જ્યારે તેણે પાર્વતી અને ગંગા બન્ને સાથ પ્રીતિ બાંધી ત્યારે તેને તે આ સંસારથી તારનાર કેમ કહીયે? વળી નારાયણે પણ ગોવાલણી સાથે વ્યભિચાર કરેલો હોવાથી તે પણ મહાલંપટ છે. ૯

રીંછડી સુતાસું કીધો સંગ, બ્રહ્મચર્ય બ્રહ્માનો ભંગરે;
સૂરજને સમરો તુમે સાર, કુંતીસું કીધો વ્યભિચારરે. સા० ॥ ૧૦ ॥
સોમ સદા સહુએ આરાધ્યો, ગુરૂ પત્નિનો દોષ વાધ્યોરે;
ઇંદ્ર દેવ જપે સહુ કર જોડ, અહીલ્યાની લાગી ખોડરે. સા० ॥ ૧૧ ॥
સુરગુરૂને છે વહુનું આળ, જાણે છે બાલ ગોપાલરે;
વિશ્વાનલ નર ઘણો વ્યભિચારી, હવન હોમનો અધિકારીરે. સા० ૧૨

વળી બ્રહ્માએ પણ રીંછડીનું રૂપ લીધેલી પુત્રી સાથે સંભોગ કરવાથી પોતાના શિયલનો ભંગ કર્યો છે, વળી તમે જે સૂરજને સમરો છે, તેણે પણ કુંતી સાથે વ્યભિચાર સેવેલો છે ॥ ૧૦ ॥ વળી જે ચંદ્રની લોકો હમેશાં પૂજા કરે છે, તેને ગુરૂની સ્રી સાથે વ્યભિચાર કરવાથી દોષ લાગ્યો છે, વળી જે ઈંદ્રને હમેશાં લોકો

હાથ જોડી પૂજે છે, તેણે અહિલ્યા સાથે લંપટ પણું કર્યું છે ॥ ૧૧ ॥ વળી સુર ગુરૂને માથે (બ્રહ્સ્પતિને માથે) વહુ સાથે વ્યભિચાર કરવાનો આરોપ છે, વળી હવન હોમ વિગેરેનો ઉપરી અગ્નિદેવ પણ બહુજ લંપટ છે ॥ ૧૨ ॥

જમને સહુ કહે ધર્મનો રાય, છાયા સરસો કરે અન્યાયરે;
રૂષી તાપસ મિથ્યાતિ તેહ, તેહનાં છિદ્ર અતિ ઘણાં જેહરે. સા૦ ૧૩
પરનારી તણો દોષ એક, વેદ પુરાણે જુઓ વિવેકરે;
જો દેવ તણાં નહીં લીજે દોષ, તો મીનડાનો શ્યો રોષરે. સા૦ ॥૧૪॥
વાડવ વચન બોલ્યા તવ સાર, તું વાદી મોટો ગુણધારરે;
જયવાદ પામ્યા તુમે અપાર, વિપ્ર હાર્યા અમે વીસવારરે. સા૦ ॥૧૫॥

વળી જે જમરાજાને સઘળા ધર્મરાજા કહે છે, તે પણ છાયા સાથે હમેશાં અન્યાય સેવે છે. વળી સઘળા મિથ્યાતિ રૂષિ તથા તાપસો પણ ઘણાં છિદ્રો વાળા છે. ૧૩ વળી વેદ પુરાણો પણ જો તમે વિવેક રાખી તપાસસો તો, તેમાં પણ પરસ્ત્રીનો દોષ કહેલો છે; માટે ઉપરના દેવોના જો દોષ ન લેખીયે તો આ બિલાડા ઉપર રીસ રાખવાનું કાંઇ કારણ નથી ॥ ૧૪ ॥ ત્યારે બ્રાહ્મણો બોલ્યો કે, તમે મોટા અને ગુણી વાદી છો, તમે અમોને જીત્યા છે, અને અમે એક વાર નહીં પણ વીસ વાર હાર્યા છીએ ॥ ૧૫ ॥

મનોવેગ વળી બોલ્યો તામ, પવનવેગ સુણો અભિરામરે;
દેવ તણાં ગુણ દીઠા તુમમેં, કામ વિકાર કહ્યા અમમેંરે. સા૦ ॥૧૬॥
મદન મહા સુભટ જીત્યો જેહ, દેવ કરી માનો તુમે તેહરે;
નવી ચળે રામા રૂપને દેખી, વિષયને નાખે ઉવેખીરે. સા૦ ॥ ૧૭ ॥
સરાગ વચન જે બોલે સ્વામ, તે ઉપર ન ધરે મન કામરે;
ઇંદ્રિનાં સુખ કરે અસાર, તે દેવ કહીયે નિરધારરે. સા૦ ॥ ૧૮ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે ભાઇ મેં જે દેવોનાં કામ વિકારોનું વર્ણન કર્યું, તે સઘળા ગુણો (દુર્ગુણો) તમારા ધ્યાનમાં આવ્યા ! ॥ ૧૬ ॥ માટે જેણે કામરૂપી જોદ્ધાને જીત્યો છે, વળી જે વિષયોનો ત્યાગ કરી સ્ત્રીનાં રૂપથી ફસાતો નથી, એવા દેવને તમે દેવ કરીને માનો ॥ ૧૭ ॥ વળી જે રાગ સહીત વચનો બોલે તેમાં, તથા કામ વિકારમાં લલચાય નહીં, ઇંદ્રિઓનાં સુખને અસાર જાણી છોડી આપે, તેને દેવ કરી માનવા ॥ ૧૮ ॥

સીલ સહસ્ર પાલે અઢાર, તે તરણ તારણ સંસારરે;
એહવા જાણો જીનવર દેવ, ભાવે ભગતે કરો સેવરે. સા૦ ॥ ૧૯ ॥
ત્રિભુવન નાયક સેવે જેહ, સ્વર્ગ મુક્તિ પામે તેહરે;
જીતી કરી વાડવને વેગે, વનમાં આવ્યા ધરી તેગેરે. સા૦ ॥ ૨૦ ॥
ખંડ બીજાની સોળમી ઢાળ, સાંભળજો બાલ ગોપાલરે;
રંગવિજયનો શિષ્ય દયાલ, નેમ કહે થઇ ઉજમાલરે. સા૦ ॥ ૨૧ ॥

વળી જે અઢાર હજાર સિલાંગ રથને ધારણ કરનાર છે, એવા એક જિનેશ્વર દેવજ આ સંસારથી તરેલા છે, અને બીજાઓને પણ તારે છે, તેની ભાવ લાવીને સેવા કરવી ॥ ૧૯ ॥ આ ત્રણ ભુવનના સ્વામિની જે સેવા કરે, તેને સ્વર્ગ અને મોક્ષ મળે છે. પછી તે બન્ને જણ એવી રીતે બ્રાહ્મણોને જીતીને, તુરત વનમાં આવ્યા. ૨૦ એવી રીતે બીજા ખંડની સોળમી ઢાલ સંપૂર્ણ થઇ, તે દયાળુ રંગવિજયજીના શિષ્ય નેમવિજયજી આનંદથી કહે છે કે, હે મનુષ્યો તમે સાંભળજો ॥ ૨૧ ॥

## दुहा.

પવનવેગ તવ બોલીયો, સાંભલો ભાઈ વિચાર; દેવ દોષ જે દાખવ્યા, સત્ય વચન તે સાર ॥૧॥ એક ઉત્તર આપો વલી, મનોવેગ મહંત; દેવ માંહિં જે ગુણ અછે, તે સહુ કહો તુમે સંત ॥ ૨ ॥ મનોવેગ કહે સાંભલો, પવનવેગ પવિત્ર; સુર સઘલાના ગુણ કહું, મનમાં વિચારો ચિત્ર ॥ ૩ ॥

પછી પવનવેગે કહ્યું કે, હે ભાઈ, તમે તે મિથ્યાતિ દેવોમાં જે દુષણો દેખાડ્યાં, તે તમારાં વચન સત્ય છે ॥ ૧ ॥ વળી હે મનોવેગ ભાઇ, તમે મને એક ઉત્તર આપજો, દેવોમાં શું ગુણો છે, તે તમો મને કહી સંભળાવો ॥ ૨ ॥ મનોવેગે કહ્યું કે, હે નિર્મળ પવનવેગ, હું તમોને સઘળા દેવોના ગુણ કહું છું, તે બયાન (ચિત્ર) મનમાં વિચારજો ॥ ૩ ॥

ભૂવન વ્યંતર જ્યોતષી, સ્વર્ગ વાસી જે દેવ; તેહ તણા ગુણ સાંભળો, આઠ કહું સંખેવ ॥ ૪ ॥ અણિમા અણું માત્રજ કરે, મણિમા મેરૂ સમાન; લધિમા લધુ પણું આચરે, ગરીમા ભારી જાણ ॥૫॥ પ્રાપ્તિ સર્વ પ્રાક્રમ કરે, ઇસ તણો ગુણ દેય; કામ રૂપ ચિંત્યું કરે, વસીકરણ વસી તેય ॥ ૬ ॥

ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા સ્વર્ગમાં રહેવા વાળા દેવોના આઠ ગુણો તમોને ટુંકામાં કહી સંભળાવું છું, તે તમો સાંભળજો ॥ ૪ ॥ પેહેલો અણિમા ગુણ એટલે નાના પણું કરે, મણિમા ગુણ એટલે મેરૂ સરખું મોટા પણું કરે, લઘીમા એટલે લઘુ પણું કરે, તથા ગરિમા ગુણ એટલે ભારવાળું કરે ॥ ૫ ॥ પ્રાપ્તિ નામનો ગુણ એટલે પ્રાક્રમ વધારે, તથા ઈસ નામનો ગુણ એટલે મોટાઇ આપે, કામ નામે ગુણ એટલે ચિંતવેલું કામ કરી આપે, તથા વસીકરણ નામે ગુણ એટલે સઘળાઓને વશ કરે ॥ ૬ ॥

આઠ ગુણો છે એહ ભલા, દેવ તણે જે અંગ, બ્રહ્માદિકને તે નહીં, એક ગુણ છે ઉત્તંગ ॥ ૭ ॥ લધીમા ગુણ તે પામીયા, જેણે હોયે વહોત્તર લાજ; લોક માંહીં હલવા હુવા, તે કહીશું ગુણ આજ ॥ ૮ ॥ સહુ પર્વત માંહે ભલો, કૈલાસ ઉત્તમ ઠામ; શંકર તપ જપ તિહાં કરે, એકાકી ગુણધામ ॥ ૯ ॥

એવી રીતે દેવોમાં આઠ ગુણો છે, પણ બ્રહ્મા વિગેરેને તો તેમાંથી માત્ર એકજ ગુણ હોય છે ॥ ૭ ॥ તેમને એક લઘીમા નામે ગુણ હોવાથી, તેમની આબરૂ ગઇ, અને લોકમાં પણ તેથી અપમાન પામ્યા, તે ગુણનું આજે વર્ણન કરીશું ॥ ૮ ॥ સઘળા પર્વતોમાં કૈલાસ નામે એક ઉત્તમ પર્વત છે, ત્યાં એકાંતમાં ગુણવાન શંકર તપ જપ કરતા હતા ॥ ૯ ॥

**નારદ રૂષિ તિહાં આવીયા, હરને કરી પ્રણામ; કર જોડી વદે વીનતી, સાંભલો હર મુજ વાણ ॥૧૦॥ પુત્ર વિના ગતિ નવી હોયે, પેહેલે પરણો નાર; પુત્ર તણી ઉત્પતિ કરી, પછી રૂષિ વ્રત ધાર ॥૧૧॥ ઇશ્વર તવ તિહાં બોલીયો, સાંભલ તું મુનિ-રાજ; કન્યા જુવો તમે રૂયડી, વેગે કરો અમ કાજ ॥ ૧૨ ॥**

એક વખતે ત્યાં નારદ રૂષિ આવી મહાદેવને પ્રણામ કરી હાથ જોડી કહેવા લાગ્યા કે, આજે એક મારી અરજ તમે સાંભળો ॥ ૧૦ ॥ પુત્ર વિના માણસને સદગતિ મળતી નથી, માટે પેહેલાં સ્ત્રી પરણીને પુત્ર ઉત્પન્ન કર્યા બાદ રૂષિ વ્રત (યોગ) અંગીકાર કરો ॥ ૧૧ ॥ તે સાંભળી મહાદેવે કહ્યું કે, હે મુનિરાજ તમે અત્રેથી જઇ એક ઉત્તમ કન્યા શોધી લાવો, અને તે અમારૂં કામ તમો ઉતાવળથી કરો ૧૨

**ઉત્પત્તિ કરૂં સંતાનની, વાધે મુજ તો વંશ; પરણાવ્યાનું પુણ્ય ઘણું, તુમ હોસે સુખ હંસ ॥ ૧૩ ॥ નારદ તવ તે સાં-ભલી, ચાલ્યો કન્યા કાજ; હેમાચલને જઈ મળ્યો, સાંભલ તું ગિરિરાજ ॥ ૧૪ ॥ તુમ કુમરી છે રૂયડી, શંકરને દ્યો તેહ; વર કન્યા એ યોગ્ય છે, મહાદેવસું કરો નેહ ॥ ૧૫ ॥ હેમાચ્યલ કહે નારદ સુણો, પારવતી મેં દીધ; લગન લેઇ રૂષિ ચાલીયો, હરને જાણ તવ કીધ ॥ ૧૬ ॥**

કે જેથી કરી હું પુત્ર ઉત્પન્ન કરૂં, અને તેથી મારા વંશની વૃદ્ધિ થાય, વળી હે ઉત્તમ રૂષિ તેથી તમારા જીવને ઘણું સુખ મળશે, કારણ કે કોઇને પણ પરણાવવાથી ઘણું પુણ્ય થાય છે ॥ ૧૩ ॥ તે સાંભળી નારદ રૂષિ કન્યાની શોધ વાસ્તે ત્યાંથી ચાલતો ચાલતો, હેમાચલ પાસે આવી તેને કહેવા લાગ્યો કે, હે પર્વતરાજ હું તને કહું તે તું સાંભળ ॥ ૧૪ ॥ તમારી એક ઉત્તમ કુંવરી છે, તેને તમે મહા-દેવની સાથે પરણાવો કારણ કે તે બન્ને વર વહુ લાયક છે, માટે મહાદેવની સાથે તમો સગપણ બાંધો ॥ ૧૫ ॥ તે સાંભળી હેમાચલે નારદને કહ્યું કે, જા, મેં મારી કુંવરી પાર્વતીને મહાદેવ વેરે આપી. તે સાંભળી રૂષિએ પણ લગન લઇ મહાદેવ પાસે જઇ, સઘળી વાત તેને કહી ॥ ૧૬ ॥

## ઢાલ સત્તરમી.

ચરણાલી ચામુંડા રણ ચઢે—એ દેશી.

**ઈશ્વર વર તવ સજ થઇ, વૃષભ પલાણી ચડીયોરે; ભેરવ ભૂત જોટીંગ ઘણાં, જાન સહીત પંથ પડીયોરે, સુણજો સાજન વાતડી. આંકણી. ૧**

શંકર સાસુ છે મીનકા, વર દેખી હોઇ ઝાંખીરે;
મીનકા કહે સહુ સાંભલો, મુજ બેટી ઈહાં કુણે નાંખીરે. સુ૦ ॥ ૨ ॥
જગ જીરણુ ગરઢો એ અછે, ચડવાનો બલદ છે બાંડોરે;
ગામ ઠામ એહને નહીં, માત પીતા નહીં રાંડોરે. સુ૦ ॥ ૩ ॥

પછી મહાદેવ વર તૈયાર થઇ, બળદપર બેસી, કેટલાક ભૈરવ, ભુત, ભુઆ વિગેરેને જાનમાં સાથે લઇ પરણવા વાસ્તે ચાલવા લાગ્યો ॥ ૧ ॥ હવે મહાદેવની સાસુનું નામ મીનકા છે, તે આવા વરને જોઇને ઝંખવાણી પડીને કહેવા લાગી કે, આવા વર સાથે મારી કુંવરીનું કોણે સગપણ કરાવી આપ્યું ? ॥ ૨ ॥ આતો કોઇ ઘરડો ઠુંઠું છે, વળી બાંડા બળદપર ચડીને આવ્યો છે, તેમ તેનું કંઇ ગામ કે ઠેકાણું, કે માબાપ વિગેરે કંઇ પણ જણાતું નથી અને રંડવા જેવો લાગે છે. ॥ ૩ ॥

જાતને ભાતકો નવિ કહે, ભશ્મ વિભૂષિત દેહરે;
કોટે છે સાપ બીહામણો, ઓઢણુ ગજ ચર્મ તેહરે. સુ૦ ॥ ૪ ॥
નરમુંડ માલા ગલે અછે, ભાંગ ધંતુરો તે ખાયરે;
હસ્ત કપાલ કાંખે ઝોલી, સિર જટા કિંન્નરી વાયેરે. સુ૦ ॥ ૫ ॥
એણે જમાઇ મુજ ખપ નહીં, જો દેશો તો મરશું આજરે;
જલમાંહે નાંખું એ બાલિકા, વિષ ચારૂં નહીં હર કાજરે. સુ૦ ॥ ૬ ॥

વળી આની નાત જાતની પણ કોઇ ઓળખાણ આપતું નથી, તેમ ડોકમાં ભયંકર સર્પ વિંટાલ્યો છે, તથા હાથીનું ચામડું તો તે શરીર ઉપર ઓઢે છે ॥ ૪ ॥ વળી ગળામાં માણસની તુંબડીની માળા પેહેરેલી છે, અને ભાંગ તથા ધંતુરો તો ખાધાજ કરે છે, તેમ હાથમાં ખોપરી, કાંખમાં ઝોળી, માથે જટા, અને સારંગી વગાડે છે ॥ ૫ ॥ મારે આવા જમાઇનો બીલકુલ ખપ નથી, અને જો એને આ કન્યા પરણાવશો તો હું આપઘાત કરીશ, કાં આ કુંવરીનેજ પાણીમાં ડુબાડીશ અથવા ઝેર આપી મારી નાખીશ, પણ મારે આવા મહાદેવને તે પરણાવવી નથીજ ॥ ૬ ॥

બ્રહ્મા વડસાલે આવીયા, મીનાને કહે સૂણો માતરે;
ભોલી ચક્રવરતી ઈશની, ત્રિભુવન માંહિં વિખ્યાતરે. સુ૦ ॥ ૭ ॥
પારવતી પરણાવો ઇશને, વિવાહ મ મોડો એ આજરે;
જો રે કોપે એહ શંકરો, કરશે અનરથ કાજરે. સુ૦ ॥ ૮ ॥
સહુને શ્રાપી ભશ્મ એહ કરે, તુમ તણો ટાલે એ ઠામરે;
મીનાએ મૌન ધર્યું તદા, વિવાહ તણો માંડયો કામરે. સુ૦ ॥ ૯ ॥

તે વખતે બ્રહ્મા ત્યાં પટસાલમાં આવી મીનાને કહેવા લાગ્યા કે, હે માતા, આ મહાદેવ તો ભોળા ચક્રવર્તી છે, અને તે ત્રણ જગતમાં પ્રખ્યાત છે ॥૭॥ માટે આ લગ્નમાં કંઇ પણ વિઘ્ન નહીં નાખતાં તુરત પાર્વતીને મહાદેવ સાથે પરણાવી આપો; કારણ કે, કદાચ આ શંકર ગુસ્સે થશે, તો બહુજ અનરથ કરી નાખશે ॥ ૮ ॥ વળી એ

સઘળાને શ્રાપ આપી બાળી નાખશે, અને તમારાં સ્થાનકોનો પણ નાશ કરશે, તે સાંભળી મેના મૌન ધરી લગ્નની તૈયારી કરવા લાગી ॥ ૯ ॥

વર રાજા તોરણુ આવીયો, મળિયું છે કામિની થોક રે;
પોમાદે હાંસલદે ભલી, હરષાદે સોમાદે ધોક રે. સુ૦ ॥ ૧૦ ॥
રંગાદે નાંમલદે દેમાદે, ટહકાદે ખલકે કર ચુડીરે;
માણકદે આવી મલપતો, રતનાદે ટબકાદે રૂડીરે. સુ૦ ॥ ૧૧ ॥
કમલાદે કાકી ભામાદે ભાભી, મામી મોકલદે ફુઈ ફાલુરે;
ગોરી સખી ચાંડી ચેટીકા, જોગણુ સીકોતરી લાલુરે. સુ૦ ॥ ૧૨ ॥

પછી વરરાજા તોરણે આવ્યા, ત્યાં, પોમાદે, હાંસલદે, હરષાદે, સોમાદે, વગેરે અનેક સ્ત્રીઓ ભેગી મળી છે ॥ ૧૦ ॥ વળી રંગાદે, નાંમલદે, દેમાદે, ટહકાદે માણુકદે, રતનાદે, ટબકાદે, આદીક સ્ત્રીઓ પણ હાથમાં ચુડીઓનાં ખખકાર કરતી આવી પહોંચી છે ॥ ૧૧ ॥ વળી કમલાદે નામે કાકી, ભામાદે નામે ભાભી, મોકલદે નામે મામી તથા ફાલુદે નામે ફુઇ, વળી તે પાર્વતીની, ચાંડી, ચેટિકા, જોગણી, તેમજ સીકોતરી વિગેરે સખીયો પણ આવી છે ॥ ૧૨ ॥

વર પાસે ભૂત જોટીંગ ઘણાં, દાનવ જંગમ જોગીરે;
તેત્રીસ ક્રોડ દેવ સંચર્યા, રૂષિ બ્રહ્મા દામોદર ભોગીરે. સુ૦ ॥ ૧૩ ॥
પોંખીને વર લીધો માંહરે, બ્રહ્મા સાધે લગન તે સારરે;
સમય વરતે સહુ સાવધાન, પાણીવલ અંતર નહીં વારરે. સુ૦ ॥ ૧૪॥
બ્રહ્માએ હર ગૌરી તણો, હસ્ત મેલાપક કીધરે;
ગીત ગાવે વર કામની, વૃદ્ધને લઘુ કન્યા દીધરે. સુ૦ ॥ ૧૫ ॥

વળી મહાદેવ પાસે પણ, કેટલાક ભુત, ભુવા, દૈત્ય, જંગમ, જોગી, રૂષી, બ્રહ્મા, વિષ્ણુ વેગેરે તેત્રિસ કરોડ દેવો ભેગા મળ્યા છે ॥ ૧૩ ॥ પછી વરને પોંખીને માહ્યરામાં લાવ્યા, ત્યાં બ્રહ્માએ "સમય વર્તે સાવધાન" વિગેરે કહી લગ્ન સાધ્યું, તથા વાર (ઢીલ) નથી અને સેજ વખત છે એમ જણાવ્યું ॥ ૧૪ ॥ પછી બ્રહ્માએ મહાદેવ તથા પાર્વતીનો હાથ મેળાવો કર્યો; તે વખતે સ્ત્રીઓ ગીતો ગાવા લાગી કે, આવા ઘરડા ખખ વરને આવી નાની કોમળ બાળકી પરણાવી ॥ ૧૫ ॥

ચોરી માંહે બેઠાં વર વહુ, બ્રહ્મા ભણે વેદ ચારરે;
મંગલ ચાર તે વરતીયાં, હુવો તિહાં જય જયકારરે. સુ૦ ॥ ૧૬ ॥
શંકર આગલ સંચરે, પાછળથી ગૌરી નારીરે;
ફેરા દીએ ચોરી પાખલે, બ્રહ્મા વાંચે વેદ ઉચ્ચારીરે. સુ૦ ॥ ૧૭ ॥
હુતાશન સાખે અક્ષત નાખે, પાણેતર ગૌરીએ પેહેર્યોરે;
છેડો લાગ્યો ઉમીયાં તણો, ઉંચો લઈ ઓલવતાં વિહર્યોરે. સુ૦ ॥૧૮॥

બન્ને વર કન્યા ચોરીમાં બેઠા, અને બ્રહ્મા ચારે વેદ ભણવા લાગ્યા. અને ચારે મંગલ વર્તવાથી ત્યાં આગળ જય જયકાર થઇ રહ્યો ॥૧૬॥ આગળ શંકર ચાલે છે,

તથા તેની પાછળ પાર્વતી ચાલે છે; એમ બન્ને જણ ફેરા ફરે છે, તથા બ્રહ્મા વેદના ઉચ્ચાર કરે છે. ॥ ૧૭ ॥ પછી પાર્વતીએ પાનેતર પેહેરીને અગ્નિની સાખે ચોખા નાખવા માંડ્યા, તે વખતે તે પાનેતરનો છેડો જરા અગ્નિમાં બળવાથી ઉંચો લઇ તે ઓલવવા લાગી ॥ ૧૮ ॥

જંઘા દીઠી તવ રૂયડી, વિકલ થયો બ્રહ્મા તામરે;
કામ કુતુહલ ચિંતવતાં, ખલણ હુવો તેણે ઠામરે. સુ૦ ॥ ૧૯ ॥
દેવ સઘલા તિહાં દેખતા, લાજ્યો બ્રહ્મા મનમાંહિરે;
વેલુ વાલી પગે મરદલે, વીર્ય ઢાંકયો નિજ ત્યાંહિરે. સુ૦ ॥ ૨૦ ॥
ચુરી વેલુ માંહી ઉપન્યા, સહસ્ર અઠયાસી રૂષીરાયરે;
કમંડલ ડંડ હાથે ધર્યાં, ઉઠીને લાગ્યા તે પાયરે. સુ૦ ॥ ૨૧ ॥

તે વખતે તેણીની ઉત્તમ જંઘા જોઇને, બ્રહ્માનું ચિત્ત ચલાયમાન થયું, અને કામની ઇચ્છા કરતાં તેનું વીર્ય પતિત થયું ॥ ૧૯ ॥ સઘળા દેવો ત્યાં જોતા હતા તેથી બ્રહ્માને શરમ આવવાથી, તેણે તે વીર્યને તેજ જગોએ પગેવતી ધુળ (વેલુ) માં રગદોળી ઢાંકી દીધું ॥ ૨૦ ॥ તે ચોળેલી વેલુમાંથી અઠ્યાસી હજાર રૂષિઓ ઉત્પન્ન થયા, તેઓ હાથમાં કમંડલ અને લાકડી સહીત ઉભા થઇને બ્રહ્માને પગે લાગવા માંડ્યા ॥ ૨૧ ॥

વાલુષ નામ આદે કરીરે, બ્રહ્મા પુત્ર પુરાણે પ્રસિદ્ધરે;
વાલુખલ્ય રૂપે તે રૂયડા, તપ જપ તિહાં થકી લીધરે. સુ૦ ॥ ૨૨ ॥
ખંડ બીજાની ઢાલ એ કહી, સત્તરમી સુણજો વારૂરે;
રંગવિજયનો શિષ્ય એમ કહે, નેમવિજય શ્રોતા સારૂરે. સુ૦ ॥ ૨૩ ॥

તે સઘળા બ્રહ્માના પુત્રો પુરાણમાં વાલુષ નામે પ્રસિદ્ધ છે, વળી તેઓ બળવાન, રૂપાળા, તપસી અને જપ કરવા વાળા હતા ॥ ૨૨ ॥ એવી રીતે બીજા ખંડની સત્તરમી ઢાલ, રંગવિજયના શિષ્ય નેમવિજયે શ્રોતા મનુષ્યને વાસ્તે કહી ॥ ૨૩ ॥

## દુહા.

મનોવેગ કહે સાંભલો, પવનવેગ વિચાર; બ્રહ્મચર્ય બ્રહ્મા
તણું, નાઠું તિહાં અપાર ॥ ૧ ॥ સુર નર સઘલા દેખતાં, લ-
જ્જા પામ્યા તેહ; હલુ પણું બ્રહ્મા હુવો, લઘીમા ગુણ છે
તેહ ॥ ૨ ॥ બ્રહ્મ પુરાણે ભાંખીયો, મિથ્યા મત વિચાર;
જીન શાસન નહિં માનીએ, ખોટું એહ અસાર ॥ ૩ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, એવી રીતે બ્રહ્માનું બ્રહ્મચર્ય નાશ પામ્યું ॥ ૧ ॥ વળી તે વખતે સઘળા દેવ અને મનુષ્યની હાજરીમાં બ્રહ્મા લજ્જા પામીને હલકા પણું પામ્યા, એવી રીતે તેનો લઘીમા નામે ગુણ હતો ॥ ૨ ॥ એ પ્રકારે મિથ્યા મતનું વર્ણન બ્રહ્મ પુરાણમાં કહેલું છે; એવી અસાર બાબતો જિન શાસ્ત્રમાં માનવામાં આવતી નથી ॥ ૩ ॥

જગ ગુરૂ જિનવર જાણજો, નિકલંક સ્વામિ દેવ; દોષ એક દીસે નહીં, તેહ તણી કરો સેવ ॥ ૪ ॥ ઈશ્વર લઘુપણું પામીયો, સાંભલો તેહ વિચાર; કુકવિયે એમ ભાંખીયું, લિંગ પુરાણ મોઝાર ॥ ૫ ॥

એવા જિનેશ્વરને જગતના ગુરૂ જાણવા, વળી તે કલંક વિનાના અને કંઇ પણ દોષ વિનાના જિનેશ્વરની તમે સેવા કરો ॥ ૪ ॥ વળી મહાદેવ પણ લઘુપણું પામ્યા, તેનું વર્ણન તમે સાંભળજો, કે જે નઠારા કવિયોએ પુરાણમાં તેના લિંગનું વિવેચન કર્યું છે ॥ ૫ ॥.

## ઢાલ અઢારમી.

તો ચઢીયો ઘણ માણ ગજે—એ દેશી.

હેમાચલ કુમરી વરીએ, સંકર મન ઉલ્લાસતો;
હર કૈલાસે આવી કરીએ, ગૌરીશું ભોગ વિલાસતો ॥ ૧ ॥
ઉમીયાં કહે શંકર સુણોએ, નૃત્ય કરો મનોહારતો;
દેવદાર વનમાં જઇને, નાટીક માંડયો સારતો ॥ ૨ ॥
મસ્તક શેખર શશિકલાએ, ગલે ગરલ બાંહિં નાગતો;
નરમુંડ માલા શોભતીએ; કટીમેખલ કટી ભાગતો ॥ ૩ ॥

એવી રીતે હેમાચલની પુત્રી પાર્વતીને પરણવાથી શંકરને ઘણો આનંદ થયો; અને કૈલાસ ઉપર આવીને પાર્વતી સાથે તે કામવિલાસ ભોગવવા લાગ્યો ॥ ૧ ॥ એક દહાડો પાર્વતીએ મહાદેવને કહ્યું કે, હે સ્વામિ, આજે તો તમો નાટક કરો તો ઘણું સારૂં, તે સાંભળી મહાદેવ દેવદાર નામે વનમાં જઇને નાટક કરવા લાગ્યા. ૨ માથા ઉપર ચંદ્રની કળા, ગળામાં ઝેર, તથા હાથમાં નાગ, વળી કંઠમાં માણસની તુંબડીઓની માળા, તથા કેડ ઉપર કંદોરો તેણે પેહેર્યો ॥ ૩ ॥

ભશ્મ વિલેપન અંગ રચ્યુંએ, ઘુઘરીનો ઘમકારતો;
નવ રસ નાટિક નાચતાંએ, ઝાંઝરનો ઝમકાર તો ॥ ૪ ॥
નૃત્ય કરીને ચાલીયોએ, ભીક્ષા તાપસ વાસતો;
તાપસ તરૂણી વિવલ હુઇએ, મોહ ધરે વિશ્વાસતો ॥ ૫ ॥
લાંબું લીંગ દેખી કરીએ, ભીક્ષા ઘાલે સારતો;
કંદ મૂલ વન ફલ ઘણાંએ, હરને આપે નારતો ॥ ૬ ॥

વળી શરીર ઉપર રાખ ચોળીને, તથા પગે ઘુઘરીઓ બાંધીને નવ રસથી સંપૂર્ણ નાટક, ઝાંઝરીનાં ઝણકારો સાથે તે કરવા લાગ્યો ॥ ૪ ॥ નાચ કરી રહ્યા પછી તે શંકર ભીક્ષા માગવા વાસ્તે તાપસને ઘેર ગયા, ત્યાં તાપસની સ્ત્રી વ્યાકુળ થઇને તેના ઉપર વિશ્વાસથી મોહી પડી ॥ ૫ ॥ ત્યાં શંકરનું લીગ ઘણુંજ લાંબુ જોઇને, તે તાપસીએ કામાતુર થઇ તેને કંદમુળ, ફળ વિગેરેની ઉત્તમ ભિક્ષા આપી ॥ ૬ ॥

ભરતાર ભગત છોડી કરીએ, હીંડે ઇશ્વર સાથતો;
સુંદરી કહે શંભુ સાંભળોએ, લીજે આપણુ બાથતો ॥ ૭ ॥
એક કહે શુંકર સુણોએ, ઓધરજો મહારાજતો;
અંગે આલિંગન રૂઅડોએ, કૃપા કરી દો આજતો ॥ ૮ ॥
વનમાં શંકર જઇ રહ્યોએ, ધ્યાન ધરે અપારતો;
તાપસ કામની તિહાં ગઇએ, ઇશ્વરસું ભોગ વિકારતો ॥ ૯ ॥

પછી જ્યારે મહાદેવ ત્યાંથી ચાલવા લાગ્યા ત્યારે તે તાપસી પોતાના ધર્મી ભરતારનો ત્યાગ કરી મહાદેવ સાથે ચાલીને કહેવા લાગી કે, હે શંભુ આપણે બન્ને જણ બાથ (આલીંગન) લઇએ ॥૭॥ વળી એક કહેવા લાગી કે, હે શંકર, આજે મારાપર કૃપા કરીને મને સારી રીતે આલિંગન દઇને આજે મારો ઉદ્ધાર કરજો. ૮ પછી શંકર ત્યાંથી વનમાં જઈ ધ્યાન ધરવા લાગ્યા, ત્યાં પણ તાપસી જઇને મહાદેવ સાથે ભોગ વિલાસની ઇચ્છા કરવા લાગી ॥ ૯ ॥

તાપસ તવ દુખીયા થયાએ, નારીએ મૂકયો સંગતો;
વિચાર કરે સઘલા મલીએ, કેમ રહેસે ઘર રંગતો ॥ ૧૦ ॥
દેવ પૂજા રહી આપણીએ, અંગે ગયાં સનાનતો;
રાંધણ સિંધણ સહુ તજ્યાંએ, ભૂખે ગયાં જીવ જ્ઞાનતો ॥ ૧૧ ॥
આપણને મૂકી ઘરેએ, હરને સેવે નારતો;
શંકરને કેમ શ્રાપીયેએ, એ છે ત્રિભુવન તારતો ॥ ૧૨ ॥

હવે તાપસો સ્ત્રીએ તેનો સંગ ત્યાગ કરવાથી એકઠા થઇ દુઃખી થતા વિચાર કરવા લાગ્યા કે, હવે આપણા ઘરનું કામ કાજ શી રીતે ચાલશે ? ॥ ૧૦ ॥ વળી આપણ સઘળાની દેવ પૂજા પણ રહી જાય છે, તેમ નાવા ધોવાનું, તથા રાંધવા સિંધવાનું પણ ન બનવાથી, આપણા જીવ ભુખથી માર્યા જઈ આપણા જ્ઞાનનો નાશ થાય છે ॥ ૧૧ ॥ વળી તે તાપસી આપણને મુકીને મહાદેવને ભોગવે છે, છતાં આપણે મહાદેવને કેમ શ્રાપ દઇ શકીએ ? કારણ કે, તે તો ત્રણ ભુવનનો તારનાર છે ॥ ૧૨ ॥

નારી મોહી આપણીએ, જેહ દેખીને અંગતો;
દંડ કરો તુમે તેહનોએ, શ્રાપોને કરો ભંગતો ॥ ૧૩ ॥
તાપસ મલીને શ્રાપીયોએ, લિંગ પડયું તતકાળતો;
ભુવન માંહે તે વિસ્તર્યુંએ, કર્મ કરે વિકરાલતો ॥ ૧૪ ॥
લીંગે લક્ષણ પ્રગટ કીયોએ, ત્રિભુવન પાડયો ત્રાસતો;
નર નારી સંભાવિયાએ, લોક પામે બહુ હાસ્યતો ॥ ૧૫ ॥

હવે મહાદેવનું જે અંગ જોવાથી આપણી તાપસી મોહ પામી છે, તે અંગનો શ્રાપ દઇ નાશ કરી તેનો દંડ કરવો ॥ ૧૩ ॥ પછી સઘળા તાપસોએ એકઠા થઇને શ્રાપ દેવાથી મહાદેવનું લિંગ એકદમ તુટી પડયું, અને જગતમાં તેનો વિસ્તાર

થઇ ભયંકર કામ કરવા લાગ્યું ॥ ૧૪ ॥ એવી રીતે લિંગ લક્ષણ પ્રગટ થવાથી ત્રણે લોકમાં ભય ઉત્પન્ન થયો, તથા સઘળાં સ્ત્રી પુરૂષો તે જોવાથી હાંસી કરવા લાગ્યાં. ૧૫

રૂદ્ર કોપ્યો રૂષિ ઉપરેએ, લીંગ છેદ્યું મુજ આજતો;
શંકરે રૂષિ તવ શ્રાપિયાએ, લિંગ પડયાં સર્વ કાળતો ॥ ૧૬ ॥
લિંગ તુટયાં તાપસ તણાંએ, વેદનાં વ્યાપી અંગતો;
વૃહદલ રૂષિ સઘલા હુવાએ, હર શરણે ગયા ચંગતો ॥ ૧૭ ॥
શંકર સ્વામિ સાંભલોએ, તું મોટો મહાદેવતો;
કૃપા કરો અમ ઉપરેએ, અમે કરૂં તુમ સેવતો ॥ ૧૮ ॥

આ જોઇ મહાદેવે રૂષીઓ પર ક્રોધ કરીને શ્રાપ દેવાથી તેઓનાં લિંગ કપાઇને એકદમ તુટી પડ્યાં ॥ ૧૬ ॥ પછી તે સઘળા તાપસોના લિંગ તુટવાથી તેઓનાં શરીરમાં અત્યંત વેદના થવા લાગી, અને સઘળા નપુસક થઈ જવાથી મહાદેવને શરણે ગયા ॥ ૧૭ ॥ અને કહેવા લાગ્યા કે, હે સ્વામિ તું મોટા મહાદેવ છો, તમે અમારા પર મેહેરબાની કરો, અમે હમેશાં તમારી સેવા કરશું ॥ ૧૮ ॥

હરિહર બ્રહ્મા તું ભલોએ, ભુવન તણો તું ત્રાતતો;
સરજી પાલી પોષે ઘણુંએ, સેષ્ટ કરે વલી ઘાતતો ॥ ૧૯ ॥
અઘટ કામ અમે આચર્યુંએ, ક્ષમા કરો તુમે એહતો;
છોરૂ કછોરૂ હોયે ઘણુંએ, માબાપ નહીં દીએ છેહતો ॥ ૨૦ ॥
ઢાલ કહી અઢારમીએ, ખંડ બીજાની એહતો;
રંગવિજયનો શિષ્ય કહેએ, નેમવિજયને નેહતો ॥ ૨૧ ॥

વિષ્ણુ બ્રહ્મા વિગેરે સઘળામાં તુંજ ભલો છો, વળી તું ત્રણ ભુવનોનું રક્ષણ કરનાર છે, તું આ જગતને ઉત્પન્ન કરી પાલણ કરે છે, વળી નાશ પણ કરે છે. ૧૯ અમે તમારી સાથે બહુ અયોગ્ય કામ કર્યું છે, પણ તમારે તો અમારા પર ક્ષમા કરવી જોઇએ; કેમકે છોકરાં તો કછોરૂ થાય, પણ માબાપ કંઇ તેઓને નિરાશ (છેહ) કરતા નથી અર્થાત કહાડી મુકે નહીં ॥ ૨૦ ॥ એવી રીતે બીજા ખંડની અઢારમી ઢાલ રંગવિજયના શિષ્ય નેમવિજયજીએ પ્રિતિથી કહી ॥ ૨૧ ॥

## દુહા.

ભોલો શંકર બોલીયો, સાંભલો તાપસ સાર; લિંગ અમારો લેઈ કરી, ઠવજો યોનિ મોઝાર ॥૧॥ પ્રતિષ્ટા કરો તુમે તેહ તણી, પૂજા રચો સુખકાર; ભાવ ભગતિ કરો ઘણી, આરાધો નિત્ય સાર ॥૨॥ કામની શું સુખ ભોગવો, લિંગ લાગે તુમ દેહ; તાપસ તવ સઘલે મલી, લીંગ ધર્યું તિણુ તેહ ॥ ૩ ॥

તે સાંભળી ભોળા મહાદેવ બોલી ઉઠ્યા કે, હે તાપસો, તમો અમારૂં આ લિંગ લઇને યોનિમાં મુકજો ॥ ૧ ॥ વળી તેની પ્રતિષ્ટા કરી હમેશાં પૂજા કરજો, તથા ભાવ સહિત હમેશાં ભક્તિ અને આરધન કરજો ॥ ૨ ॥ જાઓ, તમારે શરીરે

પાછાં લીંગ ચોંટી જશે, અને હવે તમો સ્ત્રી સાથે સુખ ભોગવી સકશો; પછી સઘળા તાપસોએ મળીને તે મહાદેવનું લિંગ અંગીકાર કર્યું ॥ ૩ ॥

નાડા દોરે લીંગ બાંધીયું, બલ કરે તાપસ વિવેક; હાલ હાલ કરે ઘણું, તવ તુટયાં દોર અનેક ॥ ૪ ॥ ખાંધ ભાંગ્યાં તાપસ તણાં, કેતાકના ગયા પ્રાણ; દોહલે થઈને આણીયો, તાપસ આશ્રમ તાણ ॥૫॥ લિંગ પ્રતિષ્ટા રૂષિ કરે, સુર નર મલીયા તામ; હવન હોમ મંત્રી કરી, યોનિ માંહીં ઠવ્યું જામ ॥ ૬ ॥

સઘળા તાપસો તે લિંગને નાડાંના દોરડાં બાંધી બળ સહિત ખેંચવા લાગ્યા; પણ તે ખસ્યું નહીં અને ઘણું હાલ હાલ થવાથી ત્યાં અનેક દોરડાં તુટી ગયાં ॥૪॥ તેમ કરતાં કેટલાક તાપસોનાં ખંભા ભાંગી ગયા, અને કેટલાકના તો જીવ વૃટિક ગયા, એમ મહા મુશ્કેલીએ તાણીને તાપસ પોતાના આશ્રમે તે લિંગ લાવ્યા ॥ ૫ ॥ પછી સઘળા રૂષિઓ, દેવો તથા મનુષ્યોએ મળી કેટલાક હવન હોમ પૂર્વક તેની પ્રતિષ્ટા કરીને યોનિમાં મુકયું ॥ ૬ ॥

કોટે બાંધે નર કેટલા, રાખે મસ્તક માંહીં; લિંગાયત લોક હુવા ઘણાં, લિંગ બાંધ્યાં બેહુ બાંહીં ॥૭॥ તેહ દિવસ આદે કરી, મૂઢ પૂજે લીંગ તેહ; શ્રાપે લીંગ ગળી પડયું, ભાંડ વિગોવ્યો એહ ॥ ૮ ॥ શંકર લઘુપણું પામીયો, લિંગ પુરાણે સાર; હરિ ઇંદ્ર ચંદ્ર વાસુરપતિ, પર રમણી લઘુપણું ધાર.૯

વળી તે દિવસથી કેટલાક લોકો તે લિંગની આકૃતિ ગળામાં, તો કેટલાક માથામાં, અને કેટલાક બન્ને હાથે બાંધવા લાગ્યા, ત્યારથી તે લોકો "લિંગાયત" નામથી પ્રસિદ્ધ થયા ॥ ૭ ॥ અને તે દિવસથી માંડીને મુર્ખ લોકો આજ સુધી તે લિંગની પુજા કરે છે. એવી રીતે શ્રાપથી તેનું લિંગ પડી જવાથી તે મુરખોએ તેને આ દુનિયામાં વગોવ્યો ॥ ૮ ॥ એવી રીતે લિંગ પુરાણમાં શંકરનાં હલકા પણાનું વિવેચન કરેલું છે, વળી વિષ્ણુ, ઈંદ્ર, ચંદ્ર અને બ્રહસ્પતિ પણ પરસ્ત્રી સાથે કામ વિલાસ ભોગવ્યાથી હલકા પણું પામ્યા છે ॥ ૯ ॥

મનોવેગ કહે સાંભલો, પવનવેગ તુમે આજ; સુર સઘલાના ગુણ કહ્યા, જિણે પામીયે બહુ લાજ ॥૧૦॥ પરનારી જે ભોગવે, તેહને મોટાં પાપ; દુરગતિ દુઃખ પામે ઘણાં, નરકે લહે સંતાપ ॥ ૧૧ ॥ પર નારી જે ભોગવે, દોષવંત તે દેવ; પૂજ્યપણું તેને નહીં, કિમ કીજે તસ સેવ ॥ ૧૨ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, એવી રીતે મેં તમારી આગળ સઘળા દેવોના ગુણો કહી બતાવ્યા જે ઘણુંજ લજ્જા પામવા જેવું છે ॥ ૧૦ ॥ માટે જે માણસ પરસ્ત્રીને ભોગવે, તેને ઘણું પાપ બંધાય છે, અને પછી તે નરકમાં જઇ દુઃખી થઇ ઘણો સંતાપ પામે છે ॥ ૧૧ ॥ માટે જે દેવ પરસ્ત્રી ભોગવે છે, તેને

મહાદોષ વાળા જાણવા, અને તેઓ આ જગતમાં પુજનિક પણ શાનાં થાય? અને તેની સેવા પણ આપણે શા માટે કરવી જોઇએ? ॥ ૧૨ ॥

**નિષ્કલંક જિન જાણજો, દોષ નહીંય લગાર; પર તારક આપે તરે, દેવ જાણો તે સાર ॥ ૧૩ ॥ પવનવેગ તુમે સાંભલો, જૈન શાસ્ત્ર વિચાર; શંકર બ્રહ્મા ઉત્પત્તિ કહું; સત્ય વચન જિન સાર ॥ ૧૪ ॥**

માટે કલંક, અને જરા પણ દોષ વિનાનાં તો એક જિનેશ્વર દેવ જાણવા, કે જે પોતે તરતાં થકાં બીજાને પણ તારે છે, અને તેજ દેવને ઉત્તમ દેવ જાણવા ॥૧૩॥ વળી હે પવનવેગ જૈન શાસ્ત્રો પ્રમાણે મહાદેવ, બ્રહ્મા વિગેરેની ઉત્પતિનું હું વર્ણન કરૂં છું, તે તમે સાંભળજો, અને તે સત્ય જાણજો; કારણ કે જિનેશ્વરનાં વચન કોઇ કાળે પણ મિથ્યા થતાં નથી અર્થાત હમેશાં સત્યજ હોય છે ॥ ૧૪ ॥

## ઢાલ ઓગણીસમી.

ઉભી બાવાજીરી પોલ, દેવર આણે આવીયોરે લાલ–એ દેશી.

**ભરત ક્ષેત્ર માંહીં સાર, ગંધાર દેશ રળીઆમણોરે લાલ;**
**વસીપુર નગર ઉદાર, સત્યંધર રાજા સોહામણોરે લાલ ॥ ૧ ॥**
**સત્યવતી રાણી તાસ, સત્યકી સૂત નામે ભલોરે લાલ;**
**સિંધુદેશ માંહીં જાણ, વિસાલા નગરી ભૂપતિ નીલોરે લાલ ॥ ૨ ॥**
**ચેટકરાય કરે રાજ, સુભદ્રાસું સુખ ભોગવેરે લાલ;**
**તેહને કન્યા હુઈ સાત, પ્રીત કારણી મોહું ચવેરે લાલ ॥ ૩ ॥**

ભરત ક્ષેત્રમાં એક ગંધાર નામે અતિ મનોહર દેશ છે, ત્યાં વસીપુર નામે એક સુંદર નગર છે, ત્યાં સત્યંધર નામે એક ઉત્તમ રાજા રાજ કરે છે ॥ ૧ ॥ તેને સત્યવતી નામે રાણી છે, તેની કુંખે સત્યકી નામે એક ઉત્તમ પુત્રનો જન્મ થયો છે; વળી સિંધુ નામે દેશમાં એક વિશાલ, નામે નગરી છે, ત્યાં પણ એક સારો રાજા રાજ કરે છે ॥ ૨ ॥ તે રાજાનું નામ ચેટક રાજા છે, તે પોતાની સુભદ્રા નામે સ્ત્રી સાથે હમેશાં કામવિલાસ ભોગવે છે, તેને સાત પુત્રીઓ છે, તે હમેશાં પ્રેમવાળી, અને મીઠી જીભ વાળીઓ છે ॥ ૩ ॥

**મૃગાવતી સુપ્રભા બાલ, પ્રભાવતી ચેલણા ગુણવતીરે લાલ;**
**જ્યેષ્ટા છઠ્ઠી સાર, ચંદના લઘુ સાતમી સતીરે લાલ ॥ ૪ ॥**
**રાજગ્રહી શ્રેણિક ભૂપ, તસ પુત્ર બુદ્ધે આગલોરે લાલ;**
**અભય કુમાર ગુણવંત; પ્રધાન પદ ભોગવે ભલોરે લાલ ॥ ૫ ॥**
**પદમ ચિતારો જેહ, ચેલણા પટ લખી લાવીઓરે લાલ;**
**રૂપ દેખી અચંભ્યોરાય, શ્રેણિક મનમાં ભાવિયોરે લાલ ॥ ૬ ॥**

તેઓનાં નામ મૃગાવતી, સુપ્રભા, પ્રભાવતી, ચેલણા, ગુણવતી, જ્યેષ્ટા તથા સર્વથી નાની ચંદના નામે છે, અને તે સાતે પુત્રીઓ સતી સમાનં છે ॥ ૪ ॥ હવે રાજ-

શ્રહી નામે નગરીમાં શ્રેણિક નામે રાજા છે, તેને મહા બુદ્ધિવાન અભયકુમાર નામે ગુણવાન પુત્ર છે, અને તે રાજાના પ્રધાનની પદવી ભોગવે છે ॥ ૫ ॥ એક વખતે પદમ નામે કોઈ ચિતારો ચેલણાની છબી આબેહુબ ચિતરીને શ્રેણિક રજા પાસે લાવ્યો, તેનું રૂપ જોઇ રાજા આશ્ચર્ય સહીત મનમાં તેણિનાં પર મોહ પામ્યો. ॥૬॥

શ્રેણિક લેઈ આદેશ, અભય કુમાર ઉદ્યમ કરીરે લાલ;
શ્રેણિક પટ લખી રૂપ, વણઝારા વેશે બલદ ભરીરે લાલ ॥ ૭ ॥
વિશાલા નગરી ઉદ્યાન, જીન ભુવને જઇ ઉતર્યોરે લાલ;
ચેલણા જ્યેષ્ટા આવી તામ, જિન પ્રતિમા વંદન કર્યોરે લાલ ॥ ૮ ॥
કુમરે પ્રસાર્યો પટ તામ, રૂપ જોઈ કન્યા વિવલ હુઇરે લાલ;
આ ભવે એ ભરતાર, ચેલણા કુમરી એમ લવીરે લાલ ॥ ૯ ॥

પછી અભયકુમાર મંત્રિ રાજાનો હુકમ લઇ, જાત મેહેનતથી શ્રેણિક રાજાની છબી ચિતરીને પોઠ ભરી વઝારાનો વેશ લઇ ચાલ્યો ॥૭॥ તે વિશાલા નગરીના બગિચામાં કે જ્યાં એક જિન મંદિર હતું ત્યાં ઉતર્યો, ત્યાં આગળ ચેલણા અને જ્યેષ્ટા બન્ને બેનો જિનેશ્વરનાં દર્શન કરવા આવી ॥ ૮ ॥ તે વખતે અભયકુમારે તે (શ્રેણીક રાજાની) ચિત્ર (છબી) ખુલ્લુ મુકયું તે જોઈ તેમાં રહેલી શ્રેણિકની છબીના રૂપથી ચેલણા કામાતુર થઇ કહેવા લાગી કે, આ ભવમાં તો મારો એજ ભરતાર થજો ? ૯

અભય કુમર ભણે તામ, તુમ મેલું શ્રેણિક ભૂપતિરે લાલ;
સુરંગમાં થઈ આવજો દેવ, અમે લેઇ જાશું તુમ સતીરે લાલ ॥ ૧૦ ॥
કુમરી ઘર ગઇ દોય, ચિંતાતુર થઇ બાલિકારે લાલ;
શ્રેણિક વર મન ધાર, શૃંગાર પેહેરી ઉજમાલિકારે લાલ ॥ ૧૧ ॥
આવી વન વિસાલ, બીજે દિને બેહુ બેનડીરે લાલ;
ટાલું સોકનું સાલ, ચેલણાએ ચિંતવ્યું તિણ ઘડીરે લાલ ॥ ૧૨ ॥

ત્યારે અભયકુમારે કહ્યું કે, હે સતી તમોને આ શ્રેણિક રાજાનો મેળાપ કરાવી આપીશ, તમારે મારી સાથે એક ભોંયરામાં થઇને આવવું પડશે ॥ ૧૦ ॥ પછી ત્યાંથી તે બન્ને કુંવરીઓ ઘેર જઇ વિચારવા લાગી; અને પછી આનંદથી સઘળા અલંકાર પેહેરીને એક શ્રેણીકનું ધ્યાન ધરવા લાગી ॥ ૧૧ ॥ પછી બીજે દિવસે તેઓ બન્ને કુમારિકાઓ, મોટા ઉદ્યાન (વન) માં આવી તે વખતે ચેલણાએ વિચાર્યું કે, મારી સોકનું સાલ કહાડું તો ઠીક, એમ વિચારિને જ્યેષ્ટાને કહેવા લાગી કે, ૧૨

અમ વિસરિયાં બાઇ, ચેલણા કહે જ્યેષ્ટા સુણોરે લાલ;
ઉતાવલાં તુમે જાઈ, આભરણ લાવો અમ તણાંરે લાલ ॥ ૧૩ ॥
લેવાને તવ જામ, જ્યેષ્ટા જવ પાછી વલીરે લાલ;
આવી સહીયરને ઠામ, ચેલણાં તવ આવી મલીરે લાલ ॥ ૧૪ ॥
અપહરી અભય કુમાર, લાવ્યો નિજપુર ઠામમાંરે લાલ;
શ્રેણિક ચેલણા દોય, પરણાવ્યાં ઉછરંગમાંરે લાલ ॥ ૧૫ ॥

હે બેહેન હું મારા કેટલાંક ઘરેણાં ત્યાં ઘેર ભુલી ગઇ છું, તે તમે જઇને તુરત લેઇ આવો તો ઠીક ॥ ૧૩ ॥ તેથી જ્યેષ્ટા પોતાની બેહેનનાં ઘરેણાં લેવાને તેણિને સ્થાનકે જ્યારે પાછી વળી, ત્યારે ચેલણા આવીને અભયકુમારને મળી ॥ ૧૪ ॥ પછી અભયકુમાર તેણિને લઇ પોતાના નગરમાં આવ્યો, અને ઘણા હર્ષ સહિત શ્રેણિક રાજા સાથે તેને પરણાવી ॥ ૧૫ ॥

આભરણ જ્યેષ્ટા લેય, આવી તેણે ઠામે વહીરે લાલ;
ચેલણાને વનમાંહીં, જોઈ જામ દેખે નહીંરે લાલ ॥ ૧૬ ॥
આવી જિનને ગેહ, દુખ કરી પાછી વલીરે લાલ;
એણે મુજ દેહનો નેમ, પરણવા સંયમ ભલીરે લાલ ॥ ૧૭ ॥
જ્યેષ્ટાએ તવ જામ, દીક્ષા લીધી રૂયડીરે લાલ;
શાસ્ત્ર શીખી તામ, જસોમતી બાઈ પાસે ખડીરે લાલ. ॥ ૧૮ ॥

હવે જ્યેષ્ટા પણ તુરત ઘરેણા લઇને વનમાં આવી, પણ ત્યાં ચેલણાને તેણિએ જોઇ નહીં ॥ ૧૬ ॥ પછી જ્યેષ્ટા જિન મંદિરમાં જઈ ત્યાંથી પાછી વળીને, દુઃખી થતી ઘેર આવી વિચારવા લાગી કે, હવે તો મારે આ દેહને સંયમ સાથે પરણાવવું છે. (અર્થાત દીક્ષા લેવી છે એવો નેમ લીધો) ॥ ૧૭ ॥ પછી જ્યેષ્ટા જસોમતી નામે સાધ્વીની પાસે દીક્ષા લઇને, ખંતથી શાસ્ત્ર સિદ્ધાંતો શીખી ॥ ૧૮ ॥

જ્યેષ્ટાની જે વાત, સાતકી રાજાએ સાંભલી રે લાલ;
હુવો ભોગનો ઘાત, મુજ દેવી બોલી હતી રે લાલ ॥ ૧૯ ॥
આવ્યો તે મનમાંહીં, પરણવાનો નેમ કરી રે લાલ;
દીક્ષા લીધી ત્યાંહિં, સમાધિ ગુપ્તિ ગુરૂ પય ધરી રે લાલ ॥ ૨૦ ॥
ઓગણીસમી કહી ઢાલ, ખંડ બીજાની એ સહી રે લાલ;
રંગવિજયનો શિષ્ય, નેમવિજય કહે મેં કહી રે લાલ ॥ ૨૧ ॥

હવે તે જ્યેષ્ટાની સાતકી રાજાને એવી રીતની ખબર મળવાથી તે વિચાર કરવા લાગ્યો કે, દેવીના બોલવા પ્રમાણે મારા ભોગમાં ભંગ પડ્યો ॥ ૧૯ ॥ પછી તે રાજાએ ત્યાંથી મનમાં પરણવાનો નેમ કરીને, ગુરૂ પાસે સમાધિ સહીત તથા ત્રણ ગુપ્તિ સહીત દીક્ષા લીધી ॥ ૨૦ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે બીજા ખંડની ઓગણીસમી ઢાળ સંપૂર્ણ કહી. ॥ ૨૧ ॥

## दुहा.

સાતકી મુનિ તપ આદરે, પાલે પંચાચાર; ધ્યાન ધરે અતિ નિરમલું, ગિરિ ગુફા મોઝાર ॥૧॥ મહાવીર ચોવીસમો, તીર્થંકર તે સ્વામ; બાઈ સઘલી તે વાંદવા, આવે છે તે ધામ ॥ ૨ ॥ અકાલ મેઘ તવ ઉમટયો, ગાજ વીજ અપાર; વરસાદ વરસે સબ્વડે, હુવો ઘણો અંધકાર ॥ ૩ ॥

હવે તે સાતકી મુનિ પંચ મહાવ્રત સહિત તપ કરે છે, તથા પર્વતની ગુફામાં રહી નિર્મળ ધ્યાન ધરે છે ॥ ૧ ॥ હવે એક વખત તે જગોએ ચોવિસમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામિ સમોસર્યા, તેને વાંદવા વાસ્તે તે જગોએ સઘળી સાધવીઓ જાવા લાગી ॥ ૨ ॥ એટલામાં તે વખતે અકાળે વર્ષાદ વરસવા લાગ્યો, તેમ ગાજવીજ પણ થવા લાગી, અને ઘણા અંધકાર સહિત મુસલ ધારાએ વરસાદ વરસવો શરૂ થયો. ૩

ચિહું દિશિ નાઠી આર્જિકા, ભય પામી તેણુ ઠાર; જ્યેષ્ટા તવ નાશી ગઇ, ગિરિ ગુફા મોઝાર ॥ ૪ ॥ અંધકાર અધિકો થયો, મુનિજન દીઠો જામ; ભીનાં વસ્ત્ર મુકી કરી, નીચો વે તેણુ ઠાંમ ॥ ૫ ॥ સાતકીયેં દેખી કરી, જ્યેષ્ટાનો વલી અંગ; ચિત્ત ચલ્યું મુનિવર તણું, કીધો સીલનો ભંગ ॥ ૬ ॥

તે જોઇ સઘળી સાધવીઓ ભયભીત થઇને ચારે ફેરે ભાગવા લાગી, તે વખતે જ્યેષ્ટા પણ તે પર્વતની ગુફામાં (જ્યાં સત્યકી મુનિ તપસા કરે છે તે ન જાણુતાં ત્યાં) પેઠી ॥ ૪ ॥ ત્યાં અંધકાર હોવાથી તેણીએ મુનિને નહીં દેખવાથી, પોતાનાં ભીના વસ્ત્રો કહાડીને તે નીચોવવા લાગી ॥ ૫ ॥ તે વખતે તે સત્યકી રૂષિનું ચિત્ત જયેષ્ટાનું નગ્ન અંગ જોવાથી ચલાયમાન થયું, તેથી પોતાના શિયલનો ભંગ કર્યો. અર્થાત તેની સાથે ભોગ વિલાસ ભોગવ્યો ॥ ૬ ॥

ઉદરે ઓધાન ઉપનો, જ્યેષ્ટા ગઇ તવ જામ; પુનરપિ દીક્ષા ગુરૂકને, લીધી સાતકી તામ ॥ ૭ ॥ ચિન્હ જાણ્યાં જ્યેષ્ટા તણાં, જશોમતીએ તામ; ચેલણાં ઘર આણી કરી, આપી તેહને નામ ॥ ૮ ॥ ઉપાસનાં અધિકી કરે, ટાલી શાસન લાજ; સમકિત સુધું દ્રઢ ધરે, એહ ભવિના કાજ. ॥ ૯ ॥ નવ માસ વડે જનમીયો, જ્યેષ્ટાએ સુત જામ; ચેલણાએ સુત પ્રસવીયો, રાજા બોલે તામ ॥ ૧૦ ॥

જ્યેષ્ટાને ગર્ભ રહ્યો અને તે ત્યાંથી ગઈ ત્યાર પછી સાતકી રૂષિએ ગુરૂ પાસે જઇને ફરી દીક્ષા ગ્રહણ કરી ॥ ૭ ॥ હવે જશોમતી સાધ્વીએ, જ્યેષ્ટાના ગર્ભનાં લક્ષણો જાણીને ચેલણાને ઘેર લાવી તેને સોંપી ॥ ૮ ॥ હવે અહીં ચેલણા પણ જૈન શાસનની લજ્જા ટાલીને પણ તેણીની (જ્યેષ્ટાની) ઘણીજ આસના વાસના કરે છે; વળી સમ્યકત્વ પણ રૂડી રીતે પાળે છે; એ ભવિના (મોક્ષ ગામિ જીવના) લક્ષણો જાણવા ॥ ૯ ॥ પછી નવ મહીના સંપૂર્ણ થવાથી જ્યેષ્ટાએ એક પુત્રને જન્મ આપ્યો; ત્યારે રાજાએ ગામમાં એમ જાહેર કર્યું કે, ચેલણા રાણીને પુત્ર આવ્યો છે. ૧૦

## ઢાલ વીસમી.

બે કોઇ આણુ મેલાવે સાજના, સાજનાં બેગલે લાગનાં બે.—એ દેશી.

શ્રેણિક તવ મહોચ્છવ કર્યો, દીધાં બોહોલાં દામહો;
પુત્ર જનમ જણાવીયો, લોકમાંહી તામહો;
હો સાજન વાત સુણો ઇસી. એ આંકણી ॥ ૧ ॥

નંદન તવ મોટો હુવો, હીંડે તે અન્યાય હો;
રૂદ્ર ભાવ કરે પર તણાં, પુત્રને દેઇ થાય હો. હો૦ ॥ ૨ ॥
રાણીએ રૂદ્ર નામ કહ્યું, લોક તે જપે તામ હો;
રૂદ્ર નામ કહે છોકરાં, નાસે ઠામો ઠામ હો. હો૦ ॥ ૩ ॥

હે સજ્જન પુરૂષો તમે સાંભળજો; શ્રેણિક રાજાએ મહોત્સવ કરી ઘણું ધન દાનમાં દઇ લોકમાં જાહેર કર્યું કે, રાજાને ઘેર પુત્રનો જન્મ થયો છે ॥ ૧ ॥ હવે અનુક્રમે જ્યારે તે પુત્ર મોટો થયો, ત્યારે તે ખોટે રસ્તે ચાલવા લાગ્યો, તથા બુરા કામ કરી બીજાના છોકરાઓને મારવા લાગ્યો ॥ ૨ ॥ રાણીએ તેનું રૂદ્ર એવું નામ પાડયું, તેથી લોકો પણ તેને તેજ નામથી ઓળખવા લાગ્યા; અને તેનું નામ લેતાં પણ છોકરાં જગોએ જગોએ નાસવા લાગતા ॥ ૩ ॥

ઢીંકે પાટું ચાબખે, મારે તેહ અપાર હો;
દુષ્ટ પણે દંડે હણે, લોક પાડે પોકાર હો. હો૦ ॥ ૪ ॥
ચેલણાને આવી કહ્યું, બહુ લોકે મલી તામ હો;
રાણી મનમાંહી ચિંતવે, એહને નહીં કોઇ ઠામ હો. હો૦ ॥ ૫ ॥
અણાચારથી ઉપન્યો, કેમ હોએ તે સંતહો;
દૂધે સિંચો જેમ લીંમડો, કેમ હોએ તે મહંત હો. હો૦ ॥ ૬ ॥

વળી તે લોકોને મુક્કી, પાટુ, તથા ચાબખા અને લાકડીથી મારવા લાગ્યો; તેના એવા ખરાબ આચરણથી લોકો બુમો પાડવા લાગ્યા ॥ ૪ ॥ પછી ઘણાં લોકોએ એકઠા થઈ તે વાત ચેલણાને જાહેર કરી, ત્યારે રાણી વિચારવા લાગી કે આનું (રૂદ્રનું) કંઇ ઠેકાણું પડતું નથી ॥ ૫ ॥ કારણ કે અનાચાર સેવવાથી તે ઉત્પન્ન થયો છે, માટે તે ભલો કયાંથી નીવડે? કારણ કે દૂધેથી સિંચાએલો લિંબડો ઠીક પણ પોતાની કડવાસ તજતો નથી ॥ ૬ ॥

રીસ કરી રાણી કહે, સાંભળ પાપી જાતહો;
કુણ તન કુણે જનમાવેો, કોણ તાહરો તાતહો. હો૦ ॥ ૭ ॥
સાંભલીને રૂદ્ર ચિંતવે, એહ કારણ છે કેસુંહો;
શ્રેણિકને આવી કહ્યું, અમે તો નહીં જમેસુંહો. હો૦ ॥ ૮ ॥
મુજ માતા પિતા કહો, કારણ શું છે એહહો;
રાજાએ માંડીને કહ્યું, સહુ વિત્યું તેહહો. હો૦ ॥ ૯ ॥

પછી એક દિવસ ચેલણાએ ક્રોધ કરી રૂદ્રને કહ્યું કે, હે પાપીયા, તું કોનો પુત્ર છે? કોણે તને જન્મ આપ્યો છે? તથા તારો બાપ પણ કોણ છે? ॥ ૭ ॥ તે સાંભળી રૂદ્ર વિચારવા લાગ્યો કે આ તે શું? પછી શ્રેણિક પાસે આવીને તેણે કહ્યું કે મારે તો આજ જમવું નથી ॥ ૮ ॥ મારા માબાપ કોણ છે? તથા આ સઘળી વાતનો શું ભેદ છે? તે સાંભળી રાજાએ જે વાત બની હતી તે સઘળી અથથી તે ઇતિ સુધી સંભળાવી ॥ ૯ ॥

તવ રૂદ્ર તિહાં ગયો, જ્યાં છે પિતા ઠામહો;
સાતકી મુનિ પિતાકને, લીધી દીક્ષા તામહો. હો૦ ॥ ૧૦ ॥
સિધાંત શાસ્ત્ર શિખે ઘણું, ભણે અંગ અગ્યારહો;
દશ પૂરવ પાઠે કર્યા, લીધી વિદ્યા સારહો. હો૦ ॥ ૧૧ ॥
વડી વિદ્યા વસુધા ભલી, જાણે તે સત પંચહો;
લઘુ વિદ્યા છે સાતસેં, બોલે તે વળી સંચહો. હો૦ ॥ ૧૨ ॥

પછી રૂદ્રે ત્યાંથી પોતાના પિતા સાતકી મુનિને સ્થાનકે જઇ તેની પાસે દીક્ષા લીધી ॥ ૧૦ ॥ ત્યાં કેટલાંક સિદ્ધાંત શાસ્ત્રો તથા અગ્યારે અંગ ભણ્યો, વળી દશે પૂર્વ પણ મોહેડે કરીને સઘળી ઉત્તમ વિદ્યાઓ મેળવી ॥ ૧૧ ॥ આ જગતમાં રહેલી પાંચસે મોટી વિદ્યાઓ તે ભણ્યો, વળી સાતસો તો નાની વિદ્યાઓનો તેણે સંગ્રહ કર્યો (શિખ્યો) ॥ ૧૨ ॥

પુણ્ય પ્રભાવે તુમ તણે, સિધાં સહુ અમે આજહો;
કર જોડી વિદ્યા ભણે, કાંઇ દિયો અમ કાજહો. હો૦ ॥ ૧૩ ॥
રૂદ્રે વિદ્યા વશ કરી, રાખી સહુ જામહો;
ગોકરણ ગિરિ આવે ઘણા, શ્રાવક અભિરામહો. હો૦ ॥ ૧૪ ॥
સાતકી મુનિવર વાંદવા, શ્રાવક બહુ આવ્યારે;
વાઘ સિંહ રૂપ રૂદ્રે કરી, ઘણો ત્રાસ પડાવ્યારેહો. હો૦ ॥ ૧૫ ॥

પછી એક દિવસ સઘળી વિદ્યાઓ હાથ જોડી તેને કહેવા લાગી કે, તમારા પુણ્ય પસાયે અમે સઘળાઓ તમારી સેવામાં હાજર છીએ, માટે અમોને કંઇ કામ સોંપો ॥ ૧૩ ॥ હવે એવી રીતે રૂદ્રે સઘળી વિદ્યાઓને વશ કરીને તેણે પોતાની પાસે રાખી; ત્યાં પર્વતમાં કેટલાક શ્રાવકો વીગેરે આવવા લાગ્યા ॥ ૧૪ ॥ એક વખત સાતકી મુનિને વાંદવાને ઘણાં શ્રાવકો આવ્યા, તે વખતે રૂદ્રે વાઘ અને સિંહનું રૂપ કરી તેઓને ઘણો ભય પમાડ્યો ॥ ૧૫ ॥

સાતકી મુનિવર એમ ભણે, રૂદ્ર સાંભલો આજહો;
દુષ્ટ ચેષ્ટા તું કાં કરે, નહીં તુજને લાજહો. હો૦ ॥ ૧૬ ॥
નારી નિમિત્ત તુજ તપ તણો, હોસે તેહનો ભંગ હો;
સાંભલીને રૂદ્ર વેગે ગયો, કૈલાસ ગિરિ ઉત્તંગ હો. હો૦ ॥ ૧૭ ॥
આતાપન જોગે રહ્યો, કૈલાસ ગિરિએ જામ હો;
અવર કથા તુમે સાંભલો કહેશું તે અભિરામ હો. હો૦ ॥ ૧૮ ॥

તે જોઇ સાતકી મુનિવરે તેને ઠપકો આપ્યો કે, હે રૂદ્ર આવી ખરાબ ચેષ્ટા કરવાથી તને શરમ નથી લાગતી ॥ ૧૬ ॥ આ તારા તપનો સ્ત્રીનો નિમિત્તે ભંગ થશે; તે સાંભળી રૂદ્ર ત્યાંથી એકદમ ઉઠીને કૈલાસ નામે ઉંચા ડુંગરાપર ગયો ॥ ૧૭ ॥ ત્યાં કૈલાસનાં શિખર ઉપર સૂર્યની આતાપના લેતો થકો તે જોગમાં રહેવા લાગ્યો; હવે તેની બીજી મનોહર કથા કહેશું, તે તમે હે શ્રોતાજનો સાંભળજો. ॥૧૮॥

વિજયારધ પર્વત અછે, દક્ષણ શ્રેણિ જાણી હો;
ત્રિપુર નગર રાજા હેમરથ, તસ મનોરમાં રાણી હો. હો૦ ॥ ૧૯ ॥
પ્રથમ પુત્ર તે દેવદારૂ, બીજા વિધુત નામ હો;
રાજ્યે થાપી દેવદારૂને, દીક્ષા લીધી તામ હો. હો૦ ॥ ૨૦ ॥
ખંડ બીજાની ઢાલ વીશમી શ્રોતાજનને કાજ હો;
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજય લહે લાજ હો. હો૦ ॥ ૨૧ ॥

હવે વિજયાર્ધ નામના પર્વતની દક્ષિણ તરફની હારમાં એક ત્રિપુર નામે શેહેર છે, ત્યાં હેમરથ રાજા, અને તેની મનોરમાં નામે રાણી છે ॥ ૧૯ ॥ તેને એક દેવદારૂ અને બીજો વિધુત નામે પુત્ર છે, તેમાં રાજા રાણીએ દેવદારૂને ગાદીએ બેસાડી પોતે દીક્ષા લીધી ॥ ૨૦ ॥ એવી રીતે સાંભળનારા માણસો વાસ્તે બીજા ખંડની વીસમી ઢાલ કહી, રંગવિજયજીનો શિષ્ય નેમવિજય કહે છે કે, આવી વાતો કરતાં અમને ઘણી શરમ આવે છે ॥ ૨૧ ॥

## दुहा.

હેમરથ બહુ તપ કરે, પાલે પંચાચાર; રાજ કરે તે રૂઅડો, દેવદારૂ કુમાર ॥ ૧ ॥ વિધુતે વિશ્વાસ કરી, તવ માંડયો સંગ્રામ; વડો ભાઈ છંડાવીયો, નિજ રાજ્યનો ઠાંમ ॥ ૨ ॥ કૈલાસે નાશી ગયો, દેવદારૂ કુમાર; દ્રવ્ય કુટુંબ વિમાન રચી, આવ્યો સહુ પરિવાર ॥ ૩ ॥

હવે હેમરથ મુનિ પંચ મહાવ્રત સહિત, તપસ્યા કરે છે, અને દેવાદારૂ કુંવર સારી રીતે રાજ્ય ચલાવે છે ॥ ૧ ॥ તે વખતે વિધુત કુમારે વિશ્વાસઘાત કરીને મોટા ભાઇ સાથે યુદ્ધ કર્યું, તથા તેને હરાવીને તેનું રાજ્ય પોતે ખુંચવી લીધું ॥ ૨ ॥ હવે તે દેવદારૂ કુમાર ત્યાંથી પોતાના પરિવાર સહિત નાશીને, સઘળું દ્રવ્ય લઇ વિમાનમાં બેશીને કૈલાસ પર્વત ઉપર આવ્યો ॥ ૩ ॥

આઠ કન્યા તસ રૂયડી, રૂપે રંભા સમાન; રમલ કરતી સરોવરે, ગઈ કરવાને સ્નાન ॥ ૪ ॥ આભરણ વસ્ત્ર મૂકી કરી, અંઘોલ કરવા તામ; રૂદ્રે દીઠી રૂયડી, કન્યા રૂપ નિધાન ॥ ૫ ॥ તે દેખી વિહ્વલ થયો, કામે પીડયો અપાર; વિદ્યાએ વેગે કરી, હર્યાં વસ્ત્ર સણગાર ॥ ૬ ॥

તે દેવદારૂની રંભા સમાન રૂપાળી આઠ કન્યાઓ, એક દિવસ ક્રીડા કરતી કરતી તળાવમાં નાવાને ગઇ ॥ ૪ ॥ ત્યાં તે સઘળી કન્યાઓ પોતાનાં વસ્ત્રાલંકાર એક બાજુપર મૂકીને, નાવા લાગી, તે વખતે રૂદ્રે તે રૂપનાં ભંડાર સમાન કન્યાઓને દીઠી ॥ ૫ ॥ તેઓને જોઈ કામાતુર થવાથી, તેણે એકદમ પોતાની વિદ્યાથી તેઓનાં વસ્ત્રાલંકાર વિગેરે હરી લીધાં ॥ ૬ ॥

કન્યા કહે મુનિવર સુણો, અમ દેહનો શણગાર; તુમે છતાં કેણે અપહર્યાં, કીહાં છે સ્વામિ સાર ॥ ૭ ॥ રૂદ્ર મુનિ તવ એમ ભણે, સાંભળજો તુમે બાલ; અંગિકાર કરો અમ તણો, તો આપું સુવિસાલ ॥ ૮ ॥ કન્યા કહે મુનિ સાંભલો, કેમ લોપીયે લાજ; અમે વિદ્યાધર બેટડી, પીતા અણપૂછયાં કાજ ॥ ૯ ॥ રૂદ્ર કહે કન્યા સુણો, પિતા ભણી પૂછો આજ; વસ્ત્ર વિભૂષણ તુમ તણાં, લેઈ કરજો કાજ ॥ ૧૦ ॥

ત્યારે કન્યાઓ તેને કહેવા લાગી કે, હે મુનિવર તમો બેઠાં છતાં અમારાં વસ્ત્રો કોણે હરી લીધાં? તે અમોને બતાવો? ॥ ૭ ॥ તે સાંભળી રૂદ્રે કહ્યું કે, હે બાલિકાઓ, જો તમો મને તમારા ભરતાર તરીકે કબુલ કરો, તો હું તમારાં વસ્ત્રાલંકારો આપું ॥ ૮ ॥ તે સાંભળી કન્યાઓ કહેવા લાગી કે, હે મુનિ, અમે અમારી લજ્જા કેમ છોડીયે? વળી અમે વિદ્યાધરની પુત્રીઓ પિતાને પૂછયા વિનાં તે વાત શી રીતે અંગીકાર કરીએ? ॥ ૯ ॥ ત્યારે રૂદ્રે કહ્યું કે, હે કન્યાઓ તમો આજે તમારા પિતાને પૂછી જોજો, અને આ તમારાં વસ્ત્રાભૂષણો લેઇ જાઓ ॥ ૧૦ ॥

## ढाल एकवीसमी.

કરેલડાં ઘર વેરો—એ દેશી.

કુમરી તે તવ તિહાં ગઈ, પીતા તણે તે પાસ;
વાત વિચારિ સહુ કહી, વિવાહની તે આસ;
સુગુણ જન સાંભલોરે—એ આંકણી ॥ ૧ ॥
વિદ્યાધર દેવ દારૂએ, મોકલ્યા તવ પ્રધાન;
રૂદ્ર પાસે આવી કહે, સાંભલજો સાવધાન ॥ સુ૦ ॥ ૨ ॥
વિદ્યુત વિદ્યાધર અમ તણો, મોટો રિપુ રાજ;
રાજ લિધું છે અમ તણું, તેહને મારો આજ ॥ સુ૦ ॥ ૩ ॥

હે ગુણવાન માણસો તમો સાંભળજો? હવે તે કુંવરીઓ ત્યાંથી પોતાના પિતા પાસે ગઇ; અને તેને સઘળી બનેલી વિવાહની વાતો કહી સંભળાવી ॥ ૧ ॥ ત્યારે દેવદારૂ વિદ્યાધરે પોતાના પ્રધાનને મોકલી રૂદ્રને જે કહેવરાવ્યું તે તમેં સાવચેતીથી સાંભળજો ॥ ૨ ॥ અમારો એક મોટો શત્રુ વિદ્યુત વિદ્યાધર નામે છે, તેણે અમારૂં રાજ્ય લઈ લીધું છે, માટે આજે તમો તેનો નાશ કરો ॥ ૩ ॥

કાજ કરો જો અમ તણો, કન્યા દેશું તેહ;
રૂદ્રે તવ તેહને કહ્યું, કાજ કરીશું એહ ॥ સુ૦ ॥ ૪ ॥
વિદ્યાયે વિમાન રચી, કરી કટક અપાર;
વિજયાર્ધે વેગે જઈ માંડયું જુદ્ધ ઝુઝાર ॥ સુ૦ ॥ ૫ ॥
વિદ્યુત તવ સામો થયો, કરે સૂર સંગ્રામ;
રૂદ્રે રૂપ ઘણાં કરી, ફેડયો તેહનો ઠામ ॥ સુ૦ ॥ ૬ ॥

તે અમારૂં કામ જો તમે કરી આપો, તો તમોને આ કન્યાઓ પરણાવશું, તે સાંભળી રૂદ્રે કહ્યું કે, તે તમારૂં કામ હું ખુસીથી કરી આપીશ ॥ ૪ ॥ પછી રૂદ્રે ત્યાંથી પોતાની વિદ્યાનાં બળે કરી, બિમાન તથા મોટું લશ્કર બનાવીને ઉતાવળે વિજયાર્ધમાં જઈ લડાઇ મચાવી ॥ ૫ ॥ તે વખતે વિદ્યુત વિદ્યાધર તેના સામો થઈ લડાઈ કરવા લાગ્યો, પણ રૂદ્રે પોતાનાં ઘણાં રૂપો કરીને તેને હરાવ્યો ॥ ૬ ॥

**વિદ્યાયે વિભાંડીયો, સહુનો કીધો ઘાત;**
**ત્રિપુર નગર તેણે જાલીયું, લઘુ માર્યો તિહાં ભ્રાત ॥ સુ૦ ॥ ૭ ॥**
**દેવદારૂ રાજે ઠવી, કીધો અતિ ઉચ્છાહ;**
**વિદ્યાધર સહુ ભેટીયા, માંડયો તિહાં વિવાહ ॥ સુ૦ ॥ ૮ ॥**
**કુમરી પરણી આઠ તે, રૂદ્રે રૂપવંતી નાર;**
**અપર કન્યા પરણી ઘણી, નવિ જાણું તેહનો પાર ॥ સુ૦ ॥ ૯ ॥**

ત્યાં તેણે વિદ્યાનાં બળથી સર્વેનો નાશ કરીને, ત્રિપુર નગર કબજ કર્યું, (લેઇ લીધું) અને દેવદારૂના નાના ભાઇ વિદ્યુતનો નાશ કર્યો ॥ ૭ ॥ અને ત્યાં અતિ આનંદ પૂર્વક દેવદારૂને ગાદીએ બેસાડ્યો, પછી ત્યાં સઘળા વિદ્યાધરોએ આવી એક બીજાને મળી મેઢીને રૂદ્રના વિવાહનો પ્રારંભ કર્યો ॥ ૮ ॥ ત્યાં રૂદ્રે તે આઠે કુંવરીઓને પરણી, અને પછી બીજી તો તેણે અનેક કન્યાઓ પરણી છે, કે જેનો કહેતાં પાર પણ આવે નહીં ॥ ૯ ॥

**સબલ કામ સેવા ભણી, રૂદ્રે નહીં સંતોષ;**
**જે જે કામની ભોગવે તે તે પામે દોષ ॥ સુ૦ ॥ ૧૦ ॥**
**મરણ પામી તે અતિ ઘણી, રૂદ્રે માંડચો અન્યાય;**
**વિદ્યાધર મારી કરી, પરણ્યો કન્યા જાય. સુ૦ ॥ ૧૧ ॥**
**કન્યાનો તેણે ક્ષય કર્યો, નવિ લાભે કો પાર;**
**હેમાચલ રાજા ભલો, વિદ્યાધરનો સાર. સુ૦ ॥ ૧૨ ॥**

રૂદ્રને કામનો સંતોષ નહીં હોવાથી, સ્ત્રીઓને બહુ બળ પૂર્વક સેવવાથી જે જે સ્ત્રીઓને તે ભોગવે તે સઘળી મૃત્યુ પામે ॥ ૧૦ ॥ તેના એવા અન્યાયથી ઘણી સ્ત્રીઓ મરણ પામી, પછી તે વિદ્યાધરોને મારીને તે ઘણી કન્યાઓ પરણે તેને મારતો જાય, અને બીજી પરણતો જાય ॥ ૧૧ ॥ એવી રીતે તેણે અપાર કન્યાઓનો નાશ કર્યો, તે વખતે વિદ્યાધરમાં મોટો એવો હેમાચલ નામે રાજા છે ॥ ૧૨ ॥

**તસ નારી છે રૂયડી, મીનાં તેહનો નામ;**
**પુત્રી પારવતી તસ તણી, રૂપે રંભા સમાન: સુ૦ ॥ ૧૩ ॥**
**પારવતી પરણી કરી, રૂદ્રે આણી તામ;**
**કામ ભોગ તેહ સું કરે, પામે સુખ સુધામ. સુ૦ ॥ ૧૪ ॥**
**પારવતીસું સંગ કરી, ઉઠયો રૂદ્ર તે જામ;**
**અપવિત્ર અંગે પૂજતાં, નાઠી વિદ્યા તામ. સુ૦ ॥ ૧૫ ॥**

તેને એક મેનાં નામે ઉત્તમ સ્ત્રી છે, તથા તેણીને કુંખે જન્મેલી રંભા સરખી રૂપાળી પાર્વતી નામે પુત્રી હતી ॥ ૧૩ ॥ તે પાર્વતી સાથે રૂદ્રે લગ્ન કર્યું, અને તેની સાથે સુખેથી ભોગવિલાસ કરવા લાગ્યો ॥ ૧૪ ॥ એક વખત પાર્વતી સાથે ભોગવિલાસ ભોગવ્યા બાદ મલીન અંગથી પૂજા કરતાં તેની સઘળી વિદ્યાઓ નાશી ગઇ ॥ ૧૫ ॥

પ્રમા નામે વિદ્યા ગઇ, રૂદ્રે રચ્યો ઉપાય;
પ્રાતમા કીધી તસુ તણી, માંડીને તે ધ્યાય. સુ૦ ॥ ૧૬ ॥
પ્રમા વિદ્યાનો જાપ જપે, રૂદ્ર રચિને ધ્યાન;
વિઘન કરેવું માંડીયું, વિદ્યાને બલતાંન. સુ૦ ॥ ૧૭ ॥
નૃત્યકી નારી રૂપ ધરી, ગીત ગાવે તે સાર;
આકાશે ઉંચી રહી, નાચે વિવિધ પ્રકાર. સુ૦ ॥ ૧૮ ॥

પ્રમા નામની વિદ્યા જવાથી રૂદ્રે તેનો એક ઉપાય શોધી કહાડ્યો, તે વિદ્યાની એક પ્રતિમા કરીને તેનું ધ્યાન ધરવા લાગ્યો ॥ ૧૬ ॥ એવી રીતે ધ્યાન ધરી રૂદ્ર જ્યારે પ્રમા (પ્રજ્ઞા) વિદ્યાનો જાપ કરતો હતો તે વખતે તે વિદ્યાએ તેને વિઘ્ન કરવાનું શરૂ કર્યું ॥ ૧૭ ॥ તે વિદ્યા સ્ત્રીનું રૂપ લઇ ગાયન કરતી, આકાશમાં અધર રહી જુદા જુદા પ્રકારથી મનોહર નાટક કરવા લાગી ॥ ૧૮ ॥

નવ રસ નાટક સાંભલી, તવ ચલીયો તે ધ્યાન;
ઈશ્વર મુખ ઉંચું કરી, જોયું નૃત્યકી તાન. સુ૦ ॥ ૧૯ ॥
ઢાલ એ એકવીશમી, ખંડ બીજાની એહ;
રંગવિજયનો શિષ્ય કહે, નેમવિજયને નેહ. સુ૦ ॥ ૨૦ ॥

નવે રસથી ભરપૂર નાટક જોઇને, રૂદ્રનું ધ્યાન ચલાયમાન થયું, અને તે ઉંચુ મુખ કરી નાટકણીને જોવા લાગ્યો ॥ ૧૯ ॥ એવી રીતે રંગવિજયજીના શિષ્ય નેમવિજયજીએ બીજા ખંડની એકવીસમી ઢાલ પ્રેમ સહિત કહી ॥ ૨૦ ॥

## દુહા.

મોહ પામ્યો નૃત્ય દેખતાં, નાટકી નખ જોઈ તામ; વિદ્યાયે વિપરીત રૂપ કર્યું, નીચું રૂદ્રે દીઠું જામ ॥ ૧ ॥ પ્રતિમાસ્થાને પુરૂષ એક વચન ચાર દીશે તેહ; પાંચમું મુખ ઉંચું ખર તણું, ભુંભુંકાર ભુંકે જેહ. ૨ કઠિણ ચિત્ત રૂદ્રે કરી, કર નખે ખુંચું કપાલ; બ્રહ્મા વિદ્યા નાશી ગઈ, હસ્ત ચોટયું વિકરાલ. ૩

એવી રીતે તેનું નાટક જોઇ રૂદ્ર, તેના નખથી મોહ પામીને નીચું જોવા લાગ્યો, ત્યારે વિદ્યાયે પોતાનું રૂપ બદલી નાખ્યું ॥ ૧ ॥ ત્યારે પ્રતિમાની જગોએ, એક ચાર મુખવાળો પુરૂષ તેણે દીઠો, અને તેનું પાંચમું ઉંચુ ગધેડાનું મુખ હતું, કે જેથી તે ભુંકતો હતો ॥ ૨ ॥ પણ રૂદ્રે હૈયું કઠણ કરીને પોતાના હાથના નખે કરી તેનું કપાળ ફાડવા માંડયું, તે વખતે તે વિદ્યા નાશી ગઇ, અને મહાદેવના હાથમાં તે માથાની તુંબડી ચોટી રહી ॥ ૩ ॥

કપાલિક નામ રૂદ્રનું, તે દિનથી કહે લોક; એકદા રૂદ્ર ગૌરી બેહુ. વિમાન બેસી તજી શોક ॥ ૪ ॥ વણારસી વન જાયતાં, વીર ઉભા ધરી ધ્યાન; ગૌરી શંકરને કહે, તુમ ભાઈ રહ્યા મુકી માન ॥ ૫ ॥ પ્રિય કારણિ સુત સંજમી, તુમે અતિ લંપટ ભૂર; હાસ્ય કરી ઇમ રૂદ્ર ભણે, ધ્યાન કરૂં એહ ચૂર. ૬

અને તે દિવસથી લોકો તેનું કપાલિક નામ કહેવા લાગ્યા. એક દિવસ તે રૂદ્ર અને પાર્વતી શોક છોડીને વિમાનમાં બેઠા ॥ ૪ ॥ ત્યાંથી વાણારસી નગરીના વનમાં ગયા, ત્યાં તેઓએ શ્રી વીર પ્રભુને ધ્યાનમાં જોયા, ત્યારે પાર્વતીએ કહ્યું કે, આ તમારા ભાઈ અહંકાર તજીને ઉભા છે ॥ ૫ ॥ આ તો સઘળાઓને પ્રિય તથા સંજમના ધારણ કરનારા છે, અને તમે તો મહા લંપટ અને વિષયી છો; એવી રીતે પાર્વતીએ રૂદ્રની હાંસી કરવાથી, તેણે કહ્યું કે, હમણાં હું તેના ધ્યાનનો નાશ કરૂં છું ॥ ૬ ॥

રૂદ્રે ઉપસર્ગ માંડીયો, મેઘ વૃષ્ટિ કરી ઘોર; ગાજ વીજ ઘણું ગરગડે, વાઘ સિંહ સર્પ ઘોર ॥ ૭ ॥ વાયુ અને પાષાણની, વૃષ્ટિ કીધી ઘણી વાર; રાત સઘલી ઉપદ્રવ કર્યો, જિન મન ન ચલ્યું લગાર. ૮ પ્રભાતે હુવો શિવ ચિંતવે, મેં પાપી કીધ અકાજ; મેરૂ સરિખો નિશ્ચલ મુનિ, ક્ષમાવંત જિનરાજ. ૯ નિંદા ગુરૂ અતિ ઘણી કરી, મહાવીર ધર્યું નામ; ભક્તિ ભાવે પાય ચાંપીયા, ખર મસ્તક પડયું તામ ॥૧૦ ॥

હવે રૂદ્રે ત્યાં ગાજવિજના ઘણા ગગડાટ સહિત, અત્યંત વર્ષાદ વરસાવ્યો; તથા વાઘ, સિંહ, સર્પ વિગેરેના અનેક ભયંકર ઉપસર્ગો કર્યા ॥ ૭ ॥ વળી, તોફાની પવનની, પથરના વર્ષાદની, વિગેરે આખી રાત પ્રભુ ઉપર વિટંબના કરી, તો પણ જિનેશ્વર પ્રભુનું મન જરા પણ ચલાયમાન થયું નહીં ॥ ૮ ॥ સવાર પડી ત્યારે રૂદ્ર વિચારવા લાગ્યો કે, મેં પાપીએ બહુ ખરાબ કામ કર્યું છે, કારણકે મેરૂ સરખા ધીરજ વાળા, ક્ષમાવંત જિનેશ્વરને મેં ઉપદ્રવ કર્યો છે ॥ ૯ ॥ જેણે મા-હાવીર નામ ધારણ કર્યું છે, એવા આ ગુરૂની મેં બહુ નિંદા કરી છે, એવી રીતે ભાવ સહિત ભક્તિ પૂર્વક મહાવીર પ્રભુના પગને (દાબતાં) સ્પર્શ કરતાંજ તેનું ગધેડાનું માથું તુટી પડયું ॥ ૧૦ ॥

## ઢાલ બાવીસમી.

બેની પ્રીત પુરવ પુણ્યે પામીયે—એ દેશી.

અજ્ઞાની મૂઢે આચર્યું, ચતુર્મુખ બ્રહ્મા તેહહે, સાજન;
બ્રહ્મવિદ્યા નામે જાણજો, જિન સાસન સત્ય એહહે. સા० ॥ ૧ ॥
સુણજો વાત સોહામણી—એ આંકણી.
જિન વાંદી રૂદ્ર ઘરે ગયો, ગોરીસું અતિ બહુ નેહહે; સા०

સાંભળો કામ શું શું કરે, વિદ્યાબલે શંકર તેહહે. સા૦ સુ૦ ॥ ૨ ॥
સસરો સાલો ઘણું પીડીયા, માને ગણે નહીં કેહહે; સા૦
ભ્રાતાએ પારવતીને પૂછીયું, હરથી કેમ રહે વિદ્યા છેહહે. સા૦ સુ૦ ૩

હે સજ્જનો તમે આ ઉત્તમ વાત સાંભળજો. અજ્ઞાની લોકોએ આ બ્રહ્મ વિદ્યાને, ચતુર્મુખ બ્રહ્માનું રૂપ આપી ઇશ્વર તરીકે માન્યું ॥ ૧ ॥ હવે એવી રીતે જિનેશ્વરને વાંદિને રૂદ્ર ઘેર જઇ, પાર્વતી સાથે અત્યંત પ્રેમ ભાવથી વર્તવા લાગ્યો. હવે શંકરે વિદ્યા બળે શું શું કામ કર્યું તે સાંભળજો ॥ ૨ ॥ તેણે પોતાના સસરા, સાળા, વિગેરેને બહુ દુઃખ દીધું તથા તે કોઇને માને કે ગણકારે નહીં, એક દિવસ પાર્વતીના ભાઇએ પાર્વતીને પૂછ્યું કે, રૂદ્રથી વિદ્યા કયે વખતે છેટી રહે છે? ॥૩॥

ગૌરી કહે ભાઈ સાંભલો, સરીર રાખે વિદ્યા પુરહે; સા૦
કામ શેવા શંકર કરે, તવ વિદ્યા રહે દૂરહે. સા૦ સુ૦ ॥ ૪ ॥
ભગની સંતોષી વચન રસે, કુડ રચ્યો ઉપાયહે; સા૦
હર ગૌરી શંકર સમે, ખડગે હણ્યા બેહુ કાયહે. સા૦ સુ૦ ॥ ૫ ॥
ઇશ્વર અધોગતિ પામીયો, વિદ્યાએ વિડંબીયા લોકહે; સા૦
મરકીએ માણસ મરે, રાજ ભૂવન પ્રજા શોકહે. સા૦ સુ૦ ॥ ૬ ॥

પાર્વતીએ કહ્યું કે, હે ભાઇ, તે તો પોતાના શરીરમાં વિદ્યાને પૂરી રાખે છે, પણ જે વખતે તે કામવિલાસ કરે છે, તે વખતે વિદ્યા તેનાથી છેટી રહે છે ॥ ૪ ॥ પછી મીઠા વચનોથી બ્હેનને સંતોષીને, તેણે કપટ કરીને, શંકર અને પાર્વતીના તેવા સમયનો લાગ જોઇ બન્નેને તરવારથી મારી નાખ્યાં ॥ ૫ ॥ ત્યાંથી મરી રૂદ્ર નીચ ગતિ પામ્યો, અને વિદ્યાએ ત્યારથી મરકીનું રૂપ લઇ, લોકોને મારી દુઃખ દેવા માંડયું, અને તેથી રાજ દરબાર તથા પ્રજા વિગેરેમાં દિલગિરિ ફેલાણી ॥૬॥

નિમિત્ત જોઈ નિમિતિઓ કહે, વિદ્યા સંતાપે સારહે; સા૦
આચરણ જેને બેહુ મુઆં, લિંગ ઉપર જલાધારહે. સા૦ સુ૦ ॥ ૭ ॥
શીખામણ એહવી કરે, વિદ્યા સંતોષાયે ચંગહે; સા૦
તવ લોકે સહુ તિમ કર્યું, જોનિ ઉપર ઠવ્યું લિંગહે. સા૦ સુ૦ ॥ ૮ ॥
પુજી પ્રતિષ્ટી વંદીયો, તવ રોગ સોગ ગયા દૂરહે; સા૦
વિદ્યાએ વિઘન નિવારીયાં, સુખ સંતાન ઘર પૂરહે. સા૦ સુ૦ ॥ ૯ ॥

પછી એક જ્યોતિષીએ જોસ જોઇ લોકોને કહ્યું કે, વિદ્યા નડે છે, માટે જે કામ કરતાં તેઓ બન્ને મૃત્યુ પામ્યા છે, તે લિંગ ઉપરે જલાધારિ કરવાથી વિદ્યાનો સંતાપ નાશ પામશે ॥ ૭ ॥ અને લોકોને કહ્યું કે તેમ કર્યાથી વિદ્યા ખુશી થશે; પછી ત્યારથી લોકોએ તેનું લિંગ યોનિમાં સ્થાપન કરી પૂજવા માંડયું ॥ ૮ ॥ એવી રીતે પ્રતિષ્ટા કરીને તેની સેવા કરીને વંદણા કરી, ત્યારે રોગાદિ દુઃખ સર્વે નાશ પામ્યું, અને એ વિઘ્ન (ઉપદ્રવ) વિદ્યાએ વિદારવાથી લોકો ભરપુર સુખ પામ્યા અને પુત્રાદિથી ઘર ભરાઇ ગયા ॥ ૯ ॥

હસ્ત પાય મસ્તક નહીં, જલાધારી માંહે લિંગહે; સા૦
નિર્લજ લોક લાજે નહીં, બીલી ધંતુરો ચઢે અંગહે. સા૦ સુ૦ ॥૧૦॥
મુરખ મૂઢ મિથ્યા તિયાં, હસ્ત શિર કંઠે બાંધે તેહહે; સા૦
હરહર મુખ હઇડે ધરે, પુજે પખાલે વળી જેહહે. સા૦ સુ૦ ॥ ૧૧ ॥
મનોવેગ કહે સાંભલો, પવનવેગ તુમે સારહે; સા૦
સત્ય વચન જે જિન તણાં, ધરજો મન નિરધારહે. સા૦ સુ૦ ॥ ૧૨ ॥

તેને હાથ, પગ અને માથુ નથી, ફક્ત જલાધારીમાં લિંગની સ્થાપના કરી; છતાં નિર્લજ લોકો લાજતા નથી, અર્થાત એવી નિર્લાજરી સ્થાપનાથી શરમાતા પણ નથી, અને તેના અંગ ઉપર બીલી અને ધતુરો ચઢે છે ॥ ૧૦ ॥ વળી મુરખ અને મુઢ અજ્ઞાની તેવાં ચીન્હ (લિંગ) હાથે, માથે કે ગળે બાંધે છે; અને તેને હૃદયમાં ધારણ કરી મોઢેથી "હરહર મહાદેવ" શબ્દો બોલી તેને સ્નાન કરાવી પૂજે છે. ૧૧ પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે ભાઈ, જિનેશ્વરનાં વચનો તમે મનમાં સત્ય કરીનેજ માનજો ॥ ૧૨ ॥

સત્ય ધરમ જિનવર તણો, જીહાં જોઈએ તિહાં સારહે; સા૦
જે નર નિશ્ચે ચિત્ત ધરે, તે પામે ભવ પારહે. સા૦ સુ૦ ॥ ૧૩ ॥
મિથ્યા મત જે મોહીયા, ઘેલા તે મૂઢ ગમારહે; સા૦
અસત્ય વચન વલી આચરે, ભવ ભવ ભમસે સંસારહે. સા૦ સુ૦ ૧૪
પવનવેગ તવ બોલીઓ, સાંભળો ભાઈ ચંગહે; સા૦
સત્ય ધરમ જીનવર તણો, તે ઉપર મુજ રંગહે. સા૦ સુ૦ ॥ ૧૫ ॥

હમેશાં જિનેશ્વરનોજ ધર્મ સત્ય છે, અને જ્યાં જોઇએ ત્યાં તેજ એક સારભૂત છે, માટે તે ધર્મને જે માણસ નિશ્ચલ મને કરી ધારણ કરે તે આ ભવસમુદ્રથી પાર પામે ॥ ૧૩ ॥ જે મૂર્ખ અને ગમાર માણસો મિથ્યા મતમાં ડુબેલા છે, તેઓ, જુઠાં વચનોને અંગીકાર કરવાથી આ સંસારમાં ભવોભવ ભમશે ॥ ૧૪ ॥ તે સાંભળી પવનવેગ કહેવા લાગ્યો કે, હે ભાઇ, ખરેખર જૈન ધર્મજ સત્ય છે, અને તે ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે ॥ ૧૫ ॥

કુદેવ કુશાસ્ત્ર કુગુરૂ સહુ, મેં પરીહર્યો મિથ્યા ધર્મહે; સા૦
વચન તુમારાં સાંભળી, ભાંગ્યો સઘળો મન ભર્મહે. સા૦ સુ૦ ॥ ૧૬ ॥
સુદેવ સુગુરૂને આદર્યાં, આદર્યો જૈનનો ધર્મહે; સા૦
મિત્ર મનોરથ મુજ ફળ્યા, અશુભ ટળ્યાં મુજ કર્મહે. સા૦ સુ૦॥૧૭॥
શ્રી હીરવીજય સુરી તણે, શુભ વિજય શીષ્ય તેહહે; સા૦
ભાવવિજય શીષ્ય તેહના, શીધીવિજય શીષ્ય એહહે. સા૦ સુ૦ ૧૮

વળી તમારા વચનો સાંભળવાથી મારા મનનાં સંદેહનો નાશ થયો છે, અને આજથી ખોટા દેવ, ખોટો ધર્મ તથા ખોટા ગુરૂ રૂપ મિથ્યત્વનો મેં ત્યાગ કર્યો છે ॥૧૬॥ વળી હે મિત્ર આજથી મેં સાચા દેવ (જિનેશ્વ) સાચા ગુરૂ (જિન ગુરૂ અને

સાચો ધર્મ (જૈન ધર્મ) અંગીકાર કર્યો છે, અને આજે મારા મનોરથ પૂર્ણ ભૂત થઈ પાપ કર્મોનો નાશ થયો છે ॥ ૧૭ ॥ શ્રી હીરવિજય સૂરીના શિષ્ય શુભવિજય, તેના શિષ્ય ભાવવિજય તથા તેમના શિષ્ય સિદ્ધવિજય થયા છે ॥ ૧૮ ॥

રૂપવિજય રંગે કરી, કૃષ્ણવિજય કર જોડહે; સા૦
રંગવિજય કવિરાજની, નાવે કોઈ હોડહે. સા૦ સુ ॥ ૧૯ ॥
ખંડ બીજો પુરો થયો, ઢાળ બાવિશે સારહે; સા૦
નેમવિજયને નિત્ય પ્રત્યે, જગમાંહીં જયકારહે. સા૦ સુ૦ ॥ ૨૦ ॥

તેના શિષ્ય રૂપવિજય, તેના શિષ્ય કૃષ્ણવિજય, તથા તેના શિષ્ય રંગવિજય નામે કવિરાજ હતા, કે જેની તુલનાં કોઈ પણ કરી શકે નહીં ॥૧૯॥ એવી રીતે બીજો ખંડ બાવીસ ઢાલોએ કરી સંપૂર્ણ થયો, નેમવિજયજીને આ જગતમાં હમેશાં જયજયકાર થાઓ ॥ ૨૦ ॥

ઇતિ શ્રી હરીહર બ્રહ્માર્ક ચંદ્રયમ સુરેંદ્ર સુરગુરૂ દેવાદિ
દૂષણનામા દ્વિતિયાધિકાર સંપૂર્ણ.

# खंड ३ जो.

## दुहा.

સકલ જીનવર પય નમી, સદગુરૂ ચરણ નમેવ; ત્રીજો ખંડ કહેશું હવે, નેમવિજય કહે હેવ ॥૧॥ મનોવેગ કહે સાંભળો, પવનવેગ તુમે ચંગ; મિથ્યાત પુરાણ વળી દાખવું, ફેરવી રૂપ ઉત્તંગ ॥ ૨ ॥

હવે નેમવિજયજી મહારાજ કહે છે કે, સઘળા જિનેશ્વરને નમસ્કાર કરીને, અને ઉત્તમ ગુરૂના ચરણ કમળને નમસ્કાર કરીને ત્રીજો ખંડ કહીશું ॥ ૧ ॥ પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે ભાઈ ખોટા પુરાણોની વળી બીજી વાતો પણ હું તમોને કહું છું તે તમો સાંભળો ॥ ૨ ॥

## ઢાલ પેહેલી.

મન મધુકર મોહી રહ્યો—એ દેશી.

વિદ્યા પ્રભાવે રૂપ પાલટયાં, બેહુ હુવા સાધુ મહંતરે;
પશ્ચિમ પોલે પ્રવેશ કરી, દ્વિજશાલાએ આવી સંતરે;
મનોવેગ બુદ્ધિ વિચક્ષણો—એ આંકણી ॥ ૧ ॥
દંડ ધરી ભેરી આળવી, કીધો ઘંટારવ તામરે;
સિંહાસન બેઠા મુનિ રૂઅડા, જોવા મળ્યું સઉ ગામરે. મ૦ ॥ ૨ ॥
શબ્દ સુણી દ્વિજ આવીઆ, બોલે બિરૂદ અનેકરે;
દેખી જતિ પ્રતે એ ા ક ક, ભણો મુનિ પ્રત્યુતર એકરે મ૦ ॥ ૩ ॥

પછી તેઓ બન્ને જણોએ પોતાની વિદ્યાના પ્રભાવથી રૂપ ફેરવી ઉત્તમ સાધુઓનો વેશ લઇને, પશ્ચિમ દિશા તરફના દરવાજેથી પ્રવેશ બ્રાહ્મણોની શાળામાં આવ્યા; તેઓ બન્નેમાં મનોવેગ બહુ બુદ્ધિવાન છે ॥ ૧ ॥ હાથમાં લાકડી લઇને, તથા ભેરી અને ઘંટા વગાડીને સિંહાસનપર ચડી બેઠા, અને તે વખતે આખા શેહેરના લોકો તેઓને જોવાને ભેગા થયા ॥ ૨ ॥ શબ્દ સાંભળીને બ્રાહ્મણો આવી પહોંચ્યા, તથા તેઓનાં કેટલાંક વખાણ કરવા લાગ્યા, અને જતિને જોઇને કહેવા લાગ્યા કે, તમે અમારા પ્રશ્નનો ઉત્તર આપો ॥ ૩ ॥

છ દર્શન છનું મત તણાં, કરો અમદાવાદ વિશાલરે;
કોણ દર્શન કોણ ગુરૂ શિષ્ય, જવાબ દેજો દયાપાળરે. મ૦ ॥ ૪ ॥
વિપ્ર પ્રતે મનોવેગ ભણે, સાંભલો વિપ્ર સુજાણરે;
વાદ વિદ્યા અમે નવી લહુ, કેવાં શાસ્ત્ર પુરાણરે. મ૦ ॥ ૫ ॥
જતિ વેષ આપણે પાળીઓ, ગુરૂ નથી અમ તણે શિષરે;
પાટલીપુર જોવા આવીઆ, નિગુરા છઇએ દ્વીજ ધિષરે. મ૦ ॥ ૬ ॥

તમે અમારી સાથે છ દર્શન અને છન્નુ મતના વાદ વિવાદ કરો, વળી તમે કયો ધર્મ પાળો છો? તમારો ગુરૂ કોણ છે? તથા તમે કોના શિષ્ય છો? હે દયાળુ, તમો તેનો ઉત્તર અમોને આપો ॥ ૪ ॥ તે સાંભળી મનોવેગ બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, અમોને વાદ કે વિદ્યા આવડતી નથી; શાસ્ત્ર અથવા પુરાણો કેવાં છે? તે પણ અમો જાણતા નથી ॥ ૫ ॥ વળી હે બ્રાહ્મણો, અમે તો કેવળ સાધુનો વેશ પાળીએ છીએ, અમારે કોઇ ગુરૂ કે શિષ્ય છે નહીં, અમે તો ગુરૂ વિનાનાં છીએ માત્ર આ પાટલીપુત્ર નગર જોવાને આવ્યા છીએ ॥ ૬ ॥

કોપ કરી દ્વિજ બોલીઆ, સુણો મુનિ મૂઢ ગમારરે;
વાદ વિવાદ જાણ્યો નહીં, કેમ કીધો ભેરી પ્રહારરે. મ૦ ॥ ૭ ॥
ઘંટારવ બહુ વાર કર્યો, સિંહાસન બેઠા કેમરે;
નથી ગુરૂ વિના ચેલા સાંભળ્યા, નગર કોઇ પ્રેમરે. મ૦ ॥ ૮ ॥
માયા જતિ કહે સાંભળો, હેલાએ વજાવ્યા ઘંટ ભેરીરે;
સહજે સિંહાસન ચાંપીઆં, ન ગમે તો બેશીએ ફેરીરે. મ૦ ॥ ૯ ॥

તે સાંભળી બ્રાહ્મણો ક્રોધાયમાન થઇ કહેવા લાગ્યા કે, હે મૂર્ખ સાધુઓ, જ્યારે તમો વાદ વિવાદ કંઇ જાણતા નથી, ત્યારે તમોએ ભેરી અને ઘંટ શા માટે વગાડ્યા? ॥ ૭ ॥ વળી કેટલીક વાર ઘંટા વગાડીને સિંહાસનપર શામાટે ચડી બેઠા, ગુરૂ વિના ચેલા સાંભળ્યા નથી અર્થાત હોય નહીં, તેમજ તેવા નગરા ગુરૂ વિનાના ચેલા ઉપર કોઇપણ પ્રેમ રાખતું નથી ॥ ૮ ॥ તે સાંભળી જતિ કહેવા લાગ્યા કે, અમે તો માત્ર રમુજને ખાતર ઘંટા અને ભેરી વગાડ્યાં છે, વળી સહેજ આ સિંહાસનપર બેઠા છીએ, જો તે વાત તમોને પસંદ ન હોય, તો અમે નીચે ઉતરીને બેશીએ ॥ ૯ ॥

વિપ્ર વચન એમ ઓચરે, ક્ષ પણ કમોટા ધુતારરે;
મુનિ ભણે વાડવ તુમે સુણો, સત્ય કેતાં લહીએ મારરે. મ૦ ॥ ૧૦ ॥
તે ઉપર કથા કહું, સાંભળજો સઉ સાથરે;
કોઈક ગામે એક શેઠ રહે, ઘરમાં છે બહુ આથરે. મ૦ ॥ ૧૧ ॥
પુત્ર બેહુ સેઠને અછે, જીનપાળ અને જીનદતરે;
ગુરૂ મળ્યા જીનદતને, લીધું સમકિત સતરે. મ૦ ॥ ૧૨ ॥

તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તમે સાધુનો વેષધારી કેવળ ધુતારા છો; ત્યારે મુનિઓ કહેવા લાગ્યા કે, હે બ્રાહ્મણો જો અમે સાચી વાત કહીએ છે તો અમોનેજ માર મળે તેમ છે. ॥ ૧૦ ॥ હવે તે ઉપર હું તમોને એક વાતજ કહી સંભળાવું છું, તે તમો સર્વે સાંભળો; કોઇક ગામમાં એક ધનાઢ્ય શેઠ રહેતો હતો. ૧૧ તેને જીનપાલ અને જીનદત્ત નામે બે પુત્રો હતા, એક વખતે જીનદત્તને ગુરૂનો મેલાપ થવાથી તેણે બોધ પામી સમકીત લીધું ॥ ૧૨ ॥

સાચું બોલે વણ જતાં, કુડ કપટ નવિ રાખેરે;
સાચા બોલો સહુ કહે, નગર લોક એમ ભાંખેરે. મ૦ ॥ ૧૩ ॥
હાટે બેઠો નિત્ય રહે, આવે લોક અનેકરે;
સાચો જાણી આવે ઘણા, બોલે વિનય વિવેકરે. મ૦ ॥ ૧૪ ॥
ભાઈ મોટો મન ચિંતવે, મુજને કીધો ન ચિંતરે;
વ્યાપારી મોટો થયો, માત પિતા મન ખંતરે. મ૦ ॥ ૧૫ ॥

તે વેપાર કરતાં પણ હમેશાં સાચું બોલી જરા પણ કપટ ભાવ રાખે નહીં, અને તેથી નગરનાં સઘળા લોકો તેને સત્ય બોલનારો કહી બોલાવતા હતા ॥ ૧૩ ॥ વળી તે હમેશાં દુકાનપર બેસે, અને તેને સાચા બોલો જાણીને ઘણાં માણસો તેની પાસે આવી બેસીને, તેને વિનય અને વિવેક સહિત બોલાવતા હતા ॥ ૧૪ ॥ એવું જોઈ તેનો મોટો ભાઇ વિચારવા લાગ્યો કે, આને દુકાનનો સઘળો ભાર ઉપાડવાથી હું તો નચિંત થયો, વળી તે મોટો વેપારી થવાથી માબાપનાં મનને પણ ઘણીજ ઉલટ વધી ॥ ૧૫ ॥

સાચ બોલે લાભ કેમ હોએ, કૂડ કપટમાંહિ લાભરે;
કૂડો સંસાર સૌએ કહ્યો, કૂડો જલધર આભરે. મ૦ ॥ ૧૬ ॥
વ્યાપાર કરતાં દિન ઘણા, ગયા તવ લાભ ન દિશેરે;
માત પિતા ભાઇ સહુ મલી, આવી બેઠા બોલે રીશેરે. મ૦ ॥ ૧૭ ॥
કહે ભાઈ તું શું કરે, લોક આવી ભેળાં થાયરે;
એહવો વ્યાપાર કિહાં શીખીઓ, દ્રવ્ય લેઈ કિહાં ખાયરે. મ૦ ॥૧૮॥

હવે હમેશાં સાચું બોલવાથી વેપારમાં લાભ થતો નથી, કારણ કે લાભ તો આજે કુડ કપટમાંજ રહ્યો છે; વળી સઘળા લોકો આ સંસારને, તેમ આકાશમાં રહેલા મેઘને (વર્ષાદને) પણ કપટી કહે છે ॥ ૧૬ ॥ એવી રીતે વેપાર કરતાં ઘણા દિ-

વસો નિકળી ગયા, તો પણ કાંઇ લાભ ન થવાથી, મા બાપ, ભાઇ વિગેરે તેનાપર ગુસ્સે થવા લાગ્યા ॥ ૧૭ ॥ તેઓ તેને કહેવા લાગ્યા કે, હે ભાઇ, આ તું શું કરે છે? અને આ લોકોને ભેગા કરવામાં શું ફાયદો છે? આવી રીતનો વેપાર તે તું ક્યાંથી શીખ્યો, અને આ સઘળું દ્રવ્ય તું શામાં ખાઇ જાય છે? ॥ ૧૮ ॥

**કે લુબ્ધ્યો વેશ્યા નારી શું, કે ગુપ્ત દાન દીધોરે;**
**કે કોઇ વ્યસન પડ્યો અછે, તું તો દીસેછે સીધોરે. મ૦ ॥ ૧૯ ॥**
**નામાં લેખાં સંભાળીને, બોલાવે લઘુ ભાઈરે;**
**લાભ ઠામે ખોટ કેમ હોયે, એ શી કીધી કમાઈરે. મ૦ ॥ ૨૦ ॥**
**ઢાળ પેલી ત્રીજા ખંડની, સાંભળો બાળ ગોપાલરે;**
**રંગવિજય કવિરાય છે, નેમવિજય ઉજમાળરે. મ૦ ॥ ૨૧ ॥**

વળી તું લાગે છે તો ઉત્તમ માણસ! પણ તું કોઇ વેશ્યામાં ફસાણો છે? કે કંઇ છાનું દાન આપે છે? કે કોઇ એવું ખરાબ વ્યસન તને પડયું છે? ॥ ૧૯ ॥ પછી તેઓએ સઘળાં નામાં હિસાબ વિગેરે તપાસીને તેને કહેવા લાગ્યા કે, વેપારમાં લાભને બદલે ખોટ કેમ આવી છે? આતે શું તે કમાણી કીધી છે? ॥ ૨૦ ॥ એવી રીતે ત્રીજા ખંડની પેહેલી ઢાલ થઇ, રંગવિજયના શિષ્ય નેમવિજયજી કહે છે કે, હે સમસ્ત શ્રોતાઓ, તમે તે સાંભળો ॥ ૨૧ ॥

## दुहा.

**તવ બોલ્યો લઘુ ભ્રાતએ, તમને દ્રવ્યની હુંશ; કોટિ ધ્વજ થાઓ તમે, કૂડ કરી લો લુંસ ॥૧॥ અમને એતો નાવડે, તુમને તો ઘણો લોભ; બેસો હાટે જઈ હવે, ઘરનાં છો તમે મોભ ॥ ૨ ॥ સાચે મારે ચાલવું, કહેવું મારે સાચ; દેવું લેવું સાચનું, ઈણી પરે પાલું વાચ ॥ ૩ ॥**

તે સાંભળી નાનો ભાઈ કહેવા લાગ્યો કે, તમોને નાણું મેળવવાની ઘણી હોંસ છે; તમે સઘળા કુડ કપટ કરી જગતને લુંટીને ભલે કોટિ ધ્વજ (કરોડપતિ) થાઓ. ૧ વળી તમો ઘરમાં મોટા છો, અને તમોને લોભ ઘણો છે, માટે તમો દુકાનપર જઇ વેપાર કરો, મને એવો કુડ કપટનો વેપાર કરતાં આવડતો નથી ॥ ૨ ॥ મારે હમેશાં સત્ય ચાલવું, સત્ય બોલવું, તથા લેવું દેવું પણ સત્ય મારગે કરવું હું તો મારૂં સત્ય વચનજ પાળનાર છું ॥ ૩ ॥

**સમકિત મારે પાલવું, ગુરૂ વયણ કેમ લોપાય; જીવ જાએ તો પણ સહી, કિમ કરૂં હું અન્યાય. ૪ એવું વયણ તે સાંભલી, રીસ ચડી વૃદ્ધ ભાય; ધર્મી થઇ બેઠો હવે, એને કેમ કહેવાય ॥ ૫ ॥ પાંચ શેરી લઇ હાથમાં, નાખી સામે લઘુ ભ્રાત; લાગી મર્મ ઠામે તદા, મરણ પામ્યો જીવ જાત ॥ ૬ ॥**

**સાચ બોલ્યાથી એ થયો, મનોવેગ કહે તામ; પુનરપી વાત કહું વલી, સાંભલજો સહુ આમ ॥ ૭ ॥**

મારે હમેશાં સમકીત પાળવું, વળી ગુરૂનું વચન પણ મારાથી કેમ લોપાય? કદાચ મારો જીવ જાય, તો પણ હું અન્યાય કરૂં એમ નથી ॥ ૪ ॥ તેના એવાં વચન સાંભળવાથી મોટા ભાઇને ક્રોધ ચડ્યો, અને કહેવા લાગ્યો, તું તો મોટો ધર્મી થઇને બેઠો છે, તને અમારાથી એક વચન પણ શી રીતે કહી શકાય?" ॥ ૫ ॥ તેણે હાથમાં પાંચસેરી લઇ નાના ભાઈ તરફ છુટી ફેંકી. જે તેને મર્મ સ્થળે વાગી (એટલે કે જે ઠેકાણે લાગે તો તરત જીવ જાય), તે તેને લાગતાંજ તેનો પ્રાણ નીકળી ગયો. ॥ ૬ ॥ પછી મનોવેગ, બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, સાચું બોલ્યાથી તે નાના ભાઇના એવા હાલ થયા; વળી પણ હું તમોને એક બીજી વાત કહું છું તે તમે સાંભળજો ॥ ૭ ॥

## ઢાલ બીજી.

આણે પડવે સસરો સૂતા, પેહેલે પડવે બાઈજી; એક ઘડીની ઢીલ કરોતો કરશું રાજી, છેડો નાંજી—એ દેશી.

**પૂરોહિત હરિ ભટે જેમ લહીઓ, બંધન તાડન દંડ;**
**જેહવું હોય તેહવું ભાખતાં, તેમ અમને થાયે ભંડ, સહુકો સુણજો.**
**હાંરે તુમે સાંભલીને મત કોપો. સ૦–એ આંકણી ॥ ૧ ॥**
**દ્વિજવર પભણે મુનિ તમે સુણજો, હરિભટ તણી કહો વાત;**
**આપવીતી પછી પરકાસ જો, સાંભલસું તેહ ખ્યાત. સ૦ ॥ ૨ ॥**
**વેશ ધારિક મનોવેગ કહે તવ, સુણજો વિપ્ર સુજાણ;**
**આડકથા નિર મલી હું કહું છું, સાંભલો સુખની ખાણ. સ૦ ॥ ૩ ॥**

હે બ્રાહ્મણો જે હું તમોને કહું તે તમે સાંભળજો, સાંભળીને જરા પણ ગુસ્સે થશો નહીં; હરિભટ્ટ નામના એક બ્રાહ્મણને સાચું બોલવાથી જેમ બંધન, માર તથા દંડ સહન કરવા પડ્યાં, તેમ કદાચ અમોને પણ સહન કરવું પડે ॥ ૧ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તે હરિભટ્ટની વાત અમોને સંભળાવો, અને પછી તમારી વિતેલી વાત અમોને કહેજો, કે જે અમે સાવધાન થઇ સાંભળશું. ૨ ત્યારે તે મુનિવેશધારિ મનોવેગ કહેવા લાગ્યો કે, હે સુજ્ઞ બ્રાહ્મણો, જે એક આડ કથા હું તમોને કહું છું, તે પવિત્ર અને સુખકારી છે, તે તમો સાંભળજો ॥ ૩ ॥

**અંગદેશ ચંપાપુરી નગરી, ગુણસાગર મહારાજ;**
**હરિ બ્રાહ્મણ રાજગર છે તેહનાં, સેવે ભૂપતિ પાય. સ૦ ॥ ૪ ॥**
**એક દિન અસૂચિ ટાલવા કાજે, ઝારી ભરી ચાલ્યો દૂર;**
**મલ મોચન કરી ઉઠયો તવ, દીઠું નદી આવ્યું પૂર. સ૦ ॥ ૫ ॥**
**શીલા તરતી આવી જલપર, દેખી અચંભ્યો તામ;**
**વેગે જઇને નૃપને વિનવ્યું, સાંભલો કૌતક સ્વામ. સ૦ ॥ ૬ ॥**

અંગનામે દેશમાં ચંપાપુરી નામે નગરીમાં ગુણસાગર નામે રાજા હતો, ત્યાં હરિભટ્ટ કરીને એક રાજગોર બ્રાહ્મણ હતો, કે જેનાં પગોની રાજા પણ સેવા કરતો. ૪ એક દિવસ તે બ્રાહ્મણ ખરચુ જાવાને પાણીનો ઉલખો ભરીને કેટલેક છેટે ગયો, અને દીશા ફારગત કરી ત્યાંથી પાછો વળતાં તેણે રસ્તામાં નદીમાં પાણીનુ પૂર આવેલું જોયું ॥ ૫ ॥ ત્યાં તેણે પાણી ઉપર એક પત્થરની શીલા તરતી આવતી જોઇ તેથી તે આશ્ચર્ય પામીને રાજાને જઇ કહેવા લાગ્યો કે, હે સ્વામિ, આજતો મેં એક આશ્ચર્ય જોયું ॥ ૬ ॥

**બાહિર ભૂમિ ગયો હું વેગલો, નદી કીનારે ઉભો જામ;**
**મોટી સીલા એક જલમાં તરતીં, દીઠી અમે અભિરામ. સ૦ ॥ ૭ ॥**
**પૂરોહિતની વાણી સાંભલીને, રાજા કહે વિખ્યાત;**
**ભૂત જોટિંગ વ્યંતરે છલીયો, અસંભવ બોલે વાત. સ૦ ॥ ૮ ॥**
**હરિભટ શાહી દ્રઢતર બાંધ્યો, ઢીંક પાટું ઘણી મૂકે;**
**ભોપા આણ્યાં મંડલ તવ માંડયો, ચાબખ દોરી ન ચૂકે. સ૦ ॥ ૯ ॥**

હે રાજા આજે હું ઘણે દૂર ખરચુ ગયો હતો, ત્યાંથી વળતા જ્યારે નદી કીનારે ઉભો રહ્યો ત્યારે ત્યાં આગળ એક મોટી પત્થરની મનોહર શિલા પાણીમાં તરતી આવતી મેં જોઇ ॥ ૭ ॥ પુરોહિતનાં એવા વચનો સાંભળીને રાજા કહેવા લાગ્યો કે, આને કાંતો કોઈ ભૂત, ડાંકણ કે વ્યંતર વળગ્યો છે, નહીંતર આવી અસંભવિત વાત બોલે નહીં ॥ ૮ ॥ પછી રાજાએ હરિભટ્ટને પકડીને બંધાવ્યો, તથા ખૂબ પાટું, મુક્કીઓ વડે માર્યો, અને ત્યાં કેટલાક ભૂવાઓને બોલાવી, મંડલ કરીને ચાબખાની દોરીથી મારવા માંડ્યો ॥ ૯ ॥

**ધૂણે ધંધોલે અક્ષત છાંટે, હાથ પાય શિર કૂટે;**
**બુંબ કરતો હરિભટ ચિંતે, મરણ આવ્યું અણ ખૂટે. સ૦ ॥ ૧૦ ॥**
**પુરોહિત કહે સાંભલો નૃપ લોકા, જૂઠયું બોલ્યું નોહે સાચ;**
**ભૂત જોટિંગ વળગ્યો નથી મુજને, ખોટું હાસ્યું હસ્યો વાચ. સ૦ ૧૧**
**સીલા તરંતી નદીએ ન દીઠી, છોડાવો માહારાજ;**
**ગુણસાગરે તતખિણ છોડાવ્યો, હરિભટ પામ્યો ઘણી લાજ. સ૦ ૧૨**

તેને ખુબ ધંધોલીને ધુણાવે, તથા ચોખા છાંટે, અને તેથી તે હાથ પગ તથા માથુ કુટીને બુમો પાડી ચિંતવવા લાગ્યો કે, આ વગર મોતે મરવાનો વખત આવ્યો છે ॥ ૧૦ ॥ પછી તે પુરોહિત રાજાને તથા લોકોને કહેવા લાગ્યો કે, આટલા વખત સુધી તો હું જે બોલ્યો હતો તે સઘળું સાચું નહોતું, જુઠું હતું, વળી મને કોઇ ભૂત કે ડાકણ વળગી નથી, મેં તો ફોકટ મશ્કરી કરી છે ॥ ૧૧ ॥ મેં નદીમાં શીલા તરતી જોઈ નથી, હવે મને હે મહારાજ તમે છુટો કરો, પછી તે રાજાએ તેને એકદમ છુટો કર્યો, અને તેથી તે ઘણોજ શરમાણો ॥ ૧૨ ॥

**ઘરે જઇ પુરોહિત ચિત્ત ચિંતે, મુજ મુખ ભૂપે કયું કાળું;**
**સત્ય વચન બોલતાં મુને કૂટયો, ઈહ સારું કેમ વાળું. ॥ ૧૩ ॥**

એકદા હરિભટ વનમાં ચાલ્યો, વાડીમાં વાંનર દીઠા;
રાજા ગુરૂએ શિખવ્યા નૃત કરવા, નવરસ નાટક કરે મીઠા. સ૦॥૧૪॥
રમવા રાજા વનમાં ગયો તેહવે, રાણીસું પ્રેમ ધરંતો;
એકલો વનવાડી જઇ જોઇ, દીઠો વાંનર નૃત્ય કરંતો. સ૦ ॥ ૧૫ ॥

પછી તે પુરોહિત ઘેર જઇ વિચારવા લાગ્યો કે, આ રાજાએ મારૂં બહુ અપમાન કર્યું છે, સાચુ બોલતાં પણ મને માર માર્યો, માટે એનો હું બદલો શી રીતે વાળી શકીશ ॥ ૧૩ ॥ વળી એક દિવસ તે હરિભટ્ટ વનમાં ગયો, ત્યાં તેણે વાડીમાં કેટલાક વાંદરાઓને જોયા, ત્યાં તેઓને તેણે નાચતાં શિખવ્યાં કે, જેથી તેઓ નવરસથી ભરપૂર નાટક કરવા લાગ્યા ॥ ૧૪ ॥ પછી એક વખતે રાજા રાણીની સાથે પ્રેમ સહિત તે વનમાં ગયો, અને ત્યાં પોતે એકલો બગીચામાં ગયો, તે વખતે તેણે ત્યાં વાંદરાને નાચતાં જોયા ॥ ૧૫ ॥

નવ રસ નાટક જોતાં નહીં તૃપતિ, આવો રાણી જુઓ એહ;
સાદ સુણી રાજા તણો બીના, વાનર નાઠા તવ તેહ. સ૦ ॥ ૧૬ ॥
રાણીને આવી નૃપ કહે સુંદરી, વાનર નૃત્ય દેખ્યું સાર;
રાજસભા આવી નૃપ બેઠો, પ્રોહિત સહુ પરિવાર. સ૦ ॥ ૧૭ ॥
રાજા કહે સહુકો સાંભલજો, કૌતિક દીઠું મેં આજ;
નવરસ નાટિક વાનર કરતા, જોતાં થકાં સીજે કાજ. સ૦ ॥ ૧૮ ॥

ત્યારે રાજાએ રાણીને સાદ મારી કહ્યું કે, આ નવરસોથી ભરપૂર વાંદરાનું નાટક તમારે જોવું હોય તો આવો, પણ તેટલામાં તે રાજાનો અવાજ સાંભળીને વાંદરાઓ નાશી ગયા ॥ ૧૬ ॥ પછી રાજાએ આવીને રાણીને કહ્યું કે, હે સુંદરી, મેં આજે ઉત્તમ વાંદરાઓનું નાટક દીઠું; અને તે વાર પછી તે રાજા, રાજ સભામાં આવીને બેઠો; જ્યાં પ્રોહિત વિગેરે પરિવાર સહીત આવીને બેઠો ॥૧૭॥ પછી રાજા સઘળા લોકોને કહેવા લાગ્યો કે, મેં આજે એક અપૂર્વ કૌતુક જોયું છે, આજે મેં કેટલાક વાંદરાઓને નવરસથી ભરપૂર નાટક કરતાં જોયાં છે, જે જોવાથી આપણને ઘણો આનંદ થાય ॥ ૧૮ ॥

તવ રાણી કહે મેં નવ દીઠું, સુણજો લોક વિચાર;
નવી દીઠું સાંભલ્યું આજ પેહેલું, ભૂપતિ ઝંખે અસાર. સ ॥ ૧૯ ॥
હરિ પ્રોહિત કહે સાંભલો સજ્જન, રાજને વલગાડ વનમાંહીં;
એ વચને તાણી નૃપ બાંધ્યો, ભોપા વૈદ મલ્યા ત્યાંહિં. ॥ સ૦॥૨૦ ॥
ધૂંણે ધંધો લે અંગ પછાડે, હરિભટ્ટ નિવાર્યા તેહ;
નિજ હસ્તે રાજાના બંધ છોડયા, વસ્ત્ર વિભૂષિત દેહ. સ૦ ॥ ૨૧ ॥
પ્રોહિત જાણે ભૂપતિ સુણો લોકો, વાનર નાટિક જેમ વારૂ;
નદીમાંહે તરતી થકી દીઠી, તેમ સીલા સત્ય મન ધારૂં. સ૦ ॥ ૨૨ ॥

ત્યારે રાણી કહેવા લાગી કે, હે લોકો આ રાજા તો જુઠું બોલે છે, કારણ કે હું

તેની સાથે હતી છતાં મેં તે જોયું નથી, તેમ સાંભળ્યું પણ આજેજ છે ॥ ૧૯ ॥ ત્યારે પેલો હરિભટ્ટ પ્રોહિત પણ કહેવા લાગ્યો કે, હે લોકો આ રાજાને વનમાંથી કોઇ ભૂતનો વલગાડ થયો લાગે છે, એવું સાંભળી લોકોએ રાજાને બાંધ્યો, તથા કેટલાક ભૂવા વૈદ્ય વિગેરેને ત્યાં તેડાવ્યા ॥ ૨૦ ॥ પછી લોકો તે રાજાને ધમેળીને ધુણાવવા લાગ્યા, તથા તેને માર મારવા લાગ્યા, તે જોઇ હરિભટ્ટે તેઓને વારીને, રાજાને પોતાના હાથે છુટો કરીને, વસ્ત્રઆદિક પહેરાવ્યાં ॥ ૨૧ ॥ પછી તે પ્રોહિત રાજાને તથા લોકોને કહેવા લાગ્યો કે, જેમ રાજાએ વાંદરાઓનું નાટક જોયું, તેમ મેં પણ નદીમાં પત્થરની શીલા તરતી જોઇ ॥ ૨૨ ॥

श्लोकः—असंभाव्यंनवक्तव्यं । प्रत्यक्षमपियद्भवेत् ॥
यथावानरसंगीतं । तथासातरतिशिला ॥ १ ॥

જે વાત અસંભવિત (ન માની શકાય એવી) હોય, અને તે કદાચ આપણે નજરે જોઇ હોય, તો પણ તે કોઇને કહેવી નહીં, કારણ કે તેમ કરવાથી, વાંદરાઓનાં નાટક, તથા પાણીમાં તરતી શીલાની માફક થાય ॥ ૧ ॥

વચન સુણી રાજા તવ હરખ્યો, સત્ય વાણી એહ સાર;
પ્રત્યક્ષ દીઠું તો નવિ કહેવું, નવિ માને મૂઢ ગમાર. સ૦ ॥ ૨૩ ॥
ત્રીજા ખંડ તણી ઢાલ બીજી, કહી શ્રોતાજન સારૂં;
રંગવિજયનો શિષ્ય એમ પભણે, નેમવિજય કહે વારૂ. સ૦ ॥ ૨૪ ॥

તે વચન સાંભળી રાજાને આનંદ થયો, અને પ્રોહિતને કહેવા લાગ્યો કે, તમારૂં કહેવું ખરેખર છે, કારણ કે મૂર્ખ લોકો જે નમાને, એવી વાત નજરેનજર જોઇ હોય તો પણ કહેવી નહીં ॥ ૨૩ ॥ એવી રીતે રંગવિજયજીનાં શિષ્ય નેમવિજયજીએ ત્રીજા ખંડની બીજી ઢાલ સાંભળનારાઓ વાસ્તે કહી ॥ ૨૪ ॥

## दुहा.

હરિભટની કથા રૂયડી, વિપ્ર સુણી તમે તેહ; અદભૂત વચન મુજ બોલતાં, તાડન કરશો દેહ ॥ ૧ ॥ તે વાડવ તવ બોલીયા, સાંભલો ભાઈ ભૂર; સત્ય વચન તુમ બોલતાં, અમે નવી થાશું કૂર ॥ ૨ ॥ માયા મુનિ તવ બોલીયો, મનોવેગ વર વાણ; કથા કહું વળી મુજ તણી, સુણજો તેહ સુજાણ ॥ ૩ ॥

પછી મનોવેગ બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, ઉપરની હરિભટ્ટની વાત જેમ તમોએ સાંભળી, તેમ મને પણ તમોને એવી આશ્ચર્ય જનક વાત કરવાથી કદાચ માર ખાવો પડે ॥ ૧ ॥ ત્યારે તે બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે ભાઇ, જો તમે સત્ય વચન બોલશો, તો અમો ગુસ્સે થઇશું નહીં ॥ ૨ ॥ ત્યારે તે વેષધારી મનોવેગ મુનિ કહેવા લાગ્યો કે, હવે હું મારી પોતાની વાત કહું છું તે તમો ધ્યાન દઈ સાંભળજો ॥ ૩ ॥

## ઢાલ ત્રીજી.

કેસર વરણો હોકે કાઢી કસુંબો મોરા લાલ—એ દેશી.

શ્રીપુર નગરેહો વણિકોત્તમ નામ મારા લાલ, જીનદત્ત શેઠહો શ્રાવક કુલક્ષાત; મારા લાલ. જિનદત્તા નામેહો કહીયે તસ નારી, મારા૦ તેહનો હું પુત્રહો ગુણવંત ધારી. મા૦ ॥ ૧ ॥ માહરો નામ દીધો હો જિન ચરણદાસ, મા૦ ભણવા મૂકયો હો મુનિવર પાસ; મા૦ ભણિ ગણિને હો વિદ્યા અનેક, મા૦ ગુરૂને આરાધ્યો હો વિનય વિવેક. મા૦ ॥ ૨ ॥ એક દિન મુજને હો દીધું કામ, મા૦ કમંડલ ભરી આવો હો ગુણનાં ગ્રામ; મા૦ મારગ ભરવા હો ચાલ્યો જામ, મા૦ છોકરાં રમતાં હો દીઠાં તામ મા૦ ॥ ૩ ॥

શ્રીપુર નામે શેહેરમાં જીનદત્ત નામે એક ઉત્તમ શ્રાવક વાણીઓ રહેતો હતો, તેને જિનદત્તા નામે સ્ત્રી હતી, તેનો હું મહાગુણી પુત્ર છું ॥૧॥ મારૂં નામ જિનચરણદાસ પાડયું, અને પછી એક સાધુ પાસે મને ભણવા મોકલ્યો, ત્યાં તે ગુરૂ પાસેથી વિનય અને વિવેક વિગેરેથી અનેક પ્રકારની વિદ્યા ભણ્યો ॥ ૨ ॥ એક દિવસ તે ગુરૂએ મને એક કામ સોંપ્યું કે, હે ગુણવાન શિષ્ય આ કમંડલ ભરી લાવો, ( પાણીથી અથવા કોઇ બીજી વસ્તુથી ) ત્યારે હું તે ભરવા વાસ્તે જેટલામાં રસ્તે ચાલ્યો જાઉં છું, તેટલામાં મેં કેટલાક છોકરાઓને રમતા જોયા ॥ ૩ ॥

રમતા દેખી હો જોવા રહીયો, મા૦ નિશાલીએ જઇને હો ગુરૂને કહીયો; મા૦ જિન ચરણ દાસ હો કરે બહુ ક્રીડા, મા૦ ગુરૂજી કમંડલ હો નહીં ભરે વ્રિડા. ॥ ૪ ॥ જતિ જોવાને હો નિકલ્યા જામ, મા૦ છાત્ર એક આવી હો કહે મુજ તામ; મા૦ નાસી જાએ હો ગુરૂ આવ્યા એહ, મા૦ રૂઠયા રિસ કરસે હો ભારે તુજ દેહ. મા૦ ॥ ૫ ॥ ભયભીત નાઠો હો તવ હું જામ, મા૦ કર ધરી કમંડલ હો બીજે ગામ; મા૦ જાતાં જાતાં હો આવ્યું એક ગામ, મા૦ હસ્તી પુંઠે હો લાગ્યો તામ. મા૦ ॥ ૬ ॥

ત્યાં તે રમતા જોવાને હું થોભ્યો, પણ એટલામાં એક નિશાળિએ ગુરૂ પાસે જઇ ચાડી ખાધી કે, જિનચરણદાસ તો ત્યાં રમવા લાગ્યો છે, કંઇ કમંડલ ભરવા ગયો નથી ॥ ૪ ॥ પછી જેટલામાં તે ગુરૂ મારી તપાસ કરવાને બહાર નિકળ્યા, તેટલામાં એક નિશાળીએ આવી મને ચેતવણી આપી કે, ગુરૂ તારી તપાસ કરવા આવે છે, માટે તું અહીંથી નાશી જા, કારણ કે તે ક્રોધાયમાન થયા છે, માટે કદાચ તને રીસ કરીને મારશે ॥ ૫ ॥ પછી તો હું ભય પામીને ત્યાંથી હાથમાં કમંડલ લઇને બીજે ગામ જવા સારૂ નાસવા લાગ્યો, પણ જાતાં જાતાં રસ્તે એક ગામ આવ્યુ, ત્યાંથી એક હાથીમને મારવા વાસ્તે મારી પછવાડે થયો ॥ ૬ ॥

**પૂર્વે કીધાં હો જે જેમ પાપ, મા૦ કરિવર કેડો હો ન છાંડે આપ; મા૦ ભયભીત મુજને હો કંપે દેહ, મા૦ કાલ કૃતાંતજ હો સરિખો તેહ. મા૦ ॥ ૭ ॥ નાસી ન સકું હો કરિવર આગે, મા૦ ચિંતવ્યું મેં કિહાં હો રહેસું લાગે; મા૦ ભીંડીનો છરેટો હો મેં દીઠો જામ, મા૦ ડાલે વલગાડયો હો કમંડલ તામ મા૦ ॥ ૮ ॥ કમંડલનાં મુખમાં હો હું જઈ પેઠો, મા૦ રીસે ભરીયો હો હાથીએ દીઠો; મા૦ નાલુએ હેરી હો જોયું મેં જામ, મા૦ હું માંહીં પેઠો હો દીઠો તામ. મા૦ ॥ ૯ ॥**

વળી પૂર્વ ભવમાં જે મેં પાપો કર્યાં હતાં, તેથી તે હાથી મારો પલ્લો (પીછો) છોડે નહીં, અને તે જમ જેવા હાથીને જોઇને મારૂં તો શરીર ભયભીત થઇને ધ્રુજવા લાગ્યું ॥ ૭ ॥ હવે આ હાથી પાસેથી નાશી જવાય તેમ તો હતું નહીં, તેથી મેં વિચાર્યું કે, હવે આપણે શું કરવું? પણ એટલામાં મેં એક વૃક્ષની ડાળ ઉપર ભીંડીનો છોટો લટકતો જોયો તેમાં તે કમંડલ વલગાડી દીધું ॥ ૮ ॥ અને હું તે કમંડલના મોહોડામાં પેઠો, પણ તે વખતે તે ક્રોધાયમાન હાથી એમને કમંડલમાં પેસતાં જોયો, અને પોતે તે કમંડલના નાળવામાં નજર કરી જોવા લાગ્યો તો, અંદર મને બેઠેલો જોયો ॥ ૯ ॥

**માહારી પુંઠે હો પેઠો તે નાગ, મા૦ હું નાસંતો હો નવી દેખું લાગ; મા૦ કમંડલ માંહીં હો કરે બહુ કેડ, મા૦ ઉજાવાની હો ન કરૂં જેડ. મા૦ ॥ ૧૦ ॥ કાલ ઘણો મુજને હો નાસંતાં થયો, મા૦ ગજવર કેડો હો છાંડી ન ગયો; મા૦ ઉજાતાં મારી હો છુટી કાછડી, મા૦ હસ્તીસું તવ હો સુંડે ધરી હડી. મા૦ ॥ ૧૧ ॥ નાગો થઈને હો નાઠો હું તામ, મા૦ રીસે કરીવર હો કેડે જામ; મા૦ નાલુંએ નિકળી હો જોઉં છું જેહ, મા૦ પુંઠેથી હાથી હો નિકલે છે તેહ. મા૦ ॥ ૧૨ ॥**

હવે તે હાથી પણ મારી પછવાડે તે કમંડલમાં પેઠો; અને તેથી મેં ત્યાંથી નાસવા માંડયું, પણ જવાનો કંઇ લાગ ફાવે નહીં; પછી તે હાથી કમંડલમાં મારી પાછળ પડ્યો, ત્યારે મેં ત્યાંથી નિકળવાની ઘણી તજવીજ કરી પણ તે ફોગટ ॥ ૧૦ ॥ મને નાસતાં ઘણો વખત લાગ્યો, તોપણ તે હાથીએ મારો પીછો છોડ્યો નહીં; આખરે ત્યાંથી જાતાં જાતાં (નિકળતાં) મારી કાછડી નિકળી ગઇ, તે વખતે હાથીએ દોટ મુકી પોતાની સુંઢથી તે પકડી લીધી ॥ ૧૧ ॥ પછી હું તો ત્યાંથી નગ્ન થઇ નાઠો, ત્યારે ક્રોધાયમાન થઈ હાથીએ મારી કેડ મુકી નહીં, અને મેં જ્યારે નાળવામાંથી નીકળી નજર કરી, ત્યારે મેં હાથીને મારી પાછળજ તેમાંથી નિકળતો જોયો ॥ ૧૨ ॥

**નાલુઓ છેદી હો નિકળ્યો દેહ, મા૦ પુંછનો કેશ હો વલગ્યો છે તેહ; મા૦ કોપ કરી મેં હો દીધી ગાલ, મા૦ મર મર હાથી હો તું અકાલ. મા૦ ॥ ૧૩ ॥ પાપી જે નર હો પર પીડા કરે, મા૦ ગજની પરે હો**

તે નહીં સંચરે; મા૦ અવકાસ લહીને હો નાઠો હું જામ, મા૦ અપર નગર હો દીઠું મેં તામ. ॥ ૧૪ ॥ જિનવર ભુવન હો દીઠું મેં ચંગ, મા૦ મુજ મન ઉપનો હો બહોલો રંગ; મા૦ ભાવ કરીને હો વાંદ્યા અરિહંત, મા૦ નિરાભરણ હો ભાસુર માહંત. ॥ ૧૫ ॥

હવે તે હાથી નાળવું ફોડીને બાહાર નિકળ્યો, પણ માત્ર તેની પુંછડીનો એક વાળ અટકી ગયો, તે જોઇ મેં તેને ક્રોધ કરીને ગાળ આપી કે, રે! દુષ્ટ હાથી, તું અકાળે (વણખુટે) મર! ॥ ૧૩ ॥ જે પાપી માણસ કોઇને દુઃખ આપે, તેના આ હાથીના જેવા હાલ થાય; એમ વિચારતો હું, અવસર જોઇને ત્યાંથી નાસવા લાગ્યો, એટલામાં કેટલેક દૂર મેં એક ગામ જોયું ॥ ૧૪ ॥ ત્યાં મેં એક સુંદર જિન મંદિર જોયું, તે જોઇ મનમાં અત્યંત આનંદ થયો અને ભાવ લાવીને, વસ્રાલંકારથી રહિત, તથા મહાતેજસ્વી શ્રી અરિહંત પ્રભુની પ્રતિમાને મેં નમસ્કાર કર્યો. ૧૫

વાંદી કરીને હો હું બેઠો જામ, મા૦ નર નારી હો નવિ દેખું તામ; મા૦ શુન્ય ભુવન છે હો જિનવર કેરૂં, મા૦ નામે ઠામે હો જોઉં અભિનેરૂં. ॥ ૧૬ ॥ ઉંચી દૃષ્ટી હો જોયું જામ, મા૦ પીંછી કમંડલ હો દીઠું તામ; મા૦ જતન કરીને હો બાંધ્યા છે જેહ, મા૦ હસ્તે કરીને હો ઉતાર્યાં તેહ. મા૦ ॥ ૧૭ ॥ મનમાંહીં હો વિચાર્યું એહવું, મા૦ વસ્ત્ર વિહુણા હો કરસું કેહવું; મા૦ શ્રાવક સુતને હો જાચું અહીં કેમ, મા૦ પીંછી કમંડલ હો ધરીયાં તેહ. મા૦ ॥ ૧૮ ॥

પછી નમસ્કાર કરીને હું બેઠો, પણ ત્યાં કોઇ સ્ત્રી કે પુરૂષ મારી નજરે પડયું નહીં, અને તેથી તે શૂન્ય મંદિરનું નામ ઠામ તપાસવા લાગ્યો ॥ ૧૬ ॥ પછી જ્યાં હું ઉંચી નજર કરી જોઉં છું, ત્યાં મેં એક પીંછી અને કમંડલ લટકતાં જોયાં, જે કોઈએ સાચવીને બાંધ્યાં હતાં, તે મેં હાથેથી નીચે ઉતાર્યાં ॥ ૧૭ ॥ વળી મેં મનમાં વિચાર્યું કે, હું વસ્ત્ર વિનાનો શી રીતે રહી શકીશ, વળી શ્રાવકનો પુત્ર થઇ જાચના પણ કેમ કરૂં? એમ ધારી મેં તે પીંછી અને કમંડલ લઇ લીધાં; અર્થાત સાધુનો વેષ અંગીકાર કર્યો ॥ ૧૮ ॥

ગુરૂજી પાખે હો દિક્ષા મેં લીધ, મા૦ દેશ વિદેશે હો વિહારજ કીધ; મા૦ પાટલીપુરમાં હો આવ્યો છું આજ, મા૦ કથા કહી છે હો મેં મૂકી લાજ. મા૦ ॥ ૧૯ ॥ સંબંધ કથાનો હો કહ્યો છે એહ, મા૦ દ્વિજવર વાતો હો વિચારો તેહ; મા૦ ॥ સાચાં વચન હો કહ્યાં છે અમો, મા૦ ખોટાં વચન હો મ કરસો તમો. મા૦ ૨૦ ખંડ ત્રીજાની હો ઢાલ કહી ત્રીજી, મા૦ શ્રોતા સહુકો હો કરે જો જીજી; મા૦ રંગવિજયનો હો શિષ્ય એમ બોલે, મા૦ નેમવિજયને હો નહીં કોઈ તોલે. ૨૧

એવી રીતે ગુરૂવિના મેં મારે હાથેજ દીક્ષા લીધી, અને પછી એક દેશથી બીજે દેસ ફરવા લાગ્યો, અને એવી રીતે ફરતાં ફરતાં આજે હું આ પાટલીપુર શેહેરમાં

આવ્યો છું, એવી રીતે હે બ્રાહ્મણો મેં મારી વાત શરમ મૂકીને તમોને સંભળાવી છે ॥ ૧૯ ॥ વળી હે બ્રાહ્મણો મેં મારી વાતનો એવી રીતે સંબંધ તમોને કહી સંભળાવ્યો, અને તે ખરેખરી છે, માટે તેનો વિચાર કરીને બીલકુલ તે ખોટી ધારશોમાં? ॥ ૨૦ ॥ એવી રીતે ત્રીજા ખંડની ત્રીજી ઢાલ સાંભળી શ્રોતાજનો જીજી કહેજો કારણ કે રંગવિજયનાં શિષ્ય નેમવિજયના સરખી કોઈની બુદ્ધિ છે નહીં; અર્થાત તે વિદ્વાન હતા ॥ ૨૧ ॥

## દુહા.

**વિપ્ર વચન તવ બોલીયા, સાંભલરે અજાણ; જૂઠો કિમહી ન બોલીયે, કલિ કેમ ઉગે ભાણ ॥૧॥ ખોટાં વચન તમે ઓચર્યાં, દીસોછો રે લબાડ; ડિંગ ડોલ્યાં છે અણુ ઘડયાં, તુમે ધૂરત મહા થાડ. ૨ કમંડલમાંહીં મય ગલ તુંમો, પેઠા છો એહ જૂઠ; ફરી નિકલતાં નાલુયે, કેશ વલગ્યો મહા કૂટ ॥ ૩ ॥**

તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે અજ્ઞાની, આવી સંબંધ વિનાની વાતથી અમે તને શામાટે જુઠો ન કહીયે? કારણ કે એવા હાજીઆ થઈએ તો કલિકાળને વિષે સૂર્ય પણ કેમ ઉગે? ॥ ૧ ॥ તમે સઘળી જુઠી વાત કરી છે, અને તેથી તમો અમોને કોઈ લબાડ, પાખંડી અને મોટા ધૂતારા લાગો છો, કારણ કે તમોએ જે વાત કહી તે સઘળી નમાની શકાય એવી છે ॥ ૨ ॥ તમે અને હાથી બન્ને કમંડલમાં પેઠા, એ વાત, તથા વળી હાથી આખો તેમાંથી બહાર નિકળ્યો, અને માત્ર તેના પુછડાનો વાળ નાળવામાં અટકી ગયો, તે સઘળી વાતો તમારી જુઠી છે. ૩

**માયા મુનિ તવ બોલીયો, સાંભલો વિપ્ર વિચાર; વચન અમારાં ખંડીયાં, અસત્ય કીયાં અપાર ॥૪॥ જૂઠાં વચન તુમે કાં કર્યાં, જો નહીં માનો એહ; વેદ પુરાણે જે કહ્યાં, સત્ય કરો કાંઈ તેહ ॥૫॥ બ્રાહ્મણ તવ તે બોલીયા, સાંભલો ભાઈ સાર; વેદ પુરાણે નહીં સુણ્યાં, એહવાં વચન લગાર ॥ ૬ ॥**

તે સાંભળીને વેષધારી સાધુ બોલી ઉઠ્યો કે, હે બ્રાહ્મણો, તમે અમારા વચનોનું ખંડન કરીને ઘણુંજ ખોટું (અસત્ય) કર્યું છે ॥ ૪ ॥ તમોએ અમારાં વચનો ખોટાં શા માટે કર્યા? જો તે અમારાં વચનો તમે માનતા નથી, તો વેદ પુરાણમાં પણ એવાજ ગપાટા હાંકેલા છે, તેને તમે સત્ય કરીને કેમ માનો છો? ॥ ૫ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે ભાઈ, વેદ અથવા પુરાણમાં એવા વચનો અમે સાંભળ્યા નથી ॥ ૬ ॥

**દીઠા સાંભળ્યા જો હોયે, વેદ પુરાણો માંહીં; કપટી કેતા કાં નથી, વિલંબ કરો છો કાંહીં ॥૭॥ મનોવેગ તવ બોલીયો, સુણજો વિપ્ર વિચાર; સત્ય વચન મુજ બોલતાં, શિક્ષાપાત લહું માર ॥ ૮ ॥ બ્રાહ્મણ વચન વલતો ભણે, સાંભલ મૂઢ ગમાર; યોગ્ય વચન પરકાશતાં, કોઈ નવિ દીયે પ્રહાર ॥૯॥**

વળી તમોએ કદાચ એવા વચનો વેદ પુરાણોમાં જોયાં કે સાંભળ્યાં હોય, તો હે કપટીઓ તમે તે શા માટે કહેતા નથી? વખત શામાટે લગાડો છો? ॥ ૭ ॥ ત્યારે મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો, હું કહું તે એક વાત તમો સાંભળો હું કદાચ સત્યવચન તમોને કહું, અને તેથી તમો ગુસ્સે થઇ મને મારો તો? ॥ ૮ ॥ તેના ઉત્તરમાં બ્રાહ્મણોએ કહ્યું કે, હે મૂરખ ગમાર, જો તું ખરેખરા વચન કહીશ, તો તને કોઇ મારશે નહીં ॥ ૯ ॥

## ઢાલ ચોથી.

એક દીન દાસી દોડતી, આવી શ્રેણિક પાસ રે—એ દેશી.

**વેષધારી મુનિ તવ કહે, સાંભલો દ્વિજવર જેહરે;**
**વેદ પુરાણ સુણ્યું એસું, તુંમ પાસ ભાખશું તેહરે. વેષધારી. ૧ એ૦**
**કુરૂ જાંગલ હસ્તી નાગપુરે, પાંડવ પાંચ તે ભ્રાતરે;**
**જુધિષ્ટર ભીમ અર્જુન ભલો, સહદેવ નકુલ પ્રખ્યાતરે. વે૦ ॥ ૨ ॥**
**ધર્મ રાજાએ મન ચિંતવ્યું, પુણ્ય કીજે અપારરે;**
**વિનય કરી તેડાવીયા, ખેચર સુરનર સારરે. વે૦ ॥ ૩ ॥**

ત્યારે તે વેષધારી સાધુ કહેવા લાગ્યા કે, હે બ્રાહ્મણો, વેદ અને પુરાણમાં જે વાત સાંભળી છે, તેજ તમોને આજે કરી બતાવશું ॥ ૧ ॥ કુરૂજંગલ દેશમાં હસ્તીનાપુર નામે ગામમાં જુધિષ્ટર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ નામે પાંચ પ્રખ્યાત પાંડવ ભાઇઓ રહેતા હતા ॥ ૨ ॥ તેમાંના ધર્મરાજા (યુધિષ્ટર) એ મનમાં ખુબ પુણ્ય કરવાનો વિચાર કર્યો અને તેથી બિનય પૂર્વક, કેટલાક વિદ્યાધર, દેવ, તથા મનુષ્યોને બોલાવ્યા ॥ ૩ ॥

**બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરા, રૂષિ સહસ્ર અઠયાસીરે;**
**કર જોડી યુધિષ્ટર ભણે, બ્રહ્મા કહોને વિમાસીરે. વે૦ ॥ ૪ ॥**
**ધર્મ કેહી પરે ઉપજે, અમેં કરૂં તે કાજરે;**
**બ્રહ્મા કહે યુધિષ્ટર સુણો, જાગ માંડો મહારાજરે. વે૦ ॥ ૫ ॥**
**અશ્વમેધે તુરંગમ હણો, પુંડરીક માંહે હાથીરે;**
**ગોમેધ પુણ્ય ગાયજ હણી, અજામેધ અજ સાથીરે. વે૦ ॥ ૬ ॥**
**રાજસુય મહા જાગમાં, નરપતિ હોમો સારરે;**
**વિવિધ જીવ જાગે કહ્યા, તેહનો પુણ્ય નહીં પારરે. વે૦ ॥ ૭ ॥**

ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા અઠ્યાસીહજાર રૂષિઓ આવ્યા, તે વખતે યુધિષ્ટરે હાથ જોડી બ્રહ્માને પૂછયું કે, તમોને આજે જે હું પુછું, તેનો વિચાર કરી મને જવાબ આપજો ॥ ૪ ॥ મારે ધર્મ કરવાની ઇચ્છા છે, તો તે શી રીતે થાય? તે કહો, ત્યારે બ્રહ્માએ કહ્યું કે, હે યુધિષ્ટર મહારાજ, એક મોટા યજ્ઞનો પ્રારંભ કરો ॥ ૫ ॥ અશ્વમેધ કરી તેમાં ઘોડાને હોમો, પુંડરિક યજ્ઞ કરી તેમાં હાથીને હોમો, તથા ગોમેધ કરી તેમાં ગાયને હોમો, અને અજામેધ કરી તેમાં બકરાને

હોમો ॥ ૬ ॥ વળી રાજસૂય નામના મોટા યજ્ઞમાં રાજાને હોમો, અને એવી રીતે જુદા જુદા યજ્ઞોમાં જુદા જુદા જીવો હોમવાના કહ્યા છે, કે જે કરવાથી પારવિનાનું પુણ્ય થાય છે ॥ ૭ ॥

श्लोकः—गोसुवेसुरभिर्हन्यात् । राजसूयेचभूभुजम् ॥
याश्वमेधेहयंहन्यात् । पुंडरिकेचहस्तिनम् ॥ १ ॥

ગોમેધમાં ગાય મારવી, રાજસૂયમાં રાજાને મારવો, અશ્વમેધમાં ઘોડાને મારવો, તથા પુંડરિક નામે યજ્ઞમાં હાથીને મારવો ॥ ૧ ॥

તવ રાજાએ પ્રારંભીયો, રાજસુય જાગનો નામરે;
દૈત સઘલા રોષે ચઢયા, ભાંજી જાગનો ઠામરે. વે૦ ॥ ૮ ॥
યુધિષ્ટર રાજા તવ ભણે, અર્જુન સુણો તમે ભાઈરે;
શેષનાગ તેડો પાતાલથી, સાતે રૂષિ વેગે જાઇરે. વે૦ ॥ ૯ ॥
તે આવે તો કારજ સરે, નહીંતો વિણસે જાગરે;
અર્જુને તવ બાણ મૂકીયું, ફોડયો ભૂમિ ભાગરે. વે૦ ॥ ૧૦ ॥

ત્યારે રાજાએ રાજસૂય નામે યજ્ઞનો પ્રારંભ કર્યો, પણ તેથી સઘળા રાક્ષસોએ ક્રોધાયમાન થઈ, તે યજ્ઞની તમામ સામગ્રીનો નાશ કર્યો ॥ ૮ ॥ ત્યારે યુધિષ્ટર રાજા અર્જુનને કહેવા લાગ્યો કે, હે ભાઈ, હવે તમે પાતાલમાંથી શેષ નાગને, અને સાતે રૂષિઓને ઉતાવળા તેડી લાવો ॥ ૯ ॥ કારણકે તેઓ આવશે તોજ આપણું કામ પાર પડશે, નહીંતર આ સઘળો યજ્ઞ ધુળધાણી થઇ જશે, તે સાંભળી અર્જુને પોતાનું બાણ મારીને પૃથ્વીમાં કાણું પાડયું ॥ ૧૦ ॥

બાણ છીદ્રે પેઠો અર્જુનો, પાતાલ ગયો તામરે;
નાગ રિષિને સહુ કહ્યું, પધારો સ્વામિ ગામરે. વે૦ ॥ ૧૧ ॥
શેષનાગ રૂષિ સાતસું, વિચારી કરી સારરે;
ધર્મ કામ કરસું અમે, લીધો સૈન કેડે ફારરે. વે૦ ॥ ૧૨ ॥
બાણ છીદ્રે સહુ નીકલી, દશ ક્રોડ તે સેનારે;
દૈત્ય સાથે સંગ્રામ કર્યો, ભાગ્યા દાનવ બીનારે. વે૦ ॥ ૧૩ ॥

તે બાણથી પડેલા છિદ્રમાંથી અર્જુને પાતાલમાં જઇ, શેષનાગને તથા રૂષિઓને કહ્યું કે, હે સ્વામિ તમે અમારા યજ્ઞમાં પધારો ॥ ૧૧ ॥ પછી તે શેષનાગ સાતે રૂષિ સાથે સલાહ કરીને, તે ધર્મનું કામ કરવા વાસ્તે, અસંખ્ય સેના સાથે લીધી. ૧૨ એવી રીતે દશ ક્રોડના લશ્કર સાથે તેઓ તે છિદ્રને રસ્તે બહાર આવ્યા, અને ત્યાં રાક્ષસો સાથે લડાઇ કરી, તેથી રાક્ષસો ભય પામી ત્યાંથી નાશી ગયા ॥૧૩॥

જગન સંપૂરણ તવ થયા, પાંડવ પાંચ તે હરખ્યારે;
વેદ પુરાણે બોલ્યું એહવું, વિપ્ર જુઓ તમે પરીક્ષારે. વે૦ ॥ ૧૪ ॥
ભટ્ટ ભણે મુનિવર સુણો, સત્ય વચન એ મોટુંરે;
સ્મૃતિ પુરાણ વેદે કહ્યું, કેમ થાએ અમ ખોટુંરે. વે૦ ॥ ૧૫ ॥

પછી સઘળા યજ્ઞો નિર્વિઘ્ને સંપૂર્ણ થવાથી પાંચે પાંડવો આનંદ પામ્યા; માટે હે બ્રાહ્મણો વેદ પુરાણોમાં એવું કહ્યું છે, તેની તમે પરીક્ષા કરજો ॥ ૧૪ ॥ ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે, હે મુનિવરો, તમો બોલ્યા તે સઘળું સાચું છે, અને તે સઘળું સ્મૃતિ, વેદ પુરાણ વિગેરેમાં કહ્યું છે, તે અમારાથી કેમ ના કહેવાય? ॥ ૧૫ ॥

માયા મુનિ કહે સાંભલો, વિપ્ર એહીજ વાતોરે;
હય ગય પાયક અહિ પતિ, રૂષિવર ચાલ્યા સાતોરે. વે૦ ॥ ૧૬ ॥
બાણ છીદ્રે સમાયા સહુ, વળી નિકળ્યા જેમરે;
કમંડલ મુખે હું કરી, સમયા બેહુ તેમરે. વે૦ ॥ ૧૭ ॥

ત્યારે વેષધારી મુનિઓ કહેવા લાગ્યા કે, જેમ તે બાણના છિદ્રમાંથી, ઘોડા, પાળા, શેષનાગ તથા સાતે રૂષિઓ આવ્યા અને ગયા, તેમ હું અને હાથી કમંડલના મોહોડા વાટે તેમાં જઇ બેઠા ॥ ૧૬ ॥ ૧૭ ॥

વિપ્ર વચન ભણે મુનિ સુણો, ઘટતાં દીસે એ દોયરે;
વલિ વિચારી કહું અમે, ઉત્તર દેજો સોયરે. વે૦ ॥ ૧૮ ॥
કમંડલ માંહીં હસ્તી તુમે, માયા એહ સંદેહરે;
ઘણો કાલ ભમતાં થકાં, કેમ ન ભાંગી ભીંડી તેહરે. વે૦ ॥ ૧૯ ॥
નાલુએ કુંજર કેમ નીકલ્યો, કેમ વળગ્યો પુંછ વાળરે;
ચાર સંદેહ પડયા અછે ભો, જુઓ દયાપાલરે. વે૦ ॥ ૨૦ ॥
ખંડ ત્રીજે ઢાલ એ કહી, ચોથી સુણો સુવિસાલરે;
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજય ઉજમાલરે. વે૦ ॥ ૨૧ ॥

ત્યારે બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે મુનિઓ એ બન્ને વાતો તો મળતી આવે છે, વળી અમે એક વાત તમોને વિચારિને કહીયે છીએ તેનો જવાબ આપજો ॥ ૧૮ ॥ હવે તે કમંડલમાં તમે અને હાથી બન્ને રહ્યા શી રીતે? અને તેને ઘણો વખત નિકળી ગયો, છતાં તે ભીંડીનો છોતો કેમ તૂટ્યો નહીં? ॥ ૧૯ ॥ વળી તે નાળવામાંથી હાથી શી રીતે નિકળ્યો? અને માત્ર તેના પુંછડાનો વાળ શી રીતે અટકી ગયો? એવી રીતની ચાર શંકા અમોને પડી છે, તે હે દયાળું મુનિ તમે વિચારો ॥ ૨૦ ॥ એવી રીતે ત્રીજા ખંડની ચોથી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજયના શિષ્ય નેમવિજય કહે છે કે, હે શ્રોતાજનો તમે આનંદથી તે સાંભળજો ॥ ૨૧ ॥

## दुहा.

જીન ચરણદાસ બોલ્યો જતિ, બ્રાહ્મણ સુણજો વાત; અગસ્ત્ય રૂષિવર અભિનવો, પુરાણ પ્રસિદ્ધ એ ખ્યાત. ૧ ઉઠ હસ્તીની દેહડી, સાયર સમીપે વાસ; તપ જપ ધ્યાન ધરે બહુ, સામગ્રી રાખે પાસ ॥૨॥ ઝોલી ભાજન પાત્રને, સ્નાને શુધ કરે ગાત્ર; સાયર તીરે બેસી કરી, ભોંઇ મેલ્યાં સવિ પાત્ર ॥૩॥

પછી તે જિન ચરણદાસ સાધુ બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, એક અગસ્ત્ય નામે

માટો અને નવો રૂષિ પુરાણમાં પ્રખ્યાત થએલો છે ॥ ૧ ॥ સાડા ત્રણ હાથીના પ્રમાણનું તેનું શરીર હતું, તે હમેશાં, તપ, જપ ધ્યાન વિગેરેનો સરજામ પોતાની પાસે રાખીને સમુદ્રને કાંઠે રહેતો ॥ ૨ ॥ તે હમેશાં પોતાની ઝોળી, ઠામ વાસણ વિગેરેને સમુદ્રનાં પાણીમાં સાફ કરે, તેમ પોતે પણ સ્નાન કરે, એક વખતે તે સઘળાં પાત્રો ભોંય મુકી પોતે દરિયા કિનારે બેઠો ॥ ૩ ॥

ચાલ્યો કરવા સ્નાન તે, સમુદ્રની લાગી લેહેર; જલ કલોલે લીધી સહુ, ઉપન્યો રૂષિને જેહેર. ૪ પુજા સામગ્રી માહરી, પાપી જલ ધિએ લીધ; તો સંહારૂ એહને, તવ તિહાં સાગર પીધ ॥ ૫ ॥ એક ચલુમેં એ તલો, પીધો સાગર સર્વ; કેટલોક કાલ પેટમાં રહ્યો, હું કહું મૂકી ગર્વ ॥ ૬ ॥

પછી તે સ્નાન કરવા લાગ્યો, પણ એટલામાં સમુદ્રનું એક મોજું આવવાથી સઘળા વાસણો દરિયામાં ઘસડાઇ ગયા, અને તેથી રૂષિને અત્યંત ક્રોધ ચડ્યો ॥ ૪ ॥ અને વિચારવા લાગ્યો કે, આ પાપી સમુદ્રે મારો સઘળો પુજાનો સામાન લઇ લીધો, તો હમણાંજ તેનો નાશ કરૂં, એમ વિચારિ તેણે તે આખા સમુદ્રને પીધો. ૫ તેણે માત્ર એકજ કોગળમાં (ઘુંટડામાં) આખા સમુદ્રને લીધો, અને વળી હું અહંકાર મુકીને કહું છું કે, તે સમુદ્ર ઘણા વખત સુધી તેના પેટમાં રહ્યો ॥ ૬ ॥

દ્વિજ સહુ કો તમે સાંભલો, પુરાણ પ્રસિધો તાંમ; ઇંદ્રિમાં સમાયો જો સહી, તો હું હસ્તી બેહુ ઠાંમ. ૭ અગસ્ત્ય રૂષિએ પીધો સહુ, વાહાણ સાયર મચ્છ; એહ વાત માનો ખરી, તો માહરી વાતો સચ્ચ. ૮ વિપ્ર બોલ્યા તવ સહુ મલી, પુરાણમાં વાત મનાય; તુમ વચણ કેમ લોપીયે, લાગ્યા તુમારે પાય. ૯ માયા મુનિ તવ બોલીયો, બ્રાહ્મણ સુણજો વાત; અપર વાત પુરાણે કહી, સાંભળજો વિખ્યાત ॥ ૧૦ ॥

વળી હે બ્રાહ્મણો તમે સાંભળો, પુરાણોમાં કહ્યું છે કે, તે સઘળો સમુદ્ર તે રૂષિની ઇંદ્રિમાં સમાયો, તો હું અને હાથી બન્ને કમંડલમાં સમાયા, તેમાં શું આશ્ચર્ય છે? ॥ ૭ ॥ વળી તે અગસ્ત્ય રૂષિએ સઘળા વહાણો તેમ મચ્છો સહિત તે સમુદ્રને ગળ્યો; એ વાત જો તમે સાચી માનતા હો તો મારી વાત પણ તમે સાચી માનજો ॥ ૮ ॥ ત્યારે સઘળા બ્રાહ્મણો એકઠા થઇ બોલ્યા કે, એ વાત પુરાણમાં કહી છે, તો તે તમારા વચનો અમારાથી કેમ ખોટા કહેવાય? માટે અમો તમોને પગે લાગીયે છીએ ॥ ૯ ॥ વળી તે વેષધારી મુનિ બ્રાહ્મણોને કહેવા લાગ્યા કે, બીજી પણ એવીજ વાતો પુરાણોમાં પ્રસિદ્ધ છે, તે તમો સાંભળજો ॥ ૧૦ ॥

## ઢાલ પાંચમી.

નંદ સલુણા નંદનારે લોલ, તેં મુને નાંખી છે ફંદમાંરે લોલ—એ દેશી.

શ્રષ્ટિ ઉપાઇ બ્રહ્માની કહીરે લોલ, ભૂતલ વાયુ વનસ્પતિ મહીરે લોલ; સ્વર્ગ મૃત્યુ પાતાલમાંરે લોલ, જીવ ઉપાયા ઉજમાલમાંરે લોલ ॥ ૧ ॥

રૂદ્રે રૂદ્રપણું તવ કર્યુંરે લોલ, બ્રહ્મા સૃષ્ટિવેગેં સંહરૂંરે લોલ;
પ્રલયકાલ વરતાવું આજથીરે લોલ, અમે ઈશ્વર એવું કાજથીરે લોલ. ૨
વિષ્ણુ વાત વિચારી એહવેરે લોલ, ભૂવન ચૌદ પાલસું તેહવેરે લોલ;
ઉદરમાંહીં જગ લીધો સહુરે લોલ, જીવાદિક તવ રાખ્યો બહુરે લોલ. ૩

વેદ પુરાણોમાં કહ્યું છે કે, પૃથ્વી, વાયુ, વનસ્પતિ, સ્વર્ગ, મૃત્યુ, પાતાલ તથા સઘળા જીવો બ્રહ્માએ હર્ષથી ઉત્પન્ન કર્યાં છે ॥ ૧ ॥ પછી મહાદેવે પોતાનું ભયાનક પણું પ્રગટ કરી વિચાર્યું કે, બ્રહ્માની બનાવેલી આ સૃષ્ટિનો હું નાશ કરૂં, અને વળી હું ઇશ્વર છું માટે આજથી પ્રલયકાળ વર્તાવું ॥ ૨ ॥ ત્યારે વિષ્ણુએ વિચાર્યું કે, આપણે તો આ આખા જગતનું અર્થાત ચૌદ ભુવનોનું રક્ષણ કરશું, એમ વિચારિ તેણે આખો જગત જીવઆદિક સઘળી વસ્તુઓ પોતાના પેટમાં લેઈ રાખી ॥ ૩ ॥

વિષ્ણુ પોહોડ્યા જઈ વડ પાનડેરે લોલ, બ્રહ્મા જોએ રાન રાનડેરે લોલ;
બહુ કાલ ગયો જગ જોવતાંરે લોલ, દેખે નહીં અણખોવતાંરે લોલ. ૪
તલસીનો છોડ તવ દીઠડોરે લોલ, બ્રહ્મા આવ્યો દીલ કરી મીઠડોરે લોલ;
અગસ્ત્ય રૂષિ દીઠા એટલેરે લોલ, બેહુ તાપસ એકઠા મલેરે લોલ. ૫
અભ્યાદે અભ્યાદે કરીરે લોલ, કોટે વલગ્યા બાંહી ધરીરે લોલ;
સન્માન દીધું બ્રહ્મા ભણીરે લોલ, આસન ઉપર બેઠા ધણીરે લોલ. ૬

પછી વિષ્ણુ તો વડનાં પાન ઉપર જઇને સૂઇ રહ્યા, અને બ્રહ્માએ તેની દરેક વનમાં ફરીને શોધ કરી, અને ઘણો કાળ વીતી ગયો, તોપણ ખોવાએલા જગતનો ઘણું ઘણું જોતા પણ કંઈ પત્તો લાગ્યો નહીં ॥ ૪ ॥ એવામાં એક તુલસીનો છોડવો જોવામાં આવ્યો, તેથી બ્રહ્મા દીલને વિષે હરખાતો હરખાતો તેની પાસે આવ્યો, એટલામાં ત્યાં તેણે અગસ્ત્ય રૂષિને જોયા, એ પ્રમાણે બન્ને તાપસો ત્યાં એકઠા થયા ॥ ૫ ॥ અભ્યાદે, અભ્યાદે શબ્દો બોલીને બન્ને જણાએ કોટી કરી, તથા અગસ્ત્ય રૂષિએ બ્રહ્માનો હાથ ઝાલી આદરમાન દીધું, અને પછી તેઓ બન્ને આસનપર બેઠા ॥ ૬ ॥

અગસ્ત્ય કહે બ્રહ્મા સુણોરે લોલ, કેમ પધાર્યા મુજને ભણેરે લોલ;
ચિંતાતુર દીસોછો ઘણુંરે લોલ, કહેજો સ્વામિ કાજ આપણુંરે લોલ. ૭
ધાતા તવ બોલ્યા વહીરે લોલ. અગસ્ત્ય સુણો વાતો સહીરે લોલ;
સૃષ્ટિ નિપાઇ મેં આદર કરીરે લોલ, પાપી નર કોણે સંહરીરે લોલ. ૮
જોયું જગત્ર ન દીઠું કહીરે લોલ, ઘણો કાલ ભમીયો મહીરે લોલ;
ભુવનચૌદનીઆશા મૂકીખરીરેલોલ, દુર્જનકોણકીધોવિણાસહીરેલોલ. ૯

પછી અગસ્ત્ય રૂષિએ બ્રહ્માને પૂછયું કે, આજે આપણું અહીં શામાટે પધારવું થયું ? તમો કાંઇક ચિંતાતુર દેખાઓ છો, વળી મારા યોગ્ય કામ કાજ ફરમાવશો? ૭ ત્યારે બ્રહ્મા એકદમ બોલી ઉઠ્યા કે, હે અગસ્ત્ય, મેં જે આ સૃષ્ટિ મેહેનત લઇ

નિપજાવી, તો કોણે પાપીએ તેને સંઘરી રાખી છે ॥ ૮ ॥ વળી આ દુનિયામાં ચારે કોર રખડીને મેં સૃષ્ટિની ત્રણે જગતમાં શોધ કરી પણ કંઇ પત્તો મળતો નથી, માટે મેં તો હવે આ ચૌદ ભૂવનની તો આશાજ છોડી છે; માટે આવો નાશ તે કયા દુષ્ટ માણુસે કર્યો છે? ॥ ૯ ॥

**અગસ્ત્ય રૂષિ બોલ્યા તદારે લોલ, સાંભલો બ્રહ્મા રૂષિ મુદારે લોલ;**
**તલસીડાલેવલગ્યોએહનોરેલોલ, સરસવજેવડોકમંડલતેહનોરે લોલ. ૧૦**
**કમંડલ મુખમાં પેસી જોએરે લોલ, વિશ્વ આપણો વેગે હોએરે લોલ;**
**બ્રહ્માને આનંદ આવીયોરે લોલ, પેઠો કમંડલમાં ભાવીયોરે લોલ. ૧૧**
**કુંડી મધે જોએછે જદારે લોલ, વડ વૃક્ષ મોટો દીઠો તદારે લોલ;**
**ડાલે ચઢી જોગે પાનનેરે લોલ, નિદ્રા ભર દીઠા તિહાં કાનનેરે લોલ. ૧૨**

ત્યારે અગસ્ત્ય રૂષિ બોલ્યા કે, હે બ્રહ્મા હું તમોને જે કહું તે આનંદથી સાંભળો? આ તુલસીના ઝાડની ડાંખળીએ તેનું સરસવનાં દાણાં જેવડું કમંડળ લટકે છે. ૧૦ માટે જો આ કમંડળમાં તમે પેસી જાઓ, તો આખું જગત તમારી નજરે પડશે, તે સાંભળી બ્રહ્મા રાજી થઇ, તે કમંડલમાં દાખલ થયા ॥ ૧૧ ॥ તેની કુંડીમાં જોયું તો એક મોહોટું વિશાલ વડનું ઝાડ તેણે જોયું, અને તેની ડાળ ઉપર ચડીને જુવે છે તો પાંદડાપર વિષ્ણુને ઉંઘ ખેંચતા જોયા ॥ ૧૨ ॥

**પાસે આવી જોયે જેહવેરે લોલ, કોણ પુરૂષ દીસે છે એહવેરે લોલ;**
**કિંવાવિષ્ણુઘટેગોવાલીયોરેલોલ, હરિવિનાનોહેભૂપાલીયોરે લોલ. ૧૩**
**વડપાને સુતા જગનાથજીરે લોલ, ઉઠો સ્વામિ મલો દેઇ હાથજીરે લોલ;**
**સાદકીધોઉઠયાગોવિંદધસીરેલોલ, બ્રહ્મામળ્યાઆનંદહસીરે લોલ. ૧૪**
**નારાયણે પુછયો તદારે લોલ, તુમેં પધાર્યા કેમ મુદારે લોલ;**
**બ્રહ્મામુખતદબોલ્યાએસુંરેલોલ, સાંભલો વિષ્ણુ કહું જેસુંરે લોલ. ૧૫**

પછી તેની પાસે આવી જોઇને બ્રહ્માએ વિચાર્યું કે, આતે કોણ પુરૂષ હશે? ખરેખર આ વિષ્ણુ ગોવાળીઓ લાગે છે, કારણકે અહિં તે વિના બીજો રાજા કોણ હોય? ॥ ૧૩ ॥ પછી બ્રહ્માએ બૂમ પાડી કહ્યું કે, હે જગતના નાથ, તમે આ વડના પાન ઉપર શામાટે સુતા છો? માટે આ હાથ ઝાલીને ઉઠો તે સાંભળી વિષ્ણુ એકદમ ઉઠ્યા, અને હાસીને બ્રહ્માને આનંદ પૂર્વક મળ્યા ॥ ૧૪ ॥ પછી વિષ્ણુએ બ્રહ્માને પુછયું કે આપ આજે અહીં કેમ પધાર્યા? ત્યારે બ્રહ્માએ કહ્યું કે, વિષ્ણુજી જે વાત બની છે તે સઘળી તમોને કહી સંભળાવું છું ॥ ૧૫ ॥

**સરજી શ્રૃષ્ટી ન દેખું કહીંરે લોલ, ઘણો કાલ હું ભમ્યો મહીરે લોલ;**
**દીઠાંજાણી આવ્યોતુમકનેરેલોલ, કહોસ્વામિઆસાઅમકનેરેલોલ. ૧૬**
**વિષ્ણુ તવ બોલ્યા સહીરે લોલ, સાંભલો બ્રહ્મા રૂષિ વહીરે લોલ;**
**ચૌદ ભૂવન નિપાયા તુમેરે લોલ, તેહની રક્ષા કરવી અમેરે લોલ. ૧૭**

રૂદ્રે જવ માંડયો સંહારનોરે લોલ, પ્રલય કાર કરે અપારનોરે લોલ;
ઉદરમાં તવ વેગે કરીરે લોલ, સૃષ્ટિ તમારી મેં ઓધરીરે લોલ. ૧૮

મેં આ આખી સૃષ્ટિ નિપજાવી, પણ તે કયાંએ દેખાતી નથી, તેને શોધવા વાસ્તે હું ઘણો વખત ભટકયો, પણ કંઈ પત્તો મળ્યો નહીં, તેથી તે અમારી આશા તમારી પાસેથી ફળશે, એમ ધારી તમોને ઇહાં સુતેલા જોઇ તમારી પાસે આવ્યો છું ॥ ૧૬ ॥ ત્યારે વિષ્ણુએ કહ્યું કે, હે બ્રહ્મા રૂષિ આ ચૌદ ભૂવનો તમોએ ઉત્પન્ન કર્યાં, તેની રક્ષા અમારે કરવી છે ॥ ૧૭ ॥ પણ એટલામાં મહાદેવે તેનો પ્રલય કરી સંહાર કરવાનો વિચાર કર્યો, તેથી એકદમ તમારી સૃષ્ટિને મેં મારા પેટમાં નાખી તેનું રક્ષણ કર્યું છે ॥ ૧૮ ॥

વચન સુણી રીઝયા તદારે લોલ, ભલો કીધો તુમે અમ મુદારે લોલ;
સ્વામિ ભુવન દેખાડો હવેરે લોલ, જીવ અમારો ઘણું લવેરે લોલ. ૧૯
હરિ ભણે સાંભલો રૂષિ તમેરે લોલ, મુખમાં પેસો જઇ ઉજમેરે લોલ;
સૃષ્ટિ જુઓ તમારી એહવીરે લોલ, ભાગે મનના સહુ સંદેહવીરે લોલ. ૨૦
ખંડ ત્રીજે ઢાલ પાંચમીરે લોલ, શ્રોતા સહુ જનને ગમીરે લોલ;
રંગવિજયનો શિષ્ય એમ કહેરે લોલ, નેમ તે જસ જગમેં લહેરે લોલ. ૨૧

તે વચનો સાંભળી બ્રહ્મા ખુશી થઇ કહેવા લાગ્યા કે, તમોએ અમારા પર બહુજ ઉપકાર કર્યો છે; પણ હે સ્વામિ હવે તે ભુવનનાં (સૃષ્ટિનું) દર્શન અમોને કરાવો, કારણ કે તે જોવાને અમારો જીવ બહુ આતુર છે ॥ ૧૯ ॥ ત્યારે વિષ્ણુએ કહ્યું કે, તમો ખુશીથી મારા મોહોડામાં પેસીને તમારી સૃષ્ટિનાં દર્શન કરી લો, કે જેથી તમારા મનની શંકા દૂર થાય ॥ ૨૦ ॥ એવી રીતે ત્રીજા ખંડની પાંચમી ઢાલ સાંભળનારાને આનંદકારી છે, રંગવિજયના શિષ્ય નેમવિજયજી કહે છે કે, આથી મને જગતમાં ઘણો જસ મળશે ॥ ૨૧ ॥

## दुहा.

બ્રહ્મા મુખમાં પેઠા જઇ, ચૌદ ભુવન દીઠા ત્યાંહિં; સ્વર્ગ મૃત્યુ નરકા વાસનો, પર્વત સાગર મહિમાંહીં ॥૧॥ સુરનર કિન્નર દેવતા, હયગય પંખી અનેક; ઉદરમાંહિં દીઠો સહુ, જોતાં કાલ ગયો છેક ॥ ૨ ॥ અધો દ્વારે નિકલવા, બ્રહ્માએ વિચારી વાત; મલ મૂત્ર અસૂચિ ભંડારનો, દુર્ગંધ ગંધ ઉતપાત ॥૩॥

પછી બ્રહ્માએ વિષ્ણુના મુખ વાટે ઉદરમાં જઈ સ્વર્ગ, મૃત્યુ, પાતાલ (નરક) પર્વત, સમુદ્ર, જમીન વિગેરે ચૌદ ભુવન જોયા ॥ ૧ ॥ ત્યાં દેવતા, મનુષ્ય, કિન્નર જાતિનાં દેવ, ઘોડા, હાથી તથા અનેક જાતનાં પક્ષિ વિગેરે જોતાં જોતાં કેટલોક વખત નિકળી ગયો ॥ ૨ ॥ પછી બ્રહ્માએ વિચાર્યું કે, હવે વિષ્ણુના અધો દ્વારેથી મારે નિકળવું, પણ ત્યાંતો, વિષ્ટા, મુત્રઆદિક અસુચિ ભરેલા પદાર્થોને લીધે અત્યંત દુર્ગંધ આવવા લાગી ॥ ૩ ॥

ઇહાં નિકલવું નવિ ઘટે, વદને થાયે બહુ વર્ષ; નાભિ કમલ જે વિષ્ણુની, તેમાં કાઢું દેહતો હર્ષ. ૪ પહેલો કાજ વિચારિએ, તેહને નાવે કોઇ લાજ; વિષ્ણુ નાભિને છિદ્રે કરી, બ્રહ્મા નિકલ્યા આજ ॥૫॥ ડુંટી વલગ્યો કેશ અંગનો, ધાતા ન લહે લવલેશ; બ્રહ્મા તિહાં વલગી રહ્યા, માટુ થયા વલગે કેશ ॥૬॥

ત્યારે વિચાર્યું કે, આ દ્વારથી નીકળવું તેતો ઠીક નહીં, અને જો કદાચ મોહોડાને રસ્તે નિકળવા માગું તો ઘણાં વર્ષો વીતી જાય, માટે હવે તો વિષ્ણુનાં નાભિકમળમાંથી નિકળું તો ઠીક થાય ॥ ૪ ॥ કામ કરતાં પેહેલાં વિચારિને કરવાથી લજ્જા પાત્ર થવાતું નથી, એમ વિચારિ વિષ્ણુની નાભિમાંથી છેદ પાડીને બ્રહ્મા બહાર નીકળ્યા ॥ ૫ ॥ તેમાંથી નિકળતી વેળા ડુંટીએ, બ્રહ્માના શરીરનો એક વાળ વળગ્યો તેની તેને શુદ્ધિ રહી નહીં અને તેથી તે જ્યા અટકી રહ્યો અને તેને લીધે તે ઘણા હેરાન થયા ॥ ૬ ॥

નાભિકમલ રચના કરી, પાંખડી અષ્ટ પ્રકાર; ઉપર આસન પૂરીયું, નામ કમલાસન સાર ॥૭॥ દિવસ તેહજ આદે કરી, પદમ જાત તેહ નામ; નાભિકમલે હરિ ઉપન્યા, કથા જાણો બ્રહ્માની તામ ॥ ૮ ॥ માયા મુનિ હસી બોલીયો, વિપ્ર વિચારિ જોય; વેદ પુરાણે કથા કહી, સાચી જૂઠી હોય ॥ ૯ ॥ વિપ્ર વચન તવ બોલીયા, પુરાણ પ્રસિદ્ધો એમ; સર્વ શાસ્ત્રમાંહીં કહ્યું, ખોટું કહીયે કેમ ॥ ૧૦ ॥

પછી વિષ્ણુએ નાભિ ઉપર આઠ પાંખડીના કમળની રચના કરી, અને કમલાસન નામે આસન રચ્યું ॥ ૭ ॥ અને તે દિવસથી માંડીને તે બ્રહ્માનું પદમ જાત નામ પડયું, એવી રીતે વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થવાની બ્રહ્માની કથા જાણવી ॥ ૮ ॥ પછી તે વેષધારી મુનિ હસીને બોલવા લાગ્યો કે, હે બ્રાહ્મણો તમો વિચારો કે, વેદ પુરાણોમાં એવી જે કથાઓ કહી છે તે સઘળી સાચી કે જુઠી છે ॥ ૯ ॥ ત્યારે બ્રાહ્મણોએ જવાબ આપ્યો કે, એ સઘળી વાતો પુરાણ વિગેરે સર્વ શાસ્ત્રોમાં કહેલી પ્રસિદ્ધ છે, તે અમારાથી કેમ ખોટી કહેવાય? ॥ ૧૦ ॥

## ઢાલ છઠ્ઠી.

ઘડી એક ઘોને રાણી સુંઅરો, સુંઅરો દરિયોરે ન જાય—એ દેશી.

મનોવેગ પવનવેગ ભણી, સામું જોઈ મિત્ત;
મિત્ર વચન મુજ સાંભલો, એક મનમાં ધરિ ચિત્ત.
સાજન સહુકો સાંભલો ॥ એ આંકણી ॥ ૧ ॥
જેમ કમંડલ સરસવ જેટલે, મધ્યે જગ માયંત;
તો કમંડલ મોટામાંહીં, ગજ અમે કેમ ન પેસંત. સા૦ ॥ ૨ ॥

જેમ ચૌદ ભૂવન ભારે કરી, તુલસી ડાલ નવિ ભંગ;
તેમ મયગલ મુજ ભારથી, ભીંડી ડાલ નડંગ. સા૦ ॥ ૩ ॥

હે સજ્જનો તમો સઘળા હવે મન દઇ સાંભળજો. પછી મનોવેગ પવનવેગ સામું જોઇ કહેવા લાગ્યો કે, હે મિત્ર એક ચિત્ત દઇ તમે મારા વચનો સાંભળજો ॥૧॥ જ્યારે એક સરસવનાં દાણાં જેટલા કમંડલમાં આખું જગત સમાયું, તો એક મોટા કમંડલમાં હું અને હાથી કેમ ન સમાઇ શકીએ? ॥ ૨ ॥ વળી જેમ ચૌદ ભૂવનોના ભારથી તુલસીના ઝાડની ડાંખળી ભાંગી નહીં, તેમ મારા અને હાથીના ભારથી ભીંડીનો છોતો પણ તુટ્યો નહીં ॥ ૩ ॥

જેમ વિષ્ણુ ઉદરમાંહીં ભમ્યો, બ્રહ્મા તિહાં બહુ કાલ;
અપણાં જગ જોતાં થકાં, એમ કહે બાલ ગોપાલ. સા૦ ॥ ૪ ॥
કમંડલમાંહીં બેહુ ભમ્યા, સાવ કહું ગજ જેમ;
કરી પુંડે ભમે ઘણું, નાઠો જાઉં તેમ. સા૦ ॥ ૫ ॥
જેમ નાભિકમલ છીદ્રે કરી, આખો નિકલ્યો દેહ;
આંડવાલ વલગી રહ્યો, બ્રહ્માનો વળી તેહ. સા૦ ॥ ૬ ॥

વળી જેમ વિષ્ણુનાં પેટમાં બ્રહ્મા ઘણા કાળ સુધી રખડ્યો, અને આખું જગત તેણે જોયું, એમ સઘળા બાળકથી માંડી સર્વે કોઇપણ જાણે છે ॥ ૪ ॥ તેવીજ રીતે હું અને હાથી કમંડલમાં રખડ્યા; કારણ કે ત્યાં હાથી મારી પછાડી લાગ્યો હતો, અને તેથી હું પણ તેમાં નાસતો ફરતો હતો ॥ ૫ ॥ જેમ ડુંટીમાંથી બ્રહ્મા આખાને આખા નિકળી આવ્યા, પણ તેનો આંડવાળ વળગી રહ્યો ॥ ૬ ॥

તેમ હસ્તી નાલુએ નિકળ્યો, પુંછનો વળગ્યો કેશ;
બલવતરે બહુ બલ કર્યો, હાલ્યો નહીં લવ લેશ. સા૦ ॥ ૭ ॥
વચન સુણી દ્વિજ બોલીયા, સાંભલો સાધુ નરેશ;
કર જોડી તુજ પાય પડયા, ઉત્તર નોહી લવ લેશ. સા૦ ॥ ૮ ॥
મનોવેગ મન ઉલસી, બોલ્યો મધુરી વાણ;
પવનવેગ સહુ સાંભલો, વચન વિરોધ પુરાણ. સા૦ ॥ ૯ ॥

તેવીજ રીતે હાથીને નાળવેથી નિકળતાં તેનાં પુંછડાનો વાળ વળગી રહ્યો; તે વખતે તે બળવાન હાથીએ ઘણું જોર વાપર્યું, પણ તે જરા માત્ર હાલ્યો નહીં ॥ ૭ ॥ તે વચનો સાંભળી બ્રાહ્મણો બોલ્યો કે, હે મહાન સાધુઓ તે વાતનો હવે ઉત્તર આપવાની અમારી શક્તી નથી, એમ કહી હાથ જોડી તેને પગે પડ્યા ॥ ૮ ॥ પછી મનોવેગ આનંદથી પવનવેગને મિઠે વચને કહેવા લાગ્યો કે, એવી રીતે પુરાણનાં વચનો એક બિજાને મળતાં નથી ॥ ૯ ॥

જો વિશ્વલોક સઘળો ગળ્યો, વિષ્ણુએ ઉદરજ માંહીં;
તો કમંડલ બાહેર કેમ રહ્યું, કહો કેમ પેઠા ત્યાંહીં. સા૦ ॥ ૧૦ ॥
અગસ્ત્ય તુલસી ઝાડવે, કમંડલ તુચ્છ મોઝાર;
વડ વૃક્ષ તણે પાંદડે, પોઢયા દેવ મોરાર. સા૦ ॥ ૧૧ ॥

એ સૌ જગ બાહિર ઘટે, તિહાં કરજો વિચાર;
વિપ્ર સહુ પુરાણુનાં, વચન વિરોધ અપાર. સા૦ ॥ ૧૨ ॥

જો વિષ્ણુએ આખા જગતને પોતાના પેટમાં ગળી લીધું હતું, તો ફક્ત કમંડલ શા વાસ્તે બહાર રહ્યું? અને તે પોતે પણુ એમાં શા માટે પેઠા હતા? ॥ ૧૦ ॥ વળી તુલસીના ઝાડ ઉપર અગસ્ત્ય રૂષિ શી રીતે રહ્યા? તેમ એક નાના સરસવનાં દાણા જેટલા કમંડલમાં મોટા વડનાં ઝાડને પાંદડે વિષ્ણુ પણુ શી રીતે સૂઇ શકયા? ૧૧ વળી હે બ્રાહ્મણો તે કમંડલ વડનું ઝાડ વિગેરે સઘળું જગતની બહાર કેમ ઘટે? તેનો તમે ખ્યાલ કરજો. એવાં પુરાણુના વચનોમાં અત્યંત વિરોધ આવે છે, અર્થાત ખોટાં છે ॥ ૧૨ ॥

જે બ્રહ્માધ્યાયે થકે, મૂકાએ ભવ પાસ;
વિષ્ણુની નાભિકમલે રહ્યો, પામ્યો દુઃખ નિરાસ. સા૦ ॥ ૧૩ ॥
જો જ્ઞાનવંત બ્રહ્મા હોયે, તો કાં પૂજે અગસ્તિ;
સૃષ્ટિ મારી કો હરી ગયો, કહો રૂષિવર કિહાં વસ્તિ. સા૦ ॥ ૧૪ ॥

વળી જે બ્રહ્માનું ધ્યાન ધરવાથી માણુસો આ ભવમાં ભમવા રૂપ જાળનો નાશ કરી મોક્ષ પામે છે, તેજ બ્રહ્મા વિષ્ણુની નાભિમાં રહ્યા થકા અત્યંત કષ્ટ પામ્યા! તે પણુ આશ્ચર્યની વાત છે ॥ ૧૩ ॥ વળી જો તે બ્રહ્મા જ્ઞાની હોત, તો અગત્યને તે શા માટે પૂછત કે, મારી સૃષ્ટિ કોણુ ચોરી ગયું? અને હાલ તે કયાં છે ॥૧૪॥

બ્રહ્માએ સહુ સરજીયું, તો સરજી નહીં એક નાર;
રીંછડીને સેવે સદા, કામાંધ હોયે ગમાર. સા૦ ॥ ૧૫ ॥
નારાયણુ જાણે સહુ, સૃષ્ટિ તણો સંહાર,
તો સીતાહરણુ નહીં જાણીયો, પૂછયો સયલ સંસાર. સા૦ ॥ ૧૬ ॥

વળી બ્રહ્માએ આખું જગત બનાવ્યું, તો તેમાં એકે સ્ત્રીને શામાટે ન બનાવી? કે પોતે કામાંધ અને મૂર્ખ બનીને રીંછડી સાથે વિષયાભિલાષ તૃપ્ત કર્યો ॥ ૧૫ ॥ વળી વિષ્ણુએ જ્યારે આ આખી દુનીયાનો પ્રલયકાળ પેહેલેથી જાણ્યો, તો પોતાનીજ સ્ત્રી સીતાના હરણુની વાત તેણે કેમ ન જાણી? અને આખા જગતના માણુસોને તે વાસ્તે તેને કેમ પુછવું પડયું? ॥ ૧૬ ॥

જક્કડબંધ બાંધ્યા થકાં, છૂટે સઘલા લોક;
રામચંદ્ર સમરથ સદા, ભાંજે સહુનો શોક. સા૦ ॥ ૧૭ ॥
રાવણુ પુત્ર પરાક્રમી, ઇંદ્રજિત જેહનું નામ;
સકળ સૈન તેણે બાંધીયો, લક્ષ્મણુ ને વળી રામ. સા૦ ॥ ૧૮ ॥

વળી જે રામચંદ્રની સેવાથી માણુસોનાં નિબિડ બંધનો પણુ નાશ પામી શોક દૂર થાય, તેજ રામચંદ્રને તેમ તેના ભાઇ લક્ષ્મણુને, અને તેઓની આખી સેનાને રાવણુના બહાદુર પુત્ર ઇંદ્રજીતે ખુબ જોરથી બાંધ્યા! ॥ ૧૭ ॥ ૧૮ ॥

શોક સહુને ઉપન્યો, રવિ ઉગમતે એહ;
સલ્પ વિસલ્યા ઔષધી, નાવે તો મરે તેહ. સા૦ ॥ ૧૯ ॥

હણુમંતે વેગે કરી, આણી સલ્પ વિસલ્પ;
રામ લક્ષ્મણ સેના તણાં, ભાંજ્યા સઘલા સલ્ય. સા૦ ॥ ૨૦ ॥
નિજ બંધન જેણે નહીં ટલ્યાં, નહીં ટલ્યા શોક સંતાપ;
પરનાં તે કેમ ટાલશે, વિચારો મહા પાપ. સા૦ ॥ ૨૧ ॥
ખંડ ત્રીજે છઠ્ઠી ઢાલમાં, ભાંખ્યા નવનવા ભેદ;
રંગવિજય શિષ્ય એમ કહે, નેમને હર્ષ ઉમેદ. સા૦ ॥ ૨૨ ॥

ત્યારે સહુને દિલગિરિ પેદા થઇ કે, સવાર થતા સુધીમાં જો વિસલ્યા નામે (સ્ત્રી) સેહેલાઇથી મટાડી શકે એવી ઔષધી જો આવે નહીં તો તે સઘળા મૃત્યુ પામે. ૧૯ પછી હનુમાને એકદમ જઈને વિસલ્યાને લાવી રામ લક્ષ્મણ અને તેની સેનાના સંકટોનો નાશ કર્યો ॥ ૨૦ ॥ વળી તમે વિચારો કે, જેણે પોતાનાંજ બંધન, તથા શોક સંતાપનો નાશ ન કર્યો, તે બીજાનાં મોટા પાપોનો શી રીતે નાશ કરી શકે? ॥ ૨૧ ॥ એવી રીતે ત્રીજા ખંડની છઠ્ઠી ઢાલમાં નવા નવા ભેદો નિરૂપણ કર્યાં અને તેથી રંગવિજયના શિષ્ય નેમવિજયને ઘણો આનંદ થયો છે. ૨૨

## दुहा.

બ્રાહ્મણ સહુ છાના રહ્યા, નહીં ઉપજે તે બોલ; મનોવેગ મન ઉલસ્યો, વિપ્ર હુવા નિહોલ. ૧ વાદ જીતી વનમાં ગયા, વિદ્યાધર બેહુ મિત્ર; મનોવેગ કહે સાંભલો, પવનવેગ પવિત્ર ॥ ૨ ॥ પૂર્વાપર વિરોધ ઘણાં, કહેતાં લાગે લાજ; દેવ તણાં ગુણ સાંભલો, જેમ સરે તુમ કાજ ॥ ૩ ॥

આ સાંભળી બ્રાહ્મણોને બોલવાને એક પણ શબ્દ નહીં મળવાથી, તેઓ મુંગા બેસી રહ્યા, તે જોઇ મનોવેગને અત્યંત આનંદ થયો; અને એવી રીતે બ્રાહ્મણોની હાર થઇ ॥ ૧ ॥ એવી રીતે વાદમાં જીતીને બન્ને વિદ્યાધર મિત્રો બગીચામાં ગયા, ત્યાં મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે મિત્ર જે હું કહું તે તું સાંભળ. ૨ એવી રીતે વેદ પુરાણોના આગળ પાછળનાં વિરોધ કહેતાં તો હવે મને શરમ લાગે છે, હવે માત્ર દેવોનાં ગુણો તમે સાંભળો, કે જેથી તમારા કાર્યો સરે ॥ ૩ ॥

ક્ષુધા તૃષા ભય દ્વેષ નહીં, રાગ ક્રોધ મદ લોભ; માન મોહ માયા નહીં, જન્મ જરા મૃત્યુ ક્ષોભ ॥ ૪ ॥ સ્વેદ ખેદ વિશાદ નહીં, નિંદ્રા ચિંતા નહીં જેહ; અષ્ટાદશ દોષ વેગલા, આરાધો વલી તેહ ॥ ૫ ॥

જે દેવને, ભૂખ, તરસ, બીક, અદેખાઇ, પ્રિતિ, ગુસ્સો, અહંકાર, લોભ, માન, મોહ, કપટ, જન્મ, ઘડપણ, મૃત્યુ, ભય, પસીનો, વ્યાકુલપણું, શોક. નિદ્રા, ચિંતા, એ સઘળું નથી; વળી જે અઢાર દોષો (૧ પ્રણિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ,

૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુષ્ય, ૧૫ રતિ અરતિ, ૧૬ પરપરિવાદ, ૧૭ માયા મૃષાવાદ, ૧૮ મિથ્યાત્વ શલ્ય) એ કરી રહીત છે, તે દેવ પૂજવાને લાયક છે ॥ ૪ ॥ ૫ ॥

અતિસય ચોત્રીસ જેહને, પ્રતિ હાર્ય અડ સાર; અનંત ચતુષ્ટય મંડીયા, તે દેવ ભવજલ તાર ॥ ૬ ॥ બ્રહ્મા હરિહર દેવતા, રાગ દ્વેષ ભંડાર; દૂષણુ ભૂષણુ ભુષિતા, પુત્ર કલત્ર પરિવાર ॥ ૭ ॥ સુદેવ કુદેવ પરીક્ષા કરો, ધર્માધર્મ વિચાર; સાચું હોય તે અંગી કરો, હેમ પ્રકાર જેમ ચાર ॥ ૮ ॥ તાપ તાડન છેદ ધર્ષણ, દાન દયા તપ જાપ; શસ્ત્રી શાસ્ત્ર ગુરૂ કુગુરૂનો, પરીક્ષા ધરો નિઃપાપ ॥ ૯ ॥

વળી જેને ચોત્રિસ અતિશય છે, તેમ ચામર, છત્ર, સિંહાસન, સુરપુષ્પ વૃષ્ટિ, દુદુંભિનાદ, સુંદર અવાજ, ચામર તથા અશોક વૃક્ષ, એ આઠ મહાપ્રતિહાર્ય છે, તેમ જેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અને અનંત વીર્ય છે, તે દેવ આ સંસારરૂપી સમુદ્રમાંથી તારવાને સમર્થ છે ॥ ૬ ॥ અને બ્રહ્મા, વિષ્ણુ, તથા શંકર વિગેરે દેવો તો રાગ દ્વેષથી ભરેલા, તેમ સઘળા દુષણુ રૂપી ઘરેણાંઓથી શોભતા, તેમ પુત્ર, સ્ત્રીઆદિક પરિવાર વાળા છે ॥ ૭ ॥ વળી સુદેવ, કુદેવ, તેમ ધર્મ અને અધર્મની સોનાની માફક ચાર પ્રકારે પરીક્ષા કરી, તેને અંગીકાર કરવા ॥ ૮ ॥ તાપથી, ટીપવાથી, કાપવાથી, તથા ઘસવાથી, તેમ દાનથી, દયાથી તપથી અને જપથી, શસ્ત્ર (હથીઆર)ની અને શાસ્ત્રની, સુગુરૂની અને કુગુરૂની અનુક્રમે તપાસ કરી પરીક્ષા કરવી ॥ ૯ ॥

## ઢાલ સાતમી.

શાધા રૂપે દીસે રૂડી, હાથે ખલકે સોનાના ચુડી, મારી સઇરે સમાણી-એ દેશી.

કુગુરૂ કુદેવ કુધર્મ તણાં જેહ, દોષ દાખવ્યા પૂરવે ઘણાં એહરે;
મારા સાજન સુણજો, ગ્રંથ વધવાને કારણુ જેહ;
પાછલ કહ્યા વિચારો તેહરે. મારા સાજન૦ ॥ ૧ ॥
લોક અલોક કાસ મોઝાર, ઉંચો ચૌદ રાજ વિસ્તારરે; મા૦
સાત રાજ હેઠો અધો લોક, મેરૂ કંદથી ગણજો થોકરે. મા૦ ॥ ૨ ॥
મેરૂ સમો ઉંચો મધ્ય લોક, તીહાંથી સાત રાજ મોક્ષ રોકરે; મા૦
અધો સાત રાજ મધ્ય એક, પૂર્વાપર કરજો વિવેકરે. મા૦ ॥ ૩ ॥

વળી હે સજ્જનો, ગ્રંથ વધવાના ભયથી અહીં પુનરપિ નહીં દેખાડતાં પાછળ કહ્યા પ્રમાણે, કુગુરૂ, કુદેવ, અને કુધર્મનાં જે દોષો અગાડી દેખાડ્યા, તે તમારે સમજી લેવા ॥ ૧ ॥ આ લોકા કાશ અને અલોકા કાશની વચ્ચે આ જગત ચૌદ રાજનાં વિસ્તારવાળું છે, અને મેરૂ પર્વતના મૂળથી સાત રાજ નીચે અધો લોક ગણવો. ૨ મેરૂ પર્વતની ઉંચાઇ સુણી મધ્ય લોક જાણવો, અને ત્યાંથી સાત રાજ ઉપર સિદ્ધ

શિલા જાણવી, એવી રીતે ઉપર અને નીચે સાત સાત રાજ્યની વચ્ચે મધ્ય લોક જાણવો ॥ ૩ ॥

બ્રહ્મ લોક રાજ છે પાંચ, એક રાજ ઉપર વલી ખાંચરે; મા૦
દક્ષિણ ઉત્તર સઘલે તાસ, વાયુ ત્રણ વિધો વિખ્યાતરે. મા૦ ॥ ૪ ॥
લોક મધ્ય ઉભી તસ નાલ, ચૌદ રાજ ઉંચી વિશાલરે; મા૦
ત્રસ નાભિ ત્રસ થાવર ભરી છે, એક રાજ વિસ્તારે કરીછેરે. મા૦ ૫
બાહેર ભરીયા થાવર પંચ, આગમ કહીયેં એહવો સંચરે; મા૦
ધનરાજ જાણો ત્રિલોક, ત્રણસેં તેંતાલી થોકરે. મા૦ ॥ ૬ ॥

પાંચ રાજે બ્રહ્મલોક છે, અને એક રાજ ઉપર દક્ષિણ અને ઉત્તર સઘળે સ્થળે વાયુ કુમારની ત્રણ પ્રખ્યાત વિજયો છે ॥ ૪ ॥ અને મધ્ય લોકને વિશે તેની ઉભી નાળ છે, જેનો વિસ્તાર ચૌદ રાજ ઉંચાઈનો છે, ત્રસ નાભી અને ત્રસ થાવરે કરી ભરેલી એવી એક રાજના વિસ્તારની છે ॥ ૫ ॥ બાહારની બાજુએ પાંચ થાવર છે તથા ત્રણે લોકને બિશે ત્રણસેને તેતાળીસ ઘનરાજ છે એવું સિદ્ધાંતમાં દર્શાવેલું છે ॥ ૬ ॥

કટીકર કીધો પુરૂષાકાર, અથવા માદલ દોઢ આકારરે; મા૦
અર્ધ માદલ ધર્યું અધો લોક, આખું માદલ ઉપર કર્યું થોકરે. મા૦ ૭
અધોલોક છે નરકાવાસ, છ રાજમાંહીં સાત અવકાસરે; મા૦
એક રાજ અધો હેઠો લોક, થાવર પાંચ ભર્યો તે થોકરે. મા૦ ॥ ૮ ॥
લોક ત્રણનો ઘણો વિચાર, સિધાંત થકી સુણજો સારરે; મા૦
કોણે નહીં એ સૃષ્ટિ નિપાઈ, અનાદિ કાલની એહ સદાઈરે. મા૦ ૯

પુરૂષના આકારે કટીકર યાને દોઢ માદલના આકારે કટીકર કરેલો છે, જેમાં અર્ધ માદલ અધો લોક અને આખુ માદલ ઉપર કરેલું છે ॥ ૭ ॥ અધો લોકને વિશે છ રાજમાં સાત નરકાવાસ છે, અને તેની નીચે એક રાજમાં પાંચ થાવર ભરેલા છે ॥ ૮ ॥ એવી રીતે ત્રણે લોકનો ઘણો વિસ્તાર સિદ્ધાંતોમાંથી જાણી લેવો, વળી આ સૃષ્ટિ કોઇએ ઉપજાવી નથી તેતો અનાદિ કાળથી હમેશાં છે છે ને છેજ ॥૯॥

મિથ્યાતિ એમ કહે છે કેતા, જલ વ્યાપ્ત બ્રહ્માંડે વહેતાંરે; મા૦
જલમાંહીં ઉપન્યો પંપોટ, તેહુથી ઇંડુ જાયું ખોટરે. મા૦ ॥ ૧૦ ॥
ઈંડું કીધું ત્રણ ખંડ, તેથી ઉપન્યો સહુ બ્રહ્માંડરે; મા૦
જલમાં મૂકયું બ્રહ્માએ ઈંડું, તેથી જાયું છે વલી રિંડુંરે. મા૦ ॥૧૧॥
સૃષ્ટિ નહોતી કીહાં રહ્યા બ્રહ્મ, જલ પોટ ઈંડુ કેમ જમારે; મા૦
મીથ્યા મતનાં કહું વિચાર, સૃષ્ટિ ઉપની ઘણે પ્રકારરે. મા૦ ॥ ૧૨ ॥

પણ મિથ્યાત્વિઓ તો કહે છે કે, આ બ્રહ્માંડમાં પાણી વેહતાં વેહતાં તેમાં એક પરપોટો થયો, અને તેમાંથી એક ઇંડું થયું ॥ ૧૦ ॥ તે ઇંડાના ત્રણ કટકા કરવાથી, તેમાંથી આખું બ્રહ્માંડ ઉત્પન્ન થયું, અને તે ઈંડુ બ્રહ્માએ જલમાં મૂકયું, તેમાંથી

આપી સૃષ્ટિ થઇ ॥ ૧૧ ॥ વળી જ્યારે આ સૃષ્ટિની હસ્તીજ નહોતી ત્યારે બ્રહ્મા કયાં રહ્યા? અને પાણીના પરપોટામાંથી ઈંડું કેમ બને? વળી મિથ્યાત્વિ ઘણે પ્રકારે સૃષ્ટિની ઉત્પત્તિ માને છે તે જણાવું છું ॥ ૧૨ ॥

આદિહો તું એક અનાદિ, તેથી ઉપન્યો આદિતા સાદીરે; મા૦
આદિતનો ઉપન્યો ઓંકાર, ઓંકારનો વેદ અપારરે. મા૦ ॥ ૧૩ ॥
વેદનો હવ્ય હવ્યનો ધૂમ, ધૂમનો મેઘ જલ રૂમરે; મા૦
જલ વ્યાપ્યું ઉંચું અખંડ, જઈ વ્યાપ્યું એકવીસ બ્રહ્માંડરે. મા૦ ૧૪
તેણે કાલઆદિ વિષ્ણુ જલસાર, જલ સાઈ પોઢયા અપારરે; મા૦
પોઢયાથી ગયા બહુકાલ, વર્ષ સહસ્ર વહી ગયાં રસાલરે. મા૦ ॥૧૫॥

પેહેલાં એક અનાદિ હતું, તેમાંથી "આદિતા સાદિ" ઉત્પન્ન થયો, જેમાંથી ઓંકાર, અને ઓંકારમાંથી વેદ ઉત્પન્ન થયા ॥ ૧૩ ॥ વેદમાંથી હવન, હવનમાંથી ધુંવાડો, ધુંવાડામાંથી વર્ષાદ, અને પાણી એટલું ઉંચુ ગયું કે તેથી આખું બ્રહ્માંડ પાણી પાણી થઇ રહ્યું ॥ ૧૪ ॥ તે પાણીમાં પેહેલાં વિષ્ણુ પોઢ્યા, અને તેવી રીતે હજારો વર્ષ નીકળી ગયા ॥ ૧૫ ॥

તદા કાલ નહીં આદિ અનાદિ, પૃથ્વી અપ તેઉ નહીં વલી સાદીરે; મા૦
વાયુ આકાશ તરૂવર નહીં એહ, ચંદ્ર સૂરજ ગ્રહ નહીં વલી તેહરે. ૧૬
અગ્નિઆદિ કરી નહીં એક, તદા આદિ વિષ્ણુએ નીપાયો છેકરે; મા૦
પ્રથમ પેહેલું નીપાયું તેજ, તેજ થકી જ્યોતિ ઉપન્યો હેજરે. મા૦ ૧૭
જ્યોતિ થકી ઉપન્યો વળ ફેન, ફેનથી ઉપન્યો અદબુદ સેનરે; મા૦
અદબુદથી ઉપન્યો વળી અંડ, અંડ થકી ઉપન્યો બ્રહ્માં અખંડરે. ૧૮

તે વખતે કાળ, આદિ, અનાદિ પૃથ્વી, પાણી, અગ્ની, વાયુ, આકાશ, ઝાડ, ચંદ્ર સૂર્ય ગ્રહ વિગેરે કંઇ નહોતું ॥ ૧૬ ॥ અગ્નિ પણ પેહેલી નહોતી, માત્ર વિષ્ણુએ પેહેલાં તેજ બનાવ્યું, તે તેજમાંથી એકદમ જ્યોતિ થઈ ॥ ૧૭ ॥ તે જ્યોતિમાંથી ફીણ થયા, તેમાંથી પરપોટા થયા, તેમાંથી ઈંડું થયું, અને તેમાંથી આખોને આખો બ્રહ્મા નીકળ્યો ॥ ૧૮ ॥

બ્રહ્માનો કાશ્યપ રૂષિ જાત, કાશ્યપથી કાશ્યપી રૂષિ સંઘાતરે; મા૦
કાશ્યપ રૂષિ પતની હુઈ તેર, દીતીયે જાયા દૈત્ય દાણુ વઢેરરે. મા૦ ૧૯
આદિતિથી ઉપન્યા અપાર, તેત્રીસ કોડ દેવ સુત સારરે; મા૦
કદુએ જાયા નવકુલી નાગ, વનિતા સુત ગરૂડ વિષ ભાગરે. મા૦ ૨૦
સુપ્રભાએ પુત્રી જણી સાત, નવસે નવાણું નદી વિખ્યાતરે; મા૦
એકીયે જણીયા દ્વીપજ સાત, સાતે સાગર જાયા એકીગે રાતરે. મા૦ ૨૧

બ્રહ્મામાંથી કાશ્યપ રૂષી થયા, અને તેમાંથી કેટલાક કાસ્યપિ રૂષિઓ થયા, તેઓને તેર સ્ત્રીઓ થઇ, તેમાં દીતીએ જથાબંધ દૈત્ય દાનવોને ઉત્પન્ન કર્યા. ॥ ૧૯ ॥ અદિતિથી તેત્રીસ કરોડ દેવતા થયા, તથા કદુએ નવકુલી ઉત્પન્ન કર્યા, અને વનિ-

તાએ ઝેર નાશ કરનારા ગરૂડ ઉત્પન્ન કર્યા ॥ ૨૦ ॥ સુપ્રભાએ સાત પુત્રીને જન્મ આપ્યો, અને તેમાંથી નવસેં નવાણું નદીઓ ઉત્પન્ન થઇ, વળી એકે સાત દ્વિપ ઉત્પન્ન કર્યા, અને એકે તો એક રાતમાંજ સાત સમુદ્રો ઉત્પન્ન કર્યા! ॥ ૨૧ ॥

**એકીયે જાયા પર્વત વ્રંદ, સેના બ્રાહ્મણી જણીયા ચંદરે; મા૦**
**એકીયે સહુએ સુરજ જાયા, તારા ગ્રહ નક્ષત્ર બહુ માયારે. મા૦ ॥૨૨॥**
**હવ્ય કાયે જાયા રૂષિવર સ્વામ, અઠયાસી સહસ્ર તણા છે નામરે; મા૦**
**ખડ નેત્રી જણીયા ચારે બાંણુ, સ્વેદ અંડ જરા અદબુદ જાણરે. મા૦ ૨૩**
**ચાર ખાણુથી ચોરાસી લાખ, જીવ યોનિનિ ઉત્પત્તિ ભાંખરે; મા૦**
**બેતાલીસ લાખ થલચર જોય, જલચર નભચર બાકી હોયરે. મા૦ ૨૪**

વળી એકે તો પર્વતો જણ્યા, અને સેના નામે બ્રાહ્મણીએ ચંદ્ર બનાવ્યો, વળી એકે, સૂરજ, તારા, ગ્રહ નક્ષત્ર વિગેરે અનેક માયા ઉત્પન્ન કરી ॥ ૨૨ ॥ વળી હવ્યકાયે અઠ્યાસી હજાર રૂષિઓને જન્મ આપ્યો, વળી ખડનેત્રીએ ચાર બાણુ પસીનો, ઈંડાં, ઘડપણ તથા પરપોટાઓને જન્મ આપ્યા છે ॥ ૨૩ ॥ તે ચાર ખાણુમાંથી ચોરાસિ લાખ જિવાયોનિ ઉત્પન્ન થઇ, તેમાં બેતાલીસ લાખ પૃથ્વીપર ચાલનાર, અને બાકીનાં, પાણીમાં રહેનારા તથા આકાશમાં ઉડનારા જાણવા ॥૨૪॥

**જીવ થકી ઉપન્યાં જુગ ચાર, કૃત ત્રિતા દ્વાપાર કલિ સારરે; મા૦**
**એણી પરેં સૃષ્ટિ તણાં છે લાગ, મિથ્યા દૃષ્ટિ કહ્યો વિભાગરે. મા૦ ૨૫**
**ખંડ ત્રીજાની સાતમી ઢાલ, સુણજો સહુ બાલ ગોપાલરે; મા૦**
**રંગવિજય શિષ્ય એમ ભાંખે, નેમવિજય ગુણ એમ દાખેરે. મા૦ ૨૬**

વળી જીવથી કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગો થયા, એવી રીતે મિથ્યાત્વિઓ સૃષ્ટિની ઉત્પત્તિ માને છે ॥ ૨૫ ॥ એવી રીતે ત્રીજા ખંડની સાતમી ઢાલ રંગવિજયના શિષ્ય નેમવિજયે વર્ણવી છે તે હે લોકો તમે સાંભળજો ॥ ૨૬ ॥

## દુહા.

**મનોવેગ કહે સાંભલો, પવનવેગ ગુણવંત; મૂઢ મિથ્યાતની**
**વારતા, આપ વિગોએ એકંત ॥ ૧ ॥**

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, મૂર્ખ મિથ્યાત્વિઓની વાતો પોતાનુંજ વગોણું કરનારી છે ॥ ૧ ॥

## ઢાલ આઠમી.

વણઝારાની દેશી.

**મારા નાયકરે, વિષ્ણુ બ્રહ્મા બેહ, વાદ વદે સૃષ્ટિ કારણે;**
**મા૦ બ્રહ્મા કહે સૃષ્ટિ એહ, મેં સરજી સુખ કારણે. મા૦ ॥ ૧ ॥**
**મા૦ વિષ્ણુ વદે મુજ તણી સાર, સૃષ્ટિ રક્ષા કરૂં અમેં ખરી; મા૦**
**મા૦ જુગ કાજે વલગતા તેહ, શંકર પાસે ગયા મન ધરી. મા૦ ॥૨॥**

મા૦ કહો ઇશ્વર મહારાજ, અમે બેહુ માંહે સૃષ્ટિ કેહુ તણીં; મા૦
મા૦ શંકર કહે સુણો બ્રહ્મા વિષ્ણુ, મુજ લિંગ છેડે જાએ તે ધણી. ૩

હવે એક વખત વિષ્ણુ અને બ્રહ્મા સૃષ્ટિમાં માંહો માંહે વાદ કરવા લાગ્યા; બ્રહ્મા કહે કે, સુખ વાસ્તે મેં આ સૃષ્ટિ બનાવી છે ॥ ૧ ॥ ત્યારે વિષ્ણુ કહે કે એતો મારી સૃષ્ટિ છે, કારણ કે હું તેની રક્ષા કરૂં છું, એવી રીતે તેઓ બન્ને લડતાં મહાદેવ પાસે ગયા ॥ ૨ ॥ ત્યાં જઈ તેને કહ્યું કે, હે મહારાજ, અમારા બન્નેમાંથી આ સૃષ્ટિ કોની? ત્યારે શંકરે કહ્યું કે, મારા લિંગનો જે છેડો લાવે, તેની આ સૃષ્ટિ જાણવી ॥ ૩ ॥

મા૦ બ્રહ્મા તુમે જાઓ ઉર્ધ્વ લોક, મુજ લિંગનો અંત જ્યાં હોયે; મા૦
મા૦ વિષ્ણુ જાઓ અધો લોક, લિંગ છેડો આવે સોઇ. મા૦ ॥ ૪ ॥
મા૦ બ્રહ્માએ બથાવ્યું લિંગ, હસ્ત ધરી ઉંચો ચઢે; મા૦
મા૦ લિંગ વલગી ચાલ્યો કાંન, વેગે પાતાલે હરી ભડે; મા૦ ॥ ૫ ॥
મા૦ જાતાં થયો ઘણો કાલ, લિંગ અંત ન પાવિયો; મા૦
મા૦ નારાયણ થાકયો તામ, પાછો વલી હરકને આવીયો. મા૦ ॥૬॥

પછી બ્રહ્માને હુકમ કર્યો કે, તમે ઉંચે જાઓ, કે જ્યાં મારા લિંગનો અંત આવશે, અને વિષ્ણુને કહ્યું કે તમે નીચે જાઓ, કે જ્યાં પણ તેનો છેડો આવશે ॥૪॥ પછી બ્રહ્માએતો મહાદેવના લીંગને બથ ભરી ઉપર ચઢવા માંડયું, અને વિષ્ણુ પણ લિંગને વળગી નીચે પાતાળ તરફ ચાલવા લાગ્યા ॥ ૫ ॥ હવે વિષ્ણુ તો ઘણાં વખત સુધી નીચે ઉતર્યા પણ લિંગનો પાર આવ્યો નહીં, ત્યારે થાકીને પાછા મહાદેવ પાસે આવ્યા ॥ ૬ ॥

મા૦ વિષ્ણુ કહે સુણ ઇશ, લિંગ પાર મેં નવિ લહ્યો; મા૦
મા૦ દુખીયો હુવો બ્રહ્મા વાટ, મુખ ફીકો કરીને રહ્યો. મા૦ ॥ ૭ ॥
મા૦ ખસી પડયું કેવડી પત્ર, લિંગ ઉપરથી તલે યદા; મા૦
મા૦ પડતો ઝાલ્યો કહે બ્રહ્મ, કુડી સાખ દેજો કેવડી તદા. મા૦ ॥૮॥
મા૦ બેહુ આવ્યા ઈશ્વર પાસ, બ્રહ્મા કહે હું ઠેઠે ગયો; મા૦
મા૦ લિંગ ઉપરથી એહ, કેવડી આંણી સાચો ભયો. મા૦ ॥ ૯ ॥

વિષ્ણુએ આવી મહાદેવને કહ્યું કે, મારાથી તમારા લિંગનો અંત લઈ શકાયો નહીં, અને બ્રહ્મા મારગમાં જતાં બહુ હેરાન થવાથી વીલે મોંડે ઉભો રહ્યો ॥ ૭ ॥ એટલામાં લિંગને મથાળેથી કેવડીનું પાન પડી ગયું, તે બ્રહ્માએ અધવચેથીજ પકડી લીધું, અને તેને કહ્યું કે મહાદેવ પાસે મારી સાક્ષી પુરજે, જે હું છેક મથાળા સુધી પહોંચ્યો છું ॥ ૮ ॥ પછી તે બન્ને જણ મહાદેવ પાસે આવ્યા, પછી બ્રહ્માએ મહાદેવને કહ્યું કે, હું ઠેઠ સુધી પહોચ્યો, અને આ કેવડી ત્યાંથી લાવ્યો. ૯

મા૦ કહે કેવડી સાચી વાત, બ્રહ્મા આવ્યો તુજ લગે; મા૦
મા૦ કેવડી કહે સુણ સ્વામ, બ્રહ્મા વચન નવિ ડગે. મા૦ ॥ ૧૦ ॥
મા૦ જ્ઞાને જોઈ કરી ઇસ, ખોટું જાણી શ્રાપી કેવડી; મા૦
મા૦ મ ચડીસ માહરે લીંગ, કાંટા હોજો તુજ તેવડી. મા૦ ॥ ૧૧ ॥

મા૦ ખોટા બોલો બ્રહ્મા તું ભાંડ, સૃષ્ટિ ન હોસે તુજ તણી; મા૦
મા૦ સત્યવાદી ગોવિંદ, સૃષ્ટિ સહુનો એ ધણી. મા૦ ॥ ૧૨ ॥

પછી મહાદેવે કેવડીને પૂછયું કે, બ્રહ્મા તારી પાસે આવ્યો હતો કે કેમ? ત્યારે કેવડીએ પણ ખોટી સાક્ષી પૂરી કે બ્રહ્મા જુઠું બોલે નહીં ॥ ૧૦ ॥ પછી મહાદેવે જ્ઞાનથી જુઠી જાણી શ્રાપ આપ્યો કે, તારે મારા લિંગ ઉપર ચડવું નહીં, અને તારા ઉપર કાંટા થજો? ॥ ૧૧ ॥ વળી બ્રહ્માને કહ્યું કે, લુચ્ચા, તું જુઠા બોલો છો, તારી સૃષ્ટિ હોયજ નહીં, આ વિષ્ણુ સત્ય બોલનારો છે, માટે આખી સૃષ્ટિનો એજ નાયક છે ॥ ૧૨ ॥

મા૦ પવનવેગ વિચારી જોય, મળતી વાત એકે નહીં; મા૦
મા૦ પરીક્ષા કરી ધરો ચિત્ત, સુધું સમકીત મન ગ્રહી. મા૦ ॥ ૧૩ ॥
મા૦ જિન શાસનના ભેદ, શાસ્ત્ર સિદ્ધાંત વિચારીએ; મા૦
મા૦ વીતરાગ દેવ આરાધ, જૈન વાકય હૃદય ધારીએ. મા૦ ॥ ૧૪ ॥
મા૦ શ્રી હીરવિજય સૂરીરાય, શુભવિજય શિષ્ય તેહનાં; મા૦
મા૦ ભાવવિજય શિષ્ય તાસ, સિદ્ધિવિજય શિષ્ય એહનાં. મા૦ ૧૫

માટે હે પવનવેગ વિચારો કે, એમાં એક વાત મળતીજ નથી; માટે ચિત્ત દઇ પરીક્ષા કરી સુદ્ધ સમકીતને અંગીકાર કરો ॥ ૧૩ ॥ વળી જૈન ધર્મનાં શાસ્ત્ર સિદ્ધાંતનાં ભેદો વિચારવા અને એક રાગ દ્વેષ વિનાનાંજ દેવને પૂજી જૈન વાકયજ મનમાં ધારવું ॥ ૧૪ ॥ શ્રી હીરવિજય આચાર્યના શિષ્ય શુભવિજય, તેના શિષ્ય ભાવવિજય, તેના શિષ્ય સિદ્ધિવિજય જાણવા ॥ ૧૫ ॥

મા૦ રૂપવિજય સહી એહ શિષ્ય કહ્યા જાણો સહી. મા૦
મા૦ કૃષ્ણવિજય કલિમાંહીં, શિષ્ય નામ ધરાવ્યો મહી. મા૦ ॥ ૧૬ ॥
મા રંગવિજય રંગ લાય, શિષ્ય કહીએ જગમેં જદા; મા૦
મા૦ નેમવિજય શિષ્ય નામ, નિત્ય ઉદય હોજો તદા. મા૦ ॥ ૧૭ ॥
મા૦ એહ સંસારમાં સાર, ધર્મ પરીક્ષા જાણીએ; મા૦
મા૦ મિથ્યા મત તણો ધ્વંસ, ત્રીજે અધિકાર મન આણીએ. મા૦૧૮
મા૦ ત્રીજો પૂરો થયો ખંડ, ઢાલ આઠે પૂરણ કરી; મા૦
મા૦ નેમવિજય કહે નિત્ય, ગુરૂનું નામ હૃદય ધરી. મા૦ ॥ ૧૯ ॥

તેના શિષ્ય રૂપવિજય, તેના કૃષ્ણવિજય કે જે કલિકાળમાં પ્રસિદ્ધ થયા ॥ ૧૬ ॥ તેના શિષ્ય રંગવિજય, તેના શિષ્ય નેમવિજયનો ઉદય આ જગતમાં હમેશાં થજો. ૧૭ આ સંસારમાં સાર વસ્તુ ધર્મની પરીક્ષા કરવી તેજ છે, એવી રીતે મિથ્યાત્વના નાશ રૂપ ત્રીજો અધિકાર કહ્યો ॥ ૧૮ ॥ એવી રીતે નેમવિજય હૃદયમાં ગુરૂનું સ્મરણ કરીને આઠ ઢાલોથી સંપૂર્ણ ત્રીજો ખંડ કહ્યો ॥ ૧૯ ॥

ઇતિ શ્રી ધર્મપરીક્ષાયાં મિથ્યા દેવ, શાસ્ત્ર, પુરાણ, ગુરૂદૂષણ તૃતીયોધિકારઃ સમાપ્તઃ

એવી રીતે ધર્મ પરીક્ષાનાં રાસમાં; મિથ્યાત્વદેવ, શાસ્ત્ર, પુરાણુ, ગુરૂનાં દૂષણ રૂપ ત્રીજો અધિકાર સમાપ્ત થયો.

# खंड ४ थो.

## दुहा.

જિન શાસન સમરી કરી, પ્રણુમી બે કર જોડ; ચોથા અધિકારની કથા, કહું છું ગર્વને છોડ ॥ ૧ ॥ મનોવેગ વલતો ભણે, પવનવેગ ભણી વાત; અવર પુરાણુની વારતા, સાંભળજો તુમે ભ્રાત ॥ ૨ ॥ નિરમલ મન તુમે રાખજો, જૈન ધર્મ પર રંગ; સમજાવું સહુ દ્વિજ ભણી, વિચાર દેખાડું ચંગ. ૩

જિનશાસનનું સ્મરણ કરીને તથા તેનેજ બે હાથ જોડી નમસ્કાર કરીને ચોથા અધિકારની વાત અહંકાર છોડીને કહું છું ॥ ૧ ॥ પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, બીજા પુરાણોની હું તમોને જે વાત કહું તે તમે સાંભળજો. ૨ તમે હમેશા જૈન ધર્મપર નિર્મલ મન કરી શ્રદ્ધા રાખજો, અને હું ઉત્તમ ઉત્તમ વિચારો દેખાડીને સઘળા બ્રાહ્મણોને સમજાવીશ ॥ ૩ ॥

અદભૂત રૂપ કરી નવા, જઈએ આપણુ બેય; એકાંતે નવી ઓલખે, ફરી આવસું એણે ગેહ ॥ ૪ ॥ તાપસ રૂપ ધર્યાં ભલાં, પાટલીપુર મનોહાર; ઉત્તર દિસિ પોલે સંચર્યા, દ્વિજ શાલાયે તેણિ વાર ॥ ૫ ॥

આપણુને ઓળખી નશકે એવાં નવા અદભૂત રૂપ કરીને આપણે ત્યાં જઈસું અને ત્યાં તેમની સાથે વાદ કરીને પાછા ઘેર આવશું ॥ ૪ ॥ પછી તે બન્નેએ તાપસોનું રૂપ કરીને પાટલીપુર નગરમાં ઉત્તર દિશાને બારણેથી બ્રાહ્મણોની શાળામાં પ્રવેશ કર્યા ॥ ૫ ॥

## ઢાલ પેહેલી.

ગોકુલ ગામને ગોંદરેરે, મ કરો લુટાલુટ, મારા વાલારે, હું નહીં જાઉં મટી વેચવારે—એ દેશી.

ભેર વજાડી રૂયડીરે, ઘંટા તણો કીધો નાદ, મારા સાજનરે;
સિંહાસન બેઠા ચડીરે, વિપ્ર આવ્યા કરવા વાદ. મા૦
કૌતિક વાત સુણજો સહુરે. ॥ એ આંકણી ॥ ૧ ॥
તાપસ દેખી અચંભીયારે, ભટ્ટ એક બોલ્યો મન રંગ; મા૦
વાદ વદો તુમે અતિ ઘણાંરે, પ્રથમ વચન કરૂં ભંગ. મા૦ કૌ૦ ॥ ૨ ॥
ઘંટા ધંધોલી અમ તણીરે, ભેરવ જાવી વલી આપ; મા૦
ચાંપ્યું સિંહાસન હેમનુંરે, તેહનો દેજો અમ જબાપ. મા૦ કૌ૦ ॥૩॥

હે સજ્જનો તમો સઘળા આશ્ચર્યકારક વાત સાંભળજો? તેઓ બન્ને ત્યાં આવી ભેરી તથા ઘંટા વગાડીને સિંહાસનપર ચડી બેઠા, એટલામાં બ્રાહ્મણો પણ ત્યાં વાદ કરવાને આવ્યા ॥ ૧ ॥ તેઓ સઘળા આ બન્ને તાપસોને જોઇ આશ્ચર્ય પા-

મ્યા, એટલામાં એક બ્રાહ્મણ મનમો જે બોલ્યો કે, તમે અમારા સાથે વાદ કરો, તમારા વચનોને હમણાંજ હું તોડી પાડીશ ॥ ૨ ॥ વળી તમે અમારી ઘંટા તથા ભેરી વગાડી છે, તેમ વળી સોનાનાં સિંહાસનપર ચડી બેઠા છો, તેનો તમારો જવાબ આપવો પડશે ॥ ૩ ॥

મનોવેગ તવ બોલીયોરે, સાંભલો વિપ્ર વિચાર; મા૦
વિનોદ કારણ વાજાં વાઇયાંરે, સિંહાસન બેઠા અમે સાર. મા૦ કૌ૦ ૪
બેઠા તુમને નથી ગમેરે, તો ઉતરીયે નોચા તતકાલ; મા૦
વાદ ન જાણું હોય કેહવોરે, ભણ્યા નહીં નિશાલ. મા૦ કૌ૦ ॥ ૫ ॥
વિપ્ર વચન તવ ઓચરેરે, સાંભલો તાપસ રાજ; મા૦
કિંહાં થકી તુમે આવીયારે, કોણ ઉપન્યો છે કાજ. મા૦ કૌ૦ ॥ ૬ ॥

ત્યારે મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, ફક્ત રમુજને ખાતર અમો વાજિંત્ર વગાઠો સિંહાસનપર બેઠા છીએ ॥ ૪ ॥ અને આ સિંહાસનપર જે અમો બેઠા છીએ, તે વાત જો તમોને પસંદ ન હોય, તો અમે નીચે ઉતરીને બોલીયે, વળી અમો કોઈ નિશાળમાં પણ ભણ્યા નથી, માટે વાદ કેવો તે પણ અમે જાણતા નથી ॥ ૫ ॥ ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, હે તાપસો, તમે ક્યાંથી આવ્યા? તથા શું કામ છે? ॥ ૬ ॥

કોણ કુલે તમે ઉપન્યારે, કોણ છે તમારી જાત; મા૦
વાસ નિવાસે કિંહાં રહોરે, ઉત્તર દેઓ અમ ભ્રાત. મા૦ કૌ૦ ॥ ૭ ॥
મનોવેગ તવ બોલીયોરે, સુણજો વિપ્ર વિચાર; મા૦
સાચું કહેતાં સુખ નહીંરે, જૂઠે બોલે લહીયે માર. મા૦ કૌ૦ ॥ ૮ ॥
તરતી સીલા વળી જેણે કહીરે, જેણે કહ્યો મર્કટ નાદ; મા૦
અસંભવ વાક્ય લવતા થકાંરે, તાડન લહ્યું તેણે ઘાટ. મા૦ કૌ૦ ॥૯॥

વળી હે ભાઇ તારૂં કુળ કયું છે? વળી તમારી જાતિ કઇ છે? વળી તમો ક્યાં રહો છો? તેનો ઉત્તર તમો આપો ॥ ૭ ॥ ત્યારે મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો, જો અમે સાચું કહેશું તો તેમાં તમોને સુખ થશે નહીં, અને જુઠું બોલવાથી તો મારજ ખાવો પડે ॥ ૮ ॥ વળી જેણે પત્થરની શિલા તરતી કહી, તથા વળી જેણે વાંદરાનો નાચ કહ્યો; એવા અસંભવ વચનથી જેણે માર ખાધો એવા હાલ થાય. ૯

મૂરખ મોટા હોયે ઘણાંરે, સભા માંહીં નર વલી જેહ; મા૦
વિવેક વિચાર જાણે નહીંરે, શું કહીએ આગલ તેહ. મા૦ કૌ૦॥૧૦॥
દ્વિજવર વાણી બોલીયારે, તાપસ કહો તુમે સાર; મા૦
મોટા મૂરખ છે કિસારે, બોલો તેહ અધિકાર. મા૦ કૌ૦ ॥ ૧૧ ॥
મનોવેગ તવ ઉચરેરે, સુણજો વિપ્ર વિચાર; મા૦
મૂરખ કથા તુમને કહુંરે, શ્રુત સાગર તુમે પાર. મા૦ કૌ૦ ॥ ૧૨ ॥

વળી જે સભામાં મોટા મોટા ઘણાં મૂરખ માણસો હોય, કે જેઓ કંઇ વિવેક

વિચાર તો જાણેજ નહીં, તેની આગળ તે શું કહીયે? ॥ ૧૦ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે તાપસો, તે મોટા મૂરખોની વાત અમોને કહી સંભળાવો? ૧૧ પછી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો તમે સારા જાણકાર છો, માટે તમારી આગળ મૂર્ખની વાત કહું છું તે તમો સાંભળજો? ॥ ૧૨ ॥

સભામાંહીં મૂરખ નરેરે, કોઇ હોસે દ્વિજવર આજ; મા૦
તો ખોટી કથા કરે મુજ તણીરે, નવિ સરે અમારો કાજ. મા૦કો૦ ૧૩
મૂરખ હોય તે શું કરેરે, સુણજો કથાનો સમાજ; મા૦
એક ચિત્તે મૌનજ ધરીરે, હરખ ઉપજે જેમ આજ. મા૦ કો૦॥૧૪॥
ચાર નર મારગ સાંચર્યારે, મૂરખ મોટા વલી તેહ; મા૦
મુનિવર એક સામો મલ્યોરે, ઉતમ ચારિત્ર ગેહ. મા૦ કો૦ ॥ ૧૫ ॥

વળી હે બ્રાહ્મણો, આ સભામાં જો કોઇ મૂર્ખ બ્રાહ્મણ હશે, અને અમારી વાત ખોટી પાડશે, તો કામ પાર પડશે નહીં ॥ ૧૩ ॥ મૂર્ખ માણસ કેવા કેવા કામો કરે છે, તેની કથા હું આજે તમોને કહું છું, તે તમે એક ચિત્તથી, મૌન ધરીને સાંભળજો, કે જેથી તમોને અત્યંત આનંદ થશે ॥ ૧૪ ॥ એક વખત ચાર મૂર્ખ પુરૂષો પરદેશ જવાને નિકળ્યા, એટલામાં એક ઉત્તમ ચરિત્ર પાળનાર મુનિનો તેમને મેલાપ થયો ॥ ૧૫ ॥

મૌન ધારી જોગ આગલોરે, સુમતિ ગુપતિ વ્રત ધાર; મા૦
નગન મુદ્રા પરિ સહુ સહેરે, ભવ્ય જીવ ભવજલ તાર. મા૦ કો૦ ૧૬
એહવો મુનિવર દીઠડોરે, તવ મુરખ ચારે ચંગ; મા૦
વાંદ્યો મુનિવર ભાવ ધરીરે, તવ જતિ વર બોલ્યો રંગ. મા૦ કો૦ ૧૭
ધર્મ વૃદ્ધિ તુમને હોજોરે, વચન સુણી ચારે તામ; મા૦
મારગ ચાલ્યા મલપતારે, જોજન દોઢ ગયા ગામ. ગા૦ કો૦ ॥ ૧૮ ॥
ચોથા ખંડ તણી કહીરે, પ્રથમ ઢાલ રસાલ; મા૦
રંગવિજય શિષ્ય એમ કહેરે, નેમવિજય ઉજમાલ. મા૦ કો૦ ॥૧૯॥

તે સાધુ, મૌન વ્રતી, જોગી, તથા પાંચ સુમતી અને ત્રણ ગુપ્તિને ધારણ કરનાર હતો વળી પોતે નગ્ન રહીને કષ્ટ સહન કરતો, અને તેથી તે ભવ્ય જીવોને આ સંસાર સમુદ્રથી તારનાર હતો ॥ ૧૬ ॥ તે ચારે મૂરખે, એવા મુનિવરને જોઇ, ભાવ લાવી નમસ્કાર કર્યો, ત્યારે મુનિ પણ તેઓને કહેવા લાગ્યા કે, ॥ ૧૭ ॥ તમોને ધર્મની વૃદ્ધિ થાજો, મુનિનાં તે વચન સાંભળી તેઓ હરખાતા હરખાતા રસ્તે ચાલતા થયા, અને ત્યાંથી દોઢ જોજન ઉપર એક ગામમાં ગયા ॥ ૧૮ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે આનંદથી ચોથા ખંડની પેહેલી રસવાળી ઢાલ કહી. ૧૯

## દુહા.

તવ મૂરખ એક બોલીયો, આશિષ દીધી મુનિરાજ; ધર્મબુદ્ધિ મુજને કહી, સરસે અમારો કાજ. ૧ બીજો કહે મુજને કહી,

ત્રીજો બોલે તિણી વાર; ચોથો કહે મુજને કહ્યો, આશિશ
મુનિ ગુણ ધાર. ૨ માંહોં માંહે વલગે ઘણું, પાછા આવ્યા
તિણ ઠામ; મુનિવર તિહાં દીઠા નહીં, ન્યાય કારણ અન્ય ગ્રામ. ૩

હવે તે ચાર મૂરખોમાંથી એક બોલી ઉઠ્યો કે, મુનિરાજે તો મનેજ ધર્મ બુદ્ધિ જાણીને આશિષ દીધી છે, અને તેથી આજે મારૂંજ કામ પાર પડશે ॥ ૧ ॥ ત્યારે બીજા કહે કે તે ગુણવાન મુનિએ આશિશ દીધી, ત્રીજો કહે મને, અને ચોથો કહે મને દીધી, એમ માંહોમાંહે વાદ કરવા લાગ્યા. ॥ ૨ ॥ એવી રીતે એક બીજા લડતા લડતા પાછા જે જગોએ મુનિ હતા ત્યાં આવ્યા, પણ ત્યાં મુનિને નહીં જોવાથી પોતાનો ન્યાય કરાવવા વાસ્તે બીજે ગામ ગયા ॥ ૩ ॥

બુદ્ધિવંત વ્યવહારીયા, તેહને જઇ મલ્યા તામ; ન્યાય કરો
શેઠ અમ તણો, મહા મૂરખ અમ નામ ॥ ૪ ॥ તવ શેઠે
તે પૂછીયા, કે શી મૂરખાઈ અંગ; ચાર મધ્યે એક બોલીયો,
મુરખ મૂરખાઇ ચંગ ॥ ૫ ॥

ત્યાં બુદ્ધિવાન વેપારી પાસે જઈ, તેઓને મળી કહ્યું કે, અમારૂં ચારેનું નામ મહામૂરખો છે, અને અમારો એક ન્યાય તમારે કરવો પડશે ॥ ૪ ॥ ત્યારે શેઠે તેઓને પૂછયું કે, તમારામાં કેવીક મૂરખાઇ છે? ત્યારે તે ચારમાંથી એક પોતાની મૂર્ખાઇની વાત કહેવા લાગ્યો ॥ ૫ ॥

## ઢાલ બીજી.

ટુંક અને ટોડા વચેરે, મેંદીનાં હોય રૂંખ, મેંદી રંગ લાગો—એ દેશી.

મારે મંદિર દો નારી અછેરે, ચંગી નિરંગી સુખખાંણ, સાજન સાંભલો.
એક દિવસ સુતો સજ્યારે, થયો નિદ્રાવસ આંણ. સા० ॥ ૧ ॥
તવ ભામની આવી બેહુરે, સૂતિ ડાલે જમણે પાસ; સા०
એકેકો હાથ મારો ગ્રહીરે, હૃદય ઉપર કરી આસ. સા० ॥ ૨ ॥
તેણે અવસર મુજ મંદિરરે, દીપક હતો એક ચંગ; સા०
તત્ર ઉંદર વળગ્યો આવીરે, દીવટ તાણી ચાલ્યો રંગ. સા० ॥ ૩ ॥

મારે ઘરે ચંગી અને નિરંગી નામે બે સ્ત્રીઓ છે, તે મને ઘણું સુખ આપે છે; એક દીવસ હું પથારીમાં સૂતો સૂતો ઉંઘી ગયો ॥ ૧ ॥ એટલામાં બન્ને સ્ત્રીઓ આવી મારે ડાબે તેમ જમણે પડખે સૂઇ ગઇ, અને મારો અકેકો હાથ લઇ પોત પોતાની છાતી ઉપર રાખ્યો ॥ ૨ ॥ એ વખતે મારા ઘરમાં એક દીવો બળતો હતો, તેમાંથી એક ઉંદર આવી વાટ ખેંચીને ચાલતો થયો ॥ ૩ ॥

મુજ ઉપર ઉંચો રહીરે, વામાંગ નેત્રે પાડી વાટ; સા०
મેં મનસું વિચારિયુંરે, હસ્તે કરી ટાલું ઉપઘાત. સા० ॥ ૪ ॥
જો ડાબો હાથ ચાલવુંરે, તો રંગી કરે મુજ રીસ; સા०
જમણો હાથ જો ફેરવુંરે, ચંગી કલેશે હણે શીશ. સા० ॥ ૫ ॥

નારી નેહ તુટે રખેરે, નેત્ર તણો નહીં કાજ; સા૦
ડાબો ચક્ષુ તવ બલ્યોરે, નામ દીધો શુક્રરાજ. સા૦ ॥ ૬ ॥

અને બરોબર મારા ઉપર ઉંચે અધર રહી મારી ડાબી આંખ ઉપર તે બળતી વાટ નાખી, ત્યારે મેં વિચાર્યું કે, હાથેથી તે વાટ દૂર કરૂં ॥ ૪ ॥ હવે જો ડાબો હાથ ત્યાંથી ખેસવું તો રંગીને ગુસ્સો ચડે, અને જો જમણો ખેસવું તો ચંગી ગુસ્સે થઈ માથું ફોડે ॥ ૫ ॥ પછી મેં વિચાર્યું કે, મારી આંખ જાય તો ભલે, પણ સ્ત્રીનો સ્નેહ તુટે નહીં તો સારૂં, એમ વિચારી જેમનો તેમ રહ્યાથી મારી ડાબી આંખ બળી ગઇ, તેથી મારૂં શુક્રરાજ નામ પાડયું ॥ ૬ ॥

નારી નેહને કારણેંરે, નેત્ર તણી કરી હાણ; સા૦
મહા મૂરખપણું માહરૂંરે, વિચારો તમે બુદ્ધિ જાણ. સા૦ ॥ ૭ ॥
તવ બીજો નર એમ ભણેરે, મુજ મૂરખની સુણો વાત; સા૦
મુજ ઘર નારી બે સહીરે, ખરી રીંછડી નામે ખ્યાત. સા૦ ॥ ૮ ॥
જમણો પગ ખરીને દીયોરે, ડાબો રીંછડીને તામ; સા૦
એણીપરે સુખ હું ભોગવુંરે, મહીલા સરસો કામ. સા૦ ॥ ૯ ॥

એવી રીતે માત્ર એક સ્ત્રીનાં સ્નેહની ખાતર મેં મારી આંખ ખોઈ, માટે એવી મારી મહા મૂરખાઈનો તમો બુદ્ધિવંત વિચાર કરજો ॥ ૭ ॥ ત્યારે બીજો મૂર્ખ કહેવા લાગ્યો કે, મારી મૂરખાઈની પણ વાત સાંભળજો? મારે પણ ખરી, અને રીંછડી નામે બે સ્ત્રીઓ હતી ॥ ૮ ॥ મેં મારો જમણો પગ ખરીને, અને ડાબો પગ રીંછડીને સોંપ્યો હતો, અને એવી રીતે હું હમેશાં સુખ ભોગવતો કારણ કે સ્ત્રી સાથે હમેશાં કામ તો હોયજ ॥ ૯ ॥

એક દિવસ ઘરે હું ગયોરે, ખરી આવી જલ લેય; સા૦
જમણો પગ પખાલ વારે, રીંછડી જોય દૃષ્ટિ દેય. સા૦ ॥ ૧૦ ॥
જવ ખરી જમણો ધોઇ ગઇરે, ડાબા ઉપર મેં ધર્યો પાય; સા૦
તવ રીંછડી કોપે ભરીરે, મુસલ આણી કર્યો ઘાય. સા૦ ॥ ૧૧ ॥
જમણો પગ મુજ ભાંજીયોરે, તવ ખરી કરી ઘણો રોષ; સા૦
તું મોટી ફુવડ રીંછડીરે, માન મચ્છર અતિ શોષ. સા૦ ॥ ૧૨ ॥

હવે એક દિવસ હું જ્યારે ઘેર ગયો, ત્યારે ખરી પાણી લઇને મારો જમણો પગ ધોવા લાગી, અને રીંછડી તે નજર રાખીને જોવા લાગી ॥ ૧૦ ॥ હવે તે ખરી જમણો પગ ધોઇ ગઇ, એટલે તે પગ મેં ડાબા પગ ઉપર મુકયો, તે જોઇ રીંછડીએ ગુસ્સે થઇને મારા જમણાં પગ ઉપર સાંબેલાનો છુટો ઘા કર્યો ॥ ૧૧ ॥ એવી રીતે જ્યારે મારો જમણો પગ ભાંગ્યો, ત્યારે ખરી ક્રોધાયમાન થઇ રીંછડીને ગાળો દેવા લાગી કે, તું મોટી ફુવડ છે, તને અદેખાઇ તથા ઘણો અહંકાર છે ॥ ૧૨ ॥

નિજ પતિને તું નવિ ધરેરે, અન્ય પુરૂષ સું રમે રાત; સા૦
તવ રીંછડી કહે મુને કહોરે, આપણી છાંડો આ ભૂંડી જાત. સા૦ ૧૩

ચોરે ચોવટે તું રમેરે, અન્ય જાણે સહુ લોક; સા०
ભરતાર બાપડો પાધરોરે, નાક કાન છેદે બીજો રોક. સા० ॥ ૧૪ ॥
તવ ખરીને ચડી રીસડીરે, સબલો મુંસલ કર લીધ; સા०
પ્રહાર મેલ્યો પગ ઉપરેરે, ચરણ ડાબો ખોડો કીધ. સા० ॥ ૧૫ ॥

તું ધણીને બિલકુલ પત કરતી નથી, વળી રાત્રે તો બીજા પુરૂષને ભોગવે છે, ત્યારે રીંછડી કહેવા લાગી કે તમારી પણ ધણી એ ખરાબ ટેવો છે, તેનો તો પેહેલાં ત્યાગ કરો? પછી મને કહો ॥ ૧૩ ॥ વળી તું હમેશાં ચોરે ચોવટે ખુલ્લી રીતે રમે છે, અને તે વાત સારૂં શેહેર પણ જાણે છે, આ આપણો ધણી તો બિચારો ગાય જેવો છે, બીજો હોય તો કયારનાં એ નાક કાન કાપી નાખે ॥ ૧૪ ॥ તે સાંભળી ખરીને ક્રોધ ચઢવાથી એક મોટું સાંબેલું લાવી તેણીએ મારા ડાબા પગ ઉપર મારીને, તે પણ ભાંગી નાખ્યો ॥ ૧૫ ॥

મારો પગ તેં ભાંજીયોરે, તારો પગ કર્યો મેં ભંગ; સા०
સાટ સાટું વળ્યું આપણુંરે, હવે બેહુ શોકયોમાં રંગ. સા० ॥ ૧૬ ॥
પગ બેહુ ફૂટી ભાંજીયારે, નારી મેં દુહવી ન લગાર; સા०
મોટો મૂરખ મુજ સમોરે, કોઈ નવી દીસે ગમાર. સા० ॥ ૧૭ ॥
ચોથા ખંડ તણી કહીરે, ઢાલ બીજી સુવિસાલ; સા०
રંગવિજય શીસ નેમનેરે, હોજો મંગલ માલ. સા० ॥ ૧૮ ॥

મારો પગ તે ભાંગ્યો, તો તારો પગ મેં ભાંગ્યો, એમ આપણ બન્નેનું સાટું વળ્યું, એ પ્રકારે કહી તેઓ તો આનંદ પામી ॥ ૧૬ ॥ એવી રીતે મેં બન્નેમાંથી કોઇને દુઃખ દીધા વિના તેઓએ મારા બન્ને પગો ભાંગ્યા, માટે એવો મારા જેવો કોઈ મહામૂરખ કે ગમાર આ દુનીયામાં શોધ્યો પણ મળવો મુશ્કેલ છે ॥ ૧૭ ॥ એવી રીતે ચોથા ખંડની બીજી ઢાલ કહી રંગવિજયજીના શિષ્ય નેમવિજયજીને ઘેર મંગળિકની માળા થજો ॥ ૧૮ ॥

## દુહા.

તવ ત્રીજો એણીપરે ભણે, સાંભલો બુદ્ધિ નિધાન; મુજ સરીખો મુરખ નહીં, શ્રી ગુરૂકેરી આણ ॥ ૧ ॥ નાગર લોક પૂછે તદા કહે મુરખ તુજ વાત; જેમ ન્યાય વિચારિ કીજીયેં, વિનોદ હોયેં વિખ્યાત ॥ ૨ ॥

પછી ત્રીજો મૂર્ખ બોલવા લાગ્યો કે, હે બુદ્ધિવંત શેઠ, મારા સમાન વળી કોઇપણ મૂર્ખ આ દુનિયામાં મળશે નહીં; અને જો જુઠું બોલતો હોઉ તો ગુરૂજીની આણ (સોગન) છે ॥ ૧ ॥ ત્યારે નગરના લોકો કહેવા લાગ્યા કે હે મૂર્ખ તારી વાત પણ અમોને સંભળાવ, કે જે ઉપર વિચાર કરીને ન્યાય કરીએ; આ તારી વાતથી અમોને બહુ રમુજ ઉપજશે ॥ ૨ ॥

## ઢાલ ત્રીજી.

નાહ ગયો તો વાડીએરે, લાવ્યો ચંપાનો ફૂલ; નાંનો નાહલોરે—એ દેશી.

તવ ત્રીજો મૂરખ કહેરે, તુમે સહુ સાંભલો આજ; સાજન સાંભલોરે.
મુજ મૂરખપણું વરણવુંરે, જેમ સરસે મુજ કાજ. સા૦ ॥ ૧ ॥
એક દિવસ નારી અમેરે, મલીયાં એકણ સેજ; સા૦
હોડ પાડી મૌને રહ્યાંરે, એમ બોલી બેહુ હેજ. સા૦ ॥ ૨ ॥
જે હારે તે હોડેં દીએરે, ઘૃત ખાંડ ભરી દશ પોલી; સા૦
સાકર સાથે મિશ્ર કરીરે, સુગંધ ઘૃતમાં ઝબોલી. સા૦ ॥ ૩ ॥

ત્યારે ત્રીજો મૂર્ખ કહેવા લાગ્યો કે, હે સજ્જનો, હું મારી મૂર્ખાઇની જે વાત કહું છું, તે તમે સાંભળજો, કે જેથી મારૂં કામ પાર પડશે ॥ ૧ ॥ એક દિવસ અમે સ્ત્રી ભરતાર બન્ને જણ એક પથારીમાં સૂતા હતા, ત્યાં અમો વચ્ચે એવી શરત થઇ કે, જે પેહેલાં બોલે, તે સુગંધિ ઘીમાં ઝબોળી, તથા સાકરખાંડ મેળવીને દશ પોળી જમાડે ॥ ૨ ॥ ૩ ॥

એમ પરઠી મૌને રહ્યારે, નર નારી બેહુ ચંગ; સા૦
તે હવે તસ્કર આવીયારે, ધન હરવા ઉત્તંગ. સા૦ ॥ ૪ ॥
ખાત્ર દેઇ ઘરમાં ગયોરે, વિત્ત કાઢયું અપાર; સા૦
આભરણ વસ્ત્ર ઘણાં લીયાંરે, મોતી લીયાં દીનાર. સા૦ ॥ ૫ ॥
તોહી અમે નવિ બોલીયાંરે, હોડ હારવા માટ; સા૦
સ્ત્રી શર્ણગાર ઉતારીનેરે, લેવા લાગો તવ ઘાટ સા૦ ॥ ૬ ॥

એમ શરત લગાવીને અમો બન્ને મૌન પણે રહ્યા, એટલામાં અમારા ઘરમાં ખાતર પાડવાને ચોર આવ્યા ॥ ૪ ॥ ભીંતમાં ખાતર પાડી ઘરમાં પેસી તેઓએ, (ચોરે) સઘળા ઘરેણા, વસ્ત્ર, મોતી સોના મોહોરી વિગેરે ખૂબ માલ લીધો ॥ ૫ ॥ ચોર એમ ચોરી જાય છે, તો પણ માત્ર શરતને ખાતર અમો બન્નેમાંથી એકે બોલ્યા નહીં ત્યારે ચોરો મારી સ્ત્રીનાં આંગ ઉપરથી દાગીનાં કહાડવા લાગ્યા ॥ ૬ ॥

નારી કહે કંત સાંભલોરે, ચોરે હર્યું દ્રવ્ય ક્રોડ; સા૦
હસી કરી મેં તાલી દીધીરે, નારી તું હારી હોડ. સા૦ ॥ ૭ ॥
પોલી ઘૃત ખાંડે ભરીરે, મુજ આપો તુમે આજ; સા૦
તસ્કર વિત્ત લેઇ ગયારે, લોક માંહી લાગી લાજ. સા૦ ॥ ૮ ॥
એવી કથા છે મુજ તણીરે, મહા મૂરખ મારો નામ; સા૦
સકલ લોક વિચારજોરે, ધર્મ વૃદ્ધિનો હું ઠાંમ. સા૦ ॥ ૯ ॥

ત્યારે સ્ત્રી બોલી ઉઠી કે, હે સ્વામિ આપણું સઘળું દ્રવ્ય ચોર ચોરી ગયા, તે સાંભળતાંજ મેં તાળી દઇને કહ્યું કે, બસ, તું શરત હારી ગઈ ॥ ૭ ॥ માટે આજે ઘી સાકરથી ભરપુર પોળી તમે આપો; એવી રીતે ચોરો તો સઘળું દ્રવ્ય

ચોરી ગયા, અને તેથી લોકોમાં પણ શરમાવું પડયું ॥ ૮ ॥ મારી એ કથા હે લોકો તમો સઘળા વિચારજો, મારૂં નામ મોટો મૂર્ખ છે, અને ધર્મ વૃદ્ધિનું સ્થાનક પણ હુંજ છું ॥ ૯ ॥

ચોથો નર તવ બોલીયોરે, સ્વકીય કથા પરસંગ; સા૦
મુજ મુરખપણું સાંભલોરે, જેમ હોયે તુમને રંગ. સા૦ ॥ ૧૦ ॥
એક દિવસ સાસરે ગયોરે, સ્ત્રી આણાંને કાજ; સા૦
તવ માતા મુજ સિખવ્યુંરે, સાંભલ પુત્ર તું આજ. સા૦ ॥ ૧૧ ॥
સાસરે નિત્ય જમીયે નહીંરે, ઉદર ભરીને અપાર; સા૦
એક દિવસ ભુખ્યા રહોરે. બીજે પણ થોડો આહાર. સા૦ ॥ ૧૨ ॥

ત્યારે ચોથો મુર્ખ પોતાનું વૃતાંત કહેવા લાગ્યો, અને કહ્યું કે મારી મુર્ખાઇની વાત સાંભળીને જો તમોને અત્યંત આનંદ થશે ॥ ૧૦ ॥ એક દિવસ હું મારી સ્ત્રીનું આણું કરવાને મારે સાસરે ગયો, તે વખતે મારી માતાએ મને શિખામણ આપી કે, હે પુત્ર હું જે તને કહું તે તું સાંભળ ॥ ૧૧ ॥ સાસરે જઇને પેટ ભરીને અર્થાત બહુ તાણીને જમવું નહીં, સાટે એક દહાડો જરૂર પડે તો ભૂખ્યા રહેવું; તેમ બીજે પણ જ્યાં જઇએ ત્યાં થોડું જમવું ॥ ૧૨ ॥

શિખામણ દેઇ મોકલ્યોરે, વહુ લેવાને કાજ; સા૦
સાસરે ગયો ઉલટ ધરીરે, સહુને મલ્યો હુઈ લાજ. સા૦ ॥ ૧૩ ॥
ખેમ કુશલ પૂછી સાલકેરે, જમવા ઉઠો ભગની વેર; સા૦
અમેં કહ્યું તમેં સાંભલોરે, જમી આવ્યો હું ઘેર. સા૦ ॥ ૧૪ ॥
બીજે દિન લોક આવીયારે, જમણ તણો નહીં લાગ; સા૦
રાત પડી સાલા બોલીયારે, જમાઈ આરોગો મહા ભાગ. સા૦ ॥૧૫॥

એમ શિખામણ દઇને માતાએ વહુને આણે મને મોકલ્યો, હું પણ આનંદ પૂર્વક સાસરે ગયો, અને ત્યાં સઘળાને મળવાથી શરમાવા લાગ્યો ॥ ૧૩ ॥ ત્યાં સાલાએ ખુશી ખબર પુછીને કહ્યું કે, હે બનેવી, ચાલો જમવા ઉઠો, ત્યારે મેં કહ્યું કે, હુંતો ઘેરથી જમીનેજ આવ્યો છું ॥ ૧૪ ॥ બીજે દિવસે ઘણા લોકો મળવા કરવાને આવવાથી જમવાનો લાગ ફાવ્યો નહીં, અને જ્યારે રાત પડી ત્યારે સાલાઓ આવી કહેવા લાગ્યા કે, કાંઇક જમો તો ખરા ॥ ૧૫ ॥

સાલા પ્રતે હું બોલીયોરે, નિશિ ભોજન નહીં ચંગ; સા૦
ભૂખ નથી મુજ અતિ ઘણીરે, અબાધા ઉપની વલી અંગ. સા૦ ૧૬
સાસુએ મનસું વિચારિયુંરે, હલુઓ કીજે અન્ન; સા૦
ચોખા ભીંજવ્યા વાટલીરે, કુર નિપાવાને મન્ન. સા૦ ॥ ૧૭ ॥
જવ માગસે તપ પીરસસુંરે, એવો કરી સુવિચાર; સા૦
કચોલું ભરી તંદુલ મૂકીયોરે, ઢોલીયા હેઠે આધાર. સા૦ ॥ ૧૮ ॥

ત્યારે મેં મારા સાલાઓને કહ્યું કે, રાત્રે ભોજન કરવું સારૂં નહીં, વળી મને

જશ શરીરે પણ મજા નથી, તેથી ભૂખ પણ બહુ લાગી નથી ॥ ૧૬ ॥ ત્યારે મારી સાસુએ વિચાર્યું કે, જમાઇને શરીરે મજા નથી માટે આજે કંઇક હલકું ભોજન કરવું, એમ વિચારિ તેણે બરંજ કરવા વાસ્તે સારા ચોખા ભીંજવ્યા ॥૧૭॥ વળી તેણીએ વિચાર્યું કે જ્યારે તે જમવાનું માગશે ત્યારે તેને આપશું, એમ વિચારિ ભાતનો વાડકો ભરીને તેના ઢોલીયા નીચે રાખ્યો ॥ ૧૮ ॥

મુજ મહિલા તવ સાંચરીરે, આંગણે લઘુ નિત કાજ; સા૦
નવરૂં દેખી મેં ચિંતવ્યુંરે, તેહ સાંભલો ધનરાજ. સા૦ ॥ ૧૯ ॥
ક્ષુધાયેં પીડ્યો રહી નવ શકુંરે, દોય લાંઘણ થઈ મુજ; સા૦
તાંદુલ લેઇ મેં મુખ ભર્યુંરે, નહીં જાણે કોઇ ગુજ. સા૦ ॥ ૨૦ ॥
તવ નારી આવી મુજ તણીરે, મુખ દીઠું વિકરાલ; સા૦
બોલાવ્યો હું બોલું નહીંરે, ભામની કીયો બુંબાલ. સા૦ ॥ ૨૧ ॥
ખંડ ચોથાની એ કહીરે, ઢાલ ત્રીજી ગુણ ખાણ; સા૦
રંગવિજય શિષ્ય એમ કહીરે, નેમે ઉલટ આણ. સા૦ ॥ ૨૨ ॥

એટલામાં મારી સ્ત્રી પેશાબ કરવાને આંગણામાં આવી. હવે તે વખતે મેં પણ મારી પાસે કોઇને બેઠેલા નહીં જોઇને જે વિચાર્યું, તે તમે સાંભળજો ॥ ૧૯ ॥ મને બે લાંઘણ થવાથી એવી તો કકડીને ભૂખ લાગી હતી કે, મારાથી રહેવાણું નહીં, તેથી મેં તો તે વાડકામાંથી ચોખાની મૂઠી ભરીને કોઇ જાણે નહીં એવી રીતે મોઢામાં મુકી ॥ ૨૦ ॥ એટલામાં મારી સ્ત્રી ત્યાં આવી પહોંચી, અને મારૂં મોહોડું ફુલેલું, અને ભયંકર દેખીને મને બોલાવવા લાગી, પણ હું બોલુંજ શાનો! તેથી સ્ત્રીએ તો ત્યાં બુમરાણ કરી મેલી ॥ ૨૧ ॥ એવી રીતે રંગવિજયનાં શિષ્ય નેમવિજયે ચોથા ખંડની ત્રીજી ઢાલ ઉલટ લાવીને કહી ॥ ૨૨ ॥

## દુહા.

મુજ સ્વામિ મુખ શું થયું, ધાજો ભાઈ બાપ; લોક બહુ આવિ
મલ્યો, કોલાહલ સંતાપ ॥૧॥ વેગે વૈદ બોલાવીયા, ડાહ્યા
સાત ને પાંચ; તે આવ્યા ઉલટ ધરી, ઔષધ મેલી કરી
સાંચ ॥ ૨ ॥ રોગ પરખે લોક અતિ ઘણાં, કર્ણસૂલ ગંડોલ;
એક કહે પીત કોપીયો, ભોગ મંડાવો મંડોલ ॥ ૩ ॥

તે સ્ત્રી બૂમો પાડવા લાગી કે, હે ભાઈ, હે બાપ તમે અહીં આવો? હાય હાય મારા સ્વામિનાં મોહોડામાં શું થયું? તે કોલાહલ સાંભળી લોકો ત્યાં એકઠા થયા. ૧ તેઓએ એકદમ પાંચ સાત ભણેલા વૈદ્યોને બોલાવ્યા, તેથી તેઓ પણ સાથે કેટલીક ઔષધીઓ લઇને ઉલટથી આવી પહોંચ્યા ॥ ૨ ॥ ત્યાં કેટલાકો રોગની પરીક્ષા કરવા લાગ્યા, કોઇ કહે એણે કર્ણશૂલ થયો છે, તો કોઇ કહે એને ગંડોળ, તો કોઇ કહે પીત ઉછળ્યું છે ॥ ૩ ॥

ઉતારણાં કરો શક્તિનાં, કુલદેવીને ભોગ; ગોગા ગણેશ જક્ષ
પૂજતાં, ટલે ગલાનો રોગ ॥૪॥ વેગે વૈદ નિહાલીયો, ખાટ

હેઠે ભર્યો વાટ; તાંદુલે ભર્યો કંઠ સમો, મધ્યે દીઠો ઘાટ ॥ ૫ ॥ મસ્તક ધૂણી તે બોલીયા, ન જીવે જમાઇ આજ; તાંદુલ વ્યાધિ એ ઉપની, ગલામાં રોગ અસાજ ॥ ૬ ॥

કોઇ કહે કે શક્તિ દેવીનું ઉતારણું મુકો, કોઇ કહે કે કુળ દેવીને ભોગ આપો, તો કોઇ કહે કે ગોગા, ગણેશ તથા યક્ષની પૂજા કરો, કે જેથી તે ગળાનો રોગ નાબુદ થાય ॥ ૪ ॥ એટલામાં એક વૈદની ખાટલા હેઠે નજર પડવાથી. ત્યાં તેણે ચોખાનો ભરેલો વાટકો જોયો, પણ વચ્ચે તેમાં ખાડો હતો ॥ ૫ ॥ તે જોઈ કપટ ભાવથી તે (વૈદ) માથુ ધુણવી કહેવા લાગ્યો કે, આને ગળામાં અસાધ્ય એવો તાંદુલ વ્યાધિ થએલો છે, માટે આ જમાઈ આજે જીવશે નહીં અર્થાત જીવવો કઠિન છે ॥ ૬ ॥

તાંદુલ સરિખા ઉપન્યાં, કિટક વિષમ છે અંગ; વિત્ત વસ્ત્ર ઘણાં આપજો, જમાઇને કરૂં ચંગ ॥૭॥ શસ્ત્ર કાઢી ગાલ છેદીયો, સાહી રહ્યા જણ ચાર; બુંબારવ કરતાં થકાં, કાઢયા તાંદુલ તેણી વાર ॥૮॥ રૂધિરાલા તે નિકળ્યા, વૈદે લીધાં વસ્ત્ર દાન; ગાલ સ્ફોટક મુજ નામ દીયો, મૂરખ મોટો નહીં સાન.૯

ચોખા જેવા દુષ્ટ કીડાઓ તેના મોહોડામાં થયા છે, માટે જો મને ખુબ ધન વસ્ત્ર વિગેરે આપો તો હમણાં હું આને સાજો કરૂં ॥ ૭ ॥ પછી તેણે હથીયાર કહાડીને મારો ગાલ ચીરી, માંહેથી ચોખા કહાડ્યા, તે વખતે મને ચાર જણાએ પકડી રાખ્યો, અને હું તે શસ્ત્રની વ્યાધિથી બૂમેબૂમો પાડવા લાગ્યો ॥ ૮ ॥ તે સઘળા ચોખા લોહી વાળા નીકળ્યા, પછી તે વૈદે ખુબ ધન વસ્ત્ર વિગેરે લીધાં, અને મારૂં મહામૂરખનું તે દિવસથી ગાલસ્ફોટક નામ પાડયું ॥ ૯ ॥

મૂરખ ચારે કથા કહી, સાંભલી સઘલે લોક; ન્યાય નહીં એ તુમ તણો, શું કહીયે અમે ફોક. ૧૦ ધર્મવૃદ્ધિ મુનિશ્વરે કહી, મહા મૂરખ તમે ચાર; વઢવાડ તજી જાઓ મંદિરે, એકેક અક્ષર લેવો તાર. ૧૧ તવ દ્વિજવર તે બોલીયા, સાંભલો તાપસ વાત; એવો મૂરખ અમમાં નહીં, કહો હવે તમારી ખ્યાત.૧૨

તે ચારે મૂર્ખોની વાત સાંભળી સઘળા લોકો કહેવા લાગ્યા કે, આ કંઇ તમારો ન્યાય નથી, એમાં અમે શું કહીયે? ॥ ૧૦ ॥ મુનિરાજે તો તમોને ધર્મ વૃદ્ધિ કહી છે, તમો તો સઘળા મહામૂર્ખ છો, માટે હવે કંકાસ છોડીને ઘેર જાઓ, અને એકેકો અક્ષર વેંચી લેજો ॥ ૧૧ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે હે તાપસો, અમારામાં એવો મુર્ખ કોઇ નથી, માટે તમારી વાત તમે સુખેથી કહો? ૧૨

## ઢાલ ચોથી.

એણે સરોવરી યારી પાલી, ઉભી દોય નાગરી મોરા લાલ—એ દેશી.

મનોવેગ ભણે દ્વિજરાજ, સુણો તમે સહુ મલી; મોરા લાલ. સુ૦

સાકેત્તા નામે નગરી, અછે તે નિરમલી મારા લાલ. અ૦
વિશ્વભૂતિ નામેં બ્રાહ્મણ, એક તિહાં રહે મારા લાલ; એ૦
તેહને કન્યા છે એક, જોવન વયમાં વહે. મારા લાલ૦ ॥ ૧ ॥
મુજ પિતા ભણી તામ, વિવાહ તે મેલીયો; મા૦ વિ૦
માંડયો વિવાહ મોચ્છવ, મનોરંગે ભેલીયો; મા૦ મ૦
કીધો હાથ મેલાવો, વર કન્યા બેહુ તણોં; મા૦ વ૦
તેહવે હાલ કલોલ, થયો નગરીમાં ઘણોં. મા૦ થ૦ ॥ ૨ ॥

પછી મનોવેગ કહેવા લાગ્યો કે હે બ્રાહ્મણો, સાકેતા નામે એક પવિત્ર નગરી છે, ત્યાં વિશ્વભૂતિ નામે એક બ્રાહ્મણ વસતો હતો, તેને એક નયૌવન નામે પુત્રી હતી. ૧ તેના મારા પિતા સાથે લગ્ન નક્કી કર્યાં, અને વિવાહનો પ્રારંભ કર્યો, વળી બન્ને વર કન્યાનો હથીવાળો મેળવ્યો, એટલામાં નગરમાં કેટલોક કોલાહલ થયો ॥૨॥

ત્રાસ પડયો સહુ લોક, નાસે રોયે ઘણું; મારા લાલ. ના૦
રડે પડે ઉભા થાય ન, ચાલે બલ કો તણું; મા૦ ચા૦
એક એકને પૂછે લોક, જાસું આપણ કિહાં; મા૦ જા૦
થાંભો ઉપાડી નાઠો, હાથી આવે ઇહાં. મા૦ હા૦ ॥ ૩ ॥
તેહવે મુજ માતાને, મેલી નાઠો મુજ પિતા; મા૦ મે૦
જીવ્યાની બહુ આસા, લાગી મનમેં ભીતા. મા૦ લા૦
નાસંતા લાગી બાંહીં, સંજોગે ગર્ભ ધર્યો; મા૦ સં૦
ઉદર રહ્યો હું ત્યાંહ, માતાની કુંખે ભર્યો. મા૦ મા૦ ॥ ૪ ॥

તે વખતે ત્યાં એક હાથી થંભો ઉપાડીને દોડતો આવતો હતો, તેથી સઘળા લોકો બીકથી નાસવા લાગ્યા, કોઇ રડવા, તો કોઈ પડવા લાગ્યા, ત્યાં કોઇનું કાંઇ પણ બળ ચાલે નહીં, અને એક બીજાને પૂછવા લાગ્યા કે આપણે કઇ બાજુએ જઇશું? ॥ ૩ ॥ તે વખતે મારો પિતા મારી માતાને છોડીને ચાલતો થયો, કારણ કે તેને જીવવાની બહુજ આશા, વળી મનમાં બીક પણ બહુ હતી કે, રખેને હાથી આવીને મારી નાખે; હવે તે જ્યારે ભાગ્યો ત્યારે મારી માતાને તેનો હાથ લાગવાથી, મારી માતાને ગર્ભ રહ્યો, અને તેના પેટમાં હું પુત્ર પણે આવ્યો ॥ ૪ ॥

તાત ગયો મુજ માતાને, મેલી એકલી; મા૦ મે૦
નાઠી જાયે માત, વિકટ જાણી વલી. મા૦ વિ૦
કોમલ કંપે કાય તે, લોક બોલે તિહાં; મા૦ લો૦
દીસે નહીં ભરતાર, તાહરો ગયો કિહાં. મા૦ તા૦ ॥ ૫ ॥
ચાલ્યો તે પરદેશ, ગયો જે પરહરી; મા૦ ગ૦
દીન દીન વાધે ગર્ભ, લોકે વાત દિલ ધરી. મા૦ લો૦
પૂછે લોક અનેક, તારે ગર્ભ કેમ થયો; મા૦ તા૦
અમે જાણું છું સર્વ તુજ, ધણી નાશી ગયો. મા૦ ધ૦ ॥ ૬ ॥

તે વખતે મારો બાપ મારી માતાને એકલી છોડી નાશી ગયો, અને મારી માતા પણ સંકટ જાણીને નાસવા લાગી; તેના કોમળ અંગને ધ્રુજતું જોઇ લોકો કહેવા લાગ્યા કે, તારો ભરતાર કયાં ગયો ॥ ૫ ॥ હવે એવી રીતે તેણીને છોડી મારો બાપ પરદેશ જતો રહ્યો, અને મારી માતાનો ગર્ભ તો દિવસ દિવસ પ્રતે વધતો ગયો, ત્યારે લોકો પૂછવા લાગ્યા કે, અમોને સઘળાને માલુમ છે કે, તારો ભરતાર તો નાશી ગયો છે, છતાં તને ગર્ભ કેમ રહ્યો? ॥ ૬ ॥

તવ નારી કહે જાર, પુરૂષ સંગ નવી કર્યો; મા० પુ०
હાથ મેલાવે સંકટ, લાગ્યો તેણે ધર્યો. મા० લા०
માની લોકે વાત, કર્મ ગતી એહની; મા० ક०
પીહર તે રહી કુંણ, કરે વાત તેહની. મા० ક० ॥ ૭ ॥
નવ મસ વાડા, પૂરણ થવા આવીયા; મા० પૂ०
જમવા કારણ તાપસ, ઘણાં તેડાવીયા. મા० ઘ०
વિશ્વ ભૂતિયેં અઘરણી, કરી જમાડીયા; મા० ક०
સનમુખ ઉભો વિનતિ, કરે હાથ જોડીયા. મા० ક० ॥ ૮ ॥

ત્યારે સ્ત્રીએ કહ્યું કે મેં જાર કર્મ કર્યું નથી, કેવળ હાથ મેળાવાથીજ મને આ સંકટ રૂપ ગર્ભ રહ્યો છે, પછી લોકોએ વિચાર્યું કે, એના કર્મની ગતિ એવીજ છે, અને પછી મારી માતા પણ પીયરમાં જઇને રહેવાથી તેની વાત કોઈ કરે નહીં. ૭ હવે તેને નવ મહીના પૂરણ થવાથી, વિશ્વભૂતિએ અઘરણી કરીને કેટલાક તાપસોને જમવા વાસ્તે નોતર્યા, અને તેઓની સામે ઉભો રહી હાથ જોડી વિનતિ કરવા લાગ્યો ॥ ૮ ॥

નારી તણો તીહાં તાત, પુછે તાપસ ભણી; મા० પુ०
ભવિતવ્યતાનો વિચાર, કહો બુદ્ધિનાં ધણી. મા० ક०
કહે તાપસ તમે સાંભલો, વાત કહું નવી; મા० વા०
તુમ દેશમાંહીં દુકાલ, થાસે સહી સંભવી. મા० થા० ॥ ૯ ॥
બાર વરસાંનો કાલ, સહી કરી જાંણજો. મા० સ०
પેટમાંહીંથી મેં સુણી, વાણી પરમાણજો. મા० વા०
હું હવે રહું પેટમાંહીં, દુકાલ એમ લાગીયેં; મા० દુ०
બોલ્યા તાપસ વયણ, થાસે એમ પાલીયે. મા० થા० ॥ ૧૦ ॥

પછી મારી માતાનો બાપ તાપસોને પૂછવા લાગ્યો કે, તમો મહા બુદ્ધિવાન છો, માટે હવે પછીના વખતમાં શું બનાવ બનશે? તે કહો, ત્યારે તાપસોએ કહ્યું કે, એક નવી વાત એ છે કે, તમારા દેશમાં દુકાળ પડશે ॥ ૯ ॥ અને તે દુકાળ બાર વર્ષો સુધી ચાલુ રહેશે; હવે તે સઘળી વાત મેં પેટમાં રહ્યા થકાં સાંભળી, અને તેથી મેં વિચાર્યું કે મારે તો પેટમાં રહીનેજ દુકાળ કહાડવો, કારણ કે તાપસો જે વચનો બોલ્યા છે, તેમજ થશે ॥ ૧૦ ॥

સુગાલ થયા પછી નિકલું, તો સુખી થાઈએ; મા૦ સુ૦
જો નિકળું દુકાળ માંહીં, તો માઠું થાઈએ. મા૦ તો૦
તે તાપસ તેણી વાર, ચાલ્યા પરદેશમાં; મા૦ ચા૦
બાર વરસ ફરી આવ્યા, નવ નવા દેશમાં. મા૦ ન૦ ॥ ૧૧ ॥
દીધો આદરમાન, આહાર ઘણો આપીયો; મા૦ આ૦
પામ્યા હરખ અપાર, સુગાલ નામ થાપીયો. મા૦ સુ૦
ઉદર માંહીંથી વાત, સુણી મેં તે હવે; મા૦ સુ૦
નિકલ્યો હું ગર્ભ માંહીંથી, સીઘ્ર થઈ એ હવે. મા૦ સી૦ ॥ ૧૨ ॥

માટે સુકાળ થયા પછી બહાર આવીશ તો હું સુખી થઈશ, અને જો દુકાળમાં બહાર આવીશ, તો દુઃખી થઈશ; પછી તે તાપસો ત્યાંથી પરદેશ તરફ ચાલ્યા, અને નવા નવા વેશ પેહેરીને તેઓ બાર વર્ષો સુધી ફરી આવ્યા ॥૧૧॥ તેઓ આવ્યાથી તેઓને આદરમાન પૂર્વક આહાર આપ્યો, અને અત્યંત હર્ષ પામી સુકાળનું નામ સ્થાપ્યું, તે વાત સાંભળી હું પણ એકદમ ગર્ભમાંથી બહાર નીકળ્યો ॥૧૨॥

ખાઉં ખાઉં વારોવાર, કરૂં હું તવજદા; મા૦ ક૦
જમણ દીયો મુજ માત, કહું તુમને મુદા. મા૦ ક૦
તાપસ કહે તેણી વાર, એ પુત્ર કુલક્ષણો; મા૦ એ૦
ધન ધાન્યનો સંહાર, કરે કુલ ભક્ષણો. મા૦ ક૦ ॥ ૧૩ ॥
જે ભૂષણે તુટે કાન, તે સોને શું કીજીએ; મા૦ તે૦
કોહ્યું ધાન જો હોય, વાડે નાખી દીજીએ. મા૦ વા૦
જા જારે મુજ આગળથી, મુખ લેઈ પાપીયા; મા૦ મુ૦
નહીં તો ફેડીસ ઠામ, સહી દુઃખ વ્યાપીયા. મા૦ સ૦ ॥ ૧૪ ॥

હું તો બહાર આવતાં વેંતજ ખાઉં ખાઉં કરવા લાગ્યો, અને હું તમોને ખરેખર કહું છું કે, તે વખતે મારી માતાએ મને ભોજન આપ્યું; ત્યારે તાપસો કહેવા લાગ્યા કે, આ પુત્ર અપલક્ષણ વાળો છે એ ધન ધાન્યનો નાશ કરી કુળનો પણ નાશ કરશે ॥ ૧૩ ॥ જે ઘરેણું પેરવાથી કાન તુટે, તે ઘરેણાને પણ શું કરીએ? વળી જે અનાજ સડી ગયું હોય, તેને તો દૂર ફેંકી દેવુંજ જોઇએ; એમ વિચારિ મારી માતાએ મને કહ્યું કે, હે પાપી તું અહીંથી જા? તારૂં મુખ મને બતાવીશ નહીં, નહીં તો તારો હમણાં નાશ કરીશ ॥ ૧૪ ॥

મંદિર માહરા માંહીં, હવે તું મત રહે; મા૦ હ૦
સાંભલી માતાનાં વચણ, કુમર તીહાંથી વહે. મા૦ કુ૦
ચાલ્યો જાઉં પરદેશ, તાપસ ટોલામાં ભલ્યો; મા૦ તા૦
રૂષિનો લીધો વેષ, અયોધ્યા આવી મલ્યો. મા૦ અ૦ ॥ ૧૫ ॥
તિહાં પરણી મુજ માય, દીઠી મેં તે હવે; મા૦ દી૦
તાપસ પ્રણમી પાય, પૂછયા મેં એ હવે. મા૦ પૂ૦

તવ તાપસ કહે એમ, સાંભલ તું વારતા; મા૦ સાં૦
સ્મૃતિ પુરા જે શાસ્ત્ર, માંહીં અમે ધારતા. મા૦ માં૦ ॥ ૧૬ ॥
અક્ષત યોનિ પરણી તે, નહીં દોષ એહમાં; મા૦ ન૦
જે નારીનો નાથ, ગયો પરદેશમાં. મા૦ ગ૦
ચાર વરષ લગેં વાટ, તે જુવે વેશમાં; મા૦ તે૦
જો ભરતાર નાવ્યો, કરે બીજો લેશમાં. મા૦ ક૦ ॥ ૧૭ ॥

તારે મારા ઘરમાં પણ રહેવું નહીં, તે સાંભળી હું તો ત્યાંથી ચાલતો થઇ પરદેશમાં જઇ તાપસોની ટોળીમાં ભળી ગયો, અને રૂષિનો વેષ લઇને અયોધ્યામાં આવ્યો. ૧૫ ત્યાં મેં મારી માતાને બીજી વાર પરણેલી જોઇ, તેથી મેં તાપસોને તે વિશે પુછી જોતાં તેઓએ કહ્યું કે, સ્મૃતિ વેદ પુરાણ વિગેરેમાં તેમ કરવાની છુટ છે ॥ ૧૬ ॥ જે સ્ત્રીની યોનિ અક્ષત છે, વળી જે સ્ત્રીનો ભરતાર પરદેશ ગયો હોય, અને જો તે ચાર વર્ષ દરમ્યાન ન આવે, તો તે સ્ત્રી પુનર્લગ્ન કરી શકે છે ॥ ૧૭ ॥

स्मृत्युक्तं—सद्भिर्वाचा प्रदत्ताया, यदि पूर्वतरोमृतः ॥
साचे दक्षतयोनिः स्यात्, पुनः संस्कार मर्हति ॥ १ ॥

ઉત્તમ માણસે પોતાની છોકરી કદાચ વચનથી કોઇને આપી, અને તે ધણી જો મરી જાય, અને તે છોકરી અક્ષતયોનિ વાળી હોય તો તે પુનર્લગ્ન કરી શકે છે. ૧

પુત્રવતી જે નાર, મુઓ ધણી તેહનો; મા૦ મુ૦
બેઠી રહે આઠ વરસ, લગે માન એહનો. મા૦ લ૦
ફરી બીજો ભરતાર, કરે નારી વલી; મા૦ ક૦
તો શાસ્ત્રે કહો દોષ, નારીને જાએ ટલી. મા૦ ના૦ ॥ ૧૮ ॥

વળી જે સ્ત્રીને પુત્ર પ્રાપ્તિ થઇ છે, એવી સ્ત્રી પરદેશ ગએલા ભરતારની આઠ વર્ષ સુધી વાટ જુએ, અને તેમ છતાં તે ન આવે તો તે બીજો ભરતાર કરે એમાં તેને દોષ નથી એમ શાસ્ત્રોમાં કહ્યું છે ॥ ૧૮ ॥

श्लोकः—आष्टौवर्षाणिसपुत्रा । ब्राह्मणीपतितंपति ॥
आप्रसूताचचत्वारि । पुरतोन्यः समाचरेत् ॥ २ ॥

બ્રાહ્મણની સ્ત્રી પુત્રવાળી હોય, તો આઠ વર્ષ સુધી, અને પુત્ર વિનાની ચાર વર્ષ સુધી, પરદેશ ગએલા ભરતારની રાહ જુવે, તેમ છતાં ન આવે તો તે બીજો ભરતાર કરે ॥ ૨ ॥

પરણી છે તુમ માય, વિચાર તેહનો નહીં; મા૦ વિ૦
તે સાંભલીને હું આવ્યો, બ્રહ્મ સાલા મંહીં. મા૦ બ્ર૦
કૌતિક કારણ ભેર, ઘંટા નાદ મેં કીયો; મા૦ ઘં૦
ચાલ્યો તાપસ સાથ, તિહાં વેશ મેં લીયો. મા૦ તિ૦ ॥ ૧૯ ॥
ચોથા ખંડની ઢાલ, ચોથી એ સહી; મા૦ ચો૦
રંગવિજયના શિષ્ય, નેમવિજયે કહી. મા૦ ને૦

સાંભળજો સહુ કોય, આગલ વાત છે ઘણી; મા૦ આ૦
વચનમાં ન કરશો વ્યાઘાત, રાખો રંગ સહુ મળી મા૦ રા૦ ॥ ૨૦ ॥

માટે તમારી માતા પણ તે શાસ્ત્રના વચનોને આધારે પરણી છે, એમાં તમારે કંઇ વિચાર કરવાનો નથી; તે સાંભળવા બાદ હું તાપસનો વેષ સહીત અહીં આવ્યો, અને માત્ર રમુજને ખાતર ભેરી તથા ઘંટ મેં વગાડ્યા છે ॥ ૧૯ ॥ એવી રીતે ચોથા ખંડની ચોથી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજયનાં શિષ્ય નેમવિજય કહે છે કે, હે શ્રોતાજનો આગળ વાત હજુ ઘણી છે, માટે વચ્ચે કોઇ વિઘ્ન કરશો નહીં. ૨૦

## દુહા.

તવ બ્રાહ્મણ એમ બોલીયા, અસત્ય વચન ગમાર; પુરૂષ ભુજ લાગ્યા થકી, કેમ રહે ગર્ભ આધાર ॥૧॥ ગર્ભ માંહીંથી કેમ સાંભલે, તાપસ કહ્યો જે વિચાર; બાર વરસ કહો કેમ રહે, ઉદરમાં ગર્ભ તે સાર ॥ ૨ ॥ જાત માત્ર બાલક કહો, કેમ તે વેશ ધરંત; તુજ સરીખો ખોટો નહીં, મહી મંડલ જોયંત ॥ ૩ ॥

ત્યારે બ્રાહ્મણો બોલવા લાગ્યા કે, હે મુર્ખ તમો ખોટું બોલો છો, પુરૂષનો હાથ લાગવાથી સ્રીને ગર્ભ શી રીતે રહે? ॥ ૧ ॥ વળી તાપસે કહેલી વાત ગર્ભ પેટમાં રહ્યો થકો શી રીતે સાંભળી શકે? વળી બાર વર્ષો સુધી ગર્ભ પણ પેટમાં કેમ રહી શકે? ॥ ૨ ॥ વળી એક બાળક જનમતાં વેંતજ વેશ પણ કેમ ધરી શકે, માટે તારા જેવો જુઠા બોલો માણસ આ દુનીયામાં અમે કોઇ જોયો નથી ॥ ૩ ॥

મનોવેગ તવ બોલીયો, સાંભલો દ્વિજવર વાચ; સ્મૃતિ પુરાણે જે કહ્યું, તે શું વચન અસાચ? ॥ ૪ ॥ તવ વાડવ કોપી કહે, રે તાપસ અંજાણ; વેદ પુરાણે જે કહ્યું, તે કહો અમને વાંણ ॥ ૫ ॥

ત્યારે મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, સ્મૃતિ પુરાણ વિગેરેમાં જે વચનો કહ્યાં છે, તે શું ખોટાં છે? ॥ ૪ ॥ ત્યારે તાપસો ક્રોધાયમાન થઇ કહેવા લાગ્યા કે, હે અજ્ઞાન તાપસ વેદ પુરાણમાં એવી કંઇ વાતો છે? તે અમોને તુરત કહી સંભળાવ? ॥ ૫ ॥

## ઢાલ છઠ્ઠી.

મેડતે નગારો વાજીયોરે ઢોલા, પડીરે દવા મેં ઠોર ઢોલા, ભાજી મત જાજોરે સગતાઓત ઢોલા—એ દેશી.

મનોવેગ તવ બોલીયોરે, સાજન સાંભલો બ્રાહ્મણ વાત;
સાજન તુમ ભયથી ધ્રુજું ઘણુંરે, સા૦ કેમ કહું શાસ્ત્ર વિખ્યાત. સા૦ ૧
સાજન સહુ સુણજોરે, આગે જે હોય. સા૦ એ આંકણી—
તવ દ્વિજવર બોલ્યા વલીરે, સા૦ સુણજો તાપસ ચંગ; સા૦
શંકા ભય મેલી કરીરે, સા૦ પુરાણ કથા કહો રંગ. સા૦ ॥ ૨ ॥

મનોવેગ ચિત્ત હરખીયોરે, સા૦ બોલ્યો તવ મનોહાર; સા૦
વેદ પુરાણ માને નહીંરે, સા૦ તે નર જાણો ગમાર. સા૦ ॥ ૩ ॥

હે સજ્જનો આગળ જે વાત આવે તે તમો સઘળા સાંભળજો મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, તમારા ભયથી હું બહુ ધ્રુજું છું માટે શાસ્ત્રની વાત તમોને શી રીતે કહી સંભળાવું ॥ ૧ ॥ ત્યારે તે બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે તાપસો તમે શંકા છોડીને પુરાણની વાતો અમોને ખુશીથી સંભળાવો ॥ ૨ ॥ ત્યારે મનોવેગ મનમાં આનંદ પામી કહેવા લાગ્યો કે, જે માણસ વેદ પુરાણને માનતો નથી, તેને મૂર્ખ જાણવો ॥ ૩ ॥

મનોવેગ તાપસ તણીરે, સા૦ વાણી પુરાણની અભંગ; સા૦
અંગઉપાંગ પ્રસિદ્ધ છેરે, સા૦ વેદ માને તે ચંગ. સા૦ ॥ ૪ ॥
ચિકિત્સા વળી વૈદ્યનીરે, સા૦ જ્યોતિષ શાસ્ત્ર દેઇ આદિ; સા૦
સીધી આજ્ઞાએ સહીરે, સા૦ શાસ્ત્ર વચન અનાદિ. સા૦ ॥ ૫ ॥

વળી મનોવેગ તાપસણી વાણી પુરાણથી અભંગ છે, વળી અંગોપાંગ સહિત તેમ તે વેદોને પણ સારી રીતે માને છે ॥ ૪ ॥ વળી વૈદ સંબંધી જ્ઞાન, તેમ જ્યોતિષ શાસ્ત્ર આદિક પણ તે જાણે છે, વળી તેની આજ્ઞા અને શાસ્ત્રોનાં વચન પણ અનાદિ કાળનાં સિદ્ધ થએલાં છે ॥ ૫ ॥

उक्तंच.

पुराणमानवोधर्म । सांगोवेदाचिकित्सितम् ॥
आज्ञासिद्धानिचत्वारि । नहंतव्यानिहेतुभिः ॥ १ ॥

પુરાણ મનુષ્યનો ધર્મ, સાંગોપાંગવેદ અને વૈદક, તે ચારે આજ્ઞાસિદ્ધ જાણવાં, અને તેમાં કોઇનો પણ ભંગ કરવો નહીં ॥ ૧ ॥

સર્વ વેદ રીખીની કહીરે, સા૦ વાણી કરે અપ્રમાણ; સા૦
તે બ્રહ્મ હત્યારો કહ્યોરે. સા૦ ભવભવ હોયે અજાણ. સા૦ ॥ ૬ ॥

જે વેદની અને રૂષિની વાણીનો ભંગ કરે, તેને બ્રહ્મહત્યા લાગે, તથા તે અજ્ઞાની ભવો ભવમાં રખડે ॥ ૬ ॥

उक्तंच.

मंतव्यंव्यासवासिष्टं । वचनंवेदसंयुतम् ॥
अप्रमाणंतुयोब्रूयात् । सभवेद्धर्मघातकम् ॥ १ ॥

વ્યાસ તથા વસિષ્ટ મુનિનાં વચનો તથા વેદનાં વચનોને જે ન માને તેને ધર્મનો ઘાત કરનારો જાણવો ॥ ૧ ॥

તવ તે દ્વિજવર બોલીયારે, સા૦ કહો તાપસ એ સાર; સા૦
કાંઇકિ વચન માત્રથીરે, સા૦ પાપ ન લાગે લગાર. સા૦ ॥ ૭ ॥
જેમ અગનિ ઉનો ઘણુંરે, સા૦ કહેતાં ન બલે અંગ સાર; સા૦
તેમ શાસ્ત્ર તણા દોષ કહાડતાં, સા૦ કહેતાં ન પાપ લગાર. સા૦ ॥૮॥

તવ વચન સુણીને એસુરે, સા૦ ભય તજી બોલ્યો રૂષિ દેવ; સા૦
હું તો વેદ પુરાણનાંરે, સા૦ દોષ સુણો કહું ખેવ. સા૦ ॥ ૯ ॥

ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, હે તાપસ, માત્ર વચનથીજ કંઈ પાપ લાગતું નથી. ૭ જેમ અગ્નિ બહુ ગરમ છે, એમ કહેવા માત્રથી કંઇ અંગ બળતું નથી, તેમ શાસ્ત્રોની ભૂલ કહાડવાથી પાપ પણ લાગે નહીં ॥ ૮ ॥ તેઓનાં એવા વચનો સાંભળી તાપસ બીક છોડીને કહેવા લાગ્યો કે, હવે હું તમને વેદ અને પુરાણનાં દોષો કહું છું, તે તમો સાંભળજો ॥ ૯ ॥

એક નગરમાંહીં રહેરે, સા૦ નારી દોય અતિ સાર; સા૦
એક ભાગી બીજી રથીરે, સા૦ જોવન ભર મનોહાર. સા૦ ॥ ૧૦ ॥
બાલ કુંવારી તે બેહુરે, સા૦ બેહુ સૂતી સેહેજ મોઝાર; સા૦
તે બેહુ નારી સંજોગથીરે, સા૦ જાયો સુત સુવિચાર. સા૦ ॥ ૧૧ ॥
નામ દીધું તવ તેહનોરે, સા૦ ભાગીરથી પુત્ર ચંગ; સા૦
એતો ભારત પુરાણમાંરે, સા૦ વખાણ્યો મનને રંગ. સા૦ ॥ ૧૨ ॥

એક શેહેરમાં ભાગી અને રથી નામે બે જુવાન અને મનોહર સ્ત્રીઓ રહેતી હતી.૧૦ તે બન્ને બાળકુમારિકાઓ એક દિવસ પથારીમાં એકઠી સૂતી, અને તે બન્નેનાં સંજોગથી એક પુત્રની ઉત્પત્તિ થઈ ॥ ૧૧ ॥ પછી તેનું નામ ભાગીરથી પુત્ર પાડ્યું, અને તેનું વિશેષ વર્ણન તો ભારત પુરાણમાં કર્યું છે ॥ ૧૨ ॥

જુઓ નારીના જોગથીરે, સા૦ જાયો પુત્ર સુવિચાર; સા૦
તો નારી નર સંજોગથીરે, સા૦ હું જનમ્યો તેમ સાર. સા૦ ॥ ૧૩ ॥
અવર દૃષ્ટાંત વલી કહુંરે, સા૦ સાંભલો દ્વિજવર રાજ; સા૦
જેમ સંદેહ મન ભાંજસેરે, સા૦ સરસે તમારાં કાજ. સા૦ ॥ ૧૪ ॥
ગંધારી એક નારીએરે, સા૦ ધૃતરાષ્ટ કરે એ કાજ; સા૦
એવો નિશ્ચય કીધો તીહાંરે, સા૦ સાંભલો તુમે દ્વિજરાજ. સા૦॥૧૫॥

માટે એવી રીતે સ્ત્રીએ સ્ત્રીના સંજોગથી જેમ પુત્રની ઉત્પત્તિ થઇ, તો સ્ત્રી અને પુરૂષનાં સંજોગથી મારો જન્મ પણ તેવીજ રીતે થયો ॥ ૧૩ ॥ વળી હે બ્રાહ્મણો હું તમોને બીજું દૃષ્ટાંત પણ સંભળાવું છું, કે જેથી તમારા મનની શંકા નાશ પામી, તમારૂં કામ સિદ્ધ થશે ॥ ૧૪ ॥ હે બ્રાહ્મણ તમે સાંભળો ધૃતરાષ્ટના કામનો એક ગંધારી નામે સ્ત્રીએ નિશ્ચય કર્યો ॥ ૧૫ ॥

તવ નારી ગંધારી સહીરે, સા૦ રોમાંચિત ઇ. જાદુમ; સા૦
તવ નારી તણે ધરમેં હુઇરે, સા૦ માથે હુઇ તે તામ. સા૦ ॥ ૧૬ ॥
ચોથે દિવસે નારીએરે, સા૦ સ્નાન કર્યું તેણી વાર; સા૦
પછી વસ્ત્ર વિહુણી હતીરે, સા૦ ફણસ આલિંગન અપાર. સા૦ ૧૭
તેહ કાલ સમે પછીરે, સા૦ માસ ગયો જવ એક; સા૦
તેહ નાથ પરણ્યો તિહાંરે, સા૦ ધૃતરાષ્ટ્ર ધરતો વિવેક. સા૦ ॥ ૧૮ ॥

તે વખતે તે ગંધારી સ્ત્રીના રોમાચ (રૂંવાડાં) ઉભાં થયા, અને તેજ વખતે રૂતુવંતી પણ થઇ ॥ ૧૬ ।, ચોથે દીવસે તે સ્ત્રીએ સ્નાન કર્યું, અને પછી વસ્ત્ર વિના નગ્ન થઇને એક ફણસના ફળ સાથે આલિંગન કર્યું ॥ ૧૭ ॥ તે પછી જ્યારે એક મહીનો વ્યતિત થયો, ત્યારે ધૃતરાષ્ટ તેની સાથે વિવેક સહિત પરણ્યો ॥ ૧૮ ॥

તવ પુષ્પવતી નારી તણીરે, સા૦ નવી ગઇ મુખની છાંહ; સા૦
કંત ભય થકી નારીએરે, સા૦ નર વિષ્ણુની ધરી બાંહ. સા૦ ॥ ૧૯॥
તેહ વૃત્તાંત ગર્ભનોરે, સા૦ ભાવ કહ્યો તેણી વાર; સા૦
નર નારાયણે કરીરે, સા૦ મનસું કરીય વિચાર. સા૦ ॥ ૨૦ ॥
ચોથા ખંડ તણી કહીરે, સા૦ પાંચમી ઢાલ એ સાર; સા૦
રંગવિજય તસ શિષ્યનેરે, સા૦ નેમવિજય જયકાર. સા૦ ॥ ૨૧ ॥

પણ તે રૂતુવંતી ગંધારી સ્ત્રીની મુખ ઉપરની છાયા ગઇ નહીં, અને તેથી ભરતારની બીકથી તેણે વિષ્ણુની મદદ માગી ॥ ૧૯ ॥ અને તે વિષ્ણુને બોલાવી પોતાના ગર્ભનો સઘળો હેવાલ કહી સંભળાવ્યો, ત્યારે વિષ્ણુએ પણ વિચાર કર્યો ॥ ૨૦ ॥ એવી રીતે ચોથા ખંડની પાંચમી ઢાલ રંગવિજયના શિષ્ય નેમવિજયે કહી અને તેથી તેનો જય થાઓ ॥ ૨૧ ॥

## દુહા.

તવ કુટુંબ તેડાવીયા, અંધક વિષ્ણુ આદિ સાર; ધૃતરાષ્ટ્ર બેસાડીને, કહ્યો તેહને સુવિચાર ॥૧॥ તવ સહુને સંતોષીયા, દિવસ ગયા તેણી વાર; એક દિવસ ગંધારીયે, ફણસ જાયો ઉદાર ॥ ૨ ॥ તેતો ફણસ માંહીંથી, સુત નિકલ્યા શત એક; એતો ભારતે ભાંખીયું, તુમ તણે શાસ્ત્ર વિવેક ॥ ૩ ॥

પછી વિષ્ણુએ અંધકઆદિ તેના કુટુંબીઓને તેડાવ્યા, તથા ધૃતરાષ્ટને પણ બેસાડીને સઘળી વાત કહી ॥ ૧ ॥ પછી સઘળાને સંતોષી વિદાય કર્યા; હવે તે ગંધારીએ કેટલાક દિવસ ગયા બાદ, એક ફણસને જન્મ આપ્યો ॥ ૨ ॥ તે ફણસમાંથી એકસો પુત્ર નીકળ્યા; આ સઘળી વાત તમારા શાસ્ત્ર મહાભારતમાં કહેલી છે ॥૩॥

મુજ માતાને તાતને, સંજોગે હુવો હું સાર; તો મુજ માતા પિતા તણો, કેમ કીજે તે વિચાર. ૪ તવ વાડવ બોલ્યા સહુ, તુમ તણાં વચનો સત્ય; તમે તાપસ મુદ્રા ભલી, નવિ ભાંખો અસત્ય ॥૫॥ પણ સાંભલો એક વાત મેં, બોલ્યો ખોટો જેમ; ગર્ભ થકી કેમ સાંભલ્યું, ખોટું વયણજ એમ ॥ ૬ ॥ એહ વચન કેમ માનીયે, સાંભલો તાપસ રાય; એહ કથા અમને કહો, મન ધરી બહુ પસાય ॥ ૭ ॥

તેવી રીતે હું તો માત્ર મારા માતપિતાનાં સ્પર્શથી ઉત્પન્ન થયો, તો તે બાબતનો તમારે શામાટે વિચાર કરી શંકા રાખવી જોઇયે? ॥ ૪ ॥ ત્યારે બ્રાહ્મણો બોલ્યા

કે, તમારાં વચન ખરેખરાં છે; વળી તમે ઉત્તમ તાપસો થઇ શામાટે જુઠું બોલો? અર્થાત તમો જુઠું બોલતાંજ નથી ॥ ૫ ॥ વળી બ્રાહ્મણો બોલ્યા કે, અમોને હજુ એક વાતનો સંદેહ છે, તમોએ ગર્ભમાં રહીને તાપસની વાતો શી રીતે સાંભળી? એ વાત અમોને તમારી જુઠી લાગે છે ॥ ૬ ॥ માટે હે તાપસો તમારૂં એ વચન અમે શી રીતે માની શકીયે? તેથી અમારાપર મેહેરબાની કરી એ વાત અમોને કહો. ૭

## ઢાલ છઠ્ઠી.

પ્રીતડી ન કીજેરે નારી પરદેશીયારે—એ દેશી.

વચન સુણી તવ મનોવેગ બોલીયોરે, સાંભલો વાડવ તુમે વિચાર;
ગર્ભ માંહીંથી સાદ તે મેં સુણ્યોરે, વાદ નિવારૂં તે નિરધાર;
સુણજો સાજન જે કહું વાતડીરે ॥ એ આંકણી ॥ ૧ ॥
માહા ભારત માંહે વાંણી જે કહીરે, તે નવી જાણો સુખ અભંગ;
એક મનાં થઇ સુણજો સહુ તમેરે, સંદેહ નિવારણ એ ઉતંગ. સુ૦ ૨
જાદવ વંશે વસુદેવ જાણીએરે, તેની બેટી અમૃત વાણ;
રૂપ કલા વિભ્રમ વિલાસનીરે, સુભદ્રા નામ ગુણ ખાણ. સુ૦ ॥ ૩ ॥

હે સજ્જનો જે વાત હું કહું તે તમે સાંભળજો. હવે બ્રાહ્મણોનું એવું વચન સાંભળીને મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો મેં ગર્ભમાં રહ્યા થકાં જે વચનો સાંભળ્યાં, તે વિષેની તમારી શંકા હમણાં હું દૂર કરૂં છું ॥ ૧ ॥ મહા ભારતમાં જે વાતો કહી છે, તે તમો હજુ સારી રીતે જાણતા નથી; માટે હવે તે એક ચિત્તથી તમે સાંભળજો, કે જેથી તમારી શંકા દૂર જશે ॥ ૨ ॥ જાદવ વંશમાં એક વસુદેવ નામે રાજા હતો, તેને સુભદ્રા નામે અત્યંત મીઠા બોલી, તથા રૂપ, કળા, વિલાસ વિગેરે ગુણોથી શોભતી એક પુત્રી હતી ॥ ૩ ॥

વિષ્ણુ તણી એ ભગની જાણજોરે, અર્જુન વર કીધો ભરતાર;
ગર્ભ ધર્યો સુભદ્રા નારીએરે, પૂરા માસ હુવા જવ ત્યાર. સુ૦ ॥ ૪ ॥
અસમાધિ ઉપની તવ તે બાલનેરે, કૃષ્ણ કથા કહો ભાઈ વિચાર;
ચક્રાવો વર્ણન કરીને દાખ યોરે, સુભદ્રા પામી નિદ્રા અપાર. સુ૦ ૫
પ્રત્યુત્તર નવિ બોલે કો તિહાંરે, ગર્ભે હુંકારો દીધો તામ;
નારાયણ તવ મન વિસ્મય પડયોરે, એ કોઇ પુરૂષ મોટો જામ. સુ૦ ૬

વળી તે વિષ્ણુની બેહેન તથા અર્જુનની સ્ત્રી થાય; હવે એક વખતે તે સુભદ્રાએ ગર્ભ ધારણ કર્યો, અને તે ગર્ભનો સમય સંપૂર્ણ થવા આવ્યો ॥ ૪ ॥ તે વખતે તે સુભદ્રાને ઘણું કષ્ટ થવા લાગ્યું, તેથી તે પોતાના ભાઇને કહેવા લાગી કે, હે કૃષ્ણભાઇ, તમો મને સુખ થવા વાસ્તે કંઇક વાર્તા કહો, ત્યારે કૃષ્ણે અભિમન્યુના ચક્રાવાની વાત કહેવા માંડી, પણ તે વખતે સુભદ્રાને સુખની નિદ્રા આવી ગઇ. ૫ હવે સુભદ્રા નિદ્રાવશ હોવાથી વાતનો હુંકારો તેણીનાથી અપાયો નહીં, ત્યારે તે હુંકારો અંદર રહેલા ગર્ભે આપ્યો, ત્યારે વિષ્ણુ આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે, આ કોઇ મહાપુરૂષ થવાનો છે ॥ ૬ ॥

ગર્ભ હુંકારો સુણીઓ જે હવેરે, દામોદર ચિંતવે તેહ;
કથા સુણીને હુંકારો દીયોરે, તેમ તાપસ વચન સહી એહ. સુ૦ ॥૭॥
દ્વિજવર કહે સહુ સાચું કહ્યુંરે, સ્મૃતિ પુરાણે બોલ્યું જેહ;
વલી અમને એક વિસ્મય ઉપન્યોરે, બાર વરસ રહ્યો ગર્ભે તેહ. સુ૦ ૮
મનોવેગ બોલ્યો તવ ફરી વલીરે, રૂષિ વચન ન જાણે ગમાર;
મય નામા તાપસ છે એક રૂયડોરે, વનમેં રહે નિરધાર. સુ૦ ॥ ૯ ॥

જ્યારે એવી રીતે વિષ્ણુએ ગર્ભનો હુંકારો સાંભળ્યો, ત્યારે વિચાર્યું કે, આ ગર્ભે કથા સાંભળીનેજ હુંકારો દીધો છે, તેમ મેં પણ ગર્ભમાં રહી તાપસોનાં વચનો સાંભળ્યા ॥ ૭ ॥ ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, ખરેખર એવીજ રીતે અમારાં સ્મૃતિ વેદ પુરાણો વિગેરેમાં કહ્યું છે, માટે એ વાત પણ તમારી ખરી છે; પણ હજુ એક શંકાએ છે કે, તમે ગર્ભમાં બાર વર્ષો સુધી કેમ રહ્યા? ॥ ૮ ॥ ત્યારે મનોવેગે ફરીને કહ્યું કે, તમે ખરેખર મૂર્ખ છો, રૂષિઓના વચનોની હજું તમોને ખબર નથી; એક મય નામનો ઉત્તમ તાપસ વનમાં રહેતો હતો ॥ ૯ ॥

એક દિન રજની સુતો છે તિહાંરે, સ્વપ્ન દીઠો નિદ્રામાં તામ;
નારી સરસો ભોગ મનસું કરેરે, વિર્ય ખલિત હુવો આમ. સુ૦ ॥૧૦॥
તે વીર્ય સંહર્યું હાથમાંહીં જદારે, મનસું કીધોરે વિચાર;
રખે મુજ વીર્ય ફોક જાયે સહીરે, દેખી હસસે નરનાર. સુ ॥ ૧૧ ॥
કોપીને વીર્યને લેઇ પત્ર કમલનુંરે, બીડું વાલી તેણી વાર;
નિરમલ નદીના જલમાંહીં તદારે, વેહેતું મેલ્યું નિરાધાર. સુ૦ ॥૧૨॥

એક દિવસે રાત્રિએ તે સૂતો છે, એટલામાં તેને સ્વપ્નુ આવ્યું કે, હું કોઇ સ્ત્રી સાથે ભોગવિલાસ કરૂં છું, અને તેથી નિદ્રામાંજ તેનું વીર્ય સ્ખલાયમાન થયું. ૧૦ તે વીર્ય તેણે હાથમાં ઝીલીને વિચાર્યું કે, રખે આ મારૂં વીર્ય નિરર્થક જશે, તો તે જોઈ લોકો મારી મશ્કરી કરશે ॥ ૧૧ ॥ પછી તેણે એક કમલનું પાંદડું લઈ તેનું બીડું વાળી તેમાં લંગોટી માંહે વીર્યને છાનું રાખીને, એક નદીના પાણીમાં તેને વેહેતું મુકયું. ॥ ૧૨ ॥

ડેડકીયે તે ખાધું પાનડુંરે, ગર્ભ રહ્યો ઉદરમાંહીં;
તવ તેહને રૂતુનો સમો હતોરે, દુર્દરીને પેટ રહ્યું ત્યાંહીં. સુ૦ ॥ ૧૩ ॥
સ્ત્રીનાં લક્ષણ પ્રગટયાં અંગમેંરે, માસ દિવસ ગયા અપાર;
જનમ હુવો સુભ લગને કરીરે, ઉંચ ગ્રહ ઉપન્યાં છે ફાર. સુ૦॥૧૪॥
બેટીનું નામ દીધું મંદોદરીરે, રૂપ સોભાગી અભિરામ;
માતાને રૂપ જોવાથી હોંસ ઘણીરે, બોલાવે લેઇ નામ. સુ૦ ॥ ૧૫ ॥

તે પાંદડાનું બીડું એક ડેડકીયે ખાધું, તે વખતે તે ડેડકી રૂતુવંતી હતી, તેથી તેણે પેટમાં ગર્ભ ધારણ કર્યો ॥ ૧૩ ॥ પછી કેટલાક દિવસ ગયા બાદ તે ડેડકીને સ્ત્રીનાં લક્ષણો સ્પષ્ટ પ્રગટ થયાં, અને કેટલેક કાળે, શુભ લગ્નમાં, તથા સારા ગ્રહો વખતે

તેણીએ એક પુત્રીને જન્મ આપ્યો, તેનું મંદોદરી નામ પાડયું; વળી તેનું રૂપ લાવણ્ય વિગેરે ઘણું સરસ હતું, અને તેણીનું એવું રૂપ જોવાથી માતા તેણીને આનંદ પૂર્વક નામ લેઇ બોલાવે ॥ ૧૪ ॥ ૧૫ ॥

**એહવું રૂપ કેનું નવી હોયેરે, એહને બેઠાં માણસ જોય;**
**કીધો વિચાર તેણે એમ ચિંતવીરે, પ્રૌઢ કમલદલે મેલી સોય. સુ૦ ૧૬**
**સ્નાન કરેવા નિત્ય જાયે વહીરે, નદીયે આવે મય રૂષિ સાર;**
**કમલ ઉપર દીઠી તે કુમારીકારે, તાપસ ચિંતવે મન મોઝાર. સુ૦ ૧૭**
**મુજ વીર્ય થકી ઉપની એ બાલિકારે, તે કારણ મુજ વાંધે નેહ;**
**માહરી પુત્રી હોઈ સંસારમાંરે, રૂપ લક્ષણે દીસે એહ. સુ૦ ॥ ૧૮ ॥**

આ પુત્રી જેવું રૂપ આ દુનીયામાં કોઇનુ પણ નહીં હોય, માટે તેણીને માણસો બેઠા બેઠાં ભલે જુવે, એમ વિચારી તેણીને તેણે એક મોટા કમળમાં બેસાડી ॥૧૬॥ હવે તે મય રૂષિ હમેશાં નદીએ સ્નાન કરવા આવતો હતો, તેણે એક દહાડો કમળ ઉપર બેઠેલી તે કુમારીકાને જોવાથી મનમાં વિચાર્યું કે, ॥ ૧૭ ॥ આ બાલિકા મારા વીર્યથી ઉત્પન્ન થઇ છે, તેથી મને તેણીના ઉપર બહુ પ્યાર આપે છે અને તેણીના રૂપ અને લક્ષણથીજ જણાય છે કે, તે મારીજ પુત્રી છે ॥ ૧૮ ॥

**નામ થાપ્યું બેટીનું મંદોદરીરે, લઈ આવ્યો નિજ સ્થાનક તામ;**
**ભોજન કરીને જમાડે બાલિકારે, જોવનવંતી હોઇ જામ. સુ૦ ॥ ૧૯॥**
**ચોથા ખંડ તણી છઠ્ઠી ઢાલમાંરે, રંગવિજય કવિ સાર;**
**શ્રોતા સાંભલજો સહુ એક મનાંરે, નેમવિજય જયકાર. સુ૦ ॥ ૨૦ ॥**

તેણે તેનું મંદોદરી નામ પાડયું, અને પછી પોતાનાં આશ્રમમાં તેને તેડી લાવ્યો, ત્યાં હમેશાં ભોજન પકાવી તેને જમાડે, એમ કરતાં તે યોવનવંતી થઇ ॥ ૧૯ ॥ એવી રીતે ચોથા ખંડની છઠ્ઠી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજયના શિષ્ય નેમવિજય કહે છે કે, હે શ્રોતાજનો તમો એક ચિત્ત દઇ સાંભળજો ॥ ૨૦ ॥

## દુહા.

**એક દિન રૂતુવંતી હુઇ, કોપીન તાપસની સાર; વીર્ય તણી ખરડી અછે, પેહેરી પુત્રીએ તેણી વાર. ૧ તે કોપિન પરવેશથી, ગર્ભ રહ્યો તિહામાંહીં; દિન દિન વાધે અનુક્રમેં, કુમરીને મુખ છાંહીં ॥૨॥ તાપસ જાણે ચિત્તમેં, મુજ વીર્ય નિરધાર; ગર્ભ ધર્યો એ કુંમરીએ, હોસે કોઈક અવતાર ॥ ૩ ॥**

એક દિવસે તે મંદોદરી રૂતુવંતી થઇ અને તે વખતે તેણે તાપસની લંગોટી પેહેરી, કે જે તેના વીર્યથી ખરડાએલી હતી ॥ ૧ ॥ તે વીર્યવાળી કોપીનના સ્પર્શથી તેણીને ગર્ભ રહ્યો, અને તે દિન દિન પ્રતે વધવા લાગ્યો, તેથી તે કુમારિકા દિલગિર થવા લાગી ॥ ૨ ॥ ત્યારે તાપસે મનમાં વિચાર્યું કે, આ ખરેખર મારૂંજ વીર્ય છે, અને તેના પ્રભાવથી આને ગર્ભ રહ્યો છે, માટે તેથી કોઇ મહાપુરૂષની ઉત્પત્તિ થવી જોઇએ ॥ ૩ ॥

જો અવર રૂષિ કોઇ જાણસે, તો હસસે નિસ દિસ; લાજ શરમ
જાસે ખરી, શ્યે મુખ બોલીસ જીહ. ૪ એહવી કરી વિચારણા,
ગર્ભને રાખું ગોપ; ખીલું મંત્ર જંત્રે કરી, કોઇ નવી જાણે
લોપ ાા૫ાા કમંડલ લેઈ હાથમાં, જલ છાંટે ભણે મંત્ર;
જીહાં લગે વર પાંમે નહીં, ગર્ભ રહેજો માંહીં જંત્ર ાા ૬ ાા

માટે હવે આ વાતની જો કોઇ બીજા રૂષિઓને ખબર પડશે તો તેઓ મારી રાત દિવસ મશ્કરી કરશે, અને એવી રીતે મારી આબરૂ જવાથી હું તેઓની સાથે શી રીતે વાતચિત પણ કરી શકીશ? ાા ૪ ાા એમ ચિંતવિને તેણે વિચાર્યું કે, હવે તો કોઇ મંત્ર જંત્રના પ્રભાવથી એ ગર્ભને અંદરજ ખીલી રાખું, કે જેથી આ બીના કોઇ જાણી શકશે નહીં ાા ૫ ાા પછી હાથમાં કમંડલ લઇ, તેમાંનું પાણી છાંટી, મંત્ર ભણીને કહ્યું કે, જ્યાં સુધી આ બાલિકાને વર મળે નહીં, ત્યાં સુધી તેનો ગર્ભ અંદરજ રહેજો? ાા ૬ ાા

બેટી બોલે બાપને, ગર્ભ ખીલ્યો મહા પાપ; તવ મય તાપસ
બોલીયો, ભવિતવ્યતાને પ્રતાપ. ૭ રાક્ષસ કુલે લંકાપતિ,
વિશ્વવસુ તાત કૈકૈ માય; રાવણ પરણ્યો મંદોદરી,બાર વરસની
અવધે થાય. ૮ રાવણને પેહેલો જાણજો, સાત સહસ ગયાં
વર્ષ; રાવણને પુત્ર એ કહ્યો, ઉપન્યો પામ્યાં હર્ષ ાા ૯ ાા

ત્યારે તે બાલિકા પોતાના પિતાને કહેવા લાગી કે, હે મહાપાપી તે ગર્ભને શામ ટે ખીલ્યો? (અટકાવ્યો) ત્યારે તાપસ બોલ્યો કે, ભવિતવ્યતાનો એજ નિયમ છે. ૭ હવે લંકામાં રાક્ષસ કુળમાં વિશ્વવસુ નામે રાજા હતો, તેને કૈકૈ નામે સ્ત્રી હતી, તેનો રાવણ નામે પુત્ર આ મંદોદરીને પરણ્યો, તે દરમ્યાન બાર વરસો વીતી ગયાં ાા ૮ ાા પછી તે રાવણને પરણ્યાં સાત હજાર વર્ષો થયા, ત્યારે તેને ઘેર પુત્રનો જન્મ થયો, જેથી તેને ઘણો આનંદ થયો ાા ૯ ાા

સાત સહસ વર્ષ ગયે હુતે, ઇંદ્રજિત નામ કુમાર; બાર વરસ
હું રહ્યો ગર્ભમેં, તો શું કરો વિચાર ાા૧૦ાા સાંભલીને દ્વિજ
બોલીયા, સત્ય વચન તુમ સાર; જાત માત્ર થકાં તુમેં, વેષ
લીધો નિરધાર ાા૧૧ાા જે નારી એ જનમીયો, ફરી પરણી
તે નાર; તુમ જનમ થયા પછી, કેમ પરણી બીજી વાર ાા૧૨ાા
હોય સંદેહ એવા અછે, તેહ નિવારો આજ; જેમ મત
નિશ્ચય અમ તણાં, સરે સહુનાં કાજ ાા ૧૩ ાા

એવી રીતે તે ઇંદ્રજિત કુમાર સાત હજાર વર્ષો સુધી તેની માતાના ગર્ભમાં રહ્યો, ત્યારે હું તો માત્ર બારજ વર્ષો સુધી રહ્યો, તો તેમાં તમો વિચારમાં શું પડ્યા છો? ાા ૧૦ ાા ત્યારે તે બ્રાહ્મણો બોલ્યા કે, તે સઘળાં વચનો તમારાં ખરાં છે, પણ તમોએ જન્મતાંજ આ તાપસનો વેષ લીધો, તે વાતમાં અમોને જરા સંદેહ

છે ॥ ૧૧ ॥ વળી જે સ્ત્રીએ તમોને જન્મ આપ્યો, તે વળી બીજી વાર કેમ પરણી, કારણ કે એકવાર પરણ્યા પછી સ્ત્રીના પુનર્લગ્ન તો થાય નહીં ॥ ૧૨ ॥ માટે એ બન્ને શંકાઓનું આજે તમો નિવારણ કરો જેથી અમારૂં મન નચિંત થઇને કામ સફળ થાય ॥ ૧૩ ॥

## ઢાલ સાતમી.

અમલી લાલ રંગાવો વરનાં મોલીયાં—એ દેશી.

મનોવેગ કહે ભાઈ સાંભલો, સૂત્ર કંઠ તુમે છો સુજાણરે;
ભ્રાંતિ ભાજે જેમ સઘલી મન તણી, તેમ બોલું હું હવે વાણરે.
સ્મૃતિ પુરાણ વેદમાં જુઓ ॥ એ આંકણી ॥ ૧ ॥
મોટો પારાસર રિષિમાં કહ્યો, એક દિવસ કીધો વિહારરે;
ગંગા નદી ઉપકંઠે રહી તીહાં, નાવ ખેડે કન્યા એક સારરે. સ્મૃ૦ ૨
મચ્છગંધા નામ છે તેહનો, કુરૂપ અભાગણી દેહરે;
ગંધાય શરીર જોજન લગે, બીજું નામ ધર્યું વલી તેહરે. સ્મૃ૦ ॥૩॥

ત્યારે મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો તમે બુદ્ધિવાન છો; માટે હવે તમોને સ્મૃતિ, વેદ, પુરાણ વિગેરેમાં જેમ કહ્યું છે, તેમ તમોને સંભળાવું છું, કે જેથી તમારી શંકા દૂર થશે ॥ ૧ ॥ પુરાણોમાં એક પારાસર નામે મોટા રૂષિનું વૃતાંત આવે છે; તે રૂષિ એક દિવસ ચાલતાં ચાલતાં ગંગાનાં કિનારા પાસે આવ્યો, ત્યાં તેણે એક બાલિકાને નદીમાં હોડી ફેરવતી જોઇ ॥ ૨ ॥ તેનું મચ્છગંધા નામ હતું, અને તે અભાગણીનું શરીર એવું તો કદરૂપુ અને વાસ મારતું હતું કે, તેની દુર્ગંધ એક જોજન સુધી ફેલાતી હતી, માટે તેનું "જોજનગંધા" પણ નામ કહેતા ॥૩॥

દીઠી એકલી કન્યા પારાસરે, નાવે બેઠો જોઈ તસ રૂપરે;
જાગ્યો મનોભવ તવ સ્તન દેખીને, વિકલ થયું તવ સ્વરૂપરે. સ્મૃ૦ ૪
ઋષિ કહે અમસું કૃપા કરો, દાન દેઓ કાયાની સારીરે;
સુણો તપસી તવ ભણે કામની, મુજ તનુ દુર્ગંધ ધારીરે. સ્મૃ૦ ॥૫॥
અજુઆલે લોક દેખે સહુ, અઘટતું કેમ કીજે કાજરે;
દેહ કીધો સુગંધ હાથ ફેરીને, ધુંયર કેરી લોપી લાજરે. સ્મૃ૦ ॥ ૬ ॥

તે કન્યાને પારાસરે એકલી નાવમાં બેઠેલી જોઇને, પોતે પણ તેમાં બેઠો, અને તેનાં સ્તનોને જોવાથી, તે કામાંધ થયો, અને તેથી તેનું ચિત્ત વિકાર યુક્ત થયું ॥૪॥ તેથી રૂષિએ તેની પાસે માગણી કરી કે, તમારૂં શરીર અમોને ભોગવવા આપો, ત્યારે તેણીએ કહ્યું કે, મારૂં શરીર તો દુર્ગંધ વાળું છે ॥ ૫ ॥ વળી આવા અજવાળામાં કોઇ આપણને તેમ કરતાં જુવે, તોપણ તે અયુક્ત કહેવાય, તે સાંભળી રૂષિએ હાથ ફેરવીને તેનું શરીર સુગંધ યુકત કર્યું, અને માછીની લાજનો લોપ કર્યો. ૬

ભોગ વિલાસ કરતાં અનુક્રમે, જનમ હુઓ વેદ વ્યાસરે;
મુછ કુંછને કમંડલ ધર્યાં હાથમેં, વેદ પુરાણ મુખ બોલે ભાસરે. સ્મૃ૦૭

કોટે જનોઈ કર જપ માલિકા, મૃગ ચર્મ દંડ ઉત્તંગરે;
કર જોડી લાગ્યો તાપસ રૂપે, માત તાત પાયે મન રંગરે. સ્મૃ૦ ॥૮॥
આદેશ પારાસુરનો લહી, તપ માંડયો ગંગાને તીરરે;
વેદ વ્યાસ મોટો રૂષીશ્વર અછે, ધ્યાન ધરે મહાવંત ધીરરે. સ્મૃ૦ ૯

એવી રીતે તેણીની સાથે ભોગભોગવતાં અનુક્રમે તેણીની કુખે વેદ વ્યાસનો જન્મ થયો, કે જે મોટી મૂછો, હાથમાં કમંડલ ધારી મોહેડેથી વેદ અને પુરાણ બોલતો હતો ॥ ૭ ॥ વળી કંઠમાં જનોઈ, હાથમાં જપમાળા, અને હરણનું ચામડું તથા એક મોટી લાકડી સહીત, તાપસને વેશે માતા પિતાને તે વેદવ્યાસ આનંદથી પગે લાગ્યો ॥ ૮ ॥ પછી પારાસુર રૂષિની આજ્ઞા લઇને, તે વેદવ્યાસ રૂષિએ ગંગાને કાંઠે જઈ, ધીરજથી તપ તથા ધ્યાન ધરવા માંડયું ॥ ૯ ॥

વનમાં શિખ દેઇ રૂષિ ગયો, એકલી રહી બાલા જામરે;
સાંત રાજા ક્રીડા કરવા આવીયો, દીઠી જોજન ગંધા તામરે. સ્મૃ૦ ૧૦
સુગંધ શરીર દેખી રંજીયો, વિવાહ વિધે પરણી તેહરે;
જેમ કન્યાયે વેદ વ્યાસ જાઈઓ, તાસ સરૂપ સૂભ દેહરે. સ્મૃ૦ ॥૧૧॥
તતકાલ જણ્યો તાપસ જેમ હુવો, તેમ મુજને દ્વિજ જાણોરે;
જેમ પરણી જોજન ગંધાવલી, તેમ મુજ જનની વખાંણોરે. સ્મૃ૦ ૧૨

હવે તે પારાસર રૂષિ જોજનગંધાને શિખામણ દઇ, વનમાં એકલી મેલીને બહાર ગયો, તેવામાં ત્યાં સાંત નામનો રાજા ક્રીડા કરવા આવ્યો, તેણે તેણીને જોઇ ॥૧૦॥ તેણીનું સુગંધીમય શરીર જોઇ રાજા તેનાપર મોહીત થવાથી તેને પરણ્યો; માટે જેમ તે કન્યાએ બેદ વ્યાસને જન્મ આપ્યો, તેમ મારૂં પણ જાણવું ॥ ૧૧ ॥ માટે હે બ્રાહ્મણો જેમ તે વેદ વ્યાસ જન્મતાંજ તાપસ હતો, તેમ મને પણ તમારે જાણવો, વળી જોજન ગંધા જેમ બીજી વાર પરણી, તેમ મારી માતાનું પણ તમારે જાણવું ॥ ૧૨ ॥

વલતા વિપ્ર ફરી એમ ઉચરે, સુણો તાપસ તુમે છો સુજાણરે;
સત્ય વચન તુમે જે અમને કહ્યાં, તે સહુ વેદ પુરાણરે. સ્મૃ૦ ॥ ૧૩ ॥
વલી વિપ્ર સાંભલો વારતા, મનોવેગ કહે અવર વિચારરે;
અંધક વૃષ્ટિ જાદવ રાયનો, હરિવંશી નર સેવે પાયરે. સ્મૃ૦ ॥ ૧૪ ॥
કુંતી નામે તેહની કુમારિકા, રૂપ સોભાગી અભિરામરે;
ઘર છિદ્રે કિરણ સુરજ તણાં, પેઠાં કુંતા કાને તામરે. સ્મૃ૦ ॥ ૧૫ ॥

ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, હે તાપસ, તમે મહા બુદ્ધિવાન છો, તમારાં વચનો અમે સત્ય માનીએ છીએ, કારણકે તમારા કહેવા પ્રમાણેજ વેદ પુરાણોમાં પણ કહ્યું છે. ૧૩ વળી મનોવેગે કહ્યું કે, હે વિપ્રો, વળી પણ બીજી વાત તમોને કહુંછું તે સાંભળો. એક હરિવંશમાં જાદવ કુળમાં અંધકવૃષ્ટિ નામે રાજા હતો, કે જેને ઘણાં મનુષ્યો સેવતા હતા ॥ ૧૪ ॥ તેને અત્યંત રૂપાળી, સૌભાગ્યવંતી તથા મનોહર

કુંતી નામે પુત્રી હતી; હવે એક વખત ઘરનાં છિદ્રોમાંથી કેટલાંક સૂર્યનાં કિરણો તેણીનાં કાનમાં દાખલ થયાં ॥ ૧૫ ॥

ગર્ભ ધર્યો તવ તે સુરજ તણો, કાને કરણ તે બેટો જાયોરે;
પછે પાંડુ રાજાને પરણાવીને, અક્ષત જોનિ તણે ઉમાયોરે. સ્મૃ૦ ॥૧૬॥
કરણ તણી માતા કન્યા કહી, તો મુજ જનનીમાં શી ખોડરે;
જેમ કરણ હુવો તેમ હું હુવો, વળી સાંભળો બે કર જોડરે. સ્મૃ૦ ૧૭
ચોથા ખંડ-તણી ઢાલ સાતમી, કહી વિશેષ કરી વિગતાઈરે;
રંગવિજયનો શિષ્ય એમ કહે, સાંભળજો સહુ ચિત્તલાઇરે. સ્મૃ૦ ૧૮

તે કિરણોથી તેણીને ગર્ભ રહ્યો, અને અનુક્રમે કાન દ્વારાએ તેણીએ કર્ણ નામના પુત્રને જન્મ આપ્યો; અને તે વાર પછી, "અક્ષત યોનિ" એવા સ્મૃતિના વચને કરી તેણીને પાંડુ રાજાને પરણાવી ॥ ૧૬ ॥ હવે તે કરણની માતા જ્યારે કુમારિકામાં લેખાણી, ત્યારે મારી માતામાં શું ખામી છે? વળી જેમ કર્ણ થયો, તેમ હું પણ થયો, વળી પણ હાથ જોડી તમોને કહું છું તે સાંભળો ॥ ૧૭ ॥ એવી રીતે ચોથા ખંડની સાતમી ઢાલ વિસ્તાર પૂર્વક કહી, રંગવિજયના શિષ્ય નેમવિજય કહે છે કે, તમો સઘળા ચિત્ત દઇને સાંભળજો ॥ ૧૮ ॥

## દુહા.

ઉદાઇન તાપસ અછે, તપ જપ કરે ઉદાર; કલેશ કરાવે ક્રોધથી, તેણે બીહે નરનાર ॥૧॥ એક દિવસ સૂતો થકો, સ્વપ્નમાં ભોગવે કામ; વીર્ય ખલિત હુવો તદા, મનશું વિચારે તામ ॥ ૨ ॥ વીર્ય મૂકવાને કારણે, ગંગા ગયો તતખેવ; કમલમાં વીર્ય મૂકીને, સ્નાન કર્યું તેણે હેવ ॥ ૩ ॥

એક ઉદાઇન નામે તાપસ ઘણો તપ તથા જપ કરતો હતો, પણ ક્રોધી હોવાથી કલેશનાં ભયે કરીને ઘણાં લોકો તેનાથી ડરતા હતા ॥ ૧ ॥ હવે એક દિવસ તે તાપસ સૂતો થકો (નિદ્રામાં) સ્વપ્નમાં કામવિલાસ ભોગવવા લાગ્યો, અને તેથી તેનું વીર્ય ખરવાથી તે મનમાં વિચારવા લાગ્યો ॥ ૨ ॥ પછી વિચારિને તે પોતાનુ વીર્ય મુકવાને ગંગા નદીના કિનારે ગયો, ત્યાં એક કમળમાં વીર્ય મુકીને તેણે સ્નાન કર્યું ॥ ૩ ॥

રઘુ રાજાની પુત્રિકા, ચંદ્ર મતિ નામ વિવેક; ગંગા નદીએ ઝીલવા, આવી એકાએક ॥૪॥ પુષ્પવતી તે બાલિકા, કમલ સું કીધી ચાલ; પદમ લઇ નાકે ધર્યું, ગર્ભ રહ્યો તેણે કાળ. ૫

એટલામાં અચાનક રઘુરાજાની ચંદ્રમતી નામે પુત્રી ગંગા નદીએ સ્નાન કરવા આવી ॥ ૪ ॥ તે બાળિકા રૂતુવંતિ હતી, કર્મયોગે કરી તેણે તે કમળને લઈ નાકથી સુંઘ્યુ, કે તુરત તેણીને ગર્ભ રહ્યો ॥ ૫ ॥

## ઢાલ આઠમી.

વાઘાના ભાવનીરે—એ દેશી.

સગર્ભા બેટી દીઠી માત, સાંભળ બેટીનાં તાતહે, સસનેહી સુંદર;
અનાચાર પુત્રીએ કીધો, ગર્ભ પારકો લીધોહે. સ૦
સાજન સહુકો સાંભલો ॥ એ આંકણી ॥ ૧ ॥
રઘુ રાજાએ લાજ ધરી મનમાં, બેટી મૂકી વનમાંહે; સ૦
વાઘ સિંહનાં શબ્દ ઘણાં થાએ, દુઃખે કરીને ભરાયેહે. સ૦ સા૦ ॥૨॥
તે વનમાંહે તાપસ વાસ, વાંદુ તાપસ મોટો આસહે; સ૦
બહુ કરે જતન તાપસ તેહનો, નારીને મન એહનોહે. સ૦ સા૦ ॥૩॥

હે સજ્જનો હવે જે વાત બની તે સાંભળજો. પછી તે પુત્રીને ગર્ભવંતી જોઇને તેણીની માતા પોતાના ભરતારને કહેવા લાગી કે, આપણી પુત્રીએ કોઇની સાથે જાર કર્મ કરીને પારકા પેટનો ગર્ભ રાખ્યો છે ॥ ૧ ॥ તે વાત સાંભળી રઘુરાજાએ તેણીને વનમાં કહાડી મેલી, ત્યાં વાઘ સિંહ વિગેરેના શબ્દો સાંભળવાથી તેણી દુઃખ તથા ભય પામવા લાગી ॥ ૨ ॥ તે વનમાં તાપસોનો આશ્રમ હતો, ત્યાં જઇ તાપસને નમસ્કાર કરી તેની મદદ માગવાથી, તેઓએ તેણીને કેટલીક સંભાળ પૂર્વક ત્યાં રાખી, અને તે પણ ત્યાં આનંદથી રહી ॥ ૩ ॥

નાગકુમર તેણીએ જણ્યો સાર, રૂપે જાણે નાગકુમારહે; સ૦
તવ ચંદ્રમતી એમ કહે માય, પુત્ર તું તાત જોવાને જાયહે. સ૦ સા૦૪
મંજુસમાંહે સુત ઘાલ્યો જામ, ગંગા પ્રવાહે મેલ્યો તામહે; સ૦
પ્રવાહમાંહે મંજૂસ તે ચાલી, ઉદાયિને દીઠી ઝાલીહે. સ૦ સા૦ ॥૫॥
આણી ઠામ ઉઘાડી જામ, પિતાએ પુત્ર દીઠો અભિરામહે; સ૦
સુત દેખી ઉપન્યો બહુ નેહ, ચંદ્રમતી આવી તવ ગેહહે. સ૦ સા૦ ૬

ત્યાં તેણીએ નાગકુમાર સરખા રૂપવંત નાગકુમાર નામે પુત્રને જન્મ આપ્યો, પછી તે ચંદ્રમતી પુત્રને કહેવા લાગી કે, તું તારા પિતાનું મુખ જોવાને જા? ૪ એમ કહી તેણીએ તે પુત્રને એક પેટીમાં ઘાલીને તે પેટી ગંગા નદીના પ્રવાહમાં તેણે તરતી મુકી, પછી આગળ જાતાં તે પેટી ઉદાયિન તાપસે જોવાથી તેણે તે ઉંચકી લીધી ॥ ૫ ॥ પછી પોતાને સ્થાનકે જઈ તેણે તે પેટી ઉઘાડી તો અંદર એક મનોહર પુત્રને જોયો, પોતાનાજ પુત્રને તેને જોવાથી અત્યંત આનંદ થયો, પછી એટલામાં ચંદ્રમતી પણ ઘેર આવી ॥ ૬ ॥

કુંવરી કન્યા કહે છે સાર, ઉદાયિન તું મુજ ભરતારહે; સ૦
વિવાહ કરી તુમે પરણો આજ, જેમ સરે બેહુનાં કાજહે. સ૦ સા૦ ૭
ઉદાયિન તવ બોલ્યો જતિ, એ વાત અમને નહીં ઘટતીહે; સ૦
તુજ પિતા પરણાવે સોય, તેહ તારો ભરતારજ હોય. સ૦ સા૦ ॥૮॥

તાપસે જઈ માગ્યો રઘુરાય, બેટી અમને કરો પસાયહે; સ०
નહીંતો શ્રાપિને ભશ્મજ કરૂં, કે તુજ મારૂં કે હું મરૂંહે. સ० સા० ૯
ત્યાં તે કુમારિકા ઉદ્દાયિનને કહેવા લાગી કે, તું જ મારો સ્વામિ છો, માટે આજે તમો મારી સાથે લગ્ન કરો, કે જેથી આપણ બન્નેનું કામ પાર પડે ॥ ૭ ॥ ત્યારે ઉદ્દાયિને કહ્યું કે, એવી રીતે લગ્ન કરવા અમોને ઉચિત નહીં, માટે તારો પિતા જેને ખુશીથી પરણાવે, તેજ તારે તારો સ્વામિ જાણવો ॥ ૮ ॥ પછી તાપસે રઘુરાજા પાસે જઇ કહ્યું કે, તારી પુત્રી મને પરણાવ નહીંતો હમણાંજ શ્રાપ દઇ તને ભસ્મ કરી નાખીશ, કાંતો આમાં મારૂં અથવા તારૂં મૃત્યુ થશે ॥ ૯ ॥
રાજા કહે બેટીને વરો, ઉદ્દાયિન તમે કોપ પરિહરોહે; સ०
તાપસ તવ જમાઇ કર્યો, ચંદ્રમતીને વેગે વર્યોહે. સ० સા० ॥ ૧૦ ॥
વેદ પુરાણે બોલ્યો એમ, ચંદ્રમતી પરણી તે કેમહે; સ०
પુત્ર જણે કન્યા જે હોય, પછી વિવાહ કરો તે જોયહે. સ० સા० ૧૧
જેમ ચંદ્રમતી કન્યા કહી સાર, તેમ મુજ માતાનો કશો વિચારહે; સ०
સૂત્ર કંઠ કહે સાચી વાત, તુમે કહ્યું તે જગ વિખ્યાતહે. સ० સા० ૧૨
તે સાંભળી રાજાએ કહ્યું કે હે ઉદ્દાયિન રૂષિ તમે ક્રોધ શામાટે કરો છો? ખુશીથી મારી પુત્રીને પરણો; પછી તેણે ચંદ્રમતીને તેની સાથે પરણાવીને તેને પોતાનો જમાઇ કર્યો ॥ ૧૦ ॥ આ સઘળી વાત વેદ પુરાણોમાં કહી છે, માટે એવી રીતે તે ચંદ્રમતી કેમ પરણી? વળી તમો જુવો કે એકવાર પુત્રને જણ્યા પછી, પાછી પણ તેણી કુમારિકા તરીકેજ પરણી ॥ ૧૧ ॥ માટે હે બ્રાહ્મણો એવી રીતે ચંદ્રમતી જ્યારે કુમારિકા તરીખે ઓળખાણી, ત્યારે મારી માતાનો તમોને શું સંદેહ છે. ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, તમોએ કહ્યું તે સઘળું સાચું અને જગતમાં પ્રસિદ્ધ છે. ૧૨
મનોવેગ બોલ્યો ગુણ ભાજ, પવનવેગ સંબોધન કાજહે; સ०
વેદ પુરાણ કથા કહી સારી, તુમ આગલ કહી વિસ્તારિહે. સ०સા०૧૩
પુત્ર જણી કન્યા વિવાહ, સ્ત્રી સંજોગે ઉપજે ગર્ભ ઉદારહે; સ०
ફણસ આલિંગન નારી સાર, સત બેટાનો હુવો અવતારહે. સ०સા०૧૪
સુભદ્રાનો ગર્ભ સાંભલી શબ્દ, નારાયણ હુંકારો લબ્ધહે; સ०
દેડકીએ જણી મંદોદરી નાર, ગર્ભ રહ્યો પિતાનો સારહે. સ० સા०૧૫
પછી મનોવેગ પવનવેગને બોધ આપવા વાસ્તે બોલ્યો કે, હે બ્રાહ્મણો એવી રીતે તમારા વેદ પુરાણની કથાઓ તમોને મેં વિસ્તાર પૂર્વક કહી સંભળાવી છે ॥૧૩॥ એવી રીતે પુત્ર જણ્યા પછી પણ સ્ત્રી કન્યા કહેવાય, વળી સ્ત્રીએ સ્ત્રીના સંજોગથી ગર્ભ રહે, વળી ફણસના ફળને આલિંગન કરવાથી સો પુત્રની ઉત્પત્તિ થાય! ૧૪ વળી સુભદ્રાના ગર્ભે વિષ્ણુને હોંકારો દીધો, વળી દેડકીયે મંદોદરીને જન્મ આપ્યો, તેમ મંદોદરીને પણ તેણીના પિતાથી ગર્ભ રહ્યો! ॥ ૧૫ ॥
સાત સહસ્ત્ર થયાં છે વર્ષ, પુત્ર ઇંદ્રજિત રાવણ હર્ષ; સ०
પારાસુર ભોગવતાં નાર, વેદ વ્યાસ સુત ઉપન્યો સારહે. સ०સા० ૧૬

કાને કર્ણુ જણ્યો દાતાર, કમળ સુગંધનાં ગર્ભ અપારહે; સ૦
પૂર્વાપર છે વિરોધ અપાર, તુમ પુરાણુ સાચાં ન લગારહે. સ૦સા૦૧૭
બોલતાં બહુ લાગે ખેદ, તુમ પુરાણુ નહીં સાચાં વેદહે; સ૦
સુધર્મ આરાધો જો વળી તમે, જિન ભાખ્યું તે કહીયે અમેહે.સ.સા.૧૮
ચોથા ખંડની આઠમી ઢાલ, કહે આગળ વાત રસાલહે; સ૦
રંગવિજયનો શિષ્ય એમ જંપે, નેમવિજય એમ પયંપેહે. સ.સા.૧૯

વળી ગર્ભ રહ્યા બાદ સાત હજાર વર્ષો કેડે રાવણનાં પુત્ર ઇંદ્રિજિતનો જન્મ થયો, વળી પારાસુરે સ્ત્રી ભોગવવાથી વેદવ્યાસની ઉત્પત્તિ થઇ! ॥ ૧૬ ॥ વળી મહાદાનેશ્વરી કર્ણનો જન્મ કાન દ્વારાએ થયો, વળી કમળ સુંઘવાથી ગર્ભ રહ્યો, એવી રીતે આગળ પાછળ વિરોધ આવવાથી તમારા પુરાણો કેવળ ખોટા છે. ॥ ૧૭ ॥ માટે એવી રીતે તમારા પુરાણો અને વેદોને ખોટાં કહેતાં અમોને બહુજ ખેદ થાય છે, હવે જો તમારે ઉત્તમ ધર્મ આરાધવાની ઇચ્છા હોય, તો તમોને જિનેશ્વરે કહેલો માર્ગ (ધર્મ) હું દેખાડું ॥ ૧૮ ॥ એવી રીતે ચોથા ખંડની આઠમી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજયનાં શિષ્ય નેમવિજય કહે છે, આગળ વાત ઘણીજ રસાળ આવશે. ॥ ૧૯ ॥

## દુહા.

મનોવેગ કહે સાંભલો, પવનવેગ તુમે આજ; સ્મૃતિ વેદ પુરાણનાં, વયણ વિપરિત અકાજ ॥૧॥ ઉપવન આપણ જઇ કરી, કહેશું તુમને સાર; જિન શાસન મત દાખવું, સુણજો સાર વિચાર. ૨ પૂર્વ વનમાં તવ ગયા, રહ્યા અપૂરવ ઠામ; કર્ણ કથા પાંડવ તણી, મનોવેગ કહે તામ ॥ ૩ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, સ્મૃતિ અને પુરાણોમાં એવા વિના પ્રયોજનના ખોટા ગપાટાં હાંકેલા છે ॥ ૧ ॥ હવે આપણે બગીચામાં જઇ, તમોને હું જિન મતનાં ઉત્તમ સિદ્ધાંતો બતાવીશ તે તમો વિચાર પૂર્વક સાંભળજો ॥ ૨ ॥ પછી તેઓ બન્ને તે બગીચામાં ગયા, ત્યાં મનોવેગ કરણ અને પાંડવની કથા કહેવા લાગ્યો. ૩

## ઢાલ નવમી.

ધણ સમરથ પીયુ નાનડો—એ દેશી.

મિત્ર વચન મુજ સાંભલો, હોજી પવનવેગ ગુણધાર;
કુરૂ જાંગલ દેશજ ભલો, હોજી હસ્તી નાગપુર સાર;
સાજન સુણજો એક મના ॥ એ આંકણી ॥ ૧ ॥
કુરૂ વંશી રાજા હુવો, હોજી સોમપ્રભ શ્રેયાંસ;
તેહ પરંપરા ઉપન્યાં, હોજી નૃપતિ ઘણાં અવતંસ. સા૦ ॥ ૨ ॥
સાંતનુ સુત સોહમણો, હોજી વ્યાસ નામ ગુણવંત;
રૂપણીનામાં ભામની, હોજી પુત્ર ત્રણ હુવા સંત. સા૦ ॥ ૩ ॥

હે સજ્જનો તમે એક ચિત્તથી સાંભળજો; હે મારા ગુણવાન મિત્ર પવનવેગ હું તમોને જે વચનો કહું છું, તે તમો સાંભળજો, કુરૂજાંગલ દેશમાં હસ્તિનાગપુર નામે શેહેર છે ॥ ૧ ॥ તીહાં કુરૂવંશમાં સોમપ્રભ નામે ઉત્તમ રાજા હતો, અને તેની પેઢી દર પેઢી કેટલાક ઉત્તમ રાજાઓ થયા હતા ॥ ૨ ॥ ત્યાં સાંતનુ રાજાનો એક વ્યાસ નામે ગુણવાન અને મનોહર પુત્ર થયો, તેની રૂપિણી નામે સ્ત્રીની કુંખે ત્રણ પુત્રોનો જન્મ થયો ॥ ૩ ॥

ધૃતરાષ્ટ્ર પેહેલો ભલો, હોજી પાંડુ બીજો જેહ;
ત્રીજો વિદુર મનોહરૂ, હોજી કરે રાજ્ય સહુ તેહ. સા૦ ॥ ૪ ॥
પાંડુ કુંવર ચિંતા ભર્યો, હોજી ગયો વન અભિરામ;
કુસુમ સજ્યા દીઠી ભલી, હોજી મુદ્રિકા પડી તેણે ઠામ. સા૦ ॥ ૫ ॥
અપૂરવ દેખી મન ઉલસ્યો, હોજી કર કીધી તેણી વાર;
વિદ્યાધર તવ આવીયો, હોજી ચિત્રાંગદ કુમાર. સા૦ ॥ ૬ ॥

પેહેલો ધૃતરાષ્ટ, બીજો પાંડુ, અને ત્રીજો વિદુર નામે હતો, તે સઘળા મળી રાજ્ય કારભાર ચલાવતા હતા ॥ ૪ ॥ એક દિવસ તે પાંડુ કુમાર ચિંતાતુર થકો એક મનોહર બગીચામાં ગયો, ત્યાં તેણે એક ફુલની સજ્યા, તથા એક વીંટી પડેલી જોઇ ॥ ૫ ॥ તે વીંટી અત્યંત સુંદર હોવાથી, તેણે આનંદ પૂર્વક તે હાથમાં લીધી, એટલામાં ચિત્રાંગદ નામે એક વિદ્યાધર ત્યાં આવી ચડ્યો ॥ ૬ ॥

ફુલ સયન જોઇ ઘણું, હોજી ઠામ ઠામ અનેક;
પાંડુ દીઠો રળીયામણો, હોજી પૂછે કરીય વિવેક. સા૦ ॥ ૭ ॥
મુજ કર મુદ્રિકા રૂયડી, હોજી પડી એહીજ ઠામ;
કામરૂપી કર મુદ્રડી, હોજી જોઉં છું અભિરામ. સા૦ ॥ ૮ ॥
હાથ લેઇ આગળ ધરી, હોજી પાંડુ નૃપ કહે તેહ;
મુદ્રિકા લિઓ ખગ તુમ તણી, હોજી ચિત્રાંગદ હુવો નેહ. સા૦ ॥૯॥

ત્યાં આવી તેણે પોતાની વીંટી વાસ્તે તે ફૂલની શયામાં, તથા આસપાસ ઘણું જોયું, એટલામાં પાંડુને જોઇ વિનયથી તેને પુછવા લાગ્યો ॥ ૭ ॥ મરા હાથમાં એક મનોહર વીંટી હતી, તે અહીં ક્યાંક પડી ગઇ છે, તેની હું શોધ કરૂં છું. ૮ ત્યારે પાંડુ રાજાએ પોતાનો હાથ આગળ ધરીને, તેને કહ્યું કે હે વિદ્યાધર આ તમારી વીંટી રહી, લ્યો? તે જોઇ ચિત્રાંગદને પ્રેમ ઉત્પન્ન થયો ॥ ૯ ॥

કૃશ શરીર દીશે તુમ તણું, હોજી મિત્ર કહોને વિચાર;
પાંડુ ભણે વલ્લભ સુણો, હોજી વિદ્યાધર તુમે સાર. સા૦ ॥ ૧૦ ॥
સુરીપુર રાજા રૂઅડો, હોજી અંધક વૃષ્ટિ નામ;
તસ પુત્રી રૂપે ભલી, હોજી કુંતી છે ગુણ ગ્રામ. સા૦ ॥ ૧૧ ॥
વિવાહ પેહેલો ગુજ મેલીયો, હોજી પછે જાણ્યો રોગ;
અંધક વૃષ્ટિએ અનાદર્યો, હોજી ભોગ કીધો વિજોગ. સા૦ ॥ ૧૨ ॥

પછી તે વિદ્યાધરે પાંડુને પુછયું કે, હે મિત્ર તમારૂં શરીર દુબળું કેમ દેખાય છે? તે કહો? ત્યારે પાંડુએ કહ્યું કે, હે વિદ્યાધર મિત્ર હું તમોને કહું તે સાંભળો? ૧૦ સુરીપુર નામે નગરમાં અંધકવૃષ્ટિ નામે એક ઉત્તમ રાજા છે, તેને અત્યંત રૂપાળી, તથા ગુણવાન કુંતી નામે પુત્રી છે ॥ ૧૧ ॥ તેની સાથે મારૂં પેહેલા વેશવાળ કીધું હતું, પણ પછી મને રોગી જાણી પરણાવતા નથી, તેથી મને ભોગવિલાસનો અંતરાય થાય છે ॥ ૧૨ ॥

વિરહાનલ વ્યાપ્યો ઘણો, હોજી ચિંતાતુર અતીવ;
મિત્ર માટે મેં તુજ કહ્યો, હોજી સંદેહ પડયો જીવ. સા० ॥ ૧૩ ॥
ચિત્રાંગદ ખગ બોલીયો, હોજી સાંભલી ભાઈ વાત;
કામરૂપી મુજ મુદ્રડી, હોજી રૂપ કરેરે વિખ્યાત. સા० ॥ ૧૪ ॥
અદૃષ્ટિ કરણ હોયે કરી, હોજી જાજો વલી તુમે સાર;
રૂપવંત થઈ વિલસજો, હોજી કુંતીસું ઘરબાર. સા० ॥ ૧૫ ॥
નવમી ઢાલ ચોથા ખંડની, હોજી સાંભલો બાલ ગોપાલ;
રંગવિજય શિષ્ય એમ કહે, હોજી નેમને મંગલ માલ. સા० ॥ ૧૬ ॥

માટે હે મિત્ર એવી રીતે સ્ત્રીનાં વિરહ રૂપી અગ્નિથી બળીને હું અત્યંત શોકાતુર થયો છું, અને તેથી મારો જીવ બળ્યા કરે છે, અને તેથી આ વાત તને કહું છું. ૧૩ તે સાંભળી ચિત્રાંગદ વિદ્યાધર બોલ્યો કે હે ભાઇ, મારી આ વીંટીથી મનોહર રૂપ થશે, માટે તે તમે અંગીકાર કરો ॥ ૧૪ ॥ વળી આ વીંટીના પ્રભાવથી અદૃશ્ય થઇને તમે કુંતીને ઘેર જજો, તથા ત્યાં રૂપવાન થઈ તેણીની સાથે સુખેથી વિલાસ કરજો ॥ ૧૫ ॥ એવી રીતે હે બાલગોપાલો તમે આ ચોથા ખંડની નવમી ઢાલ સાંભળજો. રંગવિજયના શિષ્ય નેમવિજય કહે છે કે સાંભળનારને ઘેરે મંગળીકની માળા થજો ॥ ૧૬ ॥

## દુહા.

મુદ્રડી લીધી રૂયડી, ચાલ્યો સુરીપુર વાસ; અદૃશ્ય રૂપ લેઇ
કરી, ગયો કુંતી આવાસ ॥૧॥ કામ કુતુહલ કરી રમે, કુંતીસું
કરે વાત; રાત્રિ દિવસ એમ ભોગવે, ગયા વાસર સાત ॥૨॥
પાંડુ કુમર નિજ ઘર ગયો, ગર્ભ ધર્યો કુંતિ કુમાર; સુભદ્રા
જનનીએ જાણીયો, પ્રગટ ગર્ભ આકાર ॥ ૩ ॥

હવે તે પાંડુ રાજા તે વીંટી લઇ, સુરીપુરમાં આવ્યો, તથા ત્યાં અદૃશ્ય રૂપ ધારણ કરીને કુંતીને ઘેર ગયો ॥ ૧ ॥ ત્યાં કુંતી સાથે વાતચિત સહિત ભોગવિલાસ ભોગવવા લાગ્યો, એમ રાત દહાડો વિલાસ કરતાં સાત દિવસ નિકળી ગયા ॥ ૨ ॥ પછી પાંડુ કુમાર પોતાને ઘેર ગયો, અને અહીં કુંતીને ગર્ભ રહ્યો, ત્યારે તે બાબતની ખુલ્લી રીતે અંગ આકારથી કુંતીની માતા સુભદ્રાને ખબર પડી ॥ ૩ ॥

ગુપ્તપણે ઘરમાં રહી, પુત્ર જણ્યો વિખ્યાત; કુટુંબ બેસી વિચારીયું, વાધસે અપક્ષપાત ॥૪॥ મંજુસમાંહીં ઘાલી કરી, મુકયો જમુનામાંહીં; ચંપાપુરી ગઇ પાધરી, આદિત્ય રાજા છે ત્યાંહીં ॥ ૫ ॥

પછી તે કુંતીયે ઘરમાં રહીને છાની રીતે પુત્રને જન્મ આપ્યો, ત્યારે સઘળા કુટુંબીઓએ ભેગા થઈ વિચાર્યું કે, આ કામ તો ખોટું થયું ॥ ૪ ॥ પછી તેઓએ તે બાળકને એક પેટીમાં ઘાલીને જમના નદીમાં તરતી મુકી, તે પેટી તણાતી તણાતી ચંપા નગરીમાં ગઇ, અને ત્યાં તે આદિત્ય રાજાને મળી ॥ ૫ ॥

## ઢાલ દશમી.

કાલી પીલી વાદલી રાજ, વરસણ લાગ્યો મેહ, સાહીબોરે, મારો કબહીક ઘર આવે હો રંગ લાય—એ દેશી.

નિજ મંદિર આણી કરી રાજ, મન્જુસ ઉઘાડી જામ;
બાલક દીઠો રૂયડો રાજ, સંતોષ થયો વલી તામ. મારા સાજનરે.
સુણજો એક મના થઈ, વાત ચિત્ત લાય ॥ એ આંકણી ॥ ૧ ॥
ઉત્તમ લક્ષણ એહ તણાં રાજ, કર દોય કીધા કાન;
ગાત્ર પવિત્ર દેખી કરીરે રાજ, કરણ ધર્યું અભિધાન. મા૦ ॥ ૨ ॥
અપુત્રીયો રાજા રવિ રાજ, રતનાદે રાણી તાસ;
તેહને હસ્તે સમરપીયો રાજ, હુવો તે સુખ નિવાસ. મા૦ ॥ ૩ ॥

હે સજ્જનો, હવે તમો એક ચિત્ત દઇને વાત સાંભળજો. તે રાજાએ તે પેટી પોતાને ઘેર લઇ જઈ ઉઘાડી, ત્યારે તેમાં એક મનોહર બાળકને જોઇને અત્યંત આનંદ પામ્યો ॥ ૧ ॥ વળી તે કુંવરના ઉત્તમ લક્ષણો જોઈને, તથા બન્ને હાથો કાન ઉપર મુકેલા જોઇને, તથા ઉત્તમ અંગ દેખાવાથી તેનું કરણ એવું નામ પાડયું. ૨ તે રવિ (આદિત્ય) રાજાને રતનાદે નામે રાણી હતી, પણ તેણીને પેટે પુત્ર નહીં હોવાથી રાજાએ તેને આ પુત્ર સોંપ્યો, અને તેથી તેને ઘણો હર્ષ થયો ॥ ૩ ॥

પાંડુ પુત્ર પાવન ભલોરે રાજ, કરણ તે મહા રાય;
કાને સૂત તે કેમ જણ્યો રાજ, ધાતુ રહિત રવિ રાય. મા૦ ॥ ૪ ॥
અંધક વૃષ્ટિએ તેડી કરી રાજ, પાંડુ કીધો વિવાહ;
કુંતી મુંદ્રી પરણાવીયા રાજ, કીધો અતિ ઉચ્છાહ. મા૦ ॥ ૫ ॥
અંધક વૃષ્ટિ ભાઈ ભલો રાજ, નરપતિ વિષ્ટિ નામ;
ગંધારી પુત્રી રૂયડી રાજ, ધૃતરાષ્ટ્ર પરણી તામ. મા૦ ॥ ૬ ॥

તે પવિત્ર પાંડુ રાજાનો પુત્ર મહાપ્રતાપી કરણ થયો; ત્યારે હવે વિચારો કે, વીર્ય વિનાં માત્ર સૂર્યના કીરણોથી કાન દ્વારાએ તેની ઉત્પત્તિ શી રીતે થાય? ॥ ૪ ॥ પછી અંધકવૃષ્ટિ રાજાએ પાંડુને તેડાવીને કુંતી અને મુંદ્રી નામે કુમારીકા અત્યંત

ઉત્સાહ પૂર્વક પરણાવી ॥ ૫ ॥ અંધકવૃષ્ટિના ભાઇ વિષ્ટિ રાજાની ગંધારી નામે ઉત્તમ પુત્રીને ધૃતરાષ્ટ પરણ્યો ॥ ૬ ॥

પાંડુ કુંતીએ પુત્ર જણ્યાં રાજ, યુધિષ્ટર ભીમ ને પાર્થ;
મુંદ્રીએ બે જનમીયાં રાજ, નકુલ સહદેવ સાર્થ. મા૦ ॥ ૭ ॥
ધૃતરાષ્ટ્ર રાજા થકી રાજ, ગંધારી અભિરામ;
સત પુત્ર કુખે ઉપન્યા રાજ, દુર્યોધનાદિક નામ. મા૦ ॥ ૮ ॥
પાંડવ કરણ ઉત્પત્તિ કહી રાજ, કૌરવની વાત એહ;
જરાસંધ-ચક્રી ભલો રાજ, ઉત્તમ નર છે તેહ. મા૦ ॥ ૯ ॥

પાંડુ રાજાની કુંતી નામે સ્ત્રીએ, યુધિષ્ટર, ભીમ તથા અર્જુનને જન્મ આપ્યો, તથા મુંદ્રીએ નકુલ અને સહદેવને જન્મ આપ્યો ॥ ૭ ॥ ધૃતરાષ્ટ રાજાની ગંધારી સ્ત્રીએ દુર્યોધન આદિક સો પુત્રોને જન્મ આપ્યો ॥ ૮ ॥ એવી રીતે પાંડવ અને કર્ણની ઉત્પત્તિ કહી, તથા કૌરવની વાત કહી જે જરાસંધ નામે ઉત્તમ પ્રતિ વાસુદેવના વખતમાં હતા ॥ ૯ ॥

અઘટ માન તુમે પરિહરો રાજ, રવિ સૂત નોહે કરણ;
યુધિષ્ટર નોહે જમ તણો રાજ, ઉત્તમ નર એ વરણ. મા૦ ॥ ૧૦ ॥
વાયુ પુત્ર નોહે ભીમડો રાજ, નોહે શક્રનો અર્જુન;
અશ્વની કુમારથી નહીં ઉપન્યા રાજ, સહદેવ નકુલ બે ધન. મા૦ ૧૧
અર્જુન નારી રૂયડી રાજ, સતી દ્રુપદી જે સાર;
મિથ્યા વચન નવી માનીએ રાજ, જે ખોટાં છે અસાર. મા૦ ॥૧૨॥

વળી જે સૂર્યનો પૂત્ર કરણ, જમનો યુધિષ્ટર, વિગેરે અઘટતી વાતનો તમારે ત્યાગ કરવો; કારણ કે તેઓ તો ઉત્તમ કુલમાં અવતરેલા છે ॥ ૧૦ ॥ વળી ભીમ વાયુનો પુત્ર નથી, અર્જુન ઇંદ્રનો પુત્ર નથી, તેમજ નકુલ અને સહદેવ અશ્વની કુમારથી ઉત્પન્ન થએલા નથી. ॥ ૧૧ ॥ વળી દ્રૌપદી નામે અર્જુન (પાંડવો)ની સતી સ્ત્રી હતી તેથી મિથ્યાત્વિઓની વાત તદ્દન ખોટી છે, માટે તે માનવી નહીં ॥ ૧૨ ॥

મય વિદ્યાધર મહીપતી રાજ, મદન સુંદરી નાર;
તસ બેટી મંદોદરી રાજ, સતી સિરોમણી સાર. મા૦ ॥ ૧૩ ॥
રાવણ રંગે પરણીયો રાણ, મંદોદરી શુભ નાર;
ઇંદ્રજિત સુત ઉપન્યો રાજ, મોક્ષ ગામી ભવતાર. મા૦ ॥ ૧૪ ॥
દશમી ઢાલ ચોથા ખંડની રાજ, સાંભળજો નરનાર;
રંગવિજય શિષ્ય એમ કહે રાજ, નેમને જયજયકાર. મા૦ ॥ ૧૫ ॥

મય નામે એક મોટો વિદ્યાધર હતો, તેને મદન સુંદરી નામે સ્ત્રી હતી, તેની કુખે મંદોદરી નામે ઉત્તમ સતીનો જન્મ થયો હતો ॥ ૧૩ ॥ રાવણ રાજા તે 'મંદોદરી સાથે પરણ્યો, તેનો ઇંદ્રજિત નામે પુત્ર ભવ તરીને મોક્ષ ગામી થએલો છે ॥૧૪॥

એવી રીતે ચોથા ખંડની દશમી ઢાલ સંપૂર્ણ થઇ; રંગવિજયના શિષ્ય નેમવિજય કહે છે કે, હે સ્ત્રી પુરૂષો તમે સાંભળો ॥ ૧૫ ॥

## દુહા.

મિથ્યા વચન ન માનીયે, પવનવેગ ખગેશ; વ્યાસે મહાભારત
રચ્યો, સત્ય તણો નહીં લેશ ॥ ૧ ॥

માટે હે પવનવેગ વિદ્યાધર એવાં મિથ્યા વચનો માનવાં નહીં. વ્યાસે જે મહાભારત બનાવ્યું છે, તેમા બિલકુલ સત્યપણું તો છેજ નહીં ॥ ૧ ॥

## ઢાલ અગિઆરમી.

નદી જમુનાકે તીર ઉડે દોય પંખીયા—એ દેશી.

સાંભળો ભાઈ વાત જે વેદ પુરાણની, વ્યાસે રચ્યો ગ્રંથ લાખ;
સચાઇ ચુરણની સેં ન વિચાર્યું એમ મુરખ સહુ લોકમાં.
મહા ભારતની વાત કરસે સહુ ફોકમાં. ॥ ૧ ॥
કીંવા સત્ય કરસે એહ કીંવા નહીં કરે,
એ વાતનો સંદેહ તે મનમાં અતિ ધરે;
પુસ્તક લેઈને ચાલ્યો વ્યાસ જાત્રા ભણી,
ગંગા આવ્યો સુભ ગાત્ર કરવા હુંસ ઘણી ॥ ૨ ॥

વળી હે ભાઇ તમે વેદ પુરાણની વાતો સાંભળો, વ્યાસે લાખ શ્લોક રચી મહાભારત બનાવ્યું, પણ એમાં જરા સચ્ચાઇ નથી. વળી તેણે કેમ ન વિચાર્યું કે, આવી રચનાથી લોકો સઘળા તેને ખોટી કરીને માનસે ॥ ૧ ॥ વળી તેને મનમાં શંકા ઉપજી કે, લોકો આ વાતને સાચી માનશે કે જુઠી? એમ વિચારિ તે પુસ્તક લઇને જાત્રા કરતો કરતો ગંગાયે આવ્યો, ત્યાં તેને તેમાં નાવાની ઇચ્છા થઈ ॥૨॥

તામ્ર તણુ એક ભાજન ભલું છે માહરૂં,
રખે કોઇ તસ્કર લેઈ જાય ઇહાંથી પરૂં;
વેલુનો કીધો પુંજ ગંગા તટમાં જઈ,
તેમાંહીં ઘાલ્યો ભાજન શંકા મનની ગઇ ॥ ૩ ॥
ગંગાનદી માંહી વ્યાસ પેઠો આવી વહી,
હરિ હરિ કરી મુખ જંપે ઉછાલે જલ રહી;
જાત્રા કરણ બહુ લોક મલી સહુ આવીયા,
વ્યાસે કીધો વેલુ થોક દેખી મન ભાવીયા ॥ ૪ ॥

તે વખતે તેણે પોતાના મનમાં વિચાર્યું કે, આ મારી પાસે એક મનોહર જે ત્રાંબાનું વાસણ છે, તે રખેને કોઇ લઇ જાય? એમ શંકા લાવી, ગંગાને કાંઠે વેકર (રેતી)નો ઢગલો કરી, તેમાં તે વાસણ સંતાડી પોતે નિર્ભય થયો ॥ ૩ ॥ પછી તે વ્યાસ નાવા વાસ્તે ગંગા નદીમાં દાખલ થયો, અને હરહર મહાદેવ કરીને પાણી ઉડાડવા

લાગ્યો, એટલામાં કેટલાક લોકો એકઠા થઇ ત્યાં જાત્રા વાસ્તે આવ્યા, અને ત્યાં વ્યાસે કીધેલા વેકરના ઢગલાને જોઇ ખુશી થયા ॥ ૪ ॥

કોઈ કહે એવું લીંગ હોયે ઈશ્વર તણું,
હું પણ થાપું એહવું કરીને અતિ પણું;
જે આવ્યા હતા લોક તેણે પુંજ થાપીયા,
વેલુ તણા હુવા ગંજ અન્યો અન્ય વ્યાપીયા ॥ ૫ ॥
સ્નાન તર્પણ કરી વ્યાસ નિકલ્યો ઉતાવલો,
તામ્ર ભાજનનાં પુંજ દેખી થયો ભાંભલો;
પોતા તણો કીધો પુંજ તે નવી ઓલખ્યો,
સરખા સરખું રૂપ દેખી મનમાં ધખ્યો ॥ ૬ ॥

ત્યારે કોઇ તો કહેવા લાગ્યા કે, એવું તો મહાદેવનું લીંગ હોય, માટે અમે પણ એક એવું બનાવીયે, એમ વિચારિ તેઓએ એવા કેટલાક વેકરના ઢગલા કરવાથી, ત્યાં તેની હારને હાર થઇ પડી ॥ ૫ ॥ પછી એટલામાં વ્યાસ સ્નાન તથા તર્પણ કરીને એકદમ બહાર આવ્યો, પણ ત્યાં તો પોતે કરેલા ઢગલા જેવા અનેક ઢગલાઓ જોઇને, પોતાનો ઢગલો ન ઓળખવાથી ક્રોધાયમાન થયો ॥ ૬ ॥

જો ભાંજું સવિ પુંજ તો અપજસ સહુ કરે,
ઈશ્વર દેવનાં લિંગ તણો રૂપ કેમ ફિરે;
તામ્ર તણુ મુજ ભાજન જાઓ તો જાઓ પરૂં,
અપજસ બોલે લોક તેહથી હું ડરૂં ॥ ૭ ॥
તેમ માહરી કથા ફોક તે કેમ હોયે વલી,
જેમ એક ઢગલી દેખી કર્યા સહુએ મલી;
એક કરે તેમ સર્વ કરે લોક એણી પરે,
પરમારથની બુદ્ધ કોઈ મન નહીં ધરે ॥ ૮ ॥

હવે જો આ ઢગલાઓ, કે જે ઇશ્વરનાં લીંગ તરીકે બનાવેલાં છે, તેઓને જો હું ભાંગી નાખું તો, મારો અપજશ થાય, માટે મારૂં ઠામ ગયું તો ભલે, પણ મારો અપજશ ન થાય તો ઠીક ॥ ૭ ॥ માટે હવે આવી રીતે મારી વાત લોકો ખોટી કરશે નહીં, કારણ કે જેમ સઘળા લોકોએ એક ઢગલો જોઇ બીજા ઢગલા કર્યા, તેમ એકનું જોઇ સઘળા લોકો ગાડરીયા પ્રવાહની માફક કરશે; પણ તેનો ભાવાર્થ સમજવાની કોઇ પણ અપેક્ષા કરશે નહીં ॥ ૮ ॥

મૂરખ લોક મળ્યા છે એ સહુ સ્વારથી,
તામ્ર ભાજન ખોયું તામ એણી પરે હારથી;
મહા ભારતની વાત વિસ્તારે થાયસે,
સાચું ખોટું પરીક્ષા કરીને જાયસે ॥ ૯ ॥

આ સઘળા સ્વારથી મૂરખ લોકો એકઠા થયા છે, માટે એવી રીતે તેઓના પાપથી

મેં મારૂ વાસણ ગુમાવ્યું, માટે આવીજ રીતે મહાભારતની વાતનો પણ વિસ્તાર થશે, સાચા ખોટાની તો બુદ્ધિવાન પરીક્ષા કરશે ॥ ૯ ॥

श्लोक —गतानुगतिको लोको न लोकः परमार्थिकः
पश्य लोकस्य मूर्खत्वं, हारितं ताम्र भाजनम् ॥ १ ॥

લોકો એકનું જોઇ જોઇને કરવા વાળા છે, પરમારથ કોઇ સમજનાર નથી, જુઓ કે, લોકોની મૂરખાઈથી મેં મારૂં તાંબાનું વાસણ ગુમાવ્યું ॥ ૧ ॥

પવનવેગ સુણો મિત્ર વિચાર જે એટલા,
મિથ્યા વચન વિચાર કહું લકુ કેટલા;
જિન શાસનનો ધર્મ સાકર સમ જાણીએ,
ખાઇએ જે વારે તેહ મીઠો પરમાણીએ ॥ ૧૦ ॥
આઠ કરમનાં વારક દેખતા તે ખરા;
તરણ તારણ ગુરૂ નામ કહીયે જે નરા,
કેવલી ભાષિત ધર્મ કહીયે તે ખરો,
અવર મિથ્યા ભર્મ તેહને કાં વરો ॥ ૧૧ ॥

માટે હે પવનવેગ મિત્ર એવી રીતે મિથ્યાત્વિઓની કેટલીક વાતો હું તમોને કહી સંભળાવું; એક જૈન ધર્મજ સાકર સમાન છે; કારણ કે, જે વખતે તે ખાઇએ, (અંગીકાર કરીયે) તે વખતે તે મીઠો લાગે છે ॥ ૧૦ ॥ આઠ કર્મોને જીતનારા તે દેવ જાણવા, વળી પોતે તરીને બીજાને તારનારા તે ગુરૂ જાણવા, વળી કેવળીએ કહેલો ધર્મજ ખરો જાણવો, બીજા તો સઘળા ધર્મો મિથ્યા ભર્મ રૂપ જાણવા, માટે તેઓને શામાટે અંગીકાર કરીયે? ॥ ૧૧ ॥

સૂત્ર સિદ્ધાંતને શાસ્ત્ર ભાખ્યા જે જિન તણાં,
તેહમાં વિનય વિવેક ગહન અર્થ છે ઘણાં;
જિન વાણીની વાત સાચી કરી માનીયે,
તો સરસે તુમ કાજ શિવ સુખને જાણીયે ॥ ૧૨ ॥
સાંભલી પવનવેગ કહે પાવન થયા,
દ્વિજ સઘલા મલી તામ કહે સંદેહ ગયા;
જગમાં જોતાં જેને ધરમનો આધાર છે,
ભૂલા જે ભવિ લોક તેહને એ પાર છે ॥ ૧૩ ॥

વળી જિનેશ્વરે કહેલા સૂત્ર, સિદ્ધાંત તથા શાસ્ત્રોમાં વિનય તથા વિવેકના ઉંડા અર્થો ભરેલા છે, માટે જો એવી જૈન વચનની વાતો તમે અંગીકાર કરશો, તો તમારૂં કામ પાર પાડી, તમે મોક્ષ મેળવશો ॥ ૧૨ ॥ તે સાંભળી પવનવેગ કહેવા લાગ્યો કે, હું તો આજે પવીત્ર થયો, વળી બ્રાહ્મણો પણ કેહેવા લાગ્યા કે, અમારી શંકાઓ પણ દૂર ગઇ, વળી આ જગતમાં માત્ર એક જૈન ધર્મનોજ આધાર છે, વળી જે માણસ આ સંસાર સમુદ્રમાં અટવાતા હોય, તેને તે કાંઠો દેખાડે છે ॥ ૧૩ ॥

હે ભાઇ તુમ વાત હઇયે મારે વસી,
પામ્યો શુદ્ધ આચાર ફિકર નહીં કસી;
મનોવેગ તુમે ભાઈ સાચા છો સહી,
એટલા દિવસ ગંમ મુજને રહી નહીં ॥ ૧૪ ॥
બ્રાહ્મણ બોલે તવ વાણી મનોવેગ સાંભલો,
ધર્મ પરીક્ષા કીધ નથી કાંઇ આંમલો;
પૂરણ ચોથો ખંડ ઢાલ અગ્યારમી,
શ્રોતા સુધડ હોયે તો દિલ તેહને રમી ॥ ૧૫ ॥

હે ભાઇ, હવે તમારી વાત મારા મનમાં ચોંટી ગઇ છે, વળી ઉત્તમ આચારને પણ હું પામ્યો છું, તે માટે તમારે જરા પણ ચિંતા કરવી નહીં, વળી ખરેખર "તમે સત્ય બોલનારા માણસ છો," તે બાબતથી હું આટલા દિવસ અજાણ્યો હતો ॥ ૧૪ ॥ પછી બ્રાહ્મણો મનોવેગને કહેવા લાગ્યા કે, હે ભાઈ અમોએ હવે સારી રીતે ધર્મની પરીક્ષા કરી છે, હવે અમોને જરા પણ શંકા નથી; એવી રીતે ચોથા ખંડની અગ્યારમી ઢાળ સંપૂર્ણ થઇ; જે સાંભળનારાઓ વિદ્વાન હશે તેઓને તે અત્યંત પ્યારી લાગશે ॥ ૧૫ ॥

હીરવિજય સૂરિરાય તપગચ્છનો ધણી,
અકબર સાહ પ્રતિબોધિત અમાર પડાવી ઘણી;
શુભવિજય તસ શિષ્ય ભાવવિજય કવી,
સિદ્ધિવિજય તસ શિષ્ય વાત હુઇ તેવી ॥ ૧૬ ॥
રૂપવિજય રંગ લાય કૃષ્ણવિજય કહું,
રંગવિજયને નિત્ય હું પ્રણિપતિ વહું;
નેમવિજય કહે એમ ઢાલ અગ્યારમી,
પૂરણ ચોથો ખંડ કર્યો તે સહુને ગમી ॥ ૧૭ ॥

તપ ગચ્છમાં એ હીરવિજય નામે મહાન આચાર્ય થયા, કે જેણે અકબર બાદશાહને પ્રતિબોધ આપી, આખા હિંદુસ્તાનમાં અમાર પડો (જીવ હિંસા ન કરવી તે) વગડાવ્યો; તેના શિષ્ય શુભવિજય તથા તેના શિષ્ય સિદ્ધિવિજયજી જાણવા ॥૧૬॥ તેના શિષ્ય રૂપવિજય, તેના શિષ્ય કૃષ્ણવિજય, તથા તેના શિષ્ય રંગવિજયને હું હમેશાં નમસ્કાર કરૂં છું; તેના શિષ્ય નેમવિજયે અગ્યારમી ઢાલ રચીને આ ચોથો ખંડ સંપૂર્ણ કર્યો, કે જે સહુને આનંદકારક થયો ॥ ૧૭ ॥

ઇતિ ધર્મ પરીક્ષા રાસ મિથ્યાત પુરાણ દૂષણે મિથ્યા મત ધ્વંસનો
નામ ચતુર્થોધિકારઃ સમાપ્ત.

# खंड ५ मो.

## दुहा.

પવનવેગ ભાઈ સાંભલો, મનોવેગ કહે સાર; અવર પુરાણ વલી દાખવું, જેમ લહો વિવેક વિચાર ॥૧॥ શુદ્ધો જિન ધર્મ કીજીયે, નહીં વિરૂદ્ધ લગાર; મિથ્યા મારગ પરિહરો, જેમ તરો સંસાર ॥૨॥ બોધ રૂપ બેહુ જણે ધર્યાં, પેહેર્યાં રક્ત સુવસ્ત્ર; શિર મુંડા ઝોલી બાંહીં છે, કર દંડ ધરીને શસ્ત્ર ॥ ૩ ॥

વળી પવનવેગ મનોવેગને કહેવા લાગ્યો કે, હે ભાઇ, વળી બીજી પણ પુરાણની વાતો તમોને હું સંભળાવું છું, કે જેથી તમોને વધારે વિવેક આવશે ॥ ૧ ॥ શુદ્ધ એવો જૈન ધર્મ કે જેમાં જરા પણ વિરૂદ્ધતા નથી, તેને અંગીકાર કરી મિથ્યા મતનો ત્યાગ કરવો, કે જેથી આ સંસાર સમુદ્ર સુખેથી તરી શકાય ॥ ૨ ॥ પછી તેઓ બન્ને એ બૌધના સાધુનું રૂપ ધારણ કરી, શરીરે રાતા વસ્ત્રો પેહેરી, માથું મુંડાવી, તથા હાથમાં ઝોળી અને લાકડી લીધી ॥ ૩ ॥

પાટલીપુર પ્રવેશ કરી, વાદ શાલાયે ગયા ચંગ; ભેર ઘંટારવ તવ કીયો, બેઠા સિંહાસન રંગ ॥૪॥ નાદ સુણી વિપ્ર આવીયા, દેખી બોલ્યા તામ; ખટ દર્શન વિવાદ કરો, ઉંચા બેઠા અમ ઠામ ॥૫॥ મનોવેગ કહે સાંભલો, વિપ્ર તમો છો સુજાણ; વાદ શાસ્ત્ર જાણું નહીં, અમે ખરે છું અજાણ ॥ ૬ ॥

પછી પાટલીપુર નગરમાં જઇ, બ્રાહ્મણોની વાદશાળા પાસે ગયા, અને ત્યાં જઇ ભેરી ઘંટા વગાડીને સિંહાસન પર ચડી બેઠા ॥ ૪ ॥ તે શબ્દ સાંભળી બ્રાહ્મણો આવી કહેવા લાગ્યા કે, તમો જે આ સિંહાસન પર ચડી બેઠા છો, તો અમારી સાથે છએ મતોનો વાદ વિવાદ કરો ॥ ૫ ॥ ત્યારે મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો તમે તો જ્ઞાની છો, અમો તો અજ્ઞાની છીએ, અને તેથી કંઈ વાદ વિવાદ કે શાસ્ત્રો જાણુતા નથી ॥ ૬ ॥

વિપ્ર કહે મૂરખ સુણો, કેમ કર્યો ઘંટા નાદ; કેમ સિંહાસન ચાંપીયું, જો નહીં ભણ્યા વિવાદ. ૭ કુણ ગામ ઠામથી આવીયા, કુણ દીક્ષા ધરી અંગ; કપટ તજી સાચું કહો, નહીંતો લહેસો ભંગ. ૮ બોધ રૂપે મનોવેગ વદે, સુણો ભટ્ટ ભાઇ સાર; સાચું કહેતાં અમે એકલા, કુટાઇએ નિરાધાર ॥ ૯ ॥

તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, અરે મૂર્ખો જો તમોને વાદ કરતાં આવડતો નથી તો, તમો ઘંટા નાદ કરીને સિંહાસન પર કેમ ચડી બેઠા? ॥ ૭ ॥ વળી તમે કયે ગામથી આવ્યા છો? તથા તમોને કોણે દીક્ષા આપી છે, એ સઘળી વાત કપટ તજીને તમો સાચે સાચી કહો, નહીં તો માર ખાસો ॥ ૮ ॥ ત્યારે તે બૌધનો

વેષધારી મનોવેગ કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો જો અમે સાચું કહેશું, તો અમોનેજ કદાચ માર જડશે ॥ ૯ ॥

તુમ સભા માંહીં કો નર વર, વિધન સંતોષી હોય; તો તુમ
આગળ કેમ કહું, અમ તણી વાતો સોય ॥ ૧૦ ॥ તવ તે
દ્વિજવર બોલીયા, વિધન સંતોષી નર કેહ; પ્રથમ કથા કહો
તે તણી, ભય નહીં ધરશો દેહ ॥ ૧૧ ॥

વળી તમારી સભામાં જો કોઇ માણુસપર વિઘ્ન સંતોષી (અદેખો) હોય, તો હું અમારી વાત તમારી પાસે શી રીતે કહી શકું? ॥ ૧૦ ॥ ત્યારે તે બ્રાહ્મણો બોલ્યા કે તે "વિઘ્ન સંતોષી" માણુસ કોણ હતો? તેનું વૃત્તાંત કંઇ પણ બીક રાખ્યા વિના સુખેથી અમોને કહો? ॥ ૧૧ ॥

## ઢાલ પેહેલી.

નગર રતનપુર જાણીયે, તે સુરનિધિ સમો વખાણીયે, આણીએ અવર
ઉપમ કહો કોણુ તણીએ—એ દેશી.

મનોવેગ કહે બ્રાહ્મણ સુણો, આહીરદેશ રાયપુર તે ગણો;
નરપતિ રાજા રાજ્ય પાલે ભલોએ, રાજાએ સેવક થાપીયો,
લુબ્ધ દત્તનામે તે પાપીયો, દયા દાન રહીત દુષ્ટ તે પ્રાણીયોએ ॥૧॥
પરધન દેખી દ્વેષજ ધરે, કુડ કપટ મનમાં ધરે,
દંડાવે રાય કને ઉપાય કરીએ;
ખોટા આળ ચડાવે બહુ, લોક સંતાપ્યા તેણે સહુ,
ધણ કણ વસ્ત્ર વિભૂષિત ટાલીયાંએ ॥ ૨ ॥

ત્યારે મનોવેગે કહ્યું કે હે બ્રાહ્મણો, આહીર નામનાં દેશમાં રાયપુર નામે ગામમાં નરપતિ નામે રાજા રાજ્ય કરતો હતો, તેનો લુબ્ધદત્ત નામે એક ચાકર હતો, તે મહાપાપી, દુષ્ટ તથા દયા વિનાનો હતો ॥ ૧ ॥ તે હમેશાં બીજાની દોલત દેખી શકતો નહીં હતો, અર્થાત અદેખો હતો; વળી મનમાં કેટલુક કપટ રાખી, રાજા પાસે કંઇક દાવ રચીને લોકોનો દંડ કરાવે, તેમ જુડાં તોહમતો મુકી લોકોને બહુજ દુઃખ આપે, વળી કેટલાકનાં ધન, અનાજ, વસ્ત્ર, ઘરેણાં વિગેરેનો નાશ કરાવે. ૨

નગર લોક ઘણું દુઃખ વહે, ગામ કુટન તેહનું નામ કહે,
લુબ્ધ દત્તને પર પીડ્યા વિના સંતોષ નહીં એ;
તિહાં કણુબી એક વસે ભલો, તુંગભદ્ર નામ ધણ કણ નીલો,
દાન પુણ્યે લોકમાંહીં મહિમા અતિ ઘણોએ ॥ ૩ ॥
તુંગભદ્ર ઉપર કોપ કરે, દંડાવવા લુબ્ધદત્ત પુંઠે ફરે,
કણુબીએ ધન બહોળુ તેહને દીયુંએ;
જવ મન જાણે તેહ તણું, તવ લાંચ આપે તે ધન ઘણું,
એણી પરે બુદ્ધિ બલે કામ નિગમેએ ॥ ૪ ॥

તે લુબ્ધદત્તને બીજાને દુઃખ દીધા વિના સંતોષ થાય નહીં, તેથી લોકોને બહુ દુઃખ દેવાથી લોકોએ તેના ગામનું કુટન નામ પાડયું; હવે ત્યાં એક તુંગભદ્ર નામે કણબી રહેતો હતો, કે જે, ઘણું દાન પુન્ય કરતો હતો, અને તેથી લોકોમાં તેની ઘણી કીર્તિ હતી ॥ ૩ ॥ હવે તે લુબ્ધદત્ત ગુસ્સે થઇ તે બિચારા તુંગભદ્રને દંડાવવા વાસ્તે ઘણાં ઘણાં ઉપાય કરે, પણ તે કણબીએ તેને ઘણું ધન આપી શાંત કર્યો; વળી પણ જ્યારે તે ગુસ્સે થાય ત્યારે તેને લાંચ તરીકે ખુબ ધન આપે, એવી રીતે બુદ્ધિબળે તે કણબી પોતાનું કામ પાર પાડે ॥ ૪ ॥

લુબ્ધની દેહે ઉપન્યો, પાપ પ્રભાવે રોગ ઉપન્યો,
ઔષધ અનેક કર્યાં તોહી નવી ટલેએ;
ભૂમિ ઘાલ્યો લુબ્ધદત્ત જે હવે, આયુકર્મ તુચ્છ હતું તેહવે,
આરતધ્યાન પામ્યો તે તરફડેએ ॥ ૫ ॥
પુત્ર કહે પિતાજી સાંભલો, ચિંતાતુર કાંઇ ટલવલો,
દાન પુણ્ય જે કહો તે કીજીયેએ;
વૃદ્ધ પાપી તે કહે તામ, ધર્મ દાન નહીં મુજ કામ,
પુત્ર તમે સાંભલજો જે હું કહુંએ ॥ ૬ ॥

હવે તે લુબ્ધદત્તને તેના પાપોને યોગે એક જાતનો એવો રોગ થયો; જે ઘણાં ઔષધોથી પણ મટયો નહીં; પછી જ્યારે તેને ભોંયપર લીધો, ત્યારે તેને હજું થોડું આયુ કર્મ ભોગવવાનું રહ્યું હતું, તેથી અંતરધ્યાનમાંજ રહી તરફડવા લાગ્યો. ॥૫॥ ત્યારે તેનો પુત્ર કહેવા લાગ્યો કે, હે પિતાજી તમો આમ ચિંતાતુર થઇ શામાટે તરફડો છો, તમે જે કહો તે દાન પુણ્ય કરીએ; ત્યારે તે દુષ્ટ પાપીએ કહ્યું કે, મારે ધર્મ કે દાનની કંઇ જરૂર નથી, પણ હું તમોને જે વાત કહું તે ધ્યાન દઇ સાંભળજો ॥ ૬ ॥

નેમ ભાગ્યો એક મુજ તણો, કાર્ય કરો તુમે અતિ ઘણો,
તો વલી પ્રાણ જાએ સુખ માહરોએ;
સકલ લોક દંડાવીયા, તુંગભદ્ર દંડ નહીં ફાવિયા,
લાંચ આપીને એણે હું વારીયોએ ॥ ૭ ॥
લાજે કાજ એહનો સિદ્ધો, રાજદંડ શિરમેં નવિ કીધો,
ગો મહીષી ધણ કણ એહને છે બહુએ;
માહરી બુદ્ધિ હઇડે ધરો, છકની વાત રખે કંઇએ કરો,
રોઓ તો આણ દેઉં છું મુજ તણીએ ॥ ૮ ॥

મારૂં એક નિયમ મેં ભાંગ્યું છે, માટે જે હું તમોને કામ કહું, તે તમો બજાવવાની હા પાડો, તો મારો જીવ ગત થાય; તે એકે સઘળા લોકોને મેં દંડાવ્યા છે, પણ એક તુંગભદ્રે મને લાંચ વિગેરે આપી પોતાને મારા સપાટામાં આવવા દીધો નથી. ॥ ૭ ॥ માટે શરમમાં ને શરમમાં મેં તેનાં ઉપર રાજ દંડ કરાવ્યો

નથી, વળી એની પાસે ગાય, ભેંસો, ધન, તથા અનાજ પણ ઘણું છે, માટે કંઈ પણ શંકા રાખ્યા વિના તે મારૂં કહ્યું તમો અંગીકાર કરો; અને મારા મુઆ પછી જો તમો રડો તો તમોને મારા સોગન છે ॥ ૮ ॥

પ્રાણ ગયા પછી મુજ વલી, વસ્ત્ર શૃંગાર પહેરાવો વલી,
પાછલી રાત્રિ મુજ લેઈ ઉભો રાખજોએ;
તુંગભદ્ર ખેત્ર સેઢે રહી, મુજ હસ્તે કાઢી ગ્રહી,
ગાય ભેંસ ધાલી તુમે ઓલવી રહોએ ॥ ૯ ॥
કણબી આવી મુજ લડથડસે, જીવ રહિત અંગ ભૂમિ પડસે,
બુમ પાડી તુમે લોક બહુ મેલજોએ;
મુજ તાતનો કીધો ઘાત, હત્યારો એ લોક સુણો વાત,
પોકારી રાજા કને દંડાવજોએ ॥ ૧૦ ॥

પછી જ્યારે મારો જીવ જાય, ત્યારે મને ખુબ વસ્ત્રાલંકાર પહેરાવી પાછલી રાતે મને લઇને ઉભો રાખજો, પછી તુંગભદ્રના ખેત્રને સિામડે મને લઈજઇને મારા ટેકા કાઢીને, એક ગાય અથવા ભેંસનું ઓઠિંગણુ દઇ મને ઉભાડજો ॥ ૯ ॥ પછી કણબી આવીને મારી સાથે લડસે, ત્યારે મારૂં શરીર મડદું હોવાથી તુરત જમીન પર પટકાશે, અને તેવાજ તમો સઘળા બૂમો મારી લોકોને એકઠા કરજો, અને તે વખતે તું કહેજે કે આ પાપીયે મારા બાપને મારી નાખ્યો, એમ કહી રાજા પાસે તેનો દંડ કરાવજો ॥ ૧૦ ॥

મુજ હસ્તે તુમે બોલ દેઓ, સીખ સઘલી પાલી લેઓ,
તવ પુત્ર બોલ દીધો પિતા કરેએ;
પ્રાણ ગયા લુબ્ધદત્તના, નરક દ્વારે પહોંચ્યા તતના,
સિખ સહુ કરી પુત્રે તુંગભદ્ર દંડાવીયોએ ॥ ૧૧ ॥
પર વિઘન સંતોષીયો, નર હોયે જો એહવો રાશીયો,
તો કેમ વિપ્ર સભામાં બોલીયેએ;
વાડવ કહે તુમે સાંભલો, અમમાં એહવો મા બોલો,
સાચાં તે વચન બોલો તુમે આપણાએ ॥ ૧૨ ॥
પાંચમા ખંડ તણી કહી, ઢાલ પેહેલીએ સહી,
શ્રોતા સાંભલજો તુમે સહુ મલીએ;
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજય તે સદ્દહે,
નિર વહે સાચો નર સંસારમાંએ ॥ ૧૩ ॥

માટે હવે તે વાત પાળવાનો મને કોલ આપો, તે સાંભળી પુત્રે તે વાત કબુલ કરી કોલ આપ્યો, કે તુરત લુબ્ધદત્તનો જીવ ત્યાંથી ચવી નરકે ગયો, પછી તે પુત્રે બાપનાં કહેવા પ્રમાણે કરી તુંગભદ્રનો દંડ કરાવ્યો ॥ ૧૧ ॥ માટે એવો કોઇ ક્રોધી, અને પર વિઘ્ન સંતોષી ( અદેખો ) માણસ આ સભામાં હોય તો અમારાથી

શી રીતે બોલાય, તે સાંભળી બ્રાહ્મણોએ કહ્યું કે, અમારામાં એવો કોઇ માણસ છેજ નહીં, માટે તમે તમારે ખુશીથી સાચી વાત કહો ॥ ૧૨ ॥ એવી રીતે પાંચમાં ખંડની પેહેલી ઢાલ સંપૂર્ણ થઇ, હે શ્રોતાજનો તે તમે સાંભળજો, રંગવિજયના શિષ્ય નેમવિજયજી કહે છે કે, જે માણસ સાચો હોય તેજ આ દુનીયામાં ચાલી શકે છે ॥ ૧૩ ॥

## દુહા.

ખગપતિ કહે દ્વિજવર સુણો, પુરવ દિશિ સુખ ખાણુ; વિક્રમ-પુર સોહામણું, ચતુર નરનારી વખાણુ ॥૧॥ તાત માત મુજ તિહાં વસે, બોધ ભક્તી કરે તેહ; બોધ પાસે અમ મુકીયા, લેવા વિદ્યાનો છેહ ॥ ૨ ॥ ભણું ગણું શાસ્ત્રજ ઘણાં, ગુરૂના કરૂં બહુ કામ; એક વાર ગુરૂ લુગડાં, નદીએ ધોઈ સુકાવ્યાં તામ. ૩

પછી તે વિદ્યાધર (મનોવેગ) બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે, પૂર્વ દિસામાં એક વિક્રમપુર નામે મનોહર નગર છે, ત્યાં સ્ત્રી પુરૂષો બહુજ ડાહ્યાં વસે છે ॥ ૧ ॥ ત્યાં મારા માબાપ રહેતાં હતાં, અને તેઓ બૌધ ધર્મ પાળતા હતાં, પછી અમોને વિદ્યા ભણવા માટે એક બૌધ સાધુ પાસે મોકલ્યા ॥ ૨ ॥ ત્યાં ખુબ શાસ્ત્રો ભણું ગણું તથા ગુરૂનું કામ કાજ પણ બહુ કરૂં, એક વખતે ગુરૂનાં લુગડાં નદીમાં ધોઇને સૂકાવા સુકયાં ॥ ૩ ॥

## ઢાલ બીજી.

મારી અરજ સુણજો હો, ગછરા નાયક, વિનતિ અવધારી ગુજર પધારજોજી.—એ દેશી.

પાણી બાહિર ભલી ભૂમી હો, ગુણ નાયક, સુકવીયે રતાંબર અમે બેહુ જણાજી; સિયાલ બે આવ્યા તામ હો, ગુ ભય ઉપન્યા અમને અતિ ઘણાજી. ॥ ૧ ॥ રાતા લુગડાં લેઈ દોય હો, ગુ૦ ભાઈ અમે દોય નાઠા ઉતાવલા; પુંઠે ધાયાં તે સિયાલ હો, ગુ૦ તવ ગિરિ ઉપર ચડયા અમે બલાજી ॥ ૨ ॥ બૂમ પાડી અમે બેહુ ભાય હો, ગુ૦ ધાઓ લોક અમ રક્ષા કરોજી; ડુંગર ઉચેલી તામ હો, ગુ૦ અમ બેહુ સહિત આકાશે ધરોજી ॥ ૩ ॥

ત્યાં નદીને કાંઠે અમો બન્ને તે રાતા વસ્ત્રો સુકાવતા હતા, એટલામાં ત્યાં બે સિયાળીયાં આવી ચડ્યાં, તે જોઇ અમો બહુ ભય પામ્યા ॥ ૧ ॥ અમો બન્ને ત્યાંથી તે રાતા વસ્ત્રો લેઇને ભાગ્યા, એટલે તે સિયાળો અમારી પાછળ પડ્યાં, ત્યારે અમે એક પર્વત ઉપર ચડી ગયા ॥ ૨ ॥ ત્યારે અમો બન્ને બૂમ પાડી લોકોને કહેવા લાગ્યા કે, અમારી મદદ કરો, એટલામાં તો તે શિયાળોએ તે આખો ડુંગર અમારા સહીત ઉંચકી લઇને આકાશમાં ધર્યો ॥ ૩ ॥

લેઈ ગયા સિયાલ હો, ગુ૦ જોજન બાર વિક્રમપુર થકીજી;
મૂકી વનમોઝાર હો, ગુ૦ ભક્ષણ લાગ્યાં સિયાલ બેબકીજી ॥ ૪ ॥

બેહુ જંબુક મલી જામ હો, ગુ૦ અમને ખાસે ક્ષુધા વશ પડયાજી;
પારધી આવ્યા તામ હો, ગુ૦ સ્વાન સહિત પાપે નડયાજી ॥ ૫ ॥
સ્વાન ભયથી તેહ હો, ગુ૦ નાઠાં બેહુ તે સિયાલીયાંજી;
ડુંગરથી ઉતર્યા બેહ હો, ગુ૦ પારધી પુઠે ચાલીયાજી ॥ ૬ ॥

ત્યાંથી તે શિયાળો બાર જોજન સુધી તે પર્વતને ઉંચકી ગયા, અને ત્યાં જઈ વનમાં તે પર્વતને મુકી તેઓ ભક્ષણ કરવા લાગ્યા ॥ ૪ ॥ પછી અમો બન્ને વિચારવા લાગ્યા કે, આ બન્ને સિયાળો જ્યારે ભૂખને વશે અમોને ખાશે, ત્યારે અમો શું કરશું ? પણ એટલામાં તો તેઓનાં પાપનાં જોરથી એક શિકારી કેટલાક કુતરાઓ સાથે ત્યાં આવી ચડ્યો ॥ ૫ ॥ તે કુતરાઓને જોતાંજ બીકના માર્યાં તે શિયાળો ત્યાંથી નાશી ગયા; પછી અમો બન્ને ડુંગર ઉપરથી ઉતરીને તે શીકારીની પાછળ પાછળ ગયા ॥ ૬ ॥

ભયભીત થયા અમે બેહ હો, ગુ૦ ભૂમી જોઇ તવ અતિ ઘણીજી;
સંબલ રહિત અપાર હો, ગુ૦ વાર નહીં વલી કેહ તણીજી. ॥ ૭ ॥
વલી વિચાર્યું એમ હો, ગુ૦ બોધ ધર્મ છે અમ તણોજી;
લેઇએ દીક્ષા બેહ હો, ગુ૦ રક્ત વસ્ત્ર છે ગુરૂ ગુણોજી ॥ ૮ ॥
બેહુ ભાઈ ચિંતવી એમ હો, ગુ૦ મસ્તક મુંડાવ્યાં બેહુ જણોજી;
રાતાં વસ્ત્ર પેહેરેય હો, ગુ૦ બૌધ ધર્મ મુખે ભણયોજી ॥ ૯ ॥

ત્યાં ઘણુંજ મોટું મેદાન જોઇ અમે ડરવા લાગ્યા, કે આપણી પાસે કંઇ ભાતું પણ નથી, તેમ વળી અહીં આપણી કોઇ સારસંભાળ કરે તેમ પણ નથી ॥ ૭ ॥ ત્યારે અમે વિચાર્યું કે, આપણો ધર્મ તો બૌધનો છે, વળી આપણી પાસે આ રાતા વસ્ત્રો પણ તૈયાર છે, માટે આપણે દીક્ષાનો વેશજ ધારણ કરીયે ॥ ૮ ॥ એમ વિચારિ અમો બન્ને માથા મુંડાવી, રાતા વસ્ત્રો પેહેરી મોઢેથી બૌધ ધર્મનાં પાઠો ભણવા લાગ્યા ॥ ૯ ॥

કાઠી કર ધરેવ હો, ગુ૦ ઘર ઘર ભિક્ષા બેહુ ભમુજી;
પાત્ર પડે તે લેય હો, ગુ૦ સાત સાત ઘડી માંહે જમુજી ॥ ૧૦ ॥
ભમતાં દેશ વિદેશ હો, તુમ નગરે અમે આવીયાજી;
તવ બોલ્યા દ્વિજરાજ હો, ગુ૦ અસત્ય વચન તુમે લાવીયાજી ॥૧૧॥
જે સહુ ખોટું સંસાર હો, ગુ૦ તોલી કરી તુને ઘડયાજી;
તવ બોલ્યો મનોવેગ હો, ગુ૦ એ સહુ તુમ પુરાણે જડયાજી ॥ ૧૨ ॥

વળી હાથમાં લાકડી લઇ, ઘર ઘર પ્રતે ભીક્ષા માગવા લાગ્યા, તથા સાત સાત ઘડીએ, પાત્રમાં જે કાંઈ કોઇ આપે તે ખાવા લાગ્યા ॥ ૧૦ ॥ એમ દેશાવરોમાં રખડતાં રખડતાં આ તમારા નગરમાં અમે આવ્યા છીએ, તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, આ તો તમો જુઠુંજ બોલો છો ॥ ૧૧ ॥ વળી આ સંસારમાંથી સઘળું જુઠું એકઠું કરી વિધાતાએ તમેને બનાવ્યા છે, તે સાંભળી મનોવેગે કહ્યું કે, તેવીજ સઘળી વાતો તમારા પુરાણોમાં પણ કહી છે ॥ ૧૨ ॥

સાંભલજો દ્વિજ રાજ હો, ગુ૦ દેખાડું જેજે જિહાં કહ્યુંજી;
રામાયણ પુરાણ હો, ગુ૦ વાલ્મીકે ભાંખ્યું તે લહ્યુંજી ॥ ૧૩ ॥
એક વાર શ્રી રામ હો, ગુ૦ સીતાસું વનવાસે ગયાજી;
ખરદુષણ મારી જામ હો, ગુ૦ લક્ષ્મણ સહુ વનમાંહી રહ્યાજી ॥ ૧૪ ॥
સુર્પનખા ગઈ તામ હો, ગુ૦ રાવણ રાજા ઉપાઇઓજી;
સીતા લેવાને કાજ હો, ગુ૦ ધસમસ્યો રાવણ ધાઈયોજી ॥ ૧૫ ॥

માટે હે બ્રાહ્મણો જે જે વાત જે જે પુરાણોમાં કહી છે, તે તમોને હું સંભળાવું છું; હવે વાલ્મિક રૂષિએ રામાયણમાં કહ્યું છે તે સાંભળો ॥ ૧૩ ॥ એક વખત શ્રીરામચંદ્રજી સીતાની સાથે વનવાસે ગયા, ત્યાં ખરદૂષણને મારીને લક્ષ્મણની સાથે સઘળા વનમાં રહ્યા હતા ॥ ૧૪ ॥ ત્યારે સુર્પનખાએ રાવણ પાસે જઈ, તેને ચડાવવાથી, તેને સીતાનું હરણ કરવાની ઇચ્છા થવાથી તે એકદમ ત્યાં આવ્યો. ૧૫

સીતા લેઈ ગયો તેહહો, ગુ૦ મોહથી રામ દુખીયો હુવોજી;
એહવે વાનર રાજહો, ગુ૦ સુગ્રીવનો વિચાર નુયોજી ॥ ૧૬ ॥
સુગ્રીવ તણી જે નારહો, ગુ૦ વાલી વાનર લેઇ હારીયોજી;
તવ શ્રીરામે તેહહો, ગુ૦ વાલી વાનર તે મારીયોજી ॥ ૧૭ ॥
સુગ્રીવ થાપીયો રાજહો, ગુ૦ નારી આવી તારા રંગ ભરીજી;
તવ બોલ્યો સુગ્રીવ રાયહો, ગુ૦ કાર્ય કહો સ્વામિ કૃપા કરીજી ॥૧૮॥

પછી જ્યારે રાવણ સીતાને લઈ ગયો, ત્યારે રામ મોહને વશે અત્યંત દુઃખ ધરવા લાગ્યા, એટલામાં તેને વાંદરાઓના રાજા સુગ્રીવની વાત યાદ આવી ॥ ૧૬ ॥ સુગ્રીવની સ્ત્રીને વાલી નામે વાંદરો હરી ગયો હતો, ત્યારે રામે સુગ્રીવની મદદે જઇ વાલી વાંદરને માર્યો હતો ॥ ૧૭ ॥ પછી સુગ્રીવને રાજ આપી, તેની મનોહર તારા નામે સ્ત્રી તેને સોંપી, પછી સુગ્રીવ ત્યાં આવી રામચંદ્રને કહેવા લાગ્યા કે, હે સ્વામિ શું હુકમ છે? તે કહો ॥ ૧૮ ॥

તુમે પર ઉપગારીહો, ગુ૦ કીધો સ્વામી મુજ અતિ ઘણોજી;
નેહ થકી તુમે દેવહો, ગુ૦ સેવક હું છું સ્વામી તુમ તણોજી ॥ ૧૯ ॥
રામ કહે સુણો મિત્રહો, ગુ૦ નારી ગઇ છે મુજ તણીજી;
તેહનો કરો સંભાલહો, ગુ૦ કીહાં છે સીતા વલ્લભ ધણીજી ॥ ૨૦ ॥
પાંચમા ખંડ તણી ઢાલહો, ગુ૦ બીજીએ કહી નિરમલીજી;
રંગવિજયનો શિષ્યહો, ગુ૦ નેમવિજય કહે અતિ ભલીજી ॥ ૨૧ ॥

વળી હે સ્વામિ તમે મહાપરોપકારી છે, તેમાં પણ મારા ઉપર તો વિશેષ ઉપકાર કર્યો છે, માટે હું તમારો પ્રેમ સહીત સેવક છું ॥ ૧૯ ॥ ત્યારે રામે કહ્યું કે, હે મિત્ર, મારી વહાલી સ્ત્રી સીતા કયાંક જતી રહી છે, માટે તેની તમે તપાસ કરો, કે કયાં છે ॥ ૨૦ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે પાંચમા ખંડની બીજી નિર્મળ ઢાલ કહી ॥ ૨૧ ॥

## દુહા સોરઠી.

સુગ્રીવે તેડયો તામ, હનુમંત વીર સોહામણો; તે ગયો લં-
કાએ સાર, શુદ્ધ કરેવા ભામણો ॥૧॥ મુદ્રિકા આપી સાર,
સંદેશા કહ્યા શ્રીરામ તણા; પ્રશંસી સીતા નાર, કહ્યો કુશલ
છે બેહુ જણા ॥૨॥ લંકા બાળી હનુયે, સુદ્ધ આણી સીતા
તણી; શ્રીરામ હુવો સંતોષ, સૈન્ય ચાલ્યું લંકા ભણી ॥૩॥

પછી સુગ્રીવે હનુમાનને બોલાવ્યો, અને તે હનુમાન સીતાની શોધ કરવા વાસ્તે લંકા ગયો ॥ ૧ ॥ ત્યાં સીતા પાસે જઇને, રામની વીંટી આપી સર્વે સમાચાર કહ્યા, તથા સીતાનાં વખાણ કરી કહ્યું કે, ત્યાં રામ અને લક્ષ્મણ બન્ને ખુશીમાં છે ॥ ૨ ॥ ત્યાં હનુમાને લંકા બાળીને, સીતાની શોધ લાવી રામને આનંદ પમાડ્યો, પછી રામ સેના લઇ લંકા તરફ ચાલ્યા ॥ ૩ ॥

વાનર સહુ મિલેવ, પરવત ઉચેલી આણીયા; બાંધી સમુદ્રમાં
પાજ, પાણી ઉપર તર્યા પાહાણીયા ॥૪॥ રામ લક્ષ્મણના
સેન, સાગર પાજે ઉતારીયા; લંકા જઇ કીધું યુદ્ધ, રાવણ
રાક્ષસ મારીયા ॥૫॥ સલ્ય વિસલ્યા કાજ, ઔષધિ ગિરિ
ઉચેલો ધરીય; આણ્યો લંકાપૂરી માંહીં, હનુમંત સેન બેઠો કરીય.૬

પછી ત્યાં સઘળા વાનરો મળી મોટા મોટા પર્વતો ઉંચકી લાવ્યા, અને સમુદ્રમાં પાળ બાંધીને, પાણી ઉપર પાણા (પથ્થર) તરાવ્યા ॥ ૪ ॥ રામ અને લક્ષ્મણનું સૈન્ય તે પાજ ઉપરથી સમુદ્ર ઉતરીને, લંકામાં ગયું, અને ત્યાં લડાઇ કરી રાવણને માર્યો ॥ ૫ ॥ વળી સલ્ય અને વિસલ્યાને વાસ્તે મોટા ઔષધ ગિરિને હનુમાન લંકામાં ઉંચકી લાવ્યો, અને પોતાના લશ્કરને બેઠું કર્યું ॥ ૬ ॥

રામાયણ વાલ્મિક રિષિ, ભાષિત તેમાંહીં કહ્યું; જો સાચું હોય
એહ, મુજ ભાંખ્યું ખોટું કેમ લહ્યું. ૭ તવ બોલ્યા દ્વિજરાજ,
એ ખોટું કેમ ભાંખીયે; વળી મનોવેગ કહે વાત, એક વયણ
તુમ દાખીયે. ૮ વાનર પાંચે મિલેવ, ડુંગર મોટા ઉચેલીયા;
લાવ્યા જોજન લાખ, સાગર બાંધ્યો જ્યું ભેલીયા ॥ ૯ ॥

આવી રીતે વાલ્મિક રૂષિએ પોતાના કરેલા રામાયણમાં કહ્યું છે, માટે એ વાત જો સાચી હોય, તો મારૂં કહેવું કેમ ખોટું હોય? ॥ ૭ ॥ ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, તે વાત, અમારાથી કેમ ખોટી કહેવાય? ત્યારે મનોવેગ કહે વળી પણ તમોને હું બીજી વાત કહું છું તે સાંભળો ॥ ૮ ॥ વળી પાંચ વાનરો મળી મોટા પર્વતો ઉંચકી લાખો જોજન સુધી લાવ્યા, અને સઘળાને એકઠા કરી સમુદ્ર ઉપર પાજ બાંધી ॥ ૯ ॥

તો લઘુ ડુંગર તેહ, સીયાલ બે કેમ નવી ધરે; વચન સુણી
દ્વિજરાજ, સત્ય સત્ય કહી ગયા ઘરે. ૧૦ વાદ જીપી વન

માંહીં, આવ્યા પૂર્વલી પરે; મનોવેગ કહે સુણો ભાય, સુ-
ગ્રીવ હનુમંત વાનર કરે ॥ ૧૧ ॥ વિદ્યાધર હુવા રામ, રાવણ
રાક્ષસ નવિ હોયે; ખગપતિ તણો વંસ ચંગ, પવનવેગ
તુમે સાંભલો ॥ ૧૨ ॥

તો આ એક નાનકડા ડુંગરને તે શિયાળીયાઓ શામાટે ન ઉંચકી શકે? તે વચન સાંભળી બ્રાહ્મણો સઘળા સત્ય સત્ય કહી પોત પોતાને ઘેર ગયા ॥ ૧૦ ॥ એવી રીતે તેઓ બન્ને આગળની માફક વાદ જીતીને વનમાં આવ્યા, ત્યારે મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે ભાઈ, એ સુગ્રીવ, તથા હનુમાન વાંદરા નહોતા. ૧૧ રામ વિદ્યાધર થયા, તેમ રાવણ રાક્ષસ નહોતો, માટે હે ભાઇ તે વિદ્યાધરના વંશનું વૃતાંત તમે સાંભળો? ॥ ૧૨ ॥

## ઢાલ ત્રીજી.

રામ પુરા બજારમાં—એ દેશી.

કોશલ દેશ અયોધ્યાપુરી, રાજ પાલે નાભિ નરિંદ, તોરી બલીહારીરે
આદિ જિણંદની—એ આંકણી—હાજી મરૂદેવી ઉદરે ઉપન્યા, રિષભ દેવ
પ્રથમ જિણંદ. તો૦ ॥ ૧ ॥
ત્રાસી લાખ પુરવ ગયા પછી, ભરતને આપ્યું નિજ રાજ; તો૦
આદિ દેવે દીક્ષા તે અનુસરી, કાયોત્સર્ગ ધરી કરે કાજ. તો૦ ॥ ૨ ॥
ધ્યાન ધરે જિન જે હવે, તેહવે આવ્યા સાલા બેહ; તો૦
નમિ વિનમી નામે ભલા, આદિ દેવ પ્રતે કહે તેહ. તો૦ ॥ ૩ ॥

કોશલ નામે દેશમાં અયોધ્યા નગરીમાં નાભિ રાજા રાજ કરતા હતા, ત્યાં મરૂદેવી માતાની કુખે રિષભદેવ નામે પ્રથમ તીર્થંકરનો અવતાર થયો ॥ ૧ ॥ ત્રાસી લાખ પૂરવ વર્ષો ગયા બાદ તેઓ (રિષભદેવ) પોતાનું રાજ ભરતને સોંપી, પોતે દીક્ષા લઇ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા ॥ ૨ ॥ પછી જ્યારે તે ધ્યાન ધરીને ઉભા છે, ત્યારે તેના નમિ અને વિનમિ નામે બન્ને સાલાઓ તેમની પાસે આવ્યા ॥ ૩ ॥

પુત્ર સહુને વ્હેંચી આપીયા, દેશ નગર તુમે દેવ; તો૦
અમને કાંઇ નહીં આપીયું, તુમારી ઘણી કીધી સેવ. તો૦ ॥ ૪ ॥
એણી પરે માગે સાલા દોય, હઠ લેઇ ધરી રહ્યા પાય; તો૦
ધ્યાન વિઘન સ્વામિને કરે, દિન વચને કૃપા થાય. તો૦ ॥ ૫ ॥
આસન કંપ્યું ધરણેંદ્રનું, નાગરાજ આવી કરે કાજ; તો૦
વિદ્યા આપી બેહુને ઘણી, રૂપ ધરી જિનરાજ. તો૦ ॥ ૬ ॥

અને કહેવા લાગ્યા કે, તમોએ સઘળા દેશ, નગર વિગેરે તમારા પુત્રોને તમે વેંચી આપ્યા, અને અમોએ તમારી ઘણી સેવા કર્યા છતાં, અમોને કંઇ તમોએ આપ્યું નહીં ॥ ૪ ॥ એવી રીતે બન્ને સાલાઓ હઠ લઇને પ્રભુના પગે પડી તે ઝાલીને

તેમને ધ્યાનમાં વિઘ્ન કરવા લાગ્યા, તથા પ્રેમ વચનો કહેવા લાગ્યાથી તેમને દયા આવી ॥ ૫ ॥ તે વખતે ધરણેંદ્રનું આસન કંપવાથી, તેણે પ્રભુનું રૂપ લઈ બેઓને વિદ્યા આપી ॥ ૬ ॥

વિજયારધ લેઈ ચાલીયો, દક્ષિણ શ્રેણ નગર પચાસ; તો૦
પચાસ કોડી ગામ તીહાં ભલા, નમી થાપ્યો ચક્રવાલ પુરવાસ. તો૦૭
ઉત્તર શ્રેણિ નગર સાઠ, તેટલા ક્રોડ છે વલી ગામ; તો૦
રથનો પુર સ્વામિ વિનમી કરી, નાગરાજ ગયો નિજ ઠામ. તો૦ ૮
નમિવંસે વિદ્યાધર ઘણા હુવા, ચક્રવાલ પુર તણા ઇસ; તો૦
અનુક્રમે પુર્ણ મેઘ નૃપ હુવો, દક્ષિણ શ્રેણ તણો મહીસ. તો૦ ॥ ૯ ॥

ત્યાંથી તેઓને વિજયાર્ધની દક્ષિણ શ્રેણિમાં લઇ જઈ પચાસ મોટા નગરો, તથા પચાસ ક્રોડ ગામ વસાવી આપી, ચક્રવાલ નામે રાજધાનીનો નમીને અધિપતિ કર્યો ॥ ૭ ॥ અને ઉત્તર શ્રેણીમાં સાઠ નગર અને સાઠ ક્રોડ ગામ વસાવી આપી રથનોપુર નામે રાજધાનીનો વિનમીને અધિપતિ કરી, તે નાગરાજ પોતાને સ્થાનકે ગયો ॥ ૮ ॥ એવી રીતે નમિનાં વંશમાં ચક્રવાલપુરમાં ઘણા વિદ્યાધરો થયા, ત્યાં અનુક્રમે તે દક્ષિણ શ્રેણિનો પૂર્ણ મેઘ નામે રાજા થયો ॥ ૯ ॥

વિનમી અનુક્રમે નૃપ હુવા, ઉત્તર શ્રેણના રાય; તો૦
સત લોચન ખગપતિ ભલો, રથનુપુર સેવે નર પાય. તો૦ ॥ ૧૦ ॥
ચક્રવાલપુર જઈ વીટીયો, સત લોચને તેણી વાર; તો૦
પૂર્ણ મેઘ રણવટ કરી, હણીયો સત લોચન માર. તો૦ ॥ ૧૧ ॥
સહસ્ર લોચન તિહાં આવીયો, પિતા તણો સાંભલી મરણ; તો૦
વિષમ સંગ્રામ તવ તેણે કર્યો, પૂર્ણ મેઘ ગયો જમ સરણ. તો૦ ॥૧૨॥

હવે ઉત્તર શ્રેણિમાં વિનમિના કુળમાં અનુક્રમે રથનુપુર નામે શેહેરમાં સતલોચન નામે વિદ્યાધર થયો ॥ ૧૦ ॥ ત્યારે સતલોચને ચક્રવાલપુરમાં જઇ ઘેરો ઘાલ્યો, ત્યાં પૂર્ણમેઘે લડાઇ કરીને સતલોચનને માર્યો ॥ ૧૧ ॥ ત્યારે તે સતલોચનનો પુત્ર સહસ્રલોચન પિતાનું મરણ સાંભળી ત્યાં આવ્યો, અને મોટી લડાઇ કરી પૂર્ણ-મેઘને તેણે માર્યો ॥ ૧૨ ॥

તેહ તણો સુત મેઘવાહન, સહસ્ર લોચન સાથે સંગ્રામ; તો૦
મેઘવાહન નાઠો ભાજીને, વિમાને બેસી નિજ જામ. તો૦ ॥ ૧૩ ॥
સહસ્રલોચન પુંઠે થયો, સમોસરણ દીઠું મનોહાર; તો૦
મેઘવાહને પ્રવેશ કર્યો, અજિતનાથ વાંધા ભવતાર. તો૦ ॥ ૧૪ ॥
પાછલથી શત્રુ આવીયો, સહસ્રલોચન વલી કાળ; તો૦
માનસ્થંભ દીઠે માનજ ગલ્યું, શાંતરૂપ થઇ વાંધા દયાલ. તો૦ ૧૫

તેના પુત્ર મેઘવાહને સહસ્રલોચન સાથે યુદ્ધ કર્યું, પણ ત્યાં પોતે હારવાથી મેઘ-વાહન વિમાનમાં બેસીને એકદમ નાસવા લાગ્યો ॥ ૧૩ ॥ ત્યારે સહસ્રલોચન તેની

પાછળ ગયો, પણ એટલામાં મેઘવાહને અજિતનાથ પ્રભુનું સમોસરણ જોયાથી, તેમાં તે દાખલ થયો, અને પ્રભુને નમસ્કાર કર્યો ॥ ૧૪ ॥ પાછળથી તેનો શત્રુ સહસ્રલોચન પણ ત્યાં આવ્યો, પણ ત્યાં તેણે માનનો નાશ કરનારા અજિતનાથ પ્રભુને જોવાથી, તેનું માન ઉતરી ગયું, અને તેથી શાંત થઇ તેણે પ્રભુને વાંદ્યા. ૧૫

**વયર મૂકી દોય જણ મલ્યા, નર કોઠે બેઠા છે જામ; તો૦**
**પૂર્વ ભવાંતર જિનેશ્વરે કહ્યા, સાંભલી હરખીયા તામ. તો૦ ॥ ૧૬ ॥**
**પાંચમા ખંડ તણી ભલી, ઢાલ ત્રીજી કહી સુવિસાલ; તો૦**
**રંગવિજયનો શિષ્ય એમ ભણે, નેમવિજયને મંગલ માલ. તો૦ ૧૭**

પછી તેઓ બન્ને પોત પોતાના વેરનો ત્યાગ કરી મનુષ્યના ગઢમાં બેઠા, ત્યાં જિનેશ્વરે તેમના પૂર્વલાભવોનો વૃતાંત કહી સંભળાવ્યો, જે સાંભળી તેઓ આનંદ પામ્યા ॥ ૧૬ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે મંગલ રૂપ પાંચમાં ખંડની ત્રીજી ઢાલ કહી ॥ ૧૭ ॥

## દુહા.

**રાક્ષસ ઇંદ્ર ભામ મહાભીમ, વ્યંતર કોટી સુણુ તેહ; મેઘવાહન ભવાંતર જાણીયો, પૂર્વે અમ પુત્ર એહ ॥ ૧ ॥ રાક્ષસને સ્નેહ ઉપન્યો, રાક્ષસી વિદ્યા દીધ; નવસર હાર આપ્યો ભલો, નવ મુખ દીસે માંહી સીધ ॥ ૨ ॥ મેઘવાહન લંકા દ્વિપ, સાતસેં જોજન માન; ત્રિકુટ ગઢ નવ જોજન લગે, બત્રીસ જોજન પુર થાંન ॥ ૩ ॥ છત્ર મુગટ ધજાદિક શીરે, રાક્ષસ લાંછન સોય; ભીમ મહાભીમે સહુ દીયો, મેઘવાહન લંકાપતિ મોય ॥ ૪ ॥**

મેઘવાહનના પૂર્વ ભવોની વાત સાંભળીને ત્યાં બેઠેલા રાક્ષસોના રાજા ભીમ મહાભીમે પૂર્વે તે અમારો પુત્ર હતો એમ જાણ્યું, તેમજ ઘણા વ્યંતરોએ એ વાત જાણી ॥ ૧ ॥ ત્યાં રાક્ષસને મેઘવાહન ઉપર પ્યાર આવવાથી તેણે રાક્ષસી વિદ્યા આપી, અને એક નવ સરોહાર આપ્યો, કે જેમાંથી જુદાં જુદાં નવ મોહોડાં દેખાતાં હતાં ॥ ૨ ॥ વળી મેઘવાહનને લંકાદ્વીપ, કે જેનું સાતસો જોજનનું પ્રમાણ હતું, વળી તેને નવ જોજનનો ત્રગડો ગઢ હતો, અને તેનું નગર (લંકા) બત્રીસ જોજનનું હતું તે આપ્યું ॥ ૩ ॥ વળી રાક્ષસના ચીન્હો છત્ર, મુગટ, ધજા, વિગેરે ભીમ મહાભીમે આપીને મેઘવાહનને લંકાનો રાજા સ્થાપ્યો ॥ ૪ ॥

## ઢાલ ચોથી.

એ કેમ વિસરેરે સુખડાં, વાલાજીનાં જોવા સરીખાં મુખડાં, મુખડે મોહ્યારે ઇંદા, વદન કમલ જાણે સારદ ચંદા—એ દેશી.

**મેઘવાહન રાણી તનુમતી, મહા રાક્ષસ સુત હુવો શુભ મતિ;**
**ગુણવંતી રાણીના પુત્ર બેહ, ભાનુ રાક્ષસ દેવ રાક્ષસ તેહ ॥ ૧ ॥**

સમુદ્રમાંહીં દ્વીપ અનેક, લોક વસાવ્યા તેણે વિવેક;
માનુ રાક્ષસ દેવ રાક્ષસ કેડે, એકસઠ રાજા ગયા છે તેડે ॥ ૨ ॥
કીર્તિધવલ રાજાનો વંસ, લંકા રાજ કરે પરસંસ;
લક્ષ્મીમતી છે રાણી તાસ, સુખ ભોગવે કરેય વિલાસ ॥ ૩ ॥

હવે તે મેઘવાહનને તનુમતી નામે ગુણવાન સ્ત્રી હતી, તેની કુખે ભાનુ રાક્ષસ અને દેવ રાક્ષસ નામે બે પુત્રોનો જન્મ થયો ॥ ૧ ॥ તેઓએ સમુદ્રમાં રહેલા અનેક દ્વિપોમાં માણસોની વસ્તી વસાવી, અનુક્રમે તેઓની પછી એકસઠ રાજા ત્યાં થયા ॥ ૨ ॥ ત્યાં પછી તે લંકામાં કીર્તીધવલ રાજા રાજ કરતો હતો, તેને લક્ષ્મીમતી નામે સ્ત્રી હતી, તેની સાથે તે હમેશાં સુખવિલાસ ભોગવતો હતો ॥ ૩ ॥

રતન સંચય પુર દક્ષિણ શ્રેણ, શ્રીકંઠ ખગપતિ રાજા તેણ;
તીહાંથી લંકાપુરી આવ્યો, બેન બનેવી મલવા ધાયો ॥ ૪ ॥
કીર્તિધવલ રાજા આનંદ, સાલાને આલિંગ્યા જન વૃંદ;
લક્ષ્મીમતી મલી ભાઈને, માન સનમાન દીધાં ધાઇને ॥ ૫ ॥
કીર્તિધવલ કહે સાંભલો સાર, તુજ સાથે મુજ સ્નેહ અપાર;
જે જે લક્ષ્મી છે અમારે, તે તે શ્રીકંઠ છે તુમારે ॥ ૬ ॥

હવે દક્ષિણ શ્રેણીમાં રતનસંચય નામે નગરીનો શ્રીકંઠ નામે વિદ્યાધર, પોતાની બેન અને બનેવીને મળવા વાસ્તે લંકામાં આવ્યો ॥ ૪ ॥ ત્યાં કીર્તિધવલ માણસો સહિત સાળાને મળ્યો, તથા લક્ષ્મીમતીએ પણ પોતાના ભાઈનો ઘણો આદરસત્કાર આપ્યો ॥ ૫ ॥ પછી કીર્તીધવલે શ્રીકંઠને કહ્યું કે, અમારે તમારા સાથે ઘણો સ્નેહ છે, માટે જેજે આ લક્ષ્મી અમારી પાસે છે, તે સઘળી તમારીજ છે ॥ ૬ ॥

દ્વિપ દેશ પુર પાટણ જાણો, જે આપણે છે તે તુમે માણો;
જે જોઇએ તે માગો આજ, રત્ન દ્વિપાદિક ભોગવો રાજ ॥ ૭ ॥
વાનર દ્વિપ માગ્યું અભિરામ, શ્રીકંઠ સાલાને આપ્યું તામ;
બેન બનેવીને મોકલાવી, વાનર દ્વીપે આણ પલાવી ॥ ૮ ॥
કુટુંબ સેનાદિક પરિવાર, દ્વિપે આણી વાસ્યા નરનાર;
વાનર દ્વીપ મધ્યે છે સાર, કીષ્કંધ પર્વત ઉંચો અપાર ॥ ૯ ॥

વળી આ બેટ, દેશ, નગર, ગામ વિગેરે જે કંઈ મારૂં છે, તે સઘળું તમારૂંજ એમ માની, તમારે જે જોઇએ તે માગી લ્યો, અને ખુશી હોય તો આ રત્નદ્વિપનું રાજ પણ ભોગવો ॥ ૭ ॥ ત્યારે શ્રીકંઠે વાનરદ્વીપ માગ્યો, તે તેણે આપી ત્યાં તેને પોતાની બેન સહીત મોકલાવીને તેની આણ ફેરવાવી ॥ ૮ ॥ ત્યાં પોતાનું કુટુંબ, સેના, માણસો આદિક પરિવાર લાવીને તેણે વસાવ્યો; હવે વાનરદ્વિપમાં કીષ્કંધ નામે એક ઘણોજ ઉંચો પર્વત છે ॥ ૯ ॥

કંધપુર વાસ્યો શ્રીકંઠ, રાજ્ય ભોગવે મન ઉત્કંઠ;
ખગે વિદ્યા વાનરી સાધી, તે માટે કહેવાય હરિ બાંધી ॥ ૧૦ ॥

વાનર દ્વીપે ઘણાં વાનર, વિનોદ ક્રીડા કરે તે ફરફર;
શ્રીકંઠ વિદ્યાધર નર વરેશ, વાનર રમત કરે વિશેષ ॥ ૧૧ ॥
મુગટ છત્ર ધજાદિક ગેહ, સઘલે વાનર લીખીયા તેહ;
વાનર કહે લોક અજાણ, વિદ્યાધર રાજાએ સુજાણ ॥ ૧૨ ॥

ત્યાં તે કંધપુર નગર વસાવીને આનંદથી રાજ્ય ભોગવવા લાગ્યો વળી ત્યાં તેણે વાનર વિદ્યા સાધી, તેથી તે હરિબંધી (વાનર) પણ કહેવાય છે ॥ ૧૦ ॥ હવે તે વાનરદ્વીપમાં ઘણાં વાંદરાઓ આનંદ સહીત આમ તેમ કુદી ક્રીડા કરતા હતા, ત્યાં તે શ્રીકંઠ વિદ્યાધર પણ તેઓની સાથે ક્રીડા કરવા લાગ્યો ॥ ૧૧ ॥ વળી પોતાના મુગટ, છત્ર ધજા આદિકમાં પણ વાનરોનાં ચિત્રો કહાડ્યા; તેથી કેટલાક અજાણ લોકો તેમને વાનર કહેવા લાગ્યા તથાપી તે ડાહ્યા વિદ્યાધર રાજા હતા. ૧૨

એણી પરે મેઘવાહન લંકેશ, મુગટ ધ્વજ છત્રે રાક્ષસ;
મેઘવાહન કુલે ઉપન્યા રાય, ત્રિખંડ પતિ રાવણ તે થાય ॥ ૧૩ ॥
શ્રીકંઠ ખગેશ પરંપરા જાણ, વાલી સુગ્રીવ પવનાદિક ભાણ;
નેમિ વિનેમિ વંશે વિખ્યાત, વાનર રાક્ષસ નોહિ વાત ॥ ૧૪ ॥
વાનર તો તિર્યંચની જાતિ, વ્યંતર રાક્ષસ હોયે ભાતિ;
પશુ વ્યંતર કેમ હોય યુધ, એ સહુ જાણો મહા વિરૂદ્ધ ॥ ૧૫ ॥

વળી એવીજ રીતે લંકાના રાજા મેઘવાહને પોતાના મુગટ, ધજા, છત્ર વિગેરેમાં રાક્ષસના ચિન્હ રાખ્યા; તેથી લોકો તેમને રાક્ષસ કહેવા લાગ્યા. તે મેઘવાહનનાં કુળમાં રાવણનો જન્મ થયો, કે જેણે ત્રણ ખંડો સાધ્યા ॥ ૧૩ ॥ શ્રીકંઠ વિદ્યાધરના વંશમાં સૂર્ય સમાન વાલી, સુગ્રીવ, તથા પવન આદિકની ઉત્પત્તિ થઈ; એવી રીતે નમિ અને વિનમીનાં વંસમાં તેઓ ઉત્પન્ન થએલા છે; કાંઇ તેઓ વાનર અને રાક્ષસ નહોતા ॥ ૧૪ ॥ હવે વાનર તો તિર્યંચ જાતિ છે, અને રાક્ષસ વ્યંતરની જાતિ છે, તો પશુ અને વ્યંતરનું યુદ્ધ શી રીતે થાય? માટે તે વાત તો અસંભવિત જાણવી ॥ ૧૫ ॥

વિદ્યાધર વિદ્યાબલ ચાલે, ગિરિ ઉચલતાં તતક્ષિણ ઝાલે;
કદાચિત હોયે તો સબલી હોય, સાગર બંધન ઘટતું જોય ॥ ૧૬ ॥
મનોવેગે કથા કહી સાચી, પવનવેગ મનમાં રહ્યો રાચી;
જિનવર વચન કર્યાં અંગિકાર, મિથ્યા વચન કીધાં પરિહાર ॥ ૧૭ ॥
પાંચમા ખંડ તણી ઢાલ, ચોથી કહીયે નિપટ રસાલ;
રંગવિજય શિષ્ય એમ બોલે, નેમવિજયને નહીં કોઇ તોલે ॥ ૧૮ ॥

વળી વિદ્યાધરો પોતાની વિદ્યાનાં બળથી પર્વત ઉંચકી પણ શકે, વળી કદાચ તે બહુ બલવાન હોય, તો સમુદ્ર ઉપર પાજ પણ બાંધી શકે ॥ ૧૬ ॥ એવી રીતે મનોવેગની સાચી કથાથી પવનવેગે મનમાં આનંદ પામીને જિનેશ્વરનાં વચનો અંગીકાર કર્યાં, તથા મિથ્યાત્વના વચનોનો ત્યાગ કર્યો ॥ ૧૭ ॥ એવી રીતે પાંચમાં

ખંડની રસાળ એવી ચોથી ઢાલ સંપૂર્ણ થઇ રંગવિજયના શિષ્ય નેમવિજય સમાન કોઇ નથી ॥ ૧૮ ॥

## દુહા.

પવનવેગ કહે ભાઇને, રાવણ કેરો વૃતાંત; કે મિથ્યાતિએ અછે, કે જિનશાસન સાંત ॥૧॥ મનોવેગ કહે સાંભલો, રાવણ કેરી વાત; જેમ નિશ્ચય તુમને પડે, ભાંગે મનની ભ્રાંત ॥ ૨ ॥ ત્રિકુટ ગઢ લંકા તણો, મોટો મહીયલ માંહીં; રાવણ રાજ તિહાં ભોગવે, હારતણે મહીમાંહીં ॥ ૩ ॥

પછી પવનવેગે પુછયું કે હે ભાઈ, રાવણનું વર્ણન મિથ્યા મતમાંજ છે કે, આપણા જિન મતમાં પણ છે? ॥ ૧ ॥ ત્યારે મનોવેગે કહ્યું કે, રાવણની વાત પણ તમે સાંભળો, કે જેથી તમોને નિશ્ચય થઇ, તમારા મનનો સંદેહ દૂર થાય ॥ ૨ ॥ આ પૃથ્વીમાં લંકાનો ત્રગડો મોટો ગઢ છે, ત્યાં હારના પ્રભાવથી રાવણ રાજ્ય કરતો હતો ॥ ૩ ॥

ત્રિખંડ રાજ્ય તણો ધણી, નવ ગ્રહ બાંધ્યા પાય; વીસ ભુજા તેણે કરી, સુરનર સેવે પાય ॥૪॥ ત્રિસ સહસ વર્ષાં તણી, આયુ સ્થિતિ કહેવાય; નવ ધનુષ કાયા તણો, માન કહ્યો જિનરાય ॥ ૫ ॥ બત્રીસ સહસ નારી અછે, પુત્ર પુત્રી પરિવાર; જમાતાએ જસ ઘણાં, કહેતાં નાવે પાર ॥ ૬ ॥

તે ત્રણ ખંડનો રાજા હતો, વળી નવ ગ્રહોને તો તેણે પોતાના પગે બાંધી રાખ્યા હતા, વળી તેને વીસ હાથ* હોવાથી, દેવ તથા મનુષ્યો તેની સેવા કરતા ॥ ૪ ॥ વળી જિનેશ્વરે તેનું ત્રીસ હજાર વર્ષનું આયુષ્ય તથા નવ ધનુષ્યનું દેહનું પ્રમાણ કહ્યું છે. ॥ ૫ ॥ તેને બત્રીસ હજાર તો સ્ત્રીઓ હતી, વળી કેટલાક પુત્ર અને પુત્રીઓનો પરિવાર તેને હતો, વળી તેને એટલા તો જમાઇ હતા કે તેનો કહેતા પાર પણ આવે નહીં ॥ ૬ ॥

લાખ બેતાલીસ ગજ તુરી, લાખ બેતાલીસ રથ; ક્રોડ અડતાલીસ પાયક ભલા, આયુદ્ધ છત્રીસેં સથ્થ ॥૭॥ સોલ સહસ સામંત છે, ક્રોડ અડતાલીસ ગામ; અઢાર ક્ષોણી કટક તણો, રાજા રાવણ નામ ॥ ૮ ॥

વળી બેતાલી લાખ હાથી, બેતાલીસ લાખ ઘોડા, બેતાલીસ લાખ રથ, અડતાલીસ ક્રોડ પાળા (પાયદળ) તથા છત્રીસ જાતના હથીયારો તેને હતા ॥ ૭ ॥ વળી તે રાવણ રાજાને સોળ હજાર તો સામંત હતા, તથા અડતાલીસ ક્રોડ ગામ હતા, તેમ તેનું સૈન્ય અઢાર ક્ષોણી જેટલું હતું ॥ ૮ ॥

---

*હારના પ્રભાવે કરી રાવણના દશ મસ્તક દેખાતા હતા, તે અપેક્ષા કરી કવીએ તેને વીશ હાથ હોવા વિષે દર્શાવેલું માલમ પડે છે.

## ઢાલ પાંચમી.

વયરાગી થયો—એ દેશી.

લંકા પરિસર એક દારે, મુનિ સુવ્રત જિનરાય;
વિહાર કરંતા આવીયારે, સાધુ તણા સમુદાયોરે.
સુગુણ સાંભલો ॥ એ આંકણી ॥ ૧ ॥
ખર દૂષણ ભૂપતિ ભલોરે, રાવણ બનેવી તેહ;
ચંદ્રનખા નારી તણોરે, પતિ કહેવાયે એહોરે. સુ૦ ॥ ૨ ॥
સમોસરણ દેવે રચ્યુંરે, ભામંડલે કરી સાર;
ત્રગડે બેઠા દેશનારે, કરે ભવિક જન નિસ્તારોરે. સુ૦ ॥ ૩ ॥

એક વખત મુનિસુવ્રતસ્વામિ વિહાર કરતા કરતા, કેટલાક સાધુઓના પરિવાર સહિત લંકા પાસે આવ્યા ॥ ૧ ॥ ત્યાં રાવણની બેહેન ચંદ્રનખાનો પતિ ખરદૂષણ નામે એક ઉત્તમ રાજા હતો ॥ ૨ ॥ ત્યાં દેવોએ ભામંડલ સહિત સમોસરણની રચના કરી, ત્યાં ત્રગડા ગઢ ઉપર બેશી મુનિસુવ્રતસ્વામિ દેશના દઈ ભાવિક જીવોને આ ભાવ થકી તારવા લાગ્યા ॥ ૩ ॥

વન પાલક જઈ વિનવેરે, સાંભલો સ્વામિરે વાત;
આજ આવ્યા છે આપણેરે, ત્રિભુવન સ્વામિ વિખ્યાતોરે. સુ૦ ॥૪॥
વારૂ દિધ વધામણીરે, થયો મન ઉછરંગ;
ચતુરંગ સેના લેઈ કરીરે, વાજતે ઢોલ મૃદંગોરે. સુ૦ ॥ ૫ ॥
બેઠા જિન વાંદી કરીરે, અભિગમ સાંચવી પાંચ;
દેશના સાંભલી જિન તણીરે, મૂકી મન ખલ ખાંચોરે. સુ૦ ॥ ૬ ॥

ત્યારે વનપાલકે (માળીએ) રાજાને વધામણી આપી કે, હે સ્વામિ આજે આપણા ઉદ્યાનમાં ત્રણ ભુવનોનાં સ્વામિ આવ્યા છે ॥ ૪ ॥ તે સાંભળી રાજાને આનંદ થવાથી, તેણે વનપાલકને વધામણી આપી, અને ચતુરંગી સેના સહિત વાજિંત્ર વાગતે ત્યાં આવ્યો ॥ ૫ ॥ ત્યાં તેણે પાંચ અભિગમ સહિત વાંદીને જિનેશ્વર પાસે બેશી મનને પવિત્ર કરી દેશનાં સાંભળી ॥ ૬ ॥

દીજે અમને સુખાસિકારે, સ્વામિ આપો સેસ;
અરથ સરે અમને ઘણોરે, તુમને લાભ વિશેષોરે. સુ૦ ॥ ૭ ॥
તવ ત્રિભુવન સ્વામિ કહેરે, સાંભલો રાય સુજાણ;
ભોગ કરમ તુમને ઘણોરે, કેમ પાલસો પચખાણોરે. સુ૦ ॥ ૮ ॥
તવ રાવણ ફરી વિનવેરે, મુજથી થાયે જેહ;
તેહ ઉપાય કહો હવેરે, પાલું નિશ્ચય તેહોરે. સુ૦ ॥ ૯ ॥

પછી રાવણે કહ્યું કે, હે સ્વામિ અમોને સુખાકારી એવી કાંઈક બાધા આપો, કે જેથી અમારૂં કામ થાય, આપને પણ વધારે લાભ થાય ॥ ૭ ॥ ત્યારે મુનિસુવ્રત

સ્વામિ કહેવા લાગ્યા કે, હે બુદ્ધિવાન રાજા, હજુ તારે ઘણાં ભોગાવલી કર્મ ભોગવવાનાં છે, તો તારાથી પચખાણ શી રીતે પાળી શકશે? ॥ ૮ ॥ ત્યારે રાવણે ફરીને કહ્યું કે, હે સ્વામિ, મારાથી જે પાળી શકાય એવું કંઇ પચખાણ આપો, કે જે હું નિશ્ચળ થઇ પાળીશ ॥ ૯ ॥

વીસમા સ્વામિ તવ કહેરે, તુમથી થાસે જેહ;
નવ ભેદે જે સીલ છેરે, તેહનો ભાંગો એહોરે. સુ૦ ॥ ૧૦ ॥
જે સ્ત્રી રાજી થઇ કહેરે, તેહસું ભોગ વિલાસ;
રાજીવિનાં અડસો મતીરે, એહવો વ્રત ઉલ્લાસોરે. સુ૦ ॥ ૧૧ ॥
તવ વ્રત લીધો જિનને મુખેરે, રાવણ મનને રંગ;
તવ ખર દૂષણ એમ કહેરે, વ્રત લેવા ઉછરંગોરે. સુ૦ ॥ ૧૨ ॥

ત્યારે વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામિ કહેવા લાગ્યા કે, શીયલનાં નવ ભેદ છે, તેમાંથી એક ભાગો તમે પાળજો ॥ ૧૦ ॥ જે સ્ત્રી તમોને રાજી થઇને કહે, તેની સાથેજ તમારે ભોગ ભોગવવો, પણ કરાજીએ તમારે તેને અડકવું પણ નહીં, એ વ્રત તમો અંગીકાર કરો ॥ ૧૧ ॥ ત્યારે રાવણે હર્ષ પૂર્વક તે વ્રત જિનેશ્વર પાસેથી લીધું, ત્યારે ખરદૂષણે પણ કહ્યું કે, મને પણ વ્રત લેવાની ઇચ્છા છે. ૧૨

જિનની મૂરતિ નિત્ય પ્રતેરે, પૂજીને લેઉ અન્ન;
ન કરૂં દાતણ પૂજ્યા વિનારે, ત્રિકરણ રાખું મન્નરે. સુ૦ ॥ ૧૩ ॥
વ્રત લીધો બેજણે તિહાંરે, આવ્યા આપણે વાસ;
મન શુદ્ધે પાલે તીહાંરે, પામ્યા હરખ ઉલ્લાસોરે. સુ૦ ॥ ૧૪ ॥
વિદ્યાની શકિતએ કરીરે, ચાલે અંબર વેગ;
તીર્થ યાત્રા કરતા ફરેરે, સબલી જેહની તેગોરે. સુ૦ ॥ ૧૫ ॥

જિનેશ્વરની મૂરતિની હમેશાં પૂજા કર્યા બાદ મારે ભોજન લેવું, અને તે પૂજ્યા વિના મારે દાતણ પણ કરવું નહીં, અને તે વ્રત હું મન વચન અને કાયાયે કરી પાળીશ ॥ ૧૩ ॥ એવી રીતે તે બન્ને વ્રત લઇ, પોત પોતાને ઘેર આવ્યા, અને ત્યાં આનંદ પૂર્વક શુદ્ધ મનથી તે પાળવા લાગ્યા ॥ ૧૪ ॥ પછી વિદ્યાના બળથી આકાશ વાટે તેઓ તીર્થ યાત્રા કરવા લાગ્યા, કારણ કે તેઓ મહા બળવાન હતા. ૧૫

વિહાર કર્યો જિનવરે તીહાંરે, ફરતા દેશ વિદેશ;
ભવિજનને પ્રતિબોધવારે, તરણ તારણ વિસેસોરે. સુ૦ ॥ ૧૬ ॥
પાંચમા ખંડ તણી કહીરે, પાંચમી ઢાલ રસાલ;
રંગવિજય શિષ્ય એમ કહેરે, નેમને મંગલ માલોરે. સુ૦ ॥ ૧૭ ॥

પછી તે તરણ તારણ પ્રભુ ભવિ માણસોને બોધ દેવા વાસ્તે ત્યાંથી વિહાર કરી દેશો દેશમાં ફરવા લાગ્યા ॥ ૧૬ ॥ એવી રીતે પાંચમાં ખંડની પાંચમી રસાળ ઢાલ રંગવિજયના શિષ્ય નેમવિજયે કહી ॥ ૧૭ ॥

## દુહા.

સવિ સામગ્રી સજ કરી, રાવણ રાજા જાય; મંદોદરી રાણી સહિત, અષ્ટાપદ તીરથ આય ॥૧॥ વિદ્યા તણી શકતે કરી, ચઢી ઉંચા તતકાલ; પ્રણમ્યા રિષભ દેવને, પહેરાવી મંગલ માલ ॥ ૨ ॥ ધૂપ દીપ આરતી કરી, સવિ સજી સણગાર; મંદોદરી અધર રહી, નાચે દેવલ મોઝાર ॥ ૩ ॥

પછી રાવણ એક વખત સઘળી તૈયારી કરીને મંદોદરી રાણી સાથે અષ્ટાપદ તીર્થ ઉપર જાત્રા કરવા આવ્યો ॥ ૧ ॥ ત્યાં વિદ્યાના જોરથી એકદમ ઉંચે અષ્ટાપદ ઉપર જઈ, રિષભદેવ પ્રભુને નમસ્કાર કરી મંગલ માલા પહેરાવી ॥ ૨ ॥ પછી મંદોદરી રાણી ધૂપ, દીપ, તથા આરતી કરીને, સઘળા સણગાર સજીને, આકાશમાં અધર રહી દેવળમાં નાચવા લાગી ॥ ૩ ॥

રાવણ જંત્રી લેઇને, ગાયે વાયે ગીત; ભાવે ભાવે ભાવના, બત્રીસ બદ્ધનાં નૃત્ય ॥ ૪ ॥ શ્રીમંડલને સજ કરી, તાંત બત્રીસે તાર; ઉલ્લટ આણી અંગમેં, તાન માન ઝણકાર ॥ ૫ ॥ અઢલિક ભાવે જે ભવી, ભાવે અધિક જે ભાવ; તેહને સાગર સંસારનો, ઉતારે ભવ નાવ ॥ ૬ ॥

ત્યાં રાવણ હાથમાં વીણાં લઇ, બહુ ભાવ સહીત બત્રીસ જાતના નાટક પૂર્વક ગાયન ગાવા લાગ્યો ॥ ૪ ॥ વળી તે ઉલટ સહિત બત્રીસે તાર ચડાવીને તાન સહિત વીણાં વગાડવા લાગ્યો ॥ ૫ ॥ એવી રીતે અવિચ્છિન ભાવ પૂર્વક જે ભવિ માણસ ભાવના ભાવે છે, તે આ સંસાર સમુદ્રનો પાર પામે છે ॥ ૬ ॥

ભાવ બલે કરી ભાવતાં, વાતાં તાંતનો તાર; તુટચો તેણ સમે રાવણે, નસ કાઢી તેણી વાર ॥ ૭ ॥ સાંધી તાંત તેણે સમે, ખંડિત ન કર્યો લગાર; નહીંતો મંદોદરી નારિનો, મરણ હોત તેણી વાર ॥ ૮ ॥ લાભ ઉપાયો અતિ ઘણો, લીધો તીર્થંકર પાટ; આવતી ચોવીસીમાં હોસે, જિન રૂપી સમ ઘાટ ॥૯॥

એવી રીતે ભાવ પૂર્વક ભાવના ભાવતા વીણાનો તાંત તુટવાથી, તેજ વખતે રાવણે પોતાની નસ શરીરમાંથી કહાડી ॥ ૭ ॥ અને તેજ વખતે તે નસવતી તાંત સાંધીને રંગમાં જરા પણ ભંગ કર્યો નહીં, અને એમ નહીં કરતે તો, મંદોદરીનું તત્કાળ ત્યાં મરણ થાત ॥ ૮ ॥ એવી રીતે ત્યાં અત્યંત લાભ ઉપાર્જન કરીને તેણે તીર્થંકર પદ બાંધ્યું, અને તે આવતી ચોવીસીમાં જિનેશ્વર રૂપે થશે ॥ ૯ ॥

## ઢાલ છઠ્ઠી.

ત્રીપદીની બે કર જોડી તાંમરે ભદ્ર વિનવે—એ દેશી.

તિહાંથી આવ્યા નિજ ઘરેરે, રાવણનો પરિવારં;

ચંદ્રનખા ભગની સહીએ, તેહનો પુત્ર છે એકરે, વિધનપતિ નામે,
નિત્ય જાયે છે વન વહીએ ॥ ૧ ॥
પર વિઘનની વિદ્યારે, સાધવાને કાજે,
વંશજાલ ગુચ્છા માંહીંએ;
સાધે નિત્ય પ્રતે તેહરે, એકાકી વનમાંહે,
નવી દેખે કોઇ તાંહેંએ ॥ ૨ ॥

ત્યાંથી તે રાવણુ પરિવાર સહિત પોતાને ઘેર આવ્યો; હવે તે રાવણુની ચંદ્રનખા નામે બેહેનનો વિઘ્નપતિ નામે પુત્ર હતો તે હમેશાં વનમાં જતો હતો ॥ ૧ ॥ તે વિઘ્નપતિ "બીજાને દુઃખ દેવાની વિદ્યા" સાધવા વાસ્તે હમેશાં વનમાં જઇ, વાંસની ઝાડીમાં સંતાઇને, જેમ કોઇ દેખે નહીં તેવી રીતે એકાએક વનમાં હમેશાં વિદ્યા સાધતો ॥ ૨ ॥

તેહને ભોજન કાજરે, માતા તેહની,
લઇ આવે છે નિત્ય પ્રતેએ;
એમ કરતાં એક દીનરે, રામ ને લક્ષ્મણ,
સીતા સાથે લેઇ છતેએ ॥ ૩ ॥
આવ્યા છે વનવાસરે, તેહ નીજ ઠામે,
લક્ષ્મણ ચોકી કરતા ફરેએ;
ચિંતવી મનમા એમરે, દુર્ધર કોઇક જીવ,
ઉપદ્રવ આવીને કરેએ ॥ ૪ ॥

વળી તેને ભોજન વાસ્તે હમેશાં તેની માતા ત્યાં ભાતું લાવતી; હવે એમ કરતાં એક દિવસ રામ તથા લક્ષ્મણુ સીતાને સાથે લઇ ત્યાંથી નિકળ્યા ॥ ૩ ॥ તેઓ વનવાસ ભોગવતા ત્યાં આવી ચડ્યા, ત્યાં લક્ષ્મણુ મનમાં વિચારે છે કે, કોઇ દુષ્ટ જીવ આપણુને ઉપદ્રવ કરે નહીં, તેટલા માટે તે ચોકી કરતો હતો ॥ ૪ ॥

તે માટે લેઇ ખડગરે, વાંસની જાલમાં,
છેદે તે ખડગે કરીએ;
તે કુંવર વિધનપતિરે, બેઠો છે ધ્યાને,
ધા વાગ્યે ગયો મરીએ ॥ ૫ ॥
દીઠો લક્ષ્મણે તામરે, ઓરતો કર્યો ઘણો,
નિમિત માત્ર મિટે નહીંએ;
પાછા ફરી વલી આવરે, કુંવરની માતા તિહાં;
ભોજન લેઇ આવી વહીએ ॥ ૬ ॥

માટે તે વખતે ખડ્ગ લઈ તેણે વાંસની ઝાડી કાપવા માંડી, તે વખતે ત્યાં ધ્યાનમાં બેઠેલા વિઘ્નપતિને તેનો ઘા વાગ્યો. અને તેથી તે ત્યાં તત્કાળ મરણુ પામ્યો ॥૫॥ ત્યાં લક્ષ્મણે તેને મૃત્યુ પામેલો જોઇ બહુ પસ્તાવો કર્યો; પણુ કર્મમાં લખ્યું હોય

તે મિથ્યા થતું નથી, એમ વિચારી તે પાછા ફરી આવ્યા. ત્યારે તે કુંવરની માતા ભોજન લઇ ત્યાં આવી પહોંચી ॥ ૬ ॥

દેખી કલેવર તામરે, રૂદન કરે ઘણું,
પુત્ર કોણે મારો મારીયોરે;
સીસ કુટે લટ તોડેરે, હૃદયે આસ્ફાલે,
નયણે આંસુ ઝારીયોએ ॥ ૭ ॥
મનમાં ચિંતવે એમરે, કોણ હોસે દુસમન;
જઈ નીહાલું તેહનેએ;
આવે પગ જોતી તામરે, દીઠો લખમણ,
આવીને કહે એહનેએ ॥ ૮ ॥

ત્યાં કુંવરનું મુડદું જોઇ, તે રૂદન કરવા લાગી, અને કહેવા લાગી કે, મારા પુત્રને કોણે માર્યો? એમ કહી માથું કુટવા, છાતી પછાડવા તથા આંખોમાંથી આંસુ પાડવા લાગી ॥ ૭ ॥ પછી મનમાં વિચારવા લાગી કે, એ દુશ્મન કોણ હશે. એને જોઉં તો ખરી, એમ વિચારિ પગલે પગલે આવીને જુએ છે, તો લક્ષ્મણને જોઇ તેને કહેવા લાગી ॥ ૮ ॥

દેખી લક્ષ્મણ રૂપરે, વિકલ થઈ મને,
પુત્ર ચિંતા મટી ગઇએ;
કહે મુખથી તવ બોલરે, અહો અહો સોભાગી,
હું તુમ પર રાજી થઇએ ॥ ૯ ॥
તું માહરો ભરતારરે, માહરે ઇણ ભવે,
એમ નિશ્ચય કરી જાણજોએ;
તાહરી ઉત્તમ પ્રજાતરે, જો હોયે તો સહી,
નાકારો મત આણજોએ ॥ ૧૦ ॥

પણ પછી લક્ષ્મણનું રૂપ જોઇ કામાતુર થવાથી તેની પુત્રની ચિંતા દૂર ગઇ, અને તે બોલવા લાગી કે, હે સોભાગી, હું તારાપર અત્યંત ખુશી થઇ છું ॥ ૯ ॥ આ ભવમાં તો તુંજ મારો ભરતાર છે, એ વાત તમારે નક્કી જાણવી; જો તું ઉત્તમ કુળનો માણસ હો, તો એ વાતમાં તારે બિલકુલ ના પાડવી નહીં ॥ ૧૦ ॥

લક્ષ્મણ કહે તવ વાતરે, એ કામ હું નવી કરૂં,
પરની સ્ત્રી કેમ ભોગવુંએ;
મીઠું પણ થયું એઠુંરે, પરનું જે ચાખ્યું,
તે તો હું નવિ જોગવુંએ ॥ ૧૧ ॥
ચંદ્રનખા કહે વાતરે, માહરે મેં કહ્યું,
મત ઉથાપે તું હવેએ;

જો સુખ વાંછે એમરે, તો મન ધારજે,
કુડ વચણ તું મત લવેએ ॥ ૧૨ ॥

ત્યારે લક્ષ્મણે કહ્યું કે, એ કામ મારાથી થાય નહીં, કારણ કે પરસ્ત્રી મારે ખપે નહીં, કેમકે જે ભોજન મીઠું હોય, પણ તે જો કોઈનું એઠું હોય તો તે ખવાય નહીં ॥ ૧૧ ॥ તે સાંભળી ચંદ્રનખા બોલી કે, જો તું સુખની ઇચ્છા કરતો હોય, તો મારૂં વચન ઉથાપજે નહીં, અને બિચાર કરીને આવાં ખોટાં વચનો બોલતો નહીં. ૧૨

લક્ષ્મણ કહે હવે એમરે, ભગની માહરી,
ધર્મની માતા તું અછેએ;
ક્રોધાતુર થઇ એમરે, ખબર રાખે માહરી,
એમ કહીને પાછી ગછેએ ॥ ૧૩ ॥
તુજ સરીખો છે ભાઇરે, તો ચિંતા કસી,
એમ હું નિત્ય જાણતી હતીએ;
માહરો વિધનપતિ પુત્રરે, માર્યો લક્ષ્મણે,
તો હું નારી અછતી છતીએ ॥ ૧૪ ॥

ત્યારે લક્ષ્મણે કહ્યું કે, તું તો મારી બેહેન, અથવા ધર્મની માતા સમાન છે, તે સાંભળી ચંદ્રનખા ગુસ્સો કરી કહેતી ગઇ કે, બચ્ચા તું ધ્યાન રાખજે, તારા કેવા હાલ થાય છે, એમ કહી ત્યાંથી ચાલી ગઇ ॥ ૧૩ ॥ પછી તે રાવણ પાસે જઇ તેને કહેવા લાગી કે, તારા જેવો જ્યારે મને ભાઇ છે, ત્યારે હું એમ માનતી હતી કે, હવે મને શી ફિકર છે? પણ આજે મારા પુત્ર વિઘ્નપતિને લક્ષ્મણે માર્યો, જેથી હું જીવતી છતાં મુઆ જેવી છું ॥ ૧૪ ॥

વાર કરો હવે મારીરે, ઢીલ ન કરો કસી,
જે ઘડી જાયે જુગ સમીએ;
સાંભલી રાવણ તામરે, દૂત એક મોકલ્યો,
સામંત ભેલા કર્યા ભમીએ ॥ ૧૫ ॥
ખર દૂષણ પરિવારરે, લશ્કર કરી ભેલો,
ચઢયા કટક ગેડી થઇએ;
આવી ડેરા દીધારે, સાયરને કાંઠે,
પ્રતિમા ઘરે વિસરી ગઇએ ॥ ૧૬ ॥

માટે હવે તમે મારી મદદ કરો, એમાં જરા પણ વખત લગાવો નહીં, કારણ કે, હવે એક ઘડી પણ એક જુગ સરખી જાય છે, તે સાંભળી રાવણે માણસને મોકલી સામંત લોકોને એકઠા કર્યા ॥ ૧૫ ॥ પછી ખરદૂષણે પરિવાર સહિત લશ્કર એકઠું કરી સમુદ્ર કાંઠે જઇ લડાઇ વાસ્તે ડેરા તણું માર્યા, પણ પોતાની જિન પ્રતિમા ઘેર આગળ વિસરી ગયો ॥ ૧૬ ॥

દાતણ કરવા નીમરે, લીધો પચખાણ,
જિન વચન કેમ ભાંગીએએ;
છાણ વેલુ કરી ભલોરે, બિંબ કીધો નવો,
પૂજા કરી પગે લાગીએએ ॥ ૧૭ ॥
અનુક્રમે દરસન કીધોરે, પ્રતિમા કુપક માંહીં,
મૂકીને સહુ ચાલીયાએ;
ઘણાં કાલ લગી માંહીંરે, અધિષ્ટાતા તિહાં,
ધરણેંદ્ર તીહાં ભાલીયાએ ॥ ૧૮ ॥

તેણે જિન પ્રતિમાનું દર્શન કર્યાં વિના દાતણ કરવાનું પણ પચખાણ લીધું હતું, તેથી વિચારવા લાગ્યો કે, જિનેશ્વરનું વચન મારાથી કેમ ભંગ થાય? પછી તેણે ત્યાં છાણ તથા વેકર એકઠી કરી જિન પ્રતિમા બનાવીને નમસ્કાર કરી તેની પૂજા કરવા લાગ્યો ॥ ૧૭ ॥ પછી દર્શન કરી તે પ્રતિમાને એક કુવામાં મુકીને તેઓ ચાલ્યા, પછી ઘણો વખત સુધી અધિષ્ટાતા દેવે તે પ્રતિમાની ત્યાં પૂજા સંભાળ કીધી, પછી તે વાતની ધરણેંદ્રને ખબર પડી ॥ ૧૮ ॥

આવી કાઢચો બિંબરે, અંબર અધર રાખી,
અંતરિક નામ થાપીયોએ;
આગે એહનો વિસ્તારરે, બહુ શ્રુત તે જાણે,
માહરી મત સારૂ વ્યાપીયોએ ॥ ૧૯ ॥
પાંચમા ખંડ તણીરે, ઢાલ છઠ્ઠીએ કહી,
શ્રોતા સુગુણ ભણી ગમીએ;
રંગવિજયનો શિષ્યરે, નેમવિજય કહે,
માહરા દિલમાં એ રમીએ ॥ ૨૦ ॥

પછી તે પ્રતિમાને બહાર કહાડી આકાશમાં અધર રાખી, અને તેનું અંતરિક નામ સ્થાપ્યું, વળી કવિ કહે છે કે, આ મેં મારી બુદ્ધિ પ્રમાણે આટલું જાણ્યું છે, પણ તેનો વિશેષ વિસ્તાર, તો જ્ઞાની મહારાજ જાણે ॥ ૧૯ ॥ એવી રીતે પાંચમાં ખંડની છઠ્ઠી ઢાળ સંપૂર્ણ થઇ, અને તે તમામ સાંભળનારાઓને પણ રૂચી હશે, રંગવિજયના શિષ્ય નેમવિજયજી કહે છે કે, મને પણ એ બહુ ગમી છે ॥ ૨૦ ॥

## દુહા.

લશ્કર સહુ ભેલો મલી, આવ્યા વન વંસ જાલ; રામચંદ્ર લક્ષ્મણ બેને, ખબર થઇ તતકાલ ॥૧॥ લક્ષ્મણ કહે રામચંદ્રને, તુમે સીતાને પાસ; રહેજો સાવધાન થકા, હું જાઉં લડવા તાસ ॥ ૨ ॥ જો હું નાદ કરૂં સિંહનો, તો મુજ કરજો વાર; મેલસો માં સીતા રળી, કહું છું વારંવાર ॥ ૩ ॥

હવે તે સઘળું લશ્કર એકઠું થઇને તે વાંસનાં વનમાં આવ્યું, ત્યારે તે બાબતની રામચંદ્ર અને લક્ષ્મણને તુરત ખબર પડી ॥ ૧ ॥ ત્યારે લક્ષ્મણે રામને કહ્યું કે, તમે સાવચેતીથી સીતાની પાસે રહેજો, અને હું ત્યાં લડવાને જાઉં છું ॥ ૨ ॥ વળી જો હું સિંહનાદ કરૂં તોજ તમે મારી મદદે આવજો, પણ હું એટલું તો આપને ખરાવીને કહું છું કે સીતાને વીલી મુકશો નહીં ॥ ૩ ॥

લક્ષ્મણ ચાલ્યા ઝુઝવા, લશ્કર સનમુખ જાય; એક બાણ
નાખે થકે, સહસ્ર સંખ્યા થાય ॥૪॥ વાસુદેવ બલ આગલે,
સહસ પચવીસ દેવ; એતા શરીરના દેવતા, રક્ષા કરે નિત્ય
મેવ ॥ ૫ ॥ જે આયુધ લશ્કર તણાં, લક્ષ્મણ ઉપર આવે;
તે દેવતા રક્ષા કરે, તે સર્વે નિષ્ફલ થાવે ॥ ૬ ॥

હવે લક્ષ્મણ ત્યાંથી લશ્કર સામે લડવા ચાલ્યા, અને પોતે એક બાણ મારે તો તેમાંથી હજાર બાણ નીકળી શત્રુઓનો સંહાર કરે ॥ ૪ ॥ વાસુદેવ પાસે પચીસ હજાર દેવતાઓ હમેશાં તેના શરીરની સેવા કરવા વાસ્તે હાજર રહે છે ॥ ૫ ॥ હવે દુશ્મનનાં લશ્કરમાંથી જે હથીયારો લક્ષ્મણ ઉપર આવે તે સઘળા દેવો પાછા વાળે તેથી તે ફોકટ જાય ॥ ૬ ॥

જે લક્ષ્મણ નાખે તદા, જે ઉપર તાણી બાણ; તેહને સહસ
ગમે સહી, જાયે તેહના પ્રાણ ॥ ૭ ॥ ખર દૂષણ રાજા તિહાં,
મરણ ગયો તતકાલ; તેણે અવસર લક્ષ્મણ તવ, મનશું થઈ
ઉજમાલ ॥૮॥ સિંહનાદ કરૂં જો હવે, કટક જાયે સવી ભાજ;
એમ ચિંતવી તેણે કર્યો, સિંહ સમો આવાજ ॥ ૯ ॥

પણ લક્ષ્મણ જેના ઉપર પોતાનું બાણ નાખે, તેમાંથી હજાર બાણ થઇ સામા ધણીના પ્રાણ જાય ॥ ૭ ॥ હવે એમ લડતાં લડતાં ખરદૂષણ રાજાને તુરત મરણ પામ્યો જાણીને, લક્ષ્મણે ખુશી થઇ મનમાં વિચાર્યું કે, જો હવે હું સિંહનાદ કરૂં તો હમણાં સઘળું લશ્કર નાશી જાય, એમ વિચારિ તેણે સિંહનાદ કર્યો* ॥ ૮ ॥ ૯ ॥

તે અવસર રામે તિહાં, સુણીયો સિંહનો નાદ; સીતા મૂકી
એકલી, આવ્યો કરવા વાદ ॥૧૦॥ બે ભાઇ મલી એકઠા,
માર્યો કાઢયો દૂર; નાઠો લેઈ લશ્કર વેગળો, જીતનાં વાગ્યાં
તૂર ॥ ૧૧ ॥ ચંદ્રનખા ઉતાવલી, ગઇ રાવણની પાસ; આ-
કુળ વ્યાકુલ થાતી થકી, મૂકતી મુખ નિશ્વાસ ॥ ૧૨ ॥

તે સિંહનાદ રામે સાંભળવાથી તે એકદમ સીતાને વીલી મુકીને ભાઈની મદદે આવ્યો ॥ ૧૦ ॥ ત્યાં બન્ને ભાઇએ એકઠા થઈ સઘળા લશ્કને દૂર નસાડી મુકયું,

---

*હેમચંદ્રાચાર્ય કૃત રામ ચરિત્રમાં સીતાનું હરણ કરવા માટે તેની પાસેથી રામને દૂર કાઢવા માટે રાવણે લક્ષ્મણના જેવો કપટે કરી સિંહનાદ કર્યો વિશેનો સંબંધ છે જેથી આ પાઠાન્તર માલમ પડે છે. તત્વની વાત કેવળી જાણે.

અને તેઓની (રામ લક્ષ્મણની) જીતના વાજા વાગ્યા ॥ ૧૧ ॥ એટલામાં ચંદ્રનખા રાવણ પાસે ઉતાવળી ગભરાટથી મુખથી નિસાસા નાખતી ગઈ ॥ ૧૨ ॥

કહેવા લાગી ભાઇને, માર્યો મુજ ભરતાર; મુખ શું દેખાડે લોકમેં, લાજે નહીં લગાર ॥ ૧૩ ॥ રાવણ ઉઠ્યો સાંભલી, પુષ્ફક લેઇ વિમાન; અદભૂત રૂપ નવો કરી, આવ્યો સીતા ઠામ ॥ ૧૪ ॥

અને કહેવા લાગી કે, અરે ભાઇ, મારો ભરતાર પણ રણ સંગ્રામમાં માર્યો ગયો, તો હવે તને મોહોડું દેખાડતાં શરમ નથી થતી? ॥ ૧૩ ॥ તે સાંભળી રાવણ એકદમ પોતાના પુષ્પક વિમાનમાં બેસી અદભૂત રૂપ કરીને સીતાની પાસે આવ્યો. ૧૪

## ઢાલ સાતમી.

સીયાલો હે ભલે આવીયો—એ દેશી.

સીતા દીઠી એકલી, ચિંતવે મનમાંહીં રાવણ વિચાર કે;
કોઈક બુદ્ધિ હવે કેલવું, જેમ આવે હે માહરે હાથે નાર કે.
સુગુણ સોભાગી સાંભલો ॥ એ આંકણી ॥ ૧ ॥
અતિત રૂપ કરી અતિ ભલો, ભિક્ષા કારણ હે આવ્યો તતકાલ કે;
અલેક જગાવ્યો આંગણે, સીતા આવી હે ઉભી ઉજમાલ કે. સુ૦ ૨
કેમ સ્વામિ તુમે આવીયા, તવ જોગી હે બોલે મુખ વાણ કે;
તાહરે પીયુ મને મોકલ્યો, તેડવા આવ્યો હે તુમને તિણ ઠાણ કે.સુ૦૩

હે ગુણવાન સોભાગીઓ તમે સાંભળજો. ત્યાં રાવણે સીતાને એકલી જોવાથી તે વિચારવા લાગ્યો કે, હવે કંઇક બુદ્ધિ કેળવીને સીતાનું હરણ કરૂં ॥ ૧ ॥ પછી તે જોગીનું રૂપ લઇ, એકદમ સીતા પાસે ભીખ માગવા આવ્યો, અને અલેક જગાવીને બારણે ઉભો, કે તુરત સીતા પણ હરખથી બહાર આવી ॥ ૨ ॥ પછી સીતાએ તેને પુછયું કે, તુમે અહીં કેમ આવ્યા છો? ત્યારે જોગીએ કહ્યું કે, તારા સ્વામિએ મને અહીં તને તેડવા વાસ્તે મોકલ્યો છે ॥ ૩ ॥

લશ્કર આવ્યો છે ઘણો, કોઈ દુશ્મન હે તુમને લેઇ જાય કે;
તે માટે ઉતાવલાં, તુમે બેસો હે આ વિમાનમાંય કે. સુ૦ ॥ ૪ ॥
સીતાએ જાણ્યું એ સહી, માંહે બેઠાં હે ઉધાડયું વિમાન કે;
આગલ જાતાં સામો મિલ્યો, વિદ્યાધર હે એકલો તેણે સ્થાન કે.સુ૦૫
પૂછયું રાવણને તિહાં, કુણ નારી હે કેહની કહેવાય કે;
તવ રાવણ કહે રામની, સીતા નારી હે કહે જે લેઇ જાય કે. સુ૦ ॥૬॥

અહીં વૈરીનું મોટું લશ્કર આવ્યું છે, માટે કોઇ દુશ્મન તમોને ઉપાડી ન જાય, તેટલા માટે એકદમ તમે આ વિમાનમાં બેશી જાઓ ॥ ૪ ॥ પછી સીતાએ તે વાત સાચી માની પોતે વિમાનમાં બેઠી, અને તે વિમાન આગળ ચાલવા લાગ્યું, એટલામાં એક વિદ્યાધર તેઓને સામો મળ્યો ॥ ૫ ॥ તે વિદ્યાધરે રાવણને પુછ્યું

કે આ સ્ત્રી કોણ છે, તથા તે કેની પત્ની છે, ત્યારે રાવણે કહ્યું કે, જા રામને જઇ કહેજે કે, તારી સ્ત્રી સીતાને રાવણ લઈ જાય છે ॥ ૬ ॥

તે વિદ્યાધરે રામને, સંભલાવી હે સીતાની વાત કે;
રામને લક્ષ્મણ બે મલી, દુઃખ પામ્યા હે કહેતાં નાવે ધાત કે. સુ૦ ૭
રામ રોઈ ઘણું ટલવલે, મુખ જંપે હે તરૂવર ભણી એમ કે;
કહો મુજને તુમ ઇહાં રહ્યા, કેમ મલસે હે સીતા મુજ જેમ કે. સુ૦ ૮
તરૂવર વાયે ડોલતાં, રામ જાણે હે કહે ધુણીને શિશ કે;
અમે ન જાણું કીહાં ગઇ, એમ ધારી હે મુજને કરે રીસ કે. સુ૦ ॥૯॥

પછી તે વિદ્યાધરે જ્યારે તે વાત રામને સંભળાવી, ત્યારે તેઓ એટલા તો દુઃખી થયા કે, કહી શકાય નહીં ॥ ૭ ॥ પછી રામ રૂદન કરતા કરતા વૃક્ષો પ્રતે કહેવા લાગ્યા કે, અરે વૃક્ષો મારી સ્ત્રી સીતા મને મળશે કે કેમ? તે તમો અહીં બેઠા બેઠાજ કહો ॥ ૮ ॥ પછી વૃક્ષો પર્વતથી ડોલવા લાગ્યાં તે જોઇ, રામ વિચારવા લાગ્યા કે, તેઓ મારા પર ગુસ્સે થઇ માથું ધુણાવી મને એમ કહે છે કે, અમે તે વાત જાણતા નથી ॥ ૯ ॥

તવ કેકી પંખી પ્રતે, રામ બોલે હે તુમે ઉડો આકાશ કે;
સીતા માહરીની વાતડી, બતાવો હે હું આપું શાબાશ કે. સુ૦ ૧૦
તવ પંખી બોલે મુખ થકી, ક્યાં વા ક્યાં વા હે ન જાણું અમે આપ કે;
રામ જાણે એ જે કહે, કિમ ખોવે હે આપનો માપ કે. સુ૦ ॥ ૧૧ ॥
પશુ ચોપગને પૂછે વલી, જાતાં વલતાં હે દીઠી સીતા નાર કે;
શીયાલ બોલ્યા તતક્ષણે, સાંભલીને હે રામે કીધો વિચાર કે. સુ૦ ૧૨

પછી રામ કેકી પંખીઓને કહેવા લાગ્યા કે, તમો હમેશાં આકાશમાં ઉડો છો, તેથી જો મારી સીતાની શોધ લાવો તો હું તમોને શાબાશી આપું ॥ ૧૦ ॥ ત્યારે તે પક્ષીયો, મુખથી ક્યાંવા ક્યાંવા કરવા લાગ્યા, તે જોઇ રામ વિચારવા લાગ્યા કે, તેઓ કહે છે કે, અમે જાણતા નથી, શા માટે તમો તમારો તોલ ખુઓ છો? ૧૧ વળી જાતાં આવતાં ચોપગા પશુઓને પુછે કે, તમે સીતાને જોઇ છે? ત્યારે શીયાળીયાં બોલવા લાગ્યા, તે સાંભળી રામે વિચાર્યું કે, ॥ ૧૨ ॥

ઉંઉંઉંઉં જે મુખથી કહે, લેઈ જાતાં હે ન દીઠી ઉણ ઠાણ કે;
લક્ષ્મણ રામ ભણી કહે, જંજાલનાં હે બોલો મુખ વાણ કે. સુ૦ ૧૩
ભાઇ તુમને કેમ ઘટે, સ્ત્રી માટે હે શ્યો કરો વેખાસ કે;
જો વિદ્યમાન બેઠા તુમે, કાલે લાવસું હે રાખો વિશ્વાસ કે. સુ૦ ॥૧૪॥
રોયાં રાજન પામીયે, રાખો ધીરજ હે આવે આપણ લાજ કે;
લાજે કાજ બગાડીયે, ભાઈ તુમને હે કેમ ઘટે આજ કે. સુ૦ ॥ ૧૫ ॥

તેઓ મોહોડેથી ઉંઉંઉંઉં કરતાં હતાં, તે જોઈ રામ વિચારવા લાગ્યા કે, તેઓ કહે છે કે અમોએ દીઠી નથી, ત્યારે લક્ષ્મણે કહ્યું કે તમો ખાલી બોલ્યા કરો

છો, તે ઠીક નહીં ॥ ૧૩ ॥ વળી હે ભાઈ, તમારે સ્ત્રી માટે આટલો બધો શોક કરવો લાયક નહીં, જો તમો હયાત બેઠા છો, તો આપણે કાલે તેને શોધી કહાડશું, મનને વિશ્વાસ રાખો ॥ ૧૪ ॥ વળી રોવાથી કંઇ રાજ મળે? માટે ધીરજ રાખો, આમ કરવાથી તો આપણને શરમ લાગે, અને તેથી કામ પણ સઘળું માર્યું જાય, માટે એમ તમારે પોચા ન થવું જોઇએ ॥ ૧૫ ॥

ધીરાં ધીરાં રાઓતાં, ધીરાં ધીરાં હે સર્વે કાજ હોય કે;
ચાર પહોરને આંતરે, દૂધ ફીટી હે દહીં થાયે જોય કે. સુ૦ ॥ ૧૬ ॥
ધીરાં ધીરાં જે કરે, માલીની પરે હે સો ઘડા સિંચાય કે;
પણ રૂતુ આવે નીપજે, રૂતુ વગર હે ફલ કીણી પરે થાય કે. સુ૦ ૧૭
તો હવે ઉદ્યમ કીજીયે, તેહથી જાયે હે આરતિ સવી દૂર કે;
હનુમાનને તેડાવીયે, મોકલીયે હે તેડવા દલપૂર કે. સુ૦ ॥ ૧૮ ॥

વળી ધીરી ધીરે રાજા થવાય, અને સઘળા કામ ધીરજથીજ થાય છે, કારણ કે ચાર પોહોરમાં તો દૂધ મટીને દહી થાય છે ॥ ૧૬ ॥ વળી જે ધીરે ધીરે કરે તેજ સારૂં થાય, જુઓ કે કદાપી માળી સો ઘડા પાણી પાય, તો પણ રૂતુ આવ્યે તેમાંથી ફળ થાય, પણ રૂતુ આવ્યા વિના ફળ શી રીતે થાય? ॥ ૧૭ ॥ તો હવે આપણે ઉદ્યમ કરીએ કે જેથી સઘળાં દુઃખ દૂર થાય, અને તેને માટે હવે હનુમાનને માણસ મુકી બોલાવીયે ॥ ૧૮ ॥

વિદ્યાધર વાલી વાનરા, રાઓત રાણા હે જક્ષ સરૂપ કે;
હાથી ઘોડા રથ પાલખી, ઉંટ પોઠો હે અણાવો અનુપ કે. સુ૦ ૧૯
પાંચમા ખંડ તણી કહી, ઢાલ સાતમી હે સહુ સુણજો સુજાણ કે;
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજય હે કીધાં રૂડાં વખાણ કે. સુ૦૨૦

વળી કેટલાક વિદ્યાધર વાંદરા, રાજા, રાણા, યક્ષ, હાથી, ઘોડા, રથ, પાલખી, ઉંટ, પોઠીયા વિગેરે મગાવો ॥ ૧૯ ॥ એવી રીતે પાંચમાં ખંડની સાતમી ઢાલ સંપૂર્ણ થઇ, તે હે બુદ્ધિવાન લોકો, તમે સાંભળજો, રંગવિજયના શિષ્ય નેમવિજયે તે સારી રીતે વર્ણવી ॥ ૨૦ ॥

## દુહા.

બોલાવ્યો હનુમાનને, સંભલાવી સવી વાત; દેશે પરદેશે
ફરી, ભેલી કરો સહુ ન્યાત ॥૧॥ હનુમાન તીહાંથી ચાલીયો,
ગયો દેશ વિદેશ; ઉમરાવ અનેક ભેલા હુવા, વિદ્યાધર વાનર
વિશેષ ॥૨॥ યક્ષ રાક્ષસ વલી આવીયા, ચતુરંગ દલ પરિ-
વાર; સંખ્યા કરતાં નવી બને, લશ્કર મલીયો અપાર ॥૩॥

પછી હનુમાનને બોલાવી સઘળી વાત કહીને કહ્યું કે હવે તમો દેશ પરદેશમાં જઇ લશ્કર એકઠું કરો ॥ ૧ ॥ પછી હનુમાન ત્યાંથી નિકળી દેશ પરદેશમાં ગયો, અને ત્યાંથી કેટલાક ઉમરાવ વિદ્યાધર વાંદરા વિગેરેને એકઠા કર્યા ॥ ૨ ॥ વળી

ત્યાં કેટલાક યક્ષ, રાક્ષસ વિગેરે આવ્યા, અને ત્યાં ચતુરંગી સેના એટલી તો એકઠી થઈ કે ગણી ગણાય નહીં ॥ ૩ ॥

**આસો સુદી દશમ દીને, શુભ લેલા શુભ વાર; શુભ સુકને સિદ્ધ કરી, થઇ ઘોડે અશ્વાર. ૪ સાયર કાંઠે આવીયા, દીઠું દેવલ એક; તે પાસે આવી ઉતર્યા, દર્શન કિંધ વિવેક ॥૫॥**

પછી આસો સુદ દશમને દિવસે, સારે ચોઘડીયે, શુભવારે, તથા શુભ સુકને સઘળા ઘોડેસ્વાર થઈ, દરીયા કિનારે આવ્યા, ત્યાં એક દેવળ જોયું, ત્યાં ઉતરી સર્વેએ તેના દર્શન કર્યાં ॥ ૪ ॥ ૫ ॥

**કરે અરદાસ બેઠા તીહાં, સાયર કેમ ઉતરાય; સાત માસ ને નવ દીને, સાયર પાજ બંધાય ॥ ૬ ॥ સીતાને લેઇ ગયો, રાવણ લંકા માંય; ફુલવાડી આવાસમાં, રાખી છે તેણે ઠાય ॥ ૭ ॥ નિત્ય આવે સીતા પ્રતે, પૂછે વારંવાર; પટરાણી થાપું કરી, માન વચન નિરધાર ॥ ૮ ॥**

પછી ત્યાં રહીને સમુદ્ર દેવને અરજ કરવા લાગ્યા કે, હમારે સમુદ્ર શી રીતે ઉતરવો? પછી સાત મહીના અને નવ દિવસે, સમુદ્ર ઉપર પાજ બંધાણી ॥ ૬ ॥ રાવણે સીતાને લંકામાં લઇ જઇ, ફૂલવાડીના મેહેલમાં રાખી હતી ॥ ૭ ॥ અને રાવણ હમેશાં સીતા પાસે આવી તેને વારંવાર કહે કે, હું તને મારી પટરાણી કરી સ્થાપું, માટે તું મારૂં વચન અંગીકાર કર ॥ ૮ ॥

## ઢાલ આઠમી.

એડલે ભાર ઘણો છે રાજ—એ દેશી.

**જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતર જામી;**
**પલ્લો અમારો છોડી દે પાપી, કુલમાં લાગસે ખામી,**
**મુજને અડસો માં જો રાજ, નાહલીયો દુહવાસે—એ આંકણી ॥ ૧ ॥**
**મરૂ મહીધર ઠામ તજે જો, પથ્થર પંકજ ઉગે;**
**સાયર જો મરજાદા મુકે, પાંગલો અંબર પુગે. મુ૦ ॥ ૨ ॥**
**તોપણ તું સાંભલરે રાવણ, નિશ્ચે હું શીલ ન ખંડું;**
**પ્રાણ અમારા પરલોકે જાયે, તોપણ સત ન છંડું. મુ૦ ॥ ૩ ॥**

ત્યાં સીતા રાવણને કહે છે કે, હું જનક રાજાની કુમરી છું, અને મારા સ્વામી તો રામચંદ્રજી છે, માટે હે પાપી તું મારો કેડો મુક? આથી કરી તારા કુળમાં લાંછન લાગશે; વળી મારો સ્વામિ પણ ગુસ્સે થશે, માટે મને અડકીશ નહીં. ૧ વળી કદાચ મેરૂ પર્વત ચલાયમાન થાય, પત્થર ઉપર કમલ ઉગે, સમુદ્ર પોતાની હદ છોડે, વળી લંગડો માણસ આકાશને અડકે, તોપણ હે રાવણ, હું મારૂં શીયલ ખંડુ એમ નથી, વળી કદાચ મારા પ્રાણનો નાશ થાય, તોપણ મારૂં સત હું છોડનાર નથી ॥ ૨ ॥ ૩ ॥

હું ધણીયાતી પીયુ ગુણ રાતી, હાથ છે માહરે છાતી;
રહે અલગો ન ચલું તુજ વયણે, કાં કુલ વાયે કાતી. મુ૦ ॥ ૪ ॥
કોણ મણિધરનો મણિ લેવાને, હઇડે ઘાલે હામ;
સતીય સંઘાતે સ્નેહ ધરીને, કહો કોણ સાધે કામ. મુ૦ ॥ ૫ ॥
કહો પરદારા સંગ કરીને, આખો કોણ ઉગરીયો;
ઉંડું તું તો જોય આલોચી, સહી તુજ દહાડો ફરીયો. મુ૦ ॥ ૬ ॥

વળી હું ધણયાતી છું, અને મારા ભરતાર ઉપર મને અત્યંત પ્રેમ છે, વળી મારૂં હૈયું મારે હાથ છે, હું તારા વચનોથી લલચાઉં તેમ નથી, માટે તું મારાથી દૂર રહેજે, વળી શામાટે તારાજ કુળમાં તું છરી મુકે છે? ॥ ૪ ॥ વળી મણિધર સર્પ પાસેથી મણિ લેવા વાસ્તે કોણ હીમત કરી શકે એમ છે? વળી સતી સાથે લંપટાઇ કરીને, કોણે પોતાનું કામ પાર પાડયું છે? ॥ ૫ ॥ વળી તમેજ કહો કે પરસ્ત્રીમાં લુબ્ધ થઇને કયો માણસ ઉગર્યો છે? માટે તું જરા ઉંડું વિચારિને તો જો? મને લાગે છે કે ખરેખર તારો દિવસ ઘેર નથી ॥ ૬ ॥

અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વામ્યું વિષ કોણ લેવે;
જેહ અગંજિત કુલના ભોગી, તે કેમ ફરી વિષ સેવે. મુ૦ ॥ ૭ ॥
લોક હસે નિજ ગુણ સવિ નીકસે, વિકસે દુરગતિ બારી;
એમ જાણીને કહો કોણ સેવે, પાપ પંક પર નારી. મુ૦ ॥ ૮ ॥
વલીય વિશેષે સ્ત્રીને સંગે, બોધ બીજ વલી જાવે;
લોકો માંહીં અપજશ થાવે, તો કેમ મરણ ન આવે. મુ૦ ॥ ૯ ॥

વળી કયો માણસ પોતાના શરીરને અગ્નિના કુંડમાં ફેંકે? વળી વમેલા વિષનો કોણ સ્વાદ ચાખે, વળી જે અગંજિત કુળના નાગ છે તે કદી પણ ફરી વિષ ચુસતા નથી ॥ ૭ ॥ વળી પરસ્ત્રી ભોગવવાથી ગુણનો નાશ થઇ, દુર્ગતિમાં જવું પડે છે, અને લોક પણ હસે છે. તો એમ જાણી જોઇને કયો માણસ પાપ રૂપી પરસ્ત્રીને સેવે? ॥ ૮ ॥ વળી સ્ત્રીનો ઘણો સંગ કરવાથી જ્ઞાનનો નાશ થાય, વળી લોકોમાં તેની અપકીર્તિ થાય, તો તેથી તેને શામાટે મરવું ન પડે ॥ ૯ ॥

કોઇ મૂરખ ચંદન કાજે, છારકે કોયલા આણે;
વિષ હલાહલ પીધા થકી જે, કોણ ચિરંજીવિત માણે. મુ૦ ॥ ૧૦ ॥
સીતા બોલી વચન રસાલા, જેમ અંકુસ સુંડાલ;
તોપણ રાવણ ન મેલે ચાળા, એહનાં કર્મનાં કાલા. મુ૦ ॥ ૧૧ ॥
એહવી સીતાની જે વાણી, સાંભલે નિત્ય એમ જાણી;
સતી જાણીને ન કહે તાણી, આણતાં શું તો આણી. મુ૦ ॥ ૧૨ ॥

વળી કયો મૂરખ માણસ ચંદન આપીને તેને બદલે રાખ અને કોયલા અંગીકાર કરે? વળી આકરૂં ઝેર પીધા પછી, કયો માણસ જીવી શકે? ॥ ૧૦ ॥ એવી રીતે સીતા, હાથીને અંકુશ સરખા જે કાતિ વચનો બોલી, તેથી પણ રાવણનું

મન પિગળ્યું નહીં, કારણ કે તે મહાદુષ્કર્મી હતો ॥ ૧૧ ॥ એવી રીતે સીતાનાં હમેશાં વચનો સાંભળે, અને પછી વિચારે કે, લાવતા તો લવાઇ ગઇ, પણ હવે તે સતી છે, માટે વધારે કહેવું નહીં ॥ ૧૨ ॥

લીધા મેલી વાત થઇ તે, અહીગે છછુંદરી પકડી;
મેલે તો થાય આંખો અંધો, ખાધે મરે પડયો જકડી. મું૦ ॥ ૧૩ ॥
એણી પરે મનમાં જાણે રાવણ, કરતાં સું તો કીધી;
થાનારો થાસે જે આગલ, લેતાં સું જે લીધી. મું૦ ॥ ૧૪ ॥
પાંચમા ખંડ તણીએ ઢાલ, આઠમી સહી કરી જાણો;
રંગવિજયનો શિષ્ય એમ પભણે, નેમની વાત વખાણો. મું૦ ॥ ૧૫ ॥

હવે રાવણને તે વાત લીધા મેલી જેવી થઇ, એટલે જેમ સર્પ છછુંદર પકડે, ને પછી તેને મેલે તો તે આંધળો થાય, અને ખાય તો પોતે મરી જાય એમ થયું, ૧૩ પછી રાવણે વિચાર્યું કે, કામ કરતાં તો કરાઇ ગયું, હવે જેમ આગળ બને તેમ ખરૂં ॥ ૧૪ ॥ એવી રીતે પાંચમાં ખંડની આઠમી ઢાલ કહી, રંગવિજયના શિષ્ય નેમવિજય કહે છે કે તે વાત વખાણવા લાયક છે ॥ ૧૫ ॥

## दुहा.

સાત માસ નવ દિન લગે, પૂજ્યા થંભણ પાસ; અધિષ્ટાતા શેષનાગજી, પસાય કીધો તાસ ॥૧॥ લશ્કર પાજે ઉતર્યો, લંકા નેડી લીધ; ખબર થઇ રાવણ ભણી, નગરમાં વાત પ્રસિદ્ધ ॥ ૨ ॥ બિભિક્ષણ ભાઇને કહે, રામ ચડી આવ્યા આજ; ભાઈ કરીને થાપીયે, સરવે સરસે કાજ ॥ ૩ ॥

હવે રામે સાત મહિના અને નવ દિવસ સુધી થંભણ પાર્શ્વનાથની મૂર્તિની પૂજા કરી, તેથી તેના અધિષ્ટાતા શેષનાગે તેના પર પસાય કર્યો ॥ ૧ ॥ લશ્કર સઘળું પાજ ઉપર થઇ સમુદ્ર ઓળંગીને લંકાની નજીક આવ્યું, ત્યારે તે વાતની રાવણને તથા નગરમાં પણ લોકોને ખબર પડી ॥ ૨ ॥ હવે બિભિક્ષણ રાવણને કહેવા લાગ્યો કે, રામ ચડીને આવ્યા છે, તો તેને આપણે ભાઇ કરીને બોલાવી સલાહ કરીએ, તો આપણું સર્વ સારૂં થશે ॥ ૩ ॥

રાવણ કહે ભાઈ સુણો, રામ છે દુશ્મન જાત; બનેવી આપણો મારીયો, વિધનપતિ નામ સુજાત. ૪ એવો વેરી મેલીયે, તો અપજસ જગ હોય; ઘર આંગણ આવ્યો થકો, જવા દે કહો કોય. ૫ બિભિક્ષણ કહે રામસું, ભાઇજી મ કરો વેર; વેધ પડસે એ વાતમાં, થાસે એ કામે ઝેર ॥ ૬ ॥

ત્યારે રાવણે કહ્યું કે, હે ભાઇ, રામ તો આપણો દુશ્મન છે, કારણ કે તેણે આપણા બનેવીને તથા તેના પુત્ર વિઘ્નપતિને માર્યો છે ॥ ૪ ॥ માટે એવા વેરીને જો આપણે છોડી દઇએ, તો જગતમાં પણ આપણી અપકીર્તિ થાય, વળી તે પોતે ઘર

આગળ ચાલી આવ્યો છે, તો એને આપણે કેમ જાવા દઇએ? ॥ ૫ ॥ ત્યારે બિભિક્ષણે ફરીને કહ્યું કે, હે ભાઈ રામ સાથે તમારે વેર કરવું યોગ્ય નથી, આ વાતમાં જો વેધ પડ્યો તો એમાંથી માઠું પરિણામ આવશે. ॥ ૬ ॥

તવ રાવણ કહે ભાઈને, ન ગમે તુજને એમ; તો તું રામ ભે-
ળો જઈ, થાપે ભાઈ કરી જેમ ॥ ૭ ॥ બિભિક્ષણ રામ ભેળો
મળ્યો, રાવણને ચડચો માન; સેના સરવે સજ કરી,
ડેરા દીધા રણ થાન ॥ ૮ ॥

પછી રાવણે ભાઇને કહ્યું કે, જો એ વાત તને પસંદ ન હોય તો, તું તારે રામની સાથે જઇ તેનો ભાઇ થઇને રહે ॥ ૭ ॥ પછી બિભિક્ષણ રામની સાથે જઇ મળ્યો, અને તેથી રાવણને અહંકાર આવ્યો, અને સઘળી સેનાને તૈયાર કરીને રણસંગ્રામ કરવા રણ ભૂમિ ઉપરે આવ્યો ॥ ૮ ॥

## ઢાલ નવમી.

કડખાની દેશી.

દલ વાદલ ચડચા, મેહ સમ ગાજીયા, વાજિંત્રની ધ્વંસ આકાશ વાગી;
છત્રીસ આયુધ સજ્યા, આમુહા સામુહા, ઝૂઝની હુબ ઉમંગ લાગી. દ૦ ૧
સિંદૂરીયા ગજ દલ આગલ કર્યા, અશ્વ તણી પાખરે રોલ ઝાઝી;
નાલ ઘોડા તણી, ધસ મસ પડે ઘણી, આવી અડયા ઘણાં સૂરમાંજી. દ૦ ૨
સિંધૂઓ રાગ, સરણાઈએ ટહુ કીયો, બંદીયે સરસ ગાયા પવાડા;
ચારણે ચરચીયા, બિરૂદ દુહડાલડા, મેલી ભેળા કર્યા મલ અખાડા. ૩

હવે રાવણને વિશે આકાશમાં મોટા વાદળાં ચડ્યાં હોય સેના આવી અને મેઘના ગર્જારવ સરખા વાજિંત્રના નાદ થયા, વળી છત્રીસ પ્રકારના હથીયારો તૈયાર કરી એક બીજા લડવા લાગ્યા ॥ ૧ ॥ વળી કેટલાક હાથીયોને કપાળમાં સિંદુર ચોપડી સેનાની આગળ કર્યા, તથા ઘોડાઓના પાખરોનો ખણકાર થઇ રહ્યો. વળી ત્યાં કેટલાકો તો સૂરમાં આવીને તોપોના ગોળા છોડવા લાગ્યા ॥ ૨ ॥ વળી તે વખતે સરણાઇમાં પણ સિંધુઓ રાગ ગવાવા લાગ્યો, તથા કેટલાક બંદી લોકો પાવા વગાડવા લાગ્યા, વળી ભાટ લોકોએ બિરૂદાવલીઓ બોલીને, કેટલાક મલ્લોને ત્યાં અખાડામાં એકઠા કર્યા ॥ ૩ ॥

શક્તિ વિદ્યા તણી, અંબર ચડી ઝુઝતા, રૂપ કરી કારીમાં ઝૂઝ માંડે;
આયુધ આકાશમાં ઘન જેમ ગડગડે, વીજ ઝળકા સમ જ્યોતિ ખાંડે. ૪
ત્રીછાયો બરછીયો, પાર નિરછીયો, સણણ વહે બાણ અરિ વેગ હરવા;
ચણણ ગોલી વહે ઢાલ તિહાં ખડખડે, કડકડે તુંડ રહમાંહી ફરવા. દ૦ ૫
ગોલીએ કંઇ મુઆ, બાણ લાગ્યા ઘણાં, કેઈ પડચા હય ગય પય પસારી;
આરડે કેઈ, આકૂલ વ્યાકુલ થકા, જાણે વણજારની પોઠ ઉતારી. દ૦ ૬

વળી કેટલાક વિદ્યાના બળથી આકાશમાં રહી જુદાં જુદાં રૂપ કરી લડવા લાગ્યા,

ત્યાં હથીયારના શબ્દો તો જાણે મેઘની ગર્જના સરખા થવા લાગ્યા, અને તેમાં ઝબકતી તરવારો વિજળી સરખી દેખાવા લાગી ॥ ૪ ॥ વળી ત્યાં કેટલાક વાંકી બરછીથી શત્રુને મારવા લાગ્યા, અને કેટલાક તો વેરીનો વેગ કાપવાને બાણો મારવા લાગ્યા, વળી ગોળીથી કરીને ઢાલોનો ખણખણ અવાજ થવા લાગ્યો, અને ત્યાં કેટલાક માથાઓ રવડવા લાગ્યા ॥ ૫ ॥ ત્યાં કેટલાકને બાણ વાગવાથી, તો કેટલાકને ગોળીયો લાગવાથી મૃત્યુ પામ્યા, અને કેટલાક હાથી ઘોડા પણ પગ પસારીને લાંબા પડ્યા, વળી ત્યાં કેટલાક ઘાની વેદનાથી બૂમો પાડવા લાગ્યા, અને તે દેખાવ જાણે કોઈ વણઝારની પોઠ આવી હોય નહીં, તેવો દેખાવા લાગ્યો ॥ ૬ ॥

ભડ લોહા થકી, જે નર ભાગીયા, લડથડતા ધડ ઉઠે વલી એમ;
સૂર ઝૂઝે તિહાં, કાયર કંપે ઘણાં, થરથરે કાય મુખ તૃણ લીધાં જેમ. ૯૦૭
કેઈ રથ ચૂરીયા નાલસું ઝૂરીયા, કેઈ ઉડી ગયા છત્રધારી;
કેઇ સુખાસનમાંહે બેઠા થકા, અકાલ મરણે ગયા ઘણુંજ હારી. ૯૦૮
દસ મસ્તકી તણી તત્ર આવી બની, વાસુદેવ ઉપરે ચક્ર ફેર્યો;
ત્રેસઠસલાખા પુરૂષ તે ઉપરે, સહસ પંચવીસ તે દેવે ઘેર્યો. ૯૦ ॥૯॥

વળી મજબુત લોખંડના હથીયારથી કેટલાકના માથા ઉડી જવાથી ધડ લડથડવા લાગ્યાં, ત્યાં કેટલાક શૂરા માણસો લડવા લાગ્યા, કાયરો થરથરવા લાગ્યા, તથા કેટલાક તો ધ્રુજતા ધ્રુજતા મોઢામાં તરણાં લઇ નાઠા. ॥ ૭ ॥ ત્યાં કેટલાક રથોના તોપોના ગોળાથી ચુરે ચુરા થયા, અને કેટલાક છત્રપતિઓનો તો પત્તો પણ લાગ્યો નહીં, વળી કેટલાક તો પાલખીમાં બેઠા બેઠાજ અકાળ મરણથી મૃત્યુ પામ્યા. ૮ વળી ત્યાં રાવણનું આવી ખુટવાથી, તેણે વાસુદેવ ઉપર પોતાનું ચક્ર ફેરવ્યું, પરંતુ ત્રેસઠસલાકા પુરૂષ માંહેના તે વાસુદેવની પદવી વાળા લક્ષ્મણ ઉપર આવતા તેના અંગરક્ષક પચીશ હજાર દેવોએ તે પકડી લીધું ॥ ૯ ॥

અવરનાં મારીયા કેમ મરે એહવા, તેહવે ચક્ર પાછો ચલાયો;
લક્ષ્મણે રાવણ મારવા કારણે, સીસ દસ છેદી ધરાસું ભલાયો. ૯૦ ૧૦
તે હવે તિહાં હાહાકાર વરત્યો ઘણો, રામની જીત જગતિ પ્રસિદ્ધી;
લક્ષ્મણ બીભિષણ બેહુ ભેલા મલી, નગરી લંકા તતકાળ લીધી. ૯૦૧૧
પાટ થાપ્યો બિભિષણને, બક્ષીસમાં, ત્રિકૂટ ગઢમે આણ ફેરી;
તેહવે રામને લક્ષ્મણ બેહુ જણે, તેડાવી નારી સીતાજી આપ કેરી. ૯૦૧૨

એવા પુરૂષો બીજાનાં માર્યાં શી રીતે મરે, પછી તે ચક્ર લક્ષ્મણે રાવણ ઉપર મુકવાથી તે દશ શીસ છેદાઇને પૃથ્વી ઉપર પડ્યા ॥ ૧૦ ॥ તે વખતે ત્યાં ઘણો હાહાકાર થયો, અને રામની જીત પ્રસિદ્ધ થઇ; પછી લક્ષ્મણ તથા બિભિષણે સાથે જઇને લંકાનો કબજો લીધો ॥ ૧૧ ॥ પછી બિભિષણને ઇનામ તરીકે લંકાનું ત્રણ ગઢનું રાજ આપી, તેમાં તેની આણ ફેરવી, અને પછી રામ તથા લક્ષ્મણે સીતાજીને તેડાવી ॥ ૧૨ ॥

દંપતી બેહુ મલ્યા હર્ષમાં સહુ ભલ્યા, બિભિષણે તિહાં બહુ ભક્તિ કીધી; ઘણાં દિવસ રહી રિદ્ધ સમૃદ્ધિ લહી, સીખ દીધી વળ્યા પાજ સિસિ. ૧૩
અનુક્રમે આવીયા થંભણ પાસે દેવલે, માસ ચોમાસ રહ્યા તેહ ઠામે; પૂજાપ્રભાવનામોચ્છવકીધાઘણા,થાપનાકીધીથંભણપાસનામે. દ૦૧૪
પાંચમા ખંડ તણી ઢાલ નવમી ભલી, રંગવિજય ગણી શિષ્ય ભાખી; નેમવિજય કહે શ્રોતા સહુ સાંભલો, રાવણ રાયની વાત આખી.દ૦૧૫

ત્યાં તે બન્ને સ્ત્રી ભરતાર મળ્યા, અને સર્વને અત્યંત આનંદ થયો, બિભિષણે તેઓની બહુ બરદાસ્ત કરી, પછી ત્યાં તેઓ ઘણા દિવસ રહી, ઘણું ધન માલ લઇ, સીખ લઇ પાજ ઉતરી દેશમાં આવ્યા ॥ ૧૩ ॥ પછી અનુક્રમે તેઓ થંભણા પાર્શ્વનાથને દેરે આવી ત્યાં ચોમાસું રહ્યા, ત્યાં કેટલીક પૂજા પ્રભાવના મહોત્સવ કરી, થંભણ પાર્શ્વનાથની સ્થાપના કરી ॥ ૧૪ ॥ એવી રીતે પાંચમાં ખંડની નવમી ઢાલમાં રંગવિજયના શિષ્ય નેમવિજયે રાવણની તમામ વાત કહી સંભળાવી, તે તમે હે શ્રોતાજનો સાંભળો ॥ ૧૫ ॥

## दुहा.

અનુક્રમે સીતા નારીને, સ્વકીય ઉદરમાંય; ગર્ભ વાધે દિન દિન ભલો, હઇડે હરખ ન માય. ૧ *એક દિન લક્ષ્મણ સીતા બંને, સૂતાં છે બે જણ પાસ; લક્ષ્મણને માતા સમી, સીતા નારી તાસ ॥૨॥ *નિદ્રાવશ સૂતાં થકાં, વસ્ત્ર રહિત થયા બેહ; દીઠાં રામચંદ્રે તીહાં, શંકા ઉપની તેહ ॥ ૩ ॥

હવે અનુક્રમે સીતાને ઉદરમાં ગર્ભ રહ્યો, અને તે વધતો જવાથી તેને મનમાં ઘણોજ આનંદ થવા લાગ્યો ॥ ૧ ॥ હવે એક દિવસે લક્ષ્મણ અને સીતા પાસે પાસે સૂતા છે; લક્ષ્મણ સીતાને પોતાની માતા તુલ્ય લેખે છે ॥ ૨ ॥ તે વખતે તેઓ બન્નેનાં નિંદ્રાવશ હોવાથી વસ્ત્રો ખસી ગયા, એટલામાં રામચંદ્ર ત્યાં આવી ચડવાથી, તેને સંદેહ થયો ॥ ૩ ॥

*લક્ષ્મણ સરિખો ભાઈ મુજ, મારવો ન ઘટે મુજ; સીતાને હું જાણતો, સીતાનાં લક્ષણ ગુઝ. ૪ *એતો બગડી છે સહી, માર્યે અપજસ થાય; તો કેમ હું હવે કરૂં, કાઢી મેલું વન માંય ॥૫॥ *લક્ષ્મણને વાતો કહી, એહને મેલો વનવાસ; તવ લક્ષ્મણ બોલ્યા તીહાં, ભાઇ તુમને શ્યાબાસ ॥ ૬ ॥

તે જોઇ રામ વિચારવા લાગ્યા કે, આવા લક્ષ્મણ સરખા ભાઇને મારવો મારે યોગ્ય નહીં; અને સીતાને તો હું આટલા દિવસ સુધી ઉત્તમ લક્ષણ વાળી સતી જાણતો

*હેમચંદ્રાચાર્ય રામ ચરિત્રમાં આ સંબંધ માલમ પડતો નથી તેમાં સીતાને વનવાસ કાઢવાનું લોકાપવાદથી બન્યાનું જણાવેલું છે છતાં નેમવિજય મહારાજે આ સંબધ કયા આધાર ઉપરથી મુકયો છે તે અમારા જાણવામાં આવ્યું નથી. તત્વની વાત કેવળી ભગવાન જાણે.

હતો ॥ ૪ ॥ અને એતો ખરેખર દુરાચારિણી થઇ છે, હવે જો એને મારૂં, તો મારી અપકીર્તિ થાય, તો હવે મારે શું કરવું, એને વનમાં કહાડી મેલું ॥ ૫ ॥ પછી લક્ષ્મણને તેણે કહ્યું કે, સીતાને આપણે વનમાં કહાડી મેલવી; તે સાંભળી લક્ષ્મણે કહ્યું કે, વાહરે ભાઇ, શાબાશ છે તમોને! ॥ ૬ ॥

કષ્ટ ઉપજાવી લાવીયા, સીતા સુલક્ષણી નાર; એહને વન-
વાસે મેલતાં, લાજ જાયે સંસાર ॥ ૭ ॥ *રામચંદ્ર માને
નહીં, મનમાં પડી બહુ ભ્રાંત; સાચે સાચું ચાલસે,
કર્મ ન જાણે નાતિ જાત ॥ ૮ ॥

આટલું દુઃખ વેઠી આ સીતા સરખી ઉત્તમ સ્ત્રીને આપણે લાવ્યા, તેને વનવાસ કહાડવાથી આપણી સંસારમાં આબરૂ જાય ॥ ૭ ॥ પણ રામચંદ્રને મનમાં સંદેહ હોવાથી તેણે તે વાત કબુલ કરી નહીં, કવિ કહે છે કે સાચ હશે તે સાચજ રહેશે, કારણ કે કર્મ કંઇ નાત જાતનો ભેદ રાખતું નથી ॥ ૮ ॥

## ઢાલ દશમી.

નિંદ્રડી વેરણ હુઈ રહી—એ દેશી.

રામે મેલી સીતા વનવાસમાં, તીહાંથી આવી હો તાપસને આવાસ કે;
ગિરિ કંદર ગુફા જિહાં, તાપસનાં હો આશ્રમ નિવાસ કે.
સુગુણ સોભાગી સાંભલો ॥ એ આંકણી ॥ ૧ ॥
અંતરાય કર્મનાં યોગથી, આવી લાગ્યાં હો કર્મનાં ફલ એહ કે;
રામ ગયા ઘર આપણે, સીતા નારી હો વિસારી મેલી તેહ કે. સુ૦ ૨
અનુક્રમે માસ પુરણ થયા, દોય કુમર હો જનમ્યાં શ્રીકાર કે;
લવ ને કુશ નામ થાપીયા, સેવા ચાકરી હો કરે તાપસ નાર કે. સુ૦ ૩

હે ગુણવાનો તમે સાંભળજો હવે રામે સીતાને વનવાસ મોકલી, ત્યાંથી તે તાપસને આશ્રમે ગઇ ત્યાં પર્વતની ગુફામાં તાપસોના આશ્રમ હતા ॥ ૧ ॥ એવી રીતે અંતરાય કર્મનાં યોગે સીતાને તે કર્મ આવી લાગ્યા, હવે રામ પોતાને ઘેર આવ્યા અને સીતાને ત્યાં વિસારી મુકી ॥ ૨ ॥ અનુક્રમે સીતાને મહીના સંપૂર્ણ થવાથી લવ અને કુશ નામે બે ઉત્તમ પુત્રો થયા, તેઓની સેવા બરદાસ્ત તાપસની સ્ત્રી કરવા લાગી ॥ ૩ ॥

ખિણખિણમાં કરે આવીને, પુણ્યે યોગે હો સર્વ વિધિ વ્યવહાર કે;
અનુક્રમે કુંવર મોટા થયા, ભર જોબન હો પામ્યા તેણી વાર કે. સુ૦ ૪
કરમ જોગે આવી મલ્યો, લશ્કર ભેલો હો કીધો અપાર કે;
વનિતા નગરી ઉપરે, ચડી આવ્યા હો લડવાને તેણી વાર કે. સુ૦ ૫
કોઇ વિદ્યાધર આવી વિનવે, તુમ જનક હો રામચંદર રાય કે;
તે સાથે તુમ લડતાં થકાં, જગમાં અપજસ હો તુમને ઘણો થાય કે. ૬

તેઓનાં પુણ્યથી તે તાપસી તેને ક્ષણક્ષણ પ્રતે જે જોઇએ તે આપે, એવી રીતે

અનુક્રમે તે કુંવરો મોટા થઈ ભર જોબનમાં આવ્યા ॥ ૪ ॥ પછી કર્મ યોગે તેઓએ કેટલુંક લશ્કર એકઠું કરીને, વનીતા નગરી ઉપર ચડાઈ કરી ॥ ૫ ॥ તે વખતે કોઈ વિદ્યાધર આવીને તે કુંવરોને કહેવા લાગ્યો કે, એ રામચંદ્ર તો તમારા પિતા થાય છે, તેની સાથે લડવાથી તમારો લોકોમાં ઘણોજ અપજશ થશે ॥૬॥

વલી વિદ્યાધર જઇ કહે, રામ આગલ હો વિનવે મહારાજ કે;
એ કુંવર દોય તુમ તણાં, તેહને તેડી હો મનાવો આજ કે. સુ૦ ॥૭॥
તવ રામ ને લક્ષ્મણ બે મલી, દોય કુમર હો તેડાવ્યા તેણી વાર કે;
સાજન સહુ આવી મલ્યા, અંગ ઉલટ હો ઉપન્યો અપાર કે. સુ૦ ૮
સીતા તેડાવી તતક્ષણે, શંકા ટાલી હો મનની તતકાલ કે;
ઉજમ અંગમેં અતિ ઘણા, સુખ વિલસે હો દંપતી ઉજમાલ કે. સુ૦૯

વળી તેજ વિદ્યાધરે રામ આગળ જઇ તેને કહ્યું કે, હે મહારાજ આ બન્ને તમારા કુંવરો છે, માટે તેઓને તમે તેડાવીને મનાવો ॥ ૭ ॥ પછી રામ અને લક્ષ્મણે મળી બન્ને કુંવરોને તેજ વખતે બોલાવ્યા, ત્યાં સઘળા સગા વહાલાઓ એકઠા થયા, અને અત્યંત આનંદ પામવા લાગ્યા ॥ ૮ ॥ પછી તેજ વખતે સીતાને બોલાવી, મનનો સંદેહ ત્યાગ કર્યો, અને મનમાં અત્યંત આનંદ લાવી તેઓ બન્ને સ્ત્રી ભરતાર સુખ ભોગવવા લાગ્યા ॥ ૯ ॥

સીતાની શોક તે એમ કહે, રામ આગલ હો કુડ કપટની વાત કે;
સીતા નારી જે તુમ તણી, રાવણે રાખી હો લંપટ કુજાત કે. સુ૦ ૧૦
બગડી નારી જે તેહને, કેમ રાખવી હો ઘટે ઘરમાંય કે;
નિંદા થાય છે નાતિમાં, કાઢી મેલો હો બીજે કોય ઠાય કે. સુ૦ ૧૧
તવ રામ મનમાં ચિંતવે, સોકનો સંબંધ હો લાગે મનમાં ખાર કે;
તે માટે સહુ એમ કહે, મુજ ન ઘટે હો કાઢવી ઘરબાર કે. સુ૦ ॥૧૨॥

હવે સીતાની શોક રામ આગળ કપટથી સીતાના અવર્ણ વાદ બોલવા લાગી કે, તમારી સીતા સ્ત્રીને તો, રાવણે રાખી હતી, અને તેથી તે લંપટ અને કજાત છે. ૧૦ એવી બગડેલી સ્ત્રીને ઘરમાં કોણ રાખે? વળી આપણી નાત જાતમાં પણ આપણી બહુ નિંદા થાય છે, માટે એને કોઇ જગોએ કહાડી મેલો ॥ ૧૧ ॥ તે સાંભળી રામ વિચારવા લાગ્યા કે, શોકો તો હમેશાં એક બીજાનો ખાર કર્યાજ કરે છે, માટે મારે તેને કહાડી મેલવી ઉચિત નહીં ॥ ૧૨ ॥

એક દિન વસ્ત્ર તે ધોયવા, ધોબીને દીધાં હો રામચંદ્ર તેણી વાર કે;
રાતે પલાળી મૂકીયાં, પ્રભાત ઉઠી હો જગાડે નાર કે. સુ૦ ॥ ૧૩ ॥
ઉઠરે રાંડ તું સુઈ રહી, રાજા કરસે હો આપણને રીસ કે;
વેહેલાં વસ્ત્ર જો આપીયે, તો ભૂપતિ હો આપે આશિષ કે. સુ૦ ૧૪
તવ ધોબણ મુખથી કહે, ઓ મૂરખ હો સું લવ કરે આજ કે;
તુંને રાજા બે જણુ મલી, જાઓ ઉંચા હો જ્યાં છે જમરાજ કે.સુ૦ ૧૫

હવે એક દિવસે રામચંદ્રજીએ ધોબીને પોતાના વસ્ત્રો ધોવાને આપ્યા, તે ધોબીએ રાતે તે લુગડાં પલાળી મુકયા, અને સવારે ઉઠીને પોતાની સ્ત્રીને તેણે જગાડી. ૧૩ અને કહ્યું કે, રાંડ હજુ સુધી સૂતી શું છે? રાજા આપણ ઉપર ગુસ્સે થશે; અને વેહેલાં જો આપણે રાજાને વસ્ત્રો આપશું તો, આપણને તે કંઇક ઇનામ આપશે. ૧૪ તે સાંભળી ધોબણે કહ્યું કે, અરે મૂરખ તું શું બકી મરે છે? તું અને તારો રાજા બન્ને જ્યાં ઉંચે જમરાજા વસે છે ત્યાં જાઓ ॥ ૧૫ ॥

રાજાનો સેવક એક જણો, સૂચી થાવા હો બેઠો તેણે ઠામ કે;
સાંભલે ધોબીની વાતડી, કહે નારીને હો તું સાંભલ આમ કે. સુ૦ ૧૬
તાહરા નાક કાન વાઢું હું તો, રાજાને ઘરે હો એહવા થાયે ચયન કે;
રાવણે બાર વરસ લગે, સીતા રાખી હો કીધાં મોટાં કુચન કે. સુ૦ ૧૭
તે બગડી ઘરમાંય છે, હું તો નવિ રાખું હો એહવી જે નાર કે;
તે સેવકે વાત સાંભલી, રાય પાસે હો વિનવે તેણી વાર કે. સુ૦ ॥૧૮॥

તે વખતે એક રાજાનો ચાકર ત્યાં ખરચું જવા બેઠેલો હતો, તેણે ધોબીની વાત સાંભળી; વળી તે ધોબી તેની સ્ત્રીને કહે છે કે, ॥ ૧૬ ॥ હું તો રાંડ તારા નાક અને કાન પણ કાપી લઉં એવો છું, બાકી જેમ રાવણે બાર વરસ સુધી સીતાને ઘરમાં રાખી, અને તેને પાછી રામ લાવ્યા, એવી વાતો તો રાજાને ઘેર થાય. ૧૭ તે બગડેલી છે તો પણ તેને રામે ઘરમાં રાખી છે, હું તો એવી સ્ત્રીને કોઇ દિવસ પણ ઘરમાં રાખું નહીં; આ સઘળી વાતો તે ચાકરે સાંભળીને રાજા પાસે જઇને કહી. ૧૮

રામચંદ્ર મન ચિંતવે, નારી માથે હો કલંક ચડયો જેહ કે;
સીતા સતી માહરી ખરી, પણ એહનો હો ઉતારૂં એહ કે. સુ૦ ॥૧૯॥
પાંચમા ખંડ તણી કહી, ઢાલ દશમી હો સુણજો નર નારી કે;
રંગવિજયશિષ્યએમકહે, નેમવિજયહોનિત્યનિત્યજયકારી કે. સુ૦ ૨૦

તે સાંભળી રામચંદ્ર મનમાં વિચારવા લાગ્યા કે, મારી સીતા સ્ત્રી તો સતી છે, પણ તેના ઉપર જે આ જુઠું કલંક ચઢેલું છે, તે ઉતરવું જોઇએ ॥ ૧૯ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે પાંચમાં ખંડની દશમી ઢાલ કહી, તે તમો સાંભળજો ॥ ૨૦ ॥

## दुहा.

રામચંદ્ર સીતા પ્રતે, કહે એક દિન વાત; નિંદા કરે છે લોક
સહુ, કલંક ચડાવે નાત ॥ ૧ ॥ તેહનો સાચ કરો તુમે, પા-
વકમાં ઘો પગ; નિંદા ન થાયે નાતમાં, વાતો આવે વગ
॥ ૨ ॥ સીતા કહે સાચું કહ્યું, લોકાપવાદ ન જાય; સાહેબ
કરસે તે સહી, થાનારો તે થાય ॥ ૩ ॥

પછી એક દિવસ રામચંદ્ર સીતાને કહેવા લાગ્યા કે, લોકો સઘળા તારાપર જુઠુ કલંક ચડાવી બહુજ નિંદા કરે છે ॥ ૧ ॥ માટે હુવે તમે અગ્નિમાં પગ મુકીને,

તે નિંદા દૂર કરાવો, કે જેથી ગએલી આબરૂ પાછી એની મેળે આવે ॥ ૨ ॥ તે સાંભળી સીતાએ કહ્યું કે, આપ કહો છો તે ખરૂં છે, કારણકે લોકાપવાદ આપણાથી ટાળી શકાય નહીં, માટે જે થવાનું હશે તે થશે (હું તેં ખુશીથી અગ્નિમાં પગ મુકીશ) ॥ ૩ ॥

**ત્રણસેં હાથ ખાઈ ખણી, ભર્યો ખેર અંગાર; રાઓ રાણાં ભેગા મલ્યા, આવ્યા જોવા નરનાર ॥૪॥ નાઈ ધોઈ સીતા સતી, પેહેરી ઉત્તમ ચીર, સમરણ કરી સાહેબ તણો, સંભાર્યો ઇષ્ટ વીર॥૫॥ પાવક માંહી પ્રવેશ કર્યો, અગન ફીટી થયો નીર; અચરિજ પામ્યાં આદમી, ધનધન એહની ધીર ॥૬॥**

ત્યાં ત્રણસે હાથની ખાઇ ખોદાવીને તેમાં ખેરના અંગારા ભર્યા, તે વખતે ત્યાં કેટલાક રાજા, રાણા, સ્ત્રી, પુરૂષો વિગેરે એકઠા થઇ જોવા આવ્યા ॥ ૪ ॥ પછી ત્યાં તે સીતાએ નાઈ ધોઇને તથા ઉત્તમ વસ્ત્રો પેહેરીને, ઇશ્વરનું સ્મરણ કરી શ્રીવીર પ્રભુનું સ્મરણ કર્યું ॥ ૫ ॥ પછી જેવો તેણીયે અગ્નિમાં પ્રવેશ કર્યો કે, તે અગ્નિ પાણી રૂપ થઇ ગઈ, તે જોઇ સઘળા લોકો આશ્ચર્ય સહીત કહેવા લાગ્યા કે, તેની ધારજને ધન્ય છે ॥ ૬ ॥

**ધન ધન એહના શીલને, ધન ધન એહની જાતિ; ધન એહના માવિત્રને, ધન કુંવરી સુજાતિ ॥૭॥ પાવક માંહીંથી નોકળી, પ્રગટી અગનની ઝાલ; સતી સતી મુખ સહુ કહે, દેવ વાણી તતકાળ ॥ ૮ ॥ પુષ્પવૃષ્ટિ થઇ તદા, જયજયકારની વાણ; ચરમ શરીરી તે અછે, મુક્તિરૂપ નિરવાણ ॥ ૯ ॥**

વળી તેના શીયળને, તથા તેની જાતિને, તેના માત પિતાને તથા તેને પોતાને પણ ધન્યવાદ છે ॥ ૭ ॥ પછી જ્યારે તે ખાઇમાંથી નિકળી કે, તુરત તેમાંથી અગ્નિની ઝાળો નિકળવા લાગી, અને સઘળા લોકો ત્યાં તેને સતી સતી એમ મુખથી કહેવા લાગ્યા, અને દેવ વાણી પણ તેવીજ થઇ ॥ ૮ ॥ વળી ત્યાં જયજયકાર શબ્દો સહીત પુલોનો વર્ષાદ થયો, કારણ કે, તેનો આત્મા તો આ ચરમ શરીરી (એકાવતારીજ) હતો, અને અહીંથી કાળ કરી તે મોક્ષે જાનાર હતી ॥ ૯ ॥

## ढाल अगिआरमी.

મયણરે હા સતી-એ દેશી.

ઉછરંગે સીતા ભણીરે હાં, રામચંદ રંગ લાય, સુગુણા સાંભલો;
ઘોડા હાથી શણગારીયારે હાં, ગીત ગાન ગવરાય. સુ૦ ॥ ૧ ॥
સુખાસને બેસાડીનેરે હાં, આવ્યા નિજ ઘર માંય; સુ૦
શોક સરવે રીસે બલીરે હાં, નીચું મુખ કરી જાય. સુ૦ ॥ ૨ ॥
તેણે અવસર સીતા સતીરે હાં, વિનવે નિજ પતિ પાસ; સુ૦
જો આજ્ઞા આપો તુમેરે હાં, દિક્ષા હરખ ઉલ્લાસ. સુ૦ ॥ ૩ ॥

હવે રામચંદ્રે આનંદ પૂર્વક ઉત્સાહથી સીતાને, કેટલાક ઘોડા હાથી વિગેરે શણુગારીને, તથા ગીત ગાયન વિગેરે ગવરાવીને, પોતાને સ્થાનકે લાવવા તૈયારી કરી ॥ ૧ ॥ પછી સીતાને પાલખીમાં બેસાડીને ઘેરે લાવ્યા, ત્યાં સઘળી સોકો ગુસ્સે થઇ, નીચું મુખ કરી મનમાં બળવા લાગી ॥ ૨ ॥ તે વખતે સીતા પોતાના પતિને કહેવા લાગી કે, હે સ્વામિ આપ જો આજ્ઞા આપો તો મને દીક્ષા લેવાની ઘણી ઉત્કંઠા છે ॥ ૩ ॥

**રામચંદ્ર સીતા ભણીરે હાં, કહે વચન અમોલ; સુ૦**
**ન ઘટે એવું બોલતાંરે હાં, રાખો મોટો તોલ. સુ૦ ॥ ૪ ॥**
**સ્વામિ કર્મ ઘણાં અછેરે હાં, તે ક્ષય કરવા કાજ; સુ૦**
**તપ જપ કરૂં એક ધ્યાનથીરે, હાં, આજ્ઞા આપો આજ. સુ૦ ॥ ૫ ॥**
**આજ્ઞા લીધી નિજ પતિરે હાં, સહુ શું કીધી શીખ; સુ૦**
**સાધુના સંજોગથીરે હાં, ઉછરંગે લીધી દીખ. સુ૦ ॥ ૬ ॥**

ત્યારે રાજચંદ્રજીએ સીતાને મીઠાં વચને કહ્યું કે, એવું બોલવું તમારે વાજબી નહીં, તમારે તો ગંભીર થવું જોઇએ ॥ ૪ ॥ ત્યારે સીતાએ કહ્યું કે, હે સ્વામિ હજુ મારે ઘણાં કર્મોનો નાશ કરવાનો છે, માટે જો આપ આજ્ઞા આપો, તો એક ધર્મનું ધ્યાન ધરી તપ જપથી તે કર્મોનો હું નાશ કરૂં ॥ ૫ ॥ પછી ત્યાં પતિની આજ્ઞા લઇને, તથા સઘળા કુટુંબીઓની સીખ લઇને, તેણે સાધુ પાસે જઇ આનંદથી દીક્ષા લીધી ॥ ૬ ॥

**વિહાર કર્યો અન્ય દેશમાંરે હાં, પાલે ચારિત્ર પાંચ; સુ૦**
**પાંચ મહાવ્રત પાલતાંરે હાં, પાંચ સુમતિનાં સંચ. સુ૦ ॥ ૭ ॥**
**ત્રણ ગુપતિને ગોપવીરે હાં, ચાર કષાયને વાર; સુ૦**
**રાગ દ્વેષને ટાલીનેરે હાં, ઉતાર્યો કર્મનો ભાર. સુ૦ ॥ ૮ ॥**
**આયુ સ્થિતિ પૂરી કરીરે હાં, માસ સલેખણા કીધ; સુ૦**
**અંતે અણસણ આદરીરે હાં, પહોતી શિવપુર સીધ. સુ૦ ॥ ૯ ॥**

પછી ત્યાંથી અન્ય દેશમાં વિહાર કરી, પાંચ મહાવ્રત તથા પાંચ સુમતિ સહિત, ચારિત્ર પાળવા લાગી ॥ ૭ ॥ વળી ત્રણ ગુપ્તિને વશ રાખી, તથા ચાર કષાયનો ત્યાગ કરી, તથા રાગ દ્વેષનો ત્યાગ કરી સઘળાં કર્મોનો તેણે નાશ કર્યો ॥ ૮ ॥ વળી ત્યાં પોતાનું આયુષ્ય સંપૂર્ણ થવાથી, એક મહીનાની સલેષણા કરીને, અંતે અણસણ કરીને મોક્ષે ગઇ ॥ ૯ ॥

**રામચંદ્ર પણ ભાવથીરે હાં, પોહોતા સિદ્ધને ઠામ; સુ૦**
**લક્ષ્મણનો જીવ નારકીરે હાં, કર્મ તણાં એહ કામ. સુ૦ ॥ ૧૦ ॥**
**લવ ને કુશ રાજ થાપીયારે હાં, સુખ વિલસે સંસાર; સુ૦**
**એ અધિકાર એમ જાણજોરે હાં, સૂત્ર થકી નિરધાર. સુ૦ ॥ ૧૧ ॥**

બહુ શ્રુત હોસે તે જાણસેરે હાં, નિર્બુદ્ધિ શું જાણે લોક; સુ૦
શાસ્ત્ર પ્રમાણે કથા કહીરે હાં, વાંચી જો જો થોક. સુ૦ ॥ ૧૨ ॥*

રામચંદ્ર પણ પછી ભાવેથી કરી ત્યાંથી મોક્ષે ગયા, અને લક્ષ્મણનો જીવ કર્મને યોગે નારકીમાં ગયો ॥ ૧૦ ॥ લવ અને કુશ રાજ્ય ઉપર બેઠા થકા સંસારિક સુખ ભોગવવા લાગ્યા, એવી રીતે તે અધિકાર ટુંકામાં કહી સંભળાવ્યો ॥ ૧૧ ॥ માટે હવે જે બહુ શ્રુત હોસે, તે તો તે વાતને જાણશે, બુદ્ધિ વિનાનો કંઇપણ જાણી શકશે નહીં, એવી રીતે શાસ્ત્ર પ્રમાણે વાત કહેલી છે, તે તમો વાંચી જોજો. ૧૨

હીરવિજય સૂરિ સરૂરે હાં, શુભવિજય તસ શિષ્ય; સુ૦
ભાવવિજય ભગતે કરીરે હાં, સિદ્ધિ નમું નિસ દિસ. સુ૦ ॥ ૧૩ ॥
રૂપવિજય રંગે કરીરે હાં, કૃષ્ણવિજય કર જોડ; સુ૦
રંગવિજયના રૂપનેરે હાં, નાવે અવર કોઇ હોડ. સુ૦ ॥ ૧૪ ॥
પાંચમો ખંડ પૂરો થયોરે હાં, ઢાલ અગ્યારે રસાલ; સુ૦
નેમવિજયને નિત્ય પ્રતેરે હાં, હોજો મંગલ માલ. સુ૦ ॥ ૧૫ ॥

શ્રી હીરવિજય આચાર્યના શુભવિજય નામે શિષ્ય હતા, તેના ભાવવિજય અને તેના શિષ્ય સિદ્ધિવિજયને હું હમેશા નમસ્કાર કરૂં છું ॥ ૧૩ ॥ તેના શિષ્ય રૂપવિજય, તથા તેમના કૃષ્ણવિજય, અને તેમના શિષ્ય રંગવિજય હતા, કે જેની કોઇ પણ જોડી નહોતી ॥ ૪ ॥ એવી રીતે અગ્યાર ઢાલે કરી સંપૂર્ણ પાંચમો ખંડ પૂરો થયો, નેમવિજયજી મહારાજ કહે છે કે સાંભળનારને ઘેર મંગલીકની માળા થજો ॥ ૧૫ ॥

---

ઇતિ શ્રી મિથ્યાત્ ખંડન રાવણોત્પત્તિ, સીતા હરણ, રામચંદ્ર મિલણ,
ધર્મ પરીક્ષા રાસે પાંચમો અધિકાર ખંડ સંપૂર્ણ.

---

*સીતાને વનવાસ કાઢી અને તે મોક્ષ ગઇ ત્યાં સુધીની ઢાળોમાં વર્ણવેલી હકીકત આ રાસ કર્ત્તાએ કયા ગ્રંથ અને શાસ્ત્રાધારે મુકી છે તે અમારા જોવા સાંભળવામાં આવ્યું નથી. લોકાપવાદના કારણથી સીતાને વનવાસ કાઢયા પછી તેને બે પુત્ર પ્રસવેલા અને તેઓએ રામચંદ્રની સાથે યુદ્ધ કરી પોતાના હાથ બતાવી ઓળખ પડાવેલી; બાદ સીતાએ ધીજ કરી ખોટો પણ લોકાપવાદ ટાળી દીક્ષા ગ્રહણ કરી ધર્મધ્યાન અને તપ જપ કરી આયુ પૂર્ણ થયે કાળ કર્યો, અને તેનો જીવ અચ્યુતેંદ્રપણે ઉત્પન્ન થયો. એવી હકીકત શ્રી હેમચંદ્રાચાર્ય કૃત રામચરિત્રમાં છે. તત્વની વાત જ્ઞાની માહારાજ જાણે.

# खंड ६ ठो.

## दुहा.

મનોવેગ કહે સાંભલો, પવનવેગ સુજાણ;
છઠો અધિકાર દાખવું, મિથ્યા મત અવર પુરાણ ॥ ૧ ॥

પછી મનોવેગ પવનવેગને કહેવા લાગ્યો કે, હે બુદ્ધિવાન ભાઇ, હું તને વળી છઠ્ઠા અધિકારમાં મિથ્યા મતિઓના પુરાણોની વાતો કહું છું તે સાંભળ ॥ ૧ ॥

## ढाल पेहेली.

જાટણની દેશી.

વિદ્યાધર કુંવર બેહુ જણે, કીધાં જોગીનાં રૂપ;
પાટલીપુર માંહે સાંચર્યા, લોક જોવે અકલ સરૂપ ॥ ૧ ॥
ભાઇ તુમેં જો જો મિથ્યાત વાતડી—એ આંકણી.
બ્રહ્મશાલાયે બેહુ જણ આવીયા, કીધો ભેરી ઘંટા નાદ;
કનક સિંહાસન આરોહીયું, દ્વિજ આવ્યા કરવા વાદ. ભા૦ ॥ ૨ ॥
જોગી સિંહાસન દેખીને, વિપ્ર કહે સુણો તમે વાત;
વાદ જીતી બેસો આસને, નહીંતો થાસે તુમ તણો ઘાત. ભા૦ ॥ ૩ ॥

હે ભાઇ તમે મિથ્યાત્વની વાતો તો જોજો; હવે તે બન્ને કુંવરો જોગીઓના રૂપ લઇ પાટલીપુરમાં અદભૂત રૂપે આવ્યા ॥ ૧ ॥ પછી તેઓ બન્ને બ્રાહ્મણોની શાળાએ આવ્યા, તથા ભેરી અને ઘંટા વગાડ્યા. અને સોનાના સિંહાસન પર ચડી બેઠા, અને બ્રાહ્મણો તેજ વખતે ત્યાં વાદ કરવાને આવ્યા ॥ ૨ ॥ તે જોગીઓને સિંહાસનપર બેઠેલા જોઇને બ્રાહ્મણો તેઓને કહેવા લાગ્યા કે, હે ભાઇઓ, તમો અમારી પાસેથી વાદ જીત્યા બાદ તે ઉપર બેસો, નહીં તો ક્યાંક તમારો નાશ થશે ॥૩॥

મનોવેગ તિહાં બોલીયો, નહીં ગમે જો તુમને એમ;
તો અમે ઉતરી હેઠા બેસસું, સહુ સુખ પામો દ્વિજ તેમ. ભા૦ ॥૪॥
ભટ બોલે સુણજો ભાઇ તુમે, કોણ વાદ કરસો સુજાણ;
શૈવ સાંખ્ય બૌધ જૈનનાં, જે જાણો તે બોલો વાણ. ભા૦ ॥ ૫ ॥
કોણ દેશ કોણ તુમ ગામ છે, કોણ જાતિના કોણ ગોર;
કોણ કારણ ઇહાં આવીયા, સત્ય કહો માંડીને ધૂર. ભા૦ ॥ ૬ ॥

તે સાંભળી મનોવેગ બોલ્યો કે, હે ભાઇઓ જો એ વાત તમોને પસંદ ન હોય, તો તમોને સુખ ઉપજે તેમ અમો નીચે ઉતરીને બેસીયે ॥ ૪ ॥ તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે ભાઈ, તમો શીવ, સાંખ્ય, બૌધ કે જૈનનો વાદ કરશો જે જાણતા હોય તે કહો ॥ ૫ ॥ તમારો દેશ કયો? ગામ કયું? જાતિ કઈ? તથા તમારો ગુરૂ કોણ? અને અહીં તમો શામાટે આવ્યા છો? તે સઘળી વાતો તમે પેહેલેથી માંડીને કહો ॥ ૬ ॥

જોગી રૂપે ખગપતિ તે ભણે, સાંભલો દ્વિજવર તુમે સાર;
વાદ વિવાદ અમે જાણું નહીં, કેવા કહીયે શાસ્ત્ર પ્રકાર. ભા૦ ॥ ૭ ॥
આપણ પો વેષ અમે ધર્યો, ગુરૂ નવિ દીઠો કોય જોય;
ગામ ઠામ કુલ જાતિ હું કહું, સુણજો દ્વિજવર વાતો સોય. ભા૦ ॥૮॥
છઠ્ઠા ખંડ તણીએ મેં કહી, પેહેલી ઢાલ એ સોય;
રંગવિજયનો શિષ્ય તે એમ કહે, નેમની આશા પૂરણ હોય. ભા૦ ૯

હવે જોગીનાં વેષધારી તે વિદ્યાધર કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણો, અમે કંઇ વાદ વિવાદ જાણતા નથી, તેમ વળી શાસ્ત્રો પણ જાણતા નથી ॥ ૭ ॥ વળી અમે અ- મારી મેળેજ વેષ પેહેરેલો છે, અમારો કોઇ ગુરૂ નથી; વળી હું તમોને મારૂં ગામ, ઠેકાણું, કુળ, જાત વિગેરે કહું છું તે તમો સાંભળજો ॥ ૮ ॥ એવી રીતે છઠા ખંડની પેહેલી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજયના શિષ્ય નેમવિજયની આશા તેથી સંપૂર્ણ થશે ॥ ૯ ॥

## ઢાલ બીજી.

આ ચિત્ર સાલીઆ સુખ સજ્યારે–એ દેશી.

ગુર્જર દેશ વંશ વાડે સુણો ગામરે, ભરવાડ વાંસો વસે અભિરામરે;
અમ તણો પીતા માંડણ ભરવાડરે, છાલાં છાલી ગાડર બહુ ધાડરે. ૧
છાલાં ગાડરનો ધણો દુઝાણોરે, સકલ કુટુંબ સુખીયો તુમે જાણોરે;
અમો ગાડર રક્ષક ગોવાલરે, ગાડર સહુ રાખું વનમાલરે ॥ ૨ ॥
એક દિવસ પિતા માંદો પડીયોરે, પુત્ર સાંભલો અમને જ્વર ચડીયોરે;
છાલાં ગાડર રક્ષક તુમે જાઓરે, સુખે કરી ઘર નિરવાઓરે ॥ ૩ ॥

ગુજરાત દેશમાં વાંસવાડા નામે ગામમાં એક માંડણ નામે ભરવાડ રહેતો હતો, તે અમારો પિતા થાય, તેને ત્યાં બકરા, ઘેટા તથા ઘણી ગાડરો હતી ॥ ૧ ॥ વળી તે બકરા ગાડર વગેરેનું દુધ અમારે ત્યાં પુષ્કળ થવાથી, અમોં સઘળા સુખી હતા, અને અમો વગડામાં જઈ ગાડર વિગેરેનું રક્ષણ કરતા હતા, ॥ ૨ ॥ એક દિવસે અમારા પિતા માંદા પડવાથી અમોને કહેવા લાગ્યા કે, મને તો આજે તાવ આવ્યો છે, માટે તમે વનમાં બકરા ઘેટાઓની સંભાળ લેવા જાઓ, અને પછી તમે સુખેથી ઘેરે આવજો ॥ ૩ ॥

માંડણ ઘરડે એમ સીખ દીધીરે, તાત આજ્ઞા અમે મસ્તક કીધીરે;
ગાડર રક્ષણ ગયા અમે બેયરે, વડો ભાઈ હું લઘુ ભાઇ એહરે ॥ ૪ ॥
વનમાંહીં ગાડર રાખું છું જેહરે, વન ક્રીડા કરીએ વલી ભાઇ બેહરે;
કોઠ વૃક્ષ દીઠો તીહાં સારરે, પાકાં કોઠ દીઠાં અપારરે ॥ ૫ ॥
લઘુ ભાઇને કહ્યું મેં તામરે, ગાડર મેંઢાં રાખો તુમે જામરે;
કોઠ તણાં ફલ ખાઉં એહરે, તીહાં લગે રાખો છાલાં તેહરે ॥ ૬ ॥

એવી રીતે તે અમારા ઘરડા પિતા માંડણે અમોને શીખામણ આપવાથી અમો પણ

તે વાત માન્ય કરી હું અને અમારો નાનો ભાઇ બન્ને ગાડરા સંભાળવા વાસ્તે વનમાં ગયા ॥ ૪ ॥ પછી સઘળા ઘેટાં વિગેરેને વનમાં છુટા ચરતા મેલી અમો બન્ને ભાઇઓ રમવા લાગ્યા, એટલામાં ત્યાં એક કોઠનું ઝાડ અમોએ જોયું કે જે પર પાકા કોઠ ઘણાં હતાં ॥૫॥ પછી મેં મારા નાના ભાઇને કહ્યું કે જ્યાં સુધી હું આ કોઠના ફળો ખાઇ લઉં ત્યાં સુધી આ ગાડર ઘેટા વિગેરેનું તમે રક્ષણ કરજો ॥૬॥

કપીછ ફલ લાવું ઘણાં તુમનેરે, ક્ષુધા તણી વેદન જાયે અમનેરે;
ગાડર વન ભણી હાંકી જાયરે, તેમ ચારે જેમ સુખીયા થાયરે ॥ ૭ ॥
મઢાં છાલાં ચારી લાવજે ઇહાંરે, પછે આપણ બે મલસું તીહાંરે;
ગાડર હાંકી ચાલ્યો વનમાંહેરે, કોઠ ખાવાને રહ્યો હું ત્યાંહિંરે ॥ ૮ ॥
કોઠ વૃક્ષ દીઠો ઉત્તંગરે, ચડવા શક્તિ નહીં મુજ અંગરે;
વિચાર્યો મેં વૃક્ષ ઘણો ઉંચોરે, ચડાય નહીં હું છું નીચોરે ॥ ૯ ॥

વળી હું તારે વાસ્તે પણ કેટલાંક પાકા ફળો લાવીશ, અને મારી પણ ભૂખ ભાંગસે; અને તારે હવે જે આ જાનવરોને સુખ ઉપજે તેમ ચરાવતા ચરાવતા વનમાં જવું ॥ ૭ ॥ અને પછી આ સઘળા ગાડર ઘેટા બકરા વિગેરેને ચારીને અહીં પાછા લાવજે, કે જેથી આપણ બન્ને અહીં મળશું, પછી તે ત્યાંથી તેઓને હાંકીને વનમાં ચાલ્યો, અને હું અહીં કોઠના ફળો ખાવાને રહ્યો ॥ ૮ ॥ હવે અહીં તે કોઠનું ઝાડ બહુ ઉંચું હતું, તેથી તે પર મારાથી ચડાયું નહીં, વળી મેં વિચાર્યું કે આ વૃક્ષ બહુ ઉંચું છે, અને હું બહુ નીચો છું, તો મારાથી તેને પહોંચાસે નહીં. ૯

કટી માંહીંથી કાતું કાઢીરે, મસ્તક નિજ હાથેસું વાઢીરે;
ઉંચું ઠેલીને મૂકયું હાથેરે, ચડી બેઠું કોઠા તણે માથેરે ॥ ૧૦ ॥
દાંતે ત્રોડી ખાધાં ઘણાં કોઠરે, મુખ ભરાયું નવી આવે વેઠરે;
જેમ જેમ માથે ખાધું કોઠ હેઠરે, તેમ તેમ પેટ ભરાયું હેઠરે ॥ ૧૧ ॥
તૃપ્તિ પામ્યાં મુજ મસ્તક દેહરે. પછી વિચાર કર્યો મેં એહરે;
ભાઇ કાજે ફલ ઘણાં જોયેરે, દાંતે ચુંટી નાખ્યાં ભૂમિ સોયરે ॥ ૧૨ ॥

પછી તો મેં કેડમાંથી દાતાડું કાઢી, તેનાથી મારે હાથેજ મેં મારૂં માથું કાપ્યું, અને ઉંચું ઠેલીને મુકયું, કે જે ત્યાં કોઠને માથે જઇ ચડી બેઠું ॥ ૧૦ ॥ પછી ત્યાં તે મારા મસ્તકે દાંતોથી ત્રોડી ત્રોડીને ઘણા કોઠના ફળો ખાધા, કે જેથી આખું મોહોડું ભરાઇ ગયું, વળી જેમ જેમ તે માથું કોઠ ખાતું જાય, તેમ તેમ નીચે રહેલું મારૂં પેટ પણ ભરાતું જાય ॥ ૧૧ ॥ પછી એમ ખાતા ખાતા જ્યારે મારૂં માથું અને શરીર ધરાયા, ત્યારે મેં વિચાર્યું કે, હવે ભાઇને વાસ્તે પણ ફલો જોઇએ, તેથી મારા દાંત વડે કેટલાક ફળો તોડીને નીચે નાખ્યા ॥ ૧૨ ॥

દેહ બલે વૃક્ષ ધંધોલ્યો જામરે, મસ્તક લાગ્યું આવી નિજ ઠામરે;
માથું ધડ હુવા બેઉ એકરે, પોટલી કોઠ બાંધ્યા વળી છેકરે ॥ ૧૩ ॥
કોઠ ગાંઠડો મસ્તક લેઇરે, વનમાંહીં ભાઇ જોયો ફરી તેહીરે;
જોતાં થકાં દીઠો લઘુ ભ્રાતરે, સૂતો નિદ્રાભર તેહસું જાતરે ॥ ૧૪ ॥

સાદ કરી ઉઠાડચો ભાઈરે, ગાડર કયાં છેરે કીહાં જાઈરે;
લઘુ ભાઇ ભણે બાંધવ તુમે સુણજોરે, ક્ષુધા દોષ મુજ ઉપન્યો ગણજોરે. ૧૫

પછી મેં જેવું તે ઝાડને મારા શરીરથી હલાવ્યું કે, તરત માથું નીચે આવી મારા ધડ સાથે જોડાઇ ગયુ, અને પછી મેં તે સઘળા ફળો એકઠા કરી તેની પોટલી બાંધી ॥ ૧૩ ॥ પછી તે કોહનો ગાઠડો માથે લઇને, ભાઇની શોધ વાસ્તે હું વનમાં ફર્યો, ત્યાં મેં તેને એક જગાએ નિદ્રાભર સૂતેલો દીઠો ॥ ૧૪ ॥ ત્યાં સાદ પાડી પોતાના ભાઇને ઉઠાડી પુછયું કે, આપણી ગાંડરો વિગેરે કયાં છે? તે સાંભળી તે નાનો ભાઈ કહેવા લાગ્યો કે, હે ભાઇ મને ભૂખ બહુ લાગવાથી હું તો સૂઇ ગયો હતો ॥ ૧૫ ॥

તરૂવર તલે સૂતો હું જામરે, મેંઢાં ન જાણું ગયા કોણ ઠામરે;
બેહુ ભાઈ મલી જોયા વન માંહીંરે, નહીં દીઠા ગાડર અજ ત્યાંહીંરે. ૧૬
મન ભયભીત હુવોહું જામરે, લઘુ ભાઇને કહું છું તામરે;
સાંભલ ભાઈ આપણો પિતારે, કોપ કરસે આપણુને ભીતારે ॥ ૧૭ ॥
માતા આપણી જુઠી બહુ અછેરે, મંદિર પેસવા નહીં દીએ પછેરે;
વારૂ વિચાર ઘટે છે એહરે, આપણ જઇએ પરદેશ બેહેરે ॥ ૧૮ ॥

પછી હું તો વૃક્ષો નીચે સૂઇ ગયો, તેથી મને ખબર નથી કે આપણા પશુઓ કયાં ગયા? પછી અમે બન્ને ભાઇઓએ મળીને વનમાં બહુ શોધ કરી પણ તે પશુઓનો કયાંય પત્તો લાગ્યો નહીં ॥ ૧૬ ॥ પછી તો હું પણ બીકનો માર્યો નાના ભાઇને પુછવા લાગ્યો કે, હવે તો આપણો પિતા આપણા પર ગુસ્સે થશે ॥ ૧૭ ॥ વળી આપણી માતા પણ બહુ લબાડ છે, તે આપણુને ઘરમાં પણ પેસવા દેશે નહીં, માટે હવે તો આપણે બન્ને પરદેશમાં નિકળી જઇએ, એ વાત મને પસંદ આવે છે ॥ ૧૮ ॥

પેટ ભરવાની પરેજ કીધીરે, મસ્તક મુંડાવી દીક્ષા લીધીરે;
કંઠ કંઠા કાને મુદ્રા કીધરે, હસ્ત દંડ ધર્યો હુવા એમ સિદ્ધરે ॥ ૧૯ ॥
દેશ વિદેશે ભીક્ષાને ભમતાંરે, એણી પરે કાલ બેહુ નિગમતારે;
પાટલીપુરમાં ફરતા આવ્યારે, જોતાં દેખી ભૂમિકા ફાવ્યારે ॥ ૨૦ ॥
વાદશાલાને દેખી હરખ્યારે, ભેર ઘંટા વજાડી પરખ્યારે;
કોડે વજાડચાં અમે વાજાંરે, સિંહાસન બેઠા ન રહી માજારે ॥ ૨૧ ॥

પછી તો અમોએ પેટ ભરવાની તજવીજ વાસ્તે માથું મુંડાવીને દીક્ષા લીધી, વળી ગળે માળા, કાનમાં મુદ્રિકા તથા હાથમાં લાકડી લઇ તાપસનો વેષ લીધો. ૧૯ પછી ત્યાંથી ભીક્ષા વાસ્તે દેશ પરદેશમાં ભમતા ભમતા કેટલાક કાળે અમો આ પાટલીપુરમાં આવ્યા, અને આવતાજ આ સ્થાનક અમોને પસંદ પડયું ॥ ૨૦ ॥ વળી આ વાદશાળા જોઇ અમને આનંદ થયો, અને આ ભેરી તથા ઘંટા વગાડી અમે સિંહાસન પર મર્યાદા મુકીને ચડી બેઠા ॥ ૨૧ ॥

દ્વિજવર વાદી બોલે છે એમરે, ખોટા માંહેલા દીસો છો તેમરે;
માયા કપટી જૂઠા બોલારે, તુમ તોલે આવે કોઇ ગોલારે ॥ ૨૨ ॥
છઠ્ઠા ખંડ તણી ઢાલ બીજીરે, શ્રોતા સહુ કો કહેજો જીજીરે;
રંગવિજયનો શિષ્ય કહે વારૂરે, નેમવિજય કહે શ્રોતા સારૂરે ॥ ૨૩ ॥

તે સાંભળીને વાદી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તમો તો છેક જુઠા બોલા, તેમ કપટી છો, અને ખરેખર નીચ માણુસના જેવાજ છો ॥ ૨૨ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયજીએ સાંભળનારાઓ વાસ્તે આ છઠા ખંડની બીજી ઢાલ કહી, તે સાંભળી સઘળા જીકારો આપજો ॥ ૨૩ ॥

## દુહા.

મનોવેગ તવ બોલીયો, સાંભલો ભાઇ ભટ્ટ; સ્મૃતિ પુરાણે જે કહ્યું, નવિ સાંભલ્યું તુમે ઝટ્ટ. ૧ વિપ્ર વાદી તવ બોલીયા, કહેરે કીહાંછે એમ; ઢીંક પાટુંએ કરશુ જાજરા, જો ખોટું કહેશો તેમ ॥૨॥ સ્મૃતિ પુરાણ જાણ્યાં ઘણાં, પ્રમાણ શાસ્ત્ર વલી વેદ; જોગ જુગતિ વલી ભાખતાં, અમે ન ધરવો ખેદ ॥ ૩ ॥

ત્યારે મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો, ત્યારે તો એમ લાગે છે, કે તમારા સ્મૃતિ પુરાણો તમોએ સાંભળ્યાં નથી ॥ ૧ ॥ તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, એવા વચનો કયા વેદ પુરાણોમાં કહ્યા છે? તે તું તુરત દેખાડ? નહીંતર મુક્કી પાટુ થી તમોને હમણાં ખોખર કરશું ॥ ૨ ॥ વળી અમે કેટલાક સ્મૃતિપુરાણ વિગેરે ઘણાં પ્રમાણ શાસ્ત્રો પણ જાણીએ છીએ, માટે જો તમો યોગ્ય અને સાચી વાત કહેશો તો અમોને માઠું નહીં લાગે ॥ ૩ ॥

## ઢાલ ત્રીજી.

બે બે મુનિવર વહિરણ પાંગર્યારે–એ દેશી.

વેષધારી મનોવેગ બોલીયોરે, સાંભલો વિપ્ર વિચારરે;
સાચાં વચન રે મુજને બોલતાંરે, ખેદ નવિ કરવો લગારરે. દ૦ ॥૧॥
દશમુખ રાવણ રાણો જાણીયેરે, સબલ શરીર અપારરે;
ત્રિભુવન ધણી થાવાને કારણેરે ઉપાય રચે તેણો વારરે. દ૦ ॥ ૨ ॥
ઇશ્વરને ભાવે જો આરાધીયેરે, તો આપે ત્રિભુવન રાજરે;
એમ મનમાં વિચારિને ગયોરે, હર પ્રાસાદે કરવા કાજરે. દ૦ ॥ ૩ ॥

ત્યારે મનોવેગ બોલ્યો કે, હે બ્રાહ્મણો, જો હું હવે જે તમોને સાચી વાત કહું છું, તે સાંભળી તમારે જરા પણ મનમાં ગુસ્સો કરવો નહીં ॥૧॥ દશ માથા વાળો રાવણ નામે મહા બળવાન રાજા હતો, તેણે ત્રણે ભૂવનના સ્વામિ થવા વાસ્તે ઇલાજ શોધવા માંડ્યો ॥ ૨ ॥ તેણે વિચાર્યું કે, જો ભાવ સહીત મહાદેવની આરાધના કરૂં તો તે મને ત્રણે ભૂવનોનું રાજ આપશે, એમ વિચારી તે પોતાનું કામ સાધવા વાસ્તે મહાદેવને દેરે ગયો ॥ ૩ ॥

એક દીન ઈશ્વરની પૂજા કરીરે, આરાધે અતિહી ચંગરે;
નવ મસ્તક હસ્તે છેદી કરીરે, પૂજ્યું ઈશ્વરનું લીંગરે. દ૦ ॥ ૪ ॥
એક મસ્તક રાખ્યું ધડ ઉપરેરે, નવિ કીધી એહ તણી પૂજરે;
ઈશ્વર તો મુજને ત્રસે નહીંરે, કેસું કરૂંરે અબુજરે. દ૦ ॥ ૫ ॥
નવ શિરકમલે શંકર અરચીયારે, લોચન કમલ અઢારરે;
ઈશ્વરે વરદાન નહીં આપીયોરે, કશો વલી કરૂં હું વિચારરે. દ૦ ॥૬॥

પછી એક દીવસ મહાદેવની ખૂબ પૂજા કરીને તેનું આરાધન કર્યું, તથા પોતાના નવ માથા કાપીને તે વતી મહાદેવનું લીંગ પૂજ્યું ॥ ૪ ॥ અને બાકી એક મસ્તક ધડ ઉપર રહેવા દેઇ, તેની પૂજા ન કરી, અને વિચારવા લાગ્યો કે, મહાદેવ તો મારા પર તુષ્ટમાન થતા નથી, અને હું આ અજ્ઞાન કષ્ટ શું કરૂં છું? ॥ ૫ ॥ આવી રીતે મેં નવ મસ્તક કમળથી, તથા અઢાર ચક્ષુ કમળથી મહાદેવની પૂજા કરી તોપણ તેણે મને વરદાન આપ્યું નહીં, તો હવે વળી કંઇ બીજો ઉપાય કરૂં. ૬

રાવણે નિજ બાંહીં સઘલા છેદીયારે, નસ કાઢી વલી દેહરે;
રાવણ હથો બાંધી તેણે કીયોરે, નસા જાલી ગુંથી તેહરે. દ૦ ॥ ૭ ॥
સારીગમ પદની સરસ ભલીરે, તાન માન ધ્યાન ઉલ્લાસરે;
ગીત ગાન ગાયે અતિ ઘણુંરે, છ રાગ છત્રીસે ભાસરે. દ૦ ॥ ૮ ॥
તાંડવ નાટિક નૃત્ય કરે વલીરે, ગીત તણો ઉછલે ઘોષરે;
ઈશ્વર તવ મનમાં ઉલસ્યારે, પામ્યા અતિહી સંતોષરે. દ૦ ॥ ૯ ॥

પછી રાવણે પોતાના સઘળા હાથ કાપીને તેનો હથો બાંધ્યો, તથા શરીરમાંથી નસો કાઢીને તેની જાળી ગુંથી ॥ ૭ ॥ વળી સા-રી-ગ-મ-પ-દ-ની વિગેરેના તાન લઇ અત્યંત આનંદથી, છ રાગ અને છત્રીસ રાગણી સહીત તે ગાવા લાગ્યો. ૮ વળી ત્યાં ઉત્તમ પ્રકારનું ઉંચ સ્વરે ગાયન સહિત તે નાટક કરવા લાગ્યો, તે જોઇ મહાદેવ મનમાં આનંદ પામ્યા ॥ ૯ ॥

ચૌદ ચોકડી રાજ ભોગવોરે, મસ્તક મલજો ઠામરે;
રામાયણ વાલ્મિકે એમ બોલીયુંરે, અન્ય પુરાણે વલી તામરે. દ૦૧૦
વિપ્ર વચન વલતું બોલીયારે, સાંભલ ભાઇ અમ તણી વાચરે;
પુરાણ પ્રસિદ્ધ રાવણ તણીરે, કથા કહી તે સાચરે. દ૦ ॥ ૧૧ ॥
નવ મસ્તક છેદી હસ્તે કરીરે, પૂજ્યું ઈશ્વર તણું લીંગરે;
ચૌદ ચોકડી રાજ્ય આપ્યું ખરૂંરે, માથાં વલગ્યાં તેહ તણાં અંગરે.૧૨

પછી મહાદેવે કહ્યું કે, ચૌદ ચોકડી સુધી રાજ ભોગવજે, તથા તારા મસ્તકો પણ પાછા સ્થાનકે ચોંટજો; અને તેવીજ રીતે થયું, એમ વાલ્મિક રૂષિએ રામાયણમાં કહ્યું છે, તેમ બીજા પુરાણોમાં પણ કહ્યું છે ॥ ૧૦ ॥ તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, હે ભાઈ તે પુરાણની ખરેખરી રાવણની વાત કહી ॥ ૧૧ ॥ અને ખરેખર રાવણે પોતાના નવ માથા હાથેવતી કાપીને મહાદેવનું લીંગ પૂજ્યું હતું, તથા

મહાદેવે પણ તેથી પ્રસન્ન થઈ ચૌદ ચોકડી રાજ આપી તેના મસ્તકો પાછા ધડમાં વલગાડ્યાં વતા ॥ ૧૨ ॥

રાવણ હથો રાજાયે કરીરે, ગીત ગાન નૃત્ય કીધરે;
હર તુઠયા તે અમે સુણ્યું ઘણુંરે, પુરાણમાંહીં છે પ્રસિદ્ધરે. દ૦ ॥૧૩॥
મનોવેગ તવ એવું બોલીયોરે, સાંભલો દ્વિજવર એહરે;
નવ શિર ચોટયાં જો રાવણ તણારે, તો એક શિર લાગ્યો મુજ દેહરે.૧૪
મનોવેગ વલી એમ બોલીયોરે, સાંભલો વિપ્ર વિચારરે;
તાપસ સઘલે ઈશ્વર શ્રાપીયોરે, લિંગ પડયું તેહજ સારરે. દ૦ ॥૧૫॥

વળી રાવણે રાવણ હથો કરી, ત્યાં ગાયન સહિત નાટક કર્યું હતું, અને તેના પર મહાદેવ તુષ્ટમાન થયા, તે સઘળી વાતો અમે પુરાણોમાં ખુલ્લે ખુલ્લી વાંચી છે. ૧૩ પછી મનોવેગે કહ્યું કે, હે બ્રાહ્મણો એવી રીતે જ્યારે નવ માથા રાવણનાં ધડ પર ચોટ્યાં, તો એવીજ રીતે મારૂં એક માથું મારા ધડ સાથે ચોંટી ગયું ॥ ૧૪ ॥ વળી મનોવેગ કહે કે, હે બ્રાહ્મણો, તેમ તાપસોના શ્રાપથી મહાદેવનું લીંગ પણ ખરી પડયું હતું ॥ ૧૫ ॥

ઇશ્વરે વલતા રૂષિવર શ્રાપીયારે, તાપસ લિંગ પડયાં સારરે;
પર મરણાદિક દુઃખ ટાલીયેરે, આપણ સહીયે અપારરે. દ૦ ॥ ૧૬ ॥
અપર કથા પુરાણની સાંભલોરે, વિપ્ર કરોરે વિચારરે;
મસ્તક માત્રજ જે વલી ઉપન્યોરે, દધિમુખ નામે કુમારરે. દ૦ ॥૧૭॥
છઠ્ઠા ખંડ તણી ઢાલ ત્રીજીયેરે, વાત કહી સુવિચારરે;
આગલ સહુકો સાજન સાંભલોરે, નેમવિજય કહે વિસ્તારરે. દ૦ ૧૮

વળી ઇશ્વરે પાછો શ્રાપ દીધાથી રૂષિઓના લીંગ ખરી પડ્યાં, એવી રીતે મહાદેવ કે જે બીજાનાં મરણ આદિક દુઃખો ટાળે છે, અને પોતે તો તેજ દુઃખ ભોગવે છે ॥ ૧૬ ॥ વળી હે બ્રાહ્મણો બીજી પણ તમોને પુરાણની વાત કહું છું તે સાંભળો, દધિમુખ નામે કુંવર ફક્ત મસ્તક રૂપેજ અવતર્યો ॥ ૧૭ ॥ એવી રીતે છઠા ખંડના ત્રીજી ઢાલ સંપૂર્ણ થઇ, વળી નેમવિજયજી મહારાજ કહે છે કે આગળ ઘણો વિસ્તાર છે તે તમો સાંભળજો ॥ ૧૮ ॥

## દુહા.

શ્રીકંઠ નગર સોહામણું, વિપ્ર વસે તિહાં એક; તેહની બ્રાહ્મણી રૂયડી, દધિમુખ સૂત વિવેક ॥૧॥ મસ્તક જણીયું કેવલ, દેહ નહીં તે સાર; દધિમુખ વેદ પુરાણ ભણે, નગર પ્રસીધ કુમાર ॥ ૨ ॥ પુણ્ય દાન દિન દિન કરે, પીતા તણે ઘર રહે રંગ; અગસ્ત્ય રૂષિ તવ આવીયો, દધિમુખ મંદિર ચંગ ॥ ૩ ॥

શ્રીકંઠ નામે નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો, તેને એક ઉત્તમ સ્ત્રી હતી, અને

દધિમુખ નામે એક વિવેકી પુત્ર તેમને હતો ॥ ૧ ॥ તે કુંવરને ફક્ત મસ્તકજ હતું, બાકી ધડ નહોતું, વળી તે દધિમુખ વેદ પુરાણ વિગેરે ભણતો, તે વાત સઘળા નગરના લોકો જાણતા ॥ ૨ ॥ હવે દાધમુખ બાપને ઘેર રહી હમેશાં પુણ દાન કરે, એટલામાં ત્યાં તેમને ઘેર અગસ્ત્ય રૂષિ આવી ચડ્યા ॥ ૩ ॥

**માન સનમાન દીધાં ઘણાં, અભ્યાદે કરીય પ્રણામ; પવિત્ર મંદિર આજ અમ તણો, બોલે દધિમુખ જામ ॥ ૪ ॥ વિનય કરી કહે પગ ધુઓ, ભોજન કરો રૂષિરાય; જનમ સફલ હોયે અમ તણો, તુમ દરશને સુખ થાય ॥ ૫ ॥**

ત્યાં તેને નમસ્કાર કરી બહુ આદરમાન આપ્યું, વળી દાધમુખે કહ્યું કે, આજ તો અમારૂં ઘર પવિત્ર થયું ॥ ૪ ॥ પછી વિનય સહિત દધિમુખે રૂષિને કહ્યું કે, હે રૂષિરાય પગ ધોઈ આપ ભોજન કરવા બેસો કે, જેથી અમારો જન્મારો સફળ થાય; અને આજે તમારા દર્શનથી અમોને બહુ આનંદ થાય છે ॥ ૫ ॥

## ઢાલ ચોથી.

આજ હજારી ઢોલો પ્રાહુણો—એ દેશી.

**અગસ્ત્યરૂષિ બોલ્યા એસું, સાંભલો દધિમુખ તુમે વાણ સાજન મારાહે,**
**વિનય વિવેકી તુજ સમો, નહીં દીઠો કોઈ સુજાણ, સાજન મારાહે.**
**શ્રોતા સુણજો એક મના ॥ એ આંકણી ॥ ૧ ॥**
**દધિમુખ તું છે કુંવારડો, નારો પરણ્યો નહીં સાર; સા૦**
**કુંવારાને ઘર જમવો નહીં ઘટે, અઘટતો દીસે આચાર. સા૦ શ્રો૦ ૨**
**દાન દેવા નર જોગ્ય તે. જેહને ઘરે નારી હોય; સા૦**
**સ્ત્રી વિના દાન પુણ્ય નહીં, સ્મૃતિ શ્લોક એહવો જોય. સા૦શ્રો૦॥૩॥**

હે શ્રોતાજનો એક ચિત્તથી તમે સાંભળજો, હવે અગસ્ત્ય રૂષિ બોલ્યા કે, હે દધિમુખ તારા જેવો વિનયી, વિવેકી, અને બુદ્ધિવાન મેં કોઈ જોયો નથી ॥ ૧ ॥ પણ હે દધિમુખ તું હજુ કુંવારો છે, કોઈ ઉત્તમ સ્ત્રીને હજું તું પરણ્યો નથી, માટે કુંવારા માણસને ઘેર જમવું એ અયુક્ત આચાર કહેવાય ॥ ૨ ॥ જેને ઘેર સ્ત્રી હોય, તે માણસજ દાન દેવાને લાયક છે, કારણ કે સ્મૃતિમાં કહ્યું છે કે, સ્ત્રી વીનાં દાન પુણ્ય થતું નથી ॥ ૩ ॥

श्लोकः — दानयोग्योगृहस्थश्च । कुमारोनक्षमोभवेत् ॥
दानधर्मक्षमःसाधु । गृहीणीगृहमुच्यते ॥ १ ॥

દાન દેવાને ગૃહસ્થ લાયક છે, પણ કુંવારો માણસ લાયક નથી. વળી તે દાન લેવાને સાધુ યોગ્ય છે, અને જેને ઘેર સ્ત્રી હોય તેજ ગૃહસ્થી કહેવાય ॥ ૧ ॥

**એમ કહીને અગસ્તિ ગયા, દધિમુખ તવ નિજ ગેહ; સા૦**
**આદર કર્યો વિવાહ તણો, માત તાત પરણાવે બેહ. સા૦ શ્રો૦ ॥ ૪ ॥**

પિતા કહે પુત્ર તુમે સુણો, કન્યા નવિ દીએ વિપ્ર કોય; સા૦
પરણ્યા વિના ભોજન તણો, દધિમુખ નિમ લીધો સોય. સા૦ શ્રો૦ ૫
માત પિતા શોક ઉપન્યો, તેહ નગરે વિપ્રજ એક; સા૦
દુર્બલને ધન આપ્યું ઘણું, તેહની પુત્રી પરણી વિવેક. સા૦ શ્રો૦ ૬

એમ કહીને અગસ્ત્ય રૂષિ ત્યાંથી ચાલતા થયા, પછી દધિમુખને તેના માત પિતાએ ઘેર રહી પરણાવવાની તૈયારી કરવા માંડી ॥ ૪ ॥ પછી પિતાએ દધિમુખને કહ્યું કે, કોઇ બ્રાહ્મણ કન્યા આપતો નથી; તે સાંભળી દધિમુખે નિયમ લીધું કે, પરણ્યા વિના મારે ભોજનજ કરવું નથી ॥ ૫ ॥ તે સાંભળી માબાપ દિલગીર થયા; પછી તે શેહેરમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો, તેને કેટલુંક ધન આપીને તેની પુત્રી સાથે દધિમુખને પરણાવ્યો ॥ ૬ ॥

વિવાહ કરી ઘરે આવીયા, ઘરે દ્રવ્ય નહીંરે લગાર; સા૦
ચાર માણસ ઘર ખરચ ઘણો, પિતા તવ કહે તેણી વાર. સા૦ શ્રો૦ ૭
દધિમુખ સુત તમે સાંભલો, વિત્ત ખરચ્યું અમે વિવાહ; સા૦
અમે ઉધમ હવે નહીં થાયે, તુમે કરો ખર્ચ નિર્વાહ. સા૦ શ્રો૦ ॥ ૮ ॥
દધિમુખ કહે કામની સુણો, માત પિતાનો અપમાન; સા૦
ઘર રહેવા ઘટતું નથી, જો હોય હઇડામાં સાન. સા૦ શ્રો૦ ॥ ૯ ॥

વિવાહ કરીને ઘરે આવ્યા બાદ ઘરમાં કંઇ ધન ન રહેવાથી, ચાર માણસનું ખરચ નિભાવવા વાસ્તે દધિમુખનો પિતા તેને કહેવા લાગ્યો ॥ ૭ ॥ હે દધિમુખ પુત્ર, અમે સઘળું ધન તારા લગ્નમાં ખરચી નાખ્યું છે, અને હવે અમારાથી મેહેનત થઇ શકતી નથી, માટે હવે તમો સઘળું ઘર ખરચ ચલાવો ॥ ૮ ॥ પછી દધિમુખે તે વાત પોતાની સ્ત્રીને કહીને કહ્યું કે, હવે માબાપ આપણું અપમાન કરે છે, માટે હવે જો આપણને સાન હોય તો ઘરમાં રહેવું લાયક નથી ॥ ૯ ॥

દધિમુખ શિર સીંકે ધર્યું, તેહ નારી લેઇ ચાલી તામ; સા૦
દેશ નગર ગામે સાંચરે, પતિવ્રતા નારીનો નામ. સા૦ શ્રો૦ ॥ ૧૦ ॥
ભરતાર ભગતિ ઘણી કરે, સતી જાણીને સહુ લોક; સા૦
ધણ કણ દાન દીયે ઘણું, સુખ પામ્યા દોયે ગયો શોક. સા૦ શ્રો૦ ૧૧
ભમતાં ભમતાં ઉજેણી ગયા, દૂતની શાલા મોઝાર; સા૦
જુઆરી ઘણા જુવટે રમે, તીહાં લાવી તેહ ભરતાર. સા૦ શ્રો૦ ॥ ૧૨ ॥

પછી તે સ્ત્રી દધિમુખનું માથું સીંકામાં ધારણ કરીને ત્યાંથી ચાલી, અને ત્યાંથી દેશ, શેહેર, ગામ વિગેરેમાં ફરવા લાગી, તથા તે પતિવ્રતા કહેવાવા લાગી ॥ ૧૦ ॥ વળી તેને પોતાના ભરતારની ભક્તિ કરતી જોઇને સતી જાણીને, લોકો તેને ધન, ધાન આદિનું ઘણું દાન દેવા લાગ્યા; અને તેથી તેઓ બન્ને શોકનો ત્યાગ કરી સુખ પામ્યા ॥ ૧૧ ॥ પછી તેઓ બન્ને ભમતા ભમતા ત્યાંથી ઉજ્જેણી નગરીમાં ગયા, ત્યાં એક જુગારખાનું હતું, કે, જ્યાં કેટલાક જુગારીઓ જુગટે રમતા હતા, ત્યાં તે પોતાના સ્વામિને લાવી ॥ ૧૨ ॥

સિંકું ખુંટે બાંધીને ગઈ, સતી હાટ શેરી ભિક્ષા કાજ; સા૦
એહવે જુઆરીને ઝુઝ હુવો, ખડગે હણ્યો દૂતરાજ. સા૦ શ્રો૦ ॥૧૩॥
શીર તુટી ભૂમિએ પડયું, સીંકું છિદાણું વલી તામ; સા૦
દધિમુખ પુણ્ય પ્રગટ થયું, મસ્તક લાગ્યું ધડ ઠામ. સા૦ શ્રો૦ ॥૧૪॥
અન્ય કબંધ શિરપર તણું, દધિમુખ નિપન્યો એહ; સા૦
વિપ્ર કહો કેમ નવિ મિલે, મુજ શિર મુજ તણો દેહ. સા૦ શ્રો૦॥૧૫॥
છઠ્ઠા ખંડની ઢાલ ચોથીએ, વિવેક તણી કહી વાત; સા૦
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજયને સુખ સાત. સા૦ શ્રો૦॥૧૬॥

ત્યાં તે સીંકું માથા સહિત ખીંટીએ લટકાવીને તે સ્ત્રી બજાર તથા મોહેલ્લામાં ભિક્ષા માગવા ગઇ, એટલામાં તે જુગારીઓમાં માંહોમાંહે લડાઇ ઉઠી, અને એક મોટા જુગારીનું માથું તલવારથી કપાયું ॥ ૧૩ ॥ તે જુગારીનું માથું પૃથ્વીપર પડયું, એટલામાં પેલું સીંકું પણ નીચે પડવાથી, દધિમુખના પુણ્ય યોગે તેનું મસ્તક પેલા જુગારીના ધડ સાથે ચોંટી ગયું ॥ ૧૪ ॥ એવી રીતે બીજાનું માથું અને બીજાનું ધડ મળીને જ્યારે દધિમુખ ઉત્પન્ન થયો, તો હે બ્રાહ્મણો તમો કહો કે, મારૂંજ માથું મારાજ શરીર સાથે કેમ ન જોડાય ? ॥ ૧૫ ॥ એવી રીતે છઠ્ઠા ખંડની ચોથી ઢાલમાં સઘળી વિવેકની વાતો કહી, અને તેથી રંગવિજયના શિષ્ય નેમવિજયને પણ સુખ થયું ॥ ૧૬ ॥

## दुहा.

બ્રાહ્મણ કહે જોગી સુણો, સત્ય વચન તુમ એહ; સ્મૃતિ પુરાણે અમે સાંભલ્યું, ખોટું કહીએ કેમ તેહ. ૧ ખગ કહે અપર વલી સુણો, રાવણ લાવ્યો હરી સીત; હનુમંત અંગદ મોકલ્યો, રામે વિસ્ટાલી પ્રીત ॥ ૨ ॥ વાલી પુત્ર અંગદ ભલો, બોલ્યો મોટા બોલ; રાવણે રીસે મારીયો, ખડગે કીધો બે તોલ. ૩

તે સાંભળી બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે યોગીઓ તમારા વચન ખરા છે, કારણકે તે વાત અમે પણ સ્મૃતિ પુરાણ વિગેરેમાં સાંભળી છે, તે અમારાથી કેમ જુઠી કહેવાય. ૧ વળી તે વિદ્યાધર કહેવા લાગ્યો કે, રાવણ જ્યારે સીતાને હરી લાવ્યો, ત્યારે રામે પ્રીતિથી હનુમાન અંગદને ત્યાં દૂત તરીકે મોકલ્યો ॥ ૨ ॥ ત્યાં જઇને વાલીના પુત્ર અંગદે રાવણને કડવા વચનો કહ્યાથી, તેણે ક્રોધ લાવી તેને તલવારથી મારીને તેના બે કટકા કર્યાં ॥ ૩ ॥

અંગદ ફાડી દોય ફાડીયાં, હનુમંતે લીધાં બેહ; વનમાં આણી સાંધીયાં, લાગ્યો તેહનો દેહ ॥ ૪ ॥ પુનરપી તે વળી જીવીયો, અંગદ અપૂરવ જેહ; માહરૂં મસ્તક મુજ ધડ ચડયું, કેમ ન મલે મુજ તેહ ॥ ૫ ॥

એવી રીતના અંગદના બે કટકા હનુમાને લઇ, વનમાં જઇને સાંધવાથી તે જોડાઇને જીવતો થયો ॥ ૧૪.॥ અને એવી રીતે તે અંગદ ફરીને જીવતો થયો, તો મારૂં મસ્તક મારા શરીર સાથે કેમ ન જોડાય? ॥ ૫ ॥

## ઢાલ પાંચમી.

ચોપાઇની દેશી.

અપર કથા બ્રાહ્મણ તુમે સુણો, સંબંધ કહું પુરાણ તુમ તણો;
દાણવ પતિતે દશરથ નામ, બે નારી તેહને અભિરામ ॥ ૧ ॥
પુત્ર પાખે તે દુખીયાં થયાં, ઇશ્વર ભણી તે ત્રણે ગયાં;
માહાદેવની માંડી ભક્તિ, આરાધે પૂજે બહુ જુક્તિ ॥ ૨ ॥
માહાદેવ તવ તુઠયા તેહ, પુત્ર હોસે તુમારે દેહ;
મુજ લાડુ ચડીયો છે એક, ભક્ષણ ભામનો કરો વિવેક ॥ ૩ ॥

વળી પણ હે બ્રાહ્મણો તમોને હું તમારા પુરાણોની વાત કહું છું, તે સાંભળો; એક દશરથ નામે દાનવોનો રાજા હતો, તેને બે મનોહર સ્ત્રીઓ હતી ॥ ૧ ॥ પણ તેઓને પુત્ર નહોવાથી તેઓ ત્રણે મહાદેવ પાસે ગયા, અને ત્યાં બહુજ ભક્તિ પૂર્વક તેની પૂજા કરવા માંડી ॥ ૨ ॥ પછી મહાદેવ તુષ્ટમાન થઈ કહેવા લાગ્યા કે, જાઓ તમોને પુત્ર થશે, આજે જે મને લાડુ ચડ્યો છે, તે સ્ત્રીને ખવરાવજો ॥ ૩ ॥

મેં વરદાન દીધો છે આજ, પુત્ર હોસે તુમારે કાજ;
ઘર નીજ લઇ ગયા લાડુ તેહ, બે ફાડી કીધો વળી એહ ॥ ૪ ॥
ભામની બેહુને વેંચી દીધ, ભાર્યાએ તે ભક્ષણ કીધ;
ગર્ભ રહ્યા બેહુને વળી તામ, નવ માસ વાડા ગયા તે જામ ॥ ૫ ॥
એકે દિવસે તે બેહુ જણ્યાં, અરધો અરધ અંગ તેહજ ભણ્યાં;
જઇ સંભલાવ્યો દશરથ તાત, પુત્ર એક દોય ખંડજ જાત ॥ ૬ ॥

વળી આજે મેં જે વરદાન આપ્યું છે, તેથી તમોને પુત્ર થશે; પછી તેઓએ લાડુને ઘેર લઈ જઇ તેના બે કકડા કર્યાં ॥ ૪ ॥ ત્યાં તે બન્નેને અરધો અરધો વેહેંચી આપ્યાથી તેઓએ તે ખાધો, અને તેથી તેઓ બન્નેને ગર્ભ રહ્યો, અને તે ગર્ભને નવ માસ થવા આવ્યા ॥ ૫ ॥ પછી તેઓ બન્નેએ અરધા અરધા દેહવાળા પુત્રોને એકજ દહાડે જન્મ આપ્યો; અને તે વાત દશરથ રાજાને સંભળાવી કે, એકજ પુત્રના બે કડકાઓનો જન્મ થયો છે ॥ ૬ ॥

બાપે દીધી આજ્ઞા તેહ, લેઈ નાખો વનમાં એહ;
માતાને તવ ઉપન્યો નેહ, જોર કરી સંધાડયો દેહ ॥ ૭ ॥
જરાસંધ પરઠયો વળી તેહ, જોરે બંધાણો તેહજ દેહ;
જરાસંધ તે નામજ ધર્યું. નારાયણ સું વેરજ કર્યું ॥ ૮ ॥
સબળ સંગ્રામે તે ઝુઝાર, શરીર મળ્યું બે ખંડ અપાર;
તેમ મુજ માથું માહરે દેહ, એહ વાતનો નહીં સંદેહ ॥ ૯ ॥

ત્યારે દશરથે કહ્યું કે, તે બન્ને કકડાઓને વનમાં નાખી આવો, પણ માતાને સ્નેહ થવાથી તેણે જોર કરી બન્નેનું શરીર જોડી દીધું ॥ ૭ ॥ એવી રીતે તે જોરથી તેનું શરીર જોડવાથી તે જીવતો થયો, તથા તેનું જરાસંઘ નામ પાડયું, કે જેણે વિષ્ણુ સાથે વેર બાંધ્યું ॥ ૮ ॥ એવી રીતે તેનું શરીર બે કકડાનું બન્યું હતું, પણ તે સંગ્રામમાં મહાબળવાન હતો, તેવીજ રીતે મારૂં માથું પણ મારા શરીરમાં જોડાયું તે વાતમાં જરા પણ શંકા નથી ॥ ૯ ॥

**અપર વળી કહું સાંભલો વાત, શાસ્ત્ર પુરાણે તેહ વિખ્યાત;**
**ઇશ્વર મોટો સબલો દેવ, પારવતી નારીસું ટેવ ॥ ૧૦ ॥**
**ઉમીયાને ભોગવતાં ગયાં, સહસ વરસ દેવતાના થયાં;**
**સુર સઘલાને ચિંતા થાય, કેમ કરીશું આપણ ભાય ॥ ૧૧ ॥**
**પુત્ર ઉપજસે એહનો જેહ, સબલ સંતાપિ હોસે તેહ;**
**દેવ દાનવને કરસે તાડ, જગત જગડસે તે મહા પાપ ॥ ૧૨ ॥**

વળી પણ તમારા પુરાણોની પ્રખ્યાત વાત તમોને કહું તે તમો સાંભળો, મહાદેવ મહાબળવાન દેવ છે, કે જે પાર્વતી સાથે અત્યંત સ્નેહ રાખે છે ॥૧૦॥ એવી રીતે પાર્વતી સાથે ભોગ ભોગવતાં મહાદેવને એક હજાર વર્ષો નિકળી ગયા, ત્યારે સઘળા દેવો વિચારમાં પડ્યા કે, હવે આપણે કેમ કરશું? ॥ ૧૧ ॥ આ મહાદેવનો જે પુત્ર થશે, તે મહાબળવાન થઇ, દેવ, દાનવ વિગેરેને મારમારી બહુજ સંતાપશે, તથા તે મહાપાપી આખા જગતને હેરાન કરશે ॥ ૧૨ ॥

**તો આપણ હવે કરીએ એમ, ભોગવી જોગ ઉપાઇએ તેમ;**
**દેવ મળી વિચાર એ કીધ, ગોરી બાંધવને આજ્ઞા દીધ ॥ ૧૩ ॥**
**વિશ્વાનર તુમે વિશ્વના દેવ, સુરનર કરે તુમારી સેવ;**
**પાર્વતોના ભાઈ ભણી, કાજ આવો સહુ દેવજ તણી ॥ ૧૪ ॥**
**ઇશ્વર ભોગ કરો અંતરાય, તો સહુને સુખ હર્ષજ થાય;**
**અગ્નિદેવ તેણે માન્યો બોલ, ઉમીયા ઈશ તિહાં ગયો નિટોલ ॥૧૫॥**

તો હવે આપણે એક વિચાર કરીયે, અને મહાદેવના ભોગમાં વિઘ્ન પાડીએ, એમ વિચારિ તેઓએ પાર્વતીના ભાઇને બોલાવ્યો ॥ ૧૩ ॥ અને તેને કહ્યું કે, હે વિશ્વાનર દેવ તમે આખા જગતના દેવ છો, વળી દેવો, માણસો વિગેરે તમારી સેવા કરે છે; વળી તમે પાર્વતીના ભાઈ છો, માટે આજે તમે સઘળા દેવોનું એક કામ બજાવો ॥ ૧૪ ॥ તમે મહાદેવના સંભોગ વખતે તેને અંતરાય કરો તો સઘળા દેવોને સુખ થાય; પછી તે વાત અગ્નિદેવે અંગીકાર કરીને, ત્યાંથી તે જ્યાં પાર્વતી અને મહાદેવ હતા ત્યાં ગયો ॥ ૧૫ ॥

**જઈ ખોંખારો બાહીર જામ, વિઘન ઉપન્યું વીર્ય ખલતાં તામ;**
**પાર્વતી ઉઠી તેણી વાર, ભાઈ દેખી લાજી અપાર ॥ ૧૬ ॥**
**ઇશ્વરને બહુ કોપજ ચડયો, લષ્ટિ મુષ્ટી વિશ્વાનરૂ પડયો;**
**સાલા માટે માર્યો નહીં, મુખ ધરરે વીર્ય મૂકું સહી ॥ ૧૭ ॥**

વીર્ય પૃથ્વી રેલાઇ સહુ, તે માટે મુખ ધરરે કહું;
તવ વિશ્વાનરે મુખ તે ધર્યું, ઉદરે વીર્ય સઘલું સાંચર્યું ॥ ૧૮ ॥

ત્યાં બારણા પાસે જઇ તેણે ખોંખારો મારવાથી, મહાદેવનું વીર્ય પડતું અટકી ગયું, પછી પાર્વતીએ જોયું તો ત્યાં પોતાના ભાઇને ઉભેલો જોઇ, અત્યંત શરમાવા લાગી ॥ ૧૬ ॥ તે વખતે મહાદેવને ઘણોજ ક્રોધ ચડવાથી લાકડી અને મુક્કીઓ વડે તેને માર માર્યો, પણ તે સાળો હોવાથી તેને જીવથી મારી નાખ્યો નહીં, અને તેને કહ્યું કે, હવે તારૂં મોહોડું ઉઘાડ, તેમાં હું મારૂં વીર્ય મુકું ॥ ૧૭ ॥ મારૂ વીર્ય હમણાં પૃથ્વી ઉપર પડશે, માટે જલદી તું તારૂં મોહોડું ઉઘાડ, તે સાંભળી અગ્નિ દેવે પોતાનું મોહોડું ઉઘાડવાથી સઘળું વીર્ય તેના પેટમાં ઉતર્યું ॥ ૧૮ ॥

વીર્ય બળે તવ કોઢી થયો, અગ્નિદેવ તે દુઃખીયો ભયો;
રૂષિપત્ની તવ ગંગા જઈ, સ્નાન કરી આવે તે સહી ॥ ૧૯ ॥
નારી કાર્તિકા તેહનો નામ, અગ્નિ સગડીએ તાપે છે તામ;
વીર્ય કાઢયું મુખ માંહી થુંક, યોનિ સંચાર્યું માંહીં ફુંક ॥ ૨૦ ॥
ગર્ભ વાધે હવે નારી તણો, રૂષિએ જાણ્યો નહીં આપણો;
પેટમાંહીંથી કાઢી કરી, સર્પણ વનમાં મૂકયો ધરી ॥ ૨૧ ॥

તે વીર્યના બળથી અગ્નિદેવને કોઢનો રોગ થવાથી તે અત્યંત દુઃખી થયો; પછી એટલામાં કોઇ રૂષિની સ્ત્રી ગંગા નદીમાં જઇ સ્નાન કરી આવી ॥ ૧૯ ॥ તે સ્ત્રીનું નામ કાર્તિકા હતું, અને તે સગડીમાં અગ્નિ સળગાવી તાપવા લાગી, ત્યાં તે અગ્નિ દેવે પોતાના મુખ વાટે વીર્ય કાઢીને ફુંક મારી તેની યોનિમાં ઠલવી દીધું ॥ ૨૦ ॥ પછી તે સ્ત્રીનો ગર્ભ દિવસે દિવસે વધવા લાગ્યો, ત્યારે રૂષિએ જાણ્યું કે તે મારો ગર્ભ નથી, એમ વિચારિ તે ગર્ભ પેટમાંથી કહાડીને સર્પણ વનમાં છોડી દીધો. ૨૧

ગર્ભ તણાં છ કટકા તેહ, એકઠા મેલી કીધો દેહ;
કાર્તિકેય હુવો તસ નામ, ષડ્ જનમાં બીજો અભિરામ ॥ ૨૨ ॥
ષડમુખ નામ કહે તે સહુ, ષડમાતુર જાણે તે બહુ;
છ કટકા તસ દેહજ મલે, તો મુજ શિર ધડસેં નવી મલે ॥ ૨૩ ॥
છઠ્ઠા ખંડની પાંચમી ઢાલ, સાંભલજો તમે બાલ ગોપાલ;
રંગવિજયનો શિષ્ય એમ કહે, નેમવિજયનો વયણ સદહે ॥ ૨૪ ॥

તે ગર્ભના છ કટકા હતા, પછી તેને એકઠા મેળવાથી તેનું આખું શરીર થઇ તે જીવતો થયો, અને તેનું કાર્તિકેય નામ પાડયું, વળી તેને ષડ્ જન્મા પણ કહેતા. ૨૨ વળી કેટલાક તેને "ષડ્મુખ" તો કેટલાક "ષડ્ માતુર" કહીને પણ બોલાવતા, એવી રીતે જ્યારે તેના છ કટકા મળીને દેહ થયો, તો મારૂં માથું મારા ધડ સાથે કેમ ન ચોટે? ॥૨૩॥ એવી રીતે છઠા ખંડની પાંચમી ઢાલ કહી, તે તમે હે બાલગોપાલો સર્વે સાંભળજો, એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજય વચનો અંગીકાર કરે છે ॥ ૨૪ ॥

## દુહા.

અપર કથા તુમે સાંભલો, ગોરી નંદન ગણપત; પાર્વતી એક અવસરે, મજ્જન કરવા નિમિત્ત ॥૧॥ અંગ મેલ ઉતારવા, સખી સંધાતે બેઠ; અંગ ઉગટણો ઘણો, પુરૂષ નિપાયો તેઠ ॥ ૨ ॥ ગણેશ રૂપ કરી થાપીયો, જીવતો કીધો તેહ; ખડગ આપ્યો નિજ હાથમેં, સમજાવે વળી જેહ ॥ ૩ ॥

વળી પણ તમો પાર્વતીના પુત્ર ગણપતિની એક વાત સાંભળો? પાર્વતી એક વખતે સ્નાન કરવા બેઠી ॥ ૧ ॥ તે વખતે સખીયોની સાથે પોતાના અંગનો મેલ ઉતારવા લાગી, અને ખુબ ચોળી ચોળીને તે મેલ એકઠો કરીને, તેમાંથી એક પુરૂષ બનાવ્યો ॥ ૨ ॥ તેનું ગણેશ નામ પાડી, તેને જીવતો કરી, હાથમાં ખડગ આપીને કેટલીક શિખામણ દીધી ॥ ૩ ॥

બેસાડચો તે બારણે, ચોકી કરવા કાજ; અવર મદે જે આવવા, નાવા બેઠી આજ. ૪ ઈશ્વર આવ્યા ઉતાવલા, બેઠો દીઠો તેહ; અન્યો અન્ય પૂછે ફરી, કોણ તું માહરે ગેહ ॥૫॥

પછી તેને ચોકી કરવા વાસ્તે બારણામાં બેસાડ્યો, અને કહ્યું કે, બીજા કોઇને અંદર આવવા દેતો નહીં; એમ કહી તે પાર્વતી સ્નાન કરવા બેઠી ॥ ૪ ॥ એટલામાં એકદમ ત્યાં મહાદેવ આવ્યા, તે ગણપતિને જોઇ એક બીજાને પુછવા લાગ્યા કે તમો કોણ છો? ॥ ૫ ॥

## ઢાલ છઠ્ઠી.

ચોપાઇની દેશી.

ગણેશ બોલ્યો તવ કોણ છે તું, ઘરમાં પેસણ નહીં દેઉં હું;
તવ તે લાગ્યો જુદ્ધ અપાર, ગણેશ ઈશ્વર ઝુઝે ઝુઝાર ॥ ૧ ॥
તવ તે ઈશ્વર કોપે કરી, ખડગે માર્યું મસ્તક ધરી;
ઉડી ગયું મસ્તક તે તણું, છયાસી જોજન પોચ્યું ઘણું ॥ ૨ ॥
ઈશ્વર તવ આવ્યા ઘરમાંહીં; પાર્વતી નાહે છે ત્યાંહીં;
કેમ સ્વામિ આવ્યા ઈહાં ઈસ, દ્વારપાળ માર્યો મેં રીસ ॥ ૩ ॥

પછી ગણેસે મહાદેવને કહ્યું કે, તું કોણ છે? હું તને ઘરમાં આવવા નહીં દઉં; પછી ત્યાં ગણપતિ અને મહાદેવ વચ્ચે લડાઇ શરૂ થઇ ॥ ૧ ॥ તે વખતે મહાદેવે તો રીસ કરીને તેના માથામાં તલવાર મારી, તે વખતે તે ગણપતિનું માથું ઉડીને છયાસી જોજન ઉંચે પહોંચ્યું ॥ ૨ ॥ પછી મહાદેવ જ્યાં પાર્વતી ન્હાય છે ત્યાં આવ્યા? પાર્વતીએ પુછયું કે, સ્વામી તમે આંહીં શી રીતે આવ્યા, ત્યારે મહાદેવે કહ્યુ કે, ચોકી કરનારને મારીને હું અહીં આવ્યો છું. ॥૩॥

પાર્વતી બોલ્યાં જગદીસ, એહ પાપ શું કીધું ઈશ;
પુત્ર માહરો માર્યો તુમે, નહીં બોલું હવે તુમસું અમે ॥ ૪ ॥

પુત્ર હત્યા લાગી તુજ હાથ, એ અઘટતું કીધું કાજ;
પુત્ર હત્યારા ઘરથી જાય, કાળા મુખવાળો કેમ થાય ॥ ૫ ॥
જો જીવંતો કરશો એહ, તો તુમસું ધરીશું સ્નેહ;
ઈશ્વર તવ આવી જોયે બાર, ધડ દીઠું એકલું તેણી વાર ॥ ૬ ॥

તે સાંભળતાજ પાર્વતી બોલી ઉઠ્યાં કે, હે ઈશ્વર તમે આ શું પાપનું કામ કર્યું? તમે મારા પુત્રને મારી નાખ્યો, માટે હવે હું તમારી સાથે બોલીશ નહીં ॥૪॥ આ કામ તેં બહુ અયુક્ત કર્યું છે, પુત્રને મારવાથી હવે તારે શરમાવું પડશે, માટે હે પુત્રની ઘાત કરનારા, તું ઘરમાંથી નિકળ આ કામ કરી તેં તારૂં મોહોડું કાળું કેમ કર્યું? ॥ ૫ ॥ માટે હવે જો તે પુત્રને તમે જીવતો કરશો, તોજ હું તમારી સાથે પ્રિતિ કરીશ; તે સાંભળી મહાદેવ બારે આવીને જુએ છે તો ગણપતિનું માથા વિનાનું એકલું ધડ તેણે જોયું ॥ ૬ ॥

ખેત્રપાલને તવ દીધી સીખ, જોઈ લાવો ગણપતિનું શિશ;
ખેત્રપાલ જોવે જગમાંહીં, નવિ દેખે મસ્તક વળી કયાંહીં ॥ ૭ ॥
ઠામ ઠામ જોયું તે મુંડ, નવિ દીસે ગણપતિનું તુંડ;
મુઆ હસ્તીની આણી સુંઢ, જોડી ગણેસ તણે જે રૂંડ ॥ ૮ ॥
ગજ વદન હુવો તસુ નામ, જીવતો હુવો તેહજ તામ;
મિથ્યાતિ સહુ પૂજે લોક, એહુ વચન સાચાં કે ફોક ॥ ૯ ॥

પછી મહાદેવે ખેત્રપાળને હુકમ કર્યો કે, ગણપતિનું માથું તમો શોધી લાવો તેથી ક્ષેત્રપાળ તેની શોધ વાસ્તે આખી દુનિયામાં રખડ્યો, પણ તેને કંઈ હાથ લાગ્યું નહીં ॥ ૭ ॥ પછી જગો જગોએ શોધ કરતાં પણ જ્યારે ગણપતિનું માથું મળ્યું નહીં ત્યારે, એક મરેલા હાથીનું સુંઢ સહીત માથું લાવી તેના ધડ સાથે જોડી દીધું ॥ ૮ ॥ તેજ વખતે તે ગણપતિ જીવતો થયો, અને ત્યારથી તેનું નામ "ગજવદન" પડયું, અને મિથ્યાત્વિઓ તેને પૂજવા લાગ્યા, માટે હે વિપ્રો તે વાતો સઘળી સાચી છે કે જુઠી? ॥ ૯ ॥

વિપ્ર સાંભલો એહજ સાચ, અમારી નહીં માનો તુમે વાચ;
આપણું વચન આપણને ગમે, બાકી સહુ તે ફોકે ધમે ॥ ૧૦ ॥
સૂદ્ર અન્ય અગ્રાહ્ય એમ કહે, ઘૃત પક્ક તે સહુને ગ્રહે;
દ્વિજવર સહુ તે ઝાંખા થયા, મૌન ધરીને વલતા રહ્યા ॥ ૧૧ ॥
બ્રાહ્મણ એક બોલ્યો વળી એમ, ધૂર્ત બહુ દીસો છો તેમ;
તુમે કહ્યા તે માન્યા સહુ, એક સંદેહ છે અમને બહુ ॥ ૧૨ ॥

માટે હે બ્રાહ્મણો એ વાત ખરેખરી છે, પણ તે તમો માનશો નહીં; કારણ કે પોતાનું કહેલું પોતાને ગમે છે, પણ બીજાનું કહેવું તો માણસો જુઠુંજ જાણે છે. ૧૦ ઘીના પકવાન સઘળાઓને ગમે છે, પણ હલકા માણસો કે જેણે તે કદી નજરે પણ જોયા નથી, તેને તે ગમતા નથી; પછી ઉપરની વાતથી સઘળા બ્રાહ્મણોના

મુખ ઝાંખા થયા, અને તેઓ કંઇ પણ બોલ્યા ચાલ્યાવિના મૌન પણે રહ્યા ॥૧૧॥ પણ એટલામાં એક બ્રાહ્મણ બોલી ઉઠ્યો કે, તમોએ જે વાતો કહી તેતો અમોએ અંગીકાર કરી, પણ એક વાતમાં હજુ અમને સંદેહ છે, માટે તમો ખરેખર ઠગારા જણાઓ છો ॥ ૧૨ ॥

કોઠ ઉપરથી ખાધાં મુંડ, હેઠું કેમ ધરાયું રૂંડ;
પર ખાય ને પર કેમ ધ્રાય, એહ વાત કેમ ઘટતી થાય ॥ ૧૩ ॥
મનોવેગ તવ બોલ્યો વાણુ, સાંભળો વાડવ તુમે અજાણ;
ઇહ લોકે વિપ્ર ભોજન કરે, પરલોકે પૂર્વજ તૃપ્તિ ધરે ॥ ૧૪ ॥
માત પિતા સહુ મુવા ઘણાં, ચોરાસી લાખ જોનિએ જણ્યાં;
કાળ ઘણો હુવો છે તેહ, ન જાણીયે અવતરીયા કેહ ॥ ૧૫ ॥

તમારા માથાએ ઝાડ ઉપર જઇ કોઠ ખાધા, પણ તેથી નીચે રહેલું તમારૂં પેટ શી રીતે ભરાણું; કારણ કે એક જણ ખાય, અને પેટ બીજાનું ભરાય તે વાત તો મળતી આવે નહીં ॥ ૧૩ ॥ તે સાંભળી મનોવેગ બોલ્યો કે, હે બ્રાહ્મણ તું હજુ અજ્ઞાની છે, કારણ કે, (શ્રાદ્ધ પક્ષમાં) બ્રાહ્મણો અહીં ભોજન કરે છે, અને તેથી પૂર્વજોનાં પેટ ત્યાં ભરાય છે ॥ ૧૪ ॥ હવે તે માબાપોએ ચોરાસી લાખ જીવાયોનિમાં અનેક વખત અવતાર લીધો, તેને કેટલોક કાળ ચાલ્યો ગયો, તો આપણે શી રીતે જાણી શકીયે કે, હાલ તેઓએ કયો અવતાર લીધો ॥ ૧૫ ॥

અર્ધ પક્ષનાં પંદર દાસ, સંવછરી છમાસી પ્રીસ;
બ્રાહ્મણ સગાં જમે છે સહુ, તે પામે પુરવજ વલી બહુ ॥ ૧૬ ॥
પિતર ભવાંતર પામ્યા જેહ, વિપ્ર સગાં જમતાં પામે તેહ;
તો મુજ માથું કોઠાં ખાય, મારૂં પેટ કહો કેમ ન ભરાય ॥ ૧૭ ॥
છઠ્ઠી ઢાળ ખંડ છઠા તણી, એહવી વાત તે દ્વિજવર સુણી;
રંગવિજયનો શિષ્ય એમ કહે, નેમવિજયની વાત એમ રહે ॥ ૧૮ ॥

શ્રાદ્ધ પક્ષમાં પંદર દહાડા સુધી, તેમ સંવત્સરી તથા છમાસીએ બ્રાહ્મણો તથા સગાવહાલા વિગેરે જમે છે, અને તેથી આપણા પૂર્વજોના વળી પેટ ભરાય છે! ૧૬ માટે એવી રીતે જ્યારે બ્રાહ્મણો અને સગાવહાલાઓને જમાડવાથી આગલા ભવોમાં થએલા માબાપો તૃપ્તિ પામે છે, ત્યારે મારા માથાએ કોઠના ફળો ખાવાથી મારૂં પેટ નીચે રહ્યું થકું કેમ ન ભરાય? ॥ ૧૭ ॥ એવી રીતે છઠ્ઠા ખંડની છઠ્ઠી ઢાલમાં રંગવિજયના શિષ્ય નેમવિજયે જે વાત કહી તે બ્રાહ્મણોએ સાંભળી ॥ ૧૮ ॥

## દુહા.

બ્રાહ્મણ સહુ હાથ જોડીયા, બોલે વચન અનાથ; જીત્યો જીત્યો મુખથી વદે, હાર્યા અમે જગનાથ ॥ ૧ ॥ તુમ સાથે અમે બોલતાં, નથી પુરવતો કોય; સાચા સંધાતે કેમ ઘટે, સ્મૃતિ પુરાણે હોય ॥ ૨ ॥ વાદ જીતી વનમાં ગયા, મિત્ર બેહુ આ-

ણંદ; પવનવેગ કહે ભાઇ સુણો, મિથ્યા પુરાણે કહ્યો પ્રંદ. ૩
તે મેં ખોટાં જાણીયાં, જિન વચનનો નહીં ભેદ; તેહ કથા
કહો નિરમલી, મિથ્યા કથા કરો છેદ ॥ ૪ ॥

પછી તે બિચારા બ્રાહ્મણો તો હાથ જોડી કહેવા લાગ્યા કે, હે જગતના નાથ, તું ખરેખર જીત્યો, અને અમે હાર્યાં ॥ ૧ ॥ હવે તમારી સાથે વાદ કરવાને, અમારી પાસ કંઇ પણ સાધનો છે નહીં, કારણ કે જે વાતો અમારા સ્મૃતિ પુરાણોમાં લખેલી છે, તે સાચી વાતો અમારાથી શી રીતે ફેરવી શકાય? ॥ ૨ ॥ પછી તેઓ બન્ને મિત્રો વાદ જીતીને વનમાં જઇ હર્ષ પામવા લાગ્યા, ત્યાં પવનવેગે કહ્યું કે, હે ભાઇ મેં મિથ્યા પુરાણોની તો સઘળી વાતો હવે જાણી ॥ ૩ ॥ તે સઘળા વેદ પુરાણો તો મેં ખોટા માન્યા, માટે હવે કંઇ પણ ખામી વિનાના જિન મતની વાતો સંભળાવી, મિથ્યાત્વનો નાશ કરો ॥ ૪ ॥

## ઢાલ સાતમી.

આંગણ વાવું એલચીરે, પડવે નાગર વેલ, ઘણુરાઢોલા—એ દેશી.

મનોવેગ તવ બોલીયોરે, સાંભળો મિત્ર સુજાણ, મતરા લોભી;
રાવણ આદે દેઇ કહુંરે, જિન ભાષિત સુખ ખાણ. મ૦ ॥ ૧ ॥
માનો માનોરે સુગુણ કહીયો માનો, માહારી એક અરદાસ. મ૦
એ આંકણી.

મેઘવાહન અનુક્રમે હુવારે, લંકાપતિ નરેસ; મ૦
સંખ્યા પાર ન પામીયેરે, કહું શાસ્ત્ર લવલેસરે. મ૦ મા૦ ॥ ૨ ॥
રતન શ્રવા લંકા ધણીરે, કેકૈ જસી રાણી રાય; મ૦
રાવણ પુત્ર તે અવતર્યોરે, સુરનર સેવે પાય. મ૦ મા૦ ॥ ૩ ॥

પછી મનોવેગ બોલ્યો કે, હે ગુણવાન મિત્ર હવે જે વાત હું તમોને કહું, તે તમો અંગીકાર કરો? હવે હું તમોને જિન મત પ્રમાણે રાવણ આદિકની કથા કહું છું, તે સાંભળો? ॥ ૧ ॥ હવે મેઘવાહન પછી લંકામાં ઘણાં રાજાઓ થયા, કે જેની સંખ્યાનો પારજ નથી, પણ હવે તેની કથા શાસ્ત્ર પ્રમાણે ટુંકામાં તમોને કહું છું ॥ ૨ ॥ હવે અનુક્રમે લંકામાં રત્નશ્રવા નામે રાજા થયો, તેની કૈકૈ નામે રાણીની કુંખે રાવણ નામે પુત્રનો જન્મ થયો ॥ ૩ ॥

મય વિદ્યાધર પુત્રી ભલીરે, મંદોદરી રૂપની ખાણિ; મ૦
તે આદે રાવણ પરણીયોરે, અઢાર સહસ્ર ઘર રાણી. મ૦ મા૦ ॥ ૪ ॥
હય ગય રથ સુભટ તણોરે, ચક્રીનો અરધો માન; મ૦
પ્રતિ નારાયણ આઠમોરે, જિન પૂજે દીયે દાન. મ૦ મા૦ ॥ ૫ ॥
હાર પ્રભાવે નવ મુખ હોયેરે, મુલગું એકજ દેહ; મ૦
દશમુખ નામ હારે કરીરે, લોકમાંહીં હુવો તેહ. મ૦ મા૦ ॥ ૬ ॥

તે રાવણ મય વિદ્યાધરની મહાસ્વરૂપવાન મંદોદરી નામે પુત્રી આદિક અઢાર હજાર

રાણીઓને પરણ્યો ॥ ૪ ॥ તેને ઘોડા, હાથી, રથ, સુભટ વિગેરેની સંખ્યાનું પ્રમાણ અર્ધ ચક્રવર્તિનું હતું, અને તે આઠમો પ્રતિ વાસુદેવ હતો, અને તે જિનેશ્વરની પૂજા કરતો તથા દાન આદિક દેતો ॥ ૫ ॥ વળી તેને શરીરમાં માથું તો એકજ હતું, પણ હારના પ્રભાવથી દશ માથા દેખાતાં, અને તેથી દુનિયામાં દશ માથાનો રાવણ ઓળખાવા લાગ્યો ॥ ૬ ॥

**રામ નારી સીતા હરીરે, રામ રાવણ હુવો સંગ્રામ; મ૦**
**રાવણનું દલ ભાંજીયુંરે, રામ સુભટે ફેડયો ઠામ. મ૦ મા૦ ॥ ૭ ॥**
**લક્ષ્મણે માર્યો લંકાપતીરે, નરક ચોથી ગયો તેહ; મ૦**
**અનાગત ચોવીસીએ જિન હોસેરે, પંચ કલ્યાણક ગેહ. મ૦ મા૦ ૮**
**જૈન રામાયણમાંહી કહીરે, વિસ્તાર પૂર્વક કથા રામ; મ૦**
**દધિમુખ કથા તિહાં જાણજોરે, બીજા અધિકારમાંહીં તામ. મ૦મા૦ ૯**

તે રાવણે રામચંદ્રની સ્ત્રી સીતાનું હરણ કર્યું, અને તેથી બન્ને વચ્ચે લડાઇ થતાં રાવણનું લશ્કર હારવાથી રામે લંકાનો નાશ કર્યો ॥ ૭ ॥ ત્યાં રાવણ લક્ષ્મણને હાથે મરાઇને ચોથી નરકમાં ગયો, અને આવતી ચોવીસીમાં પંચકલ્યાણકનો ધરનાર જિનેશ્વર થશે ॥ ૮ ॥ વળી તેની વિસ્તાર પૂર્વક વાત જૈન રામાયણમાં કહી છે, હવે બીજા અધિકારમાં દધિમુખની વાત કહું છું તે જાણજો ॥ ૯ ॥

**ઇશ્વર લીંગ તણી કથારે, બીજે અધિકારે કહ્યો ભેદ; મ૦**
**જિનમત શિવમત બેહુ તણેરે, તે જોઈ કરજો છેદ. મ૦ મા૦ ॥ ૧૦ ॥**
**જરાસંધની ઉત્પત્તિ સુણોરે, સંખેપે કહુંરે વિચાર; મ૦**
**મગધ દેશ રાજગ્રહીરે, નૃપ હુવા સંખ્યા ન પાર. મ૦ મા૦ ॥ ૧૧ ॥**
**હરિવંસે મુનિ સુવ્રત હુવારે, તેહજ અનુક્રમે જાણ; મ૦**
**બૃહદરથ રાજા રૂયડોરે, શ્રીમતી રાણી ગુણ ખાણ. મ૦ મા૦ ॥ ૧૨ ॥**

વળી બીજા અધિકારમાં મહાદેવના લિંગ સંબંધી વર્ણન પણ કર્યું છે, અને તેથી જિન મત અને (શૈવ મતની) બ્રાહ્મણ મતની પરીક્ષા થશે ॥ ૧૦ ॥ હવે તમોને જરાસંધની ઉત્પત્તિની વાત ટુંકમાં કહું છું, તે સાંભળજો; મગધ દેશની રાજગ્રહી નગરીમાં અસંખ્યાતા રાજાઓ થયા ॥ ૧૧ ॥ ત્યાં હરિવંશમાં મુનિસુવ્રત સ્વામિ પણ થયા, અને ત્યારથી અનુક્રમે બૃહદરથ નામે એક ઉત્તમ રાજા થયો, તેને મહા ગુણવાન શ્રીમતી નામે રાણી હતી ॥ ૧૨ ॥

**જરાસંધ સૂત ઉપન્યોરે, અરધ ચક્રી તુમે એહ; મ૦**
**કાલિંદી આદી કરીરે, સોળ સહસ્ત્ર ગુણ ગેહ. મ૦ મા૦ ॥ ૧૩ ॥**
**કાલયવન આદે કરીરે, પુત્ર હુવા મહા સૂર; મ૦**
**અશ્વકરિ રથ સુભટ ભલારે, ત્રિખંડ લક્ષ્મી ભરપુર. મ૦ મા૦ ॥૧૪॥**
**આઠ વિદ્યાધર પ્રતિ હરીરે, ભૂચર નવમો જરાસંધ; મ૦**
**કુરૂક્ષેત્રે સંગ્રામ હુઓરે, નારાયણે છેદ્યો કંધ. મ૦ મા૦ ॥ ૧૫ ॥**

તેને ઘેર જરાસંધ પુત્ર થયો, કે જે અર્ધ ચક્રવર્તિ હતો, તેને કાલિંદિ સેના આદિક સોળ હજાર સ્રીયો હતી ॥ ૧૩ ॥ તેને કાળયવન આદિક મહા બળવાન પુત્રો હતા, વળી ઘોડા, હાથી, રથ, પાયદળ, તથા ત્રણ ખંડની લક્ષ્મી તેને ઘેર હતી ॥ ૧૪ ॥ પેહેલાં આઠ વિદ્યાધરો પ્રતિ વાસુદેવો થયા હતા, અને આ જરાસંધ નામે નવમો વિદ્યાધર પ્રતિવાસુદેવ થયો, ત્યાં કુરૂ ક્ષેત્રમાં વિષ્ણુએ તેની સાથે લડાઇ કરીને તેનું મસ્તક કાપ્યું ॥ ૧૫ ॥

**ત્રિજી પૃથ્વી ગયા તે દોઇરે, હોસે તીર્થંકર દેવ; મ૦**
**પવનવેગ વિચારજોરે, શાસ્ત્ર કહ્યું મેં સંખેવ. મ૦ મા૦ ॥ ૧૬ ॥**
**સાતમી ઢાલ છઠ્ઠા ખંડનીરે, સુણજો સહુ નરનાર; મ૦**
**રંગવિજય શિષ્ય એમ કહેરે, નેમને હર્ષ અપાર. મ૦ મા૦ ॥ ૧૭ ॥**

પછી તે બન્ને જણ ત્યાંથી ત્રીજી નરકે ગયા, અને આવતી ચોવીસીમાં તીર્થંકરો થશે, માટે હે પવનવેગ એવી રીતે મેં શાસ્રમાં કહ્યા પ્રમાણે ટુંકામાં તમોને સમજાવ્યું છે, તે તમે વિચારજો ॥ ૧૬ ॥ એવી રીતે છઠ્ઠા ખંડની સાતમી ઢાલ સંપૂર્ણ થઇ, તે હે સ્રી પુરૂષો તમે સઘળા સાંભળજો, અને આથી કરીને રંગવિજયના શિષ્ય નેમવિજયને અત્યંત આનંદ થાય છે ॥ ૧૭ ॥

## दुहा.

**ગણેસ કર્યો દેહ મેલનો, કેમ આવ્યો જીવમાંહીં; સપ્ત ધાત કેમ નીપજે, સમજાવો મુજ આંહીં. ૧ મનોવેગ કહે સાંભલો, ગણેસ સંબંધ અધિકાર; જિન શાસન મતમાં ઘણો, સુણજો તે સુવિચાર. ૨ અયોધ્યા નગરી અનોપમ કહી, રામચંદ્ર નામે રાય; તેહનો હસ્તી મદ ભર્યો, મુનિ પુંઠે મારણ ધાય. ૩**

પછી પવનવેગે પુછયું કે પાર્વતીએ શરીરના મેલમાંથી ગણેસ બનાવ્યો, પણ તેમાં સાતે ધાતુ નીપજીને જીવ શી રીતે આવ્યો? તે વાત મને સમજાવો ॥ ૧ ॥ પછી મનોવેગે કહ્યું કે, હે ભાઇ, જિનશાસનમાં ગણેસનું વૃતાંત પણ ઘણું છે, તે તમો વિચાર પૂર્વક સાંભળજો ॥ ૨ ॥ એક અયોધ્યા નામે બહુજ રળીઆમણું શેહેર છે, ત્યાં રામચંદ્ર રાજા રાજ કરતા હતા, તેનો એક મદોન્મત્ત હાથી એક વખતે છુટીને એક મુનિને મારવા વાસ્તે તેની પાછળ પડ્યો ॥ ૩ ॥

**સમીપે આવ્યો જે હવે, મુનિ દેખી ઉપસંત; પૂરવ ભવ મુનિશ્વરે કહ્યો, સુણતાં ઉપની ખંત. ૪ જાતિ સ્મરણ ગજ ઉપન્યો, વૈરાગ પામ્યો અભિરામ; મુનિ પાસે વ્રત આચર્યાં, દ્વાદશ જિનમત તામ. ૫ ફાસુ આહાર કરે નિરમલો, ફાસુ જલ પીયે તામ; લોકમાંહીં જસ વાપ્યો ઘણો, બેઠો રહે એક ઠામ. ૬**

પણ જ્યારે તે મુનિની પાસે આવ્યો, અને મુનિને તેણે શાંત જોયા, ત્યારે મુનિએ તેના પૂર્વ ભવનો વૃતાંત તેને કહી સંભળાવ્યો તેથી તે રાજી થયો ॥ ૪ ॥ ત્યાં

તેણે જાતિસ્મરણ જ્ઞાન ઉપજવાથી, તેણે અત્યંત વૈરાગ્ય પામી મુનિની પાસેથી જિન મત પ્રમાણે બારવ્રતો અંગીકાર કર્યાં ॥ ૫ ॥ પછી ત્યારથી તે ચોખો જીવજંતુ વિનાનો આહાર પાણી લેવા લાગ્યો, તથા એક જગોએજ બેસવા લાગ્યો, તેથી આ જગતમાં તેની કીર્તિ બહુ ફેલાણી ॥ ૬ ॥

ધર્મથી સામી સહુ કર્યા, થાપ્યો વિણાયક નામ; સંયમ પાલી નિરમલો, ગજ મરી દેવલોક ઠામ. ૭ તે લોકમાંહીં વ્યાપીયો, ગણેસ વિનાયક નામ; વિપરીત રૂપ કરી સહુ, પૂજે રાખી ધામ ॥૮॥ સિદ્ધિ બુદ્ધિ નામે નારી દો, લખ લાભ દો પુત્ર; મૂઢ મિથ્યાતિ માનવી, માગે ઘરનાં સૂત્ર ॥ ૯ ॥

પછી સઘળાએ તેને સાધર્મી ભાઇ લેખી તેનું વિનાયક નામ આપ્યું, અને તે વિનાયક પણ એવી રીતે પવિત્ર સંયમ પાળી દેવલોકે ગયો ॥ ૭ ॥ પછી આ દુનીયામાં તેનું ગણેસ અને વિનાયક નામ પ્રસિદ્ધ થયું, પછી લોકો તેનું રૂપ ફેરવીને પોતાના ઘરમાં તેની પૂજા કરવા લાગ્યા ॥ ૮ ॥ તેને સિદ્ધિ અને બુદ્ધિ નામે બે સ્ત્રી હતી, તથા લખ અને લાભ નામે બે પુત્ર હતા, એમ મૂર્ખ મિથ્યાત્વિ લોકો માનીને, તેની પાસેથી પોતાના વાંછિત કામોની જાચના કરે છે ॥ ૯ ॥

અઢાર દોષથી વેગલા, વીતરાગ ગુણવંત; તેહને પુજ્યે પામીયે, સુગતિ સુખ અનંત ॥ ૧૦ ॥ પવનવેગ તુમે સાંભલો, કાર્તિકેય વૃતાંત; જિન વચને જેમ ભાંખીયું, એક મના સુણો સાંત ॥ ૧૧ ॥

જે દેવ અઢાર પાપ સ્થાનકો થકી દૂર રહે છે, એવા ગુણવાન વીતરાગ દેવને પૂજવાથી ઉત્તમ ગતિ તથા અત્યંત સુખ મળે છે ॥ ૧૦ ॥ વળી હે પવનવેગ કાર્તિકેયનું વર્ણન જૈન શાસ્ત્રોમાં જેમ કહ્યું છે, તે તમોને કહી સંભળાવું છું, તે એક ચિત્તથી સાંભળજો ॥ ૧૧ ॥

## ઢાલ આઠમી.

સુવિવેક વિચારી જુઓ, જુઓ વસ્તુ સ્વભાવ—એ દેશી.

કાર્તિકપુર નગર ભલુંજી, અગનિ ઇસ નામે છે રાય;
વિમલમતિ તે ભામનીજી, ઉમીયાં સરખી કાય.
પવનવેગ જાણજો જૈન વિચાર,
કરજો મિથ્યાત પરિહાર પવનવેગ ॥ એ આંકણી ॥ ૧ ॥
કૃતીકા પુત્રી રૂયડીજી, રૂપે રંભ સમાન;
અષ્ટાનિકા વ્રત આચરીજી, મહોત્સવ નૃત્યજ ગ્યાન. પ૦ ॥ ૨ ॥
શ્રાવક સાથે સહુ ઘણાંજી, રાજા ગયો વનમાંહીં;
નવણ કીધાં જિનવર તણાંજી, ઉપવાસ અષ્ટમી ત્યાંહીં. પ૦ ॥ ૩ ॥

હે પવનવેગ હવે તમે જૈન મતનો વિચાર કરીને, મિથ્યાત્વનો ત્યાગ કરજો. કાર્તિક પુર નામે એક સુંદર નગર હતું, ત્યાં અગ્નિઇશ નામે રાજા હતો, તેને પાર્વતી સમાન રૂપાળી વિમલમતી નામે સ્ત્રી હતી ॥ ૧ ॥ તેને રંભા સમાન રૂપાળી કૃત્તિકા નામે પુત્રી હતી, તેણે એક મહોત્સવ પૂર્વક નૃત્ય ગાયન સહીત અઠાઇ મહોત્સવ માંડયો ॥ ૨ ॥ પછી રાજાએ પણ કેટલાક શ્રાવકો સાથે વનમાં જઇ, જિનેશ્વરનો સ્નાત્ર મહોત્સવ કરી, આઠમનો ઉપવાસ કર્યો ॥ ૩ ॥

કાર્તિકા ગંધોદક લેઇજી, પિતા ભણી આવી તામ;
તાત વાંદો એ નિરમલુંજી, સેસ લેજો જિન સ્વામ. પ૦ ॥ ૪ ॥
સરીર દેખી પુત્રી તણુંજી, રૂપે મોહ્યોરે રાય;
કામ બાણે કરી તાડીયોજી, નૃપચિત વિહવલ થાય. પ૦ ॥ ૫ ॥
રાજ સભાએ આવી કરીજી, ખટ દર્શન તેડી લોક;
સૈવ સાંખ્ય બૌધ પૂછીયાજી, ભટ્ટ સન્યાસીના થોક. પ૦ ॥ ૬ ॥

પછી એટલામાં કાર્તિકા પણ સુગંધિ પાણી લઇ આવીને પીતાને કહેવા લાગી કે, હે પિતાજી, આ નિર્મળ જિનેશ્વર પ્રભુની શેષ છે, તે તમે અંગીકાર કરો ॥ ૪ ॥ ત્યાં પુત્રીનું અદભૂત રૂપ જોઈ, રાજાને તેણીનાપર મોહ થવાથી કામાતુર થયો થકો આકુળ વ્યાકુળ થવા લાગ્યો ॥ ૫ ॥ પછી રાજાએ સભામાં આવી, શૈવ, સાંખ્ય, બૌધ, બ્રાહ્મણ સંન્યાસી વિગેરે ખટ દર્શનનાં લોકોને તેડાવી પુછયું ॥ ૬ ॥

મુજ મંદિર રતન ઉપજ્યુંજી, કહેજો કેનુંરે તેહ;
પ્રત્યેક પંચ દરસની કહેજી, રાજા તણું હોય એહ. પ૦ ॥ ૭ ॥
મુનિ પુછયા જિન દરસનીજી, કહો જતિ કેહનો સ્ત્રીરત્ન;
મુનિવર બોલ્યા નૃપ સુણોજી, જૈન મારગ કહ્યાં યત્ન. પ૦ ॥ ૮ ॥
ચૌદ રતન વિચાર ઘણોજી, સાત ચેતન સુભ હોય;
અચેતન સાત જાણજોજી, ઘર ઉપન્યું સ્ત્રી રતન જોય. પ૦ ॥ ૯ ॥

મારા ઘરમાં જે રત્ન ઉત્પન્ન થયું છે, તે રત્ન કોનું? ત્યારે તે પાંચે દર્શનોવાળા બોલ્યા કે તેના માલિક રાજાજ હોય ॥ ૭ ॥ પછી જૈનમતના મુનિને રાજાએ પુછયું કે, હે યતિરાજ મારા ઘરમાં ઉત્પન્ન થએલું સ્ત્રી રત્ન કોનું? ત્યારે મુનિએ કહ્યું કે, હે રાજા જૈન મતમાં રત્નોની જે વાત કહેલી છે, તે તમોને સંભળાવું છું ॥ ૮ ॥ ચૌદે રત્નોનું જિન શાસ્ત્રોમાં તો ઘણું વર્ણન છે, તેમાં સાત રત્નો ચેતન કહ્યાં છે, અને શાત અચેતન કહ્યાં છે, માટે હવે તે ઘરે ઉત્પન્ન થએલા સ્ત્રી રત્નનો તમો પોતે વિચાર કરી જુઓ ॥ ૯ ॥

વચન સુણી ભૂપ કોપીયોજી, નિંધા તિહાં મુનિ તેહ;
દેશે ન રહેવું અમ તણેજી, જાજો સહુ જૈન છેહ. પ૦ ॥ ૧૦ ॥
મુનિવર તિહાંથી ચાલીયાજી, દક્ષિણ દેશ મોઝાર;
પાપી રાજા પરણીયોજી, પુત્રી કીધી ઘર નાર. પ૦ ॥ ૧૧ ॥

અગ્નિશ કામાંધો થકોજી, પુત્રીસું ભોગવે ભોગ;
ગર્ભ રહ્યો કૃત્તિકા ઉદરેજી, જનક તણે સંજોગ. પ૦ ॥ ૧૨ ॥

તે વચન સાંભળી રાજા ગુસ્સે થઇ સાધુની નિંદા કરવા લાગ્યો, તથા હુકમ કર્યો કે, કોઇ જૈનીએ મારા દેશમાં રહેવું નહીં ॥ ૧૦ ॥ પછી મુનિ તો ત્યાંથી વિહાર કરી દક્ષિણ દેશમાં ગયા, અને તે પાપી રાજાએ તો પોતાની પુત્રી સાથે પરણી તેને પોતાની સ્ત્રી કરી ॥ ૧૧ ॥ હવે તે અગ્નિઇશ રાજા કામાંધ થઇ પોતાનીજ પુત્રી સાથે ભોગ ભોગવવા લાગ્યો, અને તેમ કરતાં પિતાના સંજોગથી તે કૃત્તિકાને ગર્ભ રહ્યો ॥ ૧૨ ॥

પુરે માસે સુત જનમીયોજી, કાર્તિકેય તેહનું નામ;
રૂપે સહુ લોક રંજીયાજી, મહોત્સવ કીધો અભિરામ. પ૦ ॥ ૧૩ ॥
પુત્ર જણી એક નિરમલીજી, વીરમતિ નામે સાર;
રૂપ સૌભાગે આગલીજી, કાર્તિકેય સમ મનોહાર. પ૦ ॥ ૧૪ ॥
ક્રૌંચ નામ નરપતિ ભલોજી, રોહીડ નયરનો રાય;
વીરમતી પરણાવી તેહનેજી, મહોત્સવ કરી ઉછાહ. પ૦ ॥ ૧૫ ॥

માસ સંપૂર્ણ થવાથી તેણીએ એક પુત્રને જન્મ આપ્યો, તેનું નામ કાર્તિકેય પાડયું, અને તેનું મનોહર રૂપ જોઈ લોકોએ ખુશી થઇ નગરમાં મહોત્સવ કર્યો ॥ ૧૩ ॥ પછી એક વીરમતી નામે પુત્રીને કૃત્તિકાયે જન્મ આપ્યો, કે જે રૂપ તથા લાવણ્યથી કાર્તિકેય સરખીજ હતી ॥ ૧૪ ॥ પછી વીરમતીને આનંદ પૂર્વક મહોત્સવ કરી રોહીડ નગરના ક્રૌંચ નામે રાજા સાથે પરણાવી ॥ ૧૫ ॥

ક્રૌંચ પરણી નિજ ગામે ગયોજી, વીરમતીને લેઇ તામ;
કાર્તિકેય ભણવા મૂકીયોજી, ગુરૂ પાસે પઢી શાસ્ત્ર જામ. પ૦ ॥ ૧૬ ॥
નીસાલીયા તે અનેક ભણેજી, સહુ સાથે રમે વળી તેહ;
એક દિવસ સુખડી આવીજી, મોસાલથી ઘણી જેહ. પ૦ ॥ ૧૭ ॥
લાડુ ખાજાં અતિ ઘણાંજી, મેવા મીઠાઇ અપાર;
વસ્ત્ર આભૂષણ ઓપતાંજી, પેહેર્યાં સઘલે તેણી વાર. પ૦ ॥ ૧૮ ॥

પછી તે ક્રૌંચ રાજા વીરમતીને પરણીને પોતાને ગામ ગયો, અને અહીં કાર્તિકેયને ગુરૂ પાસે વિદ્યા ભણવા મુકયો, અને ત્યાં કેટલાક શાસ્ત્રો તે ભણ્યો ॥ ૧૬ ॥ ત્યાં નિશાળમાં ઘણા નિશાળીયાઓ ભણતા હતા તે સઘળાની સાથે તે પણ ભણતો અને રમતો હતો, હવે એક દિવસ સઘળા નિશાળીયાઓને પોત પોતાના મોશાળથી ખાવા વાસ્તે સુખડી આવી હતી ॥ ૧૭ ॥ જેમાં લાડવા, ખાજા, વિગેરે ઘણી જાતના મેવા મીઠાઇ આવ્યું હતું, તે દીવસે તેઓ સઘળા સુંદર વસ્ત્રો ઘરેણાં વિગેરે પણ પેહેરી લાવ્યા હતા ॥ ૧૮ ॥

સુખડી વેહેંચી આપ આપણીજી, નીશાલીયે અનેક;
કાર્તિકેય ભાઇ તુમે લેઓજી, મોશાળની છે પ્રત્યેક. પ૦ ॥ ૧૯ ॥

કાર્તિકેય કોડામણોજી, વર્ષ ચૌદનો કુમાર;
ઘરે આવી વેગે પૂછીયુંજી, મુજ કહો માય વિચાર. ૫૦ ॥ ૨૦ ॥
અમને મોસાલની સુખડીજી, નવી આવે કાંઇ માય;
અશ્રુપાત માતાએ કર્યોજી, મનમાંહે દુઃખ ઘણું થાય. ૫૦ ॥ ૨૧ ॥

તેઓ સઘળા નિશળીયાઓ એક બીજાને સુખડી વેહેંચવા લાગ્યા, અને કાર્તિકેયને પણ કહેવા લાગ્યા કે, આ સુખડી અમારા સઘળાના મોસાળોની છે, માટે તમો પણ લ્યો ॥ ૧૯ ॥ તે ચૌદ વર્ષની ઉમરનો મનોહર કાર્તિકેય કુંવર ઘેર આવી પોતાની માતાને મોસાળ સંબંધી વૃતાંત પુછવા લાગ્યો ॥ ૨૦ ॥ તેણે માતાને પુછયું કે સઘળા નિશાળીયોને મોસાળની સુખડી આવી છે, અને મને કેમ નથી આવતી? તે સાંભળી તેની માતા અત્યંત દુઃખી થઇ આંખેમાંથી આંસુ પાડવા લાગી. ૨૧

કૃતિકા બોલે સુત સાંભલોજી, કર્મ કાણી કહું કેમ;
ઘાટ ન આવે કહેતાં ઘણુંજી, પુછીસ માં વલી તેમ. ૫૦ ॥ ૨૨ ॥
સુત બોલ્યો માતા સુણોજી, તો જમસું અમે આજ;
જેવું હોય તેહવું કહોજી, મુજ આગળ છોડી લાજ. ૫૦ ॥ ૨૩ ॥
માતા કહે તુજ તણો પિતાજી, મુજ બાપ તેહજ હોય;
અન્યાય કીધો રાજાએ ઘણોજી, બાપ બેહુનો સોય. ૫૦ ॥ ૨૪ ॥
છઠ્ઠા ખંડની આઠમીજી, ઢાલ કહી સુવિસાલ;
રંગવિજયનો શિષ્ય કહેજી, નેમવિજય મંગલ માલ. ૫૦ ॥ ૨૫ ॥

પછી કૃત્તિકા પુત્રને કહેવા લાગી કે, હે પુત્ર હું મારા કર્મની શું વાતો તારી પાસે કહું? કહેવાનો ઘાટ નથી, અર્થાત કહેવું યોગ્ય લાગતું નથી; માટે તારે તે મને પુછવું નહીં ॥ ૨૨ ॥ ત્યારે પુત્ર બોલ્યો કે હે માતા, જેવી વાત હોય તેવી શરમ છોડીને મને કહી સંભળાવો, અને તે કહેશો તોજ હું ભોજન કરીશ ॥ ૨૩ ॥ ત્યારે માતાએ કહ્યું કે, હે પુત્ર જે તારો પિતા છે, તેજ મારો પણ પીતા છે, આ રાજાએ અત્યંત અયુકત કામ કર્યું છે, કેમકે આપણ બન્નેનો એકજ પિતા છે. ૨૪ એવી રીતે છઠ્ઠા ખંડની આઠમી ઢાલ વિસ્તાર પૂર્વક કહી, રંગવિજયના શિષ્ય નેમવિજયને મંગળીકની માળા થજો ॥ ૨૫ ॥

## दुहा.

કાર્તિકેય નંદન કહે, સાંભલો મોરી માય; કામ નિવાર્યો કોણે નહીં, એહવો જે અન્યાય. ૧ અઘટ માન એણે કીયો, કો નહીં હુવો તવ ધર્મ; પાપી અન્યાયી જીવડા, તે બાંધે નિજ કર્મ ॥ ૨ ॥ માત કહે સુત સાંભલો, મુનિવર જે ગુરૂરાય; તેણે ઘણી પરે પ્રીછવ્યો, તાહી કીધો અન્યાય ॥ ૩ ॥

પછી કાર્તિકેય પોતાની માતાને કહેવા લાગ્યો કે, આ અન્યાય કામ કરતાં મારા

પિતાને કોઇએ વાર્યો નહીં? ॥ ૧ ॥ વળી આ પાપી અન્યાયી જીવે પોતાના કર્મ વશે જે અનુચિત કામ કીધું તે વખતે અહીં કોઇ સત્ય ધર્મી હતો કે નહીં? ॥૨॥ તે સાંભળી માતા કહેવા લાગી કે હે પુત્ર, એક મહાગુરૂ મુનિરાજે તેને ઘણો સમજાવ્યો, પણ તેણે તે ન માનતા અન્યાયજ કર્યો ॥ ૩ ॥

## ઢાલ નવમી.

વર વાઘેલોરે વાડીયે ઉતર્યો—એ દેશી.

કાર્તિકેયરે કહે માતા સુણો, કીહાં છે મુનિવર વળી તેહરે;
જનની બોલેરે સુતજી સાંભલો, જૈન મુનિવર હતા જેહરે,
સાજન સહુકોરે સુણજો એક મના ॥ એ આંકણી ॥ ૧ ॥
તુજ પિતાએરે તે નિરધાટીયા, ઇહાંથી ગયા દક્ષિણ દેશરે;
જિહાં તુજ તાતની આણ ફરે નહીં, લોક સહુ જિનધર્મ સિસરે.॥સા૦ ૨
માત કહો તે આચાર કેહેવો, જેહનો આવો નિરમલ ધર્મરે;
રાજા અન્યાયેરે જેણે વારીયો, દૂષણ રહિત કરે છે કર્મરે. સા૦ ॥ ૩ ॥

હે સજ્જનો તમો સઘળા એક ચિત્તથી સાંભળજો. પછી કાર્તિકેયે માતાને પુછયું કે એવા મુનિ હાલ કયાં છે? ત્યારે માતાએ કહ્યું કે, હે પુત્ર, તે જૈન મુનિ હતા તેમની હકીકત તું સાંભળ ॥ ૧ ॥ તે મુનિઓને તારા પિતાએ કહાડી મુકવાથી, તેઓ અહીંથી નીકળી જ્યાં તારા પિતાનું રાજ નહીં હતું, એવા દક્ષિણ દેશમાં ગયા, અને તેની પાછળ સઘળા જૈન લોકો પણ ચાલ્યા ગયા ॥ ૨ ॥ પછી કાર્તિકેય માતાને કહેવા લાગ્યો કે, જે સાધુઓનો આવો પવિત્ર ધર્મ હતો, વળી જેણે રાજાને અન્યાય માર્ગથી વાર્યો, વળી જે હમેશાં દોષણ વિનાના કામો કરે છે, તેમનો આચાર (વ્યવહાર) કેવો છે તે કહો ॥ ૩ ॥

કુમરને માત કહે તુમે સુણો, ચોવિસ પરિગ્રહથી તે દૂરરે;
નિગ્રંથ સાચા તે ગુરૂ જાણીયે, મોહ મદ ટાલણ તે કહ્યા સૂરરે. સા૦ ૪
ઓઘો મુહપતિ માલા કર ધરે, તપ જપ સંજમનાં તે ગેહરે;
દોષ બેતાલીસ ટાળી આહાર કરે, અંતરાય બત્રીસ પાલે તેહરે. સા૦ ૫
વચન એહવાંરે સુણી માતા તણાં, વૈરાગ ઉપન્યો સુતને અંગરે;
ક્ષમા કરીને તિહાંથી નિકલ્યો, મુનિવર ગુરૂને જોવા રંગરે. સા૦ ॥૬॥

પછી માતા કુંવરને કહેવા લાગી કે, તે સાધુઓ ચોવીસ જાતનાં પરિગ્રહથી તો છેટાજ રહે છે, વળી જેણે મોહ મદનો શૂરા થઇને નાશ કર્યો છે, એવા નિગ્રંથ સાધુઓનેજ સાચા ગુરૂ જાણવા ॥ ૪ ॥ વળી તે હાથમાં ઓઘો, મહુપતિ તથા માળા રાખે છે, તેમ તેઓ તપ જપ અને સંયમનાં તો સ્થાનક રૂપજ છે, વળી તે બેતાલીસ પ્રકારના દોષ રહિત આહાર કરે છે, તથા બત્રીસ પ્રકારનો અંતરાય પાળે છે ॥ ૫ ॥ માતાના એવા વચનો સાંભળી કાર્તિકેયને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તે ત્યાંથી પોતાના મનમાં ઉત્સાહ લાવી શાંત પણે તે મુનિઓને મળવા વાસ્તે ચાલતો થયો ॥ ૬ ॥

દક્ષિણ દેશ કાર્તિકેય ગયો, વાંધા જઈને મુનિનાં ચરણરે;
દીક્ષા માગે શ્રીગુરૂની કને, સંસાર સાગર સ્વામિ તરણરે. સા૦ ॥૭॥
ગુરૂ તવ બોલ્યા વચ્છ તુમે સાંભલો, દીક્ષા મારગ દુક્કર તેહરે;
તુમે છો બાલક લઘુમતિના ધણી, નવિ સંચવાયે સાધુ પંથ જેહરે. ૮
અતિ આગ્રહ કરી સંજમ લીયો, ચારિત્ર આચર્યું પાંચ પ્રકારરે;
ગુરૂની સેવા શાસ્ત્ર ભણે ઘણાં, રાગ દ્વેષ તજીને અહંકારરે. સા૦ ॥૯॥

પછી કાર્તિકેયે દક્ષિણ દેશમાં જઇ, મુનિનાં ચરણને નમસ્કાર કરી, તેમની પાસે આ સંસાર સમુદ્રમાંથી તારનાર દીક્ષાની માગણી કરી ॥ ૭ ॥ ત્યારે ગુરૂએ કહ્યું કે, હે વત્સ, દીક્ષાનો માર્ગ બહુ કઠણ છે, વળી તમે બાળક અને અલ્પ બુદ્ધિ વાળા છો, માટે તમારાથી સાધુઓનો માર્ગ શી રીતે સાચવી શકાશે ॥ ૮ ॥ પણ પછી ઘણા આગ્રહથી તેણે પાંચ મહાવ્રત સહિત દીક્ષા લીધી, અને ગુરૂની સેવા કરતા થકા, તથા રાગ, દ્વેષ, અહંકાર વિગેરેનો ત્યાગ કરી તે શાસ્ત્રો ભણવા લાગ્યા ॥ ૯ ॥

કૃત્તિકા નારી પુત્ર વિજોગથી, આરત ધ્યાને તજીને દેહરે;
વ્યંતર ગતિમાં જીવ જઇ ઉપન્યો, સુખ વિલસે તિહાં તેહરે. સા૦ ૧૦
વિહાર કરંતાં કાર્તિકેય મુનિ, રોહિડ નગરે પોહ્યા જામરે;
જ્યેષ્ટ માસ અમાવાસ્યાને દિને, પારણું કરવાને તે તામરે. સા૦ ૧૧
ઈર્યા પથિકી ભૂમિકા શોધતા, મૌન વ્રતિ મુનિ અધીસરે;
ક્રૌંચ રાજાની સપ્ત ભૂમી તલે, સુતો રાણી ખોલે સીસરે. સા૦॥૧૨॥

હવે તે કૃત્તિકા સ્ત્રી પુત્રના વિયોગથી અંતરધ્યાને મરીને વ્યંતર ગતિમાં ઉપની, અને ત્યાં સુખ ભોગવવા લાગી ॥ ૧૦ ॥ પછી તે કાર્તિકેય મુનિ ત્યાંથી વિહાર કરતા કરતા, જેઠ માસની અમાસને દિવસે પારણું કરવાને નિમિત્તે રોહિડ નગરે ગયા ॥ ૧૧ ॥ ત્યાં માર્ગમાં જીવ જંતુઓની જયણા કરતા, તથા મૌન વૃત્તિથી ચાલતા ચાલતા ક્રૌંચ રાજાના મેહેલ નીચે આવ્યા, જ્યા તે રાજા પોતાની રાણીના ખોળામાં માથુ રાખી સૂતો હતો ॥ ૧૨ ॥

ભગનીએ ભાઈ તિહાં દેખીયો, મુનિવર સાધુનો રૂપરે;
ભાઈ જાણીને મોહ વ્યાપીયો, ઓસીસે મસ્તક ધરી ભૂપરે. સા૦ ૧૩
વીરમતી રાણી હેઠી ઉતરી, બાંધવને કર્યો રે પ્રણામરે;
આલિંગન દેઇ ઘણું ભીડીયો, પોહોંચો ભાઇ આપણે ધામરે. સા૦૧૪
ક્રોંચ રાજા તિહાં તવ જાગીયો, રાણી કીહાં ગઈ કહો આજરે;
દુષ્ટ મંત્રિ તિહાં તવ એમ ભણે, જુઓ જુઓ રાણીને મહારાજરે. ૧૫

તે રાજાની રાણી આ કાર્તિકેય મુનિની બેહેન હોવાથી, ભાઇને દેખતાંજ સ્નેહ ઉપજવાથી, તેણે રાજાનું માથું ઓસીકા નીચે ટેકાવ્યું ॥ ૧૩ ॥ પછી તે વીરમતી રાણી ત્યાંથી નીચે ઉતરીને પોતાના ભાઇને નમસ્કાર કરી, ભેટીને તેને કહેવા લાગી

કે, હે ભાઈ, તમે અમારે ઘેર ચાલો ॥ ૧૪ ॥ પણ એટલામાં તે ક્રૌચ રાજા જાગી ઉઠવાથી કહેવા લાગ્યો કે, રાણી ક્યાં ગઇ? ત્યારે ત્યાં બેઠેલા દુષ્ટ મંત્રિએ કહ્યું કે, હે સ્વામિ, આ રાણીના ચરિત્ર તો જુઓ ॥ ૧૫ ॥

ખમણો વળગ્યો તુમ રાણી ભણી, હસ્તે કરી દેખાડે તેહરે;
ક્રૌચ રાજાએ કોપી ધનુષ્ય ધર્યું, બાણે ભેદ્યો મુનિવર દેહરે. સા૦ ૧૬
વિષમ બાણ લાગ્યું મુનિને ઘણું, ભૂમિ પડીયો મુનિવર સ્વામરે;
રાગ દ્વેષ મોહ માન પરિહરી, મન ધરી જિનવરના ગુણ ગ્રામરે. ૧૭
વીરમતી તે દેખી દુઃખ ભયો, ભાઇ તણો ઉપન્યો સોગરે;
વિલાપ કરે અતિ ઘણું વલવલે, ધાજો સહુ શ્રાવક લોકરે. સા૦ ॥૧૮॥
છઠ્ઠા ખંડની નવમી ઢાલમાં, સુણજો સહુકો બાલગોપાલરે;
રંગવિજયનો શિષ્ય એણીપરે ભણે, નેમવિજયને હર્ષ ઉજમાલરે. ૧૯

વળી તે મંત્રિએ આંગળી ચીંધીને કહ્યું કે, હે સ્વામિ, આ સાધુડો તમારી રાણીને વળગ્યો છે, તે જુઓ; તે જોઈ ક્રૌચ રાજાએ ગુસ્સે થઇ બાણ મારી તે મુનિવરને ઘાયલ કર્યો ॥ ૧૬ ॥ તે બાણ ઘણું જોરમાં વાગતાંજ તે મુનિ પૃથ્વીપર પટકાઇ પડ્યો, અને મનમાંથી રાગ, દ્વેષ, મોહ, અહંકાર વિગેરેનો ત્યાગ કરી જિનેશ્વર પ્રભુના ગુણ ગાવા લાગ્યો અર્થાત વિતરાગદેવનું સ્મરણ કરવા લાગ્યો ॥ ૧૭ ॥ તે વખતે વીરમતીને ઘણું દુઃખ થયું, તથા ભાઇ સંબંધી દિલગિરિ થવાથી તે રૂદન કરતી બૂમો પાડવા લાગી કે, હે શ્રાવક લોકો, તમો આ વખતે મદદે આવો ? ૧૮ એવી રીતે છઠ્ઠા ખંડની નવમી ઢાલ, હે બાળગોપાળો તમો સાંભળજો. રંગવિજયના શિષ્ય નેમવિજયને ઘણો હર્ષ થાય છે ॥ ૧૯ ॥

## દુહા.

વીરમતિ વિલાપ કરે અતિ, મુખ કરે હાહાકાર; બાંધવ એ મુજ સોહામણો, મુનિવર એ વ્રત ધાર ॥૧॥ વલ્લભ ભાઈ ઉઠો તમે, મુજ ઘર લેજો આહાર; નિરધાર હું બેનડી, એક વાર દીઓ આધાર ॥ ૨ ॥ જો વીરા તમે બોલસો, તો દુઃખ સુખ કહું વાત; પાપી રાજાએ શું કર્યું, હણીયો મારો ભ્રાત ॥ ૩ ॥

પછી વીરમતી તો અત્યંત વિલાપ કરતી મોહોડેથી હાહાકાર કરતી કહેવા લાગી કે, અરે અમારો ઉત્તમ ભાઇ દીક્ષા લઇ મુનિવર થયો હતો ॥ ૧ ॥ હે મારા વહાલા ભાઇ, તમો ઉઠીને મારે ઘેર આવી જમો ? હું તમારી આધાર વિનાની બેન છું, તેને એકવાર બોલીને તમે આધારી કરો ॥ ૨ ॥ હે ભાઈ જો તમે બોલસો, તો હું તમોને દુઃખ સુખની વાતો કરીશ, અરે ! આ પાપી રાજાએ શું કામ કર્યું? મારા ભાઇનો પ્રાણ લીધો ॥ ૩ ॥

લઘુ વેસે સંયમ ગ્રહ્યો, મૂકી માયને બાપ; રાજ રિદ્ધિ સુખ પરિહરી, ખમ્યો પરિસહ તાપ ॥ ૪ ॥ માસ પારણે પહોત્યા

મુજ ઘરે, બાણે વીંધ્યો શુભ અંગ; વેદના વ્યાપી હસે ઘણી,
દૈવે કીધો રંગનો ભંગ ॥ ૫ ॥

જેણે પોતાના નાની ઉમરમાં સંયમ લઈ, મા, બાપ, રાજ, ધન વિગેરે સુખનો ત્યાગ કરી મહા તાપ તથા પરિસહ સહન કર્યો ॥ ૪ ॥ એક મહીનાના ઉપવાસનું પારણું કરવા વાસ્તે તે મારે ઘેર આવ્યા હતા, પણ આ બાણ વડે તેનું અંગ વીંધાઇ જવાથી તેના કોમળ અંગમાં ઘણી વ્યાધિ થતી હશે, અરે ! દૈવયોગે રંગમાં ભંગ પડ્યો ॥ ૫ ॥

## ઢાલ દશમી.

ઉઠ કલાલણી ભર ઘડો રે–એ દેશી.

એમ વિલપંતી ફૂટે હૈયું હે, સીર ફોડે પાડે પોક;
હાહાકાર હુવો ઘણો હે, મલીયા નગરના લોક, સાજન સાંભલો હે,
કર્મ તણી એ વાત ॥ એ આંકણી ॥ ૧ ॥
મહીપતિ પાસે આવીયો હે, જાણ્યો સહુ વ્રતાંત;
કામ કીધો મેં પાડુઓએ, દુઃખ ધરેરે એકાંત. સા૦ ॥ ૨ ॥
પાપી મંત્રીએ આજ તો હે, કરાવ્યો વૃથા પાપ;
નરક નિદાન બંધાવીયો હે, મુનિ હત્યાનો સંતાપ. સા૦ ॥ ૩ ॥

હે સજ્જનો તમે આ કર્મની વાતો તો સાંભળો, એવી રીતે તે રાણી રૂદન કરતી છાતી અને માથું કુટવા લાગી, તથા બૂમો પાડી રૂદન કરવા લાગી, તેથી ત્યાં હાહાકાર થવાથી ઘણા માણસો એકઠા થયા ॥ ૧ ॥ એટલામાં તે રાજા પણ ત્યાં આવી પહોંચ્યો, અને જ્યારે તેને ઉપલા વૃતાંતની ખબર પડી, ત્યારે તેણે વિચાર્યું કે, આ કામ ઘણું માઠું થયું છે, એમ વિચારિ તે દુઃખ પામવા લાગ્યો ॥ ૨ ॥ વળી તે રાજા વિચાર કરવા લાગ્યો કે, આ દુષ્ટ મંત્રીએ આજે મને પાપના ખાડામાં ઉતારી, મુનિની હત્યા કરાવી, નરકનું નિયાણું બંધાવ્યું ॥ ૩ ॥

વ્યંતરીયે તવ જાણીયો હે, પુત્રને કષ્ટ અપાર;
વેગે કરી આવી તિહાં હે, પૂરવ માય ગણધાર. સા૦ ॥ ૪ ॥
રૂપ રચ્યું મયુર તણું હે, ઉભી કાર્તિકેય પાસ;
મૂર્ચ્છા પામી મુનિવર પડ્યો હે, લીધો વૃષ્ટિ નિવાસ. સા૦ ॥ ૫ ॥
મયૂર ચાલ્યો સામી લેઇને હે, વનમાંહીં છે પ્રાસાદ;
સિતલ જિનવર દેવનોહે, દીઠે ટલે વિષ વાદ. સા૦ ॥ ૬ ॥

તે વખતે તે કાર્તિકેય મુનિની માતા કે, જે પ્રથમ કાળ કરીને વ્યંતરી થઇ હતી, તેને પોતાના પુત્રના દુઃખની ખબર પડવાથી તે ત્યાં ઉતાવળી આવી પહોંચી. ॥૪॥ તેણી ત્યાં મોરનું રૂપ લઇ ઉભી, તથા તે મુર્છા પામેલા મુનિને વૃષ્ટિ કરવા લાગી. ૫ પછી તે મોર ત્યાંથી તે મુનિને લેઇ ઉડયો, અને વનમાં કે જ્યાં સિતલનાથજીનું દેવળ હતું, અને જે જોવાથી દિલગિરિ દૂર થતી હતી, ત્યાં ગયો ॥ ૬ ॥

તિહાં મુકયો જતિ નિરમલો હે, શ્રાવક કરે બહુ સેવ;
મૂર્છા ગઈ સાવધાન થઈ હે, મુનિ ધ્યાયે જિન દેવ. સા૦ ॥ ૭ ॥
કરીય સન્યાસી ચન ચિંતવે હે, અનુપેક્ષા તે વાર;
પવનવેગ તુમે સાંભલો હે, ભાવના સંખેપ વિચાર. સા૦ ॥ ૮ ॥
ધણ કણ શરીર અથીર છે હે, નહીં થીર કુટુંબ પરિવાર;
રાજ રિદ્ધ સહુ અથિર અછે હે, જેસો વીજ ઝબકાર. સા૦ ॥ ૯ ॥

ત્યાં તે મુનિને મુકવાથી શ્રાવકો તેની બહુ આસના વાસના કરવા લાગ્યા, અને પછી મુર્છા ઉતરવાથી સચેત થઇ તે મુનિ જિનેશ્વર પ્રભુનું ધ્યાન ધરવા લાગ્યો. ૭ પછી તે સન્યાસી (મુની) કેટલીક અનુપેક્ષા લાવી ભાવના ભાવવા લાગ્યો, તેનું વર્ણન હે પવનવેગ તમે સાંભળજો? ।।૮।। આ સઘળું, ધન, અનાજ, શરીર, કુટુંબ, પરિવાર તથા રાજની દોલત વિગેરે સઘળું વિજળીના ઝબકારા જેવું અસ્થિર છે. ૯

શક્ર સચીવને રાખવા હે, સમરથ નોહીં સ્વચ્છ;
મરણ કાલે પ્રાણીને જથા હે, સિંહ ધર્યો મૃગ વચ્છ. સા૦ ॥ ૧૦ ॥
ચાર ગતિ જીવ દુઃખ સહે હે, કહેતાં ન લહું પાર;
દ્રવ્ય ખેત્ર ભવ ભાવે ભમ્યો હે, કાળ તે પંચ સંસાર. સા૦ ॥ ૧૧ ॥
ચાર ગતે જીવ એકલો હે, સાથે નહીં તિહાં કોય;
દુઃખ સુખ સહે તે એકલો હે, ચોરાસી લાખ જોનિ જોય. સા૦ ॥૧૨॥

ઈંદ્ર તથા પ્રધાન, સીંહ અને મૃગનું બાળક એમ સર્વ પ્રાણી માત્રને મરણ કાળે રાખવા કોઇ સમર્થ નથી ॥ ૧૦ ॥ વળી ચારે ગતિમાં તે જીવ એટલું તો દુઃખ સહન કરે છે કે તેનો કહેતા પાર પણ આવે નહીં ॥ ૧૧ ॥ વળી આ જીવ ચારે ગતિમાં ચોરાસી લાખ જીવાજોનિમાં કોઇના પણ સાથ વિના દુઃખ સુખ ભોગવતો થકો રખડ્યા કરે છે ॥ ૧૨ ॥

અન્ય કલેવર અન્ય જીવડો હે, અન્ય સહુ પરિવાર;
જનમ જનમ તે જુજુયા હે, મોહ મ કરસો લગાર. સા૦ ॥ ૧૩ ॥
શરીર અછે સાત ધાતુમેં હે, મલ મુત્ર તણો ભંડાર;
રેતને રૂધિરે ઉપન્યું હે, અસુચિ દેહ મોઝાર. સા૦ ॥ ૧૪ ॥
મિથ્યા મત અવિરત કષાયનાં હે, તેહનાં ભેદ અપાર;
પનર પ્રમાદ વળી જોગનાં હે, કર્માશ્રવ એ ધાર. સા૦ ॥ ૧૫ ॥

આ શરીર જુદું, જીવ જુદો, વળી સઘળો પરિવાર પણ જુદોજ અને દરેક જનમે જનમે પ્રાણુ તેઓ સઘળા જુદા જુદા છે, માટે હે પ્રાણિયો તમે જરા પણ મોહ મમતા કરશો નહીં ॥ ૧૩ ॥ વળી આ શરીર, વીર્ય અને લોહીનું બનેલું મલ, મુત્રાદિ સાત પ્રકારની અસુચીથી (ગલીચ વસ્તુઓથી) ભરેલું છે ॥ ૧૪ ॥ વળી મિથ્યાત્વ, અવિરતિ તથા કષાયોનાં ઘણાં ભેદો છે, વળી જોગના પંદર પ્રકારના આશ્રયો, વિગેરે કર્મોને આવવાનાં દ્વારો છે ॥ ૧૫ ॥

સમકીત સુધે સંજમહે હે, સુમતિ ગુપાત વર ધર્મ;
પરિસર સંવર ઉપજે હે, સુગતિ મુગતિ હોય સર્મ. સા૦ ॥ ૧૬ ॥
ચાર ગતિના જીવને હે, નિર્જરા હોયે સવિપાક;
મુનિવર સ્વામિ તપ બલે હે, નિર્જરા કરે અવિપાક. સા૦ ॥ ૧૭ ॥
અધો મધ્ય ઉર્ધ્વ કહ્યો હે, ત્રણ પ્રકારે લોક;
ઉંચો રાજ ચૌદ તણો હે, ત્રણસેં ત્રિતાલાં થોક. સા૦ ॥ ૧૮ ॥

શુદ્ધ સમકિત અને સંજમ, સુમતિ અને ગુપ્તી એ મોટો ધર્મ છે જેથી સંવર પ્રાપ્ત થઇ, સારી ગતી તેમજ મોક્ષ ગતિ મળે છે ॥ ૧૬ ॥ ચાર ગતિના જીવને સવિપાક નિર્જરા થાય છે અને મુનિવરોને તપ બળે કરી અવિપાક નિર્જરા થાય છે ॥૧૭॥ વળી ચૌદ રાજ ઉંચાઇમાં અધો મધ્ય અને ઉર્ધ્વ એમ ત્રણ પ્રકારના લોક છે. ૧૮

નર ભવ દુલહો જાણવો હે, દુલહો શ્રાવક ધર્મ;
રતન ત્રય વ્રત દુલહો હે, મુગતિ ગમન જિહાં સર્મ. સા૦ ॥ ૧૯ ॥
ક્ષમા માર્દવ આર્જવ ગુણે હે, સંજમ સૌચ તપ ત્યાગ;
સત્ય નિગ્રંથ વ્રત પાલવું હે, એહ ધર્મ તણાં દસ ભાગ. સા૦ ॥૨૦॥
ઢાલ દશમી છઠ્ઠા ખંડની હે, સાંભલજો સહુ કોય;
રંગવિજય શિષ્ય એમ કહે હે, નેમવિજય સુખ હોય. સા૦ ॥ ૨૧ ॥

વળી આ ચારે ગતિમાં મનુષ્ય ભવ પામવો મહા કઠણ છે, તેમાં પણ જૈન ધર્મ મળવો મહા મુશ્કેલ છે, તેમાં પણ વળી મોક્ષને સાંધવાના ઉપાય રૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નો તો મહા દુર્લભ છે ॥ ૧૯ ॥ વળી ધર્મના ક્ષમા, માર્દવ, આર્જવ, સંજમ, સૌચ, તપ, ત્યાગ, સત્ય, નિગ્રંથ, અને વૃત એમ દશ ભાગ વર્ણવેલા છે ॥ ૨૦ ॥ એવી રીતે છઠ્ઠા ખંડની દશમી ઢાલ સંપૂર્ણ થઇ, તે હે શ્રોતાજનો તમો સઘળા સાંભળજો, રંગવિજયના શિષ્ય નેમવિજયને તેથી ઘણું સુખ થશે ॥ ૨૧ ॥

## दुहा सोरठी.

કાર્તિકેય મુનિ નામ, શુભ ધ્યાન મનમાં ધરી; આતમ ધ્યાયે સુખ હોય સુગતિ મુગતિ જીવે વરી ॥ ૧ ॥ છેદ્યો ભેદ્યો નવિ જાય, તેહ શરીર છેદન ભેદન સહે; અપ્પા અપ્પે ભાવજો તેમ, જેમ પાસે મુગતિ રહે ॥ ૨ ॥ પાષાણ હેમ ઘૃત દૂધ, તિલમાંહીં જેમ તેલ રહ્યો; કરમે વીંટયો એ જીવ, શરીર મેલ જિનજીએ કહ્યો ॥ ૩ ॥

પછી તે કાર્તિકેય મુનિ ઉત્તમ ધ્યાનથી કાલ નિર્ગમન કરવા લાગ્યા, કારણકે આત્મ ધ્યાનથી જીવ સુખ પામી મોક્ષ પદ મેળવી શકે છે ॥ ૧ ॥ જીવ છેદાઇ અથવા ભેદાઇ શકાતો નથી, પણ શરીરની તે અવસ્થા થાય છે, માટે આત્માને આત્મ રૂપે

ધ્યાવવાથી મોક્ષ મળે છે ॥ ૨ ॥ વળી પત્થરની સાથે જેમ શોનું, દૂધમાં ઘી, તથા તલમાં જેમ તેલ રહે છે, તેમ આ જીવ કર્મથી વિંટાએલો છે, એમ શ્રી જિનેશ્વર પ્રભુ કહે છે ॥ ૩ ॥

## ઢાલ અગિઆરમી.

મોરા સાહેબ હો શ્રી શિશતલનાથકે વિનતિ સુણો એક મોરડી—એ દેશી.

પુરૂષાકારે હો ધ્યાઓ આતમા સારકે, શરીર માંહે તેજ પુતલો;
જેમ કોસમાંહિ હો રહે તરવારકે, તેમ આતમા અતિ ઉજલો ॥ ૧ ॥
સાસો સાસે હો રૂંધી કરી તામકે, દશમે દુઆરે વલી લીજીએ;
ટાલીયે એમ હો સંકલ્પ વિકલ્પ વિચારકે, મન નિશ્ચલ દૃઢ કીજીયે. ૨
સુદ બુધ હો ચેતન ચિદાનંદકે, કેવલ જ્ઞાન સરૂપ છે;
સુધ ચિદ્રૂપ હો હું વલી સિદ્ધ કે, પરમ જોતિ સુખ કૂપ છે ॥ ૩ ॥

વળી આ આત્મા પુરૂષના આકારનો જાણવો, મીયાનમાં જેમ તલવાર રહે છે, તેમ આ આત્મા શરીરના પ્રમાણમાં શરીરમાં રહે છે ॥ ૧ ॥ પછી શ્વાસો શ્વાસ રોકીને તથા તે શ્વાસો શ્વાસને દશમા દ્વારમાં ચડાવીને તથા સઘળી આધિ વ્યાધિનો ત્યાગ કરી મનને નિશ્ચલ કરવું ॥ ૨ ॥ પછી આ ચેતન શુદ્ધિ તથા બુદ્ધિવાળો ચિંદાનંદ રૂપ તથા કેવળ જ્ઞાની થઇ, પરમ જ્યોતિ રૂપ સુખ રૂપી કુવામાં નિમગ્ન રહે છે. ૩

એમ ચિંતવી હો આતમ ધ્યાનકે, કાર્તિકેય સ્વામિ મન રલી;
સમાધિ મરણે હો સાધી હુવો કાલ કે, સર્વાર્થ સિદ્ધિ વિમન ફલી ॥૪॥
તેત્રીસ સાગર હો ભોગવી આપકે, મધ્ય લોકે નરભવ લહી;
કર્મ હણીને હો લહી કેવલ જ્ઞાનકે, સીવ રમણે વરસે સહી ॥ ૫ ॥
દેવ સહુ તિહાં હો આવ્યા તતકાલકે, પૂજા મહોચ્છવ ઘણો કર્યો;
લોક સહુએ હો એ આદર્યું તીર્થકે, પ્રસિદ્ધ સામી મહીમા વિસ્તર્યો. ૬

એવી રીતે છેવટે આત્મ ધ્યાન કરતો થકો તે કાર્તિકેય સ્વામિ આનંદ પૂર્વક સમાધિ મરણથી સર્વાર્થ સિદ્ધિ નામે દેવ લોકમાં પહોંચ્યા ॥ ૪ ॥ ત્યાં તેત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવીને મધ્ય લોકમાં મનુષ્ય ભવ લઇને, કર્મનો નાશ કરી, કેવળ જ્ઞાન પામી, મોક્ષે જશે ॥ ૫ ॥ પછી ત્યાં સઘળા દેવોએ એકઠા થઇ પૂજા મહોત્સવ કર્યો; વળી સઘળા લોકોએ ત્યારથી તેનું તીર્થ આદરવાથી તેનો મહિમાં વધ્યો. ૬

માતા વ્યંતરી હો તેણે ઉપાઇ વ્યાધકે, લોક પીડા ઘણી કરે;
આવે જાત્રાયે હો જે નર નારકે, તેહનાં રોગ સંકટ હરે ॥ ૭ ॥
મયૂર વાહનો હો સ્વામિ કાર્તિકેયકે, નામ કહી લોક તીર્થે જાયે;
વિરમતી ભગનીથી હોએ ભાબલા બીજકે, પર્વ હવું તે દીનથી થાયે. ૮
શ્રી જિનવર દેવે હો કહ્યો સકલ વિચારકે, કુમાર સ્વામિ કાર્તિકેય તણો;
પવનવેગ તુમ હો એ જાણજો સત્યકે, અપર ગ્રંથ વિસ્તાર ઘણો ॥૯॥

પછી તેની માતા વ્યંતરીએ લોકોમાં વ્યાધિઓ ઉત્પન્ન કરી લોકોને દુઃખ દેવા માંડયું; પણ જે સ્ત્રી પુરૂષો તેની જાત્રાએ જવા લાગ્યા, તેઓના દુઃખોનો નાશ કરવા માંડયો ॥ ૭ ॥ પછી લોકો કાર્તિકેયનું મયૂરવાહન નામ પાડી તેની તીર્થ યાત્રા કરવા લાગ્યા, તથા તેની બેહેન વીરમતીથી ભાઇ બીજ નામનું પર્વ ચાલુ થયું ॥૮॥ એવી રીતે કાર્તિકેય સ્વામિનું વૃતાંત શ્રી જિનેશ્વર પ્રભુએ કરેલું છે; તે વૃતાંત હે પવનવેગ તમારે સત્ય કરી જાણવું, અને તેનો વધારે વિસ્તાર બીજા ગ્રંથોથી જાણવો ॥ ૯ ॥

**મિથ્યાત્વીના હો એ વચન અસારકે, મનમાંહી થકી એ ટાલજો;**
**ભોલા લોકજ હો ભૂલા ભમે ગમારકે, જિનવર વચનજ પાલજો. ૧૦**
**પવનવેગને હો આણંદ ભયો તામકે, સમકીત ધારી શ્રાવક થયો;**
**મનોવેગ મિત્રને હો કરી પ્રણામકે,વિમાન રચી લેઈ નીજ ગામે ગયો.૧૧**
**મનોવેગ કહે હો સાંભલો મિત્રકે, શ્રાવકનો ધર્મ હું કહું;**
**આદિ સમકીત હો સુધું ધરે ચિત્તકે, સાત વચનથી દૂરે રહું ॥ ૧૨ ॥**

વળી મિથ્યાત્વીઓના ખોટા વચનોનો તમારે ચિત્તમાંથી ત્યાગ કરવો; કારણકે એવા ભોળા મૂર્ખ લોકો આ જગતમાં ઘણાં ભમ્યા કરે છે, તમારે માત્ર જિનેશ્વરનું વચનજ અંગીકાર કરવું ॥ ૧૦ ॥ આ સઘળો વૃતાંત સાંભળવાથી પવનવેગને ઘણો આનંદ થવાથી તે સમકીત પામી શ્રાવક થયો અને પછી મનોવેગને નમસ્કાર કરી પોતાના વિમાનમાં બેસી પોતાને ગામ ગયો ॥ ૧૧ ॥ પણ તેના ગામ જવા પેહેલાં મનોવેગ તેને કહેવા લાગ્યો કે હે મિત્ર, હું તને શ્રાવકનો ધર્મ કહી સંભળાવું છું, તેનું સાંભળ? પેહેલાં તો શુદ્ધ સમકીત અંગીકાર કરીને, સાત વ્યસનોનો ત્યાગ કરવો ॥ ૧૨ ॥

**મુલ ગુણ હો પાલે આઠજ નેમકે, કંદ મૂલ સહુ પરિહરે;**
**વ્રત પાલે હો શ્રાવકનાં બારકે, સામાયિક ત્રણ કાળ કરે ॥ ૧૩ ॥**
**તિથિ પર્વણી હો પોસો કરે સુદ્ધકે, સચિત વસ્તુ દૂરે તજો;**
**રાત્રિ ભોજન હો નિવારો બ્રહ્મ ચર્યકે, પાલો નવ ભેદ સીલ ભજો. ૧૪**
**ગ્રહ વ્યાપારે હો ટાલો પાપારંભકે, પરિગ્રહ દૂરે ટાલીયે;**
**વિવાહ આદે હો અનુમત નવિ દેયદે, ઉદેસ્યો આહારને નિહાલીયે. ૧૫**

વળી આઠ પ્રકારના મૂળ ગુણો પાળવા, તથા સઘળા કંદ મૂળ ભક્ષણ નહીં કરવાં, વળી શ્રાવકના બાર વ્રતો અંગીકાર કરી ત્રણ વખત સામાયિક કરવું ॥ ૧૩ ॥ વળી પર્વ તિથિએ પોસો કરવો, તથા સચીત વસ્તુનો ત્યાગ કરવો, વળી રાત્રિ ભોજનનો ત્યાગ કરી, નવ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું ॥ ૧૪ ॥ વળી ઘર સંબંધી વ્યાપારમાં પાપો સહિત કાર્યોનો ત્યાગ કરવો, તથા પરિગ્રહને પણ છોડી દેવું, વળી વિવાહ આદિકમાં (આદેશ) ઉપદેશ નહીં દેતાં, આધા કર્મી આહારનો પણ ત્યાગ કરવો ॥ ૧૫ ॥

એકાદસ હો પ્રતિમા એ સારકે, શ્રાવકની સુદ્ધિ કહી;
સાંભલીને હો હરખ્યો કુમારકે, પવનવેગે મન દૃઢ ગ્રહી. ॥ ૧૬ ॥
પવનવેગ હો પવિત્ર વ્રતધારકે, જૈન ધર્મ લીધો ખરો;
દોય મિત્રજ હો આનંદ હુવો સારકે, ભવ્ય જીવ ધર્મ સ્નેહ ધરો. ૧૭
વ્રત પાલીને હો આયુષા અંતકે, બેહુ મિત્ર સ્વર્ગે ગયા;
પામ્યા અતિ ઘણી હો દેવની રિદ્ધકે, દેવીસું ભોગ સુખીયા થયા. ૧૮

એવી રીતે શ્રાવકની શુદ્ધ અગ્યાર પ્રતિમા કહી સાંભળીને તે પવનવેગ કુમાર અત્યંત આનંદ પામ્યો, તથા મનમાં દૃઢ સમકીત અંગીકાર કર્યું ॥ ૧૬ ॥ એવી રીતે પવનવેગે શુદ્ધ વ્રત લઇને, જૈન ધર્મ અંગીકાર કર્યો, અને બન્ને મિત્રો બેહુ હર્ષ પામ્યા, કારણ કે ભવ્ય જીવો હમેશાં ધર્મ ઉપરેજ પ્રીતી રાખે છે ॥ ૧૭ ॥ પછી તે બન્ને મિત્રો વ્રત પાળીને આયુષ્ય સંપૂર્ણ થયે સ્વર્ગે ગયા, ત્યાં દેવ સંબંધિ અત્યંત રિદ્ધિ મેળવીને, દેવાંગના સાથે સુખેથી ભોગવિલાસ ભોગવવા લાગ્યા ॥ ૧૮ ॥

અવતરીને હો પામસે મનુષ્યનો જન્મકે, ચારિત્ર પાલી જિન તણું;
અષ્ટ કરમનો હો વલી કરીને ઘાતકે, મોક્ષ લક્ષ્મી પામસે ઘણું. ૧૯
હીરવિજય સૂરી હો તપગચ્છ મંડાણ કે, શુભવિજય શિષ્ય જાણીયે;
ભાવવિજય હો જગમેં જયવંત કે, સિદ્ધિવિજય પરમાણીયે ॥ ૨૦ ॥
રૂપવિજય હો રૂપવંત કહેવાય કે, કૃષ્ણવિજય કર જોડીને;
રંગવિજયને હો પ્રણમું નિસદીસ કે, અંગ છઠું અંગ મોડીને. ॥૨૧॥
ખંડ છઠો હો પૂરો થયો આજ કે, ઢાલ અગ્યારે સુણો સહી;
નેમવિજયે હો ઉલટ મન આણ કે, વાત અનોપમમેં કહી. ॥ ૨૨ ॥

ત્યાંથી ચવ્યા પછી તેઓ બન્ને મનુષ્યનો અવતાર પામી જૈન ચારિત્ર પાળીને તથા આઠ ઘાતિ કર્મોનો ક્ષય કરીને મોક્ષ પામશે ॥ ૧૯ ॥ હીરવિજય સૂરિ તપગચ્છના નાયક થયા, તેના શિષ્ય શુભવિજય, તેના જયવંતા શિષ્ય ભાવવિજય, તથા તેના શિષ્ય સિદ્ધિવિજય થયા ॥ ૨૦ ॥ તેના મનોહર શિષ્ય રૂપવિજય, તેના શિષ્ય કૃષ્ણવિજય, તથા તેના શિષ્ય રંગવિજયને હું હમેશાં આ છઠ્ઠા અધિકારમાં અંગ નમાવિને નમસ્કાર કરૂં છું ॥ ૨૧ ॥ એવી રીતે અગ્યાર ઢાલોએ કરી સંપૂર્ણ છઠ્ઠો ખંડ પૂરો થયો, નેમવિજયજીએ મનમાં ઉલટ લાવીને આ અતિ સુંદર વાત કહી છે ॥ ૨૨ ॥

ઇતિ ધર્મ પરીક્ષા રાસે છઠ્ઠો અધિકાર સંપૂર્ણ.

# ખંડ ૭ મો.

## દુહા.

એકદા પાટલીપુર ભણી, વિહાર કરંતા એમ; આવ્યા આર્ય-
સુહસ્તી સૂરી, પરિવારે કરી તેમ ॥૧॥ વનપાલક દે વધામ-
ણી, સંપ્રતી રાજા ભણી જાય; સઘલો સાથ લેઈ કરી, વંદણ
આવ્યો રાય ॥૨॥ દ્વિજ આવ્યા સઘલા મલી, સુણવાને ઉ-
પદેશ; ગુરૂ કહે મૂળ છે ધર્મનો, સમકીત મર્મ વિશેષ ॥ ૩ ॥

હવે એક વખત આર્યસુહસ્તી આચાર્ય વિહાર કરતા કરતા પરિવાર સહિત પાટલીપુર નગરમાં આવ્યા ॥ ૧ ॥ ત્યાં વનપાલકે સંપ્રતી રાજાને વધામણી દેવાથી, રાજા કેટલોક પરિવાર સાથે લઇને આચાર્યને વાંદવા આવ્યો ॥ ૨ ॥ ત્યાં તે મનો ઉપદેશ સાંભળવાને સઘળા બ્રાહ્મણો પણ એકઠા થઇને આવ્યા; ત્યાં ગુરૂએ એવો ઉપદેશ દીધોકે ધર્મનું મૂળ સમકીત છે ॥ ૩ ॥

સમકીત વિણ સિવપદ નહીં, સાંભલજો સહુ કોય; આણ સ-
હિત ક્રીયા અલપ, બહુ ફલ દાયક હોય. ૪ જિનવર દેવ સુ-
સાધુ ગુરૂ, કેવલી ભાષિત ધર્મ; સદહીયે સુધાં સહીત, એ સ-
મકીતનો મર્મ ॥૫॥ તેણે કારણ ભવિયણ તુમે, વારી વિકથા
વાત; એક મનાં અવધારજો, સમકીતનાં અવદાત ॥ ૬ ॥

વળી હે શ્રોતાજનો તમે સાંભળજો, કે સમકીત વિના મોક્ષ મળતું નથી, જિનેશ્વરની આણા સહીત થોડી ક્રીયા પણ બહુ ફળ આપે છે ॥ ૪ ॥ જિનેશ્વરને દેવ, ઉત્તમ સાધુને ગુરૂ, તથા કેવળી પ્રભુએ કહેલો ધર્મ, તેને અંગીકાર કરવું, તેનું નામ સમકીત ॥ ૫ ॥ તે માટે હે ભવિ પ્રાણીઓ તમો વિકથાનો ત્યાગ કરી એક ચિત્તથી સમકીતને અંગીકાર કરજો ॥ ૬ ॥

## ઢાલ પેહેલી.

સમુદ્રપાલ મુનિવર જયો–એ દેશી.

જંબુદ્વિપ ભરતક્ષેત્રમાં, એતો મગધ દેશ મનોહાર; સનેહી.
રાજગ્રહી નયરી રાજા તિહાં, એતો શ્રેણિક ચેલણા નાર. સનેહી ॥૧॥
સંપ્રતિ રાજા સાંભલો, સમકીત કથા સુજાણ સનેહી–એ આંકણી.
બુદ્ધિનિધાન વડો પુત્ર છે, એતો નામે અભયકુમાર; સનેહી.
સર્વ કલા કહી પુરૂષની, એતો રાજ ધુરંધર ધાર. સ૦ સં૦ ॥ ૨ ॥
અર્હદાસ શેઠ તિહાં વસે, જેહને ઘર વીત્ત ભરપૂર; સ૦
ચિત્ત ઉદાર જિન ચરચીને, દુઃખી જન કરે દુઃખ દૂર. સ૦ સં૦ ॥૩॥

વળી હે સંપ્રતિ રાજા તમે બહુ બુદ્ધિવાન છો, માટે આ સમકીતની વાત તમે સાંભળજો. જંબુદ્વિપમાં ભરક્ષેત્રમાં મનોહર એવા મગધ દેશમાં રાજગ્રહી નામે

નગરી છે; ત્યાં ચેલણા નામે સ્ત્રી સહીત શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો ॥ ૧ ॥ તેનો મોટો પુત્ર મહાબુદ્ધિવાન અભયકુમાર નામે છે, તે પુરૂષની બહોતેર કળામાં પ્રવીણ, તેમજ રાજ કારભારમાં પણ મહા ચતુર છે ॥ ૨ ॥ ત્યાં એક અર્હદ્દાસ નામે શેઠ રહેતો હતો, જેની પાસે ઘણું ધન હોવાથી તે ઉદાર ચિત્તે જિનેશ્વરની પૂજા કરીને, દુઃખી માણસોને ધન આદિકનું દાન દઇ સુખી કરતો. હતો ॥ ૩ ॥

આઠ રમણીસું સુખ ભોગવે, પાળે તે નવવાડે સીલ; સ૦
સમકીત સુધું સદ્દહે, ધર્મ કરતો ન કરે ઢીલ. સ૦ સં૦ ॥ ૪ ॥
ગિરિ વૈભારે એકદા, સમોસર્યા શ્રી મહાવીર; સ૦
વનપાલકે વધામણી, પાસે ગૌતમ સ્વામિ વજીર. સ૦ સં૦ ॥ ૫ ॥
સાંભલી સંતોષ્યો સુભપરે, પૃથ્વીપતિયે પરભાત; સ૦
મહા મોચ્છવ કરી વાંદવા, આવ્યો આણંદ અંગ નમાત. સ૦સં૦ ૬

વળી તે આઠ સ્ત્રીઓની સાથે ભોગવિલાસ કરતો થકો, નવ પ્રકારે સિયળનું પણ રક્ષણ કરતો; વળી તે શુદ્ધ સમકીત અંગીકાર કરીને ધર્મ કાર્યોમાં જરા પણ પ્રમાદ કરતો નહીં ॥ ૪ ॥ એક વખતે ત્યાં વૈભાર પર્વત ઉપરે શ્રી મહાવીર સ્વામિ પ્રભુ આવીને સમોસર્યા, તેમની સાથે ગૌતમ સ્વામિ નામે મોટા ગણધર હતા, તે બાબતની વનપાળકે રાજાને વધામણી આપી ॥ ૫ ॥ તે વધામણી સાંભળી રાજા અત્યંત ખુશી થયો, તથા સવારે મોટા મોહોત્સવ પૂર્વક, અત્યંત આનંદ સહીત વાંદવા જવાની તૈયારી કરવા લાગ્યો ॥ ૬ ॥

પાંચ અભિગમ સાચવી, ભગવંત ઉપર ધરી ભાવ; સ૦
વાંદી બેઠા વિધિપૂર્વકે, કહે ભવજલ તારણ નાવ. સ૦ સં૦ ॥ ૭ ॥
પૂજા ભાવ આણે ચિત્તમેં, એતો ચોથ તણો ફલ જોય; સ૦
પૂજોપગરણ હાથે ગ્રહે, છઠ્ઠ તણો ફલ હોય. સ૦ સં૦ ॥ ૮ ॥
ગમણાગમણે ફલ અઠ્ઠમે, પાસે આવ્યે દશમ ફલ જાણ; સ૦
દુવાલસ ફલ જિનપરવેસે, પ્રદક્ષિણે પક્ષ ફલ આણ. સ૦ સં૦ ॥ ૯ ॥

પાંચ અભિગમ સાચવીને તથા પ્રભુ ઉપર ભાવ રાખીને, વિધિ સહિત વાંદીને, તે રાજા બેઠો, ત્યાં ભવરૂપી સમુદ્રમાંથી તારવાને વહાણ સમાન તે પ્રભુ પણ દેશના દેવા લાગ્યા ॥ ૭ ॥ જે માણસ જિનેશ્વરની પૂજામાં ચિત્તથી ભાવ લાવે, તેને ચોથનું (અપવાસનું) ફળ થાય, તથા પૂજા કરવા માટે પૂજાનો સામાન હાથમાં ઝાલતાંજ છઠ્ઠનું ફળ થાય ાટા (બે અપવાસ) ચાલતા અઠમનું (ત્રણ અપવાસ) ફળ થાય, પ્રભુની પાસે આવ્યાથી દશ ઉપવાસનું ફળ થાય, તથા ગંભારામાં દાખલ થતાં બાર ઉપવાસનું ફળ થાય, અને પ્રદક્ષણા ફરતાં પંદર ઉપવાસનું ફળ થાય ॥ ૯ ॥

માસ ફલ જિન બિંબ દેખીયે, પમજણે સત ઉપવાસ; સ૦
સહસ ફલ વિલેપને કહ્યો, ફુલ માલાયે લાખ ફલ તાસ. સ૦ સં૦ ૧૦
અનંત ફલ ગીત નૃત્યથી, એહવા ફલ સુણી શેઠે તાસ; સ૦
નીમ ધાર્યો ત્રણ કાળનો, જિન પૂજા વિના ઉપવાસ. સ૦ સં૦ ૧૧

આવ્યો ઓચ્છવ એહવે, કૌમુદી કૌતિકકાર; સ૦
સુંદર વેશ સજી સવે, નગર બહાર આવે નરનાર. સ૦ સં૦ ॥ ૧૨ ॥

વળી જિન પ્રતિમાને જોવાથી મહીનાના ઉપવાસનું ફળ થાય, તેમ મજન કરવાથી સો ઉપવાસનું ફળ થાય, વળી પ્રભુને અંગે સુગંધિ વિલેપન કરવાથી હજાર ઉપવાસનું ફળ થાય, અને પુષ્પની માળા ચડાવવાથી લાખ ઉપવાસનું ફળ થાય છે. ૧૦ વળી ગાયન તથા નાટકથી અનંતું ફળ થાય છે; એવા ફળોનું વૃતાંત સાંભળીને તે શેઠે અર્હદાસે ત્રણ વખત હમેશાં જિન પ્રતિમાને પૂજવાનું અને પૂજા થાય નહીં તો ઉપવાસ કરવાનું નીયમ લીધું ॥ ૧૧ ॥ હવે એટલામાં કૌમુદીનો મહોત્સવ આવવાથી કેટલાક સ્ત્રી પુરૂષો, ઉત્તમ વસ્ત્રાલંકાર પેહેરીને શેહેરની બહાર આવ્યા. ૧૨

ખેલો હસો મન ખાંતસું, હુકમ કરે રાજાન; સ૦
કાતિ પુનેમને દીને, ગાઓ વજાઓ તાન. સ૦ સં૦ ॥ ૧૩ ॥
બાર વરસને અંતરે, પડહો વજાડે એમ; સ૦
અર્હદાસ શેઠ મન ચિંતવે, મુજ વ્રત રહેશે હવે કેમ. સં૦ ॥ ૧૪ ॥
ઉંડું મનમાં આલોચીને, આવ્યો શેઠ નૃપને પાસે; સ૦
મોતી આગળ મૂકીને, ઉભો અરજ કરે ઉલ્લાસે. સ૦ સં૦ ॥ ૧૫ ॥

ત્યારે તે વખતે રાજાએ હુકમ આપ્યો કે, હે લોકો, આજે કાર્તક સુદ પુનમને દિવસે, તમો સઘળા, રમો, હસો, ગાઓ, વગાડો, વિગેરે અનેક ક્રીડાઓ સુખેથી કરો ॥ ૧૩ ॥ એવી રીતે બાર બાર વર્ષને આંતરે રાજા પડો વજડાવતો હોવાથી અર્હદાસ શેઠ મનમાં વિચરવા લાગ્યા કે, હવે મારૂં વ્રત શી રીતે રહેશે ॥ ૧૪ ॥ એવી રીતે શેઠ કેટલોક ઉંડો વિચાર કર્યા બાદ રાજા પાસે આવી અમુલ્ય મોતીનું ભેટણું દઈ ઉભો રહી અરજ કરવા લાગ્યો ॥ ૧૫ ॥

મેં લીધું છે વ્રત નેમ જે, તે તુમે જાણો છો સ્વામ; સ૦
આજ આદેશ દુવો એસો, કેવું કરવું હવે કામ. સ૦ સં૦ ॥ ૧૬ ॥
ધન દેઈ ધન ધન કહી, એતો ઘણું પ્રશંસે રાજ; સ૦
જિન ધરમી જયવંત તું, કરો જઇ ઘરનાં કાજ. સ૦ સં૦ ॥ ૧૭ ॥
ચોકી મેલી ચિહું દસે, એતો સુભટ રહ્યા સાવધાન; સ૦
રાત પડી રાજા કહે, એતો સાંભલ તું પરધાન. સ૦ સં૦ ॥ ૧૮ ॥
પેહેલી ઢાલ ખંડ સાતમે, સાંભલજો સહુ નર નાર; સ૦
રંગવિજય કવિ રાજનો, નેમવિજય જયકાર. સ૦ સં૦ ॥ ૧૯ ॥

હે સ્વામિ મેં જે વ્રત અંગીકાર કર્યું છે, તે તો તમો જાણો છો, અને આજે આપે આવો હુકમ કર્યો છે, તો મારે હવે શું કરવું ॥૧૬॥ તે સાંભળી રાજાએ તેને કેટલુંક દ્રવ્ય આપીને તથા ધન્યવાદ સહીત તેની પ્રશંસા કરીને કહ્યું કે, હે જૈન ધર્મી શ્રાવક તારો હમેશાં જય થજો, અને તમે તમારે ઘેર જઇ ઘરનું કામ કાજ સુખેથી કરો ॥ ૧૭ ॥ પછી રાજાએ ચારે બાજુ સુભટોની ચોકી રાખી, તેઓને

સાવધાન રહેવા ફરમાવ્યું, પછી રાત પડી ત્યારે રાજા પ્રધાનને કહેવા લાગ્યો. ૧૮ એવી રીતે સાતમા ખંડની પેહેલી ઢાલ, હે શ્રોતાજનો તમે સાંભળજો, અને તેથી રંગવિજય કવીશ્વરના શિષ્ય નેમવિજયનો જય થશે ॥ ૧૯ ॥

## દુહા.

ચાલો જોવા જાઇએ, બોલે શ્રેણિક રાય; અભયકુમાર વલતું કહે; નાવે મારે દાય ॥ ૧ ॥ નારી જાતિ મલી તિહાં, પુરૂષ નહીં છે છેક; આપણ કેમ જઇએ તીહાં, મનમાં ધરો વિવેક ॥ ૨ ॥ ઇંદ્રિ પાંચ જીતિ જીકે, તે વિનયી કહેવાય; ગુણવંત કહીયે તે નરા, સહુ જનમાં પૂજાય ॥ ૩ ॥

ત્યારે શ્રેણિક રાજાએ અભયકુમારને (પ્રધાનને) કહ્યું કે, ચાલો આપણે મહોત્સવ જોવા જઇએ, તે સાંભળી કુમારે કહ્યું કે, તે વાત મને ફાવસે નહીં ॥ ૧ ॥ ત્યાં સઘળી સ્ત્રીઓ એકઠી થઇ છે, કોઇ પણ પુરૂષ ત્યાં નથી, માટે તમો વિવેક સહિત વિચાર કરો કે, આપણે ત્યાં શી રીતે જઇ શકીયે ॥ ૨ ॥ જે માણસે પોતાની પાંચે ઇંદ્રિયો વશમાં રાખી છે, વીનયવંત કહેવાય છે, વળી જે માણસો સઘળાઓમાં પૂજનીક થાય, તેનેજ ગુણવાન કહીયે ॥ ૩ ॥

રાજા કહે પરધાનને, હું છું ઇંદ્ર સમાન; લોકો શું કરશે મને, બલવંત હું રાજાન ॥ ૪ ॥ પ્રધાન વલતું એમ કહે, અભિમાન ન કીજે ફોક; પરજા થકી સુખ પામીયે, દુઃખ ન દીજે લોક ॥ ૫ ॥ વલી નરપતિ એમ ઓચરે, ઘણે ન સીજે કાજ; સૂરજ ઉગ્યો એકલો, તારા જાયે ભાજ ॥ ૬ ॥

ત્યારે રાજા પ્રધાનને કહેવા લાગ્યો કે, આ વખતે તો હું ઇંદ્ર સરખો છું, માટે હું એવી રીતે બળવાન રાજા હોવાથી લોકો મને શું કરવાના છે? ॥ ૪ ॥ તે સાંભળી પ્રધાને ઉત્તર આપ્યો કે, હે રાજા ફોકટ અભિમાન કરવું નહીં, કારણ કે આપણે આપણી પ્રજાથીજ સુખ પામીયેં છીયે, માટે પ્રજાને દુઃખ દેવું નહીં. ॥૫॥ ત્યારે રાજા ફરીને બોલ્યો કે, ઘણા લોકો એકઠા મળીને પણ મને બળવાનને શું કરવાના હતા! કારણ કે એક સૂર્ય ઉગવાથી સઘળા તારાઓ નાશ પામે છે. ॥૬॥

પ્રધાન કહે નરપતિ તમે, બહુસું ન કરો વેર; ઘણાં મલી કલ્યાણ કરે, ઘણાંથી ઉપજે ઝેર ॥ ૭ ॥ તે ઉપરે કથા કહું, સુજોધન નૃપની વાત; વાતો મન સીતલ કરે, વાત કરે ઉતપાત ॥ ૮ ॥

ત્યારે પ્રધાને વળી રાજાને કહ્યું કે, આપને ઘણા લોકો સાથે વેર કરવું યોગ્ય નથી, કારણ કે, ઘણા લોકો એકઠા થવાથી કલ્યાણ થાય છે, તેમ ઘણા માણસો મળવાથી તે ઝેર પણ વરશાવી શકે છે ॥ ૭ ॥ હવે તે ઉપર હું તમોને સુજોધન રાજાની વાત કહું છું તે સાંભળો; કારણ કે, વાતોથી ચિંત્ત ઠંડુ પડે છે, તથા વાતોથીજ મનને સંતાપ થાય છે ॥ ૮ ॥

## ઢાલ બીજી.

કોસ્યા કામની કહે ચાંદલા, ચાંદા તું છે પર ઉપગારીરે—એ દેશી.

હસ્તીનાગપુર વર ભલો, રાજા સુયોધન તિહાં રાયરે;
મંત્રી પુરૂષોત્તમ તેહને, રાજા પુરોહિત કાપિલ કહેવાયરે ॥ ૧ ॥
જમડંડ નામે કોટવાલ છે, રાજા બેઠા સભા મોઝારરે;
દૂત આવી એક એમ કહે, રાજા અરિદલ આ યું અપારરે ॥ ૨ ॥
દૂતનું વયણ સુણી એસું, રાજા ભૃકુટી ચઢાવી ભાલરે;
ધાઓ નિસાણે ધમકીયા, રાજા કોપ્યો રિપુનો કાળરે ॥ ૩ ॥

હસ્તીનાગપુર નામે એક સુંદર શેહેર છે, ત્યાં સુજોધન નામે રાજા હતો, તેને પુરૂષોત્તમ નામે મંત્રી હતો, તથા કપિલ નામે પુરોહિત (ગોર) હતો ॥ ૧ ॥ અને જમદંડ નામે કોટવાલ હતો; હવે એક દિવસ રાજા સભામાં બેઠો હતો, તેવામાં એક દૂત આવી રાજાને કહેવા લાગ્યો કે, હે સ્વામિ, આપણા નગર ઉપર એક ગંજાવર વેરીનું લશ્કર ચડી આવે છે ॥ ૨ ॥ દૂતનું તે વચન સાંભળી રાજા ક્રોધથી કપાળ ચડાવીને ગુસ્સે થયો, અને તે કાળ સમાન રાજાએ લડાઇના ડંકા વગડાવ્યા ॥ ૩ ॥

હય ગય રથ પાયક સજી, રાજા રાયે પ્રયાણજ કીધરે;
રાજ નગરની રક્ષા કરે, રાજા જમદંડને ભલામણ દીધરે ॥ ૪ ॥
લશ્કર લેઈ અરિ ઉપરે, રાજા બેહુ દલ ઝુઝે અપારરે;
દિવસ ઘણા તિહાં લાગીયા, રાજા સાંભલો વાત વિચારરે ॥ ૫ ॥
જમડંડે જસ ઉપરાજીયો, રાજા રૂડીપરે પ્રજા રાખેરે;
રાજકુંવર લોક વશ થયા, રાજા યમડંડ વયણ જે ભાંખેરે ॥ ૬ ॥

પછી રાજા પોતે હાથી, ઘોડા, રથ, તથા પાયદળ એકઠું કરી લડાઇ કરવા ચાલ્યો, અને યમદંડ કોટવાલને નગરનું રક્ષણ કરવાની ભલામણ દેતો ગયો ॥ ૪ ॥ હવે તે રાજાએ વેરીના લશ્કર સામે પોતાનું લશ્કર લઇ જવાથી ત્યાં બન્નેની વચે જોસબંધ લડાઇ ચાલી, અને તેમાં ઘણાં દિવસો નિર્ગમન થયા, પછી જે વાત થઇ તે તમે સાંભળજો ॥ ૫ ॥ હવે અહીં જમદંડે પ્રજા લોકોનો પ્યાર ખેંચવાથી લોકો સઘળા તેને વશ થઇ તેનું વચન માનવા લાગ્યા ॥ ૬ ॥

અરિ જીતી નૃપ આવિયો, રાજા સનમુખ સહુ લોક જાયરે;
રાજા પૂછે કુશલ સહુ, રાજા કહે યમદંડ પસાયરે ॥ ૭ ॥
વિલંબ કરી પૂછે વલી, રાજા તુમને અછે સમાધિરે;
યમદંડના પરસાદથી, રાજા કસી નથી અસમાધિરે ॥ ૮ ॥
ચિંતવે ભૂપતિ ચિત્તમેં, રાજા રાજ્ય સુખે જે જાયરે;
દૂધ બિલાડી રાખવા, રાજા પછે તે પસ્તાયરે ॥ ૯ ॥

હવે તે રાજા વેરીને જીતીને પાછો આવ્યો, ત્યારે સઘળા લોકો તેને લેવાને સામા ગયા, ત્યારે રાજાએ લોકોને પુછયું કે, તમો સઘળા સુખ સાતામાં તો છો? ત્યારે લોકો કહેવા લાગ્યા કે, યમદંડના પસાયથી અમો સઘળાને આનંદ છે ॥ ૭ ॥ વળી રાજાએ થોડી વાર પછી ફરી લોકોને પુછયું કે, તમો સઘળા આનંદમાં તો છો? ત્યારે લોકો કહેવા લાગ્યા કે, અમો સઘળા યમદંડના પસાયથી આનંદમાંજ છીએ, અમોને કંઇ દુઃખ નથી ॥ ૮ ॥ એવું સાંભળી રાજા મનમાં વિચારવા લાગ્યો કે, જે રાજા સુખ ચેનમાં પોતાનો કાળ કહાડવા વાસ્તે માણસોને રાજ્ય સોંપે છે, તેનું રાજ્ય, બીલાડીને દૂધ સોંપવા જેવું થાય છે, અને પાછળથી તે રાજાને પસ્તાવું પડે છે ॥ ૯ ॥

કુડ રાખી મનમાં ઘણો, રાજા મૌન કરે ભૂપાલરે;
ઇંગિત આકારે ઓળખે, રાજા જાણે મનમેં કોટવાલરે ॥ ૧૦ ॥
મંત્રી પુરોહિત ભૂપતિ, રાજા ત્રણે મળી એક ઠાયરે;
યમદંડને યમઘર ભણી, રાજા મૂકણ વિચાર કરાયરે ॥ ૧૧ ॥
દેખો દુરજન દુરમતિ, રાજા પર જસ દેખ્યો ન સુહાયરે;
રાજા પરધાન પુરોહિત મળી, રાજા કુકરમ એહ કમાયરે ॥ ૧૨ ॥

પછી રાજા તો કપટ ક્રિયાથી મનમાં દ્વેષ રાખી ઉપરથી મૌન પણું બતાવે, પણ કોટવાલ તેના આચરણથી વાત કળી ગયો, કે રાજા મારી અદેખાઇ કરે છે ॥૧૦॥ પછી એક દહાડો, મંત્રી, પુરોહિત, તથા રાજા, એ ત્રણે જણાએ એકઠા થઇ યમદંડને મારી નાખવાનો વિચાર કર્યો ॥ ૧૧ ॥ કવિ કહે છે કે, દુષ્ટ માણસની નીચ બુદ્ધિ તો તમે જુઓ. બીજાની કીર્તિ (યમદંડની કીર્તિ) રાજા સહન કરી શકતો નથી, તેથી અહીં રાજા, પ્રધાન, તથા પુરોહિત મળી આવું દુષ્ટ કર્મ કરવા લાગ્યા. ૧૨

ખજાનો નિજ ખોસવા, રાજા મધ્ય રાત્રે પેઠો તેહરે;
કુડ કપટ કરે ઘણાં, રાજા અંતે પડી મુખ ખેહરે ॥ ૧૩ ॥
મુદ્રા જનોઇ પાદુકા, રાજા મુખે મૂકે લેઇ ખાત્રરે;
ધન કાઢે તે ધસમસી, રાજા કામ કરે એહ કુપાત્રરે ॥ ૧૪ ॥
ખાત્ર મુખે વિસરી ગયા, રાજા પાદુકા મુદ્રા જનોઇરે;
પ્રાત સમે યમદંડને, રાજા તેડીને ભાંખે સોઇરે ॥ ૧૫ ॥

પછી તે ત્રણે જણાએ મધ્ય રાતે પોતાના (રાજાના) ખજાનામાં પેસી કેટલુંક ધન ચોરવાનો ઇરાદો કર્યો, એવું કુડ કપટ તેમણે કર્યું, પણ અંતે તેમનાજ મોહોડા ઉપરે ધૂળ પડશે ॥ ૧૩ ॥ તે ત્રણે જણા ખાતર પાડી પોતાની વીંટી, જનોઇ અને પાવડીઓ તેના મુખ આગળ બહાર મુકીને અંદરથી ઉતાવળે ઉતાવળે ચોરીને ધન કાઢવા લાગ્યા ॥ ૧૪ ॥ પણ પાછળથી જતી વખતે તે ત્રણે વસ્તુ (પાવડીઓ, વીંટી અને જનોઈ) તેઓ ત્યાંજ ભુલી ગયા; હવે સવાર થયા પછી રાજાએ યમદંડને તેડાવી ખાતરની સઘળી વાત કહી ॥ ૧૫ ॥

રે નિર્લજ્જ તું નગરને, રાજા રાખે છે રૂડી રીતરે;
આજ ભંડાર ફાડી ગયા, રાજા તું સુઇ રહ્યો નિચિંતરે ॥ ૧૬ ॥
વસ્તુ સહીત જો ચોરને, રાજા નહીં લાવે માહરી પાસરે;
ચોર તણો દંડ તુજને, રાજા થાસે સહી એમ વિમાસરે ॥ ૧૭ ॥
તુરત ગયો મુખં ખાત્રને, રાજા પાદુકાદિક પડયા દીઠરે;
પામ્યા ચોર તે પાપીયા, રાજા મનમાંહીં હરખ પઇઠરે ॥ ૧૮ ॥

અરે દુષ્ટ કોટવાલ, તું નગરની આવી ચોકી કરે છે કે? આજે આ રાજ ભંડાર ફાડીને કોઇએ તેમાંથી ચોરી કરી છે, અને તું આવી રીતે નચિંત થઈ સૂઇ રહે છે શું? ॥ ૧૬ ॥ માટે જો તે ચોરાએલી વસ્તુ સહિત ચોરને શોધી લાવી મારી પાસે ખડો નહીં કરે, તો ધારજે કે, તે ચોરની શિક્ષા તનેજ થશે ॥ ૧૭ ॥ તુરત તે કોટવાલ જ્યાં ભંડારમાં ખાત્ર પાડેલું હતું ત્યાં જઇ તપાસ કરવા લાગ્યો, તો ત્યાં પાવડી આદિક વસ્તુઓ જોઈ મનમાં હરખ લાવી વિચારવા લાગ્યો કે, તે દુષ્ટ ચોરો તો હાથ લાગ્યા ખરા! ॥ ૧૮ ॥

કોટવાલ ચિત ચિંતવે, રાજા જુઓ રાય એમ કરંતરે;
તો કહીયે કેહને જઇ, રાજા સુણજો સર્વે જન સંતરે ॥ ૧૯ ॥
રાજા આગળ આવીને, રાજા ચોર ન લાધ્યો સ્વામરે;
કોપે કરી રાય એમ કહે, રાજા એહને મારો તસ ઠામરે ॥ ૨૦ ॥
મલી મહાજન વિનવે, રાજા અવધ દીજે દિન સાતરે;
ચોર વસ્તુ આણે નહીં, રાજા મનમાની કરજો વાતરે ॥ ૨૧ ॥

ત્યારે કોટવાલ મનમાં વિચારવા લાગ્યો કે, રાજા પોતેજ જ્યારે આમ કરે ત્યારે હવે આપણે કોને જઇ કહેવું? ॥ ૧૯ ॥ પછી કોટવાલ રાજા પાસે આવી કહેવા લાગ્યો કે, હે સ્વામિ ચોરનો તો કંઈ પતો મળ્યો નહીં, ત્યારે રાજાએ ગુસ્સે થઈ હુકમ કર્યો કે ચોરને બદલે આ કોટવાલને અહીંજ હમણાંજ મારી નાખો? ॥૨૦॥ ત્યારે સઘળા મહાજને એકઠા થઇ રાજાને વિનતિ કરી કે, હે રાજા આપ કોટવાલને સાત દિવસની મેહેતલ આપો, અને તે અરસામાં જો તે માલ સહિત ચોરને શોધી ન લાવે, તો પછી આપની ઇચ્છા પ્રમાણે કરજો ॥ ૨૧ ॥

કષ્ટે ભૂપે કહ્યું કર્યું, રાજા પરજાનું રાખ્યું મન્નરે;
યમદંડ સહુ આગળ કહે, રાજા સુણજો એક વચનરે ॥ ૨૨ ॥
રાજાનું મન એહવું, રાજા કહોને હવે કીજે કેમરે;
મહાજન કહે બીજો રખે, રાજા ન્યાયિને થાસે ખેમરે ॥ ૨૩ ॥
પરમેશ્વર પક્ષ ન્યાયનો, રાજા કરસે સહી જાણો સાચરે;
ઢાલ બીજી ખંડ સાતમે, રાજા નેમવિજયની વાચરે ॥ ૨૪ ॥

પછી રાજાએ મહા મેહેનતે તે વાત કબુલ કરી પ્રજાનું મન રાખ્યું, ત્યાર પછી યમદંડ એકાંતે સઘળા લોકોને કહેવા લાગ્યો કે, હે લોકો, તમો મારી એક

વાત સાંભળજો ॥ ૨૨ ॥ લોકોને સઘળી વાત કહી સમજાવી તેણે કહ્યું કે, હે લોકો, રાજાનું પોતાનું મન જ્યારે આવું છે, ત્યારે હું શું કરી શકું? ત્યારે પ્રજા જનોએ તેને હિમ્મત આપી કે, તારે બીવું નહીં, જે માણસ ન્યાયિ હોસે તેનો વાળ પણ વાંકો થવાનો નથી ॥ ૨૩ ॥ પરમેશ્વર પણ ન્યાયનોજ પક્ષ કરશે, અને સાચી વાતથીજ કામ થશે. એવી રીતે સાતમા ખંડની બીજી ઢાલમાં નેમવિજયે સઘળી વાત કહી ॥ ૨૪ ॥

## દુહા.

સઠ પણે સઘલે ફરે, ચોર ગવેષણ કાજ; પહેલે દિવસ સભા ગયો, તવ પૂછે મહારાજ ॥૧॥ ચોર ન લાવ્યો ચોરટા, જમદંડ કહે નરનાથ; ઠામ ઠામ મેં જોઈયો, ચોર ન આવ્યો હાથ ॥ ૨ ॥ એવડી વાર કિહાં રહ્યો, કહે કોટવાલ તે વાર; કથા એક કહેતો હતો, સાંભલતાં થઈ વાર ॥ ૩ ॥ જેણે મરણ તુજ વિસર્યું, તે કહે મુજને વાત; ઉત્પાતકી બુદ્ધે કરી, કથા કહેશે સાત ॥ ૪ ॥

પછી તે ઉપર ઉપરથી ચોર શોધવાનુ બાનું બતાવવા વાસ્તે નગરમાં ફરવા લાગ્યો; પછી પેહેલે દિવસે જ્યારે તે રાજસભામાં ગયો, ત્યારે રાજાએ તેને પુછયું ॥૧॥ અરે ચોરટા, હજુ તું ચોરને શોધી નથી લાવ્યો? તે સાંભળી યમદંડે કહ્યું કે, હે રાજા મેં સઘળી જગોએ તપાસ કરી, છતાં હજું ચોરનો પત્તો મળતો નથી. ૨ ત્યારે રાજાએ પુછયું કે, આટલો વખત તું કયાં હતો, ત્યારે કોટવાલે કહ્યું કે, એક માણુસ કથા કહેતો હતો, તે સાંભળતા સાંભળતાં મને વખત લાગ્યો ॥ ૩ ॥ ત્યારે રાજાએ કહ્યું કે, જે વાત સાંભળવાથી તું તારા મરણને પણ વીસરી ગયો, તે વાત મને કહી સંભળાવ; હવે તે કોટવાલ પોતાની તર્ક બુદ્ધિથી રાજાને સાત વાતો કહી સંભળાવશે ॥ ૪ ॥

## ઢાલ ત્રીજી.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી.

કહે કથા યમદંડ યુક્તિસું, સાંભળ રાય સુબોધરે;
મનમાંહીં જાણે યમદંડ જો વલી, પામે કિમહી પ્રતિબોધરે.
કહે કથા૦ ॥ એ આંકણી ॥ ૧ ॥
વનમાંહીં એક મોટો સરોવર, સજલ કમલ વિસ્તારરે;
તેહની પાલે સરલો અતિ ઉંચો, તરૂવર અછે ઉદારરે. ક૦ ॥ ૨ ॥
હંસ ઘણા રહે છે તરૂ ઉપરે, વ્યાધ તણો નહીં લાગરે;
વેલે અંકુર તસ મૂલે દેખી, વડો હંસ કહે મહાભાગરે. ક૦ ॥ ૩ ॥

પછી યમદંડ વિચારવા લાગ્યો કે, આ મારી કથાથી રાજા કંઈક પ્રતિબોધ પામે તો ઠીક, એમ વિચારી તેણે કહ્યું કે, હે સુબોધન રાજા જે વાત હું કહું છું તે સાંભ-

ળજો ॥ ૧ ॥ વનમાં એક મોટું સરોવર હતું, તેમાં ઘણું પાણી તથા કમળો પણ ઘણાં હતાં, તેના કાંઠા ઉપર એક બહુજ ઉંચુ, સિધું, અને મનોહર વૃક્ષ હતું. ૨ તે ઝાડ ઉપર ઘણા હંસ રહેતા હતા, તેને મારવા વાસ્તે પારધિ ઘણી મેહેનત કરતો હતો, પણ તેને કોઇ લાગ ફાવે નહીં; પણ એટલામાં તે ઝાડના થડના મૂળમાં એક વેલાનો અંકુરો ઉગતો જોવાથી મોટો હંસ બધા હંસોને કહેવા લાગ્યો ॥ ૩ ॥

ચંચુપુટે કરી અંકુર ત્રોડો, તો તુમને સુખ થાયરે;
વધતી વધતી એહજ વેલના, થાસે તુમ દુઃખદાયરે. ક૦ ॥ ૪ ॥
તરૂના હંસ હસ્યા સવિ તેહને, બિકણ મોટો તું વૃદ્ધરે;
એમ સાંભળી મૌન કર્યું તેણે, પામસે આપણું કીધુંરે. ક૦ ॥ ૫ ॥
કાળે વધી તે સબલી વેલડી, જઇ લાગી તરૂ સીસરે;
તે વ્યાધ ચડિયો તે અવલંબીને, નાખ્યો પાસ જગીસરે. ક૦ ॥ ૬ ॥

હે હંસો, તમો આ વેલના અંકુરાને જો તમારી ચાંચોએ કરી હમણાંજ કાપી નાખશો, તો તમે સુખી થસો; અને જો આ વેલને વધવા દેશો, તો તે તમોનેજ દુઃખદાઇ થઈ પડશે ॥ ૪ ॥ ત્યારે તે સઘળા હંસો તે વૃદ્ધ હંસની હાંસી કરી કહેવા લાગ્યા કે, તું ડોકરો તો મહાબીકણ છે, તે સાંભળી તે હંસે મૌન ધરી વિચાર્યું કે, તેઓ પોતાનું કરેલું ભોગવશે ॥ ૫ ॥ ત્યાર પછી કેટલોક વખત ગયા બાદ તે વેલડી વધીને છેક વૃક્ષના મથાળા સુધી પહોંચી, ત્યારે તે પકડીને શિકારીએ તે ઝાડ ઉપર ચડીને જાળ પાથરી ॥ ૬ ॥

ચુણ કરીને સાંજે હંસ સઘલા, પાસે પડીયા આયરે;
આક્રંદ કરતારે પૂછે વૃદ્ધને, છુટણ તણો ઉપાયરે. ક૦ ॥ ૭ ॥
જોવન મદ મતવાળા મુરખ જે, નવિ માન્યું મુજ વયણરે;
તેહ તણાં ફલ એ છે પ્રત્યક્ષ, દેખો આપણે નયણરે. ક૦ ॥ ૮ ॥
અણજાણે અથવા પરમાદે, કારજ વિણઠું સંભાલરે;
પછે પ્રયાસ હોયે વિફલ સઘલો, જલ ગયે બાંધી પાળરે. ક૦ ॥૯॥

પછી સંધ્યાકાળે તે સઘળા હંસો ચણીને આવ્યા, અને ઝાડ ઉપર બેસતાંજ જાળમાં લપેટાઇ જવાથી રૂદન કરતા ત્યાંથી છુટવાનો ઇલાજ પેલા વૃદ્ધ હંસને પુછવા લાગ્યા ॥ ૭ ॥ ત્યારે તે વૃદ્ધ હંસે કહ્યું કે, તમોએ તે વખતે જુવાનીના મદમાં રહી મારૂં વચન માન્યું નહીં, તો હવે તેનું આ પ્રત્યક્ષ ફળ નજરોનજર જોઇ લ્યો ॥ ૮ ॥ જે કામ અજ્ઞાનપણાથી અને આળસથી નાશ પામે છે, તેના ઉપર સુધારવાને પાછળથી મેહેનત કરવી તે પાણી ચાલી ગયા બાદ પાળ બાંધવાની માફક ફોકટ છે ॥ ૯ ॥

દિન વચને બોલે ઓ દાદાજી, તુમે છો બુદ્ધિ નિધાનરે;
દયા કરી નિજ બાળક ઉપરે, દીજે વંછિત દાનરે. ક૦ ॥ ૧૦ ॥

પ્રાણ રહિત સરીખા થઈ રહેજો, સઘલે માની સીખરે;
પરભાતે દેખી તે પાપીયો, ચિંતે ભાંગી ભીખરે. કુ૦ ॥ ૧૧ ॥
હંસ સકલને હેઠા નાખીયા, ઉડયા તે સમકાલરે;
માન્યું વચન વડાનું તેમણે, પામ્યા સુખ વિસાલરે. કુ૦ ॥ ૧૨ ॥

ત્યારે સઘળા હંસો દીન વચને કહેવા લાગ્યા કે, હે દાદાજી, તમો મહા બુદ્ધિવાન છો, માટે અમો બાળક ઉપર મેહેરબાની કરી કંઇક ઉપાય બતાવી ઈચ્છીત દાન દ્યો ॥ ૧૦ ॥ ત્યારે વૃદ્ધ હંસે કહ્યું કે, હવે તમો સઘળા જીવ વિનાના જેવા થઇને પડી રહેજો; પછી તે સઘળાઓ તે શીખામણ માની મડાની માફક થઈ બેઠા, પછી સવારે તે પારધી તેઓને જોઇ વિચારવા લાગ્યો કે, હવે આજ તો મારી ભૂખ ભાંગી ખરી ॥ ૧૧ ॥ એમ વિચારી તે સઘળા હંસોને તેણે જાળમાંથી છુટા કરી નીચે ફગાવ્યા, કે તુરત તેઓ સઘળા ઉડી ગયા, એવી રીતે જો તેઓએ મોટાનું વચન માન્યું તો તેઓ સુખી થયા ॥ ૧૨ ॥

गाथा—दीहकालंठीयाजहु, पायवेनिरुवदवे ।
मुलाओउठीयावल्ली, जायसरणउभय ॥ १ ॥

એક નીરઉપદ્રવ ઝાડના મુળમાં ઉગેલી વેલ જો પ્રથમથી કહાડી હોત તો બન્ને તરફથી તમે નિર્ભય હતા ॥ ૧ ॥

ગાથા એહ કહી છે વડે હંસે, સમજો રાય મયાલરે;
કથા પહેલી સંપૂરણ એ કહી, સમજો શ્રોતા દયાલરે. કુ૦ ॥ ૧૩ ॥
સાતમા ખંડ તણી, ઢાલ ત્રીજીયે, સમજાવ્યો રાય સુજાણરે;
રંગવિજયનો શિષ્ય એમ કહે, નેમવિજય પરમાણરે. કુ૦ ॥ ૧૪ ॥

વળી એ ગાથા તે મોટા હંસે કહી છે, તે હે રાજા તમો વિચારી જોજો, એવી રીતે પેહેલી કથા સંપૂર્ણ થઇ, તે હે દયાળુ શ્રોતાજનો તમે સમજી લેજો ॥૧૩॥ એવી રીતે સાતમા ખંડની ત્રીજી ઢાલમાં રંગવિજયના શિષ્ય નેમવિજયે તે રાજાને સારી રીતે સમજાવ્યો ॥ ૧૪ ॥

## दुहा.

અભિપ્રાય પૂછયો નહીં, દુરાગ્રહવંત નરિંદ; મગસેલીયો ભીંજે નહીં, વરસે પુષ્કર વ્રંદ ॥૧॥ બીજે દીન આવ્યો વળી, પૂછે તેમ મહીરાય; કથા એક કહેતો હતો, તે મુજ આવી દાય ॥ ૨ ॥ કોઈક નગર કુંભાર એક, ખાણ ખણી મન ખંત; ભાજન નિપજાવી ભલાં, વેચી થયો ધનવંત ॥ ૩ ॥

પણ તે દુરાગ્રહી રાજાએ તે ગાથાનો ભાવાર્થ પુછયો નહીં, કારણ કે મગસેલીયો પાણો એવો તો કઠોર હોય છે કે, પુષ્કરાવર્ત મેઘથી પણ ભીજાતો નથી ॥ ૧ ॥ વળી બીજે દિવસે પણ કોટવાલને આવતાં વખત થવાથી રાજાએ પુછવાથી તેણે કહ્યું કે, આજે પણ મને એક કથા સાંભળતા વખત લાગ્યો. તે એ કે, ॥ ૨ ॥

કોઇક શેહેરમાં એક કુંભારે મનમાં ચિવટ રાખી એક માટીની ખાણ ખોદીને તેના વાસણો નિપજાવી વેચીને તે ખૂબ પૈસાદાર થયો ॥ ૩ ॥

**ભુવન કરાવ્યું અતિ ભલું, પુત્ર વિવાહજ કીધ; જાચક જન સંતોષીયા, નગર થયો પ્રસિદ્ધ ॥ ૪ ॥ માટી ખણવા એક દિન, ગયો ખાણ મોઝાર; તડ તુટી ઉપર પડી, ગાથા કહે કુંભાર ॥ ૫ ॥**

જેથી તેણે રહેવા વાસ્તે એક સુંદર ઘર બંધાવ્યું, તથા પુત્રનો વિવાહ પણ ધામધુમથી કર્યો, વળી જાચકોને દાન આપવાથી નગરમાં તેની કીર્તિ ફેલાણી ॥ ૪ ॥ પછી એક દહાડો તે માટી ખોદવા વાસ્તે ખાણમાં ગયો, ત્યાં માથેથી ભેખડ તેના ઉપર તુટી પડવાથી તે કુંભાર એક ગાથા કહેવા લાગ્યો ॥ ૫ ॥

गाथा —जेणभिखंबलिंदमि । जेणतोसिमीनायओ ॥
तेणमेपाठियाभग्गा । जायंसरणउभयं ॥ १ ॥

જેણે કરીને મારી ભૂખ ભાગી, તેનીજ પાસે હું આવ્યો તો તેણેજ મારી પીઠ ભાગી નાખી, તો હવે મારે કોનું શરણું લેવું ॥ ૧ ॥

**કથા કહી નિજ ઘર ગયો, સમજ્યો નહીં રાજાન; ત્રીજે દિન કથા કહે, તે સુણજો સાવધાન ॥ ૬ ॥**

એવી રીતે કથા કહીને કોટવાલ પોતાને ઘેર ગયો, પણ તે રાજા તેમાં કંઇ સમજ્યો નહીં, વળી ત્રીજે દિવસ આવીને પણ તે કથા કહેવા લાગ્યો, તે હે શ્રોતાજનો, તમે સાવધાન થઇને સાંભળજો? ॥ ૬ ॥

## ઢાલ ચોથી.

બંગાલો રાગ.

**દેશ પાંચાલ કાંપિલપુર સાર, સુધરમા રાજા સિરદાર, સુણો વારતા.**
**જૈન ધરમ ઉપરે તસુ રાગ, મંત્રિ જયદેવ છે ચાર્વાક. સુ૦ ॥ ૧ ॥**
**શત્રુ તણો પરાભવ જાણ, ચાલ્યો નરપતિ નિગ્રહ જાણ; સુ૦**
**જીતી નગરમાં આવે જામ, પોલ વડી પડી આગળ તામ. સુ૦ ॥૨॥**
**અપશુકન જાણી નિરધાર, બાહાર રહ્યો રાજા તેણી વાર; સુ૦**
**ઉતાવલી કીધી તે પોલ, પેસે બીજે દિન કરત કલોલ. સુ૦ ॥ ૩ ॥**

પાંચાલ દેશમાં કાંપિલપુર નામે નગરમાં એક સુધરમા નામે રાજા હતો, તે રાજાને જૈન ધર્મ ઉપર પ્રીતિ હતી, પણ તેનો જયદેવ નામે મંત્રી નાસ્તિક હતો ॥ ૧ ॥ એક વખતે તે રાજા શત્રુનો નાશ કરવા વાસ્તે લડાઇ કરવા ગયો પછી જ્યારે જીતીને પાછો નગરમાં તે રાજા આવતો હતો, ત્યારે શેહેરનો એક મોટો દરવાજો તુટી પડ્યો ॥ ૨ ॥ તે અપશુકન જોઇને રાજા નગરમાં ન આવતાં પાછો વળી નગરની બહાર રહ્યો, પછી બીજે દિવસે એકદમ તે પોળ (દરવાજો) પાછી બનાવવાથી તે રાજા આનંદ સહિત પ્રવેશ કરવા લાગ્યો ॥ ૩ ॥

પડી વળી તિમહીજ તે પોળ, મંત્રી કરાવી દેઈ બહુ મોલ; સુ૦
ત્રીજે દીને પેસે જવ ભૂપ, પુનરપી થયો તેહ સરૂપ. સુ૦ ॥ ૪ ॥
મંત્રી કહે રાજન અવધાર, કોઈક સૂર કોપ્યો સુવિચાર; સુ૦
નિજ હાથે માણસ એક માર, તેહને રૂધિરે જો દીજે ધાર. સુ૦ ॥૫॥
તો નિશ્ચય એ થાયે સ્વામ, અવર પૂજા બલિ નાવે કામ; સુ૦
ભૂપ ભણે હિંસા જિહાં હોય, તેહ નગરસું કામ ન કોય. સુ ॥ ૬ ॥

તે વખતે પણ તેજ પોળ પડવાથી, મંત્રીએ ઘણું ધન ખરચી પાછી તે ફરી બનાવરાવી, વળી ત્રીજે દિવસે જ્યારે રાજા પ્રવેશ કરવા લાગ્યો, ત્યારે પણ તેમજ બન્યું અર્થાત તે પડી ગઇ ॥ ૪ ॥ ત્યારે મંત્રિએ કહ્યું કે, હે રાજા, ખરેખર કોઇ દેવ કોપાયમાન થયો છે, માટે તારે પોતાને હાથે એક માણસ મારી, તેના લોહીની ધાર કરે તો તે કામ થાય, એમાં બીજું કંઈ પૂજા બળિદાન કામ આવશે નહીં; તે સાંભળી રાજાએ કહ્યું કે, જ્યાં હિંસા હોય, ત્યાં કયારે પણ ધર્મ હોતોજ નથી, તેમ હિંસા થાય તે નગરનું પણ અમારે કામ નથી ॥ ૫ ॥ ૬ ॥

જે સુવરણે તુટે કાન, પેહેરે તેને કોણ અજાણ; સુ૦
જિહાં હું તિહાં નગર વિશાલ, કોણ કરે એહવો જંજાલ. સુ૦ ॥ ૭ ॥
નિશ્ચય રાજાનો એ જાણ, મંત્રી મહાજનસું કરે વાણ; સુ૦
રાજા નવિ માને એ વાત, નિજ નગર કેમ છોડયો જાત. સુ૦ ॥ ૮ ॥
સહુ મલી વિનવીયો રાય, અમે કરસું એહ ઉપાય; સુ૦
પુણ્ય તણો જેમ છઠો વિભાગ, પામે નરપતિ પાપ વિભાગ. સુ૦॥૯॥

વળી જે સોનાથી કાન તુટી પડે, તે સોનાને પણ કોણ અંગીકાર કરે? માટે જ્યાં હું જઇશ, ત્યાં નગર વસાવી લઈશ, આવી જંજાળ શામાટે કરીયે? ॥ ૭ ॥ રાજાનો એવો નિશ્ચય જાણીને મંત્રી, મહાજન લોકોને કહેવા લાગ્યો કે, રાજા એ વાત માનતા નથી, અને આપણાથી તે પોતાનું નગર શી રીતે છોડી શકાય! ॥૮॥ ત્યારે સઘળાઓએ એકઠા થઇને રાજાને વિનતિ કરી કે, અમોએ એક ઉપાય શોધી કહાડ્યો છે, કે જેમ પુણ્યમાં રાજાનો છઠ્ઠો ભાગ છે, તેમ પાપમાં પણ મળે છે. ૯

પાપ તણું ફળ અમને દેવ, તમે પુણ્યવંત પ્રભુ નિત્ય મેવ; સુ૦
કંચન પુરૂષ કરાવ્યો એક, અલંકર્યો તેને સુવિવેક. સુ૦ ॥ ૧૦ ॥
રથ આરૂઢ કરી નર તેય, ભાંખે પુત્ર આપે સો લેય; સુ૦
વરદત્ત નામે બ્રાહ્મણ રંક, રૂદ્રદત્તાસું કહે નિસંક. સુ૦ ॥ ૧૧ ॥
સાતમો રૂદ્રદત્ત દેઈને દાન, સોનું લીજે જેમ વાધે વાન; સુ૦
એમ આલોચ કરી નીજ બાળ, દીધો કનક લીધો તતકાળ. સુ૦ ૧૨

તથાપી તે પાપિનું ફળ અમોને છે, અને તમો તો હમેશાં પુણ્યશાળીજ છો. એમ કહી એક સોનાનો પુરૂષ લોકોએ બનાવી તેને ખુબ ઘરેણાં આદિકથી શણગાર્યો. ૧૦ પછી તે સુવર્ણ પુરૂષને એક રથમાં બેસાડીને થાળી પીટાવી કે, જે માણસ પોતાના

પુત્રને બલિદાન વાસ્તે આપે તેને માહાજન આ સુવર્ણ પુરૂષ આપે; તે સાંભળી એક વરદત્ત નામે ગરિબ બ્રાહ્મણ પોતાની રૂદ્રદત્તા નામે સ્રીને કહેવા લાગ્યો ॥૧૧॥ આપણા આ સાતમા પુત્ર રૂદ્રદત્તને દઇને આપણે સોનુ લઇએ, કે જેથી આપણુ દારિદ્ર દૂર જાય, એમ વિચાર કરી તેઓએ તે રૂદ્રદત્તને આપી સોનુ લીધું ॥૧૨॥

ચિંતે રૂદ્રદત્ત મન મોઝાર, અહો સ્વારથી મીઠો સંસાર; સુ૦
આવ્યો કુંવર રાજાને પાસ, હસ્યો કુંવર પૂછે નૃપ તાસ. સુ૦ ॥ ૧૩ ॥
બચ્ચા મરણથી નહીં તુજ બીહ, કારણ હસવાનું કહે સીહ; સુ૦
માતા મારે સુતને જામ, પિતા કને પુત્ર જાયે તામ. સુ૦ ॥ ૧૪ ॥
માત પિતા પીડયો નૃપ પાસ, ભૂપ પીડયો મહાજન આવાસ; સુ૦
જો માતા હાથે વિષ દેય, તાત ગલે છરી વાહેય. સુ૦ ॥ ૧૫ ॥

પછી આ વૃતાંત જોઇ તે રૂદ્રદત્ત મનમાં વિચારવા લાગ્યો કે, અહો આ સંસાર કેવો આપ સ્વારથી છે! પછી જ્યારે તે કુંવરને રાજા પાસે લાવ્યા, ત્યારે તે હસવા લાગ્યો. તેથી રાજાએ તેને પુછયું ॥ ૧૩ ॥ હે બચ્ચા શું તું મોતથી બીતો નથી, તારા હસવાનું મને કારણ સમજાવ; પછી તે કુંવર કહેવા લાગ્યો કે, જ્યારે માતા પુત્રને મારવાનું કરે, ત્યારે પુત્ર પિતા પાસે જઈ ફર્યાદ કરે ॥ ૧૪ ॥ જ્યારે મા અને બાપ બન્ને દુઃખ આપે, ત્યારે તે રાજા પાસે જાય, અને રાજા પણ જો દુઃખ આપે, તો તે માહાજન પાસે જઇ ફર્યાદ કરે; પણ મારા સંબંધમાં તો માતા પોતાના હાથે ઝેર આપે છે, તથા પિતા પોતે ગળા ઉપર છરી મુકે છે ॥ ૧૫ ॥

श्लोक—मातायदिविषंदद्यात् । पिताविक्रयतेसुतम् ॥
राजाहरतिसर्वस्वं । कातत्रप्रतिवेदना ॥ १ ॥

જ્યારે માતા પુત્રને ઝેર આપે, પિતા પુત્રને વેચે, તથા રાજા જ્યારે લુટી લ્યે, ત્યારે પછી કોને કહેવું? ॥ ૧ ॥

નરપતિ પ્રેરે તેહને વલી, મારણ મહાજન ધન દે મલી; સુ૦
તો કહો કેહવો હવે શોગ, જુઓ કરમ તણો કોણ જોગ. સુ૦ ॥ ૧૬ ॥
પોળ નગરસું નહીં મુજ કાજ, કરૂણા સાગર કહે મહારાજ; સુ૦
ધરા ધવનું ધીરજ દેખ, નયર દેવી તુઠી સુવિશેષ. સુ૦ ॥ ૧૭ ॥
કીધી ફુલ તણી તિહાં વૃષ્ટિ, ધરાપતિને થઈ સુખ સૃષ્ટિ; સુ૦
સાતમા ખંડની ચોથી ઢાલ, નેમવિજય કહે રંગ રસાલ. સુ૦ ॥૧૮॥

વળી રાજા પોતે હુકમ કરે છે, અને માહાજન તો મને મરાવા વાસ્તે ધન સુધાં આપે છે, ત્યારે હવે મારે શામાટે દિલગિર થવું જોઇએ. જુઓ આ કરમનો કેવો સંજોગ મળ્યો છે ॥ ૧૬ ॥ ત્યારે મહા દયાવાન રાજા બોલી ઉઠ્યો કે, આ પ્રમાણે મનુષ્ય વધ કરી મારે પોળ અથવા નગરનું કંઇ પ્રયોજન નથી; તેજ વખતે રાજાનું આવું ધૈર્યપણું જોઇ નગરની રખવાળી દેવી તુષ્ટમાન થઇ ॥ ૧૭ ॥ ત્યાં તે દેવીએ ફૂલની વૃષ્ટિ કરી, અને તેથી રાજા ઘણો સુખી થયો. એવી રીતે નેમવિજયે રસાળ એવી સાતમા ખંડની ચોથી ઢાલ કહી ॥ ૧૮ ॥

## દુહા.

આરક્ષક વલી આવીયો, ચોથે દિવસ અકાલ; રે નવિ લાવ્યો ચોરને, એમ પૂછે નરપાલ ॥ ૧ ॥ મારગમાંહીં આવતાં, આજ અપૂરવ નાથ; કથા એક મેં સાંભળી, સહુ સાંભલજો સાથ ॥ ૨ ॥

વળી તે કોટવાલ જ્યારે ચોથે દિવસે પણ મોડો આવ્યો, ત્યારે પણ રાજાએ પુછયું કે, હજુ સુધી ચોરને કેમ શોધી નથી લાવ્યો? ॥ ૧ ॥ ત્યારે કોટવાલ બોલ્યો કે, હે નાથ, આજે માર્ગમાં આવતાં થકાં મેં એક આશ્ચર્ય જનક વાત સાંભળી, તે તમો સઘળા સાંભળો ॥ ૨ ॥

## ઢાલ પાંચમી.

રે જાયા તુજ વીણુ ઘડીય ન જાય—એ દેશી.

વનમાંહીં એક હરણલીજી, નીજ બાલકને સંગ;
હરી ચરે નિઝરણ તણાંજી, જલ પીએ મનરંગ. સુજોધન સાંભલજો મુજ વાત, મત કરજો વ્યાઘાત, સુજોધન૦ એ આંકણી ॥ ૧ ॥
વનને પાસે ઢુંકડુંજી, નયર વસે મનોહાર;
નયર તણા રાજાનનેજી, બહોળા બાલ કુમાર. સુ૦ ॥ ૨ ॥
આહેડે વન એકદાજી, જઇને માંડયો જાલ;
બીજા મૃગ નાસી ગયાજી, પાસ પડયો એક બાળ. સુ૦ ॥ ૩ ॥

હે સુજોધન રાજા તમે મારી વાત સાંભળજો, તેમાં જરા પણ વિઘ્ન કરશો નહીં. વનમાં એક હરણી પોતાના બાળકને સંગાતે લઇ, એક ઝરા પાસે લીલું ઘાસ ચરીને પાણી પીવા લાગી ॥ ૧ ॥ તે વનની પાસે એક નજીકમાં સુંદર નગર હતું, ત્યાંના રાજાને ઘણાં કુંવરો હતા ॥ ૨ ॥ એક વખતે એક શિકારીયે તે વનમાં જઇને જાળ પાથરી તેમાંથી બીજા હરણ તો નાશી ગયા, પણ એક બચ્ચું તેમાં સપડાઇ ગયું ॥ ૩ ॥

કોઇક નૃપના કુંવરનેજી, આણીને તે દીધ;
બીજાને રમવા નવી દીએજી, તેણે સઘળે રઢ લીધ. સુ૦ ॥ ૪ ॥
પારાધ તેડી પૂછીયુંજી, કુરંગ ઘણાં છે કેથ;
વન તેણે તેહ બતાવીયુંજી, ચાલ્યો રાજા તેથ. સુ૦ ॥ ૫ ॥
વ્યાધ વેષ રાયે પેહેરીયોજી, પારધીનો પરિવાર;
પીડે મૃગને પાપીયોજી, વ્યાપ્યો મોહ અંધકાર. સુ૦ ॥ ૬ ॥

હવે તે શિકારીએ તે બચ્ચું રાજાના એક કુંવરને રમવા આપ્યું, પછી તે કુંવર બીજા કુંવરોને તે બચ્ચુ રમવા આપે નહીં, તેથી તેઓ સઘળાએ તે બાબતની હઠ લીધી. ૪ જેથી રાજાએ તે શિકારીને બોલાવી પુછયું કે, ઘણાં હરણો કઇ જગાએ છે, ત્યારે

તે શિકારીએ તેને તેજ વન બતાવ્યું ॥ ૫ ॥ પછી રાજાએ શિકારીનો વેશ પેહેરી, કેટલાક શિકારીઓને સાથે લઇ તે પાપી, મોહ રૂપી અંધકારમાં લપેટાઇને હરણોને દુઃખ દેવા લાગ્યો ॥ ૬ ॥

**ખણી અજાડી ખાંતસુંજી, ફોડી સરોવર પાળ;**
**બંધન સઘળે માંડીનેજી, ઝાલ્યા મૃગનાં બાળ. સુ૦ ॥ ૭ ॥**
**પારધીને પરસંસતોજી, હડહડ ભૂપ હસંત;**
**કોઈક પંડિત દેખીનેજી, ગાથા એમ ભણંત. સુ૦ ॥ ૮ ॥**

ત્યાં એક ખાડ ખોદીને સરોવરની પાળ ફોડી, તથા સઘળી જગોએ જાળ નાખીને હરણનાં બચ્ચાંઓને પકડ્યાં ॥ ૭ ॥ પછી ત્યાં તે દુષ્ટ રાજા શિકારીને વખાણતો થકો હસવા લાગ્યો, તે જોઇ કોઇક પંડિત આવી રીતે ગાથા બોલવા લાગ્યો. ॥૮॥

ગાથા — सव्वदिसंजाहिंसलीलं । सव्वारणंचकुव्वसंथन्नं ॥
रायायसयंवाहो । तथ्यमियाणेकओवासी ॥ १ ॥

એક બાજુની સર્વ દિશા પાણીથી ઘેરાએલી છે, અને બાજુએ કુવાનું સ્થાનક છે, અને એક દિશા રાજા રોકી બેઠો છે ત્યારે હવે રહેવાનું ઠેકાણું કયાં ॥ ૧ ॥

**મૂરખ નૃપ સમજ્યો નહીંજી, બુદ્ધિ બડી સંસાર;**
**ધન પામવું તે સોહેલુંજી, સમજણ દોહિલી નરનાર. સુ૦ ॥ ૯ ॥**
**પૂછે વલી દિન પાંચમેજી, તિણહીજ પરે ભૂપાલ;**
**આજ કથા મેં સાંભલીજી, કહે વલતું કોટવાલ. સુ૦ ॥ ૧૦ ॥**
**દેશ નેપાલ પાટલીપુરેજી, વસ્તુપાલ મહીપાલ;**
**કવિત કળા સુદ્ધિ લહેજી, જાણે બાલ ગોપાલ. સુ૦ ॥ ૧૧ ॥**

ઉપરની વાતથી પણ તે મૂર્ખ રાજા સમજ્યો નહીં, કવિ કહે છે કે, આ સંસારમાં બુદ્ધિજ મોટી છે, ધન તો હજુ પણ સેહેલથી મેળવી શકાય છે, પણ આ સંસારમાં માણસોને બુદ્ધિ મળવી બહુ મુશ્કેલ છે ॥ ૯ ॥ વળી પાંચમે દિવસે પણ રાજાએ તેવીજ રીતે પુછવાથી, કોટવાલ કહેવા લાગ્યો કે, આજે પણ મેં એક વાત સાંભળી છે ॥ ૧૦ ॥ નેપાલ દેશમાં પાટલીપુર નગરમાં વસ્તુપાળ નામે રાજા હતો, તે રાજા કવિતાની કળા બહુ જાણતો હતો, અને તે વાત નાનાથી મોટા સુધી સઘળા માણસો જાણતા હતા ॥ ૧૧ ॥

**ભારતી ભૂષણ તેહનોજી, મંત્રીશ્વર કહેવાય;**
**રાય કવિત તેણે દુઃખીયોજી, બેઠા મહા કવિરાય. સુ૦ ॥ ૧૨ ॥**
**રીસે ભૂપતિ ધડહડયોજી, મંત્રી બંધાવ્યો તામ;**
**ગંગા માંહીં નખાવીયોજી, વહેતો જાએ જામ. સુ૦ ॥ ૧૩ ॥**
**પુણ્ય જોગે થલ પામીનેજી, લ્યે વિશ્રામ જે વાર;**
**અકસ્માત પુર આવીયોજી, કહેવે કરી પોકાર. સુ૦ ॥ ૧૪ ॥**

તેનો પ્રધાન મહા વિદ્વાન હતો, અને રાજા કવિ હતો, તેથી રાજાને તેની અદેખાઇ

થવાથી તે દુઃખ પામવા લાગ્યો ॥ ૧૨ ॥ પછી રાજાએ ગુસ્સે થઈ તે મંત્રીને બંધાવીને, ગંગા નદીના વેહેતા પાણીમાં નાખી દેવરાવ્યો ॥ ૧૩ ॥ પુણ્ય યોગે ત્યાં તેને જમીન મળવાથી જેટલામાં તે વિસામો લેવા ત્યાં બેસે છે, એટલામાં અચાનક નદીમાં પૂર આવવાથી તે બૂમો પાડવા લાગ્યો ॥ ૧૪ ॥

यतः—जेणबीयावरोहन्ति । जेणसिंचंतिपायवा ॥
तस्समज्जेमरिस्सामि । जायंसरणंउभयं ॥ १ ॥

જે પાણીથી બીજ ઉગે છે, તથા જે પાણીથી વૃક્ષોનું પોષણ થાય છે, તેજ પાણીમાં હું મરૂં છું, માટે હવે મારે કોનું શરણું લેવું? ॥ ૧ ॥

સીતલ જલ ગુણ તાહરોજી, નિરમલ છે તુજ દેહ;
અસુચિ સુચિ સંગત હરેજી, થાયે નહીં સંદેહ. સુ૦ ॥ ૧૫ ॥
તાહરા ગુણ કેતા કહુંજી, તું જીવન આધાર;
નીચ પંથ તું આદરેજી, તો કોણ તારણહાર. સુ૦ ॥ ૧૬ ॥
છાના ચર મૂક્યા હતાજી, સાંભળ્યું તેણે સર્વ;
રાજાને આવી કહેજી, ગિરૂઆ નકરે ગર્વ. સુ૦ ॥ ૧૭ ॥

વળી હે પાણી, તારો ગુણ પણ ઠંડક આપનારો છે, વળી તારી દેહ પવિત્ર છે, વળી તું સઘળા મેલનો પણ નાશ કરે છે, તેમાં જરા પણ સંદેહ નથી ॥ ૧૫ ॥ વળી તારા કેટલાક હું વખાણ કરૂં, તું પ્રાણના આધાર રૂપ છે, પણ તુંજ જ્યારે આવું નીચ આચરણ આચરે ત્યારે પછી આ જગતમાં તારનાર કોણ રહે? ॥૧૬॥ તે વખતે રાજાએ ગુપ્ત રીતે પોતાના ચાકરોને તે પ્રધાનની તપાસ કરવા મોકલ્યા હતા, તેઓએ પ્રધાનનું બોલવું સાંભળી જઇ રાજાને સઘળો વૃતાંત કહી સંભળાવી, કહ્યું કે, હે દયાળુ રાજા તમારે અહંકાર કરવો ન જોઇએ ॥ ૧૭ ॥

નિંદા કરતો આપણીજી, કોમલ કરી પ્રણામ;
જલથી તુરત કઢાવીનેજી, થાપ્યો પેહેલે ઠામ. સુ૦ ॥ ૧૮ ॥
વાત સુણાવી એહવીજી, ગયો જમદંડ નિજ ગેહ;
સાતમા ખંડનો પાંચમીજી, ઢાલ કહી નેમે એહ. સુ૦ ॥ ૧૯ ॥

તે સાંભળી રાજાએ પસ્તાઇને પોતાની નીંદા કરી, તે પ્રધાનને પાણીમાંથી કઢાવીને તેને નમસ્કાર પૂર્વક પ્રથમની પદવી આવી ॥ ૧૮ ॥ એવી વાત સંભળાવીને તે જમદંડ કોટવાલ પછીથી પોતાને ઘેર ગયો, એવી રીતે સાતમા ખંડની પાંચમી ઢાલ નેમવિજયે કહી ॥ ૧૯ ॥

## દુહા.

જવ આવ્યો તવ પૂછીયો, છઠ્ઠે દિન ભૂપાલ; તસ્કર ખબર નવિ કરે, દીસે વડો વાચાલ ॥૧॥ સૂનાં મંદિર શોધીયાં, વેશ્યા તણાં નિવાસ; જુઆરી ઘર જોઇયાં, પગ નવિ પામું

તાસ ॥ ૨ ॥ સરસ કથા મેં સાંભલી, લાગ્યો તેણે મન્ન;
પ્રભુ પાસે મુજ આવતાં, અધિકો આવ્યો દન્ન ॥ ૩ ॥

પછી જ્યારે છઠે દિવસે કોટવાલ આવ્યો ત્યારે રાજાએ પુછયું કે, ચોરની શોધ તો હજુ સુધી લાવ્યો નથી, અને વાતો તો મોટી મોટી કરે છે! ॥ ૧ ॥ તે સાંભળી કોટવાળે કહ્યું કે, ઉજ્જડ ઘરો, તેમ વેસ્યાના ઘરો, તથા સઘળા જુગારીઓ વીગેરેનાં ઘરો પણ હું જોઇ વળ્યો, તો પણ ચોરનો કંઇ પત્તો લાગતો નથી ॥ ૨ ॥ વળી હે સ્વામિ આજે મેં એક એવી સરસ કથા સાંભળી કે, તેમાં મારૂં મન ચોંટી ગયું, અને તેથીજ આપની પાસે આવતાં મને વખત થયો છે. ૩

## ઢાલ છઠ્ઠી.

મેતોજી ખણાવી વાવડી—એ દેશી.

આજ કથા મેં સાંભલી, સુણજો સહુ સાવધાનરે; રાજ
ગજપુર નયર કુરૂ દેશમાં, નર કુબેર નયર સમાનરે. રા૦આ૦ એ આં૦
રાજ કરે તિહાં રંગસું, નામે સુભદ્ર નરીંદરે; રા૦
વડવડા રાણા રાજીયા, વાંદે ચરણ અરિવૃંદરે. રા૦ આ૦ ॥ ૨ ॥
પરિતાપે રવિ સારિખો, કોઇ ન ખંડે આણરે; રા૦
શિષે ફુલ જેમ સહુ ધરે, દિન દિન વધતે વાનરે. રા૦ આ૦ ॥ ૩ ॥

હે રાજા, આજે મેં જે વાત સાંભળી છે, તે તમો સાંભળજો. કુરૂ નામે દેશમાં ગજપુર નામે એક કુબેરની રાજધાની અલકાપુર સરખું સુંદર શેહેર હતું ॥ ૧ ॥ ત્યાં સુભદ્ર નામે રાજા આનંદથી રાજ કરતો હતો, વળી કેટલાક મોટા મોટા રાજા રાણાઓ તથા શત્રુનો સમુહ તો તેના ચરણ કમળને નમસ્કાર કરતા હતા ॥ ૨ ॥ વળી તેનું તેજ પણ સૂર્ય સરખું પ્રચંડ હતું, તેમ વળી લોકો માથા ઉપર જેમ ફૂલો મુકે, તેમ તેની આજ્ઞાનું ખંડન કર્યા વિના લોકો તે ઉપાડી લેતા, અને એવી રીતે તેનો પ્રતાપ દિન પ્રતિદિન વધતો જતો હતો ॥ ૩ ॥

ક્રીડા વાનર તેહનાં, નિરભય નગર ભ્રમંતરે; રા૦
ઉપદ્રવ અતિ ઘણો કરે, નવિ કોઈ વરજંતરે. રા૦ આ૦ ॥ ૪ ॥
વિવિધ જાતિનાં વૃક્ષ તિહાં, વેલ અનેક પ્રકારરે; રા૦
પાન ફુલ ફલે ભર્યું, ઉદ્યાન છે સુખકારરે. રા૦ આ૦ ॥ ૫ ॥
વનથી આવી વાંદરા, તાડી પી થયા મત્તવાલરે; રા૦
રક્ષકે વાર્યા નવિ રહે, તોડે તરૂવર ડાલરે. રા૦ આ ॥ ૬ ॥

તે રાજાને ત્યાં રમત કરનારા કેટલાક વાંદરાઓ હતા, તે નગરમાં રખડતા થકા ઘણું નુકશાન કરવા લાગ્યા, પણ તેનો કોઇ અટકાવ કરે નહીં ॥ ૪ ॥ ત્યાં જાત જાતના વૃક્ષો, તથા અનેક પ્રકારના વેલા, પાન ફળ ફૂલ વિગેરેથી ભરપૂર એક મહા સુખકારી બગીચો હતો ॥૫॥ બીજા કેટલાક વાંદરાઓ વનમાંથી તાડી પી મહોન્મત્ત થઈ ત્યાં આવી પહોંચ્યા, તેઓને ચોકીદારોએ અટકાવ્યા છતા પણ વૃક્ષોની ડાળો તોડવા લાગ્યા ॥ ૬ ॥

વનપાલક આવી કહે, વિનતડી અવધારોરે; રા૦
બાગ વિણાસે વાંદરા, વનચર વેગે વારોરે. રા૦ આ૦ ॥ ૭ ॥
ક્રીડા કપી રાયે મૂકીયા, તેહને જીતણ કાજેરે; રા૦
જઈ મલીયા નિજ જાતિસું, વૃક્ષ વિશેષે ભાંજેરે. રા૦ આ૦ ॥ ૮ ॥
અસમંજસ દેખી એસું, એમ ચિંતે રખવાલરે; રા૦
ગાથા એક તિહાં ભણી, સુણો તે કહું પ્રજાપાલરે. રા૦ આ૦ ॥ ૯ ॥

ત્યારે તે બગીચાના માળીએ રાજા પાસે આવી કહ્યું કે, વનમાંથી ઘણાં વાંદરાએ આવી આપણા બગીચાનો નાશ કરવા માંડ્યો છે, માટે તેને અટકાવો ॥૭॥ ત્યારે રાજાએ તેને શિક્ષા કરવા વાસ્તે પોતાના પાળેલા વાંદરાઓને મોકલ્યા, પણ તે તો ઉલટા તેમના જાત ભાઇઓ સાથે મળી જઇને વધારે વૃક્ષોનો નાશ કરવા લાગ્યા ॥ ૮ ॥ એવી રીતે ભાંજ ફ્રોડ કરતા જોઇને રખવાળ વિચાર કરી એક ગાથા બોલ્યો, તે ગાથા હે રાજા તમો સાંભળજો ॥ ૯ ॥

आमरष्ययामथ्थमक्कडा । सुरारष्ययामुंडा ॥
अजारस्यविजयाजथ । मूलविणठंतुकज्जं ॥ १ ॥

અપૂરવ વાત સંભલાવીને, કહી યમદંડ ગયો ઘેરરે; રા૦
અણસમજુ સમજે નહીં, તેહની શી કરવી પેરરે. રા૦ આ૦ ॥ ૧૦ ॥
સાતમે દિન સવિશેષથી, મોડો આવ્યો માંડરે; રા૦
ભ્રુકુટી ભાલે ચડાવીને, ભડકયો ભૂત ભરાડરે. રા૦ આ૦ ॥ ૧૧ ॥
રે નિર્લજ નિરલક્ષણા, સાંભલ માહરી વાતરે; રા૦
પારિપંથક પામ્યા વિના, કેમ છૂટીસ તરજાતરે. રા૦ આ૦ ॥ ૧૨ ॥

એવી રીતની મનોહર વાત સંભળાવીને યમદંડ કોટવાલ તો પોતાને ઘેર ગયો, પણ તે અજ્ઞાની રાજા સમજી શકયો નહીં, માટે તેનું શું કરવું? ॥ ૧૦ ॥ પછી સાતમે દિવસે તો તે કોટવાલ બહુજ મોડો આવવાથી રાજા ગુસ્સે થઇ ભૃકુટી ચડાવીને બૂમો પાડવા લાગ્યો ॥ ૧૧ ॥ અરે કમજાત, નિર્લજ્જ લુચ્ચા, તું મારી વાત સાંભળ! જ્યાં સુધી તું ચોરને નહીં શોધી લાવે ત્યાં સુધી તારો શી રીતે છુટકારો થશે ॥ ૧૨ ॥

ત્રિક ચાચરને ચોવટા, ધૂરત લંપટનાં ઠામરે; રા૦
વન ગહવર મેં જોઇઆં, ચોર ન લાધ્યો સ્વામરે. રા૦ આ૦ ॥ ૧૩ ॥
પાસે તુમારે આવતાં, સુણ્યો મેં એક વિરતંતરે; રા૦
કહું હું તે તુમને કથા, મન ધરજો મતિવંતરે. રા૦ આ૦ ॥ ૧૪ ॥
દેશ સકલમાં દીપતો, મોટો માલવ દેશરે; રા૦
ઉજ્જેણી નગરી ભલી, જિતશત્રુ નામે નરેશરે. રા૦ આ૦ ॥ ૧૫ ॥

ત્યારે કોટવાલે કહ્યું કે, હે સ્વામિ, ત્રિક, (જ્યાં ત્રણ રસ્તા ભેગા મળે ત્યાં) ચોવટા, વળી ઠગ, લંપટ વિગેરેના સ્થાનકો, વન, ગુફા વિગેરે ઘણી જગોએ મેં શોધ કરી પણ ચોરનો પત્તો મળ્યો નહીં ॥ ૧૩ ॥ વળી તમારી આગળ આવતા આવતા મેં એક વાત સાંભળી છે, તે કથા તમોને હું કહી સંભળાવું છું, તે તમો મનમાં બરોબર ઉતારજો ॥ ૧૪ ॥ સઘળા દેશોમાં શોભતો એવો માળવા નામે મોટો દેશ છે, ત્યાં ઉજ્જેણી નામે સુંદર નગરીમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો ॥ ૧૫ ॥

ગઢ મઠ મંદિર ગોરડી, નદી નિર્વાણ અનૂપરે; રા०
શિવ મંદિર જિન દેહરાં, સરગ પુરી સમ રૂપરે. રા० આ० ॥ ૧૬ ॥
દેવદત્ત નામે કાપડી, તીરથ કરે સુવિવેકરે; રા०
દેશ નગર બહોળા ભમી, અચરીજ દેખી અનેકરે. રા० આ० ॥૧૭॥
જરા પહોતી જાણીને, ઉજેણી થીર વાસરે; રા०
અડસઠ તીરથ એણે કર્યાં, સેવે બહુ જન તાસરે. રા० આ० ॥ ૧૮ ॥

ત્યાં કેટલાક કીલ્લા, મઠ, મંદિર, ઝુંપડીઓ, નદી વિગેરે અનોપમ નાવાના સ્થાનકો હતા, તેમજ મહાદેવ અને જિન વિગેરેનાં દેહરાઓથી તે સ્વર્ગપુરી સમાન હતી. ૧૬ ત્યાંનો દેવદત્ત નામે એક કાપડી વિવેક સહિત તીર્થ યાત્રા કરતો થકો, અનેક આશ્ચર્ય જોતો જોતો ઘણા દેશ નગરો વિગેરેમાં ફરતો હતો ॥ ૧૭ ॥ પછી ઘડપણ આવવાથી, તે ઉજ્જેણી નગરીમાં સ્થીર થઈને રહ્યો હતો, વળી તે અડસઠ તીર્થોની જાત્રા કરી આવ્યો હતો, તેથી ઘણાં લોકો તેની સેવા બરદાસ્ત કરતા હતા. ૧૮

આવ્યો પર્વ હવે એકદા, પામ્યો સરસ આહારરે; રા०
લાલચપણે લીધો ઘણો, નિશિ થયો ઉદર વિકારરે. રા० આ० ॥૧૯॥
જીરણ તને જરે નહીં, ભારી સબલું અન્નરે; રા०
મંદાનલ જેમ મોટકે, ઇંધણે સમે અગનરે. રા આ० ॥ ૨૦ ॥
ઉપચાર કીધા અતિ ઘણા, નવિ ઉપસમીયો રોગરે; રા०
ગાથા એક કહે કાપડી, સાંભળજો સહુ લોગરે. રા० આ० ॥ ૨૧ ॥

ત્યાં તેને એક વખત પર્વનો દિવસ આવવાથી ઉત્તમ મિષ્ટાન્ન આહાર મળવાથી, લોભાઈને તાણીને જમવાથી રાત્રે પેટમાં વ્યાધિ થવા લાગી ॥ ૧૯ ॥ ઘરડી અવસ્થામાં ભારી અને પુષ્ટિકારક ખોરાક પચતો નથી કારણ કે, થોડી અગ્નિમાં મોટું લાકડું પડવાથી તે અગ્નિ પણ ઠરી જાય છે ॥ ૨૦ ॥ પછી ઘણા ઉપાયો કરવા છતાં પણ તે રોગ જ્યારે મટ્યો નહીં, ત્યારે તે કાપડી એક ગાથા બોલવા લાગ્યો, તે તમો હે સર્વ લોકો સાંભળજો ॥ ૨૧ ॥

ગાથા—जयाजीवंतिविश्वानि, जयातुष्यन्तिदेवता ।
तयाहंमारितोलोका, जातंसरणतोभयं ॥ १ ॥

જે અન્નથી આખું જગત જીવે છે, તથા જે અન્નથી દેવતાઓ પણ સંતોષ પામે છે, તેજ અન્નથી મારૂં મૃત્યુ થાય છે, માટે હવે મારે કોનું શરણું લેવું ? ॥ ૧ ॥

એમ નૃપતિ પ્રતિ બોધવા, કહી કથા કરી બુધરે; રા૦
સમસ્યામાંહીં સમજ્યો નહીં, મોટો રાજા મૂઢરે. રા૦ આ૦ ॥ ૨૨ ॥
સાતમા ખંડની એ કહી, ઢાલ છઠ્ઠીએ આવ્યો આવાસરે; રા૦
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજયની પુરવા આસરે. રા૦ આ૦ ૨૩

એવી રીતે રાજાને પ્રતિબોધ દેવાને કોટવાલે બુદ્ધિયુક્ત વાતો સંભળાવી, પણ તે સમસ્યાઓથી તે મૂર્ખ રાજા સમજ્યો નહીં ॥ ૨૨ ॥ એવી રીતે સાતમા ખંડની છઠ્ઠી ઢાલ સંપૂર્ણ થઇ, રંગવિજયના શિષ્ય નેમવિજયની આશાઓ સંપૂર્ણ કરવાને તે કોટવાલ પછી પોતાને ઘેર પાછો આવ્યો ॥ ૨૩ ॥

## દુહા.

આવ્યો વાસર આઠમે, યમદંડ સભા મોઝાર; તેમજ ભૂપ પુછયો તુરત, તસ્કર તણો વિચાર ॥૧॥ દેવ ન લાધ્યો એમ સુણી, નરપતિ કીધો રોસ; પરજાને કહે સાંભલો, મારો નહીં કાંઇ દોષ ॥ ૨ ॥ કથા કહી મુજ વંચીયો, સાત દિવસ પર્યંત; દંડ ચોરનો દેઇને, એહનો કરસું અંત ॥ ૩ ॥ કહે માજન યમદંડને, ચોર તણું કોઇ ચિન્હ; દેખ્યું હોય તો દાખવો, મત કરજો ભય મન્ન ॥ ૪ ॥

પછી જ્યારે આઠમે દિવસે યમદંડ સભામાં આવ્યો, ત્યારે રાજાએ તો હમેશની માફક તુરતજ ચોર વિશેનોજ સવાલ કર્યો ॥ ૧ ॥ ત્યારે કોટવાલે કહ્યું કે, હે સ્વામિ, હજુ તેનો મને કંઇ પણ પત્તો મળ્યો નથી, તે સાંભળી રાજા ગુસ્સે થઇ પ્રજાને કહેવા લાગ્યો કે, હવે આ બાબતમાં મારો કંઇ પણ વાંક નથી ॥ ૨ ॥ વળી આણે મને સાત દિવસ સુધી વાતો કહીને ઠગ્યો છે, પણ હવે તો એને ચોરનીજ શિક્ષા કરીને એનો નાશ કરશું ॥૩॥ ત્યારે સઘળી પ્રજા યમદંડને કહેવા લાગી કે, જો ચોરની કાંઈ પણ નિશાની મળી હોય તો દેખાડો, મનમાં જરા પણ બીક રાખશો નહીં ॥ ૪ ॥

## ઢાલ સાતમી.

બાંગરીયાની બાઇરે ગરબડો—એ દેશી.

વયણ સુણી મહાજન તણુંરે, એમ બોલે યમદંડરે; પરજ સુણો.
અહિનાણી આણ્યા પછીરે, શ્યો કરશો તસ દંડરે. પ૦ ॥ ૧ ॥
રાજ સુતાદિક સહુ કહેરે, જો હોસે નરરાજરે; પ૦
ચોર તણો દંડ એહનેરે, કરસું મૂકી લાજરે. પ૦ ॥ ૨ ॥
નિશ્ચય એહવો જાણીનેરે, કાઢી ત્રણ વસ્તરે; પ૦
સભામાંહે મેલી કહેરે, એ ચોર મોટો મસ્તરે. પ૦ ॥ ૩ ॥

એવી રીતનું પ્રજાનું વચન સાંભળવાથી યમદંડ કહેવા લાગ્યો કે, હે પ્રજા, કદાચ

તે ચોરની હું એંધાણી બતાવું, તો પછી તે ચોરને શાનો દંડ કરશો ? ॥ ૧ ॥ ત્યારે રાજપુત્રો આદિક સઘળી પ્રજા કહેવા લાગી કે, જે કોઈ ચોર હશે, પછી ગમે તો તે કોઇ સાધારણ માણસ હોય, કે ગમે તો કોઇ રાજા હશે, પણ જે ચોર હશે તેને કંઈ પણ શરમ રાખ્યા વિના ચોરને થતી સજાજ કરીશું ॥ ૨ ॥ પછી તે વાતનો-નિશ્ચય થએલો જાણીને કોટવાલે ત્રણે વસ્તુઓ સભામાં ખુલ્લી કરી સર્વને બતાવી કહ્યું કે, આ કોઇ મોટા ચોરો છે ॥ ૩ ॥

પાવડીયે નૃપ પરખીયોરે, વીંટીયે પરધાનરે; પ૦
યગ્નસૂત્રિ કરી જાણીયોરે, પુરોહિત પાપ નિધાનરે. પ૦ ॥ ૪ ॥
વોળાવો ચોરી કરેરે, વાડ ચીભડાં ખાયરે; પ૦
દાંત વિણાસે જીભનેરે, તિહાં કોણ આડો થાયરે. પ૦ ॥ ૫ ॥
ચમકયા દેખી ચિત્તમેંરે, ચોર તણાં સહિનાણરે; પ૦
જે મન માને તે કરેરે, જેમ ન કરે એ કામરે. પ૦ ॥ ૬ ॥

ત્યારે લોકોએ પાવડી ઉપરથી રાજાને, વીંટી ઉપરથી પ્રધાનને, તથા જનોઇ ઉપરથી પાપી પુરોહિતને પણ ઓળખ્યો ॥ ૪ ॥ જ્યારે ચોકીદારજ ચોરી કરે, વળી વાડજ ચીભડાં ખાઈ જાય, તેમ દાંતજ જીભને કચરી નાખે, તો તેવી બાબતમાં કોણ તેને આડો આવી તેનું નિવારણ કરે ? ॥ ૫ ॥ આવાં ચોરનાં એંધાણો જોઇ સઘળા અજાએબીમાં પડ્યા, પછી કોટવાલે કહ્યું કે, હવે તે ચોરને તમારી ખુશી પ્રમાણે શિક્ષા કરજો, કે ફરીને તેઓ એવું કામ કરે નહીં ॥ ૬ ॥

નૃપતિ કપિલ પ્રધાનનાંરે, તુરત થયાં મુખ શ્યામરે; પ૦
સહુકો કહે હવે તેમ કરેરે, આગોહ આમયદાનરે. પ૦ ॥ ૭ ॥
નગર થકી તે કાઢીનેરે, પાટીયે નિજ નિજ પુત્રરે; પ૦
થાપ્યા મહાજન મલી કરીરે, સહુ રાખ્યું એમ સૂત્રરે. પ૦ ॥ ૮ ॥

તેજ વખતે રાજા, પુરોહિત, તથા પ્રધાનનાં મોહોડા ઝાંખાં થયાં, પછી સઘળાઓ કહેવા લાગ્યા કે હવે તેઓને દેશ નિકાલની સજા કરો ॥ ૭ ॥ પછી તે સઘળાઓને મહાજને મળી નગરમાંથી કહાડી મુકી, તેઓને સ્થાનકે તેઓના પુત્રોને સ્થાપ્યા, અને સઘળું કામ કાજ તેવી રીતે ચલાવ્યું ॥ ૮ ॥

यतः — मित्रंसाठ्यपदंकलत्रमसतिंपुत्रं कुलध्वंसिनम् ।
मूर्खमंत्रिणमुत्सुकंनरपतिंवैद्यंप्रमादास्पदम् ॥
देवंरागयुतंगुरुंविषयिणंधर्मंदयावर्जितम् ।
यौनैवंव्रजतिप्रमादवशतःसत्यज्यतेश्रेयसा ॥ १ ॥

લુચ્ચા મિત્રને, દુરાચારી સ્ત્રીને, કુળમાં કલંક લગાડનાર પુત્રને, મૂર્ખ પ્રધાનને, ચળ ચિત્ત વાળા રાજાને, આળસુ વૈદને, રાગ સહિત દેવને, વિષયિ ગુરૂને તથા દયા વિનાના ધર્મને, પ્રમાદથી જે કોઇ માણસ છોડતો નથી તેને કલ્યાણ થતું નથી. ૧

સુણી સુબોધન વારતારે, શ્રેણિક કરે પ્રશંસરે; પ૦
ધન્ય પ્રધાન મતિ તાહરીરે, તું મુજ કુલ અવતંસરે. પ૦ ॥ ૯ ॥

રાજા કહે રજની ઘણીરે, છે હજી અભયકુમારરે; પ૦
કાંઇક અચરિજ જોઇએરે, ભમીયે નગર મોઝારરે. પ૦ ॥ ૧૦ ॥
ભમતાં એકણુ ચાચરેરે, દીઠી માણુસ છાંહરે; પ૦
પુરૂષ નારી દીસે નહીંરે, અચરિજ થયું મન માંહીરે. પ૦ ॥ ૧૧ ॥

એવી રીતની સુજોધનની વાત સાંભળીને શ્રેણિક રાજા અભયકુમાર મંત્રીની પ્રશંસા કરવા લાગ્યો, તથા કહેવા લાગ્યો કે, હે પ્રધાન તારી બુદ્ધિને ધન્ય છે, તું મારા કુળમાં એક મુગટ સમાન છે ॥ ૯ ॥ પછી રાજાએ અભયકુમારને કહ્યું કે, હજુ રાત ઘણી છે, માટે આ નગરમાં ફરીને કાંઇક નવું નવું જોઇએ ॥ ૧૦ ॥ પછી તેઓએ ભમતાં ભમતાં રસ્તામાં એક પડછાયો જતો જોયો, પણ ત્યાં જોયું તો કોઇ પુરૂષ કે સ્ત્રી નજરે પડી નહીં, તેથી તેઓને મનમાં આશ્ચર્ય થયું ॥ ૧૧ ॥

કહો પ્રધાન દીસે કિસુંરે, લોહખુરો પ્રભુ ચોરરે; પ૦
અંજન બલે અદૃશ્ય થઇરે, નગર પડાવે સોરરે. પ૦ ॥ ૧૨ ॥
જોઇએ એ કિહાં જાય છેરે, કૌતકે ચાલ્યા પીઠરે; પ૦
અર્હદાસ ઘર આંગણેરે, વડે ચડી બેઠો ધીઠરે. પ૦ ॥ ૧૩ ॥
અલક્ષ થકા બેહુ જણારે, આવી બેઠા હેઠરે; પ૦
એહવે કુંદલતા કહેરે, સુણો વયણ મુજ શેઠરે. પ૦ ॥ ૧૪ ॥

ત્યારે પ્રધાને કહ્યું કે, હે રાજા, એ લોહખુરો ચોર છે, તે અંજનના બળથી અદૃશ્ય થઇને આખા નગરમાં કેર વરતાવે છે ॥ ૧૨ ॥ પછી તેઓએ વિચાર્યું કે, આપણે જોઇએ તો ખરા કે, તે ચોર કયાં જાય છે, એમ વિચારિ તેઓ તેની પુંઠે ગયા તો માલુમ પડયું કે, અર્હદાસ શેઠના આંગણામાં રહેલા વડના ઝાડ ઉપર તે લુચ્ચો ચડી બેઠો ॥ ૧૩ ॥ પછી તે રાજા અને પ્રધાન પણ છાની રીતે ત્યાં આવીને વડ નીચે બેશી ગયા, તે વખતે તે શેઠની સ્ત્રી કુંદલતા શેઠને કહેવા લાગી કે, હે સ્વામિ તમો મારી એક વાત સાંભળો ॥ ૧૪ ॥

મહોચ્છવ મુકી કૌમુદીરે, દેવ પૂજાદિક કર્મરે; પ૦
માંડી બેઠા મેહેલમાંરે, કેણે લગાડયો ભર્મરે. પ૦ ॥ ૧૫ ॥
પરલોકાર્થી કીજીયેરે, એ કરણી સુણી વામરે; પ૦
કેણે દીઠો પરલોકનેરે, ઇહલોકે સુખ કામરે. પ૦ ॥ ૧૬ ॥
પરલોકે સહી પામીયેરે, ધર્મ થકી સુખ લક્ષરે; પ૦
ઇહલોકે ફલ એહવુંરે, મેં દીઠં પ્રત્યક્ષરે. પ૦ ॥ ૧૭ ॥
કાંતા તે તુજને કહુંરે, ધર્મ તણાં અવદાતરે; પ૦
ખંડ સાત્તમાની એ થઇરે, ઢાલ સાતમી નેમ વિખ્યાતરે. પ૦ ॥૧૮॥

આવો શરદ પુનમનો કૌમુદી મહોત્સવ છોડી દઇને ઘરમાં બેશી દેવ પૂજા આદિક કરવા લાગ્યા છો, તો તમોને તે કોણે ભરમાવ્યા છે? ॥ ૧૫ ॥ ત્યારે શેઠે કહ્યું કે, તે સઘળું પરલોક વાસ્તે થાય છે; તે સાંભળી સ્ત્રી બોલી કે, પરલોક કોણે જોયો છે?

માત્ર આ લોકનું મળેલું સુખતો ભોગવો! ॥ ૧૬ ॥ તે સાંભળી શેઠે કહ્યું કે, ધર્મથી કરીને પરલોકમાં લાખો ગમે સુખ મેળવી શકીયે છીએ, અને આ લોકમાં પણ મેં તે બાબતનું પ્રત્યક્ષ ફળ જોયું છે ॥ ૧૭ ॥ માટે (કુંદલતા) હે સ્ત્રી, તેનું વૃતાંત હું તને કહી સંભળાવું છું; એવી રીતે સાતમા ખંડની સાતમી ઢાલ પ્રખ્યાત નેમવિજયજીએ કહી ॥ ૧૮ ॥

## દુહા.

ઇણહીજ નગરે રાજવી, થયો પ્રસેનજિત નામ; તાસ પુત્ર રાજા અછે, શ્રેણિક ગુણનો ધામ ॥૧॥ જિનદત્ત શેઠ હુવો ઇહાં, પિતા માહરો જેહ; નંદન રૂપખુરા તણો, લોહખુરો છે તેહ ॥ ૨ ॥ સાંભલી ચિંતે ચોર એમ, કાંઇક મારી વાત; કરસે તેણ નિશ્ચલ સુણો, રાજા તે પણ ધાત ॥ ૩ ॥

આજ નગરમાં અગાઉ એક પ્રસેનજિત નામે રાજા હતો, તેનો પુત્ર મહા ગુણવાન શ્રેણિક નામે રાજા છે ॥૧॥ વળી અહીં મારો પિતા જિનદત્ત નામે શેઠ હતો, અને એક લોહખુરો રૂપખુરા ચોરનો પુત્ર છે ॥ ૨ ॥ તે સાંભળી લોહખુરો ચોર વડ ઉપર બેઠો બેઠો વિચારવા લાગ્યો કે, આ શેઠ આજે મારી કંઇક વાત કહેશે, માટે આજે તો તે નચિંત થઇ સાંભળવી. પછી રાજા અને પ્રધાન પણ સાંભળવા લાગ્યા. ૩

## ઢાલ આઠમી.

રામચંદ્રકે બાગ ચાંપો મોરી રહ્યોરી–એ દેશી.

શેઠ કહે સુણ નાર, રૂપખુરો જે તસ્કર;
ચોરી કરે અપાર, સાથે કોઇ ન લશ્કર ॥ ૧ ॥
અંજન વિદ્યા સિદ્ધ, નગરમાંહીં પરસીધો;
હાથ ન આવે તેહ, નૃપ ઉપાય બહુ કીધો ॥ ૨ ॥
જાણી તે દુઃખ સાધ્ય, રાજા એમ પયંપે;
ઘર ઘર દીઠ દીનાર, દીજે તસુ એમ જંપે ॥ ૩ ॥

પછી શેઠે કહ્યું કે, હે સ્ત્રી તે રૂપખુરો ચોર સાથે કોઇને પણ રાખ્યા વિના ઘણી ચોરી કરતો ॥ ૧ ॥ તેની પાસે વિદ્યા હોવાથી આંખમાં અંજન આંજી અદૃશ્ય થઇ ચોરી કરતો; તે વાત સઘળા લોકો જાણતા, વળી રાજાએ તેને પકડવા વાસ્તે ઘણા ઉપાયો કર્યા, પણ તે હાથ આવે નહીં ॥ ૨ ॥ પછી તેને પકડવો મુશ્કેલ જાણીને રાજાએ એવો હુકમ કર્યો કે, ઘર દીઠ તેને એક સોના મોહોર અપાવવી, કે જેથી તે શાંત થાય ॥ ૩ ॥

માંડવીયે વળી તાસ, એક વિશ્વો કરી દીધો;
વૃત્તિયે થયો નિચિંત, વાનરને મદ પીધો ॥ ૪ ॥
ડાકણ ચડીય જરખ, કોણ તેહને કહો પાળે;
નગરે ફરે નિશંક, મન ગમતે પંથ માલે ॥ ૫ ॥

નટ વિટને રહે સાથ, સાત વ્યસનને સેવે;
દ્યૂત માંસ પરદાર, મદીરા ચોરી લેવે ॥ ૬ ॥

વળી જગાત ઉપર પણ તેને એક વિશ્વો (વીસમો ભાગ) કરી આપ્યો, પણ એવી રીતે આજીવિકાએ સુખી થવાથી તો, ઉલટો જેમ વાંદરાને દારૂ પાયો હોય તેમ તે લોકોને વધારે દુઃખ દેવા લાગ્યો ॥ ૪ ॥ ડાકણ, ચુડેલ, જરખ, વિગેરેને કોણ પાળી શકે? તેઓ સઘળા અંકુશ વિના પોતાની ઇચ્છા પ્રમાણે નગરમાં ભમ્યા કરે છે ॥ ૫ ॥ વળી તે, નટ અને એવાજ લુચ્ચાઓની સાથે રહે, તેમ, જુગાર, માસ, પરસ્ત્રી, મદીરા, ચોરી વિગેરે સાતે વ્યસનો સેવે ॥ ૬ ॥

જઈ આહેડે જીવ, જાત જાતનાં મારે;
વેશ્યાસું બહુ પ્રીત, રાત દિવસ ચિત્ત ધારે ॥ ૭ ॥
રૂપખુરો એક દીન, નૃપ ઘર પરિસર જાવે;
રસવતી સરસ સુગંધ, પરિમલ તેહનો આવે ॥ ૮ ॥
ચિંતે ચિત્તમાં એમ, અહો અહો એ ભોજન;
કરી કોઇ દાય ઉપાય, જમીયે તો ધન દિન ॥ ૯ ॥

વળી શિકારે જઇ ઘણી જાતનાં જીવોની હિંસા કરે, તેમ રાત દહાડો વેશ્યામાં ચિત્ત રાખી તેઓની સાથે સ્નેહ રાખે ॥ ૭ ॥ પછી તે રૂપખુરો ચોર એક દિવસ રાજાને ઘેર ગયો, ત્યાં તેને ઉત્તમ રસોઇની સુગંધિ આવી ॥ ૮ ॥ તે જોઇ તે મનમાં વિચારવા લાગ્યો કે, અહો આ ભોજન કેવું સરસ છે, કંઇપણ ઉપાય શોધીને આ ભોજન હું જમું તો મારો દિવસ સફળ થાય ॥ ૯ ॥

સાલી દાલી ઘૃત ગોળ, ભાત ભાતનાં વ્યંજન;
બેસી રાજા સાથ, જમે નયન કરી અંજન ॥ ૧૦ ॥
રસ લંપટ થયો ચોર, સ્વાદ તે ન મૂકાયે;
ખાઇ જાયે નિત્ય, રાજા દુર્બલ થાયે ॥ ૧૧ ॥
મતિસાગર પરધાન, પૂછે નૃપને ભાંખો;
દેવ દુબલા કાંય, કારણ મુજને દાખો ॥ ૧૨ ॥

પછી તે ચોર આંખમાં અંજન કરી અદૃશ્ય રહી, રાજા સાથે બેસીને, ભાત, દાળ, ઘી, ગોળ, તથા જાત જાતનાં શાક ખાવા લાગ્યો ॥ ૧૦ ॥ પછી તેને ખાવાનો રસ લાગવાથી તેનાથી તે સ્વાદ મુકાણો નહીં, તેથી હમેશાં રાજાના ભાણામાંથી તે ખાઇ જાય, અને તેથી રાજા દિન દિન પ્રતે દુબળો થતો જાય ॥ ૧૧ ॥ પછી રાજાને દુબળા જોઇ મતિસાગર પ્રધાને પૂછયું કે, હે સ્વામિ તમો દિવસે દિવસે દુબળ કેમ થતા જાઓ છો? તેનું કારણ મને સમજાવો ॥ ૧૨ ॥

અન્ન અરૂચી તુમ કોય, અથવા બીજી ચિંતા;
કહેવા સરખી વાત, હોયે તો કહો ગુણવંતા ॥ ૧૩ ॥
તુજથી છાની વાત, મારે નહીં કહે ભૂપ;
પણ છે અચરિજ એક, સાંભલો તેહ સરૂપ ॥ ૧૪ ॥

ઘણું જમું દિન દિન, તૃપ્તિ ન પામે દેહ;
હાસ્ય વચન છે એ માંહે, કહ્યું ન જાયે તેહ ॥ ૧૫ ॥

તમોને અન્ન ઉપર અરૂચી થઇ છે, કે કંઇ બીજી ફિકર થઇ છે? જો કેહેવા જેવી વાત હોય, તો હે ગુણવંત તમો કહી સંભળાવો ॥ ૧૩ ॥ તે સાંભળી રાજાએ કહ્યું કે, તારાથી મારે કોઇ વાત ગુપ્ત નથી, પણ આ વાત તો આશ્ચર્યજનક છે, તેનું વ્રતાંત તું સાંભળ ॥ ૧૪ ॥ હું હમેશાં ઘણું ઘણું જમું છું, પણ મને સંતોષ થતો નથી, વળી એ હાસ્યકારક (કૌતકરૂપ) છે, તેથી કહી જાય તેવી નથી. ૧૫

સાંભલી એ વિરતંત, મંત્રિ ચિત્ત ખરેરી;
અદૃશ્ય થકો નર કોય, ભોજન નક્કી કરેરી ॥ ૧૬ ॥
નિશ્ચય કરી પરધાન, ભોજન મંડપ આગે;
સૂકાં અર્કનાં પાન, ફૂલ વિખેર્યાં વિભાગે ॥ ૧૭ ॥
આપ રહ્યો પરછંન, ભોજન અવસર આયો;
ચરણે ચાંપ્યાં પાન, મંત્રિ સરમન ભાયો ॥ ૧૮ ॥

તે વ્રતાંત સાંભળી મંત્રિએ મનમાં વિચાર્યું કે, ખરેખર કોઇ માણસ અદૃશ્ય થઇને રાજા સાથે ભોજન કરે છે ॥ ૧૬ ॥ પછી પરધાને એવું અનુમાન કરીને, ભોજનશાળા પાસે તેણે કેટલાંક આકડાનાં પાન અને ફૂલ વિખેરી મુકયાં ॥ ૧૭ ॥ પછી તે મંત્રી ત્યાં છાનો સંતાઇ રહ્યો, એટલામાં ભોજન વખતે પાંદડાં ઉપર પગલાંનો અવાજ થવાથી મંત્રીએ તે વાતનો નિશ્ચય કર્યો ॥ ૧૮ ॥

દીધાં દૃઢતર બાર, સુભટ ચિહું દિસ મૂકયા;
કરીખ તણાં જે ઠામ, ધૂમ અરથે તે ધુંકયા ॥ ૧૯ ॥
ધૂમ તણે સંજોગ, નયન અંજન સવિ નાઠો;
રૂપખુરો પ્રત્યક્ષ, સઘળે સુભટે દીઠો ॥ ૨૦ ॥
પાછેવાઇ બાંધ, આણ્યો નૃપની પાસે;
તે વેળા તે ચોર, મનમાંહી એમ વિમાસે ॥ ૨૧ ॥

પછી બારણાં મજબૂત બંધ કરીને ચારે કોરે સીપાઇયોની ચોકી રાખી, અને પછી ત્યાં કેટલોક ધુંવાડો કર્યો ॥ ૧૯ ॥ તે ધૂંવાડાથી તે ચોરની આંખોનું અંજન આંસુઓને લીધે ધોવાઇ જવાથી, તે રૂપખુરાને ત્યાં આગળ સઘળા સુભટોએ નજરે જોયો ॥ ૨૦ ॥ પછી તેને અવળે હાથે બાંધીને રાજા પાસે લાવ્યા, તે વખતે તે ચોર મનમાં વિચારવા લાગ્યો કે, ॥ ૨૧ ॥

હા શું કીધું કામ, જીવ જીવન કેમ રાખું;
વિણઠયાં બેહુ કાજ, હવે હું કેહને ભાંખું ॥ ૨૨ ॥
શો કીજે પસ્તાવ, ભવિતવ્યતા બલવંત;
દેહ છાયા જિમ તેહ, ઓલંઘી નવિ જંત ॥ ૨૩ ॥

રાજાને આદેશ, તસ્કર શૂળી દીધો;
એહસું બોલે જેહ, તેહને એ દંડ સીધો ॥ ૨૪ ॥

અરે! આ મેં શું કામ કર્યું? હવે હું મારો જીવ શી રીતે બચાવીશ? હવે તો મારાં બન્ને કાર્યો નાશ પામ્યાં, અને હવે કોને જઇ કહું ॥ ૨૨ ॥ હવે પસ્તાવો શું કરવો, જેમ કર્મમાં લખ્યું હોશે તેમ બનશે, કારણ કે તે બળવાન છે, વળી જેમ શરીરની છાયા છોડી શકાતી નથી તેમ કર્મો પણ છોડી શકાતાં નથી ॥૨૩॥ પછી રાજાના હુકમથી તે ચોરને સૂળીએ ચડાવ્યો, તેમજ તેની સાથે જે કોઇ બોલે તેને પણ એજ શિક્ષા કરવા ફરમાવ્યું ॥ ૨૪ ॥

મૂકયા જોવા કાજ, છાના ચર પોતાના;
કોઈ ન જાયે પાસ, પામીજે બોતાનાં ॥ ૨૫ ॥
એણે અવસર એ ઢાળ, આઠમી થઈ એ પૂરી;
નેમવિજય કહે એહ, કથા અછે અધુરી ॥ ૨૬ ॥

પછી તે જોવા વાસ્તે રાજાએ પોતાના છુપા ચાકરોને મોકલ્યા, પણ તેની પાસે પોતાના માથે આરોપ આવવાની બીકથી કોઇ ગયું નહીં ॥ ૨૫ ॥ એવી રીતે આઠમી ઢાળ સંપૂર્ણ થઇ, પણ નેમવિજયજી કહે છે કે, હજુ તે વાત અધુરી છે. ૨૬

## દુહા.

મુજને સાથે લેઈને, ચૈત્ય વાંદવા શેઠ; ગયા હતા વલતાં થકાં, પાપી પડીયો દેઠ ॥ ૧ ॥ તવ મેં પૂછયું તાતને, કવણ પુરૂષ છે એહ; રૂપખુરો વ્યસની જિકો, રાગે વિડંબ્યો તેહ ॥ ૨ ॥ દ્યૂત થકી સુત ધર્મનો, માંસ થકી બક જોય; મદ્ય થકી યદુનંદના, વેશ્યા ચારૂ વિગોય ॥ ૩ ॥

પણ તે વખતે મારા પિતા મને સાથે તેડીને દેરે દર્શન કરવા ગયા હતા, ત્યાંથી પાછા વળતાં તે પાપી ઉપર અમારી નજર પડી ॥ ૧ ॥ ત્યારે મેં મારા પિતાજીને પુછયું કે આ પુરૂષ કોણ છે? ત્યારે તેમણે કહ્યું કે આ મહાદુષ્ટ રૂપખુરો ચોર છે, અને રાજાએ તેને મોતની શિક્ષા કરી છે ॥ ૨ ॥ ધર્મરાજ જુગારથી, બક માંસથી, જાદવોના બાળક મદ્યપાનથી, વેશ્યાની સોબતે વગોવાયા છે ॥ ૩ ॥

બ્રહ્મદત્ત નૃપ મૃગયા થકી, ચોરીથી શિવભૂત; પરદારાના દોષથી, રાવણ તેહ વિગુત ॥ ૪ ॥ એક એક વ્યસને કરી, એ સહુ પામ્યા દુઃખ; સાત વ્યસન પૂરાં હોયે, તે કેમ પામે સુખ ॥ ૫ ॥

વળી બ્રહ્મદત્ત ચક્રવર્તિ શિકારથી, શિવભૂતિ ચોરીથી, તથા રાવણ પરસ્ત્રીના દોષથી દુઃખીયો થયો છે ॥ ૪ ॥ તે સઘળાઓ માત્ર એક એક વ્યસનથી પણ દુઃખ પામ્યા છે, તો જેણે સાતે વ્યસનો સેવ્યા છે, તે સુખ શી રીતે પામી શકે? ॥૫॥

## ઢાલ નવમી.

નમણી ખમણીને ગય ગમણી–એ દેશી.

ચોર કહે સાંભળ વ્યવહારી, તું તો મોટો પર ઉપગારી;
સીયાલે ખાધાં મુજ ચરણુ, કાગે મસ્તકે પાડયા વરણુ ॥ ૧ ॥
પૂરવ કર્મે કમાયા પોતે, તે સવિ ઉદય આવ્યાં જોતે;
પાણી માગ્યું બહુ જણુ પાસે, કોઈ ન પાયે સહુકો નાસે ॥ ૨ ॥
ત્રણુ દીવસનો તરસ્યો હું છું, તુજથી પાણી પીવા વાંછું;
તું ધરમી પાણી જો પાયે, તો મુજ પ્રાણુ સુખે સહી જાયે ॥ ૩ ॥

પછી તે ચોર, વેપારી (શેઠ)ને કહેવા લાગ્યો કે, તું મોટો પરોપકારી માણુસ છે, માટે મારી હકીકત ધ્યાનમાં લે. તે એ કે, શીયાળીયાઓએ મારા પગ ખાધા છે, તથા કાગડાઓએ મારા માથામાં કાણાં પાડ્યાં છે ॥ ૧ ॥ આ સઘળા મારા પૂર્વના બાંધેલાં કર્મો આજે ઉદય આવ્યાં છે, વળી મેં ઘણાં માણુસો પાસે પાણી માગ્યું, પણ કોઇએ મને ન પાતાં સઘળા મારાથી છેટા ભાગે છે ॥ ૨ ॥ વળી હું ત્રણુ દિવસનો તરસ્યો છું, માટે આજે તારી પાસેથી પાણી પીવાની મને ઇચ્છા છે, માટે તું ધર્માત્મા આજે મને પાણી પાય, તો મારો જીવ સુખેથી જાય. ૩

ઉલસીત કરૂણા કહે શેઠ વાણી, હમણાં તુજને પાસું પાણી;
હું લેવા જઉં છું આપ, પંચ પરમેષ્ટી જપે તું જાપ ॥ ૪ ॥
એમ કહીને તસ મંત્રજ ભાંખ્યો, મુજને તેને થાનકે રાખ્યો;
જલ લેઇને આવે વેહેલા, ચોરે પ્રાણુ તજ્યાં તે પેહેલા ॥ ૫ ॥
મહા મંત્ર મન નિશ્ચલ ધ્યાયો, પેહેલે દેવલોકે દેવગતિ પાયો;
જલ લેઇને આવ્યો મુજ તાત, ચોર તણી દીઠી તે ઘાત ॥ ૬ ॥

પછી શેઠે દયા આવવાથી તેને કહ્યું કે, હું હમણાં તને પાણી લાવીને પાઉં છું, અને તે હું લઇને આવું એટલી વાર સુધી તું પંચપરમેષ્ટીનો જપ કરજે ॥ ૪ ॥ એમ કહીને શેઠે તેને પંચપરમેષ્ટીનો મંત્ર સંભળાવ્યો, અને મને ત્યાં ઉભો રાખીને પોતે પાણી લેવા ગયા, પણ પાણી લઇને તે ત્યાં આવી પહોંચે તે પેહેલાં ચોર તો મૃત્યું પામ્યો ॥ ૫ ॥ અને તે પંચપરમેષ્ટિના ઉત્તમ મંત્રના નિશ્ચલ ધ્યાનથી તે ચોર પેહેલા દેવલોકમાં દેવ પણે ઉપન્યો, પછી મારા પિતા જ્યારે પાણી લઇને આવ્યા, ત્યારે તેણે તો ચોરને મરેલો જોયો ॥ ૬ ॥

મુજને ઘરનો દુઓ દીધો, પોતે દેહરે કાઉસગ કીધો;
માણસ જે મૂકયાંતાં છાને, તેણે વાત કહી રાજાને ॥ ૭ ॥
શેઠ તણે ઘર મુદ્રા ધારો, કોપ્યો નૃપ કહે જઇને મારો;
દોડયા સેવક મારણ સહી, અવધીનાણુ દીઠો સુર તવહી ॥ ૮ ॥
આએ સૌનો છે ઉપકારી, એણે માહરી દુરગતિ વારી;
મારા ગુરૂને એ દુઃખ દેસે, દ્વારે રહ્યો દંડ ધરીને વેષે ॥ ૯ ॥

પછી મને ઘરનો ભાર સોંપીને પોતે દેરામાં જઈ કાઉસ્સગ ધ્યાને રહ્યા, ત્યાર પછી રાજાએ ચોરની પાસે જનારની તપાસ રાખવાને જે છાના માણસો મૂકયાં હતા, તેઓએ રાજા પાસે જઇ સઘળી બનેલી વાત કહી સંભળાવી ॥૭॥ પછી રાજાએ ગુસ્સે થઈ માણસોને કહ્યું કે, તે શેઠને ઘેર જઇ તેના ઘરને સીલ આપો (જપ્ત કરો) અને તે શેઠને મારી નાખો, તે સાંભળી ચાકરો તેમ કરવાને દોડ્યા, પણ તે વખતે તેજ દેવે (ચોરના જીવે) અવધિ જ્ઞાનથી તે સઘળી વાત જાણી ॥ ૮ ॥ તેણે વિચાર્યું કે, આ શેઠ તો સર્વેનો ઉપકાર કરવાવાળો છે, વળી એણે મને નરકમાં પડતો બચાવ્યો છે, તો શું એ લોકો મારા ગુરૂને પીડા કરી શકશે? એમ વિચારિ તે શેઠને ઘેર જઇ હાથમાં લાકડી લઇ બારણા પાસે ચોકી કરવા બેઠો ॥ ૯ ॥

**એટલે જણ રાજાના આવ્યા, હાંકયા પેસણ માંહિં નવ પાવ્યા;**
**રોસ કરી હણવા તે સુંડચા, દેવે નિજ દંડે તે ઝુડચા ॥ ૧૦ ॥**
**પછી નૃપે મૂક્યો કોટવાલ, તેહને પણ સુરે દેઈ ગાલ;**
**દંડે હણીને વળી તે પાડચો, ભૂપ સુણીને અતિ ઘણું ત્રાડચો ॥૧૧॥**
**પોતે બલ વાહન લેઈ ચાલ્યો, જવ નજરે તે દેવે નિહાલ્યો;**
**મારી હાંક કટક સવી ત્રાઠો, પ્રાણ લેઈને રાજા નાઠો ॥ ૧૨ ॥**

એટલામાં ત્યાં રાજાનાં માણસો આવી પહોંચ્યા, પણ તેને તે દેવે અંદર પેસતાં અટકાવ્યા, ત્યારે તેઓ ગુસ્સે થઇ તેને મારવા દોડ્યા, જેથી તે દેવે તેઓને લાકડીથી ખૂબ માર્યા ॥ ૧૦ ॥ પછી રાજાએ કોટવાલને મોકલ્યો, તેને પણ તે દેવે ગાળ દેઇને લાકડીઓથી ખૂબ મારી તેનો નાદ ઉતાર્યો. તે વાતની રાજાને ખબર પડવાથી તે બહુજ ગુસ્સે થયો ॥ ૧૧ ॥ પછી રાજા પોતે લશ્કર લઈને આવ્યો, પણ દેવે તે લશ્કરને જોતાંજ એવી હાંક મારી કે, સઘળું લશ્કર ત્રાસ પામી ગયું, અને રાજા પોતે પણ જીવ લઇને ત્યાંથી નાઠો ॥ ૧૨ ॥

**એકલે સકલ નગર એમ જીત્યું, મતિસાગર મંત્રિસરે ચિંત્યું;**
**માણસ રૂપ નહીં સુણ ભૂપ, એતો દીસે દેવ સરૂપ ॥ ૧૩ ॥**
**ધૂપ ક્ષેપ બલ બાકુલ દીધો, વિનતિ કરીને પરગટ કીધો;**
**કેણે અપરાધ કર્યો તુજ સ્વામિ, ભાંખો નામ કહું સીર નામિ ॥૧૪॥**
**અવિવેક એ રાજા તાહારો, સજ્જન શિરોમણ ધર્મગુરૂ માહારો;**
**જિનદત્ત શેઠને નિરાપરાધ, કરવા માંડી અતિ આબાધ ॥ ૧૫ ॥**

એવી રીતે તે દેવે એકલાએ આખા નગરને જીતી લીધું; તે જોઈ મતિસાગર મંત્રિ રાજાને કહેવા લાગ્યો કે, હે રાજા, આ કંઇ માણસ ન હોય, એતો કોઈ દેવતા લાગે છે ॥ ૧૩ ॥ પછી રાજાએ તેને ધૂપ, વાસ તથા બળ બાકળા દઇ શાંત કરી, પૂછ્યું કે, હે સ્વામિ તમારો કોણે ગુન્હો કર્યો છે? હું તમોને મસ્તક નમાવીને કહું છું કે, તેનું નામ તમે કહો ॥ ૧૪ ॥ ત્યારે દેવે કહ્યું કે, હે રાજા તેં ઉત્તમ પુરૂષોમાં શિરોમણિ સમાન મારા ધર્મગુરૂ જિનદત્ત શેઠને વગર વાંકે દુઃખ દેવા માંડયું, એ તેં બહુ અવિવેક (અઘટીત) કર્યો છે ॥ ૧૫ ॥

તેણે હું નગર લોકને મારૂ, માહારા ગુરૂની પીડા વારૂ;
તુમ ગુરૂ શેઠ થયો કેમ હેવ, પૂરવ ભવ દાખ્યો તવ દેવ ॥ ૧૬ ॥
ધન્ય તું દેવ મંત્રિસર બોલે, જન્માંતર ઉપગારી તું તોલે;
પહેલી વય પાણી જે પીધું, અંતકાલે શ્રીફલ તે દીધું ॥ ૧૭ ॥

અને તેથી હું નગરના લોકોનો નાશ કરી મારા ગુરૂના દુઃખનો અંત લાવું છું; ત્યારે રાજાએ પૂછયું કે, તે શેઠ તમારા ગુરૂ શી રીતે થયો ? તે સાંભળી દેવે સઘળું પૂર્વ ભવનું વૃતાંત કહી સંભળાવ્યું ॥ ૧૬ ॥ પછી મંત્રીએ તેને કહ્યું કે, હે દેવ તને ધન્ય છે, તું ખરેખર જન્માંતરનો ઉપકારી છે; કારણ કે, નાલીયેર પોતાની પેહેલી ઉમરમાં જે પાણી પીયે છે, તે છેવટે પાછું આપે છે ॥ ૧૭ ॥

यतः—प्रथमवयसिपीतंतोयमल्पंस्मरंत ।
सिरसिनिहितभारानालिकेरानराणाम् ॥
उदकममृतकल्पंदद्युराजीवितांतं ।
नहिकृतमुपकारंसाधवोमिस्मरन्ति ॥ १ ॥

નાળીયેરનાં વૃક્ષો પેહેલી ઉમરમાં થોડું પાણી પીને પાછું તે યાદ કરીને પણ છેવટે પોતાના માથા ઉપર ભાર ઉપાડીને પણ, પોતાનો જીવ આપી અમૃત સરખું પાણી આપે છે, તેમ ઉત્તમ માણસો કરેલા ઉપકારને વિસરી જતા નથી ॥ ૧ ॥

નગર તણું ટાળો દુઃખ દેવ, જે કહો તે હવે કીજે સેવ;
સહુકો સરણ કરો જિનદત્તનું, જો મન છે તુમને જીવિતનું ॥ ૧૮ ॥
રાજા પ્રજા સહુ દેહરે આવે, પગે લાગી અપરાધ ખમાવે;
હાથીપર બેસારિ સીસે, નગરમાંહીં આણ્યો અવનીસે ॥ ૧૯ ॥
ઉઠયા સુભટ થયો જયકાર, સોવન વૃષ્ટિ કરી અતિ સાર;
રતન ત્રણ અમુલક દીધાં, શેઠ તણાં મનવંછિત સિધાં ॥ ૨૦ ॥
સહુકો લોક કરે પરસંસા, ધર્મ તણી ન કરે કોઈ ખીંસા;
દેખો ધર્મ તણાં ફલ વીર, નવમી ઢાલ નેમે કહી સંધીર ॥ ૨૧ ॥

પછી પ્રધાને દેવને કહ્યું કે, હવે તમો જેમ કહો તેમ અમો કરીયે, પણ આ નગરનું દુઃખ તમે ટાળો; તે સાંભળી દેવે કહ્યું કે જો તમારે સઘળાઓને જીવવાની ઇચ્છા હોય, તો તમે સઘળા જિનદત્ત શેઠને શરણે જાઓ ॥ ૧૮ ॥ પછી રાજા તથા સઘળા લોકો, દેરે આવીને શેઠને પગે લાગી તેનો અપરાધ ખમાવવા લાગ્યા, બાદ રાજા તેને હાથીના મસ્તક પર બેસાડી નગરમાં લાવ્યો ॥ ૧૯ ॥ ત્યાર પછી સઘળા મૂર્છા પામેલા સિપાઇઓ પણ ઉભા થયા, અને ત્યાં સોનાની વૃષ્ટિ થઈ, વળી તે દેવે તે શેઠને ત્રણ અમૂલ્ય રત્નો આપ્યાં, કે જેથી શેઠનું પણ ઇચ્છિત કામ થયું ॥ ૨૦ ॥ પછી સઘળા લોકો જૈન ધર્મની કંઇપણ નિંદા નહીં કરતાં, પ્રસંસા કરવા લાગ્યા, માટે હે શ્રોતાજનો ધર્મનાં ફળો તો તમે જુઓ! એવી રીતે નેમવિજયજીએ નવમી ઢાળ સંપૂર્ણ કહી ॥ ૨૧ ॥

## દુહા.

રતન લેઈ તે મુજ પિતા, સેત્રુંજય ગીરનાર; ચૈત્ય કરાવી અભિનવાં, તિલક ચડાવ્યાં સાર ॥ ૧ ॥ પ્રસેનજીતને આપીયાં, રતન ત્રણ ઉદાર; માહરા ગુરૂનો ભક્તએ, એ મન કરી વિચાર ॥ ૨ ॥ લોહખુરાને વલી દીયા, રતન ત્રણ સુખકાર; તેણે દ્યુતે તે હારીયા, સુર ગયો સ્વર્ગ મોઝાર ॥ ૩ ॥

પછી તે મારા પિતાએ ત્રણે રત્નો લેઇ, સેત્રુંજય તથા ગિરનાર ઉપર સુંદર દેહેરા બંધાવી ઉત્તમ તિલક ચડાવ્યાં ॥ ૧ ॥ વળી તે દેવે પ્રસેનજીત રાજાને પણ ત્રણ મનોહર રત્નો આપ્યા, અને વિચાર્યું કે, આ મારા ગુરૂનો ભકત છે ॥ ૨ ॥ વળી તે દેવે પોતાના પુત્ર લોહખુરાને પણ સુખકારી ત્રણ રત્નો આપ્યાં, પણ તે જુગારમાં તે રત્નો હારી ગયો, પછી તે દેવ દેવલોકમાં ગયો ॥ ૩ ॥

કેણે દીક્ષા કેણે બાર વ્રત, કેણે સમકીત સુવિશેષ; બાલપણે દૃઢ હું થયો, ધરમ તણાં ફલ દેખ ॥ ૪ ॥ કહે સઘલી સાચું કહ્યું, કુંદલતા કહે જૂઠ; રાજા શ્રેણિક ચિંતવે, અહો નારી એ દૂઠ ॥ ૫ ॥ મુજ પિતાના રાજમાં, એ થઇ સઘલી વાત; પાપણ એ માને નહીં, પૂછીસ હું પરભાત ॥ ૬ ॥ શેઠ કહે જયશ્રી પ્રતે, સુણ ગોરી ગુણ રાસ; તેં દીઠું કંઈ સાંભળ્યું, ધર્મ ફલ તેહ પ્રકાસ ॥ ૭ ॥

ત્યાં કેટલાકે દીક્ષા, તો કેટલાકે બાર વ્રત, અને કેટલાએકે સમકીત પણ અંગીકાર કર્યું, અને એવી રીતે ધર્મનું ફળ જોઈને હું પણ બાળપણથીજ ધર્મમાં ચુસ્ત થયો. ૪ ત્યારે શેઠની સઘળી સ્ત્રીયોયે તો કહ્યું કે, તે વાત બરોબર છે, પણ એક કુંદલતા બોલી કે, તે તો સઘળું જુઠું છે, તે સાંભળી શ્રેણિક રાજા વિચારવા લાગ્યો કે, અરે આ સ્ત્રી તો મહાદુષ્ટ છે ॥ ૫ ॥ વળી આ સઘળી વાત મારા પિતાનાજ રાજમાં બનેલી છે, પણ આ પાપી સ્ત્રી માનતી નથી, માટે સવારમાં તે સ્ત્રીની વાત છે! ૬ પછી શેઠ જયશ્રીને પુછવા લાગ્યા કે, હે ગુણવાન સ્ત્રી, તેં પણ જો કંઇ ધર્મનું ફળ દીઠું કે સાંભળ્યું હોય તો તે કહી બતાવ ॥ ૭ ॥

## ઢાલ દશમી.

ચોપાઇની દેશી.

કહે પેહેલી નારી સુણો કંત, નગરી ઉજેણીએ નૃપ ગુણવંત;
સંગ્રામસુર નામે જયકારી, શેઠ રિષભસેન સમકીત ધારી ॥ ૧ ॥
તેહને ઘર જયસેના નારી, સીલ ગુણે સીતા અવતારી;
સમકીતવંત સદા સત્ય સંધા, કર્મ વસે કરી તે છે વંધ્યા ॥ ૨ ॥
એકદા નાહ ભણી તે ભાંખે, પુત્ર વિના કોણ વંશને રાખે;
એક ઘડીમાં ઘડી જલ બુડે, નંદન વિણ નામ ક્ષણમાં ડુલે ॥ ૩ ॥

ત્યારે તે પેહેલી સ્ત્રી કહેવા લાગી કે, હે સ્વામિ ઉજ્જેણી નામે નગરીમાં સંગ્રામસુર નામે એક ગુણવાન રાજા હતો, ત્યાં એક રિષભસેન નામે સમકીતી શ્રાવક રહેતો હતો. ૧ તેને ઘેર સીતા સમાન શીયલવંત તથા ગુણવંત જયસેના નામે સ્ત્રી હતી, તે હમેશાં શુદ્ધ સમકીતી હતી, પણ કર્મયોગે તે વાંઝણી હતી ॥ ૨ ॥ એક દિવસ તે સ્ત્રી પોતાના પતિને કહેવા લાગી કે, હવે પુત્ર વિના આપણો વંશ શીરીતે રહેશે? કારણ કે ઘડી પણ એક ઘડીવાર પછી પાણીમાં ડુબી જાય છે, તેવીજ રીતે પુત્ર વિના વંશ પણ એક ક્ષણમાંજ ડુબી જાય છે ॥ ૩ ॥

**બીજી નારી તણો વિવાહ, કંત કરો કરી મન ઉચ્છાહ;**
**વય પરિણત થઈ સુણુ નારી, વાત મ કાઢે એ મુખ બહારી ॥ ૪ ॥**
**લોક હસે કહે બુઢો બેલ, વરઘોડે ચઢીયો થઈ છેલ;**
**સંતતિ કાજે નહીં કોઇ દૂષણ, પુત્ર થયા પછી થાસે ભૂષણ ॥ ૫ ॥**
**જોરે ઇભ્ય તણી એક બેટી, પરણાવી સુંદરી ગુણ પેટી;**
**સુંદરીને સોંપી ઘર ભાર, જયસેના કરે ધર્મ વ્યાપાર ॥ ૬ ॥**

માટે ઉત્સાહ લાવીને હે સ્વામિ તમે બીજી સ્ત્રી સાથે પરણો. તે સાંભળી શેઠે કહ્યું કે, હે સ્ત્રી, હવે મારી વય પાકી થઇ, માટે એવી પરણવાની વાત તારે મુખમાંથી કહાડવીજ નહીં ॥ ૪ ॥ વળી લોકો પણ મશ્કરી કરે કે, અરે આવો બૂઢોખખ બેલ સરખો માણસ તે એક જુવાનની માફક વરઘોડે ચડ્યો છે, ત્યારે સ્ત્રીએ કહ્યું કે, પુત્ર માટે તેમ કરવામાં કંઈ અડચણ નથી, કારણ કે પુત્ર થયા બાદ તેજ લોકો તમારી પ્રશંસા કરશે ॥ ૫ ॥ પછી બળાત્કારે એક મોટા શાહુકારની સુંદરી નામે કન્યા સાથે તેનું લગ્ન કરાવ્યું; અને જયસેના પછી સઘળું ઘરનું કામ કાજ સુંદરીને સોંપીને પોતે તો ધર્મ ધ્યાન કરવા લાગી ॥ ૬ ॥

**સુંદરીને જન્મ્યો સુત સાર, વાંઝીયાનાં ઉઘડયાં ઘરબાર;**
**પીહર સુંદરી પહોતી જામ, બંધૂસરી માતા પૂછે તામ ॥ ૭ ॥**
**સુખણી તું છે માહરી જાઈ, સોકય સંકટમાં કેસો સુખ માઈ;**
**શોક ઉપર દીધી તુમે જાણી, પૂછવું ઘર પીને પાણી ॥ ૮ ॥**
**શોકમાંહી ઘાલી સુખ ઇચ્છા, માથું મુંડાવી નક્ષત્રની પ્રીછા;**
**જયસેના મુજ ઘણું સંતાપે, માહારી છાંહ દેખે તિહાં કાપે ॥ ૯ ॥**

પછી તે સુંદરીએ એક ઉત્તમ પુત્રને જન્મ આપવાથી શેઠનું વાંઝીયા મેણું ટળ્યું; ત્યાર પછી જ્યારે તે સુંદરી પોતાને પીયર ગઇ, ત્યારે તેની બંધુસરી માતાએ પુછયું કે, ॥ ૭ ॥ હે પુત્રી તને સાસરે સુખ તો છે? ત્યારે સુંદરી બોલી કે, તમે જાણી જોઇને મને શોક ઉપર આપી છે, તો શોક આડે તે શું સુખ બળ્યું હોય! હવે પાણી પીને ઘર શું પુછો છો! ॥ ૮ ॥ શોક ઉપર જવાથી સુખની ઇચ્છા તે કયાંથી હોય! માથું મુંડાવ્યા પછી નક્ષત્ર પુછવા જેવું તમે કરો છો; ત્યાં સાસરે મારી જયસેના શોક મને ઘણું દુઃખ દે છે, મારી છાયા દેખે છે, ત્યાં પણ તે ગુસ્સે થાય છે ॥ ૯ ॥

ભંભેરી મુકયો ભરથાર, દાસીથી અવગણે અપાર;
બંધૂસરી સુણી એ વચન્ન, જંપે પુત્રી ધીરજ ધર મન્ન ॥ ૧૦ ॥
જયસેનાનું જીવિત હરસું, તુજને સુખ થાસે તેમ કરસું;
એહવે એક જોગી તિહાં આવ્યો, બંધૂસરી મન અધિકો સોહાવ્યો.૧૧
ઉઠી ઉભી થઈ ચરણે લાગી, સરસ ભિક્ષા દીધી અનુરાગી;
સંતોષ્યો આસન બેસારી, મુજ ઘર ભિક્ષા લેજો હિતકારી ॥ ૧૨ ॥

વળી ભરતારને પણ ચડાવી મુકવાથી, તે પણ મને એક દાસી કરતાં પણ હલકી ગણે છે; હવે પુત્રીનાં એવાં વચનો સાંભળીને બંધુસરી કહેવા લાગી કે, તું જરા ધીરજ રાખ ॥ ૧૦ ॥ જયસેનાને મારી, તને જેમ સુખ થશે તેમ કરશું; એટલામાં ત્યાં એક જોગી આવી ચડવાથી બંધુસરી આનંદ પામવા લાગી ॥ ૧૧ ॥ પછી તે બંધુસરી ત્યાંથી ઉઠી ઉભી થઇને તે જોગીને પગે લાગી, તથા પ્રેમ લાવી ઉત્તમ ભિક્ષા આપીને તેને રાજી કરી, આસન ઉપર બેસાડીને કહેવા લાગી કે, હવેથી તમો હમેશાં મારે ઘેરથી ઉત્તમ ભિક્ષા લેજો ? ॥ ૧૨ ॥

આવે તે દિન દિન આવાસે, નવિ રસવતી આપે ઉલ્લાસે;
ભગતે રીઝયો જોગી બોલે, તાહરે કોઇ ન માઇ તોલે ॥ ૧૩ ॥
મન માને તે હવે તું માગ, બંધૂસરી ચિંતે મુજ લાગ;
ગદગદ સાદ પુત્રી વિરતંત, જયસેનાને મારો મહંત ॥ ૧૪ ॥
કાળીચૌદસ કહે કપાલી, વિદ્યા સાધીસ સમરીસ બાલી;
હરખી બંધૂસરી મન કૂડી, દશમી ઢાલ નેમે કહી રૂડી ॥ ૧૫ ॥

પછી તે જોગી હમેશાં તેને ઘેર આવવા લાગ્યો, અને બંધુસરી પણ તેને ભાતભાતનાં ભોજન ખવરાવા લાગી, એવી રીતની ભક્તિથી તે જોગી રાજી થઇ કહેવા લાગ્યો કે, હે માતા તારા સમાન દાતાર મેં આ જગતમાં કોઇ સ્ત્રી જોઇ નથી. ૧૩ માટે હવે તારે જે જોઇએ તે તું મારી પાસે માગ, તે સાંભળી બંધુસરીએ વિચાર્યું કે, હવે લાગ ઠીક આવ્યો છે, એમ વિચારી તેણીએ ગદગદતે સાદે પુત્રીનો સઘળો વૃતાંત કહીને કહ્યું કે, હે મહાયોગી તમે જયસેનાને મારો ! ॥ ૧૪ ॥ ત્યારે તે જોગીયે કહ્યું કે, કાળી (અંધારી) ચૌદસને દિવસે વિદ્યા સાધીને તે કામ કરીશ, તે સાંભળી તે કપટી બંધુસરી આનંદ પામવા લાગી; એવી રીતે દશમી ઢાલ નેમવિજયજીએ કહી ॥ ૧૫ ॥

## દુહા.

કાળીચૌદસને દિને, જોગી જઇ મસાણ; વેતાલી દેવી તણું, સમરણ કરે સુજાણ ॥ ૧ ॥ પ્રત્યક્ષ થઇ દેવી કહે, વચ્છ સમરી શ્યે કાજ; જયસેનાને મારો જઇ, કરો વેગે એ કાજ ॥ ૨ ॥ દેવી આવી મારવા, કર સાહી કરવાલ; સામું જોઈ નવી સકી, પોસહ વ્રત રખવાલ ॥ ૩ ॥

હવે તે બુદ્ધિવાન જોગી કાળી ચૌદસને દિવસે મસાણમાં જઈ વૈતાલી દેવીનું સ્મરણ કરવા લાગ્યો ॥ ૧ ॥ ત્યારે તે દેવી પ્રગટ થઇ કહેવા લાગી કે, હે વત્સ તેં મારૂં કેમ સ્મરણ કર્યું? તે સાંભળી યોગીયે કહ્યું કે, જયસેનાને જઇને તુરત મારી આવો ॥ ૨ ॥ પછી તે દેવી હાથમાં તલવાર લઈ જયસેનાને મારવા આવી, પણ તેણીની પાસે પોસહ વ્રતના રખવાળ જોઇ અર્થાત તેણીને પોસામાં બેઠેલી જોઈ તે દેવી તેના સામું પણ જોઇ શકી નહીં ॥ ૩ ॥

**ત્રણ પ્રદક્ષણા દેઇને, આવી જોગી પાસ; તિમહિજ પાછી મોકલી, જયસેના આવાસ ॥ ૪ ॥ વાર ત્રણ એમ દેવતા, આવી ફરી મસાણ; જોગી ચિંતે મુજને, મારે હવે નિદાન ॥ ૫ ॥ જયસેના અથ સુંદરી, બેહુમાં વિરૂઇ જેહ; મારો માતા તેહને, મ કરો કોઇ સંદેહ ॥ ૬ ॥ જઈને મારી સુંદરી, દેવીયે તતકાલ; પરને ચિંતે પાડુઓ, તેના એવા હાલ. ૭**

ઉલટી જયસેનાને ત્રણ પ્રદક્ષિણા દઇને તે દેવી પાછી જોગીની પાસે આવી, પણ પાછી તે જોગીએ તેણીને જયસેનાને ઘેર મોકલી ॥ ૪ ॥ એવી રીતે તે દેવી ત્રણ વાર ફરી ફરીને મસાણમાં આવી, તે જોઇ યોગી વિચારવા લાગ્યો કે, ખરેખર હવે આ દેવી મને મારશે ॥ ૫ ॥ પછી તેણે તે દેવીને કહ્યું કે, હે માતા, જયસેના અથવા સુંદરી એ બન્નેમાંથી જે ખરાબ આચરણ વાળી હોય, તેને મારો; અને તે વાતમાં જરા પણ શંકા કરશો નહીં ॥ ૬ ॥ પછી દેવીએ એકદમ ત્યાંથી જઇ સુંદરીને મારી નાખી, માટે જે માણુસ બીજાનું બુરૂં કરવા ઇચ્છે, તેના એવા હાલ થાય ॥ ૭ ॥

## ढाल अगिआरमी.

હઠીલા જાદવ હઠ કરી હરીય મનાવીયે હો લાલ—એ દેશી.

**જયસેનાયે પારીયોરે લાલ, પોસહ વ્રત પરભાતરે; સાસન દેવી.**
**મુઈ દીઠી સુંદરીરે લાલ, હા કેણે કીધી ઘાતરે. સા०**
**સાર કરો મુજ સામનીરે લાલ.—એ આંકણી ॥ ૧ ॥**
**સાચ જૂઠ કોણ જાણસેરે લાલ, શોકયા તણો વ્યવહારરે; સા०**
**સહુ કહેશે મારી હોસેરે લાલ, કલંક તણો અવતારરે. સા० સા० ॥૨॥**
**સાસન સુરી આરાધવારે લાલ, કાઉસગ કીધો સારરે; સા०**
**પરગટ થઇ દેવી કહેરે લાલ, મ કરો દુઃખ લગારરે. સા० સા० ॥ ૩ ॥**

પછી જયસેના સવારમાં પોસો પારીને જ્યારે ઘેર આવી, ત્યારે તેણે સુંદરીને મરેલી દીઠી, તેથી તે કહેવા લાગી કે, અરે! આ સુંદરીને કોણે મારી, હે સાસન દેવી, તમે મારી સહાય કરો ॥૧॥ વળી આ બાબતમાં સાચા જુઠાનું પારખું પણ કેમ પડશે, કારણ કે અમારો શોકોનો વ્યવહાર છે, અને તેથી સઘળા લોકો કહેશે કે, જયસેનાએ (મેં) મારી હશે, અને તેથી મારા ઉપર મોટું કલંક

ચોટસે ॥ ૨ ॥ પછી જયસેનાએ તો શાસન દેવીનું આરાધન કરવા વાસ્તે કાઉસગ કર્યો, ત્યારે શાસન દેવી પ્રત્યક્ષ થઇ તેને કહેવા લાગી કે, તારે જરા પણ ખેદ કરવો નહીં ॥ ૩ ॥

બંધુસરી હરખીત થકીરે લાલ, જમાઇને ઘર જાયરે; સા૦
જાણ્યું જયસેના મૂઇ હશેરે લાલ, સુંદરી દેખી દુઃખ થાયરે. સા૦સા૦૪
રોતી માથુ કૂટતીરે લાલ, આક્રંદ કરતી અપારરે; સા૦
જયસેનાયે મારી સુંદરીરે લાલ, જઇ પોકારી દરબારરે. સા૦ સા૦ ૫
જયસેનાને તેડવારે લાલ, માણુસ મૂકે રાયરે; સા૦
તવ સાસન રખવાલીકારે લાલ, જોગીને ઉપાયરે. સા૦ સા૦ ॥ ૬ ॥

પછી બંધુસરીએ તો ધાર્યું કે જયસેના મરી ગઇ હશે, તેથી તે મનમાં રાજી થતી જમાઇને ઘેર ગઇ, પણ ત્યાંતો સુંદરીને મરેલી દીઠી ॥ ૪ ॥ પછી તો તે રોતી, તથા માથું કુટતી કુટતી તથા ઘણો વિલાપ કરતી કરતી રાજ દરબારમાં જઇ પોકાર પાડવા લાગી કે, મારી પુત્રી સુંદરીને જયસેનાએ મારી નાખી ॥ ૫ ॥ પછી રાજાએ જયસેનાને બોલાવવા વાસ્તે માણુસ મોકલ્યું, તે વખતે શાસન દેવી પેલા જોગીને ત્યાં આગળ ઉપાડી લાવી ॥ ૬ ॥

જયસેના મોટી સતીરે લાલ, એહવાં ન કરે કામરે; સા૦
રાય આગલ જોગી કહેરે લાલ, સોને ન લાગે શ્યામરે. સા૦ સા૦ ૭
બંધુસરીએ મુજનેરે લાલ, જમાડી ભલી ભાતરે; સા૦
પ્રારથના એહવી કરીરે લાલ, જયસેના કરો ઘાતરે. સા૦ સા૦ ॥૮॥
મેં વેતાલી આરાધીનેરે લાલ, મૂકી મારણ તાસરે; સા૦
કોણ મારે પુણ્યવંતનેરે લાલ, સુંદરી મારી પાપરાસરે. સા૦ સા૦ ૯

ત્યારે તે જોગી કહેવા લાગ્યો કે, જયસેના તો મહાસતી છે, તે એવું કામ કોઈ દહાડો પણ કરે નહીં, કારણ કે, સોનુ તો કદી કાળું પડતુંજ નથી ॥ ૭ ॥ માટે હે રાજા, હવે હું તમોને સાચે સાચી વાત કહું છું, તે સાંભળો. બંધુસરીએ મને ખુબ જમાડી જમાડીને કહ્યું કે, તમે જયસેનાને મારો તો ઠીક ॥ ૮ ॥ પછી મેં વૈતાલીનું આરાધન કરીને તેણીને જયસેનાને મારવા માટે મોકલી, પણ પુણ્યવંત પ્રાણીને કોણ મારી શકે? તેણીએ તો ઉલટાં તે પાપી સુંદરીનેજ મારી. ૯

એહવે સાસન દેવતારે લાલ, આવી ભાંખે સાખરે; સા૦
વચન મલ્યાં બેઉ સારિખાંરે લાલ, વળતું રાજા ભાંખરે. સા૦સા૦ ૧૦
બંધુસરી દેશ બાહરેરે લાલ, કાઢો કરે હુકંમરે; સા૦
આજ પછી કોઈ એહવાંરે લાલ, ન કરે અસુભ કામરે. સા૦ સા૦ ૧૧
રિષભસેનની નારીનેરે લાલ, મહોચ્છવ કરે મહારાજરે; સા૦
નિજ મંદિર પોહોતી કરીરે લાલ, સિધ્યાં વંછિત કાજરે. સા૦સા૦૧૨

તે વખતે શાસન દેવતાએ પણ પ્રગટ થઇને તે જોગીની સાખ પૂરી, એવી રીતે

બન્નેની વાતો એક સરખી મળવાથી, રાજાએ હુકમ કર્યો કે ॥ ૧૦ ॥ બંધુસરીને દેશ નીકાલ કરો, કે આજ પછી કોઇ એવું દુષ્ટ કામ કરે નહીં ॥ ૧૧ ॥ પછી તે રૂષભસેનની સ્ત્રી જયસેનાને રાજાએ કેટલાક મહોત્સવ પૂર્વક તેને પોતાને ઘેર મોકલી, અને તેથી તેનું ઇચ્છિત કામ સિદ્ધ થયું ॥ ૧૨ ॥

સોવન વૃષ્ટિ કરી તિહાંરે લાલ, મહિમા કીધો દેવરે; સા૦
સાચો ધરમ સંસારમાંરે લાલ, સહુ કરજો નિત્ય મેવરે. સા૦ સા૦ ૧૩
રાજા સમકીત પામીયોરે લાલ, ધરમ તણાં ફલ દેખરે; સા૦
હું ધરમે નિશ્ચલ થઇરે લાલ, તે દેખી સુવિશેષરે. સા૦ સા૦ ॥ ૧૪ ॥
શેઠ સહિત છ ભામનીરે લાલ, કહે સાચું કહ્યું એહરે; સા૦
લતા કહે માનું નહીંરે લાલ, ભાંખ્યું કૂડું તેહરે. સા૦ સા૦ ॥ ૧૫ ॥

પછી ત્યાં દેવે સોનાની વૃષ્ટિ કરી તેનો મહીમા દેખાડ્યો; માટે કવી કહે છે કે, સઘળા માણસોએ આ સંસારમાં સત્ય ધર્મ અંગીકાર કરવો ॥ ૧૩ ॥ વળી રાજા પણ એવી રીત ધર્મનું ફળ જોઇને સમકીત પામ્યો, અને તેથી હું પણ ધર્મમાં નિશ્ચલ થઇ ॥ ૧૪ ॥ તે સાંભળી અર્હદાસ શેઠ સહીત છએ સ્ત્રીઓએ કહ્યું કે, આ સઘળી વાત સાચી કહી છે, પણ એકલી કુંદલતા કહેવા લાગી કે, તે સઘળું જુઠું છે, માટે હું માનું નહીં ॥ ૧૫ ॥

શ્રેણિકાદિક ચિંતવેરે લાલ, જુઓ હઠીલી નારરે; સા૦
સાતમો ખંડ પૂરો થયોરે લાલ, નેમવિજય સુખકારરે. સા૦ સા૦ ૧૬
હીરવિજય સૂરી તણારે લાલ, શુભવિજય તસ શિષ્યરે; સા૦
ભાવવિજય કવિ દીપતારે લાલ, સિદ્ધિ નમું નિસ દિસરે. સા૦સા૦૧૭
રૂપવિજય રંગે કરીરે લાલ, કૃષ્ણવિજય કર જોડરે; સા૦
રંગવિજય ગુરૂ માહરારે લાલ, નાવે કોઇ એહની હોડરે. સા૦સા૦ ૧૮
સાતમા ખંડ તણી કહીરે લાલ, અગ્યારમી ઢાલ રસાલરે; સા૦
નેમ કહે ભવિયણ તુમેરે લાલ, સાંભલો બાલ ગોપાલરે. સા૦ સા૦ ૧૯

તે સાંભળી શ્રેણિક, અભયકુમાર તથા ચોર વિચારવા લાગ્યા કે, અહો આ સ્ત્રી પણ કેવી હઠીલી છે? નેમવિજયજી મહારાજ કહે છે કે, સુખ કરવાવાળો એવો આ સાતમો ખંડ સંપૂર્ણ થયો ॥ ૧૬ ॥ હીરવિજય આચાર્યના શિષ્ય શુભવિજયજી થયા, તેના શિષ્ય ભાવવિજયજી મોટા કવી હતા, તથા તેના શિષ્ય સિદ્ધિવિજયને હું હમેશાં નમસ્કાર કરૂં છું ॥ ૧૭ ॥ તેના શિષ્ય રૂપવિજય, તથા તેના શિષ્ય કૃષ્ણવિજયને પણ હું હમેશાં નમસ્કાર કરૂં છું, વળી તેના શિષ્ય રંગવિજય કે જે મારા ગુરૂ થાય, તેની તો કોઈ જોડી પણ જડસે નહીં ॥ ૮ ॥ એવી રીતે રસાળ એવી સાતમા ખંડની અગ્યારમી ઢાલ કહી, નેમવિજયજી મહારાજ કહે છે કે, હે ભવ્ય બાળગોપાળો તમે સાંભળજો ॥ ૧૯ ॥

ઇતિ શ્રી ધર્મ પરીક્ષા રાસે સપ્તમ ખંડ સંપૂર્ણ.

# खंड ८ मो.

## दुहा.

પૂછે ચંદનશ્રી પ્રતે, અર્હદ્દાસ ઉલ્લાસ; ભામની તેં ભગવંતનો, લહ્યો ધર્મ તેમ ભાસ ॥ ૧ ॥ કહે નારી કપીથ પૂરે, અરિમર્દન રાજાન; સોમદત્ત બ્રાહ્મણ વસે, દારિદ્ર તણો નિધાન ॥ ૨ ॥ તેહની નારી સોમીલા, તાપ થકી મૂઇ સોય; રતિ નવિ પામે દ્વિજ કિહાં, કરે દુઃખ બહુ રોય ॥ ૩ ॥ સોમદત્ત વનમાં ગયો, મલ્યો સાધુ મહાભાગ; તેહને વચને ઉપન્યો, નિર્ભય મન વૈરાગ ॥ ૪ ॥

પછી તે અર્હદ્દાસ શેઠ આનંદથી ચંદનશ્રીને પુછવા લાગ્યા કે, હે સ્ત્રી તેં શ્રી અરિહંત પ્રભુનો ધર્મ શી રીતે અંગીકાર કર્યો, તે તું કહી સંભળાવ ॥ ૧ ॥ ત્યારે સ્ત્રીએ કહ્યું કે, કપીથપુર નામે નગરમાં અરિમર્દન નામે રાજા હતો, ત્યાં એક મહા દરિદ્રિ સોમદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો ॥ ૨ ॥ તેની સોમીલા નામે સ્ત્રી તાવથી મૃત્યુ પામી, તેથી તે બ્રાહ્મણને જરા પણ સુખ થાય નહીં, અને તે દુઃખી થતો અત્યંત રૂદન કરતો હતો ॥ ૩ ॥ પછી સોમદત્ત તો ત્યાંથી વનમાં ગયો, ત્યાં તેને એક ઉત્તમ સાધુ મળ્યો, અને તેનો ઉપદેશ સાંભળવાથી તેને (સોમદત્તને) મનમાં ભય રહિત વૈરાગ્ય ઉત્પન્ન થયો ॥ ૪ ॥

यतः — नवश्रोतबिलेमुष्मिन् । कलेवरगृहेकिल ॥
जीवस्यवसतःकाल । व्यालतःकुशलंकियत् ॥ १ ॥

વહેતાં એવાં નવ દ્વાર વાળા આ કલેવર રૂપી ઘરમાં રહેતા આ જીવને કાળ રૂપી સર્પથી બચવું મહા મુશ્કેલ છે ॥ ૧ ॥

શ્રાવકનાં વ્રત આદરી, આવ્યો નગર મોઝાર; ધર્મ પ્રભાવે ધન મલ્યું, તજ્યા પાપ વ્યાપાર ॥૫॥ વાડવને માને ઘણું, વ્યવહારી ધનપાલ; સ્વામિ જાણી આપણો, કરે સાર સંભાલ ॥ ૬ ॥ રોગાકુલ થયો એકદા, બ્રાહ્મણ તે સોમદત્ત; તેડાવી ધનપાલને, કહે બાંધવ સુણ વત્ત ॥ ૭ ॥

ત્યાંથી તે શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કરીને નગરમાં આવ્યો, ત્યાં ધર્મ પસાએ તેને દ્રવ્ય મળવાથી પાપકારક ધંધાનો તેણે ત્યાગ કર્યો ॥ ૫ ॥ તે નગરમાં એક ધનપાલ નામે વેપારી હતો તે આ બ્રાહ્મણને પોતાનો સ્વામીભાઇ જાણી તેની ઘણી આસના વાસના કરતો ॥૬॥ પછી એક વખતે તે સોમદત્ત બ્રાહ્મણને રોગ થવાથી, તેણે ધનપાલ શેઠને બોલાવી કહ્યું કે, હે ભાઇ, હું તને જે વાત કહું તે સાંભળ. ૭

## ઢાલ પેહેલી.

મુજ લાજ વધારો રે–એ દેશી.

બ્રાહ્મણ કહે વાતરે, સુણ શેઠ સુજાતરે, દિન રયણી નજાત ચિંતા છે મુજનેરે; તે ટાલો ભાઈરે, જેમ સહગતિ થાઈરે, તું પરમ સખાઇ કહું છું તુજનેરે ॥૧॥ ચિંતા હેતુ દાખોરે, કાંઇ મનમાં ન રાખો, જે મુજને ભાંખો તે કરસું સહીરે; સોમદત્ત વળી બોલેરે, તું પુરૂષ અમોલેરે, તારે કોણ તોલે આવે ઇણ મહીરે. ૨ સોમા મુજ કન્યારે, ગુણ લક્ષણ ધન્યારે, નહીં એવી અન્યા સોપું તુજ ભણીરે; બ્રાહ્મણ નહીં ખીણારે, જિન ધર્મે લીણારે, જોઇ પ્રવીણો કરજો એહનો ધણીરે ॥ ૩ ॥

પછી તે બ્રાહ્મણ શેઠને કહેવા લાગ્યો કે, હે શેઠ તમે બહુ ઉત્તમ છો, મને એક મોટી ચિંતા હોવાથી મારો રાત્ર દિવસ જતો નથી, તે મારી ચિંતાનો તમે નાશ કરો કે જેથી મારી ઉત્તમ ગતિ થાય, આ હું તને ઉત્તમ અને સાહ્યકારક માણુસ જાણી એમ કહું છું ॥૧॥ ત્યારે શેઠે કહ્યું કે, તારે કંઈપણ સંદેહ રાખ્યા વિના મને જે તારી ચિંતા હોય તે કહેવી, કે જેથી તેનો હું ઉપાય કરૂં, તે સાંભળી સોમદત્તે કહ્યું કે, તું કોઇ અમુલ્ય પુરૂષ છે, આ જગતમાં તારે તોલે કોણ આવી શકે એમ છે? ૨ મારે એક સોમા નામે પુત્રી છે, તે મહાગુણવાન તથા શુભ લક્ષણ વાળી છે એની તોલે બીજી કોઇપણ નથી, તે કન્યા આજ હું તમને સોંપુંછું; તેને તમે કોઇ ઉત્તમ ભણેલો તથા જૈન ધર્મી બ્રાહ્મણને શોધી, તેના સાથે પરણાવજો ॥ ૩ ॥

શેઠે કહ્યું વારૂરે, પરમેસર સારૂરે, એમ કરસું વિચારી આણી નિજ મંદિરેરે; દ્વિજ સરગે પહોતરે, જિહાં સુખ બહોતરે, શેઠ ગુણયુત પાલે પુત્રીની પરેરે ॥ ૪ ॥ સંગતિ સાધવીનીરે, સાતે ધાતે ભીનીરે, જિન ધરમે લીની કરતી જિન પૂજનારે; દીઠી રૂદ્રદત્તેરે, લાગી તસ ચિત્તેરે, નિજ મિત્રને પૂછે એ કેહની ધૂઆરે ॥ ૫ ॥ મિત્ર કહે સુણ ભાઈરે, સોમદત્તની જાઈરે, ધનપાલ ઘરે આઇ વાધે સુંદરીરે; રૂદ્રદત્ત કહે પરણીરે, કરીસ હું ઘરણીરે, એ અનોપમ તરૂણી સોવન મુદ્રડીરે ॥ ૬ ॥

પછી શેઠે પણ પરમેશ્વરની ખાતર તે વાત કબુલ કરી કહ્યું કે, તમારા કહેવા પ્રમાણે કરશું, એમ કહી તે પોતાને ઘેર ગયો, ત્યાર પછી બ્રાહ્મણ ત્યાંથી મરીને સ્વર્ગમાં જઇ સુખ ભોગવવા લાગ્યો, અહીં શેઠ તે બાલીકાને પોતાની પુત્રીને પરે રાખે છે ॥ ૪ ॥-વળી તે બાળિકા સાધ્વીની સંગત કરતી, તથા તે સઘળી વાતે વૈરાગ્યવાન હતી, વળી તે જૈન ધર્મમાંજ જોડાઇને જિનેશ્વરની પૂજા કરતી; એક દહાડો તે કન્યાને રૂદ્રદત્ત નામના બ્રાહ્મણે જોવાથી તેનું ચિત્ત તેણીમાં લાગ્યું, અને તેથી તે પોતાના મિત્રને પુછવા લાગ્યો કે, આ કોની પુત્રી છે? ॥૫॥ ત્યારે તેના મિત્રે કહ્યું કે, હે ભાઈ, એ સોમદત્ત બ્રાહ્મણની પુત્રી છે, તથા તે ધનપાલ શેઠને ઘેર ઉછરે છે; તે સાંભળી રૂદ્રદત્તે કહ્યું કે, એ સોનાની વીંટી સરખી સુંદર સ્ત્રીને હું પરણીને તેણીને મારી સ્ત્રી બનાવીશ ॥ ૬ ॥

હુતી વડભાગીરે, દીક્ષિતાદિક માગીરે, હુઆ બહુ રાગી જિન વિણુ થઈ નહીંરે; તું તો જુઆરીરે, સાત વ્યસનનો ધારીરે, કેણી પરે અ-વિચારી પામશે એહનેરે ॥ ૭ ॥ બોલે અહંકારીરે, જોજે મતિ મારીરે, ન પરણું એ નારી તો કહેજે પશુરે; ચાલ્યો પર દ્વિપેરે, એક સાધુ સમીપેરે, સઘલી વીધી દીપે જેમ શ્રાવક શિશુરે ॥ ૮ ॥ ફરી આવ્યો વેગેરે, મનને ઉદવેગેરે, દેહરે સંવેગે આવી પૂજા કરીરે; ગાયે ગીત રસાલરે, ચોખી કહે ઢાલરે, દેખી ધનપાલ પૂછે ઉલટ ધરીરે ॥૯॥

વળી તે મિત્રે કહ્યું કે, તે ભાગ્યવંતી સ્ત્રીની તો દિક્ષિત આદિક ઘણાં માણસોએ માગણી કરી, પણ જૈન શિવાય તેણી કોઈ ઉપર પ્રિતિ કરતી નથી, અને તું તો જુગારી તથા સાતે વ્યસનો સેવનારો છે, તો તું તેણીને શી રીતે મેળવી શકીશ? ॥ ૭ ॥ ત્યારે તે અહંકાર લાવી બોલ્યો કે, હવે જો એ સ્ત્રીને હું બુદ્ધિ બળથી ન પરણું તો તારે મને ઢોર સરખો જાણવો; પછી તે બીજે ગામ એક જૈન સાધુ પાસે ગયો, અને તેની પાસે સઘળી શ્રાવકની વિધિ (વ્યવહાર) શીખ્યો ॥ ૮ ॥ ત્યાંથી પાછો ફરીને ઘેર આવી તેણે ચપળ ચિત્તથી દેરે જઇ, વૈરાગ્ય ભાવથી પૂજા કરી, તથા તે પછી ઉત્તમ રાગથી, દેશીબંધ ગાયન ગાઇ સ્તુતિ કરવા લાગ્યો, તે જોઈ ધનપાળ શેઠે મનમાં ઉલટ લાવીને તેને પુછયું ॥ ૯ ॥

કિહાંથી તુમે આવ્યારે, કોણ જાતે કહાવ્યારે, મનમાં બહુ ભાવ્યા વાણારસી નયરે વસુંરે; માબાપે કાળરે, કીધો અકાળરે, બ્રાહ્મણ દયાલ અધું કહું કેસુંરે ॥ ૧૦ ॥ ધીરજ મન ધરતારે, તીરથ જાત્રા કરતારે, એણી પરે ફરતાં એક દિન મુનિવર મલ્યોરે; તેણે ભાંખ્યો ધર્મરે, જેહથી શિવ શર્મરે, સુણી જિનધર્મ મુજ મિથ્યા મત ટલ્યોરે ॥ ૧૧ ॥ ચૈત્યવંદન કાજરે, આવ્યો ઈહાં આજરે, અવધારો મહારાજ શેઠ કહે અસુંરે; ઘર આવો દેવરે, કરસું તુમ સેવરે, સોમા તતખેવ તુજને પરણાવસુંરે ॥ ૧૨ ॥

તમે કયાંથી આવ્યા? તથા તમારી જાતિ શું છે? તમે મને બહુ વાલા લાગો છો, તે સાંભળી તેણે કહ્યું કે, હું વાણારસી નગરીમાં રહું છું, મારા માબાપ અકાળે મૃત્યુ પામ્યા છે, અને હું એક દયા પાત્ર બ્રાહ્મણ છું ॥ ૧૦ ॥ પછી તો મનમાં ધીરજ રાખી, હું તીર્થ જાત્રા કરવા નિકળ્યો, અને એવી રીતે ફરતાં ફરતાં એક મુનિ મને મળ્યા, તેણે મોક્ષ દેવા વાળા જૈન ધર્મનો મને ઉપદેશ કર્યો, જેથી મારાં મિથ્યાત્વનો નાશ થયો ॥ ૧૧ ॥ વળી આજે હું ચૈત્યવંદન કરવા વાસ્તે અહીંઆ આવ્યો છું, એવી રીતે મારો વૃતાંત છે, તે સાંભળી શેઠે કહ્યું કે, આજે તમે મારે ઘેર આવો, કે જ્યાં તમારી સેવા ભકિત કરીને તુરત તમોને સોમા નામની કન્યા પરણાવશું ॥ ૧૨ ॥

વિષ સરીખી વામરે, તેહસું નહીં કામરે, તસ લીજે નહીં નામ ઠગ એમ કહેરે; આગ્રહ અતિ કીધરે, જાણ્યું કારજ સીધરે, પરણીને પર-

સીધ સંધા નિરવહીરે ॥ ૧૩ ॥ જુવારી જેથરે, જઇ ભાંખે તેથરે, સહુ આવો એથ કંકણ બાંધી આવીયોરે; કીધો પરપંચરે, હુવો રોમંચરે, જુઓ મુજ સંચ સોમા ઘર લાવીયોરે ॥ ૧૪ ॥ કરે કૈ તવ પ્રશંસારે, કર જોડી નમસ્યારે, ન કરે કોઇ ખીંસા તે સુખ ભોગવેરે; પૂરે મન આસરે, નરનારી આવાસરે, સવિ વિલાસ રયણી દિન જોગવેરે ॥ ૧૫ ॥ ગયો કેતો કાલરે, વલી તેહજ હવાલરે, નવિ જાયે ઢાલ જેહને જે પડીરે; પ્રકૃતિ જાસરીરરે, વિચલે નવિ ધીરરે, પેહેલી સુણો વીર ઢાલ ખંડ આઠમે ભડીરે ॥ ૧૬ ॥

ત્યારે તે ધુતારો કહેવા લાગ્યો કે, સ્ત્રી તો સઘળી ઝેર સરખી મહાદુઃખ દાયક છે, તેની સાથે મારે કંઇ પ્રયોજન નથી, માટે તે પરણવા કરવાનું તો તમારે નામજ લેવું નહીં; પણ પછી શેઠના ઘણાં આગ્રહથી, તેણે જાણ્યું કે હવે લાગ ઠીક છે, એમ વિચારિ તેણે હા પાડવાથી શેઠે તેનાં જાહેર લગ્ન તે કુંવરી સાથે કરી આપ્યાં. ૧૩ ત્યાર પછી તે જ્યાં સઘળા પોતાના મિત્ર જુગારીઓ એકઠા થયા હતા, ત્યાં જઇ કહેવા લાગ્યો કે, જુઓ, હું આજે કંકણ બાંધી લાવ્યો! અને હરખ સહિત વળી કહ્યું કે, ખુબ પ્રપંચ રચીને આજે આ સોમાને પરણી મારે ઘેર લાવ્યો છું, માટે મારી બુદ્ધિ કેવી સરસ છે? ॥ ૧૪ ॥ તે સાંભળી સઘળા જુગારીઓ તેને નમસ્કાર કરી, તેના વખાણ કરવા લાગ્યા, અને તે સુખ ભોગવવા લાગ્યો, જે બાબતમાં તેની કોઈ પણ હાંસી કરતું નહીં; પછી તો તેઓ બન્ને સ્ત્રી ભરતાર પોતાને ઘેર રાત દહાડો સુખવિલાસ ભોગવવા લાગ્યા ॥ ૧૫ ॥ એમ કરતાં કેટલોક વખત ગયો, પણ પાછળથી તેણે પોતાની જુગારની ટેવ પકડી; કારણ કે, જેને જે ટેવ પડી હોય તે જતી નથી; જે માણસની ઉત્તમ પ્રકૃતિ છે, તે માણસ કોઈ વખતે પણ ચલાયમાન થતો નથી; એવી રીતે આઠમા ખંડની પેહેલી ઢાલ સંપૂર્ણ થઇ ॥ ૧૬ ॥

## दुहा.

મરજાદા પાલી ભળી, દિવસ કેટલા સીમ; ઘૂતાશક્ત વલી થયો, રયો કપટીનો નીમ ॥ ૧ ॥ સુમિત્રા વેશ્યા સુતા, કામલતા તસુ નામ; તેહસું વિલસે રાત દિન, તજી આપણો વામ ॥ ૨ ॥ સોમા મનમાં દુઃખ ધરે, નયણે મૂકે નીર; સુણી વાત શેઠે સહુ, દે પુત્રીને ધીર ॥ ૩ ॥

એવી રીત તેણે કેટલાક દિવસો તો સારી ચાલમાં ચાલીને કહાડ્યા, પણ પાછળથી પાછો તે જુગારમાં તલ્લીન થયો, કારણ કે કપટી માણસનો શું ભરોસો હોય! ૧ પછી તે પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને સુમિત્રા નામે વેશ્યાની કામલતા નામે પુત્રીની સાથે વિલાસ કરવા લાગ્યો ॥૨॥ તે જોઇ સોમા મનમાં દુઃખ પામતી આંખોમાંથી આંસુ પાડવા લાગી, તે વાત શેઠને કાને ગયાથી તે સોમાને ધીરજ દેવા લાગ્યા. ૩

બેટી દુઃખ કીજે નહીં, દીજે કર્મને દોષ; સુખ દુઃખ સરજ્યાં

પામીયે, શ્યો કીજે હવે શોષ ॥ ૪ ॥ આશા તજી ભરતારની, ધરી બેઠી ધર્મ ધ્યાન; ઈહ ભવ પરભવ જેહથી, સુખ પામસે નિરવાણ ॥ ૫ ॥ માની વાત પિતા તણી, એક પ્રાસાદ કરાવ; પ્રતિમા શ્રી શાંતિનાથની, થાપી મનને ભાવ ॥ ૬ ॥

હે પુત્રી મનમાં દુઃખ લાવવું નહીં, પોતાના કર્મનેજ દોષ દેવો, કારણ કે જેવાં કર્મો કર્યાં હોય, તેવાંજ સુખ દુઃખ પામીયે છીએ; માટે હવે તે બાબતમાં અફસોસ કરવો નહીં ॥ ૪ ॥ પછી તો તે સોમા પોતાના સ્વામિની આશા છોડીને ધર્મ ધ્યાન કરવા લાગી, કે જેથી તેને આ ભવ અને પર ભવમાં પણ સુખ મળશે. ૫ પછી તેણે પિતાની આજ્ઞા પ્રમાણે એક દેવળ બંધાવી, તેમાં શ્રી શાંતિનાથજીની પ્રતિમાનું મનના ભાવ સહિત સ્થાપન કર્યું ॥ ૬ ॥

પ્રતિષ્ટા કીધી પછી, સંઘ ભગત કરી સાર; સુમિત્રા કામલતા સહિત, તેડચો રૂદ્ર જુવાર ॥ ૭ ॥ ભોજન ભલાં કરાવિને, દીધાં ફોફલ પાન; ભજે ન ઉત્તમ અધમ પાપ, ચંદ્ર તણો અહિનાણ ॥ ૮ ॥

પછી તેની પ્રતિષ્ટા કરીને સ્વામિવત્સલ કર્યું, તેમાં સુમિત્રા વેશ્યા તથા તેની પુત્રી કામલતા સહિત રૂદ્રદત્તને પણ બોલાવ્યો ॥ ૭ ॥ પછી તેઓને સારી રીતે ઉત્તમ ઉત્તમ ભોજનો જમાડીને ઉપર પાન સોપારી આપ્યાં; કારણ કે, ચંદ્રની માફક ઉત્તમ માણસો પણ કોઈ દહાડો અધમ પાપોનું કામ કરતા નથી ॥ ૮ ॥

યતઃ—। निर्गुणेष्वपिसत्वेषु । दयाकुर्वंतिसाधवः ॥
नहिसंहरतिज्योत्स्नां । चंद्रश्चांडालवेश्मनि ॥ १ ॥

ઉત્તમ માણસો નિર્ગુણ પ્રાણીઓ ઉપર પણ કરૂણા રાખે છે, કારણ કે ચંદ્ર પણ કસાઈના ઘરમાંથી પોતાની ચાંદનીને કંઇ ખેંચી લેતો નથી ॥ ૧ ॥

## ઢાલ બીજી.

કાચી કલીય મ તોડ લવિંગરી ડાળીયાં, પીયુ ચાલ્યા પરદેશ બેઠી હોતી માલીયાં—એ દેશી.

સોમાનું રૂપ દેખી સુમિત્રા શિર ધૂણે, ચિંતે ચિત્તમાંહી એમ અહો એ કિમ બને; એહવી સુંદર નારી તજી કેમ પાપીયે, અથવા કૈ તવ બુદ્ધિ વિચારે નવિ હીયે ॥ ૧ ॥ કામ એહ કર્યું જે પુત્રીને ભાયગે, જો રહે જીવતી એહ થાયે સલ્ય જાયગે; એમ વિચારિ ફૂલ સર્પ ઘાલી ઘડે, કામલતા લેઈ સાથ આવી આદર વડે ॥ ૨ ॥ સરસ કુસુમની માલ આણી મેં જોવતી, પૂજી એણે જિનરાજ પાપ મલ ધોવતી; સરલપણે કર સ્પર્શ કર્યો ઘટે જેટલે, ભૂજંગમ ફૂલ માલ થયો તે તેટલે ॥ ૩ ॥

પછી સુમિત્રા વેશ્યા સોમાનું રૂપ જોઇ માથું ધુણાવી મનમાં વિચારવા લાગી કે, અરે! આવી સુંદર સ્રીનો આ પ્રાપીયે કેમ ત્યાગ કર્યો હોસે? ખરેખર તે ઠગારામાં બુદ્ધિનોજ અંશ નથી ॥ ૧ ॥ પછી તે સુમિત્રા ઘેર આવી વિચારવા લાગી કે, જો હવે આ સોમા મારી પુત્રીના કમ ભાગ્યથી જીવતી રહેશે, તો તો મારી પુત્રીને કોઇ દહાડો પણ આડી આવશે, એમ વિચારિ તેણે એક ઘડામાં ફૂલ તથા સર્પ ઘાલ્યો તથા તે ઘડો લઇ કામલતાની સાથે આદરપૂર્વક સોમાને ત્યાં તે આવી. ॥૨॥ પછી તેણે સોમાને કહ્યું કે, આજે તો હું તારા માટે એક ઉત્તમ ફૂલની માળા લાવી છું, અને તેથી આજે તું જિનેશ્વરની પૂજા કરી પાપ રૂપી મેલનો નાશ કરજે, તે સાંભળી સોમાએ તો સરલપણે તેમાં હાથ નાખ્યો, તેજ વખતે તે સર્પ ફૂલોની માળા રૂપે થયો ॥ ૩ ॥

લેઈ સુગંધી ફૂલ જિનેશ્વર અરચીયા, કેસર ચંદન અગર કપૂરે ચરચીયા; કામલતા ગલે હાર ઘાલ્યો રમત મિસે, નાગ ડસ્યો તતકાલ પડી ભોંઈ તસે ॥ ૪ ॥ મૃત પુત્રીને દેખ અકા કૂટે હૈયું, આક્રંદ કરે અપાર દૈવ તેં શું કીયું; કરે વિલાપ અનેક નયણે આંસુ ઝરે, ઘટ સરપ લેઈ વેગે આવી નૃપ મંદિરે ॥ ૫ ॥ કરતી હાહાકાર કહે પોકાર કરી, દેવ સુણો અરદાસ સોમા અતિ મદ ભરી; માહરી મારી બાલ હવે હું કેમ કરૂં, હું ડોસી નિરાધાર જીવિત કેણી પરે ધરૂં ॥ ૬ ॥

પછી તેણે સુગંધિ સુગંધિ ફૂલોથી તથા કેસર, સુખડ, અગર, કપૂર વિગેરેથી જિનેશ્વરની પૂજા કરી; અને પછી તેણીએ (સોમાએ) રમતમાંને રમતમાં તે હાર કામલતાના ગળામાં નાખવાથી તુરત તે સર્પ થઇ તેને કરડ્યો, અને તેથી તે પૃથ્વી ઉપર પડી. ૪ પછી તે કુટણી પોતાની પુત્રીને મરેલી જોઇને છાતી કુટવા લાગી તથા રૂદન કરતી કહેવા લાગી કે, હે દૈવ આ તેં શું કર્યું? એવી રીતે રૂદન કરતી આંખોમાં આંસુ સહીત તે ઘડો અને સર્પ લઇને રાજ દરબારમાં ગઈ ॥ ૫ ॥ ત્યાં હાહાકાર કરતી બૂમો પાડવા લાગી કે, હે દેવ, મારી એક અરજ તમે સાંભળો; આ સોમા બહુ મદોન્મત્ત થઇ છે, તેણીએ મારી પુત્રીને મારી નાખી, હવે હું શું કરૂં. વળી હું આધાર વિનાની ડોસી કેવી રીતે મારૂં જીવતર ગાળી શકું ॥ ૬ ॥

સોમા તેડાવી રાય કહે કુલ ખાંપણી, કામલતાને કાંઇ મારી તેં પાપિણી; કહે સોમા મહારાજ વચન અવધારીયે, જયણા સૂક્ષ્મ જીવ થૂલ કેમ મારીસે ॥ ૭ ॥ માંડી પૂરવ વાત સોમાએ સવી કહી, દેખાડ્યો ઘટ સાપ મિત્રા અવસર લહી; પંચ વરણ ફુલ માલ સોમા હાથે ધરી, મિત્રા ઝાલે હાથ અહી થાયે ફરી ॥ ૮ ॥ વાર ત્રણ એમ નાગ કુસુમમાલા હુવો, કહે સભા સહુ કોય સોમા સાચી જુઓ; દેખી ચમકયો ભૂપ નહીં એ માનવી, પ્રતક્ષ્ય દેવી તેહ એમ મન આણવી. ૯

ત્યારે રાજાએ સોમાને તેડાવી પુછયું કે, હે કુલખંપણી પાપણી તેં કામલતાને કેમ મારી? તે સાંભળી સોમા કહેવા લાગી કે, હે મહારાજ અમે શ્રાવકો નાના જીવો

સુધાંનું રક્ષણ કરીયે, તો આવા પંચેંદ્રિ જીવને કેમ મારીયે? ॥ ૭ ॥ પછી સોમાએ તે સઘળી વાત માંડીને કહી સંભળાવી, અને તે વખતે સુમિત્રાએ પણ તે સર્પ અને ઘડો વિગેરે દેખાડ્યાં; પછી ત્યાં આગળ જ્યારે તે માળા સોમાએ ઝાલી ત્યારે તે ફરીને ફુલની માળા થઇ, અને સુમિત્રાએ ઝાલી ત્યારે તે સર્પ થઇ ॥ ૮ ॥ એવી રીતે ત્રણ વાર કરવાથી પણ તે સાપ અને ફુલની માળા થઇ, તે જોઈ સભાના સર્વ માણુસો કહેવા લાગ્યા કે, સોમા સાચી છે, વળી તે ચમત્કાર જોઇ રાજા પણ વિચારવા લાગ્યો કે, એ ખરેખર દેવી છે, મનુષ્ય નથી ॥ ૯ ॥

**કર જોડી કરે રાય સોમાસું વિનતી, કામલતા જીવાડો અછો તુમ મહા સતી; મંત્ર નવકાર પ્રભાવ મૂર્છા મટી ગઈ, સતી તણે કર સ્પર્શે ઉઠી બેઠી થઈ ॥ ૧૦ ॥ સુમિત્રા નિજ કરતૂક પ્રકાશી શુભ મતે, ધર્મ તણાં ફલ દેખ લહ્યો ધર્મ ભૂપ તે; રૂદ્રદત્તાદિક અવર તિહાં શ્રાવક થયા, તેણે ઠામે સુણી સ્વામિ પાપ સવિ મુજ ગયાં ॥ ૧૧ ॥ શેઠ શેઠાણી સર્વ કહે સાચું કહ્યું, કુંદલતા કહે જૂઠ મેં નવિ સદ્દહ્યું; શ્રેણિક અભયકુમાર વચન તે સાંભલી, ચિંતે હઠીલી નાર ન દીસે એ ભલી ॥ ૧૨ ॥ દેસું દંડ પ્રભાત રાતે નવિ બોલીયે, વેચીને નિજ ઉંઘ ઉજાગરો કોણ લીયે; આઠમે ખંડે ઢાલ બીજી એ સોહતી, કહેશે મિત્રશ્રી વાત નેમ મન મોહતી ॥ ૧૩ ॥**

પછી રાજાએ હાથ જોડીને સોમાને કહ્યું કે, તું મહાસતી છે, માટે હવે આ કામલતાને જીવતી કર, પછી નવકાર મંત્રના પ્રભાવથી તેની મુર્છા નાશ પામી તથા તે સતીના હાથનો સ્પર્શ થતાંજ તે ઉઠીને બેઠી થઇ ॥ ૧૦ ॥ પછી સુમિત્રાને પણ ઉત્તમ બુદ્ધિ આવવાથી તેણે પોતાનું કાવતરૂં પ્રગટ કર્યું, તથા તે ધર્મનાં ફળ જોઇને રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો, વળી ત્યાં રૂદ્રદત્ત આદિકે પણ શ્રાવકનાં વ્રતો લીધાં, અને તે વાત સાંભળી મારાં પણ પાપોનો નાશ થવાથી હું ધર્મ પામી. ૧૧ તે સાંભળી શેઠ શેઠાણી વિગેરે કહેવા લાગ્યાં કે, તે વાત ખરી છે, ત્યારે કુંદલતાએ કહ્યું કે, હું તે વાત માનતી નથી; તે સાંભળી શ્રેણિક રાજા તથા અભયકુમાર વિચારવા લાગ્યા કે, આ સ્ત્રી ખરેખર હઠીલીજ છે, સારૂં માણસ લાગતી નથી. ૧૨ માટે એને સવારે શિક્ષા કરશું, અત્યારે રાત્રે કંઇ બોલવું નહીં, કારણ કે, પોતાની ઉંઘ વેચીને કયો માણસ ઉજાગરો ગ્રહણ કરે. એવી રીતે આઠમા ખંડની બીજી ઢાલ સંપૂર્ણ થઇ, હવે મિત્રશ્રી જે વાત કહેશે, તે નેમવિજયજીને બહુજ સારી લાગશે ॥ ૧૩ ॥

## દુહા.

**અર્હદ્દાસ મિત્રશ્રી પ્રતે, પૂછે બહુ ધરી પ્રેમ; કેમ પ્રાપ્તિ થઇ ધર્મની, સા પામી કહે તેમ ॥ ૧ ॥ વચ્છ દેશે નગરી વડી, કોસંબી સુખ થાન; ધનંજય રાજા તિહાં, સોમસર્મા પરધાન**

॥ ૨ ॥ માસોપવાસી એકદા, આવ્યો સાધુ ઉદ્યાન; તાસ પ્રભાવે વન થયાં, નવાં ફૂલ ફલ પાન ॥ ૩ ॥

પછી અર્હદાસ શેઠ પ્રેમ લાવીને મિત્રશ્રીને પુછવા લાગ્યા કે, તને ધર્મની પ્રાપ્તિ શી રીતે થઇ? ત્યારે તે પણ પોતાનો વૃતાંત કહેવા લાગી ॥ ૧ ॥ વચ્છ નામે દેશમાં કોસંબી નામનું ઉત્તમ નગર હતું, ત્યાં ધનંજય નામે રાજા હતો, તથા તેને સોમશરમા નામે પ્રધાન હતો ॥ ૨ ॥ એક વખતે ત્યાંના વનમાં એક માસોપવાસી સાધુ આવવાથી તેના પ્રભાવે કરીને વનમાં વૃક્ષો પર પણ સઘળા ફૂળ ફુલો નવાં આવ્યાં ॥ ૩ ॥

માસખમણને પારણે, નગરમાં રૂષિરાય; આવ્યા વેહોરણ દેખીને, પ્રણમે મંત્રી પાય ॥ ૪ ॥ શુદ્ધ પાન અસને કરી, પ્રતિલાભ્યો ધરી ભાવ; પંચ દિવ્ય પ્રગટ થયાં, પ્રાત્ર દાન પ્રસ્તાવ ॥ ૫ ॥ વિસ્મય પામ્યો વેગસું, આવ્યો જિહાં અણગાર; પૂછે બે કર જોડીને, ભગવન કહો વિચાર ॥ ૬ ॥

તે મુનિ માસખમણનું પારણું કરવાને નગરમાં આહાર લેવાને આવ્યા, તેને જોઇ મંત્રીએ તેને નમસ્કાર કર્યો ॥ ૪ ॥ અને તેણે તે મુનિને શુદ્ધ આહાર પાણી ઉત્તમ ભાવ સહિત આપ્યા, તે સુપાત્ર દાનના યોગે કરીને તેને ઘેર પંચ દિવ્યો પ્રગટ થયા. ૫ પછી તે આશ્ચર્ય સહિત એકદમ તે સાધુ પાસે આવ્યો, અને બે હાથ જોડી પુછવા લાગ્યો કે, હે સ્વામિ આનું કારણ મને સમજાવો ॥ ૬ ॥

અગ્નિહોત્રી દિક્ષિત ભણી, દીધાં મેં બહુ દાન; કનક નાગ તિલ અશ્વ રથ, દાસી મહી પરધાન ॥ ૭ ॥ કન્યા કપિલા ધેનુ વળી, મહાદાન દસ એહ; પણ અતિશય દીઠો નહીં, શું કારણ છે તેહ ॥ ૮ ॥

મેં ઘણાં અગ્નિહોત્રી બ્રાહ્મણોને, સોનું, હાથી, તલ, ઘોડા, રથ, ચાકર, જમીન વિગેરે ઘણું દાન આપ્યું છે ॥ ૭ ॥ વળી કન્યા, તથા પીળી ગાય, વિગેરે દશ મહાદાન આપ્યા છે, પણ તેનો મેં કંઇ પ્રભાવ દીઠો નહીં, માટે તેનું શું કારણ હશે તે કહો? ॥ ૮ ॥

## ઢાલ ત્રીજી.

નણદલની દેશી.

મુનિવર કહે મહેતા સુણો, અસંજતિ એહ અજાણ; શુભમન.
છ કાયની હીંસા કરે, તેણે ફળ નહીં મન આણ. સુ૦ મુ૦ ॥ ૧ ॥
એ આંકણી.

ઓખર ખેત્રે વાવીયો, જેમ નિષ્ફલ થાયે બીજ; સુ૦
તેમ દીધું કુપાત્રને, તે પણ ગણો તિમહીજ. સુ૦ મુ૦ ॥ ૨ ॥

જ્ઞાનવંત ક્રિયા કરે, તે જાણીજે સુપાત્ર; સુ૦
તેહને દીધું બહુ ફલે, તપ કરે નિરમલ ગાત્ર. સુ૦ મુ૦ ॥ ૩ ॥

ત્યારે મુનિએ કહ્યું કે તે સઘળા વૈરાગ્ય વિનાના અજ્ઞાનીઓ છે, કારણ કે તેઓ હમેશા છકાય જીવોની હિંસા કરે છે, અને તેથી તેનું ફળ મળતું નથી; એ વાત તારે ચોકસ મનમાં જાણવી ॥ ૧ ॥ વળી ઓખર ભૂમીમાં વાવેલું બીજ જેમ ફોગટ જાય છે, તેમજ કુપાત્રે દાન દેવાથી પણ તે ફોગટ જાય છે ॥ ૨ ॥ જે માણસ જ્ઞાન સહિત શુભ ક્રીયા કરે છે, તેને સુપાત્ર જાણવો, તેને દાન દેવાથી ઘણું ફળ થાય છે, કારણ કે, તપસ્યા કરવાથી તેનું શરીર નિર્મળ હોય છે. ॥૩॥

यतः—एकवापीजलंसिक्तं । मात्रेमधुरतांव्रजेत् ।
निंबेजकटुतांयाति । पात्रापात्रनियोजनात् ॥ १ ॥

પાત્ર કુપાત્રના પ્રભાવથી એક વાવના પાણીથી ઉછરેલા આંબામાં મિઠાસ આવે છે, તથા તેજ પાણીથી ઉછરેલા લિંબડામાં કડવાસ આવે છે ॥ ૧ ॥

પૂછે મંત્રી મુનિ પ્રતે, ચિત્ત કોમલ નહીં ધીઠ; સુ૦
માહારી પરે બીજે કેણે, દાન તણાં ફલ દીઠ. સુ૦ મુ૦ ॥ ૪ ॥
વિશ્વભૂતિ બ્રાહ્મણ તણી, કથા કહે મુનિરાજ; સુ૦
દેશ વૈરાટ દક્ષિણ દિશે, સોમપ્રભ તિહાં રાજ. સુ૦ મુ૦ ॥ ૫ ॥
બ્રાહ્મણને માને ઘણું, ભક્તિ કરે નિત્ય મેવ; સુ૦
બેઠો સભામાંહે એમ કહે, વાડવ જગમાં દેવ. સુ૦ મુ૦ ॥ ૬ ॥

ત્યારે મંત્રિએ મુનિને પુછ્યું કે, ચિત્ત કોમળ નથી, પણ કઠોર છે, તો મારી માફક બીજા કોઇને દાનનું ફળ મળેલું છે? ॥ ૪ ॥ ત્યારે મુનિરાજ વિશ્વભૂતિ નામે બ્રાહ્મણની વાત કહેવા લાગ્યા; દક્ષિણ દિશામાં વૈરાટ દેશમાં સોમપ્રભ નામે એક રાજા હતો ॥ ૫ ॥ તે બ્રાહ્મણોને બહુ માનતો, તથા તેની હમેશાં ભક્તિ કરતો, અને સભામાં બેશીને પણ એમજ કહેતો કે, બ્રાહ્મણો આ જગતમાં દેવ સમાન છે. ૬

વીત સફલ કરવા ભણી, બહુ સુવરણ નામે જાગ; સુ૦
બ્રાહ્મણ પાસે મંડાવીયો. પુણ્ય ઉપર ધરી રાગ. સુ૦ મુ૦ ॥ ૭ ॥
જગન કરે તિહાં ઢુકડો, વિશ્વભૂતિ રહે વિપ્ર; સુ૦
ખલે જઈ જવ જાચીને, સાચું કરે તે ખિપ્ર. સુ૦ મુ૦ ॥ ૮ ॥
ચાર પીંડી કરે તેહની, પેહેલી હુતવહ પોખ; સુ૦
બીજી અતિથિ ત્રીજી પોતે, ચોથી નારી સંતોષ. સુ૦ મુ૦ ॥ ૯ ॥

પછી એક વખતે તેણે ધર્મ ઉપર પ્રિતિ થવાથી, પોતાનું ધન સફળ કરવાને, બ્રાહ્મણો પાસે બહુ સુવર્ણ નામે યજ્ઞ મંડાવ્યો ॥ ૭ ॥ હવે તે યજ્ઞ જ્યાં થતો હતો, ત્યાં નજિકમાં એક વિશ્વભૂતિ નામે બ્રાહ્મણ રહેતો હતો, તે હમેશાં ખલા ઉપર જઈ જવ માંગી લાવીને તેનો સાથવો બનાવતો, તથા તેના ચાર પિંડ કરીને તેમાંથી પેહેલો પિંડ અગ્નિમાં નાખતો, બીજો કોઇ અતિથિને આપતો, તથા ત્રીજો પોતે ખાતો, તથા ચોથો પોતાની સ્ત્રીને ખાવા આપતો હતો ॥ ૮ ॥ ૯ ॥

આવ્યો મુનિવર ગોચરી, વિશ્વભૂતિને બાર; સુ૦
બીજે પિંડે નિમંત્રીયો, નવિ લીધો અણગાર. સુ૦ મુ૦ ॥ ૧૦ ॥
મુજ પિંડિ લ્યો સ્વામિજી, સચિતે મિશ્રિત દીઠ; સુ૦
તે પણ મુનિ લીધી નહીં, નારી બોલે મીઠ. સુ૦ મુ૦ ॥ ૧૧ ॥
આહાર માહારો પ્રભુ દીજીયે, એ છે મોટું પાત્ર; સુ૦
આજ સફલ દિન આપણો, જંગમ તીરથ જાત્ર. સુ૦ મુ૦ ॥ ૧૨ ॥

એવામાં ત્યાં તે વિશ્વભૂતિને ઘેર એક મુનિરાજ ગોચરી કરવા (આહાર લેવા) આવ્યા, ત્યારે તેણે બીજો પિંડ તેને આપવા માંડ્યો, ત્યારે મુનિરાજે તે લીધો નહીં ॥૧૦॥ ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, આ મારી પીંડ લ્યો, તે પિંડ પણ સચિત વસ્તુના સંભેળ વાળી હોવાથી મુનિયે લીધી નહીં, ત્યારે તેની સ્ત્રી મીઠાં વચનોથી બોલવા લાગી. ૧૧ હે સ્વામિ, મારો પિંડ તે મુનિને આપો; કારણ કે તે મહા સુપાત્ર મુનિ છે, વળી આજે આપણે આ સાધુ રૂપી જંગમ તીર્થનાં દર્શન થયાં, તેથી આપણો દિવસ પણ સફળ થયો જાણવો ॥ ૧૨ ॥

આહાર લીધો મુનિએ સૂજતો, હેમ રતન થઈ વૃષ્ટિ; સુ૦
નરનારી બેહુ થયાં, સુધાં સમકિત દૃષ્ટિ. સુ૦ મુ૦ ॥ ૧૩ ॥
નરપતિને જઈ દ્વિજ કહે, દેખો જગન ફલ દેવ; સુ૦
કનક ધારા વૂઠી ઘણી, ભૂપ ભણે તતખેવ. સુ૦ મુ૦ ॥ ૧૪ ॥
મેં ધન દીધું તુમ ભણી, જઈને લ્યો તુમે તેહ; સુ૦
ત્રીજી ઢાળ ખંડ આઠમેં, નેમવિજય કહે એહ. સુ૦ મુ૦ ॥ ૧૫ ॥

ત્યારે તે મુનિએ સૂજતો આહાર લેવાથી, ત્યાં રત્નોની વૃષ્ટિ (વરસાદ) થઇ, અને તે સ્ત્રી ભરતાર ત્યાં શુદ્ધ સમકીતી થયાં ॥ ૧૩ ॥ પછી સઘળા બ્રાહ્મણો રાજાને જઇ કહેવા લાગ્યા કે, હે સ્વામિ, આ યજ્ઞનું ફળ તો તમે જુઓ! અહીં સોનાની વૃષ્ટિ થઈ, તે સાંભળી રાજા કહેવા લાગ્યો ॥ ૧૪ ॥ હે બ્રાહ્મણો જાઓ, મેં તમોને તે ધન બક્ષિસ આપ્યું, માટે તમો લેઇ લો; એવી રીતે નેમવિજયજીએ આઠમા ખંડની ત્રીજી ઢાલ કહી ॥ ૧૫ ॥

## દુહા.

ધન લેવા બ્રાહ્મણ ગયા, તવ તે થયા અંગાલ; ક્ષણ એક રહીને વળી ગ્રહે, જવ થાયે તે વ્યાલ ॥ ૧ ॥ વૃધે ભૂપતિને કહ્યું, નહીં જગન ફલ નાથ; વિશ્વભૂતિ કૃત દાન ફલ, ઇહ ભવ પરભવ સાથ ॥ ૨ ॥ ભૂપ ભણે વિશ્વભૂતિને, હું આવ્યો તુજ ગેહ; જગન્ય આધ ફલ લેઈને, દાન આધ ફલ દેહ. ૩

પછી તે બ્રાહ્મણો જેવા તે ધન લેવા ગયા તેવારે તે સઘળા કોયલા થઇ ગયા, વળી થોડી વાર રહીને તેઓ ફરી લેવા લાગ્યા, ત્યારે સર્પ રૂપે થઇ ગયા ॥ ૧ ॥ ત્યારે એક ઘરડે માણસે રાજાને કહ્યું કે, હે સ્વામિ, એ કંઇ જગનનું ફળ નથી; એતો વિશ્વભૂતિએ કરેલા દાનનું ફળ છે, કે જે દાન આ ભવ અને પરભવમાં પણ સુખ

દેવાવાળું છે ॥ ૨ ॥ પછી રાજા વિશ્વભૂતિને ઘેર જઈ તેને કહેવા લાગ્યો કે, હું આજે તારે ઘેર ચાલીને આવ્યો છું, માટે આ જન્મનું અરધું ફળ લઈને તારા દાનનું અરધું ફળ મને આપ. ॥ ૩ ॥

વિશ્વભૂતિ બોલે હસી, દાન ફલ ન દેવાય; દેવ તણું વિત લ્યો તમે, અધ ફલ ઘો કહે રાય ॥ ૪ ॥ વિશ્વભૂતિ વલતું કહે, સાંભલ રાય સુજાણ; સ્વર્ગ મુક્તિ સુખ જેહથી, તે કોણ વેચે દાન ॥ ૫ ॥ દેખી સત્ય નૃપ દ્વિજ તણું, ત્રુઠયો આપે રિદ્ધ; દલિદ્ર ગયું વિશ્વભૂતિનું, જિહાં સાહસ તિહાં સિદ્ધ. ૬ ભુપતિ પૂછે મુનિ પ્રતે, દાન કેતાં કહો સ્વામ; ત્રિધા દાન મુનિવર કહે, દીધે સીજે કામ ॥ ૭ ॥

ત્યારે વિશ્વભૂતિએ હસીને કહ્યું કે, દાનનું ફળ માણસથી આપી શકાયજ નહીં, આ દેવે આપેલું ધન તમારે જોઇએ તો તમે લઇ જાઓ. પણ રાજાએ તો હઠ લીધી કે દાનનું અડધું ફળ મને આપ ॥ ૪ ॥ ત્યારે વિશ્વભૂતિ ફરીને રાજાને કહેવા લાગ્યો કે, જેથી કરીને સ્વર્ગ અને મોક્ષનું સુખ મળે છે, તે દાનને કોણ વેચી નાખે ॥ ૫ ॥ એવી રીતે બ્રાહ્મણનું દૃઢપણું જોઇને રાજાએ તુષ્ટમાન થઇને તેને ઘણું ધન આપ્યું, એવી રીતે વિશ્વભૂતિની દરિદ્રતાનો નાશ થયો, કારણ કે જ્યાં સાચું નિશ્ચલપણું હોય ત્યાં સિદ્ધિ થાય છે ॥ ૬ ॥ પછી રાજા મુનિને પુછવા લાગ્યો કે, હે સ્વામિ, દાન કેટલા પ્રકારના છે, ત્યારે મુનિએ કહ્યું કે, દાન ત્રણ પ્રકારના છે, કે જેથી સઘળા કામો પાર પડે છે. ॥ ૭ ॥

## ઢાલ ચોથી.

નયરો નગીનો મારો, હારરો હીરો મારો, કેસરરો ભીનો મારો સાહેબો,
રાજેંદ્ર મારા, ઘડી એક રહો જૂકય હો—એ દેશી.

શાસ્ત્ર દાન તે જાણીયે, રાજેંદ્ર મારા, રા. લિખ લિખાવી ગ્રંથ હો;
સાધુ ભણી તે દીજીયે, રા. વાવે મુક્તિનો પંથ હો. ॥ ૧ ॥
એ આંકણી.

દાન ભવિક જન દીજીયે, રા. દાને દોલત થાય હો;
જસ કીરતિ ઈહિ ભવ લહે, રા. પરભવ મુગતિ જાય હો. દા૦ ॥ ૨ ॥
અભય દાન નર જે દીયે, રા. તેહને ભય નવિ કોય હો;
ઈહભવ પરભવ જાણજો, રા. શિવપુરનાં સુખ હોય હો. દા૦ ॥ ૩ ॥

એક શાસ્ત્રનું દાન, તે, હે રાજા, પુસ્તકો લખી અને લખાવી સાધુઓને આપવાં, કે જેથી મોક્ષનો માર્ગ મળે ॥૧॥ માટે હે ભવિ જીવો, એ દાન દેવું, કે જે દાન દેવાથી ધન પણ વધે છે, વળી આ ભવમાં જશ તથા આબરૂ મળે છે, તેમ પરભવમાં મોક્ષ મળે છે ॥ ૨ ॥ વળી બીજું જે માણસ અભયદાન આપે છે, તેને કંઇ ભય થતો નથી; વળી તેથી આ ભવમાં સુખી થઇ પરભવે મોક્ષ પામે છે ॥ ૩ ॥

આહાર ઓષધ વસ્ત્રે કરી, રા. થિર ધરમે થાપીજે હો;
ધરમ થયો ભાવ દાનથી, રા. આઠ કરમ કાપીજે હો. દા. ॥ ૪ ॥
કર નીચા જિનવર કરે, રા. અન્નદાન પરધાન હો;
તેહની ઉપમ કુણ કહું, રા. દીજે દેઈ માન હો. દા૦ ॥ ૫ ॥

વળી કોઈને, ખાવાનું, ઓસડ, તથા વસ્ત્રો આપીને ધર્મ પમાડવો, વળી ભાવ સહીત દાન દેવાથી ધર્મ પમાય છે અને તેથી આઠ કર્મોનો નાશ થવાથી મોક્ષ મળે છે ॥ ૪ ॥ વળી ત્રીજું અન્ન દાન મોટું કહ્યું છે, કેમ કે જિનવર સરખા પણ નીચો હાથ ધરે છે, તેથી તેની બરોબરી કોઈ દાન કરી શકતું નથી, માટે આદરમાન સહિત તે દાન દેવું ॥ ૫ ॥

यतः——ददस्वान्नंददस्वान्नं । ददस्वान्नं युधिष्टर ॥
अन्नदःप्राणदोलोके । प्राणदःसर्वकामदः ॥ १ ॥
रोगिभ्योभेषजंदेयं । रोगादेहविनाशकाः ॥
देहनासेकुतोज्ञानं । ज्ञानाभावेननिवृत्तिः ॥ २ ॥

હે યુધિષ્ટર તું અન્નનું દાન દે, કારણ કે અન્નનું દાન દેવાથી પ્રાણનું દાન દેવા બરોબર છે, અને પ્રાણનું દાન દેવાથી ઇચ્છિત વસ્તુઓ મળી શકે છે ॥ ૧ ॥ વળી રોગીને ઓસડ દેવું, કારણ કે રોગો શરીરનો નાશ કરે છે, અને શરીરનો નાશ થવાથી જ્ઞાન શી રીતે મળી શકે? અને જ્ઞાન વિના મોક્ષ મળતું નથી ॥ ૨ ॥

વસ્ત્ર વિવિધ પ્રકારનાં, રા. હિત કરી આપે હાથે હો;
તેહનું ફલ સદગુરૂ કહે, રા. છત્ર ધરાવે માથે હો. દા૦ ॥ ૬ ॥
દાન ત્રણ એમ સાંભલી, રા. પૃથ્વીપતિ પ્રતિબુદ્ધ હો;
વિશ્વભુતિ પણ તિહાં થયો, રા. વ્રતધર શ્રાવક શુદ્ધ હો. દા૦ ॥ ૭ ॥
સોમશર્મા મંત્રીશ્વરે, રા. કથા સુણી નીમ લીધ હો;
લોહાયુદ્ધ ધરૂં નહીં, રા. કાઠ કૃપાણજ કીધ હો. દા૦ ॥ ૮ ॥

વળી જે માણસ જુદાં જુદાં પ્રકારનાં વસ્ત્રોનું હાથે કરી દાન આપે છે, તેનું ફળ સદ્ગુરૂએ કહ્યું છે કે, તે માણસ માથે છત્રધારી થાય છે ॥ ૬ ॥ તે ત્રણે દાનોનો મહિમા સાંભળીને રાજાને પણ પ્રતિબોધ થયો, અને તે વખતે ત્યાં વિશ્વભૂતિ પણ બાર વ્રત ધારી પવિત્ર શ્રાવક થયો ॥ ૭ ॥ વળી તે વાત સાંભળી સોમશર્મા મંત્રિયે પણ નિયમ લીધું કે, હવે મારે લોઢાનું હથીયાર હાથમાં લેવું નહીં, અને તેથી તેણે લાકડાની તલવાર બનાવી ॥ ૮ ॥

પીશુને કાઠ કૃપાણની, રા. ભુપતિને વાત તે ભાસી હો;
સભામાંહે નૃપ બેશીને, રા. અસિની વાત પ્રકાસી હો. દા૦ ॥ ૯ ॥
ખડગ જોઈ ક્ષત્રિય તણાં, રા. મંત્રિનો અસિ માગ્યો હો;
ખલ વિલસિત જાણ્યું ખરૂં, રા. ભરમ સહી મુજ ભાંગ્યો હો. દા૦ ૧૦

પછી કોઇક ચાડીયાએ રાજા પાસે જઇ તે પ્રધાનની લાકડાની તલવારની વાત

કહેવાથી રાજાએ સભામાં જઇ તલવારની વાત કહાડી ॥ ૯ ॥ પછી રાજાએ ત્યાં કેટલાક રજપૂતોની તલવારો તપાસી; અને પછી મંત્રીની તલવાર પણ તેણે જોવાને માગી; ત્યારે મંત્રિએ વિચાર્યું કે, ખરેખર કોઇ દુષ્ટે આ વાત જાણી છે, અને તેણે આ મારો ભરમ રાજા પાસે ફોડ્યો છે ॥ ૧૦ ॥

यतः--परवादेदशवदनः । पररंध्रनिरीक्षणेसहस्राक्षः ॥
सधृतीवित्तहरणे । बाहुसहस्रार्जुनपिशुनः ॥ १ ॥

હે અર્જુન ચાડીયો માણસ પરના અવર્ણવાદ બોલવામાં હજાર મોઢાંવાળો, પરનાં છિદ્રો જોવામાં હજાર આંખોવાળો તથા ચોરી કરવામાં તે હજાર હાથોવાળો થાય છે ॥ ૧ ॥

સાચો ધરમ જો માહરો, રા. તો લોહમય અસિ થાજો હો;
એમ કહી રાજાને દીયો, રા. સંકટ દૂરે જાજો હો. દા૦ ॥ ૧૧ ॥
કોશ થકી રાયે કાઢીયો, રા. લોહ ઝલહલતો દીઠ હો;
ખલ સાહમું જોઈ કહે, રા. કેમ જૂઠું કહ્યું ધીઠ હો. દા૦ ॥ ૧૨ ॥

પછી મંત્રિયે મનમાં ધાર્યું કે, જો મારો ધર્મ સાચો હોય તો આ વખતે મારી તલવાર લોઢાની થજો, અને મારૂં દુઃખ દૂર થજો; એમ કહીને તે તલવાર રાજાના હાથમાં આપી ॥ ૧૧ ॥ પછી રાજાએ જેવી તે તલવાર મીયાનમાંથી કહાડી, તેવીજ તે લોખંડની થઈ ચળકાટ મારવા લાગી, તે જોઇ રાજાએ ચાડીયા સામું જોઇને કહ્યું કે, લુચ્ચા, તું જુઠું કેમ બોલ્યો? ॥ ૧૨ ॥

यतः — सर्वदेवमयोराजा । वदंतिविबुधाजनाः ॥
तस्मात्तत्पुरोनैव । वदेन्मृषाकथंचनः ॥ १ ॥

પંડીતોએ રાજાને સર્વ દેવોના રૂપ તુલ્ય કહ્યો છે, માટે તેની પાસે કોઇ પણ વખતે જુઠું બોલવું નહીં ॥ ૧ ॥

ઝાલો ચુગલને નૃપ વેદ, રા. તવ મંત્રિ એમ આંખે હો;
કોપ પ્રભુજી મત કરો, રા. એ જૂઠું નવિ ભાંખે હો. દા૦ ॥ ૧૩ ॥
મેં જિનધર્મજ આદર્યો, રા. જાણ્યો લોહનો દોષ હો;
કાષ્ટ કૃપાણ કરાવીયો, રા. પુણ્ય તણો થયો પોષ હો. દા૦ ॥ ૧૪ ॥
હમણાં ધર્મ પ્રભાવથી, રા. લોહ ખડગ એ દીસે હો;
સાંભલે રાજા પ્રજા સહુ, રા. ધરમ કરો નિસ દિસે હો. દા૦ ॥ ૧૫ ॥

પછી રાજાએ હુકમ કર્યો કે, એ ચાડીયાને પકડો, ત્યારે મંત્રિએ કહ્યું કે, હે સ્વામિ આપે ગુસ્સે ન થવું; કારણ કે તે કંઇ જુઠું બોલતો નથી ॥ ૧૩ ॥ મેં જૈન ધર્મ અંગીકાર કરીને, લોખંડનાં હથિયારમાં દોષ જાણીને લાકડાની તલવાર કરાવી છે, પણ આ વખતે તો પુણ્યનીજ પુષ્ટિ થઈ છે ॥ ૧૪ ॥ આ વખતે કેવળ ધર્મના પસાયથી તે તલવાર લોખંડની થએલી છે માટે હે રાજા, અને પ્રજા તમે સઘળા હમેશાં રાત દિવસ ધર્મ કરજો ॥ ૧૫ ॥

હું ધરમે નિશ્ચલ થઇ, રા. પ્રત્યક્ષ પ્રત્યય જોય હો;
શેઠ પ્રમુખ સાચું કહે, રા. લતા ન માને સોય હો. ઢા૦ ॥ ૧૬ ॥
ચોર મંત્રી રાજા કહે, રા. તજે ન દુરજન ચાલ હો;
ખંડ આઠમે ચોથી ભલી, રા. નેમવિજય કહે ઢાલ હો. ઢા૦ ॥ ૧૭ ॥

હું પણ તે પ્રત્યક્ષ દાખલો જોઇને ધર્મ પામી; ત્યારે શેઠ આદિક છએ સ્ત્રીયોએ તે વાત સાચી માની પણ કુંદલતાએ તે માની નહીં ॥ ૧૬ ॥ તે સાંભળી ચોર, રાજા, તથા પ્રધાન વિચારવા લાગ્યા કે, દુરજન પોતાની ટેવ તજતું નથી, એવી રીતે નેમવિજયજીએ આઠમા ખંડની ચોથી ઢાલ કહી ॥ ૧૭ ॥

## દુહા.

નાગશ્રી પૂછે થકી, જંપે મધુરી વાણ; મેં એમ સમકીત પામીયું, પ્રીતમ હયડે આણ ॥૧॥ નગરી નામ વણારસી, જીતારિ તિહાં ભુપ; કનકચિત્રા રાણી રતન, રંભા સરખી રૂપ ॥ ૨ ॥ સુતા સુમિત્રા તેહની, માટી બહોળી ખાય; પાંડુ રોગ તેથી થયો, આર્યા મલી એક આય ॥ ૩ ॥

પછી નાગશ્રીને પુછવાથી તે મીઠાં વચનોથી કહેવા લાગી કે, હે સ્વામિ મેં પણ જે રીતે સમકીત મેળવ્યું, તે રીત હે સ્વામિ તમે સાંભળજો ॥ ૧ ॥ વાણારસી નામે નગરીમાં જિતારિ નામે રાજા હતો, તેને રંભા સરખી રૂપાળી કનકચિત્રા નામે રાણી હતી ॥ ૨ ॥ તેની સુમિત્રા નામે પુત્રીને માટી ઘણી ખાવાથી પાંડુ રોગ થયો, એટલામાં ત્યાં એક સાધવી આવી ॥ ૩ ॥

તસ ઉપદેશે તિણે તજ્યાં, અનંત કાય અભક્ષ; નિરૂજ થઇ તે કન્યકા, ફલ્યો નિયમ પ્રત્યક્ષ ॥૪॥ જોવન આવી જાણીને, નૃપ વિવાહ નિમિત્ત; પટ્ટ અનેક દેખાડીયા, કોઇ ન આવ્યો ચિત્ત ॥ ૫ ॥

તેના ઉપદેશથી તેણે અનંત કાય ( કંદમૂળ વિગેરે ) તથા અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કર્યો; અને તે નિયમ તેને તત્કાળ ફળવાથી તે તુરત રોગ રહિત થઇ ॥ ૪ ॥ પછી જ્યારે તે યુવાવસ્થામાં આવી, ત્યારે રાજાએ તેનાં લગ્ન કરવા વાસ્તે ઘણા રાજાઓની છબીઓ તેને દેખાડી, પણ તેને કોઇ પસંદ પડયો નહીં ॥ ૫ ॥

## ઢાલ પાંચમી.

સુડલા સંદેસો કહે મારા પૂજ્યનેરે, માનીસ તુજ ઉપગારરે—એ દેશી.

એહવે અંગદેશનો ધણીરે, ભવદત્ત નામે ભુપાલરે;
જીતારિ નૃપ પ્રતે એમ કહેરે, મુજસું કરો વિવસાલરે. એ૦ ॥ ૧ ॥
દાસીના પુત્રને તુજ કેમ દેઉંરે, જાતિ હીણ મનમાં જાણરે;
રાજકન્યા જોગ એ કેમ હોયેરે, બોલજે વિમાસી વાણરે. એ૦ ॥ ૨ ॥

ભવદત્ત કહે જાતિ સું કરેરે, જો માંહિ ગુણ નવિ હોયરે;
ગુણને આદર સહુ કરેરે, જાતિ ન માને કોયરે. એ૦ ॥ ૩ ॥

એટલામાં અંગ દેશનો ભવદત્ત નામે રાજા જિતારિ રાજાને કહેવા લાગ્યો કે, મને તે તમારી કન્યા પરણાવો ॥ ૧ ॥ તે સાંભળી જિતારિ રાજાએ તેને કહ્યું કે, તું તો મારાથી હલકા કુળનો છે, માટે એવા જાતિ હીન માણસને રાજ કન્યા કેમ દેવાય? માટે જે બોલો તે વિચારીને બોલજો ॥ ૨ ॥ ત્યારે ભવદત્તે કહ્યું કે, જો અંદર ગુણ ન હોય, તો જાત શા ઉપયોગની છે? કારણ કે સઘળા લોકો ગુણોને આદરમાન દીયે છે, કોઈ નાત જાતનું તો પુછતુંએ નથી ॥ ૩ ॥

ગુણવંત તો પિણ તુજ ભણીરે, કન્યા કેમ દેવાયરે;
જો લાખિણી તોપણ વાણહીરે, તેહિજ પેહેરવી પાયરે. એ૦ ॥ ૪ ॥
રાજ્ય તણી કરે કામનારે, તો પુત્રી પરણાવરે;
નહિંતર બેવે લેયસુંરે, મુજ વચન મન લાવરે. એ૦ ॥ ૫ ॥
જીતારિ કહે જીતસેરે, સંગ્રામે મુજ જેહરે;
મુજથી અધિકો જે હોસેરે, કુંવરી પતિ ગણે તેહરે. એ૦ ॥ ૬ ॥

તે સાંભળી જિતારી રાજાએ કહ્યું કે, કદાચ તું ગુણવંત છે, તો પણ તને આ રાજ કન્યા શી રીતે દેવાય, કારણ કે લાખ રૂપીયાની મોજડી છતાં પણ તે પગમાંજ પેહેરાય છે ॥ ૪ ॥ ત્યારે ભવદત્તે કહ્યું કે, જો તને રાજ્ય ભોગવવાની ઈચ્છા હોય, તો તુરત તારી પુત્રીને પરણાવ, નહીંતર રાજ અને કન્યા બન્ને લેઈશું, માટે હજુ પણ તું મારૂં વચન અંગીકાર કર ॥૫॥ ત્યારે જિતારિએ કહ્યું કે, લડાઈમાં જે મને જીતસે, તથા જે મારાથી અધિક હશે તે મારી કુંવરીનો પતિ થશે. ૬

ઘર આવી સેના સજીરે, જવ ચાલે ભવદત્તરે;
રાણી કહે તિણે અવસરેરે, એક સુણો પ્રભુ વત્તરે. એ૦ ॥ ૭ ॥
કન્યા કાજે કલહ કિસોરે, સરખે કુલે વિવાહરે;
નૃપ કહે વચન જિતારિનુંરે, કારણ કરણ ઉચ્છાહરે. એ૦ ॥ ૮ ॥
ભવદત્ત આવ્યો ઉતાવલોરે, અરિની સીમ નજીકરે;
જિતારિયે તે સાંભલીરે, વદે વચન નિરભીકરે. એ૦ ॥ ૯ ॥

પછી ભવદત્ત ઘેર આવી લશ્કર તૈયાર કરી જ્યારે લડવાને ચાલ્યો, ત્યારે તેની રાણી કહેવા લાગી કે, હે સ્વામિ તમે મારી એક વાત સાંભળો ॥ ૭ ॥ હે રાજા, કન્યા વાસ્તે લડાઇ કરવી તે ઠીક નહીં; કારણ કે વિવાહ તો સરખે સરખા કુળમાં થઈ શકે છે; ત્યારે રાજાએ કહ્યું કે, જિતારિના વચનથીજ માત્ર લડાઇ કરવી પડે છે. ૮ પછી જ્યારે ભવદત્ત વેગે કરી જિતારિના સીમાડાની પાસે આવ્યો, ત્યારે જિતારિને તે વાતની ખબર પડતાં, ભય રહિત તે બોલવા લાગ્યો ॥ ૯ ॥

મૂષક જેમ મંજારી તણારે, હિસ કરે પાડણ દંતરે;
મૃગલો સિંહને જેમ મારવારે, ખરી ધરે મન ખંતરે. એ૦ ॥ ૧૦ ॥

વીંટી નગરી તે ચિહું દિસેરે, મંત્રી કહે તેણી વારરે;
કન્યા સ્વામિ આપણી દીજીયેરે, નિતિ વચન સંભારરે. એ૦ ॥ ૧૧ ॥

જેમ ઉંદર બીલાડીના દાંતો પાડવાને ઇચ્છા કરે, તથા હરણ મનમાં ઉમેદ લાવી જેમ સિંહને મારવા ઇચ્છે તેમ આ રાજા મારી સામો લડાઇ કરવા આવે છે. ૧૦ પછી જ્યારે ભવદત્તે નગરને ચારે પાસે ઘેરો ઘાલ્યો, ત્યારે જિતારિનો મંત્રિ તેને કહેવા લાગ્યો કે, હે સ્વામિ, નિતિશાસ્રનું વચન અંગીકાર કરીને આપણી કન્યા તેને આપવી જોઇએ ॥ ૧૧ ॥

यतः--त्यजैदेकंकुलस्यार्थे । ग्रामस्यार्थेकुलंत्यजेत् ॥
ग्रामंजनपदार्थेच । आत्मार्थेपृथ्वींत्यजेत् ॥ १ ॥

આખા કુળને વાસ્તે એકનો ત્યાગ કરવો, ગામને વાસ્તે કુળનો ત્યાગ કરવો, તથા દેશ વાસ્તે ગામનો ત્યાગ કરવો, તથા પોતા વાસ્તે આખી પૃથ્વીનો પણ ત્યાગ કરવો ॥ ૧ ॥

બોલે જિતારિ રખે બીહોરે, અરિ બલ નાખું તોડરે;
સાચું કહ્યું તુમે સ્વામિજીરે, પણ પરદલ બહુ જોરરે. એ૦ ॥ ૧૨ ॥
સાહસ સિદ્ધિ હોસે સહીરે, ભેલી કરો બહુ ભેડરે;
સત ધરી રામ લક્ષ્મણેરે, રાવણ નાખ્યો ઉથેડરે. એ૦ ॥ ૧૩ ॥
દૂત મૂકીને કહાવીયોરે, ભવદત્તે ભલી ભાતરે;
સુતા દેઇને સુખે રહોરે, કાં પડો મૃત્યુની પાંતરે. એ૦ ॥ ૧૪ ॥

તે સાંભળી જિતારિએ કહ્યું કે, અરે! તમો ડરો છો કેમ? હમણાં વેરીના લશ્કરનો નાશ કરશું; ત્યારે મંત્રીયે કહ્યું કે, હે સ્વામિ તે વાત તો આપની બરોબર છે, પણ દુશ્મનનું લશ્કર ઘણું અને બહુ બળવાન છે ॥ ૧૨ ॥ ત્યારે રાજાએ કહ્યું કે, હિંમતથી જીત મળે છે, માટે લશ્કર એકઠું કરો; કારણ કે સતને આધારે તો રામ અને લક્ષ્મણે રાવણનો પણ નાશ કર્યો છે ॥ ૧૩ ॥. પછી ભવદત્તે દૂત મોકલીને જિતારિને કહેવરાવ્યું કે, હજુ પણ કન્યા દઇને સુખેથી રાજ ભોગવો, ફોકટ મૃત્યુના ખાડામાં કેમ પડોછો! ॥ ૧૪ ॥

વચન સુણીને પરજલ્યોરે, દૂતને કીધો દૂરરે;
રણડંકા વજડાવીનેરે, ચડીયો પ્રબલ પડુરરે. એ૦ ॥ ૧૫ ॥
ભેલા સુભટ મળી ભડચારે, ભારી થયો ભારથરે;
નાઠી સેના જિતારિનીરે, બોલે મંત્રીસર તથરે. એ૦ ॥ ૧૬ ॥
રાજન ઇહાં રહેવું નહીંરે, જિતારિ કહે તામરે;
જિત્યો નર લક્ષ્મી લહેરે, વરે મૃતને સુરવામરે. એ૦ ॥ ૧૭ ॥

તે વચન સાંભળી રાજાએ ગુસ્સે થઇ તે દૂતને કહાડી મુકયો, અને રણ સંગ્રામનો ડંકો મારીને લશ્કર લઇ લડવા ગયો ॥ ૧૫ ॥ ત્યાં બન્નેનું લશ્કર એકઠું થવાથી મોટી લડાઇ થઇ, તેમાં જિતારિનું લશ્કર હારી જવાથી નાસવા લાગ્યું, ત્યારે તેનો

મંત્રી કહેવા લાગ્યો ॥ ૧૬ ॥ હે રાજા હવે આપણે અહીં રહેવું નહીં, તે સાંભળી જિતારિએ કહ્યું કે, જે માણસ જીતે છે, તેને લક્ષ્મી મળે છે, પણ જે રણસંગ્રામમાં મરે છે, તેને તો દેવાંગનાઓ પરણે છે ॥ ૧૭ ॥

जीवेचलभ्यतेलक्ष्मीः । मृतेचापिसुरांगना ॥
कायोयंक्षणविध्वंसी । काचिंतामरणेरणे ॥ १ ॥

જીવતા ધન મળે છે, તથા મરી ગયા પછી દેવાંગનાઓ મળે છે, વળી આ શરીર પણ ક્ષણમાં નાશ પામનારૂં છે, માટે રણ સંગ્રામમાં મૃત્યુથી કોણ ડરે? ॥ ૧ ॥

**પામે શિવ સુખ જીવતોરે, એમ સમજાવ્યો નરંદરે;**
**આઠમા ખંડની પાંચમીરે, ઢાલ કહી નેમે આણંદરે. એ૦ ॥ ૧૮ ॥**

પછી મંત્રિએ રાજાને સમજાવ્યું કે, જીવતો માણસ તો મોક્ષ પણ મેળવી શકે છે; એવી રીતે નેમવિજયે હર્ષ પૂર્વક આઠમા ખંડની પાંચમી ઢાલ કહી ॥ ૧૮ ॥

## दुहा.

**જિતારિ ગઢમાં રહ્યો, ભવદત્ત ભાંજી પોલ; નગર લુંટવા માંડીયો, થયો હાલ કલોલ ॥૧॥ મુજ કારણ અનરથ હોયે, સુમિત્રા દેખ સરૂપ; સાગારી અણુસણ કરી, જાઇ પડી જલ કૂપ ॥ ૨ ॥ પુણ્ય પ્રભાવે થલ થયું, આવી સુરવર કોડ; સતી થાપી સિંહાસને, ઉભા બે કર જોડ ॥ ૩ ॥**

પછી તે જિતારિ રાજા તો કીલ્લામાં ભરાઈ બેઠો, ત્યારે ભવદત્તે નગરના દરવાજા ભાંગી લુટ ચલાવી, તેથી ત્યાં હાહાકાર થઇ રહ્યો ॥ ૧ ॥ ત્યારે તે સુમિત્રા કન્યાએ વિચાર્યું કે, આ સઘળો અનર્થ એક મારે માટેજ થાય છે, એમ વિચારિ સાગારિ અણુસણ કરીને તેણીએ એક પાણીના કુવામાં નંખાવી આપ્યું અર્થાત કુવામાં પડી ॥ ૨ ॥ ત્યાં તેના પુણ્યના પ્રભાવથી સ્થલ થઇ ગયું, વળી ત્યાં ક્રોડો ગમે દેવોએ આવી, તે સતીને સિંહાસન ઉપર બેસાડીને તેઓ તેની સામે બે હાથ જોડી ઉભા રહ્યા ॥ ૩ ॥

**રાજભુવનમાં પેસતાં, દેવે થંભ્યો ભવદત્ત; એહવે કિણહી આવીને, કહે સુમિત્રા વત્ત ॥ ૪ ॥ તજ્યો ક્રોધ અહંકાર સુણ, પામ્યો પરમ સમાઃ; સુમિત્રાને આવી કહે, ભગિની ખમ અપરાધ ॥ ૫ ॥ જિતારિ ભવદત્ત બે, મલીયા માંહો માંહ; પાટે થાપી નિજ પુત્રને, લીધી દીક્ષ ઉછાંહ ॥ ૬ ॥ પ્રત્યક્ષ પુણ્ય ફલ દેખીને, હું થઇ સમકીત ધાર; કુંદલતા કહે એ અસત્ય, તેં ભાંખ્યું નિરધાર ॥ ૭ ॥**

પછી તે ભવદત્તને રાજ ભુવનમાં આવતાં દેવે અટકાવ્યો, અને તે વાત એટલામાં કોઇએ આવીને સુમિત્રાને કહી ॥ ૪ ॥ પછી તેણે ક્રોધ અને અભિમાનનો ત્યાગ

કર્યો, અને સમાધિ સહિત સુમિત્રા પાસે આવી તે કહેવા લાગ્યો કે, હે બેહેન, તું મારો અપરાધ ક્ષમા કરજે ॥ ૫ ॥ પછી ત્યાં જિતારિ અને ભવદત્તે સલાહ કરીને પોત પોતાના પુત્રોને ગાદીએ બેસાડીને દીક્ષા લીધી ॥ ૬ ॥ એવી રીતે પુણ્યનું પ્રત્યક્ષ ફળ જોઇને હું પણ સમકીતી થઇ, તેસાંભળી કુંદલતા કહેવા લાગી કે, તે વાત જુઠી છે ॥ ૧૭ ॥

## ઢાલ છઠ્ઠી.

રસીયા રાચોરે દાન તણે રસે—એ દેશી.

પૂછે પદમલતાને શેઠજી, કેમ થઇ સમકીત પ્રાપ્તિ, સોભાગી.
સા કહે વામિલ કંપિલપુરવરે, હરિવાહન રાજા શુભ મતિ. સો૦ પુ૦ ૧
રિષભદાસ શેઠ તિહાં વસે, પદમાવતી પ્રિયા આધાર; સો૦
પદમશ્રી પુત્રિ છે તેહને, પ્રત્યક્ષ લક્ષ્મીનો અવતાર. સો૦ પુ૦ ॥ ૨ ॥
ભરજોવન યુવતિ આવી ભલી, એક દિન દેહરે જાતાં દીઠ; સો૦
બુધદાસ શેઠ તણે સુતે વલી, બુદ્ધસિંહ ઘરે આવ્યો નીઠ. સો૦પુ૦ ૩

પછી શેઠે પદ્મલતાને પુછ્યું કે, હે સૌભાગ્યવતિ, તમોને સમકીત કેમ મળ્યું? ત્યારે તે કહેવા લાગી કે, હે સ્વામિ કાંપિલપુર નામે નગરમાં હરિવાહન નામે એક ઉત્તમ બુદ્ધિવંત રાજા હતો ॥ ૧ ॥ ત્યાં રિષભદાસ નામે શેઠ રહેતો હતો, તેને પદ્માવતી નામે સ્ત્રી હતી, તથા તેઓને પ્રત્યક્ષ લક્ષ્મી સમાન પદ્મશ્રી નામે પુત્રી હતી ॥ ૨ ॥ તે સુંદર સ્ત્રીને યુવાવસ્થા પ્રાપ્ત થયા પછી એક દિવસે દેહરે જતાં, બુદ્ધદાસ શેઠના પુત્ર બુદ્ધસિંહે જોઇ, અને પછી તે પોતાને ઘેર આવ્યો ॥ ૩ ॥

કામ તણે બાણે કરી પીડીયો, પડીયો જાઇ જુને ખાટ; સો૦
જમણ વેલા થઇ પૂછે શેઠજી, જમે નહીં નંદન શ્યા માટ. સો૦ પુ૦ ૪
લાજ તજીને વાત કહી તેણે, બેટા જૂઠી ન કીજે જક્ક; સો૦
મદિરા માંસ ભખીજે આપણે, ચંડાલથી તિણ ગણે અધિક. સો૦ પુ ૫
તેહની પુત્રીની આસા કીસી, વલતું બોલે બુદ્ધસિંહ બોલ; સો૦
કે પરણું કે સરણું આગનું, એ મુજ જાણો વચન અડોલ. સો૦પુ૦ ૬

ત્યાં તે કામદેવનાં બાણોએ કરી પીડાયો થકો, એક જુના ખાટલા ઉપર આવીને પડ્યો; પછી જ્યારે જમવાનો વખત થયો ત્યારે શેઠે પુછ્યું કે હે પુત્ર, તું શા માટે જમતો નથી? ॥ ૪ ॥ પછી પુત્રે પણ શરમ છોડીને પિતાને સઘળી વાત કહી, તે સાંભળી તેનો પિતા કહેવા લાગ્યા કે, હે પુત્ર એવી ખોટી હઠ કરીએ નહીં, કારણ કે, આપણે મદિરા માંસના ખાનારા છીએ, તેથી તે આપણને ચંડાલથી પણ અધિક નીચ ગણે છે ॥ ૫ ॥ માટે તેની પુત્રી પરણવાની તો તારે આશા રાખવીજ નહીં, તે સાંભળી બુદ્ધસિંહે કહ્યું કે, જો એની સાથે મને ન પરણાવો તો હું અગ્નિમાં બળી મરીશ, એ વાત પણ તમારે સત્ય માનવી ॥ ૬ ॥

આશ્વાસીને તેહ જમાડીયો, કરસું તાહરૂં વેગું કામ; સો૦
દિન દિન દેહરે જાઇ ઉપાસરે, શ્રાવક થયો કપટ પરણામ. સો૦પુ૦ ૭

બુધસિંહે પરણી રિષભ સુતા, પદમશ્રી આણી આવાસ; સો૦
મિથ્યા કરણી દેખી તેહની, દિલમાંહી તે રહી વિમાસ. સો૦પુ૦ ॥૮॥
પદમશ્રીને બુધ ગુરૂ એમ કહે, પુત્રી સિધ્યાં વંછિત કામ; સો૦
સર્વ ધર્મમાંહે બોધ ધર્મ વડો, જીહાં દુઃખ તણું નહીં નામ. સો૦ પુ૦૯

તે સાંભળી તેના બાપે તે વખતે તો તેને ઠંડો પાડીને કહ્યું કે, તારૂં કામ જરૂર કરી આપશું, એમ કહી તેને જમાડયો; પછી તે પુત્ર તો હમેશાં દેહેરે ઉપાશ્રયે કપટી શ્રાવક થઈ જવા લાગ્યો ॥ ૭ ॥ પછી અનુક્રમે તે બુદ્ધિસિંહ રિષભ શેઠની પુત્રી પદ્મશ્રીને પરણીને પોતાને ઘેર લાવ્યો, અને ત્યાં તેની જુઠી મિથ્યાત્વીની ચાલ જોઇ તે પસ્તાવા લાગી ॥ ૮ ॥ ત્યારે બૌધ ધર્મના ગુરૂ પદ્મશ્રીને કહેવા લાગ્યા કે, હે પુત્રી તારાં વાંછિત કાર્યો સિદ્ધ થયાં, કારણ કે તું બૌધ ધર્મમાં આવી, અને તે બૌધ ધર્મ સઘળા ધર્મોમાં શ્રેષ્ટ છે, કે જ્યાં દુઃખનું તો નામ માત્ર પણ નથી ॥ ૯ ॥

ઉત્તર વલતો પદમશ્રી દીયે, હંસ સરિખા જે નર હોય; સો૦
પાણી દૂધ પટંતર તે કરે, અરિહંત ધર્મ સમો નહીં કોય. સો૦પુ૦ ૧૦
રિષભદાસ અણસણ કરી આરાધના, કાળે પહોતો મુગતિ મોઝાર; સો.
સાસુ સસરો નણુંદ વિશેષથી, સંતાપે વલી તસ ભરતાર. સો૦પુ૦ ૧૧
તોપણ ધરમ ન મૂકે માનિની, સસરો કહે વહુ સાંભલ વાત; સો૦
તારો બાપ મરી મૃગલો થયો, વનમાં મુજ ગુરૂ લહી અવદાત.સો. ૧૨

તે સાંભળી પદ્મશ્રીએ કહ્યું કે, જે માણસ હંસ સરખો હોય, તે પાણી અને દૂધ જુદાં કરે છે, માટે અરિહંતના ધર્મ સમાન કોઈનો ધર્મ નથી ॥ ૧૦ ॥ હવે તે રિષભદાસ શેઠ અનુક્રમે અણસણ કરી મોક્ષે ગયો, અને પદ્મશ્રીને તો સાસુ, સસરો, નણંદ તથા ભરતાર વિગેરે બહુ દુઃખ આપે ॥ ૧૧ ॥ તો પણ તે પદ્મશ્રી પોતાનો ધર્મ છોડે નહીં, તે જોઇ તેનો સસરો કહેવા લાગ્યો કે, હે વહુ, આજે અમારા બૌધ ગુરૂ વનમાંથી વાત લાવ્યા છે કે, તારો બાપ મરીને હરણ થયો છે, અને તે તેઓને ત્યાં વનમાં મળ્યો હતો ॥ ૧૨ ॥

જો તુમ ગુરૂ એવા જ્ઞાની અછે, તો પરભાતે તેહ જમાડ; સો૦
હું પણ સાચો ધરમ સમાચરૂં, નાખું મિથ્યામતિ સવિ છાંડ. સો૦ ૧૩
વહુનું વચન સુણીને હરખીયો, તેડયો ભોજન કરવા બુધ; સો૦
પગ ડાબાનું ગુરૂનું પગરખું, છાનું લીધું ન જાણે મૂઢ. સો૦ પુ૦ ૧૪
સુક્ષ્મ ખંડ કરી વઘારીસું, દહીંનો દીધો ઝાઝો ઝોલ; સો૦
શાક કરી પીરસે નિજ હાથસું, ગુરૂ શિષ્ય જમતાં કરે કલોલ. સો૦૧૫
અદભુત વ્યંજન શાક સમારીયો, પદમશ્રીને દે શ્યાબાસ; સો૦
આઠમા ખંડની ઢાલ છઠ્ઠી કહી, નેમવિજયની બુદ્ધિ પ્રકાસ. સો૦ ૧૬

તે સાંભળી વહુએ કહ્યું કે, જો તમારો ગુરૂ એવા જ્ઞાની છે તો સવારમાં તેને જ-

મવાને બોલાવજો, અને તે વખતે હું પણ સઘળો મિથ્યા ધરમ છોડીને સાચો ધર્મ અંગીકાર કરૂં ॥ ૧૩ ॥ વહુનું તે વચન સાંભળીને સસરાએ તો આનંદ પૂર્વક બુદ્ધ ગુરૂને જમવા બોલાવ્યા; હવે તે વહુએ તે ગુરૂનું ડાબા પગનું એક પગરખું છાનું માનું લઇ લીધું; અને તે બાબતની તે મૂર્ખને ખબર પડી નહીં ॥ ૧૪ ॥ તે પગરખાના ખુબ ઝીણા ઝીણા કકડા કરીને તે ઉપરે ખુબ દહીં ચડાવ્યું, અને તેનું શાક કરીને તે ગુરૂ અને તેના શિષ્યોને ભાણે પીરસ્યું, તે જમતાં જમતાં તેઓ બહુ આનંદ પામ્યા ॥ ૧૫ ॥ વળી તેઓ જમતાં જમતાં પદ્મશ્રીને શાબાશી દેવા લાગ્યા કે, આજે તો તમોએ શાક ઘણુંજ સરસ બનાવ્યું છે, એવી રીતે આઠમા ખંડની છઠ્ઠી ઢાલ નેમવિજયજીએ પોતાની બુદ્ધિ પ્રમાણે કહી ॥ ૧૬ ॥

## દુહા.

ભોજન કરીને ઉઠીયા, દીધાં ફોફલ પાન; આજ કૃતારથ હું
થયો, ગણું જનમ સુપ્રમાણ ॥ ૧ ॥ બાહિર આવી વાણહી,
જોવે ગુરૂજી જામ; એક અછે બીજી નહીં, પૂછે સેવક તામ
॥ ૨ ॥ શોધ કરી સઘલે કહ્યું, અમે ન જાણું પૂજ્ય; પદમ
શ્રી આવીને કહે, તુમને ન પડે સૂજ ॥ ૩ ॥

પછી જ્યારે તેઓ ભોજન કરીને ઉઠ્યા, ત્યારે તેઓને પાન સોપારી આપી શેઠ તેઓને કહેવા લાગ્યો કે, હે મહારાજ આજે હું કૃતાર્થ થયો, તથા આજે મારો જન્મ સફળ થયો ॥ ૧ ॥ પછી તે ગુરૂજી બહાર આવીને પોતાનાં પગરખાં તપાસવા લાગ્યા, તો એક હતું, પણ બીજું ન દેખવાથી ચાકરને પુછવા લાગ્યા ॥ ૨ ॥ તેઓએ સઘળી જગોએ તપાસ કરીને કહ્યું કે, હે પૂજ્ય તે તો ક્યાંએ જડતું નથી; તે વખતે પદ્મશ્રીએ આવી ગુરૂને કહ્યું કે, પગરખું ક્યાં છે? તે તમોને ખબર પડતી નથી શું? ॥ ૩ ॥

ગતિ જાણો મુજ તાતની, પેટ પડ્યું પગત્રાણ; પોતાને
પ્રીછો નહીં, અહો ભલું તુમ જ્ઞાન ॥ ૪ ॥ બુધ ગુરૂ રીસે
ધડધડ્યો, મુખથી બોલે ગાળ; ખાધું અમે શું ખાસડું,
પાપિણી બોલ સંભાળ ॥ ૫ ॥

તમો મારા બાપની "ગતિ" જાણો છે, અને તમારૂંજ પગરખું તમારાજ પેટમાં પડેલું છે, તે તમો જાણતા નથી, માટે અહો! તમારૂં જ્ઞાન તો કોઇ અદ્ભૂત છે! ૪ તે સાંભળી તે બુદ્ધ ગુરૂ કોપાયમાન થઇ, ગાળો દઇ કહેવા લાગ્યો કે, હે પાપિણી શું અમોએ ખાસડું ખાધું છે? જરા મોહોડું સંભાળીને બોલ ॥ ૫ ॥

## ઢાલ સાતમી.

બિંદલીની દેશી.

રિખજી રીસ ન કીજે, ક્રોધે કરી સંજમ છીજે હો; નારીમતિનિરખોજી,
હું નવિ બોલું મરખા, પ્રત્યક્ષ દેખાડું પરીક્ષા હો. ના૦ ॥ ૧ ॥

જો કુડી થઈ રંડ, દેવો તુજ એહવો દંડ હો; ના૦
મુંડી મસ્તક ખરચાડી, તુજને મૂકીસું કહાડી હો. ના૦ ॥ ૨ ॥
જો હું થાઉં સાચી, તુમે જૈન ધરમે રહો રાચી હો; ના૦
એમ માંહો માંહે ભાંખી, પાડોસી રાખ્યા સાખી હો. ના૦ ॥ ૩ ॥

તે સાંભળી પદ્મશ્રી કહેવા લાગી કે, હે રૂષિજી તમો રીસ ના કરો, કારણ કે, ક્રોધથી સંયમ નાશ પામે છે, હું જરા જુઠું બોલતી નથી, કહો તો તમોને તે પ્રત્યક્ષ દેખાડું. (કવિ કહે છે કે, સ્ત્રીની બુદ્ધિ તો જો જો) ॥ ૧ ॥ પછી તે ગુરૂ કહેવા લાગ્યા કે, રાંડ, જો તું જુઠી ઠરી, તો તારૂં માથું મુંડી ગધેડે ચડાવી, તને ગામ બહાર કહાડી મુકશું ॥ ૨ ॥ પછી પદ્મશ્રીએ કહ્યું કે, જો હું સાચી પડું, તો તમારે જૈન ધર્મ અંગીકાર કરવો પડશે, એવી રીતે માંહોમાંહે શરત કરીને તે વાતના પાડોસીને સાક્ષી રાખ્યા ॥ ૩ ॥

ઉબકાવ્યા તે મોગા, મિંઢલના કરી પ્રયોગા હો; ના૦
ખંડ ચરમનાં ઝીણાં, દેખાડી કીધા દીણા હો. ના૦ ॥ ૪ ॥
મઠ પોતાને આવ્યો, બુધદાસ શેઠ તેડાવ્યો હો; ના૦
કહે વહુને કાઢ ઘરથી, કુટુંબનો જો હોયે અરથી હો. ના૦ ॥ ૫ ॥
કાઢી વહુ ઝાલી હાથે, બુદ્ધસિંહ નિસરીયો સાથે હો; ના૦
માન જિહાં નવિ લહીયે, તે નગરીમાંહે નવિ રહીયે હો. ના૦ ॥ ૬ ॥

પછી તે મૂર્ખોને મિંઢળ આદિક ઔષધોથી ઉલટી કરાવીને ચામડાના ઝીણા કટકાઓ તેઓને તેમાં દેખાડ્યા, તે જોઈ તેઓ તો ઝાંખાઝાખ પડી ગયા ॥૪॥ પછી તે ગુરૂએ પોતાને મઠે આવી, બુદ્ધદાસને બોલાવી કહ્યું કે, જો તારે કુટુંબનું કામ હોય, તો તે વહુને ઘરમાંથી કહાડી મુક ॥ ૫ ॥ પછી સસરે વહુને હાથ ઝાલી ઘરમાંથી કહાડી મુકી, તેથી બુદ્ધસિંહ પણ તેની સાથે નિકળ્યો; કવિ કહે છે કે, જ્યાં અપમાન થાય તે નગરમાં રહેવું નહીં ॥ ૬ ॥

એમ ચિંતવી નિકલીયાં, સારથવાહને જઈ મલીયાં હો; ના૦
પદમશ્રી દેખી છલીયો, સારથવાહનો મન ચલીયો હો. ના૦ ॥ ૭ ॥
આદર બહોળો તસ કીધો, અરધાસન બેસણ દીધો હો; ના૦
જો એ જમ ઘર જાવે, તો નારી મુજ ઘર આવે હો. ના૦ ॥ ૮ ॥
ચિંતવી એમ રસોઈ, વિષ સહિત કરાવે સોઈ હો; ના૦
ભોજન વેલા સુવિસાલે, જમવા બેઠા એક થાલે હો. ના૦ ॥ ૯ ॥

એમ વિચારી તેઓ બન્ને ત્યાંથી નિકળી એક સારથવાહને મળ્યાં; પણ ત્યાં પદ્મશ્રીને જોઈને તે સારથવાહનું મન ચલાયમાન થયું ॥૭॥ પછી તે સારથવાહે તો કપટ ભાવથી તે બુદ્ધસિંહને ઘણા આદરમાન પૂર્વક બેસવાને પોતાનું અરધું આસન આપ્યું, અને વિચારવા લાગ્યો કે, જો આ મૃત્યુ પામે, તો આ સ્ત્રી મને મળે ॥ ૮ ॥ એમ વિચારિ તેણે ઝેર નાખીને રસોઇ કરાવી, અને જમવા વખતે તેઓ બન્ને એક થાળમાં ભેળા જમવા બેઠા ॥ ૯ ॥

રસવતી પીરસી જુઇ, બુધ સંગ મન શંકા હુઇ હો; ના૦
ભલા બેઠા ભાઇ, એક થાલ કિસી જુદાઈ હો. ના૦ ॥ ૧૦ ॥
એમ કહી ભેળું અન્ન, કીધું જમ્યા વિણ મન્ન હો; ના૦
પડ્યો મૂરછા ખાઈ, લોકે કહ્યું શેઠને જાઇ હો. ના૦ ॥ ૧૧ ॥
શોકાકુલ તિહાં આવે, પદમશ્રી એમ બોલાવે હો; ના૦
પુત્ર સારથવાહ ખાંણી, મેં સાકણી તું સહી જાણી હો. ના૦ ॥ ૧૨ ॥

પણ સારથવાહે પોતાની રસોઇ જુદી પીરસાવી, તે જોઈ બુદ્ધસિંહને શંકા પડવાથી તે પુછવા લાગ્યો કે, હે ભાઇ આમ એક થાળમાં ભેળા જમવા બેશીને વળી આ જુદાઈ શું કરી ? ॥ ૧૦ ॥ એમ કહીને તેણે સઘળું અન્ન એકઠું કર્યું, પછી તેઓ બન્ને વગર મને ત્યાં જમ્યા, તે વખતે તેઓ બન્ને મૂર્છા ખાઇને પડ્યા, તે જોઈ લોકોએ સઘળી વાત શેઠને કહી ॥૧૧॥ તે વખતે સારથવાહનો પુત્ર શોકાતુર થઇ ત્યાં આવી પદ્મશ્રીને બોલાવી કહેવા લાગ્યો કે, હે પાપણી તું તો ખરેખર ડાકણ છે. ૧૨

એહને તું જીવાડે, નહીંતર ઘાલું તુજ ખાંડે હો; ના૦
સંકટ એ કોણ આવ્યું, પદમશ્રી મનમાં ભાવ્યું હો. ના૦ ॥ ૧૩ ॥
સતીયે જપી નવકાર, ઉતાર્યો વિષનો ભાર હો; ના૦
પંચ દીવ્ય તિહાં વૂઠા, સાસનની દેવા તુઠા હો. ના૦ ॥ ૧૪ ॥
પદમશ્રી પ્રિય સાથે, નગરે આણી નરનાથે હો; ના૦
બોધ જતિ બુધદાસ, કરે જૈન ધરમ ઉલ્લાસ હો. ના૦ ॥ ૧૫ ॥

તું આને જીવતો કર, નહીંતર હમણાં તને ખાંડણીમાં ઘાલી ખાંડી નાખશું, તે સાંભળી પદ્મશ્રી વિચારવા લાગી કે, વળી આ શું સંકટ આવી લાગ્યું ? ॥ ૧૩ ॥ પછી તે સતીએ નવકારનો જાપ કરીને ઝેર ઉતાર્યું, ત્યાર પછી ત્યાં શાસન દેવીએ તુષ્ટમાન થઇને પાંચ દિવ્યોની વૃષ્ટિ કરી ॥ ૧૪ ॥ પછી રાજાએ પદ્મશ્રીને તેના ભરતાર સાથે નગરમાં બોલાવી, તે જોઇ બૌધના ગુરૂઓ તથા બુદ્ધદાસ પણ જૈન ધર્મી થયા ॥ ૧૫ ॥

હું તિહાં સમકીત પામી, પ્રત્યક્ષ ફલ દેખી સ્વામિ હો; ના૦
કુંદલતાની કસોટી, એ વાતાં સઘલી ખોટી હો. ના૦ ॥ ૧૬ ॥
આઠમા ખંડની ઢાલ, સાતમી કહી નિપટ રસાલ હો; ના૦
રંગવિજયનો શિષ્ય, નેમ પ્રણુતિ કરે નિસ દિસ હો. ના૦ ॥ ૧૭ ॥

માટે હે સ્વામિ, હું પણ તે પ્રત્યક્ષ દાખલો જોઇ સમકીત પામી, તે સાંભળી કુંદલતાએ કહ્યું કે, તે સઘળી વાતો જુઠી છે ॥ ૧૬ ॥ એવી રીતે આઠમા ખંડની રસાળ એવી સાતમી ઢાલ કહી, રંગવિજયના શિષ્ય નેમવિજય હમેશાં નમસ્કાર કરે છે ॥ ૧૭ ॥

## દુહા.

હવે કનકમાલા પ્રતે, પૂછે શેઠ વિચાર; તુજ સમકીતની વાત

કહે, રે ગુણવંતી નાર ॥ ૧ ॥ તે બોલી પીઉ સાંભલો, સૂર્ય-
પુરે નરપાલ; ભૂપતિ શેઠ સમુદ્રદત્ત, સાગરદત્તા સુકુમાલ
॥ ૨ ॥ તેહની કુખે ઉપનો, સાગર નામે કુમાર; જિનદત્તા
બેટી વલી, માત પિતા સુખકાર ॥ ૩ ॥

પછી શેઠ કનકમાળાને પુછવા લાગ્યા કે, હે ગુણવંતી સ્ત્રી, તારા સમકીતની વાત પણ મને કહી સંભળાવ ॥ ૧ ॥ ત્યારે તે કહેવા લાગી કે, હે સ્વામિ, સૂર્યપુર નામે નગરમાં નરપાળ નામે રાજા હતો, તથા ત્યાં સમુદ્રદત્ત નામે શેઠ હતો, તેને સાગરદત્તા નામે સુકોમળ સ્ત્રી હતી ॥ ૨ ॥ તેની કુખે સાગર નામે પુત્રની ઉત્પત્તિ થઈ, વળી જિનદત્તા નામે પુત્રી થઇ, અને તેથી માતપિતાને ઘણો આનંદ થયો. ૩

શેઠ કોસંબી નગરને, જિનદત્તે પરણી તેહ; સાગર કરમ વસે
કરે, વ્યસન સાતસું નેહ ॥ ૪ ॥ વચન ન માને બાપનું,
ઘણી વાર તલાર; ઝાલી મૂક્યો તેહને, ગણી શેઠ સુત સાર
॥ ૫ ॥ આરક્ષક વલી એકદા, ઝાલી સોંપ્યો રાય; કોડી જ-
તન જો કીજીયે, મૂખ્ય સ્વભાવ ન જાય ॥ ૬ ॥ તેડી તેહના
તાતને, રાજા ભાંખે એમ; કાઢ એહને ઘર થકી, જો તું
વાંછે ખેમ ॥ ૭ ॥

તે પુત્રી કોસંબી નગરીના જિનદત્ત નામે શેઠ સાથે પરણી હતી; અને તેનો પુત્ર સાગર કર્મ વશે કરી હમેશાં સાતે વ્યસન સેવતો હતો ॥ ૪ ॥ વળી તે પોતાના બાપનું વચન માને નહીં, અને કોટવાલે તેને ઘણીવાર પકડેલો પણ તેને સેઠનો દીકરો જાણીને છોડી દીધો હતો ॥ ૫ ॥ વળી એક વખતે રખવાળે (પોલીસે) તેને ઝાલીને રાજા પાસે મોકલ્યો; કવિ કહે છે કે, ક્રોડો ગમે ઉપાય કરીએ તો પણ માણસનો મૂળ સ્વભાવ જતો નથી ॥ ૬ ॥ તેના બાપને રાજાએ બોલાવી કહ્યું કે, હે શેઠ, જો તું તારૂં પોતાનું સારૂં ઇચ્છતો હો, તો આ પુત્રને ઘરમાંથી કહાડી મુક ॥ ૭ ॥

दुर्जनजनसंसर्गात् । साधोरपिभवंतिविपदोवा ॥
दशमुखकृतेपरावे । वारिधिरपिबंधनंप्राप्तः ॥ १ ॥

નીચ માણુસના સંગથી ઉત્તમ માણસોને પણ દુઃખ સહન કરવું પડે છે; કારણ કે રાવણના અપરાધથી સમુદ્રને પણ બંધાવું પડયું ॥ ૧ ॥

## ढाल आठमी.

કોયલો પરવત ધુંધલોરે લોલ—એ દેશી.

મંદિરથી સુત કાઢીયોરે લોલ, સાંભલી નૃપની વાણરે; સુગુણ નર.
સાગર કોસંબી ગયોરે લોલ, જિન ભગિનીને જાણરે. સુ૦ ॥ ૧ ॥
વ્યસન નિવારો વેગલાંરે લોલ, (એ આં૦) વ્યસન અછે દુઃખદાયરે; સુ૦
વ્યસન સંગતિ વારજોરે લોલ, જેમ તુમને સુખ થાયરે. સુ૦ વ્ય૦ ૨

વ્યસની સાંભલી તેહનેરે લોલ, બેહેને ન દીધો માનરે; સુ૦
ભાગ્યહિણ જાયે જિહાંરે લોલ, તિહાં પામે અપમાનરે. સુ૦ વ્ય૦ ૩

તે રાજાનું વચન સાંભળી શેઠે તેને ઘરમાંથી કહાડી મુકયો; ત્યાંથી તે પોતાની બેહેન પાસે કોસંબી નગરે ગયો ॥ ૧ ॥ કવિ કહે છે કે, વ્યસનોનો દૂર ત્યાગ કરવો, કારણ કે તેઓ દુઃખદાઇ છે, માટે તેનો ત્યાગ કરવાથીજ તમો (લોકો) સુખી થશો ॥ ૨ ॥ હવે ત્યાં તેની બેહેને પણ ભાઇને વ્યસની જાણીને કંઇ આદરમાન આપ્યું નહીં; કહ્યું છે કે ભાગ્યહિન માણસ જ્યાં જાય ત્યાં અપમાનજ પામે છે ॥ ૩ ॥

નગરમાંહી સાગર ભમેરે લોલ, કોઇ ન પૂછે વાતરે; સુ૦
મુનિ દીઠો એક તેહવેરે લોલ, હયડે હરખ ન માતરે. સુ૦ વ્ય૦ ॥૪॥
ચરણ કમલ નમી તેહનારે લોલ, સુણે ઉપદેશ સુજાણરે; સુ૦
અનંત કાય અભક્ષ્ય તજ્યાંરે લોલ, વ્યસન તણાં પચખાણરે. સુ૦ ૫
હરખી જિનદત્ત હયડલેરે લોલ, ધરમી સાંભલી ભાયરે; સુ૦
માણસ મૂકી તેડાવીયોરે લોલ, ભગતિ કરે મન લાયરે. સુ૦ વ્ય૦ ૬

પછી તો તે નગરમાં રખડવા લાગ્યો, પણ કોઇએ તેને બોલાવ્યો પણ નહીં, એટલામાં એક મુનિને જોવાથી, તેને મનમાં અત્યંત આનંદ થયો ॥ ૪ ॥ અને તેને નમસ્કાર કરી, તેનો ઉપદેશ સાંભળી તેણે અનંતકાય, અભક્ષ્ય, તથા સઘળાં વ્યસનોનાં પચ્ચખાણ કર્યાં ॥ ૫ ॥ પછી જિનદત્તાએ (તેની બેહેને) જ્યારે ભાઇને ધર્મી સાંભળ્યો, ત્યારે માણસ મુકી તેને તેડાવી તેની ઘણી ભક્તિ કરવા લાગી ॥ ૬ ॥

આપીને ધન આપણુંરે લોલ, મંડાવ્યો વ્યાપારરે; સુ૦
હલવે હલવે પામીયોરે લોલ, શોભા દ્રવ્ય અપારરે. સુ૦ વ્ય૦ ॥ ૭ ॥
તિહાં વ્યાપારે આવીયારે લોલ, સુરજપુરના સાહરે; સુ૦
તેહને દેખી તાતનેરે લોલ, મલવા કરે ઉમાહરે. સુ૦ વ્ય૦ ॥ ૮ ॥
ગાડાં ઉંટને પોઠીયારે લોલ, ભલાં ભરી કયાણરે; સુ૦
બેહેન તણી અનુમતી લેઇરે લોલ, સાગર કીધ પ્રયાણરે. સુ૦ વ્ય૦ ૯

અને તેને પોતાનું નાણું આપી વ્યાપાર કરાવ્યો, તેથી તે રફતે રફતે લાજ આબરૂ અને ઘણું ધન વિગેરે પામ્યો ॥ ૭ ॥ હવે એક દહાડો સૂરજપુરના વ્યાપારીઓ વ્યાપાર કરવાને ત્યાં આવ્યા, તેઓને જોઇ, તે પોતાના પિતાને મળવાની ઇચ્છા કરવા લાગ્યો ॥૮॥ પછી તેણે (સાગરે) કેટલાક ગાડાં, ઉંટ, પોઠીયા વિગેરે ઉપર કરીયાણું લાદીને, પોતાની બેહેનની રજા લઇ પોતાના નગર તરફ જવાની તૈયારી કરી ॥૯॥

નગર આવ્યું જવ ઢૂકડુંરે લોલ, નિસરીયા સાથ મૂકરે; સુ૦
ઉતાવલા ઘર જાઇએરે લોલ, રાતે ગયા વાટ ચૂકરે. સુ૦ વ્ય૦ ॥ ૧૦ ॥
અટવી માંહી જઈ પડયારે લોલ, ભૂખે અતિ પીડાયરે; સુ૦
ફલ પાકાંને ફૂટરાંરે લોલ, સહુને આવ્યાં દાયરે. સુ૦ વ્ય૦ ॥ ૧૧ ॥

સાગર પૂછે તેહનેરે લોલ, કહો એહનું તુમે નામરે; સુ૦
નામ અમે જાણું નહીંરે લોલ, એસું નહીં મુજ કામરે. સુ૦ વ્ય૦ ૧૨

પછી જ્યારે નગર નજદીક આવ્યું, ત્યારે તે સાથે રહેલા સાથને છોડીને ઉતાવળથી ઘેર જવા નિકળ્યો, પણ રાત પડી જવાથી રસ્તો ચુકી ગયો ॥ ૧૦ ॥ ત્યાંથી વગડામાં જઈ ચડ્યો, અને ત્યાં અત્યંત ભૂખ લાગવાથી દુઃખ પામવા લાગ્યો, પણ એટલામાં કેટલાક મનોહર પાકાં ફળ તેમના જોવામાં આવ્યા તેથી સૌ ખુશી થયા ॥૧૧॥ તે જોઈ સાગર સાથેના માણસોને પુછવા લાગ્યો કે, આ ફળોનું નામ શું? ત્યારે તેઓ કહેવા લાગ્યા કે, એના નામની અમોને ખબર નથી, તે સાંભળી તેણે કહ્યું કે ત્યારે તે સાથે મારે કામ નથી. અર્થાત નામ જાણ્યા વિના મારે તે ઉપયોગનાં નથી ॥ ૧૨ ॥

જેણે ફલ ખાધાં તે ઢળ્યારે લોલ, ધરણી તલે ધ્રસકાયરે; સુ૦
સ્ત્રીરૂપ ધરી વનદેવતારે લોલ, નિયમ પરીક્ષે આયરે. સુ૦ વ્ય૦ ૧૩
સરસ સુગંધ ફલ આગલેરે લોલ, મૂકી ભાંખે નારીરે; સુ૦
એ ફલ સુંદર જે ભખેરે લોલ, રોગ જરાદે નિવારીરે. સુ૦ વ્ય૦ ૧૪
જરા જાજરી હું હતીરે લોલ, તરૂણી થઈ ફલ ખાયરે; સુ૦
સાગર કહે નામ એહનુંરે લોલ, મુજને સુણાવો માયરે. સુ૦ વ્ય૦ ૧૫

ત્યાં જેઓએ તે ફળ ખાધાં તેઓ જમીનપર મુર્છા ખાઇ પડ્યા; તે વખતે વનદેવી સ્ત્રીનું રૂપ લઇ તેના નિયમની પરીક્ષા કરવા સારૂ ત્યાં આવી લાગી ॥૧૩॥ અને તેની પાસે ઉત્તમ રસવાળા સુગંધિદાર ફળો મુકીને તે સ્ત્રી કહેવા લાગી કે, આ ઉત્તમ ફળો જે કોઇ ભક્ષણ કરે, તેઓનો રોગ અને ઘડપણ વિગેરે નાશ પામે છે ॥૧૪॥ હું પણ ઘરડી ડોકરી હતી, તે આ ફળો ખાવાથી આવી સુંદર જુવાન બની છું, તે સાંભળી સાગરે પુછયું કે, હે માતાજી તેઓનું નામ શું છે? ॥ ૧૫ ॥

નામ નથી હું જાણતીરે લોલ, તો મુજને છે નિમરે; સુ૦
વ્રતનો ભંગ કરૂં નહીંરે લોલ, જ્યાં જીવું ત્યાં સીમરે. સુ૦ વ્ય૦ ૧૬
દૃઢપણું દેખી દેવતારે લોલ, ત્રુઠી કહે વર માગરે; સુ૦
મિત્ર ઉઠાડો માહરારે લોલ, જેમ દુઃખ જાયે ભાગરે. સુ૦ વ્ય૦ ૧૭
ટાલી મૂરછા તેહનીરે લોલ, આણ્યા સુરજપુર પાસરે; સુ૦
રતન મંડપે સાગર ઠવેરે લોલ, નાટક કરે ઉલ્લાસરે. સુ૦ વ્ય૦ ॥ ૧૮ ॥

તે સાંભળી દેવી બોલી કે, તેનું નામ હું જાણતી નથી, ત્યારે સાગરે કહ્યું કે, અજાણ્યા ફળો ખાવાનું મને નિયમ છે, માટે જ્યાં સુધી જીવું ત્યાં સુધી મારા એ વ્રતનો હું ભંગ કરૂં નહીં ॥ ૧૬ ॥ એવી રીતે તેનું વ્રતમાં દ્રઢપણું જોઇને દેવી તેના પર તુષ્ટમાન થઇ કહેવા લાગી કે, તું મારી પાસે વરદાન માગ. તે સાંભળી તેણે કહ્યું કે, હે માતાજી આ મારા મિત્રોના દુઃખોનો નાશ કરી તેઓને ઉઠાડો. ॥૧૭॥ પછી તેઓની મુર્છા ટાળીને તે દેવીએ તેઓ સઘળાને સૂરજપુરમાં મોકલાવ્યા, અને સાગરને રત્ન મંડપમાં બેસાડી તેની પાસે તે નાટક લાગી ॥ ૧૮ ॥

રાજા અચરિજ સાંભલીરે લોલ, આવ્યો જોવા કાજરે; સુ૦
માત પિતા આવી મલ્યાંરે લોલ, ધર્મથી સીધ્યાં કાજરે. સુ૦ વ્ય૦ ૧૯
ધર્મ જિનેશ્વરનો તિહાંરે લોલ, મેં પામ્યો મન ભાવરે; સુ૦
કુંદલતા માને નહીંરે લોલ, તુમે કહો વાત બનાવરે. સુ૦ વ્ય૦ ॥૨૦॥
ભૂપ સચિવ મન ચિંતવેરે લોલ, પાપણી ન માને સાચરે; સુ૦
આઠમા ખંડની આઠમીરે લોલ, ઢાલ કહી નેમે વાચરે. સુ૦ વ્ય૦ ૨૧

રાજા પણ તે આશ્ચર્ય સાંભળી ત્યાં જોવા આવ્યો, અને ત્યાં તેનાં માબાપ પણ આવીને મળ્યાં, એવી રીતે ધર્મ પ્રભાવે તેનાં સઘળા કાર્યો સિદ્ધ થયા ॥ ૧૯ ॥ તે જોઇ હું પણ ત્યાં મન ગમતો જૈન ધર્મ પામી, તે સાંભળી કુંદલતા કહેવા લાગી કે, તે તમારી સઘળી વાતો જુઠી બનાવટી છે ॥ ૨૦ ॥ તે જોઇ રાજા અને પ્રધાન વિચારવા લાગ્યા કે, આ પાપણી આ સાચી વાતોને પણ જુઠી કહે છે; એવી રીતે નેમવિજયજીએ આઠમા ખંડની આઠમી ઢાલ કહી ॥ ૨૧ ॥

## दुहा.

વિદ્યુલતા પ્રતે વારતા, હવે શેઠ પૂછંત; તુજને પ્રાપ્તિ ધર્મની, કેમ થઇ કહો વિરતંત ॥ ૧ ॥ બોલે તે વિદ્યુલ્લતા, ચંપાપુરે સુદંડ; ભૂપતિ રાજ કરે ભલો, વરતે આણ અખંડ ॥ ૨ ॥ શેઠ નામ સુરદેવ છે, ગયો વ્યાપારે વિદેશ; અશ્વરતન લેઈ આવીયો, કુશલ આપણે દેશ ॥ ૩ ॥

પછી શેઠ વિદ્યુલ્લતાને પુછવા લાગ્યા કે, તમોને ધર્મની પ્રાપ્તિ શી રીતે થઇ? તે કહી સંભળાવો ॥ ૧ ॥ તે સાંભળી વિદ્યુલ્લતા કહેવા લાગી કે, ચંપા નામે નગરીમાં સુદંડ નામે એક ઉત્તમ રાજા રાજ કરે છે, અને તેની આણા અખંડ રીતે પળાય છે ॥૨॥ ત્યાં એક સુરદેવ નામે શેઠ હતો, તે એક વખતે વેપાર વાસ્તે દેશાંતરમાં ગયો, અને ત્યાંથી ઉત્તમ ઘોડા લેઇને આનંદ સહિત પોતાને દેશ આવ્યો ॥૩॥

મૂલ દેઈ રાજા લીયા, ઘોડા ઘણા પ્રધાન; વધી પ્રીતિ નૃપ શેઠને, તે દિનથી બહુ માન ॥ ૪ ॥ માસખમણને પારણે, શેઠ ઘરે એક સાધ; આવ્યો દેખી ચિંતવે, ચિંતામણી મેં લાધ ॥ ૫ ॥ મોદક તસ પ્રતિલાભીને, વાંદે બે કર જોડ; દેવે કરી ઘર આંગણે, વૃષ્ટિ કનકની ક્રોડ ॥ ૬ ॥ સમુદ્રદત્ત નામે વણિક, દાન તણાં ફલ દેખ; નિંદે નિજ નિરધનપણું, શેઠ પ્રશંસ વિશેખ ॥ ૭ ॥

ત્યાં રાજાએ ઘણું દ્રવ્ય તેને આપી તેની પાસેથી સારા સારા ઘોડા લીધા, અને ત્યારથી માંડીને રાજા અને શેઠ વચ્ચે અત્યંત મિત્રાઇ થઇ ॥ ૪ ॥ હવે એક દિવસ તે શેઠને ઘેર માસખમણને પારણે એક સાધુ વોરવા આવ્યા, તે જોઇ શેઠે વિચાર્યું કે, ખરેખર આજે મને ચિંતામણિ રત્ન મળ્યું છે ॥ ૫ ॥ ત્યાં તેણે બે

હાથ જોડી સાધુને લાડુ વોરાવ્યા; તેજ વખતે દેવતાએ તેના ઘર આગળ ક્રોડું ગમે સોનૈયાની વૃષ્ટિ કરી ॥ ૬ ॥ ત્યાં સમુદ્રદત્ત નામે શેઠ એવી રીતે દાનનાં ફળ જોઈ, પોતાના નિર્ધન પણાની નિંદા કરતો થકો તે શેઠની અત્યંત પ્રશંસા કરવા લાગ્યો. ૭

## ઢાલ નવમી.

સુણુ મેરી સજની રજની ન જાવેરે—એ દેશી.

હું હવે પરદેશે જઇ ધન ખાટુંરે, દલિદ્રિ તણું નામ દૂરે દાટુંરે;
ચાર મિત્રસું સમુદ્રદત્ત ચાલ્યોરે, સિંહલદ્વિપ જઇ નયણે નિહાલ્યોરે. ૧
પલાસ ગામ અનુક્રમે પહોતારે, માંહો માંહી કહે ગહગહતારે;
સમુદ્રદત્ત કહે રહેસું અહીયાંરે, મન માને તે જાઓ તિહાંરે ॥ ૨ ॥
સહુકો વલી ઇહાં એકઠા થાસુંરે, પછી આપણી દિસે જાસુંરે;
બીજો સાથ નગરમાં પેઠોરે, સરોવર પાળે સમુદ્રદત્ત બેઠોરે ॥ ૩ ॥

પછી તે મનમાં વિચારવા લાગ્યો કે, હું પણ પરદેશ જઇ ધન કમાઇ મારી દરિદ્રતાનો નાશ કરૂં, એમ વિચારી ચાર મિત્રોની સાથે તે સિંહલદ્વિપમાં ગયો. ॥૧॥ ત્યાંથી અનુક્રમે પલાસ નામે ગામમાં ગયા, ત્યારે સમુદ્રદત્ત, મિત્રોને કહેવા લાગ્યો કે, હું તો હવે અહીંજ રહીશ, તમો તમારે ખુશી પડે ત્યાં જાઓ ॥ ૨ ॥ વળી આપણે પાછળથી અહીં ભેગા મળીને આપણા દેશમાં જઇશું; પછી બીજો સઘળો સાથ તો નગરમાં ગયો, પણ સમુદ્રદત્ત તો ત્યાં તળાવને કાંઠે બેઠો ॥ ૩ ॥

અશોક નામે સોદાગર આવ્યોરે, સમુદ્રદત્તને તેણે બોલાવ્યોરે;
જો તું માહરા ઘોડા પાલેરે, તાહરૂં માગ્યું કરૂં હવાલેરે ॥ ૪ ॥
દિન માંહે દોય વેલા ભુતિરે, ખટમાસ અંતરે કંબલ જૂતિરે;
ત્રણ વરસની અવધિ કીજેરે, અશ્વ યુગલ મન ગમતા લીજેરે. ॥૫॥
એમ પરઠીને રહ્યો સમુદ્રદત્તરે. અશોક પુત્રીસું લાગ્યું ચિત્તરે;
મીઠાં ફલ તસ આણી આપેરે, કમલશ્રી પતી તેહને થાપેરે ॥ ૬ ॥

ત્યાં એક અશોક નામે સોદાગરે આવી સમુદ્રદત્તને કહ્યું કે, જો તું મારા ઘોડાનું રક્ષણ કરે, તો તું જે માગ તે આપું ॥ ૪ ॥ દિવસમાં બે વખત જમવાનું, તથા છછ મહિને બબે કામળ, એવી રીતે ત્રણવરસની બંધી, તથા છેવટે તારે ગમે તેવા અશ્વશાળામાંથી બે ઘોડાઓ લેવા ॥ ૫ ॥ એવો ઠરાવ કરીને સમુદ્રદત્ત તેને ત્યાં રહ્યો, પછી ત્યાં તે શેઠની પુત્રી સાથે તેને સ્નેહ થયો, તે હમેશાં તેણીને મિઠાં મિઠાં ફળો લાવી આપે, અને કમળશ્રી (તે શેઠની પુત્રી) પણ તેને પોતાનો પતિ કરીને માને. ૬

એક દિન કમલશ્રી પ્રતે ભાંખ્યુરે, નિજ દેશ જવા મેં મન રાખ્યુંરે;
તે કહે હું તુજ આવીસ સાથેરે, લખીયો પતિ તું માહરે માથેરે ॥ ૭ ॥
ઇશ્વર પુત્રી તું મૃદુ અંગીરે, સિંહણ લંકી નયણ કુરંગીરે;
હું નિરધનને પંથિક વિદેશીરે, કેમ તું માહરે સાથ આવેસીરે ॥ ૮ ॥

તુજ ગુણ રાતી પ્રીતમ મોરારે, વચન ન બોલો એવાં કઠોરારે;
રાગે મહિલા સોંપે પ્રાણરે, વીરવી રામા કરે તસ હાણરે ॥ ૯ ॥

હવે એક દિવસે કમલશ્રીને તે કહેવા લાગ્યો કે, મારે તો હવે મારે દેશ જવું છે, તે સાંભળી તેણીએ કહ્યું કે, હું પણ તારી સાથેજ આવીશ, કારણ કે તું તો મારો પતિ લખાઇ ચુકેજ છો ॥૭॥ તે સાંભળીને સમુદ્રદત્ત કહેવા લાગ્યો કે, તું મોટાની દીકરી છું, તારૂં શરીર કોમળ છે, તારી કેડ સિંહ સરખી છે, તારી આંખો હરણ સરખી છે, માટે એવી તું સ્ત્રી, હું જે નિરધન, તથા એક પરદેશી છું, તેની સાથે તું કેમ આવી શકશે? ॥ ૮ ॥ તે સાંભળી તે સ્ત્રી કહેવા લાગી કે, હે સ્વામિ તમે મારા પ્રાણ સમાન છો, માટે એવાં કઠોર વચનો બોલો નહીં, કહ્યું છે કે સ્ત્રી પ્રીતિ વાસ્તે પ્રાણ પણ આપે છે, અને રિસાય તો નાશ પણ કરે છે ॥ ૯ ॥

ददातिरागिणीप्राणान् । हन्तिद्वेषिणंपुनः ॥
ग्राहोरागोविरागोवा । कोपिलोकोत्तरःस्त्रियः ॥ १ ॥

સ્ત્રી પ્રીતિ વાસ્તે પ્રાણ આપે છે, તથા દ્વેષીનો નાશ કરે છે, માટે અહો સ્ત્રીનો રાગ દ્વેષ તો કોઇ લોકોત્તરજ છે ॥ ૧ ॥

જવ મુજ તાત દેખાડે ઘોડારે, તવ દુબલા બે લેજો સજોડારે;
જે ધોળો તે આકાસે ઉડેરે, રાતો તે જલમાં નવિ બુડેરે ॥ ૧૦ ॥
એમ સંકેત કરી તે રહીયારે, ચારે મિત્ર આવ્યા ઉમીહારે;
ચાલો આપણ દેશે જઈએરે, કુટુંબસું મલી સુખીયા થઇએરે ॥૧૧॥
સમુદ્રદત્ત આવી અશોકને આગેરે, ત્રણ વર્ષની મસ્તુકી માંગેરે;
મદુરા મોટી તે દેખાવેરે, અશ્વ યુગલ લો જે દાય આવેરે ॥ ૧ ॥
દુબલા દીઠા તે બે લીધારે, સમુદ્રદત્તનાં વાંછિત સિધાંરે;
આઠમા ખંડની નવમી ઢાલરે, નેમવિજયે કહી ઉજમાલરે ॥ ૧૩ ॥

હવે જયારે મારો પિતા તમોને ઘોડા દેખાડે ત્યારે તમો બન્ને દુબળા ઘોડાની જોડી લેજો, તેમાં જે ધોળો છે, તે આકાશમાં ઉડે છે, તથા રાતો છે, તે પાણીમાં બુડતો નથી ॥ ૧૦ ॥ એવી રીતે સંકેત કરી રાખ્યા બાદ, ત્યાં તેના ચારે મિત્રો પણ આવી ચડ્યા, અને કહેવા લાગ્યા કે, ચાલો હવે આપણે દેશ જઇ કુટુંબને મળી સુખી થઇએ. પછી સમુદ્રદત્તે અશોક શેઠ પાસે આવી પોતાની ત્રણ વર્ષની ચાકરી માગી, ત્યારે શેઠે મોટી ઘોડશાળા દેખાડી કહ્યું કે, આમાંથી તને ગમે તે બે ઘોડા લઇ લે ॥ ૧૨ ॥ ત્યાં સમુદ્રદત્તે તો જે બે દુબળા ઘોડા હતા તે લીધા, તેથી તેનું તો કામ સિદ્ધ થયું; એવી રીતે આઠમા ખંડની નવમી ઢાલ નેમવિજયે આનંદ પૂર્વક કહી ॥ ૧૩ ॥

## દુહા.

અશોક કહેરે મૂઢ તું, આજ કાલમાં પ્રાણ; મૂકે એહવા અ
શ્વને, કાં લે એ અંધ જાણ ॥ ૧ ॥ કનકાભરણ અલંકર્યા,

**માતા ઉંચા વાહ; બીજા લે તું બાપડા, છાંડી એહની ચાહ ॥ ૨ ॥ સમુદ્રદત્ત કહે એણે સર્યું, નહીં અવરસું કામ; પાસે ઉભા તે કહે, જડ દુરાગ્રહી નામ ॥ ૩ ॥ હિત ઉપદેશ એહને વિશે, દીધો નિષ્ફલ થાય; મૂરખનું ઔષધ નહીં, કહે મહા કવિરાય ॥ ૪ ॥**

તે જોઇ અશોક શેઠ તેને કહેવા લાગ્યો કે, અરે મૂર્ખ આવા દુબળા ઘોડા કે, જે આજ કાલમાં તો મરી જશે, એવા ઘોડાને દેખી પેખીને આંધળો થઇ કેમ લે છે? ૧ હે ભાઈ, બીજા સોના રૂપાના ઘરેણા વાળા મોટા તથા માતેલા ઘોડા લઈ આને છોડી દે ॥ ૨ ॥ તે સાંભળી સમુદ્રદત્તે કહ્યું કે, મારે તો તેજ ઘોડા જોઇએ છીએ, બીજા જોતા નથી; તે સાંભળી પાસે ઉભેલા લોકો પણ કહેવા લાગ્યા કે, એ મૂર્ખ મમતી છે ॥ ૩ ॥ માટે એને હિતોપદેશ દેશો, તે ફોકટ જશે, કારણ કે, મોટા કવીઓ પણ કહી ગયા છે કે, મૂર્ખનું ઓસડ મળે નહીં ॥ ૪ ॥

यतः — मूर्खस्यषड्चिन्हानि । गर्वदुर्वचनंमुखम् ॥
विवादींविरोधिच । कृत्याकृत्यंनमन्यते ॥ १ ॥

મૂર્ખનાં છ ચિન્હો જાણવાં, અહંકાર, મોઢેથી ખરાબ શબ્દો બોલવા, વાદ વિવાદ વિરોધ, તથા કૃત્ય અને અકૃત્યને પણ જાણે નહીં ॥ ૧ ॥

**મુજ પુત્રી આસક્ત છે, કહો હસે એહ ભેદ; ગહન ચરિત્ર છે નારીનો, કિસો કરૂં મન ખેદ ॥ ૫ ॥ જો એ અશ્વ આપું નહીં, થાય પ્રતિજ્ઞા ભંગ; કમલશ્રી પરણાવીને, દીધા તેહ તુરંગ ॥ ૬ ॥**

પછી શેઠે વિચાર્યું કે, મારી પુત્રી આના ઉપર આશક્ત છે, માટે તેણીથી તેને આ બાતમી મળી હશે, કારણ કે સ્ત્રી ચરિત્ર મહા ગહન છે, માટે હવે મનમાં ખેદ શું કરવો ॥ ૫ ॥ વળી હવે જો આ ઘોડા તેને આપું નહીં, તો મારી પ્રતિજ્ઞાનો નાશ થાય, પછી તેણે કમલશ્રીને તેની સાથે પરણાવીને તે ઘોડા તેને આપ્યા. ૬

## ઢાલ દશમી.

ઉદયા તે પુરરો માંડવોરે, ગઢ અરબુદરી જાન મહારાજા, અમામોરી, કેસરીયો વર રૂડોજી લાગે—એ દેશી.

**સમુદ્રદત્ત હવે ચાલીયોરે, સાથે કમલશ્રી લેય, જન જોજો.**
**અસોક નૌવાહક શિખવ્યારે, ઉતરતાં કહે તેય, જન જોજો સહુ કોય.**
**વાત અપૂરવ જે હોય ॥ એ આંકણી ॥ ૧ ॥**
**જિનધર્મ સખાઈ જીવનેરે, ઇણ ભવ પરભવ જોય; જન૦**
**ધર્મ વિના ધંધે પડચારે, સુખ નવિ પામે કોય. જ૦ વા૦ ॥ ૨ ॥**
**અશ્વ યુગલ જો તું દીયેરે, નદી ઉતારૂં તુજ; જ૦**
**સમુદ્રદત્ત કહે તુમે ચોરટારે, બોલો એહવું અબુજ. જ૦ વા૦ ॥ ૩ ॥**

પછી સમુદ્રદત્ત કમલશ્રીને સાથે લઇને ત્યાંથી નીકળ્યો, તેને ચાલતાં નદી ઉતરવાની વખતે અશોકના સિખાવેલા નાવિક તેને કહેવા લાગ્યા, હે શ્રોતાજનો આ આશ્ચર્યકારક વાત સાંભળજો ॥ ૧ ॥ આ જીવને ફકત જૈન ધર્મજ આ ભવ અને પરભવમાં સાચો મિત્ર છે, માટે ધર્મ વિના જે પ્રાણીઓ ભમે છે, તેઓને કંઇ પણ સુખ થતું નથી ॥ ૨ ॥ હવે જો આ અશ્વયુગલ અમોને આપો, તો હું તમને નદી ઉતારૂં, તે સાંભળી સમુદ્રદત્તે કહ્યું કે, તમો ચોર છો, માટે એમ કહો છો. ॥ ૩ ॥

જો તું બેસીસ નાવમાંરે, તો રહેશે હય દોય; જ૦
કમલશ્રી કહે પીયુજીરે, સવિ ચિંતા નાખો ખોય. જ૦ વા૦ ॥ ૪ ॥
આકાશગામી ઉપરેરે, ચઢી બેસો મુજ સંગ; જ૦
જલગામી હાથે ધરીરે, જલનિધિ તરો નિસંક. જ૦ વા૦ ॥ ૫ ॥
તેમ કરીને તે ઉતર્યારે, આવ્યા ચંપાપુરી માંહ; જ૦
એક અશ્વ નૃપને દીયોરે, ભૂપ પુત્રી દે ઉછાહ. જ૦ વા૦ ॥ ૬ ॥

ત્યારે નાવિકોએ કહ્યું કે, જો તું વહાણમાં બેશીસ તો પણ આ બન્ને ઘોડાઓ તો રહેશેજ, ત્યારે કમલશ્રી કહેવા લાગી કે, હે સ્વામિ તમો તે સઘળી ચિંતા દૂર કરો. ૪ આકાશગામી ( આકાશમાં ચાલનાર–ઉડનાર ) ઘોડા ઉપર તમો મારી સાથે ચડી બેશો, અને આ જળગામી ( જળ ઉપર ચાલનાર ) ઘોડાને હાથમાં પકડી કંઈ પણ શંકા રાખ્યા વિના સમુદ્ર તરો. ॥ ૫ ॥ એમ કરીને તેઓ સમુદ્ર ઉતરી ચંપાપુરીમાં આવ્યા, ત્યાં એક ઘોડો રાજાને દેવાથી રાજાએ તેને પોતાની પુત્રી પરણાવી ॥ ૬ ॥

અર્ધરાજ વળી ઉપરેરે, બે નારીસું સુખ; જ૦
સમુદ્રદત્ત નિત ભોગવેરે, દૂર ગયાં સવિ દુઃખ. જ૦ વા૦ ॥ ૭ ॥
સુરદેવને આપીયોરે, હય નૃપ રખ્યા કાજ; જ૦
સુર તીરથ યાત્રા કરેરે, ચઢી વિજય તર વાજ. જ૦ વા૦ ॥ ૮ ॥
ગગને જાતાં દેખીયોરે, પલ્લિપતિયે એક વાર; જ૦
સુભટ સહુને તે કહેરે, બેઠો સભા મોઝાર. જ૦ વા૦ ॥ ૯ ॥

વળી તેને અરધું રાજ્ય પણ આપ્યું, એવી રીતે સમુદ્રદત્ત પોતાની બન્ને સ્ત્રીઓ સાથે હમેશાં સુખ ભોગવવા લાગ્યો, અને તેના સઘળાં દુઃખો નાશ પામ્યાં ॥ ૭ ॥ પછી રાજાએ તે ઘોડો સુરદેવને રક્ષણ કરવા વાસ્તે આપ્યો, ત્યારે સુરદેવ તે ઘોડા પર બેશીને તીર્થ યાત્રા કરવા લાગ્યો ॥ ૮ ॥ એક દિવસ આકાશમાં ચાલતાં તેને એક ચોરોના સરદારે જોયો, ત્યારે તે પોતાની સભામાં આવી સઘળા સુભટોને કહેવા લાગ્યો ॥ ૯ ॥

એ અશ્વ આણી આપે જીકેરે, પુત્રી સહીત અર્ધરાજ; જ૦
તેહને આપું સાંભળીરે, કુંતલ કહે લાવું વાજ. જ૦ વા૦ ॥ ૧૦ ॥
ચંપા માંહે આવીનેરે, જઈ હય હરણ ઉપાય; જ૦
કોય ન લાભે તવ તિહાંરે, કપટ શ્રાવક તે થાય. જ૦ વા૦ ॥ ૧૧ ॥

સુરદેવને દેહરેરે, આંખે પાટા બાંધ; જ૦
પડીયો પૂછે તેહનેરે, કહે મુજને આબાધ. જ૦ વા૦ ॥ ૧૨ ॥

એ ઘોડા જે કોઇ મને લાવી તેને પુત્રી સહિત અરધું રાજ આપું, તે સાંભળી કુંતલ નામે સુભટે કહ્યું કે, હું એ ઘોડા લાવી આપું ॥ ૧૦ ॥ પછી તે ચંપા નગરીમાં આવીને એ ઘોડા હરણ કરવાની તજવીજ કરવા લાગ્યો, પણ ત્યાં કંઈ બીજો ઉપાય ન મળવાથી તે કપટથી શ્રાવક થયો ॥ ૧૧ ॥ પછી તે આંખે પાટા બાંધીને સુરદેવ જ્યાં જતો હતો તે દેરે જઇને સૂતો અને પુછવાથી કહેવા લાગ્યો કે મને પીડા થાય છે. ૧૨

સુરદેવ જિન પૂજીનેરે, પૂછયું એ છે કુણ; જ૦
મહા શ્રાવક અચાક કહેરે, નેત્રા મઇ ગાંઠીન તુણ. જ૦ વા૦ ॥ ૧૩ ॥
પય પ્રણમીને વિનવેરે, દયાવંત સુરદેવ; જ૦
વાલે આવો આપણેરે, ઘર કરૂં તુમારાં ભેવ. જ૦ વા૦ ॥ ૧૪ ॥
મંદિર તેડયો હાથસુંરે, કરે પરિચર્યા તાસ; જ૦
કપટિ નિસિ અવસર લહીરે, હય ચઢી ચાલ્યો આકાસ. જ૦ વા૦૧૫

પછી સૂરદેવે જિનેશ્વરની પૂજા કરીને તે દરદીને પુછયું કે તું કોણ છે? ત્યારે તેણે કહ્યું કે, હું એક નાવારસ શ્રાવક છું, અને મારી આંખોમાં ગાંઠો થઇ છે. ૧૩ પછી તે દયાળુ સુરદેવ તેને પગે લાગી કહેવા લાગ્યો કે, તમે ખુશીથી મારે ઘેર આવો, હું તમારી બરદાસ્ત કરીશ ॥ ૧૪ ॥ પછી તેને પોતાની સાથે ઘેર તેડી જઇ, તેની ચાકરી કરવા લાગ્યો, પછી તે કપટી રાત્રિએ અવસર જોઇ, તે ઘોડા પર ચડી આકાશ માર્ગે ઉડી ગયો ॥ ૧૫ ॥

વહેતા વાહને ચાબખોરે, માર્યો કુંતલ વીટ; જ૦
પાડયો હેઠો પાપીનેરે, શત ખંડ થયો શરીર. જ૦ વા૦ ॥ ૧૬ ॥
અશ્વ જઇ અષ્ટાપદેરે, ચૈત્ય તણે રહ્યો બાર; જ૦
વિદ્યાધર હરિ દેખીનેરે, રૂષિને પૂછે વિચાર. જ૦ વા૦ ॥ ૧૭ ॥
ચારણ મુનિયે અવધે કરીરે, કહ્યું ગંધર્વ સરૂપ; જ૦
તુરંગ વિના સુરદેવનેરે, વેદન કરસે ભૂપ. જ૦ વા૦ ॥ ૧૮ ॥
આઠમા ખંડ તણી કહીરે, દશમી ઢાલ રસાલ; જ૦
રંગવિજય શિષ્ય એમ કહેરે, નેમવિજય ઉજમાલ. જ૦ વા૦ ॥ ૧૯ ॥

પણ તે પાપી કુંતલે ચાલતા ઘોડાને ચાબખ મારવાથી, ઘોડે તેને નીચે પછાડવાથી તે કટકે કટકા થઇ મૃત્યુ પામ્યો ॥ ૧૬ ॥ પછી તે ઘોડો અષ્ટાપદ પર્વત ઉપરના દેવળને બારણે જઈ ઉભો, ત્યાં વિદ્યાધરે તેને જોવાથી રૂષિઓને તે વિષે પુછવા લાગ્યો ॥ ૧૭ ॥ પછી તે ચારણ મુનિએ અવધિ જ્ઞાનથી તે સઘળો વૃતાંત જાણીને તે વિદ્યાધરને કીધો, અને વળી કહ્યું કે, આ ઘોડા વિના સુરદેવને રાજા ઘણું દુઃખ દેશે ॥ ૧૮ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે આઠમા ખંડની દશમી ઢાલ આનંદ પૂર્વક કહી ॥ ૧૯ ॥

## દુહા.

સૂતો ઉઠયો શેઠજી, હય નવિ દીઠો તેથ; અશ્વપાલને પૂછીયું, કોણ જાણે ગયો કેથ ॥ ૧ ॥ ઠગી ગયો તે ધર્મ ઠગ, શ્યો ઉત્તર નૃપ દેસ; ધર્મ કરંતાં એહવો, આવી પડીયો ક્લેસ ॥ ૨ ॥ ટાલે શ્રી ભગવંતજી, મરણાંતગ ઉવસગ્ગ; સરણ કરી જિનધર્મનો, ચૈત્ય કર્યો કાઉસગ્ગ ॥ ૩ ॥

પછી જ્યારે તે શેઠ સવારે ઉંઘમાંથી ઉઠ્યો, ત્યારે ઘોડાને ન દેખવાથી તેણે અશ્વપાળને પુછયું, ત્યારે તેણે કહ્યું કે, મને ખબર નથી કે તે કયાં ગયો ॥ ૧ ॥ પછી તેણે વિચાર્યું કે, ખરેખર તે ધર્મ ઠગ માણસ આપણને ઠગી ગયો, હવે રાજાને જવાબ શો આપશું? આતો ધર્મ કરતા આવી રીતે દુઃખ આવી પડયું ॥ ૨ ॥ શ્રી જિનેશ્વર પ્રભુના પસાયથી મરણ આદિક ઉપસર્ગ પણ નાશ પામે છે, એમ વિચારી જૈન ધર્મનું શરણું લઇ એ શેઠે દેરામાં કાઉસગ કર્યો ॥ ૩ ॥

ચુગલે જઈ ચાડી કરી, કહ્યો અશ્વ ઉદંત; ઘર લુંટી ભૂપતિ કહે, કરો એહનો અંત ॥ ૪ ॥ ચાકર ચૈત્યે દોડીયા, કર સાહી કરવાલ; દેરામાંહી પેસતાં, દેવે થંભ્યા તતકાલ ॥૫॥ સેનાની નૃપ મુકીયો, કહેવા તેહ હેવાલ; કોપી સેના સજ કરી, ચડી આવ્યો ભૂપાલ ॥ ૬ ॥

વળી ત્યાં કોઇ દુષ્ટ ચાડીયાએ રાજા પાસે જઇ અશ્વ ગયા વિષેનો સઘળો વૃતાંત કહેવાથી, રાજાએ હુકમ કર્યો કે, શેઠનું ઘર લુંટી લઇ તેને મારી નાખો ॥ ૪ ॥ પછી સિપાઈઓ તો હાથમાં તરવાર લઇ શેઠને મારવા સારૂં દોડતા દેરાસરે ગયા, પણ તેજ વખતે દેવે તેને દેરામાં પેસતાં અટકાવ્યા ॥ ૪ ॥ ત્યારે કોટવાલે રાજા પાસે માણસ મુકી તે વૃતાંત કહેવરાવ્યો, ત્યારે રાજા પોતે ક્રોધાયમાન થઈ લશ્કર તૈયાર કરી ત્યાં આવ્યો ॥ ૬ ॥

ભૂપ વિના સહુ થંભીયા, ચિંતે રાજા ચિત્ત; કોઈ ઉપાય ઇસો હોયે, રહે રતન ને મિત ॥૭॥ વિદ્યાધર જિનવર નમી, સામી સાહાજય નિમિત; અશ્વ લેઈને આવીયા, ચંપાપૂરી તુરત. ૮

ત્યાં રાજા વિના સઘળાઓ બહાર અટકી ગયા, ત્યારે રાજા મનમાં વિચારવા લાગ્યો કે, રત્ન (ઘોડો) મળે અને મિત્ર બચે એવો કોઇ ઉપાય મળે તો ઠીક. ॥ ૭ ॥ તે વખતે પેલા વિદ્યાધર તે શેઠને મદદ કરવા વાસ્તે જિનેશ્વરને નમસ્કાર કરી તે ઘોડો લઇ ચંપાપુરીમાં આવ્યા ચડ્યા ॥ ૮ ॥

## ઢાલ અગિઆરમી.

જગજીવન જગ વાલહો–એ દેશી.

અશ્વને મૂકી આંગણે, જિનહર માંહી જાય લાલરે;

પદપંકજ પરમેષ્ટિનાં, પ્રણમી ભણું સુણીતાય લાલરે.
સાચો ધરમ સંસારમાં ॥ એ આંકણી ॥ ૧ ॥
સાચો ધરમ સંસારમાં, ધરમ કરો સહુ કોય લાલરે;
ધરમે ધણ કણ સંપજે, ધરમથી શિવસુખ હોય લાલરે. સા૦ ॥ ૨ ॥
અમે વિદ્યાધર આવીયા, અષ્ટાપદની જાત્ર લાલરે;
અશ્વ તુમારો આણીયો, તુજ દીઠે ઠર્યાં ગાત્ર લાલરે. સા૦ ॥ ૩ ॥

પછી તે વિદ્યાધર ઘોડાને આંગણામાં મુકીને દેવળમાં જઈ પ્રભુને નમસ્કાર કરી, લોકોને કહેવા લાગ્યા. કવિ કહે છે કે, સંસારમાં સાર એક ધર્મજ છે ॥ ૧ ॥ સંસારમાં સાચો એક ધર્મજ છે, માટે સહુ કોઈ ધર્મ કરો, કારણ કે, ધર્મથી કરીને ધન, ધાન્ય સંપદા વિગેરે મળે છે, અને ધર્મથી મોક્ષ પણ મળે છે ॥ ૨ ॥ વિદ્યાધર કહે છે અમે અષ્ટાપદ ઉપર જાત્રા કરવા ગયા હતા, ત્યાં તમારો ઘોડો જોવાથી તેને અહીં લાવ્યા છીએ, અને તમોને જોઇ આજે અમોને ઘણો આનંદ થાય છે. ૩

સરણ કરી નૃપ શેઠનો, ચરણ નમે વારંવાર લાલરે;
મુકી સેના મોકલી, દેવે થંભી જે દ્વાર લાલરે. સા૦ ॥ ૪ ॥
સુરદેવ કાઉસગ પારીને, હય સોંપ્યો નૃપ હાથ લાલરે;
વય ગયે સંયમ લીયો, શેઠ ભૂપતિ બે સાથ લાલરે. સા૦ ॥ ૫ ॥
વિદ્યાધર ઓચ્છવ કરી, પહોત્યા નિજ આવાસ લાલરે;
એમ પ્રત્યક્ષ ફલ દેખીને, ધરમ કર્યો ઉલ્લાસ લાલરે. સા૦ ॥ ૬ ॥

પછી રાજા ત્યાં શેઠનું શરણું કરીને તેને વારંવાર નમસ્કાર કરવા લાગ્યો, પછી ત્યાં દેવે જે સૈન્ય બારણા આગળ થંભ્યું હતું, તે તેણે મોકળું કર્યું ॥ ૪ ॥ પછી સુરદેવે કાઉસગ પાળીને તે ઘોડો રાજાને સોંપ્યો; પછી થોડો વખત રહી રાજા તથા શેઠે સાથે દીક્ષા લીધી ॥ ૫ ॥ પછી વિદ્યાધરો પણ ઓચ્છવ કર્યા બાદ પોતાને સ્થાનકે ગયા, અને એવી રીતે ધર્મનું પ્રત્યક્ષ ફળ જોઇને હું પણ ધર્મ પામી ॥ ૬ ॥

નારી સહિત કહે શેઠજી, તેં ભાંખ્યું એ સત્ય લાલરે;
કુંદલતા કહે એકલી, એ પણ વાત અસત્ય લાલરે. સા૦ ॥ ૭ ॥
ચિત્તમાંહે એમ ચિંતવે, શ્રેણિક અભયકુમાર લાલરે;
પ્રત્યક્ષ દીઠું ઓલવે, અહો પાપિણી એ નાર લાલરે. સા૦ ॥ ૮ ॥
હું એહને રૂડી પરે, દેશું શિક્ષા સવાર લાલરે;
આજ પછી જેમ એહવું, ન કહે કુડું કેવાર લાલરે. સા૦ ॥ ૯ ॥

ત્યારે સઘળી સ્ત્રીઓ સાથે શેઠે કહ્યું કે, તેં જે વાત કહી તે ખરેખરી છે, પણ એક કુંદલતા કહે કે, તે જુઠી છે ॥ ૭ ॥ તે સાંભળી શ્રેણિક રાજા, તથા અભયકુમાર મંત્રી વિચારવા લાગ્યા કે, પ્રત્યક્ષ દીઠેલી વાતને પણ આ પાપણી દુષ્ટ સ્ત્રી માનતી નથી ॥ ૮ ॥ હવે એને સવારે હું સારી રીતે શિક્ષા કરીશ, કે આજ પછી કદી તે આવું જુઠું બોલે નહીં ॥ ૯ ॥

અરૂણોદય દેખી હવે, કુકડે કીધો સોર લાલરે;
આવ્યો મંદિર આપણે, રાજા મંત્રિ ચોર લાલરે. સા૦ ॥ ૧૦ ॥
પરભાતે પરિવારસું, પરવરીયો ભૂપાલ લાલરે;
અર્હદ્દાસને ઘર આવીયો, શેઠ રતન ભરી થાલ લાલરે. સા૦ ॥ ૧૧ ॥
આગળ મૂકી ભેટણું, કર જોડી પાયે લાગ લાલરે;
ઉભો એમ વિનતિ કરે, માહરો મોટો ભાગ લાલરે સા૦ ॥ ૧૨ ॥

પછી સૂર્ય ઉગવાનો સમય થવાથી કુકડા બોલવા લાગ્યા, તે જોઈ રાજા તથા મંત્રી અને તે ચોર સઘળા પોત પોતાને સ્થાનકે ગયા ॥ ૧૦ ॥ સવારમાં તે રાજા પરિવાર સહિત અર્હદ્દાસ શેઠને ઘેર આવ્યો ત્યારે શેઠે રત્નનો થાળ ભર્યો ॥ ૧૧ ॥ અને રાજા આગળ ભેટણું મુકીને હાથ જોડી તે શેઠ વિનતિ કરવા લાગ્યો કે, આજે મારૂં મોટું ભાગ્ય જાગ્યું છે. ॥ ૧૨ ॥

જંગમ તીરથ માહરે, ઘર આવ્યા માહારાજ લાલરે;
પ્રસન્ન થઈ પ્રભુ ભાંખીયે, મુજ સરિખું જે કાજ લાલરે. સા૦ ॥૧૩॥
અવનિપતિ કહે ધર્મની, કથા કહી તુમે રાત લાલરે;
નિંદી નારી જેણીયે, દાખવો તે મુજ ભ્રાત લાલરે. સા૦ ॥ ૧૪ ॥
નિગ્રહ કરસું તેહનો, સુણી શેઠ ઝાંખો થાય લાલરે;
શું ભૂપ પોતે આવીયો, કે દુર્જને કહ્યું જાય લાલરે. સા૦ ॥ ૧૫ ॥

આપ જંગમ તીર્થ સમાન મહારાજા સાહેબ આજે મારે ઘેર પધાર્યા છો, માટે મારાપર કૃપા કરી મારા સરખું જે કામ કાજ હોય તે ફરમાવશો ॥ ૧૩ ॥ ત્યારે રાજાએ કહ્યું કે, તમોએ રાત્રિએ ધર્મની જે કથા કહી, તે કથાની જે સ્ત્રીએ નિંદા કરી, તે સ્ત્રી અમોને બતાવો ॥ ૧૪ ॥ તેનો અમારે નાશ કરવો છે; તે વાત સાંભળી શેઠ તો ઝખવાણો પડી જઇ વિચારવા લાગ્યો કે, રાત્રિએ રાજા પોતે શું અહીં આવ્યો હોશે? કે કોઇ દુષ્ટ માણસે આ વાત રાજાને કહી હશે? ॥૧૫॥

અસત્યે નૃપ દંડ પામીયે, સાચે નારી નાસ લાલરે;
એમ ત્યાં જન કહેવે સહુ, અર્હદ્દાસ રહ્યો વિમાસ લાલરે. સા૦ ॥૧૬॥
કુંદલતા નિસુણી એસું, આવી નૃપને પાસ લાલરે;
દુષ્ટ નારી તે હું અછું, પણ સુણજો અરદાસ લાલરે. સા૦ ॥ ૧૭ ॥
ધણી શોકને આવીયો, પરિયાગત જિનધર્મ લાલરે;
પિતર ન જાણે માહરા, શ્રીજિન શાસન મર્મ લાલરે. સા૦ ॥ ૧૮ ॥

ત્યારે સઘળા લોકો તેને કહેવા લાગ્યા કે, જો જુઠું બોલીશ, તો રાજા દંડ કરશે, અને સાચું બોલીશ, તો સ્ત્રીનો નાશ થશે; તે સાંભળી શેઠ વિચારમાં પડી ગયો. ૧૬ તે વખતે કુંદલતા પોતે એકદમ રાજા પાસે આવી કહેવા લાગી કે, તે દુષ્ટ સ્ત્રી હું છું; પણ સાહેબ! મારી એક અરજ સાંભળશો ॥ ૧૭ ॥ મારા સ્વામીને અને શોકયોને તેમના માબાપ તરફથીજ જૈન ધર્મ મળેલો છે, પણ મારા માબાપ કંઇ જૈન ધર્મની વતા જાણતા નથી ॥ ૧૮ ॥

તોપણ એ ફલ સાંભલી, પામી છું વયરાગ લાલરે;
પ્રીય પુછી કરી પારણું, વ્રત લેસું ધરી રાગ લાલરે. સા૦ ॥ ૧૯ ॥
મહીમા દીઠો ધરમનો, એણે સઘલે સાક્ષાત લાલરે;
તોપણ ભોગ તજે નહીં, તેણે જૂઠી કહું વાત લાલરે. સા૦ ॥ ૨૦ ॥
આઠમા ખંડ તણી કહી, અગ્યારમી ઢાલ રસાલ લાલરે;
રંગવિજય શિષ્ય એમ ભણે, નેમવિજય ઉજમાલ લાલરે. સા૦॥૨૧॥

તો પણ એ ફળ સાંભળીને મને વૈરાગ્ય થયો છે, માટે હવે પારણું કરી સ્વામિની રજા લઇ રાગ સહિત દીક્ષા લઇશ ॥ ૧૯ ॥ તે સઘળાઓએ સાક્ષાત ધર્મનો મહિમા જોએલો છે, તો પણ ભોગાદિ કર્મો તેઓ છોડતા નથી, તેથી આ વાતો હું જુઠી કહું છું ॥ ૨૦ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે આનંદ પૂર્વક આઠમા ખંડની અગ્યારમી ઢાલ કહી ॥ ૨૧ ॥

## दुहा.

જો એ સંયમ આદરે, તો સઘલું કહું સત્ય; ભુપાદિક સહુકો કહે, અહો અહો તાહરી મત્ય ॥૧॥ વ્રત લેવા મુજ મન હતું, પડચો ભોગને પાસ; દીક્ષા લેશું હવે અમે, એમ જંપે અર્હદાસ ॥ ૨ ॥ ભોજન ભક્તિ કરી ભલી, નૃપ સંપ્રેડચો ધામ; આઠ દિવસ ઓચ્છવ કરી, ધન ખરચ્યું શુભ ઠામ ॥ ૩ ॥

માટે હવે જો તેઓ સંજમ અંગીકાર કરે, તો હું સઘળું સાચું કહું, તે સાંભળી રાજા આદિક સર્વે કહેવા લાગ્યા કે, અહો તારી બુદ્ધિ તો ઘણીજ ઉત્તમ છે ॥૧॥ વળી મને પણ વ્રત લેવાનું મન હતું, તથાપી હું ભોગને વશ પડ્યો હતો, પણ હવે દીક્ષા લઇશ, એમ શેઠ કહેવા લાગ્યો ॥ ૨ ॥ પછી રાજાને ભોજન આદિકથી ખુબ ભકિત કરીને, તેને ઘેર વિદાય કર્યો, અને ત્યાર પછી તેણે અઠાઇ મહોત્સવ કરી ઘણું ધન ખરચ્યું ॥ ૩ ॥

સદગુરૂ પાસે સંયમ લીયો, આઠ નારીસું અર્હદાસ; તપ જપ કર્મ ખપાવીને, કીધો શિવપુર વાસ ॥૪॥ સુહસ્તી સુરી દેશન સુણી, સંપ્રતિ નામ નરેશ; જિનવર ધર્મ વિશેષથી, વરતાવે નિજ દેશ ॥ ૫ ॥ ધરમ કરો ભવિયણ સદા, ધરમે ભાવઠ જાય; ધરમે મનવંછિત ફલે, વસે શિવપુર માંય ॥ ૬ ॥

પછી તે શેઠે આઠ સ્ત્રીઓ સહિત ઉત્તમ ગુરૂ પાસે દીક્ષા લઇને, તપ જપથી કર્મનો નાશ કરી મોક્ષ ગતિ મેળવી ॥ ૪ ॥ એવી રીતે સુહસ્તી આચાર્ય મહારાજની દેશના સાંભળીને સંપ્રતિ રાજા અધિક અધિક જૈન ધર્મ પોતાના દેશમાં વર્તાવવા લાગ્યો. ૫ માટે હે ભવિ લોકો તમે હમેશાં ધર્મ કરો, ધર્મ કરવાથી સઘળાં દુઃખો નાશ પામી, ઇચ્છિત કાર્યો સિદ્ધ થાય છે, તથા છેવટે મોક્ષ પણ મળે છે ॥ ૬ ॥

જિન પ્રાસાદ કરાવીયાં, દીધાં બહુ પરે દાન; જનમ સફલ કરી આપણો, પામ્યો અમર વિમાન ॥ ૭ ॥ શ્રી હીરવિજય સૂરીસરૂ, શુભવિજય તસ શિષ્ય; ભાવવિજય કવિજન ભ-ણા, સિદ્ધિ નમું નિસ દીસ ॥ ૮ ॥ રૂપવિજય કવિરાજમાં, કૃષ્ણવિજય કર જોડ; રંગવિજય છે રંગીલા, નાવે એહની હોડ ॥ ૯ ॥ આઠમો ખંડ પૂરો થયો, ઢાલ અગ્યારે સાર; નેમવિજયને નિત્ય પ્રતે, હોજો જયજયકાર ॥ ૧૦ ॥

વળી તેણે જિનેશ્વરનાં કેટલાક દેહેરાં કરાવ્યાં, તથા ઘણાં દાન આપ્યાં, એવી રીતે પોતાનો જન્મ સફળ કરી તે દેવલોકમાં ગયો ॥ ૭ ॥ શ્રી હીરવિજય નામે આ-ચાર્ય હતા, તેના શિષ્ય સિદ્ધિ વિજયને હું નમસ્કાર કરૂં છું ॥ ૮ ॥ તેના શિષ્ય રૂપવિજય, તથા તેના શિષ્ય કૃષ્ણજવિય, તથા તેના શિષ્ય રંગવિજય છે, કે જેની કોઇ જોડી નથી ॥ ૯ ॥ એવી રીતે અગ્યાર ઢાલોએ કરી સંપૂર્ણ આઠમો ખંડ પૂરો થયો, નેમવિજયજી મહારાજને હમેશા મંગલીકની માળા હોજો ॥ ૧૦ ॥

ઇતિ શ્રી ધર્મ પરીક્ષા રાસે આઠમો ખંડ સંપૂર્ણ.

---

## खंड ९ मो.

### ઢાલ પેહેલી.

તે મુજ મિચ્છામિ દુક્કડં—એ દેશી.

સાંભળરે તું પ્રાણીયા, સદગુરૂ ઉપદેશ;
માનવ ભવ દોહિલો લહ્યો, ઉત્તમ કુલ એશ. સાં૦ ॥ ૧ ॥
દેવ તત્વ નવિ ઓળખ્યો, ગુરૂ તત્વ ન જાણ્યો;
ધરમ તત્વ નવિ સદ્દહ્યો, હયડે જ્ઞાન ન આણ્યો. સાં૦ ॥ ૨ ॥
મિથ્યાત્વી જિન સૂર પ્રતે, સરિખા કરી જાણ્યા;
ગુણ અવગુણ નવિ ઓલખ્યા, વયણે વખાણ્યા. સાં૦ ॥ ૩ ॥

હે પ્રાણી તું ઉત્તમ ગુરૂનો ઉપદેશ સાંભળ. મનુષ્ય ભવ કે જે મળવો મહા દુર્લભ છે, તેમાં તું ઉત્તમ કુળ પામ્યો છે ॥ ૧ ॥ તો પણ તેં દેવ તત્વને ઓળખ્યો નહીં, તેં ધર્મ તત્વને અંગીકાર કર્યું નહીં, તેમ મનમાં જ્ઞાન પણ મેળવ્યું નહીં. ૨ મિથ્યાત્વી તથા જૈન દેવોને સરખા કરી માન્યા, તથા ગુણ અવગુણની પરીક્ષા કર્યાં વિના વચનોથી વખાણ કર્યાં ॥ ૩ ॥

દેવ થયા મોહે ગ્રહ્યા, પાસે રાખે છે નારી;
કામ તણે વશે જે પડયા, અવગુણ અધિકારી. સાં૦ ॥ ૪ ॥
કોઈક ક્રોધી દેવતા, વળી ક્રોધનાં વાહ્યા;
કો કીણથી તે બીહતા, હથીયાર સંવાહ્યા. સાં૦ ॥ ૫ ॥

ક્રૂર નર જેહને ઘણું, દેખંતાં ડરીયે;
મુદ્રા જેહની એહવી, તેહથી શું તરીયે. સાં૦ ॥ ૬ ॥

વળી કેટલાક દેવો મોહને વશ થઈ પાસે સ્ત્રી રાખે છે, તથા અવગુણી થઇ કામને વશ પડેલા છે ॥ ૪ ॥ વળી કોઇ દેવતા ક્રોધી, તથા કોઇ તો પાસે એવા ભયંકર હથીયાર રાખે છે કે, જેથી લોકોને બીક લાગે ॥ ૫ ॥ વળી જે માણસો ક્રૂર હોય, અને જેનું સ્વરૂપ જોવાથી બીક લાગે, એવાથી આપણે શી રીતે સંસાર સમુદ્ર તરી શકીયે? ॥ ૬ ॥

આઠ કરમ સાંકલ જડયા, ભમે ભવહી મોઝારો;
જનમ મરણાં ભવ દેખીને, પામ્યો નહીં પારો. સાં૦ ॥ ૭ ॥
દેવ થઇ નાટક કરે, નાચે જણ જણ આગે;
વેષ કરી રાજા કૃષ્ણનો, વળી ભિક્ષા માગે. સાં૦ ॥ ૮ ॥
મુખકર વાયે વાંસલી, પહેરે તન વાગા;
ભાવતાં મન ભોજન કરે, એહવા ભ્રમ લાગા. સાં૦ ॥ ૯ ॥

આઠ કર્મારૂપી સાંકળોથી જોડાણા થકા માણસો આ સંસારરૂપી અટવીમાં ભમ્યા કરે છે, તથા જન્મ મરણ આદિક ભવોને જોતાં પણ પાર આવતો નથી ॥ ૭ ॥ વળી દેવતા થઇને માણસ માણસ આગળ નાચે, તથા કૃષ્ણ રાજાનો વેષ કરીને ભીક્ષા માગે છે ॥ ૮ ॥ વળી તે મોઢેથી વાંસળી વગાડે, તથા શરીરે વાઘા પેહેરે, વળી મન ગમતા ભોજન કરે, એવો ભ્રમ થઈ રહ્યો છે ॥ ૯ ॥

દેખો દૈત્ય સંહારવા, થયા ઉદ્યમ વંતો;
હરિ હરણાંકસ મારીયો, નરસિંહ બલવંતો. સાં૦ ॥ ૧૦ ॥
મચ્છ કચ્છ અવતાર લેઈ, સહુ અસુર વિદાર્યા;
દશ અવતારે જુજુઆ, દશ દૈત્ય સંહાર્યા. સાં૦ ॥ ૧૧ ॥
માને મૂઢ મિથ્યામતિ, એહવા પણ દેવો;
ફેર ફેર અવતાર લે, દેખો કર્મની ટેવો. સાં૦ ॥ ૧૨ ॥
સ્વામિ શોભે જેહવો, તેહવો પરિવારો;
એમ જાણીને પરિહરો, નેમવિજય વિચારો. સાં૦ ॥ ૧૩ ॥

વળી જુઓ કે રાક્ષસોને મારવા તૈયાર થયા, જેમકે શ્રીકૃષ્ણે બળવાન નરસિંહનુ રૂપ કરીને હરિણાંકસ રાક્ષને માર્યો ॥ ૧૦ ॥ વળી મચ્છ કચ્છ આદિક દશ અવતાર ધારણ કરી જુદા જુદા દશ દૈત્યોને માર્યા ॥ ૧૧ ॥ એવી રીતે જે ફરી ફરીને અવતાર લીએ એવા દેવોને મિથ્યાત્વીઓ માને, માટે કર્મની ગતિ તો જુઓ. ૧૨ માટે જેવા સ્વામિ તેવોજ તેનો પરિવાર પણ હોય, માટે એવું જાણી નેમવિજયજી કહે છે કે, તેનો ત્યાગ કરો ॥ ૧૩ ॥

---

## ઢાલ બીજી.

ઓધવ માધવને કેજો–એ દેશી.

જગ નાયક જિનરાજને, દાખવીયે દેવ;
મૂકાણાં જે કર્મથી, સારે સુરપતિ સેવ. જ૦ ॥ ૧ ॥
ક્રોધ માન માયા નહીં, છાંડયા આઠે મદ થાન;
રતિ અરતિ વેદે નહીં, નહીં લોભ અજ્ઞાન. જ૦ ॥ ૨ ॥
નિદ્રા શોક ચોરી નહીં, નહીં વયણ અલીક;
મચ્છર ભય બંધ પ્રાણીનો, ન કરે ત્રણ તીક. જ૦ ॥ ૩ ॥

માટે જે આઠ કર્મોથી મુકાએલા છે, તથા જેની ઇંદ્રો પણ સેવા કરે છે, એવા જગતના નાયક શ્રી જિનને દેવ કરી માનવા. ॥ ૧ ॥ જેને ક્રોધ, માન, માયા, આઠ પ્રકારના મદ, રતિ, અરતિ તથા લોભનો જે જિનેશ્વરે ત્યાગ કર્યો છે ॥ ૨ ॥ વળી જેને નિદ્રા, દિલગિરિ, ચોરી, જુઠું, અદેખાઇ, ભય, બંધ વિગેરેનો મન, વચન અને કાયાથી ત્યાગ કર્યો છે ॥ ૩ ॥

પ્રેમ ક્રીડા ન કરે કદી, નહીં નારી પ્રસંગ;
હાસ્યાદિક અઢાર એ, નહીં જેહને અંગ. જ૦ ॥ ૪ ॥
પદ્મમાસન પુરી કરી, બેઠા અરિહંત;
નિશ્ચલ લોયણ જેહનાં, નાશાગ્રે રહંત. જ૦ ॥ ૫ ॥
જિનમુદ્રા જિનરાજની, દીઠે પરમ ઉલ્લાસ;
સમકીત થાયે નિરમલું, દીપે જ્ઞાન ઉજાસ. જ૦ ॥ ૬ ॥

વળી સ્ત્રી સાથે જે પ્રેમ ક્રીડા કરે નહીં, તથા જે હાસ્યાદિક અઢાર દોષનો નાશ કરે છે ॥ ૪ ॥ વળી જે પદ્માસન વાળીને, નાસિકાના અગ્ર ભાગ ઉપરે નિશ્ચળ આંખો રાખીને બેશે છે ॥ ૫ ॥ એવી રીતે જિનેશ્વર પ્રભુની મુદ્રા જોવાથી મનમાં અત્યંત આનંદ આવે છે, તથા જ્ઞાન સહિત નિર્મળ સમ્યકત્વ મળે છે ॥ ૬ ॥

ગત આગત સહુ જીવની, દેખે લોકા લોક;
જિન દેખે સવિ વસ્તુને, કેવળજ્ઞાને અલોક. જ૦ ॥ ૭ ॥
મૂરત શ્રી જિનરાજની, સમતારસ ભંડાર;
સીતલ નયણ સોહામણાં, નહીં વાંક લગાર. જ૦ ॥ ૮ ॥
હસિત વદન હરખે હીયો, દેખી શ્રી જિનરાય;
સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણી ન જાય. જ૦ ॥ ૯ ॥

વળી તે જિનેશ્વર પ્રભુ કેવળ જ્ઞાને કરી ગએલ, આવતી એવી વસ્તુઓને તથા લોક અલોક વિગેરેને દેખી રહ્યા છે ॥ ૭ ॥ વળી શ્રી જિનેશ્વર પ્રભુની મૂર્તિ સમતા રસના ભંડાર રૂપ છે, તથા તેના ઉત્તમ ચક્ષુઓ ઠંડક આપનારા છે, તેમાં જરા પણ ખામી નથી ॥ ૮ ॥ વળી એવી રીતનું જિનેશ્વર પ્રભુનું હસતું મોહોડું

જોઈ આનંદ મળે છે, તથા એવી પ્રભુની સુંદર દેહ હોય છે કે, જેની શોભાનું વર્ણન પણ કરવું મુશ્કેલ છે ॥ ૯ ॥

અવર તણી એહવી છબી, કીહાંયે ન દીસંત;
દેવ તત્વ એમ જાણીયે, સહુ સુણજો સંત. જ૦ ॥ ૧૦ ॥
નવમા ખંડ તણી કહી, ઢાલ બીજી એ સાર;
રંગવિજય શિષ્ય નેમને, હોજો જયજયકાર. જ૦ ॥ ૧૧ ॥

બીજા દેવની એવી છબી કોઇ વખતે પણ નજરે પડતી નથી, એવી રીતે હે સજ્જનો દેવ તત્વ જાણજો ॥ ૧૦ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયજીએ નવમા ખંડની બીજી ઢાલ કહી; અને તેથી તેને જયજયકાર થજો ॥ ૧૧ ॥

## ઢાલ ત્રીજી.

યત્તની દેશી.

શ્રી જિનવર પ્રવચન ભાંખ્યા, માંહી કુગુરૂ તણાં ગુણ દાખ્યા;
પાસથ્થાદિક પંચેઇ, પાપ શ્રમણ કહ્યા પંચેઈ. ॥ ૧ ॥
ગૃહીનાં મંદિરથી આણી, આહાર કરે ભાત પાણી;
સુઇ ઉંઘે જે નિસ દિસ, મરમાદિ વિસવા વીસ. ॥ ૨ ॥
ક્રિયા ન કરે કેણે વાર, પડિકમણું સાંજ સવાર;
ન કરે સૂત્ર અરથ સઝાય, વિકથા કરતાં દિન જાય ॥ ૩ ॥

શ્રી જિનેશ્વર પ્રભુના સિદ્ધાંતોમાં કુગુરૂના લક્ષણો પણ કહ્યાં છે, તેમાં પાસ તથા આદિક પાંચ પ્રકારના પાપ સાધુઓ કહેલા છે ॥ ૧ ॥ એવા સાધુઓ ગૃહસ્થોને ઘેરથી આહાર પાણી લાવીને, તે ખાઈ આખો દિવસ રાત સૂઇ રહે છે, તેમાં જરા સંદેહ નથી ॥ ૨ ॥ વળી સાંજ સવાર પ્રતિક્રમણ આદિક કંઇ ક્રિયા કરે નહીં, તથા સૂત્ર, અર્થ સઝાયધ્યા પણ કરે નહીં, આખો દિવસ વિકથામાં ગાળે ॥ ૩ ॥

ઘૃત દૂધ દહીં અપ્રમાણ, ખાયે ન કરે પચખાંણ;
જ્ઞાન દર્શનને ચારિત્ર, મૂકી દીધાં તે સુપવિત્ર ॥ ૪ ॥
સુવિહિત મુનિ સમાચારિ, પાલે નહીં તે અણગારી;
આહારનાં દોષ બાયાલ, ટાલે નહીં કીણહી કાલ ॥ ૫ ॥
ધબ ધબ ધસમસતો ચાલે, કાચે જલે દેહ પખાલે;
ચરચા અરચના વંદાવે, વસ્ત્રાદિક શોભ બનાવે ॥ ૬ ॥

વળી કંઇપણ નિયમ વિના ઘી, દૂધ, દહી વિગેરે વિગય ખાય, તથા પવિત્ર એવાં જ્ઞાન, દર્શન. અને ચારિત્રનો ત્યાગ કરે ॥ ૪ ॥ વળી તે પાપ સાધુ સારીરીતે મુનિનિ સમાચારી પાળે નહીં, તથા બેતાલીસ દોષ સહીત આહાર પાણી હમેશાં લીયે ॥ ૫ ॥ વળી રસ્તે ધબ ધબ પગ મુકી ચાલે, તથા ઠંડે પાણીએ નહાય, વળી પોતાની પૂજા અર્ચા કરાવે, તથા સારા સારા ભભકાબંધ વસ્ત્રો પહેરે ॥ ૬ ॥

પરિગ્રહ વલી ઝાઝો રાખે, વલી વલી અધિકાને ધાંખે;
માઠી જે કરણી કહીયે, તે સઘલી જિણમેં લહીયે ॥ ૭ ॥
એવા જેહ કુગુરૂ આરંભી, મુનિ સાધુ કહે વાયે દંભી;
કિય કમ્મ પસંસા કરીયે, ભવ ભવ ગ્રહમાં અવતરીયે ॥ ૮ ॥
લોઢાની નાવાને તોલે, ભવ સાયરમાં જે બોલે;
નેમ કહે ભલો અહિ કાલો, પણ કુગુરૂની સંગતિ ટાલો ॥ ૯ ॥

વળી પરિગ્રહ પણ ઘણો રાખે, અને હમેશાં વધારે વધારેની તૃષ્ણા રાખે, વળી સઘળી ખરાબ કરણીઓને આચરે ॥ ૭ ॥ એવા આરંભવાળા કુગુરૂઓ કપટી સાધુઓ કહેવાય છે, વળી તે પોતે કરેલા કામની પ્રશંસા કરે, અને તેથી ભવ ભવ પ્રતે રખડતા ફરે છે ॥ ૮ ॥ વળી તેવા ગુરૂને લોખંડની હોડી સમાન કહેલા છે, કારણ કે તે ભવરૂપી સમુદ્રમાં બુડાડે છે, નેમવિજયજી કહે છે, સર્પ કરડે તે સારો, પણ એવા કુગુરૂની સંગતિ સારી નહીં. ॥ ૯ ॥

## ઢાલ ચોથી.

કરજોડી આગલ રહી—એ દેશી.

ગુણ ગિરૂઆ ગુરૂ ઓલખો, હયડે સુમતિ વિચારિરે;
ગુરૂ સુપરીક્ષા દોહલી, ભૂલાં પડે નરનારીરે. ગુ૦ ॥ ૧ ॥
પાંચે ઇંદ્રિ વશ કરે, પંચ મહાવ્રત પાળેરે;
ચાર કષાય તજી જેણે, પાંચે કિરિયા ટાલેરે. ગુ૦ ॥ ૨ ॥
પાંચે સુમતે સૂમતા રહે, તીન ગુપતિ જે ધારેરે;
દોષ બેતાલીસ ટાલીને, પાણી ભાત આહારેરે. ગુ૦ ॥ ૩ ॥

ગુણવાન ઉત્તમ ગુરૂને મનમાં બુદ્ધિ લાવી ઓળખતા શિખવું, અને તે પરીક્ષા કરવી દુર્લભ હોવાથી સ્ત્રી પુરૂષો ભુલા ભમ્યા કરે છે ॥ ૧ ॥ જે ગુરૂ પાંચે ઈંદ્રિઓને વશ રાખી, પાંચ મહાવ્રત પાળે છે, તથા ચાર કષાયને જીતીને, પાંચ પ્રકારની ક્રીયા ટાળે છે ॥ ૨ ॥ પાંચ પ્રકારની સુમતિ ગ્રહણ કરી, ત્રણ ગુપ્તિ અંગીકાર કરે છે, તથા બેતાલીસ દોષ રહિત આહાર પાણી લીએ છે ॥ ૩ ॥

મમતા છાંડી દેહની, નિરલોભી નિરમાયીરે;
નવવિધ પરિગ્રહ પરિહરે, ચિત્તમેં ચિંત ન કાંઈરે. ગુ૦ ॥ ૪ ॥
પડિલેહણ નિત્યે વિધે, કરે પ્રમાદ નિવારીરે;
કાળે શુદ્ધ ક્રીયા કરે, પન્નર હાયાગ નિવારીરે. ગુ૦ ॥ ૫ ॥
ધર્મ તણાં ઉપગ્રણ ધરે, સંયમ પાલવા કાજેરે;
ભોંઇ જોઇ પગલાં ભરે, લોક વિરૂદ્ધથી લાજેરે. ગુ૦ ॥ ૬ ॥

વળી જે પોતાના શરીર ઉપર પણ મમતા રાખતા નથી, તથા સંતોષી અને કપટ વિનાના હોય છે, તથા નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી, મનમાં કંઇ પણ ચિંતા કરતા નથી ॥ ૪ ॥ વળી હમેશા પ્રમાદ છોડી પડિલેહણ કરે, તથા પન્નર કર્મા

દાનનો ત્યાગ કરી શુદ્ધ કીયા કરે ॥ ૫ ॥ વળી સંયમને નિમિત્તે ધર્મના ઉપગરણો અંગીકાર કરે, તથા પૃથ્વી ઉપર જોઇ જોઇને પગલા ભરે, તેમ લોક વિરૂદ્ધ કાર્યોથી પણ લાજ પામે ॥ ૬ ॥

વસ્ત્રાદિક શુદ્ધ એષણી, લ્યે દેખી સુવિશેષરે;
કાળ પ્રમાણે ખપ કરે, દુષણ ટલતા દેખેરે. ગુ૦ ॥ ૭ ॥
કુષી સંબલ જે કહ્યા, સાનિધ્ય કેમહી ન રાખેરે;
દે ઉપદેશ યથાસ્થિતે, સત્ય વચન મુખ ભાખેરે. ગુ૦ ॥ ૮ ॥
તન મેલા મન ઉજલા, તપ કરી ક્ષીણ દેહરે;
બંધન બે છેદી કરી, વિચરે જન નિસ નેહીરે. ગુ૦ ॥ ૯ ॥

વળી વસ્ત્ર આદિક પણ શુદ્ધ અને સાધુને યોગ્ય એવા, રૂતુ પ્રમાણે જોઇ કરી, દોષ રહિત અંગીકાર કરે ॥ ૭ ॥ વળી ભાતું આદિક પોતાની સાથે રાખે નહીં, તથા મુખથી સત્ય અને યોગ્ય ઉપદેશ આપે ॥ ૮ ॥ વળી શરીરે મેલવાળા, પણ મનથી નિર્મળ, તથા તપે કરી જેની કાયા ક્ષીણ થઇ છે એવા, તથા કોઇ માણુસ ઉપરે રાગ રાખ્યા વિના બંધનનો નાશ કરી દેશાંતરમાં વિચરે ॥ ૯ ॥

એહવા ગુરૂ જોઇ કરી, આદરીયે શુભ ભાવેરે;
બીજો તત્વ સુગુરૂ તણો, જગમાં એમ કહાવેરે. ગુ૦ ॥ ૧૦ ॥
નવમા ખંડની એ કહી, ઢાલ ચોથી એ વારૂરે;
રંગવિજય શિષ્ય એમ કહે, નેમવિજય શ્રોતા સારૂરે. ગુ૦ ॥ ૧૧ ॥

એવા ગુરૂને પરીક્ષા કરી શુભ ભાવ સહિત અંગીકાર કરીયે, એવી રીતે આ દુનીયામાં બીજો સુગુરૂ તત્વ કહેલો છે ॥ ૧૦ ॥ એવી રીતે રંગવિજયના શિષ્ય નેમવિજયે સાંભળનારા વાસ્તે નવમાં ખંડની ચોથી ઢાલ કહી ॥ ૧૧ ॥

## ઢાલ પાંચમી.

કરમ ન છૂટેરે પ્રાણીયા–એ દેશી.

ભવ સાયર તરવા ભણી, ધરમ કરે સારંભ;
પથ્થર નાવેરે બેસણે, તરવો સમુદ્ર દુર્લંભ. ભ૦ ॥ ૧ ॥
આપે ગોકલ ગાયના, આપે કન્યારે દાન;
આપે ક્ષેત્રે પુણ્યારથે, બ્રાહ્મણને દેઇ માન. ભ૦ ॥ ૨ ॥
લુટાવે ધાણી વલી, પૃથ્વી દાનસું પ્રેમ;
ગોલા કલસારે મોરીયા, આપે હલ તિલ હેમ. ભ૦ ॥ ૩ ॥

આ ભવરૂપી સમુદ્ર તરવા વાસ્તે ધર્મ કરવો જોઇએ, કારણકે પત્થરની હોડીમાં બેસવાથી સમુદ્ર તરાતો નથી ॥ ૧ ॥ ગાયોના ગોકુળ આપે, કન્યા દાન આપે, તથા પુણ્ય વાસ્તે બ્રાહ્મણોને માનપૂર્વક દાન આપે ॥ ૨ ॥ વળી ધાન્ય, તથા જમીન આદિકનું દાન આપે, તથા ગોળા, કળસા, મોરીયા, હળ, તલ, સોનુ આદિક આપે ॥૩॥

વળી ખણાવેરે ખાંતસું, કુઆ સુંદર વાવ;
પુષ્કરણી કરણી ભલી, સરવર સખર તલાવ. ભ૦ ॥ ૪ ॥
કંદ મૂલ મૂકે નહીં, અગ્યારસ વ્રત દીસ;
આરંભ તે દિન અતિ ઘણો, ધરમ કીહાં જગદીસ. ભ૦ ॥ ૫ ॥
યાગ કરે હોમે તિહાં, ઘોડા નરનેરે છાગ;
હોમે જલચર મીંડકાં, ધર્મ કીહાં વીતરાગ. ભ૦ ॥ ૬ ॥

વળી ચિવટ રાખી કુવા, વાવ, પુષ્કરણી, સરોવર, તળાવ વિગેરે બંધાવે ॥ ૪ ॥ વળી અગ્યારસને દહાડે વ્રત કરીને કંદમૂળ ખાય, તથા તે દિવસે ઉલટો ઘણો આરંભ કરે, માટે હે જગદીશ ? તે તે કયા પ્રકારનો ધર્મ જાણવો ॥ ૫ ॥ વળી યજ્ઞ કરીને તેમાં, ઘોડા, માણસ, બકરા, ઘેટા, જલચર, પાણી વિગેરેને હોમે, તે અને વીતરાગનો ધર્મ તે કયાં ? ॥ ૬ ॥

કરે સદાઈરે નોરતાં, જીવ તણાં આ આરંભ;
હણે ભેંસારે બોકડા, જેહથી નરક સુલંભ. ભ૦ ॥ ૭ ॥
સરાવે બ્રાહ્મણ કને, પૂર્વજ તણોરે શ્રાદ્ધ;
તેડી પોંખેરે કાગડા, દેખો એહ ઉપાધ. ભ૦ ॥ ૮ ॥
તીરથ જાયે ગોદાવરી, ગંગા ગયારે પ્રયાગ;
નાહે અણગલ નીરમાં, ધરમ તણો નહીં લાગ. ભ૦ ॥ ૯ ॥

વળી નોરતાં વિગેરેમાં પાડા, બકરા વિગેરે કેટલાક જીવોને મારી, નરક ગતિ બાંધે ॥ ૭ ॥ વળી પૂર્વજોનું શ્રાદ્ધ બ્રાહ્મણ પાસે સરાવે, તથા કાગડાઓને બોલાવી તેને ખવરાવે, એ ઉપાધિ તો તમે જુઓ ॥ ૮ ॥ વળી ગોદાવરી, ગંગા, પ્રયાગ વિગેરે તીર્થોમાં જઇ, અણગળ પાણીથી નાહીને ધર્મ માને છે ॥ ૯ ॥

ઈત્યાદિક કરણી કરે, પરભવ સુખનેરે કાજ;
એણી કરણી મલે નહીં, એહથી શિપુર રાજ. ભ૦ ॥ ૧૦ ॥
નવમા ખંડ તણી ભલી, પાંચમી ઢાલ રસાલ;
રંગવિજય શિષ્ય એમ ભણે, નેમને મંગલ માલ. ભ૦ ॥ ૧૧ ॥

એવી રીતે પરભવના સુખ વાસ્તે કરણીઓ કરે છે, પણ એવી કરણીઓથી મોક્ષ મળતું નથી ॥ ૧૦ ॥ એવી રીતે નવમા ખંડની રસાળ એવી પાંચમી ઢાલ કહી, રંગવિજયના શિષ્ય કહે છે કે, નેમવિજયજીને મંગળીકની માળા હોજો ॥ ૧૧ ॥

## ઢાલ છઠ્ઠી.

જંબૂદ્વિપનાં ભરતમાં–એ દેશી.

ધરમ ખરો જિનવર તણોરે, શિવ સુખનો દાતાર;
શ્રી જિનરાજે પ્રકાશીયોરે, જેહનાં ચાર પ્રકારોરે. જ્ઞાન વિચારી જોય,
દુરગતિ પડતાં જીવનેરે, ધારે તે ધર્મ હોયરે. જ્ઞા૦ ॥ ૧ ॥

પાંચ મહાવ્રત સાધુનારે, દશ વિધ ધર્મ વિચાર;
હિતકારી જિનવર કહ્યાંરે, શ્રાવકનાં વ્રત બારોરે. જ્ઞા૦ ॥ ૨ ॥
પાંચુંબર ચારે વગેરે, વિષ સહુ માટી હેમ;
રાત્રિ ભોજનને કહ્યારે, બહુ બીજાનો નેમરે. જ્ઞા૦ ॥ ૩ ॥

માટે ખરો ધર્મ તો જિનેશ્વર પ્રભુનો છે, અને તે મોક્ષ આપે છે, અને તે ધર્મ ચાર પ્રકારનો શ્રી જિનરાજે પ્રકાશ્યો છે. દુર્ગતીમાં પડતા જીવોને જે ધારણ કરે તે ધર્મ જાણવો ॥ ૧ ॥ સાધુના પાંચ મહાવ્રતો હોય છે, તથા દશ પ્રકારે યતિ ધર્મ હોય છે, વળી જિનેશ્વર પ્રભુએ શ્રાવકના બાર હિતકારી વ્રતો કહેલા છે. ॥૨॥ પાંચ પ્રકારનાં ઉંબર, ચાર વિગય, તથા સઘળા પ્રકારના ઝેર, માટી, સોનું, તથા રાત્રિ ભોજન વિગેરેનો ત્યાગ કરે છે ॥ ૩ ॥

ઘોલવડાં વળી રીંગણાંરે, અનંત કાય બત્રીસ;
અણજાણ્યા ફલ ફૂલડાંરે, સંધાણાં નિસ દિસોરે. જ્ઞા૦ ॥ ૪ ॥
ચલિત અન્ન વાસી કહ્યોરે, ઉંચ સહુ ફલ દક્ષ;
ધરમી નર ખાયે નહીંરે, એ બાવિસ અભક્ષરે. જ્ઞા૦ ॥ ૫ ॥
ન કરે નિધંધસ પણેરે, ઘરનાં પણ આરંભ;
જીવ તણી જયણા ઘણીરે, ન પીયે અણગલ અંભરે. જ્ઞા૦ ॥ ૬ ॥

વળી ઘોલવડાં, રીંગણાં, બત્રીસ પ્રકારના અનંતકાય, અજાણ્યા ફળ ફૂલ વિગેરેનો ત્યાગ કરે છે ॥ ૪ ॥ વળી વાસી અન્ન તથા જેનો રસ ચલાયમાન થયો છે, તે તેમ સઘળા અજાણ્ય ફળ, એ સઘળા બાવીસ અભક્ષ્ય ધરમી માણસ ખાતા નથી. ૫ વળી ઘરના આરંભ પણ નિધંધસ થઇને કરે નહીં, વળી જીવોની જયણા વાસ્તે અણગળ પાણી પણ પીયે નહીં ॥ ૬ ॥

ધૃત પરે પાણી વાવરેરે, બીહે કરતો પાપ;
સામાયિક વ્રત પોષધેરે, ટાલે ભવનાં તાપોરે. જ્ઞા૦ ॥ ૭ ॥
સુગુરૂ સુદેવ સુધર્મનીરે, સેવા ભગતિ સદીવ;
ધર્મશાસ્ત્ર સુણતાં થકાંરે, સમજે કોમલ જીવોરે. જ્ઞા૦ ॥ ૮ ॥
માસ માસને આંતરેરે, કુસ અગ્ર ભુંજે બાલ;
કળા ન પહોંચે સોલમીરે, શ્રી જિનધર્મ વિસાલોરે. જ્ઞા૦ ॥ ૯ ॥
જિનધર્મ મુક્તિ પૂરી દીયેરે, ચોગતિ ભ્રમણ મિથ્યાત;
એમ જિનવર પ્રકાસીયોરે, ત્રીજો તત્વ વિખ્યાતોરે. જ્ઞા૦ ॥ ૧૦ ॥

ઘીની પેઠે પાણી વાપરે, તથા પાપ કર્મોથી બીહે, તથા સામાયક પોસહ આદિક વ્રત કરી ભુવનો તાપ ટાળે ॥ ૭ ॥ વળી તે કોમળ જીવ સુગુરૂ, સુદેવ, તથા સુધર્મની હમેશાં ભક્તિ કરે, તથા ધર્મ શાસ્ત્રો સાંભળીને સમજે ॥ ૮ ॥ એવી રીતે જૈન ધર્મ મોક્ષ આપે છે, તથા મિથ્યાત્વ ચારે ગતિમાં રઝળાવે છે; એવી રીતે શ્રી જિનેશ્વર પ્રભુએ ત્રીજો પ્રખ્યાત તત્વ કહેલો છે ॥ ૯ ॥

## ઢાલ સાતમી.

ઘર આવોજી આંબો મોરીયો—એ દેશી.

શ્રી જિનધર્મ આરાધીયે, કરી નિજ સમકીત સુદ્ધ;
ભવિ તપ જપ ક્રીયા કીધલી, લેખે પડે તે વિસુદ્ધ ॥ ૧ ॥
કંચન કસી કસી લીજીયે, નાણું લીજે પરીખ;
દેવ ગુરૂ ધર્મ જોઇને, આદરીયે સુણો સીખ. કં૦ ॥ ૨ ॥
કુગુરૂ કુદેવ કુધર્મને, પરિહરિયે વિષ જેમ;
સુગુરૂ સુદેવ સુધર્મને, ગ્રહીયે અમૃત કરી તેમ. કં૦ ॥ ૩ ॥

એવી રીતે શુદ્ધ સમકીત સહિત જૈન ધર્મ આરાધીયે, અને એવી રીતે કરેલી તપ જપ આદિક ક્રિયા લેખે પડે છે ॥ ૧ ॥ સોનું કસી કસીને લેવું, ધન પારખી પારખીને લેવું, તેમ તેમ દેવ, ગુરૂ, ધર્મ વિગેરેની પણ પરીક્ષા કરવી ॥ ૨ ॥ ઝેરની માફક કુગુરૂ, કુદેવ, તથા કુધર્મનો ત્યાગ કરવો, તથા અમૃતની માફક સુગુરૂ, સુદેવ, તથા સુધર્મને અંગીકાર કરવો ॥ ૩ ॥

મૂલ ધરમ જિનવરે કહ્યો, સમકીત સુરતરૂ એહ;
પરભવ સુખ સંપત્તિ થકી, સમકીતસું ધરી નેહ. કં૦ ॥ ૪ ॥
સકલ વાડવ પ્રતિ બૂઝીયા, કેઇ ગ્રહ્યાં વ્રત બાર;
કેઇ એ ચોથા વ્રતને ગ્રહ્યો, કેઇ થયા અણગાર. કં૦ ॥ ૫ ॥
કેઈ મૃષાવાદ ઓચ્ચરે, કે પાલે શુદ્ધ આચાર;
સમકીત ધારી સહુ થયા, વિનવિ વિવેકી નરનાર. કં૦ ॥ ૬ ॥

એવીરીતે સમકિત સહિત કલ્પ વૃક્ષ સમાન ધર્મ જિનેશ્વર પ્રભુએ કહેલો છે, અને એવીરીતે સમકીત ઉપર સ્નેહ રાખવાથી પરભવે સુખ સંપત્તિ મળે છે. ॥ ૪ ॥ એવીરીતે સાંભળીને સઘળા બ્રાહ્મણો પ્રતિબોધ પામ્યા, કોઇ બાર વ્રત અંગીકાર કર્યાં, તથા કોઇએ ચોથું વ્રત લીધું, તથા કોઈ સાધુ થયા ॥ ૫ ॥ કોઇએ મૃષા વાદનો ત્યાગ કર્યો, તથા કોઇ શુદ્ધ આચાર પાળવા લાગ્યું, તથા સઘળે વિનયી અને વિવેકી સ્ત્રી પુરૂષો સમકીત ધારી થયા ॥ ૬ ॥

સુહસ્તી સુરીના ઉપદેશથી, પામ્યા ધર્મનો મર્મ;
કેઇ જાસે સુરલોકમેં, કેઈ પામસે મૃત્યુલોક ધર્મ. કં૦ ॥ ૭ ॥
સંવત અઢાર એકવીસમાં, માસ વૈશાક સુદ પળ;
તિથી પાંચમ ગુરૂ વાસરે, ગાયા ગુણ મેં સળ. કં૦ ॥ ૮ ॥
વિજાપુરમાં વિરાજતા, વૃદ્ધ તપા પક્ષે સનૂર;
ચંદ્ર ગચ્છમાં દીપતા, શ્રી જિન સાગર સૂર. કં૦ ॥ ૯ ॥

એવીરીતે સુહસ્તી આચાર્યનાં ઉપદેશથી ધર્મ પામ્યા, તેમાંથી કોઈ દેવલોકમાં જશે, અને કોઇ મનુષ્ય ભવ પામશે ॥ ૭ ॥ એવીરીતે સંવત અઢારસો એકવી-

સના વૈશાખ સુદ પાંચમને ગુરૂવારે આ ગુણ ગાયા છે ॥ ૮ ॥ વિજાપુર નામે નગરમાં રહેતા તપગચ્છને વિશે ચંદ્ર ગચ્છમાં શોભતા શ્રી જિનસાગર સૂરિ હતા. ૯

તેહની સાનિધ મેં સહી, ગાયો રાસ ઉલ્લાસ;
ઓછો અધિકો અક્ષર હોયે, શુદ્ધ કરજો પંડિત તાસ. કં૦ ॥ ૧૦ ॥
રાસ કર્યા કવિયે ઘણા, પણ ધર્મ પરિક્ષાનો રાસ;
એહ સમોવડ કો નહીં, જેમાં અધિકાર છે ખાસ. કં૦ ॥ ૧૧ ॥
સર્વ સંખ્યાએ ગ્રંથ કહ્યો, પાંચ હજાર ઉપર પાંચ;
ઢાલો કહી નવ ખંડની, એકસોને દશ વાંચ. કં૦ ॥ ૧૨ ॥

તેમની કૃપા વડે આ રાસ મેં આનંદથી ગાયો, તેમાં જે કોઇ અક્ષર ઓછો અધિકો હોય તે પંડિત લોકો શુદ્ધ કરશો ॥૧૦॥ ઘણા કવીયોએ ઘણા રાસો કર્યા છે, પણ આ ધર્મ પરીક્ષાના રાસની બરાબર જાણવા જેવો બીજો નથી કારણ કે આમાં અમુક સરસ અધિકાર છે ॥ ૧૧ ॥ આ ગ્રંથ પાંચ હજારને પાંચ શ્લોકનો છે, અને તેના નવે ખંડની મળી એકસોને દશ ઢાલો વાંચવા યોગ્ય છે. ॥ ૧૨ ॥

શ્રી હીરવિજય સૂરિ તણા, શુભવિજય તસ શિષ્ય;
ભાવવિજય કવિ દીપતા, સિદ્ધિ નમું નિસદિસ. કં૦ ॥ ૧૩ ॥
રૂપવિજય રંગે કરી, કૃષ્ણ નમું કરજોડ;
રંગવિજય ગુરૂ માહરા, મુજ પ્રણમ્યાનો કોડ. કં૦ ॥ ૧૪ ॥
નવમો ખંડ પૂરો થયો, સાતે ઢાલે કરી સત્ય;
નેમવિજય કહે નિત્ય પ્રતે, રાખજો ધર્મસું ચિત્ત. કં૦ ॥ ૧૫ ॥

શ્રી હીરવિજય સૂરિના શુભવિજય શિષ્ય હતા, તેમના શિષ્ય ભાવવિજય તથા તેમના શિષ્ય સિદ્ધિવિજયને હમેશાં હું નમસ્કાર કરૂં છું ॥૧૩॥ તેમના શિષ્ય રૂપવિજય, તેમના શિષ્ય કૃષ્ણવિજય તેમના શિષ્ય રંગવિજય તે મારા ગુરૂ થાય તેમને નમસ્કાર કરવાની મને ઘણી હોંસ છે ॥ ૧૪ ॥ એવી રીતે સાત ઢાલોએ કરી સંપૂર્ણ નવમો ખંડ પૂરો થયો, નેમવિજયજી મહારાજ કહે છે કે તમો હમેશાં ધર્મમાં ચિત્ત રાખજો. ॥૧૫॥

ઇતિ શ્રી ધર્મ પરીક્ષાનો અર્થ સહિત રાસ નવ ખંડે
કરી સંપૂર્ણ. શ્રી શુભં ભૂયાત્.

## આ પુસ્તક છપાવવામાં અગાઉથી ઉત્તેજનાર્થે પુસ્તકો રાખનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામોની નોંધ.

| નકલ. | નામ. |
|---|---|
| | **મુંબઈ.** |
| ૧૨૫ | શેઠ ઝવેરભાઈ હરજીવનદાસ |
| ૧૦૧ | ,, મગનલાલ જીવરાજ |
| ૫૧ | ,, મગનલાલ દેવચંદ |
| ૨૫ | શેઠ વીરજીભાઈ ત્રીકમજી |
| ૧૦ | શ્રી જૈન વિદ્યાશાળા-ઓનરરી સેક્રેટરી ડાહ્યાભાઈ ઉત્તમચંદ |
| ૫ | શેઠ ખીમચંદભાઈ મોતીચંદ નગર શેઠ |
| ૫ | ,, પ્રેમચંદ રાયચંદ |
| ૫ | ,, વીરચંદ દીપચંદ જે. પી. |
| ૫ | ,, મોતીચંદ હરખચંદ |
| ૫ | ,, સોભાગભાઈ તલકચંદ |
| ૫ | ,, ખેતશી જીવરાજ |
| ૪ | ,, દીપચંદ માણેકચંદ |
| ૩ | ,, નરસીભાઈ કેશવજી |
| ૨ | ,, માણેકચંદ કપુરચંદ |
| ૨ | ,, ચંદુલાલ ખુશાલજી |
| ૨ | ,, મગનભાઈ પ્રતાપચંદ |
| ૨ | ,, દીપચંદ નાહાલચંદ |
| ૨ | ,, અમરચંદ તલકચંદ |
| ૨ | શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી. |
| ૨ | શેઠ વાડીલાલ જમનાદાસ |
| ૨ | ,, લલુભાઈ મોતીચંદ વેરા |
| ૨ | ,, લખમીચંદ કલ્યાણજી |
| ૧ | ,, સરૂપચંદ ઘેલાભાઈ દલાલ |
| ૧ | ,, અંબાલાલ મગનલાલ |
| ૧ | ,, ટોકરસી કાનજી |
| ૧ | ,, હરીભાઈ વેલજી |
| ૧ | ,, જુઠા ચાંપસી |
| ૧ | ,, મુળચંદ સરૂપચંદ |
| ૧ | ,, હેમચંદ માણેકચંદ |
| ૧ | ,, વૃદ્ધિચંદ પુનમચંદ |
| ૧ | ,, આતમચંદ વિ. રણછોડ |
| ૧ | ,, મથુરાદાસ વરશનજી |
| ૧ | ,, ડુંગરસી મુળચંદ |
| ૧ | શેઠ મુનીલાલ પુનમચંદ |
| ૧ | ,, ખીમચંદ તારાચંદ |
| ૧ | ,, કાળીદાસ મુળજી |
| ૧ | ,, ધનરૂપ કૃષ્ણાજી |
| ૧ | ,, દેવકરણ મુળજી |
| ૧ | ,, વસ્તારામ રાવજી મોદી |
| ૧ | ,, મુળચંદ બલાખીદાસ મણીઆર |
| ૧ | ,, વસનજી જુઠા |
| ૧ | ,, રૂઘનાથ મુળજી |
| ૧ | ,, મુળચંદ ઇચ્છાચંદ |
| ૧ | ,, નેમચંદ વજેચંદ |
| ૧ | ,, નાથાલાલ સાકરચંદ |
| ૧ | ,, મગનલાલ કંકુચંદ |
| ૧ | ,, અભેચંદ કસ્તુરચંદ ઝવેરી |
| ૧ | ,, ભગુભાઈ મલુકચંદ ઝવેરી |
| ૧ | ,, અમરતલાલ કેવળદાસ |
| ૧ | ,, જીવાભાઈ ચતુર |
| ૧ | ,, ઓધવજી દેવજી |
| ૧ | ,, સોભાગચંદ કપુરચંદ |
| ૧ | ,, ચત્રભુજ હીરાચંદ |
| ૧ | ,, નથુભાઈ નેણસી વેરા |
| ૧ | ,, પુનમચંદ કરમચંદ |
| ૧ | ,, કેસવલાલ વાડીલાલ |
| ૧ | ,, માસાજી પતાજી |
| ૧ | ,, અદેભાણ સોભાજી |
| ૧ | ,, મોતીચંદ ઘેલજી ગુજરાતી |
| ૧ | ,, કસ્તુર મોતીચંદ |
| ૧ | ,, સવાજી વાગાજી |
| ૧ | ,, પરતાપચંદ ગમનાજી |
| ૧ | ,, પુનમચંદ મગનચંદ |
| ૧ | ,, કકલ ભાણજી વેરા |
| ૧ | ,, દલીચંદ નાહાલચંદ માસ્તર |
| ૧ | ,, હીરાચંદ ફીલાચંદ |
| ૧ | ,, ખુશાલભાઈ કરશનજી |
| ૧ | ,, કેશરીભાઈ હઠીસંગ |

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શેઠ નારણજી વેલજી |
| ૧ | ,, લખમસી માલસી |
| ૧ | ,, મોતીલાલ મુળજી |
| ૧ | ,, નરભેરામ નારણજી સંઘાણી |
| ૧ | ,, ધરમચંદ લખમીચંદ વસા |
| ૧ | ,, લલુભાઇ ડુંગરસી |
| ૧ | પં૦ ધનવિજેજી |
| ૧ | શેઠ હીરજી હંસરાજ |
| ૧ | ,, ગેલાભાઇ લીલાધર |
| ૧ | ,, ખેહેચર માનચંદ |
| ૧ | ,, રાયસી લખમસી |
| ૧ | ,, ખેતસી લધા |
| ૧ | ,, દેવજી જેવત |
| ૧ | ,, અનોપચંદ ખીમચંદ |
| ૧ | ,, હટાજી ચેલાજી |
| ૧ | ,, લખમાજી કસુરજી |
| ૧ | ,, બાલજીભાઈ પુનમસીની કુંપની |
| ૧ | ,, ચાંપસી પુંજા |
| ૧ | ,, રતનસી હીરજીભાઈ |
| ૧ | ,, ભોજરાજ દેવસીની કુંપની |
| ૧ | ,, ગુલાબચંદ નેમચંદ |
| ૧ | ,, ગોરજી ચારિત્રવિજયજી વિદ્યાવિજયજી |
| ૧ | શેઠ ડોસા મોતી |
| ૧ | ,, મોતીચંદ દેવચંદ |
| ૧ | ,, કાળીદાસ જુઠા રૂના દલાલ |
| ૧ | ,, દેવજીભાઇ નાગસી |
| ૧ | ,, ઉમરસી રાઈસી |
| ૧ | ,, લધા |
| ૧ | ,, ડુંગરસી શામજી ભીમશી |
| ૧ | ,, કાળીદાસ અમરચંદ |
| ૧ | ,, નેમચંદ મેળાપચંદ ઝવેરી |
| ૧ | ,, રાયસી લખમસી |
| ૧ | ,, વેરસી પુંજા માસ્તર |
| ૧ | ,, ખેતશી મેગજી |
| ૧ | શંકરલાલ પ્રેમચંદ શાહ |
| ૧ | શેઠ વીરચંદ દીપચંદ |
| | **ભાવનગર.** |
| ૫૦ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા |
| ૧ | શેઠ પરસોતમ હરજી વરતેજના દેરાસરખાતે |
| ૧ | ,, ગીરધર વીરજી |

| નકલ. | નામ. |
|---|---|
| | **અમદાવાદ** |
| ૫૧ | શેઠ જેસંગભાઇ મોતીલાલ |
| ૧૫ | શેઠ છગનલાલ જીવરાજ જુના જોટાના પાટીઆ તરફથી |
| ૧૩ | શેઠ નથુભાઇ દોલતરામ જોટાના પાટીઆ તરફથી |
| ૭ | શેઠ સારાભાઇ મગનભાઇ કરમચંદ |
| ૭ | ,, ત્રીકમલાલ વાડીલાલ |
| ૭ | ,, અમરતલાલ વાડીલાલ |
| ૫ | ,, મણીભાઇ પ્રેમાભાઇ નગરશેઠ |
| ૫ | ,, દલપતભાઇ ભગુભાઇ |
| ૨ | ,, લલુભાઇ રાઇજી |
| ૨ | ,, હીલાભાઇ ઉજમસી ચોકસી |
| ૨ | ,, હરીભાઇ અમીચંદ ડોસી |
| ૨ | ,, મોતીલાલ નાહાલચંદ |
| ૨ | ,, નાનાલાલ મગનલાલ માસ્તર |
| ૧ | ,, રતનચંદ લક્ષ્મીચંદ |
| ૧ | ,, અમરતલાલ બાદરચંદ. |
| ૧ | ,, પરભુ લલુ |
| ૧ | ,, અમરતલાલ નરપત |
| ૧ | ,, વીઠલ મુળજી |
| ૧ | ,, છગનલાલ અમથાસા |
| ૧ | ,, મોતીવિજે આનંદવિજે |
| ૧ | ,, ગોકળદાસ અમથાસા |
| ૧ | ,, આર્ય જૈન પ્રવર્તક સભા હા. શેઠ હીરાચંદ કકલભાઈ |
| | **ભરૂચ.** |
| ૧ | શેઠ અમરચંદ જગજીવનદાસ દલાલ. |
| ૧ | ,, ચુનીલાલ લખમીચંદ |
| ૧ | ,, લખમીચંદ પાનાચંદ ગાંધી |
| ૧ | ,, ગુલાબચંદ મુળચંદ |
| ૧ | ,, અમરચંદ જસરાજ |
| ૧ | ,, ચુનીલાલ પરશોતમ |
| ૧ | ,, લખમીચંદ મોહોલાલ |
| ૧ | ,, દીપચંદ ઉદેચંદ |
| ૧ | ,, માણેકચંદ પરભુદાસ |
| ૧ | ,, બાપુભાઇ અનુપચંદ પતવા |
| ૧ | ,, ચુનીલાલ કશનદાસ ચુરગર |
| ૧ | ,, છગનલાલ કશળચંદ |
| ૧ | ,, રૂપચંદ જવેરચંદ તોલાટ |
| ૧ | ,, રાયચંદ ભગવાનદાસ |
| ૧ | ,, દલપત દુર્લભદાસ |

| નકલ. | નામ. |
|---|---|
| | **સોલાપુર.** |
| ૨ | શેઠ વાડીલાલ વીરચંદ |
| | **દરાપરા.** |
| ૨ | દરાપરાના શ્રી સંઘ તરફથી |
| | **પાટણ.** |
| ૨ | શેઠ બેહેચરદાસ હેમચંદ |
| | **શીહોર.** |
| ૧ | શેઠ ખુબચંદ જેઠાભાઇ |
| | **વીસનગર.** |
| ૧ | શેઠ દીપચંદ સાંકળચંદ માસ્તર |
| | **જુનાગઢ.** |
| ૧ | મી. મનસુખરામ અનંતજી બી. એ. |
| | **સુરત.** |
| ૧ | શેઠ ચુનીલાલ ડાહ્યાભાઇ વકીલના |
| | **પોરબંદર.** |
| ૧ | શેઠ ધરમસી અમરચંદ |
| | **પાલીટાણા.** |
| ૧ | શેઠ લલુ હાવા મહેતાજી |
| ૧ | ,, દુલભ ગોવીંદજી વોરા |
| ૧ | ,, બેહેચરભાઇ ગાંડાભાઇ વોરા |
| | **પુના.** |
| ૧ | શેઠ મોતીચંદ ભગવાનદાસ ઝવેરી |
| | **કોઠ** |
| ૧ | શેઠ શીવલાલ હઠીશંગ |
| | **નાગેશરી.** |
| ૧ | શેઠ પોપટલાલ ખીમચંદ આ. પોલીસ સુપ્રીન્ટે. |
| | **રાઇબંદર.** |
| ૧ | શેઠ પ્રાણજીવનદાસ પુરૂશોતમદાસ. |

| નકલ. | નામ. |
|---|---|
| | **પાલણપુર.** |
| ૧ | કોઠારી સોભાગચંદ વેલુભાઇ નાયબ કારભારી |
| ૧ | શેઠ સોભાગચંદ ખુપચંદ દોસી. |
| | **ગઢડા.** |
| ૧ | શેઠ દામજી લવજી માસ્તર |
| | **આકોલા.** |
| ૧ | શેઠ ભાઇચંદ બેચરદાસ માસ્તર |
| | **બાલાપુર પેઠ.** |
| ૧ | શેઠ ઇશ્વરદાસ અમીચંદ |
| | **રાજકોટ.** |
| ૧ | દોસી ખુશાલચંદ માણકચંદ |
| | **નીપાણી.** |
| ૧ | દીવાણી માણકચંદ જવેર |
| | **રાંતેજ.** |
| ૧ | શા. કાળીદાસ વનમાળીદાસ. |
| | **એડન** |
| ૧ | શેઠ પ્રાગજી વિ. અંદરજી |
| | **ગુંદાલા** |
| ૧ | શેઠ વેલા નાગપાર |
| | **તણુસા** |
| ૧ | શેઠ ભાઈચંદ ખોડીદાસ દેરાસર માટે |
| | **ટુવડ** |
| ૧ | શેઠ દલીચંદ પીતાંબરદાસ |
| | **વેરાવળ બંદર** |
| ૧ | શેઠ કુંવરજી ગોકળજી વોરા જૈન જ્ઞાન વર્ધક શાળાના માસ્તર |
| | **ખામગામ** |
| ૧ | શેઠ ડુંગરશી ભારમલ |
| | **વીકાનેર** |
| ૧ | શેઠ ઋદ્ધિસાર મુનિ ખરતર ભટ્ટારક ગચ્છી |

ડભોઇ

૧૫ શ્રી આત્મારામ જૈન પાઠશાળા અને પુસ્તકાલય

ઇખર.

૩ શેઠ ધરમચંદ હીરાચંદ (કુલ ૫)

૨ ,, દલપત પરભુદાસ (કુલ ૩)

૧ પરી. મંછારામ લખુભાઇ મહુધા.

૧ ખેડા જૈનોદય સભા તરફથી હા. શેઠ સોમચંદ પાનાચંદ

૧ સીવચંદ બેચરદાસ ગુજરાતી ઘોડનદી

૧ ગુલાબચંદ કાળીદાસ વડોદરા.

પ્રાંતીજ.

૧ શ્રી સંઘ તરફથી શેઠ મણીલાલ ત્રીકમદાસ

ખેદબ્રહ્મા.

૧ મેતા કોદરલાલ સાંકળચંદ જ્ઞાન ખાતા તરફથી

૧ પુંજીરામ ગણેશ વીસનગર

૧ રાયચંદ ભગવાનદાસ ભરૂચ

ભાવનગર.

૧૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા (કુલ ૬૦)

અમદાવાદ.

૫૦ ઘેલાભાઇ મોતીલાલની કુંપની

૧ શકરાભાઇ મોકમ પારેખ

૧ શ્રી જ્ઞાન ખાતે નમીનાથજીના દેરાસર મધ્યે મુંબઇ.

૧ માણેકલાલ ડોસાભાઇ વીસનગરવાળા

૧ તરભોવનદાસ નાગરદાસ પાટણવાળા

૧ લેહેરચંદ સરૂપચંદ પાટણવાળા

૧ ભંડારી રૂઘનાથમલ—સાચોર

૧ મોહનલાલ વિ. મોતીચંદ શાહ—ઉમરડા.

---

# સૂચી પત્ર.

સર્વે સદ્ગ્રહસ્થોને વિદિત કરવામાં આવે છે કે, આ પુસ્તક તેમજ નીચે લખેલાં વીગેરે પુસ્તકો અમારે ત્યાંથી જોઇએ તેમણે રોકડી કીંમતે અગર વેલ્યુપેએબલથી મંગાવી લેવાં. તેમજ છાપવાનું ગુજરાતી, ઇંગ્રેજી, બાળબોધી, જૈની, જાબકામ વીગેરે હરકોઇ કામ હોય તે મોકલવું. વાજબી કીફાયત ભાવથી વખતસર મન પસંદ કામ કરી આપવામાં આવે છે.

## દેવનાગરી (બાળબોધી) અક્ષરથી છાપેલાં પુસ્તકો.

| | |
|---|---|
| શ્રી જીવાભિગ સૂત્ર ટીકા તથા બાળાવબોધ સાથે જેમાં ચૌદ રાજ્ય લોકના સર્વ જીવાજીવનું સ્વરૂપ વિગેરે ભગવંતે ભાખેલું છે. આ અપુર્વ સૂત્રનું કદ ૨૨૦૦ પૃષ્ટનું છે. | ૧૦-૦-૦ |
| પ્રતિક્રમણ સૂત્ર અર્થ સાથે તથા શ્રી શ્રીમંધર સ્વામીનું સવાસો ગાથાનું હુંડીનું સ્તવન. | ૦-૧૨-૦ |
| સઝાય માળા—જેમાં જુદી જુદી ૧૨૦ સઝાયોનો સમુદાય છે આ ગ્રંથ મોટા ૧૮૪ પૃષ્ટનો છે. | ૦-૧૦-૦ |
| ધર્મ તત્વ ભાસ્કર | ૦-૨-૦ |
| પ્રબંધ ચિંતામણી સંસ્કૃત | ૨-૦-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર અર્થ સાથે | ૦-૧૨-૦ |
| દેવસી રાઇસી પ્રતિક્રમણ | ૦-૨-૦ |
| ચોવીસી તથા વીસી સંગ્રહ | ૩-૪-૦ |

## ગુજરાતી અક્ષરથી છાપેલાં પુસ્તકો.

| | |
|---|---|
| શ્રી જૈન રામાયણ યાને રામ ચરિત્ર સચિત્ર પૃષ્ટ ૩૦૦ નો ગ્રંથ ગીલ્ટના પુંઠા સાથેનો (થોડી નકલો રહી છે.) | ૨-૦-૦ |

પ્રબંધ ચિંતામણી—જેમાં વિક્રમાર્ક, શાલીવાહન, વનરાજ, યોગ્યરાજ પ્રમુખ સાત રાજા, મુળરાજ, સપાદલક્ષ રાજા, લાખા રાજ, ભીમરાજ, મુંજરાજ, ભોજરાજા, ભીમરાજા, સિદ્ધરાજ, કુમારપાળ, હેમાચાર્ય, વીરધવળ, વસ્તુપાળ તેજપાળ, નંદરાજ, શીલાદીત્ય, મલવાદી તથા રાંકા શેઠ, શ્રીપુંજ તેની પુત્રી શ્રી

માતા, ગોવર્ધન તથા પુન્યસાર તથા કર્મસાર રાજાઓ, લક્ષ્મણસેન તથા જયચંદ રાજા, જગદેવ તથા પર્માર્દિ તથા પૃથ્વીરાજ તથા તુંગ સુભટ, વરાહમીહીર તથા થંભણ તીર્થ, ભર્તૃહરી તથા વાગભટ વૈદ્ય તથા રૈવત ક્ષેત્રપાળ વાસના, તરવાર તથા વીતરાગની પુજાના પ્રબંધો છે. આ ઐતિહાસીક ગ્રંથ અતિ ઉપયોગી, પૃષ્ટ ૩૨૫ નો છે. ૨–૦–૦

શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર–ચૈત્યવંદનો સ્તવનો, સઝાયો, વિગેરેના સમુદાય સાથે મોટા અક્ષરથી પૃષ્ટ ૧૮૨ નો છે. ૦–૬–૦

શ્રી જૈન કાવ્ય પ્રકાશ–ભાગ ૧ લો–જેમાં અર્થ સાથે સામાયક સુત્ર તથા ચૈત્યવંદનનાં સુત્રાં, પચ્ચખાણ. પ્રભાતીયાં, છંદો, ચૈત્યવંદનો, દોહરા, સ્તુતિ, રાગરાગણી તથા નાટકના રાહનાં ચોવીશે તિર્થંકર તથા તીર્થોના તેમજ ચાલતી દેશીઓમાં સઘળા તીર્થો તથા દીવાળી વીગેરેનાં સ્તવનો સઝાયો, લાવણીઓ, ગહુંલીઓ, હોરીઓ, થોયો અને આરતી મંગળદીપક છે. આ પુસ્તક પોકેટ પૃષ્ટ ૨૫૦ તું છે. ૦–૪–૦

શ્રી જૈન કાવ્ય પ્રકાશ–ભાગ ૨ જો–જેમાં દેવચંદજી કૃત સ્નાત્ર પુજા તથા વિધિ, અષ્ટ પ્રકારી પુજાના દુહા, ગૌતમસ્વામીનો રાસ, પ્રભાતીયાં, છંદો ચૈત્યવંદનો, આનંદઘનજી કૃત ચોવીશી તથા પદો મોટાં સ્તવનો તિથિપર્વ વીગેરેનાં તથા નાટકનાં રાહનાં, નેમજીનો નવરસો, સાતવાર, પંદર તિથિ, બારમાસી.સઝાયો, લાવણીઓ, હોરીઓ, ગહુંલી, થોયો, આરતી, મંગળચાર છે. આ પુસ્તક પોકેટ પૃષ્ટ ૨૫૭ તું છે. ૦–૪–૦

સુરશશી દેવચંદ કૃત–જેમાં ચોવીશીના સ્તવનો, સાશ્વતા બીંબની ઢાળો, ચોસરો, ચોવીશ તિર્થંકરના કલ્યાણકની ઢાળો અને વીવેક વીલાસનો સલોકો છે. ૦–૨–૦

પુજા સંગ્રહ–જેમાં, શ્રી વીરવીજય, તથા પદ્મવિજય, રૂપવીજય, સકળચંદ ઉપાધ્યાય, જશવીજય, વીજયસોભાગ્યલક્ષ્મીસુરી, આત્મારામજી મહારાજ આદિક પંડિતોની બનાવેલી પુજાઓ છે. ૦–૮–૦

આનંદઘનજી મહારાજ કૃત ચોવીશી અર્થ સાથે ૦–૮–૦

સામાયક સુત્ર અર્થ સાથે તથા સ્તવનો ૦–૨–૦

બે પ્રતિક્રમણ સુત્ર અર્થ સાથે ૦–૬–૦

અંજના સતીનો રાસ ૦–૧–૦

ગીરનાર મહાત્મ્ય ૧–૮–૦

કુમારપાળ રાજાનો રાસ ૧–૦–૦

મુનિપતી ચરિત્ર ૦–૪–૦

સલોકા સંગ્રહ મોટા અક્ષરથી ૦–૬–૦

શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર, શ્લોક, પદ અને અર્થ સહિત ૦–૪–૦

શ્રી શ્રેણીક મહારાજ તથા અષ્ટ પ્રકારી પુજાનો રાસ. ૦–૫–૦

લાવણી સંગ્રહ ૦–૪–૦ છ ભાઇનો રાસ ૦–૧–૦

કેવળ કૃત નેમ વિવાહ ૦–૩–૦

ધર્મ પરિક્ષાનો રાસ ૩–૦–૦

શ્રી મેગા કાજળના ગોડી પાર્શ્વનાથના ઢાળીઓ. ૦–૧–૦

ગહુંલી સંગ્રહ જેમાં શ્રી આત્મારામજી તેમજ મોહનલાલજી વગેરે મુનિ સુધાંની એકસોને અઠાવીસ ગહુંલીઓનો સંગ્રહ તથા મહાવીરસ્વામીના સતાવીસ ભવનું સ્તવન. ૦–૫–૦

શ્રી જૈન સંગીત રાગમાળા–જેમાં હારમોનીયમની સમજ, તબલાના બોલ પુરી સમજ સાથે, જુદા જુદા રાગના સ્તવનો, ભક્તામર સ્તોત્ર અર્થ સાથે વીગેરે છે. ૧–૪–૦

શ્રી મોહનલાલજી મહારાજનું ચરિત્ર ૧–૪–૦

એ વીગેરે ઘણી જાતનાં જૈન ધર્મ તેમજ કાયદાઓ અને ઈ. લો. રીપોર્ટ તથા ફેંસલાનાં તથા વારતાઓ વીગેરે અન્ય દર્શનીઓના ધર્મનાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે. ટપાલ ખર્ચ જુદું.

સઘળાં પુસ્તકોનું મોટું લીસ્ટ અડધા આનાની ટીકટ મોકલી મંગાવેથી મોકલવામાં આવશે.

રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસ.
ભીંડીબજારને નાકે શ્રી શાંતીનાથના દેરાસરની જોડમાં–ઉમરખાડી પોસ્ટ–મુંબઇ.

સાંકળચંદ મહાસુખરામ
માલીક, રા. પ્રી. પ્રેસ